સહીફએ કરબલા (ભાગ-૧)

(કરબલાનો ઇતિહાસ)

: લેખક :

હુજ્જતુલ ઇસ્લામ અલી નઝરી મુનફરીદ

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.) તથા આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.

અવર બેંકર્સ

નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

સહીફએ કરબલા

પ્રસ્તાવના

કરબલાની ગમનાક દાસ્તાન ઇસ્લામી ઇતિહાસની મહત્વની દાસ્તાનોમાંથી છે. દુશ્મનોની હંમેશા કોશીશ રહી કે આ દાસ્તાનની અસરોને મિટાવવામાં આવે. સૌ પ્રથમ બની ઉમય્યાના ઝાલિમ હાકિમોએ પોતાના આ ભયંકર જુર્મની અસરોને મિટાવવામાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાડી દીધી. કેમ કે તેમને ડર હતો કે કરબલાના ઇન્કિલાબ પછી લોકોમાં આ ઝાલિમ હુકુમતો વિરૂદ્ધ ઉભા થવાનો જોશ પેદા થશે. ત્યાર પછી બની અબ્બાસ હુકુમત પર આવ્યા તેમણે બની ઉમય્યાની જેમ ઝુલ્મનો સિલસિલો શરૂ રાખ્યો. અહલેબયત(અલ.)ની સંતાનો અને તેમના ચાહવાવાળાઓ પર ઝુલ્મ કર્યા. પરંતુ આપણે જોયું

કે આ ઝાલિમોનું આજે કોઇ નામોનિશાન બાકી નથી અને ઇમામ હુસૈન(અલ.) આજે પણ લોકોના દિલોમાં વસેલા છે.

કરબલાની દાસ્તાનમાં સૌ પ્રથમ જે સમજવું જરૂરી છે અને જેના પર આપણા આલિમો અને દીની રેહબરોએ સતત તાકીદ કરી છે તે ઇમામ હુસૈન(અલ.)ના કિયામનો મકસદ છે. ઇમામ હુસૈન(અલ.)એ પોતાના સફરની શરૂઆતમાં જ ફરમાવ્યું કે હું મારા નાનાની ઉમ્મતની સુધારણા માટે કિયામ કરી રહ્યો છું. ફસાદ ફેલાવવા માટે કિયામ નથી કરી રહ્યો. યઝીદ દીને ઇસ્લામને પાયમાલ કરી રહ્યો હતો. ઇમામ હુસૈન(અલ.) દીનનું રક્ષણ ઇચ્છતા હતા. આપે પોતાની જાન, માલ, અવલાદ બધું જ અલ્લાહના રસ્તામાં કુરબાન કર્યું.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : “હું તમને કિતાબે ખુદા અને સુન્નતે પૈગંબર(સલ.) તરફ દઅવત આપુ છું. જાણી લો કે સુન્નતે પૈગંબર(સલ.) મૃત્યુ પામી રહી છે અને બિદઅત દીનમાં જાહેર થઇ રહી છે. જો મારી વાત સાંભળશો તો હું તમને હિદાયત કરીશ.” (તારીખે તબરી-૪, પા-૨૬૬)

મોહર્રમ અને આશૂરા શીઆ કલ્ચરમાં ભૂલી ન શકાય એવો ત્યાગ, કુરબાની અને જેહાદની યાદ છોડી જાય છે. આ એવો બનાવ છે કે જેમાં પૈગંબર(સલ.)ના નવાસા ઇમામ હુસૈન(અલ.) અને તેમના વફાદાર સાથીઓ ઇઝ્ઝતની મોતને ઝિલ્લત અને કમજોર ઈમાન પર અને નબુવ્વતના ભુલાએલા પૈગામ પર પ્રાથમિકતા આપે છે અને મઝલૂમિયતની પરાકાષ્ઠાએ હોવા છતાં બહાદુરી, નિડરતા અને મઅરેફત સાથે શહાદતનું સ્વાગત કરે છે.

આશૂરા કુફ્ર, નિફાક અને સામ્રાજ્યના મુકાબલામાં એક સળગતી મશાલ છે અને ઉમ્મતે ઇસ્લામીનો કિલ્લો છે. શીઆઓ મોહર્રમ અને આશૂરામાં જે કંઇ કરે છે તે કોઇ રસ્મ, રિવાજિક કાર્ય નથી, બલ્કે દીની રહેબરોની તાલીમ અને ભલામણ પ્રમાણે સૈયદુશ્શોહદા(અલ.)ની યાદમાં થાય છે. એક શીઆ માટે જે મહત્વનું છે તે ઇન્સાની મૂલ્યોનું જીવંત કરવું, જહાલતને દૂર કરવી, ઝુલમના મુકાબલામાં ફરીયાદ, અમ્ર બિલ મઅરૂફ, નહ્ય અનિલ મુન્કર અને અહલેબયત(અલ.) તરફ રજૂ થવું છે. જો કે અમારી આ અઝાદારી મોહર્રમ કે આશૂરા સુધી સિમિત નથી, અન્ય ઇમામોની શહાદતના દિવસે પણ અમે મજલિસ અઝાદારી કરીએ છીએ. કેમ કે અમારી માન્યતા છે કે અમારા દીની રેહબરો માસુમ અને એક નૂરથી છે. અમારા દરેક ઇમામે પોતાના જમાનાની સામાજીક, રાજકીય

સ્થિતિ પ્રમાણે પોતાની ફરજ અદા કરી પરંતુ સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન(અલ.)ના જમાનાની સ્થિતિ અન્ય ઇમામો કરતાં કંઇ જુદી હતી.

તે સમયમાં મિલ્લતે ઇસ્લામિયામાં ટેઢાપણું, ગુમરાહી એટલી હદે પહોંચી ગઈ હતી કે તેનો ઇલાજ ફકત નસીહત, તકરીરો અને ખુત્બાઓથી અશક્ય હતું. આ ગુમરાહી એટલી સખત અને અસામાન્ય હતી કે તેનો અસર ઇસ્લામની બુનિયાદો પર પડી રહ્યો હતો. ઇસ્લામની બુનિયાદો હચમચી રહી હતી. મુસલમાનોની રેહબરીનો આધાર હક અને ઇન્સાફ પર હોવાની જગ્યાએ ઝુલમ અને ઝુલમના પ્રચાર પર થઇ રહી હતી. ઇમામત અને ખિલાફત જે એક ઇલાહી હોદ્દો છે તેની જગ્યા બાદશાહત લઇ રહી હતી. ઇમામ હુસૈન(અલ.)એ ઝુલમના વિરૂદ્ધ ઊભા થઇને કયામત સુધી આવતી ઇન્સાનિયતને પૈગામ આપ્યો કે બેદીની,

બદઅખ્લાકી, ફસાદ અને ગુનાહને ઇસ્લામ પસંદ નથી કરતો અને ઇન્સાનના દીનથી વધીને કોઇ ચીજ નથી. અસલ દીન છે.

બીજી મહત્વની બાબત કરબલાની દાસ્તાનમાં બોધપાઠ અને નસીહત પ્રાપ્ત કરવું છે. આ માટે આ દાસ્તાનના પાત્રો પર વિચાર વિમર્સ કરવું પડશે. શું કારણ હતું કે અમુક લોકોને ઇમામ હુસૈન(અલ.)નો સાથ આપવાની તૌફીક નસીબ થાય છે. આપ(અલ.)ની સાથે શહીદ થાય છે અને અમુક લોકો ઇમામ હુસૈન(અલ.)ના મુકાબલામાં આવ્યા. આ જ રીતે એક સંખ્યા તે લોકોની પણ છે કે જેઓ ઇમામ(અ.સ.)ના મુકાબલામાં ન આવ્યા પણ ઇમામ(અલ.)નો સાથ આપવાની તૌફીક પણ નસીબ ન થઇ.

આ બધા સવાલોના જવાબ માટે આપણે તે જમાનાના લોકોને સમજવું પડશે. જમાનાની

સ્થિતિનું વાંચન કરવું પડશે. જેથી આપણા માટે સ્પષ્ટ થશે કે સાચે જ જો આપણે તે જમાનામાં હોત તો શું આ લાયક હતા કે ઇમામ(અલ.)નો સાથ આપી શકતે અથવા શું આજે પણ આપણે તે મકામ પર છીએ કે જમાનાના ઇમામની અવાજ પર લબ્બૈક કહીએ?

કરબલાથી આપણને ઘણા દર્સ મળે છે. જેમાંથી અમુક તરફ ઇશારો કરીએ છીએ :

(૧) દીનના રસ્તામાં કુરબાની આપવી : દીનના રક્ષણ માટે કુરબાની આપવી જોઇએ. કેમ કે સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું :

اِنْكَانَدِيْنُمُحَمَّدٍلَمْيَسْتَقِمْمِاِلَّابِقَتْلِيْفَيَاسُيُوْفُخُذِيْنِيْ

“જો દીને મોહંમદ(સલ.) કાયમ ન રહી શકે સિવાય કે મારા કતલ થવાથી તો અય તલવારો મને લઇ લો.”

સ્પષ્ટ છે કે દીનની હિફાયત માટે બસીરત, મઅરેફત જરૂરી છે અને અમલી મેદાનમાં પણ પરિપક્વ, પુખ્તા હોવું જ\રી છે. જેવી રીતે કરબલામાં જે લોકો મઅરેફતના ઉચ્ચ મકામ પર હતા તેઓ ઇમામ હુસૈન(અલ.)નો સાથ આપે છે અને ઘણા બધા દુશ્મન ન હતા પણ મઅરેફતની કમીના કારણે પત્નિ, બાળકોની મોહબ્બત, દુશ્મનનો ડર તેમના માટે રૂકાવટ બન્યો. કુરબાની ન આપી શક્યા અને કેટલાક એવા હતા જેમના દિલોમાં અહલેબયત(અલ.) પ્રત્યે કીનો, હસદ હતો. અમલી મેદાનમાં ઘણા કમજોર હતા. આવા લોકો ઇમામ હુસૈન(અલ.)ના દુશ્મન કરાર પામ્યા અને આપ(અલ.)ના મુકાબલામાં આવ્યા.

(૨) દુશ્મનની તાકાતથી ન ડરવું : કરબલાથી એક દર્સ આ મળે છે કે દુશ્મનની તાકાતથી ડરવું ન જોઇએ. તેમની સંખ્યા વધારે પણ કેમ ન હોય.

દિલમાં ડર, ભયને જગ્યા ન આપવી જોઇએ. કેમ કે કુરઆનમાં અલ્લાહે વાયદો આપ્યો છે કે "...ઘણાંય નાના ગિરોહ મોટા ગિરોહ પર અલ્લાહના હુકમથી વિજય મેળવી ગયા છે; અને અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે." ઇમામ હુસૈન(અલ.)ના સાથીઓની સંખ્યા ઘણી ઓછી હોવા છતાં પાછા ન હટ્યા કેમ કે તેમને યકીન હતું કે તેમની શહાદત અલ્લાહના દીનની નજાત માટે છે. શહીદ થઇને પણ તેમને પોતાની કામ્યાબીનું યકીન હતું. પોતાના મકસદના પ્રાપ્તીનું યકીન હતું.

(૩) નમાઝને મહત્વ આપવું : નમાઝને ઇસ્લામમાં દીનનો સ્તંભ નામ આપવામાં આવ્યું છે. બની ઉમય્યા નમાઝની પવિત્રતાને ખોઇ રહ્યા હતા. વલીદ શરાબ પીએ છે અને મહેરાબમાં નમાઝ દરમિયાન ઉલટી કરે છે. આવી નમાઝ બુરાઇથી રોકી ન શકે. ઇમામ હુસૈન(અલ.)એ આશુરના

દિવસે દુશ્મનના હુમલાઓની પરવા કર્યા વિના, પોતાના અમુક સાથીઓને નમાઝ કાયમ કરવા માટે કુરબાન કર્યા, આ બાબત નમાઝના મહત્વને દર્શાવે છે. આપે ફરમાવ્યું : "હું નમાઝને પ્રિય રાખુ છું." નમાઝ ઇન્સાનની પાક ફિતરતને ગંદકીઓથી પાક કરે છે.

(૪) ગુમરાહીઓનો મુકાબલો કરવો : કરબલાથી આપણને એક દર્સ આ મળે છે કે દીનમાં વક્તા, ગુમરાહીનો મુકાબલો કરવો જોઇએ. શક્ય છે ઇલાહી દીનમાં અમુક લોકો દ્વારા તેહરીફ, ફેરફાર કરવામાં આવે અને આ એક મોટી આફત છે. આ ત્યારે બને છે કે જ્યારે હાકિમો પોતાની ઇચ્છા મુજબ દીનમાં હુકમ જારી કરે, ત્યારે તો ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું હતું કે યઝીદ જેવો ઇસ્લામની દોરી સંભાળે તો ઇસ્લામના ફાતેહા પઢી લેવા જોઇએ. યઝીદ અલ્લાહના હલાલને હરામ કરી રહ્યો હતો

અને હરામને હલાલ કરી રહ્યો હતો, જાહેલીયતના આદાબ, સુન્નતોને જીવંત કરી રહ્યો હતો. ઇમામ હુસૈન(અલ.)એ ઝુલમના વિરૂદ્ધ કિયામ કરી કયામત સુધી આવતા ઇન્સાનો માટે એક દર્સ છોડી ગયા છે કે જે પણ હકની બુનિયાદ પર કિયામ કરશે તે કામ્યાબ છે.

પ્રિય વાંચકો ! આપની સમક્ષ કિતાબ સહીફએ કરબલા પેશ કરી ખુશી અનુભવી રહ્યા છીએ. આ કિતાબના લેખક ઇરાનના પ્રતિષ્ઠિત આલિમોમાંથી છે. લેખકે આ કિતાબમાં કરબલાના ઇતિહાસને ક્રમવાર અને ખૂબ જ ઉમદા તરીકાથી સંપાદન કર્યું છે અને ભરોસાપાત્ર સંદર્ભો દ્વારા આ કિતાબ તૈયાર કરવામાં આવી છે. મકતલ સંબંધિત કિતાબોમાં હાલની આ શ્રેષ્ઠ કિતાબોમાંથી એક છે. આવી મોટી કિતાબ આટલી જલ્દી એક સાથે બે ભાગમાં પ્રકાશિત કરવું અમારા માટે અશક્ય હતું.

પરંતુ અલ્લાહનો ફઝ્લો-કરમ સાથ રહ્યો અને કેટલાક મોઅમેનીન સબબ બન્યા કે આ કિતાબનો આર્થિક બોજ ઘણે ભાગે હળવો થયો છે. અમે તે તમામ મોઅમેનીનના શુક્રગુજાર છીએ જેઓ આ કિતાબમાં મદદરૂપ થયા છે. અલ્લાહતઆલા તેમના આ નેક અમલને કબૂલ ફરમાવે.

આ સાથે અમે, અમારી કિતાબો છાપનાર જનાબ મોહંમદરઝા ભાઇ ભોજાણી સાહેબના શુક્રગુજાર છીએ જેમણે તફસીર ભાગ-૩ની ૬૩૦૦૦ રૂપિયા જેવી રકમ બાકી હોવા છતાં આ કિતાબને પ્રિન્ટીંગ માટે સ્વીકારી, અલ્લાહ તેમને જઝાએ ખૈર આપે.

અહીં અમે અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરીના શુભેચ્છક, હમદર્દ અને અમારા મરહુમ વાલિદ સાહેબના મુખલિસ મિત્ર મોહસિનભાઇ કડીવાલ (ઝયનબિયા ઇસ્લામી લાયબ્રેરી, મેતા,

પાલનપુર)ના પણ તહેદિલથી શુક્રગુજાર છીએ કે જેમણે આ કિતાબ માટે ભંડોળ એકત્ર કરવામાં ખૂબ જ મહેનત કરી છે. અને પોતે પણ મદદરૂપ થયા છે. અલ્લાહતઆલા તેમની કોશીશોને કબૂલ ફરમાવે અને દુનિયા વ આખેરતમાં તેમને બેહતરીન અજર આપે.

અંતમાં લખવાનું કે અમારા વાલિદ મરહુમે આ કિતાબના અનુવાદની શરૂઆત કરી હતી. આપ આ કિતાબના ભાગ-૧ ના ૧૦૦ પેજનો અનુવાદ કરી ચૂકયા હતા અને આપની નિશ્ચિત અજલ આવી પહોંચી. અલ્લાહતઆલા મરહુમ વાલિદ સાહેબની મગફેરત ફરમાવે. ત્યાર બાદ અમે બંને ભાઇઓએ આ કિતાબનો અનુવાદ પૂર્ણ કર્યો છે.

દુઆ છે અલ્લાહતઆલા અમારી આ નાચીજ કોશીશને કબૂલ ફરમાવે અને તેને અમારી મગફેરતનો ઝરીઓ બનાવે.

અમે તમામ મોઅમેનીનથી દરખાસ્ત કરીએ છીએ કે અમારા વાલિદ મર્હૂમ ઇબ્રાહીમ બી. પટેલની રૂહના સવાબ માટે એક વખત સૂરએ ફાતેહા અને ત્રણ વખત સૂરએ ઇખ્લાસની તિલાવત કરી તેમની રૂહને બક્ષી આપે.

નાચીજ

મૌલાના હુસૈનઅહમદ આઇ. પટેલ

અનુક્રમણીકા

ક્રમ	વિગત	પેજનં.
	પ્રસ્તાવના	૪
	પ્રકરણ : ૧	
	પ્રકાશકના બે બોલ	૪૧
	ઉર્દૂ અનુવાદકની પ્રસ્તાવના	૪૮
	આ કિતાબ વિશે...	૫૫
	વર્ણન પદ્ધતિ	૬૨
	આ કિતાબની વિશેષતાઓ	૬૮
	કિતાબનું નામ	૭૧
	પ્રકરણ : ૨ - ભૂમિકા	
	ઇમામ હુસૈન(અલ.) શા માટે ઊભા થયા?	૭૭
	રસુલુલ્લાહ(સલ.) અને વિલાદતે હુસૈન(અલ.)	૮૭

	નામ મુબારક	૯૦
	ફઝીલત	૯૨
	આપનું વ્યક્તિત્વ કુરઆનના પ્રકાશમાં	૯૪
	આપ(અલ.)ની ફઝીલત રિવાયતોના પ્રકાશમાં	૧૦૧
	શહાદત અંગે ભવિષ્યવાણી	૧૦૮
	ભાગ-૧ મદીનામાં	
	પ્રકરણ : 3	
	મદીનામાં કુફાવાસીઓના પત્રો	૧૧૪
	જઅદહ બિન હબીરહના પુત્રો	૧૧૫
	ઇમામ(અલ.)નો પત્ર કુફાવાસીઓના નામે	૧૧૭
	હુજ્ર બિન અદીની શહાદત	૧૨૦
	મઆવિયાની ટીકા	૧૨૨

	અમ્ર બિન અલહુમક ખુઝાઈની શહાદત	૧૨૫
	મઆવિયાની મકરબાજી-ચાલાકી	૧૨૮
	મઆવિયાનો પત્ર ઇમામના નામે	૧૩૭
	ઇમામ(અલ.)નો જવાબ મઆવિયાના નામે	૧૩૮
	મક્કામાં ઇજતેમા	૧૪૭
	અહનફ બિન કૈસ	૧૫૫
	મઆવિયાનો પત્ર મદીનાના ગવર્નરના નામે	૧૫૭
	મઆવિયાનો સફર મદીના તરફ	૧૫૯
	આયશા સાથે મુલાકાત	૧૬૦
	મઆવિયાનો સફર મક્કા તરફ	૧૬૨
	મઆવિયાનું મૃત્યુ	૧૬૫
	મઆવિયાનો પત્ર યઝીદના નામે	૧૭૦

	બાપના પછી યઝીદનો ખુત્બો	૧૭૧
	ગમ જાહેર કરવો (તઅઝિયત)	૧૭૩
	યઝીદનું સ્વપ્ન	૧૭૫
	મદીનાના હાકિમના નામે યઝીદનો પત્ર	૧૭૭
	મરવાન સાથે મશ્વેરો કરવો	૧૭૯
	વલીદ સાથે મુલાકાત	૧૮૩
	મરવાનની મુલાકાત	૧૮૬
	ઇમામ(અલ.)નું રસુલ(સલ.)ની કબ્રથી રજા લેવું	૧૯૦
	વાલિદહ અને ભાઈથી રજા લેવું	૧૯૨
	મોહંમદ બિન હનફીયાને વસીય્યત	૧૯૩
	મોહંમદ બિન હનફીયાની રજૂઆત	૧૯૬

	ઇમામ(અલ.)નો જવાબ	૧૯૯
	બની હાશિમની સ્ત્રીઓનું રડવું	૨૦૧
	શહાદતની આગાહી	૨૦૩
	ભાગ-૨ મદીનાથી મક્કા સુધી	
	પ્રકરણ : ૪	
	ઇમામ(અલ.)ની રવાનગી મદીનાથી મક્કા તરફ	૨૦૯
	એક મુલાકાત	૨૧૪
	ભાગ-૩ મક્કામાં	
	પ્રકરણ : ૫	
	મક્કામાં દાખલ થવું	૨૧૬
	હઝરત ખદીજા(સલા.)ની કબરની ઝિયારત	૨૧૯
	બસરાવાસીઓના નામે પત્ર	૨૨૦
	મુન્ઝિર બિન જારૂદની પ્રતિક્રિયા	૨૨૩

	યઝીદ બિન મસઊદની કાર્યવાહી	૨૨૪
	યઝીદ બિન મસઊદનો પત્ર ઇમામ હુસૈન(અલ.)ના નામે	૨૩૦
	યઝીદ બિન નબીત	૨૩૩
	કૂફાવાસીઓના પત્રો	૨૩૭
	ઇમામ હુસૈન(અલ.)નો પત્ર કુફાવાસીઓના નામે	૨૪૫
	મુસ્લિમ બિન અકીલ(અલ.)ની કુફા રવાનગી	૨૪૮
	મુસ્લિમ બિન અકીલ(અલ.)નો પત્ર ઇમામ હુસૈન(અલ.)ના નામે	૨૫૧
	ઇમામ હુસૈન(અલ.)નો પત્ર	૨૫૨
	મુખ્તારના ઘરે	૨૫૪
	આબિસ બિન અબી શબીબ	૨૫૭

	શાકરીની તકરીર	
	જનાબે મુસ્લિમની બયઅત	૨૫૯
	જનાબે મુસ્લિમનો પત્ર	૨૬૧
	કુફાના હાકિમની તકરીર	૨૬૨
	સરજુન મઆવિયાનો ગુલામ	૨૬૬
	યઝીદનો પત્ર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નામે	૨૬૯
	ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની તકરીર	૨૭૧
	કુફા તરફ ઉબૈદુલ્લાહની રવાનગી	૨૭૩
	કુફામાં ઉબૈદુલ્લાહનું દાખલ થવું	૨૭૬
	કુફામાં ઉબૈદુલ્લાહનો ખુત્બો	૨૭૯
	ધમકીઓ આપી ભય ફેલાવવો	૨૮૦
	હુકુમતના જાસુસો અને સરકારી	૨૮૩

	નોકરો સાથેનો વર્તાવ	
	હાનીના ઘેર	૨૮૫
	કુફામાં શરીક બિન અઅવરનું આવવું	૨૮૮
	હાની અને શરીકની બીમારપુરસી કરવું	૨૮૯
	શરીક અને ઉબૈદુલ્લાહના કતલનો મન્સુબો	૨૯૧
	કતલ ન કરવાનું કારણ	૨૯૫
	શરીક બિન અઅવરનું મૃત્યુ	૨૯૬
	મઅકલ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો જાસૂસ	૨૯૮
	હાની ઇબ્ને ઉરવહ વિરૂદ્ધ કાવતરૂં	૩૦૦
	હાનીની ધરપકડ	૩૦૩
	હાની અને મુસ્લિમ બિન અમ્ર	૩૦૯

	બાહલી	
	મઝજહ કબીલાનો બળવો	૩૧૫
	હાનીનું અપમાન	૩૧૨
	ઇબ્ને ઝિયાદની તકરીર	૩૧૭
	મુસ્લિમ બિન અકીલ(અલ.)નો કિયામ અને દારૂલ અમારાનો (સરકારી મહેલનો) ઘેરાવ	૩૧૯
	નાકાબંધી તોડવા માટે ઉબૈદુલ્લાહની યોજના	૩૨૧
	લોકોની ધરપકડ	૩૨૭
	હઝરત મુસ્લિમ(અલ.)ની લાચારી	૩૨૮
	મોહંમદ બિન કસીરની ધરપકડ	૩૩૧
	તૌઆના ઘરે	૩૩૪
	જામેઅ મસ્જિદમાં ઇબ્ને	૩૩૭

	ઝિયાદની તકરીર	
	ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે નવા હુકમો જારી કર્યા	૩૪૦
	જનાબે મુસ્લિમ(અલ.)નું ખ્વાબ	૩૪૫
	તૌઆનો દીકરો બિલાલ	૩૪૬
	મુસ્લિમ(અલ.)ની બહાદુરી	૩૪૮
	મુસ્લિમ(અલ.)ની ધરપકડ	૩૫૩
	મુસ્લિમ બિન અમ્ર બાહલી	૩૫૭
	ઇબ્ને ઝિયાદના દરબારમાં	૩૬૦
	જનાબે મુસ્લિમ(અલ.)ની વસીય્યત	૩૬૬
	જનાબે મુસ્લિમ(અલ.)ની શહાદત	૩૭૦
	હાનીની શહાદત	૩૭૪
	યઝીદ(લઅ.)ના નામે ઇબ્ને	૩૭૭

	ઝિયાદનો પત્ર	
	યઝીદ(લઅ.)નો ઉત્તર	૩૭૯
	હઝરત મુસ્લિમ(અલ.)ના ખાનદાનની ટૂંકમાં ઓળખાણ	૩૮૦
	મક્કામાં ઇમામ હુસૈન(અલ.)નો ખુત્બો	૩૮૨
	હરમની પવિત્રતાનું રક્ષણ	૩૮૫
	ઇમામ હુસૈન(અલ.)એ ઇરાક અને ઇરાકમાં કુફાને શા માટે પસંદ કર્યું ?	૩૮૭
	ઇમામ(અલ.) અને મોહંમદ બિન હનફિયા	૩૯૦
	ઇમામ હુસૈન(અલ.) અને ઉમર બિન અબ્દુર્રહમાન	૩૯૩
	મિસ્વર બિન મખરમા	૩૯૫

	અબ્દુલ્લાહ બિન અબ્બાસ	૩૯૭
	અબ્દુલ્લાહ બિન ઉમર	૪૦૦
	જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી	૪૦૨
	ઇબ્ને અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર	૪૦૬
	અવઝાઈ	૪૦૯
	અબ્દુલ્લાહ બિન જઅફરનો પત્ર	૪૧૧
	ઇમામ(અલ.)નો જવાબ	૪૧૩
	અમ્ર બિન સઈદનો પત્ર	૪૧૪
	ઇમામ(અલ.)નો જવાબ	૪૧૬
	ભાગ-૪ : મક્કાથી કરબલા સુધી	૪૧૭
	પ્રકરણ : ૬	
	વલીદ બિન ઉતબાનો પત્ર	૪૧૯
	રસ્તાઓની નાકાબંધી	૪૨૦
	અમ્ર બિન સઈદનો પત્ર	૪૨૨

	યઝીદના નામે	
	મક્કાથી કરબલા સુધીની મંઝિલો જ્યાં આપનો કાફલો રોકાયો	૪૨૪
	૧. અબ્તહ	૪૨૪
	૨. તનઈમ	૪૨૫
	૩. સફાહ	૪૨૬
	૪. વાદિયે અકીક	૪૨૮
	૫. વાદિયે સફરાર	૪૩૧
	૬. ઝાતે ઇરક	૪૩૨
	૭. હાજિર મિન બતનિર્રમ્મા	૪૩૪
	કૈસ બિન મુસહ્હરે સૈદાવીની ઘટના	૪૩૭
	૮. ફીદ	૪૪૧
	૯. અજફર	૪૪૨
	૧૦. ખુઝયમીયા	૪૪૪

	૧૧. શુફ્રક	૪૪૬
	૧૨. ઝુરૂદ	૪૫૦
	ઝુહૈર બિન કૈન સાથે મુલાકાત	૪૫૧
	૧૩. સઅલબિયા	૪૫૬
	અબુ હિર્રહ અઝદી	૪૬૬
	જનાબે મુસ્લિમ(અલ.)ની દીકરી	૪૬૮
	નસરાની મુસેલમાન થઈ ગયો	૪૭૦
	૧૪. ઝોબાલા	૪૭૦
	અબ્દુલ્લાહ બિન યકતર	૪૭૩
	૧૫. અલ્કાઅ	૪૭૬
	૧૬. ઉકબતુલ બત્ન	૪૭૮
	૧૭. શરાફ	૪૭૯
	૧૮. ઝૂ હસમ	૪૮૫
	૧૯. બૈઝા	૪૯૯

	૨૦. રહીમા	૫૦૩
	૨૧. અઝીબુલ હજાનાત	૫૦૪
	૨૨. કુતકતાનિયા	૫૧૫
	૨૩. કસ્રે બની મકાતિલ	૫૧૬
	અમ્ર બિન કૈસ	૫૨૩
	૨૪. નયનવા	૫૨૪
	ભાગ-૫	
	પ્રકરણ : ૭ - કરબલામાં પ્રવેશ	૫૩૩
	ઇમામ હુસૈન(અલ.)ની દુઆ	૫૩૯
	ઈમામ હુસૈન(અલ.)નો કૂફાવાસીઓને પત્ર	૫૪૧
	ઇમામ(અલ.)ના અન્સારનું પોતાના વિચારોને રજૂ કરવું	૫૪૫
	ઉબૈદુલ્લાહનો ઇમામ હુસૈન (અલ.)ને પત્ર	૫૪૯

	અમ્માર ઇબ્ને અબ્દુલ્લાહ	૫૫૪
	ત્રણ મોહર્રમ	૫૫૬
	કરબલાની જમીન ખરીદવી	૫૫૮
	ઈમામ હુસૈન(અલ.)ના અન્સારની હોશિયારી	૫૫૯
	ઉમર બિન સઅદનો પત્ર	૫૬૪
	પત્રનો જવાબ	૫૬૬
	પ્રકરણ : ૮	
	ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ નુખૈલહમાં	૫૬૮
	ચાર મોહર્રમ	૫૭૦
	પાંચ મોહર્રમ	૫૭૩
	ઉમર બિન સઅદના લશ્કરની સંખ્યા	૫૭૭
	છ મોહર્રમ	૫૭૯

	દુશ્મનના લશ્કરની હાલત	૫૮૦
	ઈમામ હુસૈન (અલ.)નો મોહંમદ બિન હનફીયાના નામે પત્ર	૫૮૧
	ઇમામ હુસૈન(અલ.)ની મદદ અને બની અસદ	૫૮૨
	સાત મોહર્રમ	૫૮૭
	યઝીદ બિન હસીન હમદાની અને ઉમર બિન સઅદની મુલાકાત	૫૮૯
	પ્રકરણ : ૯	
	ઇમામ હુસૈન (અલ) અને ઉમર બિન સઅદની મુલાકાત	૫૯૨
	જૂઠ અને તોહમત	૫૯૭
	ઉબૈદુલ્લાહનો જવાબ	૬૦૦
	ઉમર બિન સઅદને પદભ્રષ્ટ	૬૦૨

	કરવાની ધમકી	
	નવ મોહર્રમ	૬૦૪
	અમાનનામુ (સુરક્ષા પત્ર)	૬૦૭
	સુરક્ષા પત્રનો અસ્વીકાર	૬૦૮
	જંગનું એલાન	૬૧૦
	હબીબ બિન મઝાહીર અને ઝુહૈર બિન કૈનની નસીહત	૬૧૩
	પ્રકરણ : ૧૦	
	ઇબાદત માટે એક રાતની ફુરસદ	૬૧૬
	આશુરની રાત્રે ઇમામ હુસૈન(અલ.)નો ખુત્બો	૬૧૮
	ઇમામ હુસૈન(અલ.)ના અન્સારનો જવાબ	૬૨૦
	મુહમ્મદ બિન બશીર	૬૨૪

	મૌત મધથી વધારે મીઠી	૬૨૬
	શહાદત સુધી	૬૨૮
	ખંદક	૬૩૦
	એક સમૂહનું ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ જવું	૬૩૭
	બુરૈર અને હરબે સબીઇ	૬૩૮
	પ્રકરણ : ૧૧	
	નાફેઅ બિન હીલાલ અને ઇમામ હુસૈન(અલ.)	૬૪૩
	એક સપનું	૬૪૮
	આશુરાનો દિવસ	૬૫૦
	ઈમામ હુસૈન(અલ.)ના અન્સારોની સંખ્યા	૬૫૨
	ઇબ્ને સઅદનું લશ્કર	૬૫૩
	ઇમામ હુસૈન (અલ.)નો ખુત્બો	૬૫૭

	શીમ્ર સાથે વાતચીત	૬૬૨
	ઇબ્ને અબી જુવૈરીયા અને તમીમ બિન હસીન	૬૬૫
	અબ્દુલ્લાહ ઇબ્ન હૌઝહ	૬૬૭
	મસરૂકની સાવચેતી	૬૭૧
	ઝુહૈર બિન કૈનનો ખુત્બો	૬૭૨
	પ્રકરણ : ૧૨	
	ખુત્બએ બુરૈર	૬૭૬
	શોરબકોર અને અવાજ	૬૮૦
	ઇમામ હુસૈન (અલ.)નો બીજો ખુત્બો	૬૮૨
	ઇમામ હુસૈન (અલ.)નો એક બીજો ખુત્બો	૬૯૦
	હુર બિન યઝીદ	૬૯૩
	ગૈબી અવાજ	૭૦૦

	હુમલાનો આદેશ	૭૦૨
	ઇમામ હુસૈન(અલ.)ના અસહાબની શહાદત	૭૦૪
	પ્રકરણ : ૧૩	
	પ્રથમ હુમલામાં શહીદ થનાર સહાબીઓ	૭૦૬
	પ્રકરણ : ૧૪	
	અન્ય શહીદો	૭૩૩
	પ્રકરણ : ૧૫	
	પોતાના અસ્હાબની સમક્ષ ઇમામ હુસૈન(અલ.)નું ઉદ્બોધન	૮૩૦
	ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓની જંગ	૮૩૩
	ખિયામ પર હુમલો	૮૩૫
	ઝહ્હાક બિન અબ્દુલ્લાહ	૮૩૭

	ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબની બહાદુરી અને શરાફતની કબુલાત	૮૩૯
	પ્રકરણ : ૧૬ **બની હાશિમના શહીદો**	૮૪૨
	અલી ઇબ્નુલ હુસૈન(અલ.)	૮૪૩
	અકીલ ઇબ્ને અબીતાલિબ(અલ.)નાં કુટુંબના શહીદો	૮૫૫
	જઅફર બિન અબીતાલિબ(અલ.)ના કુટુંબના શહીદો	૮૬૩
	ઇમામ હસન(અલ.)ના દીકરાઓ	૮૬૮
	અમીરૂલ મોઅમેનીન(અલ.)ના દીકરાઓ	૮૭૭

	છેલ્લી ઘડીઓ અને દૂધ પીતું બાળક	૮૯૯
	એહલેબયત(અલ.)ના શહીદો	૯૦૧
	ઇમામ હુસૈન(અલ.)ના અશઆર	૯૦૪

પ્રકરણ : ૧

૧. પ્રકાશકના બે બોલ

શું આપ લોકોએ આજ દિન સુધી કદી આ વાત ઉપર ચિંતન મનન કર્યું છે કે આપણે દરેક જગ્યાએ દરેક વખતે, ગમે તે રીતે ઇમામ હુસૈન(અલ.)ની યાદ મનાવવી જોઇએ, ઝિયારત કરવી અને તેમનાથી ગુજારિશ કરવી આ બાબતની વસીય્યત શા માટે કરવામાં આવી છે ? પંદરમી શાબાન, શબે કદ્ર, જુમ્આની રાતે, જુમ્આના દિવસે, વળી દરેક નમાઝ પછી ઇમામ હુસૈન(અલ.)ની ઝિયારત કરવાની અને પઢવાની આટલી બધી તાકીદ શા માટે કરવામાં આવી છે ?

શું આજ સુધી કદીક આ વિચાર્યું છે કે ઇમામ હુસૈન (અલ.)ના નામથી તેમને ચાહવાવાળાઓના દીલ બલકે ક્યારેક ન

માનનારાઓના દીલ પણ એવા જ ધ્રૂજી ઊઠે છે જેવા કુરઆનની આયતોથી وَاِذَاتُلِيَتۡ آيٰتُهٗ وَجِلَتۡ قُلُوۡبُهُمۡ શું કદી આપે વિચાર્યું છે કે દિવસમાં પાંચ કે છ મજલિસમાં એક જ ગમનું બયાન વારંવાર કરવામાં આવે તો પણ અમે મોમિનો કદી કંટાળતા નથી, બલકે અમે ઇમામ હુસૈન(અલ.)ની મુસીબતોથી ગમગીન થઈએ છીએ. આવું શા માટે ? વિચારો વિચારો...

શું આપે કદી આ ભેદને ઉકેલવાની કોશીષ કરી છે કે વાકેયએ કરબલા અને ઇમામ હુસૈન(અલ.) ચૌદસો વરસ પછી પણ મોમિનો, આશિકો અને નિરાશ હ્યદયો માટે જીવતો છે.

આવા તો કંઈ કેટલાયે પ્રશ્નોના ઉત્તરો ઇમામ જઅફર સાદિક(અલ.)એ આ રીતે આપ્યા છે. نَفَسُ الْمَهْمُوْمِ لِظُلْمِنَا تَسْبِيْحٌ وَهَمُّهُ لَنَا عِبَادَةٌ “તે શ્વાસ

તસ્બીહ છે જે અમારા પર થએલ ઝુલ્મો પર ગમગીન થાય છે અને તે શ્વાસ ઇબાદત છે જે અમારી મુસીબતો પર ગમગીન થાય છે.”

જો આપણે મસાએબમાં જે ઊંડાણ છે તેના પર વિચાર કરીએ, જો આલે મોહંમદ(સલ.) ઉપર થયેલા ઝુલ્મો-સિતમનું પરિક્ષણ કરીએ, જો આપણે સબરનો સાચો અર્થ સમજવા ઇચ્છીએ, જો આપણે અમલની નિખાલસતા-નિ:સ્વાર્થતા, ઇખ્લાસે અમલ અને તકવા પરહેઝગારીનો સાચો ભાવાર્થ જાણવા ઇચ્છીએ, જો આપણે તૌહીદ અને ખુદાપરસ્તીને જાણવા ઇચ્છીએ, તો આપણને ઇમામ હુસૈન(અલ.)ની પાસે, રસુલુલ્લાહ(સલ.)ની અવલાદની અવલાદ પાસે કરબલામાં જોવા અને જાણવા મળશે.

રસુલુલ્લાહ(સલ.)નું ફરમાન :

حُسَيْنٌ مِّنِّيْ وَاَنَا مِنَ الْحُسَيْنِ માં ઘણો જ મહત્વનો શબ્દ પ્રયોગ "وَاَنَا مِنَ الْحُسَيْنُ" છે. મતલબ આ છે કે હુસૈન(અલ.) મારા દીનને જીવંત રાખશે અને હંમેશા હંમેશાની હયાત બક્ષસે. ઇસ્લામનું બાકી રહેવું ઇમામ હુસૈન(અલ.)ની કુરબાની ઉપર આધારિત છે.

ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબથી માત્ર શીઇય્યત જ બાકી નથી રહી જે સાચો અને હકીકી ઇસ્લામ છે. બલકે અહલે સુન્નત વલ જમાઅત પણ જે પ્રમાણે છે તે પ્રમાણે બાકી રહી. જો ઇમામ હુસૈન(અલ.)નો ઇન્કિલાબ ન હોત તો કંઈ પણ બાકી રહી શકત નહિ. કારણ કે જાહેરી ખિલાફતો ઉપર બેસનારાઓ પથ્થરદીલના ઇન્સાનો હતા.

ઝુલ્મની તમામ હદો વટાવી ચૂકયા હતા. કહેતા હતા :

"لَعِبَتْهَا شِمْرٍ بِالْمُلْكِ فَلَا خَبَرٌ جَاءَ وَلَا وَحْيٌ نَزَلَ"

"બની હાશિમે હુકૂમત સાથે રમત રમી છે. કોઈ ખબર નથી આવી, કોઈ વહી નથી આવી."

જો ઇન્સાન થોડો વિચાર કરે, જરા દિમાગને બળ આપી વિચારે પછી સામૂહિક અત્યાચાર અને વ્યક્તિગત અત્યાચાર ઉપર તેહકીક કરે તો સમજમાં આવી જશે કે કેટલી મોટી મુસીબત હતી. જો આ ચળવળ અને દીને ઇસ્લામથી ભરપુર કદમ, શરાફત, ઇન્સાનિયત અને ઈમાનથી લબરેઝ કદમ ન ઊઠાવવામાં આવત તો ઇન્સાનિયત પણ બાકી ન રહેત, દીન પણ બાકી ન રહેત અને ઈમાન પણ બાકી ન રહેત. જેમ અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે રસુલુલ્લાહ(સલ.)ને

ફરમાવ્યું:إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ (અમે આ કુરઆનને નાઝિલ કર્યું અને અમે તેની હિફાઝત કરનાર છીએ.) તેનો મતલબ એમ કે કુરઆનની જેમ જ રિસાલત, નબુવ્વત તથા ઇમામત કયામત સુધી બાકી રહેશે અને રિસાલત તથા નબુવ્વતને કયામત સુધી બાકી રાખનાર "ઇમામત" છે. હઝરત અલી(અલ.)ની મઝલુમીયતથી લઈને ગયબતે ઇમામે ઝમાના(અલ.) સુધી તેની હિફાઝતની ઝિમ્મેદારી તેમના જ હાથોમાં રહી. પરંતુ ઇમામ હુસૈન(અલ.)નો ઇન્કિલાબ અને આપ(અલ.)ની શહાદત અને મકસદે હુસૈનીને પૂર્ણતા સુધી પહોંચાડનારી બહેનની કૈદ સુધી વધુ સ્પષ્ટ હતું અને છે.

ઉમ્મીદ છે કે આ કિતાબ કે જે એક પ્રતિષ્ઠિત આલિમની કલમે લખાઈ છે ઇમામ

હુસૈન(અલ.)ના કિયામને રોશન કરશે અને પ્રકાશિત કરનાર તરફથી એક ખિદમત ગણાશે અને શફાઅતનો ઝરીઓ બનશે. ઇન્શાઅલ્લાહ...

મોહંમદ તકી અન્સારીયાન

ફારસી પ્રકાશક

૨. ઉર્દૂ અનુવાદકની પ્રસ્તાવના

સહીફએ કરબલાની એક એક દાસ્તાનને દરેક મુનાસિબ સમયે ખાસ તો માહે મોહર્રમના દિવસોમાં દોરહાવવું માત્ર એક મઝહબી જવાબદારી જ નથી બલકે આ દાસ્તાન ઇન્સાનિયત, શરાફત અને જીંદગીની ઉચ્ચતાને પ્રદર્શિત કરે છે. જે દર્સ, જે તાલીમ, આપણને ઇમામ હુસૈન(અલ.) અને આપની તેહરીકથી મળે છે તેવો દર્સ કે તાલીમ તે સમયની આલમે ઇસ્લામની ઉચ્ચોચ્ચ હસ્તીઓમાંથી કોઈનાથી પણ મળતો નથી. ઇમામ હુસૈન(અલ.) ઇસ્લામ અને તેની શુદ્ધતા માટે જાન કુરબાન કરી આપે છે. પરંતુ તેના ઉપર આંચ આવવા દેતા નથી. આપ ઝાલિમ અને જાબિરના હાથમાં સરદારી જોવા માંગતા નથી. તેના વિરૂદ્ધ અવાજ બુલંદ કરે

છે. સાથે ઇસ્લામી કાયદા કાનૂનોનો પૂરેપૂરો લેહાઝ રાખે છે.

યઝીદની બયઅતને આપે ઠુકરાવી દીધી તો અબ્દુલ્લાહ બિન ઝુબેરે પણ યઝીદની બયઅતથી આનાકાની કરી અને હઝરત ઇમામ હુસૈન(અલ.)થી અગાઉ મક્કા ચાલ્યો ગયો. યઝીદે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરી નાખવા માટે હાજીઓના લિબાસમાં ઘણા બધા મુનાફિકોને મોકલ્યા હતા.

ફરઝંદે રસૂલે ખાનએ કાબા અને હરમે ખુદાની હુરમત અને પવિત્રતા બાકી રાખવા માટે મક્કા છોડી દીધું. જ્યારે અબ્દુલ્લાહ બિન ઝુબેરે જાન બચાવવા માટે ખાનએ કાબામાં પનાહ લીધી. મુલકે શામના કહેવાતા મુસલમાનો અને તેમના ખલીફા યઝીદે ખાનએ કાબા ઉપર આગ અને પથ્થર વરસાવ્યા. બંનેએ પોતાની હુકૂમત બાકી

રાખવા માટે હરમે ખુદાની પવિત્રતાને પાયમાલ કરી નાખી.

અહલેબયતે કુરબાનીઓ આપીને ઇસ્લામને બચાવ્યો. બની ઉમય્યા, મરવાનીઓ અને બની અબ્બાસે હુકૂમતપરસ્તી, હવસપરસ્તી, સત્તા લાલસા તથા પોતાના પેટ ભરવા માટે ઇસ્લામને હથિયાર બનાવ્યું. વળી પોતાના કાળા કારનામાઓને અંજામ આપવા માટે, તેને શરીઅત પ્રમાણે જાહેર કરવા માટે દરબારી આલિમોનો સહારો લીધો. આલિમોએ દુનિયાની માલ-દૌલત અને ઇઝ્ઝતની લાલચમાં દીને ખુદામાં બાદશાહોની ઇચ્છા પ્રમાણે ફેરફારો કરી નાખ્યા અને કહેવાતા ખલીફાઓના કાળા કરતૂતોને અલ્લાહના માથે ઢોળી દીધાં. અલ્લાહને જ જવાબદાર બનાવી દીધો. આ ઝાલિમ આલિમો-દરબારી મુલ્લાઓએ કહ્યું “ઇન્સાન તો મજબુર છે, જે કંઈ કરે છે અલ્લાહ કરે છે. જેથી અગર ખલીફાથી

કોઈ કાર્ય થઈ જાય તો તેમાં ખલીફાનો કોઈ કુસૂર નથી તેને તો ખુદાએ મજબુર પેદા કર્યો છે. જે કંઈ કરે છે ખુદા કરે છે.”

અલ્લામા ઇકબાલે “ઇસ્લામની તશ્કીલે જદીદ” માં લખ્યું છે કે “કઝા વ કદ્ર” ભલી બુરી તકદીરનો ગલત ભાવાર્થ બની ઉમય્યાએ પોતાના ઝુલ્મોના ઢાંકપિછોડા કરવા માટે તથા તેને શરીઅતનો રંગ ચઢાવવા માટે લોકોના મગજમાં બેસાડી ઘુસાડી દીધો હતો.

ઉસ્તાદ અહમદ અમીન મિસરીએ પોતાની કિતાબ “ઝુહલ ઇસ્લામ” ભાગ-૧ પેજ-૨૭ ઉપર લખ્યું છે કે સત્ય તો આ છે કે મઆવિયા, યઝીદ અને તેમના કુટુંબની હુકુમત જેને ઉમવી હુકુમત અથવા તો જેને બની ઉમય્યાની હુકુમત કહેવાય છે તે હુકુમત ઇસ્લામી હુકુમત ન હતી કે જેમાં સમાન ધોરણે લોકોના હક્કોનું રક્ષણ કરવામાં આવે, જેમાં

અરબ અને અજમને (અરબો અને બિન અરબોને) એક જ આંખથી સમાન ધોરણે જોવામાં આવે. તેઓની હુકુમતમાં ફકત અરબો અને તેના હાકિમો અને તેમના ખિદમતગુજારોને (સરકારી નોકરોને) જ મહત્વ આપવામાં આવતું હતું. ઉમવી હુકુમતના તમામ કાયદા-કાનૂનોની બુનિયાદ જાહિલીય્યત અને કીનો-કપટ, નફરત ઉપર હતી. આખી ઉમવી હુકુમત અહલેબયતે રસુલની દુશ્મનીની બુનિયાદ ઉપર ઊભેલી હતી. ઇસ્લામથી તેઓને કોઇ દીલચસ્પી ન હતી. આખી હુકુમત મુનાફેકતના રંગે રંગાયેલી હતી. મુખોટો ઇસ્લામનો હતો. કાર્યો ઇસ્લામની દુશ્મની ઉપર આધારિત હતા.

આશ્ચર્યની વાત તો આ છે કે મઆવિયાની તમામ મક્કારીઓ, ખલીફએ હક હઝરત અલી(અલ.)ની સામે યુદ્ધ લડવું જેવાં ફાસિક કૃત્યો, ખલીફએ હકના હુકમની અવગણના કરીને શામનું

ગવર્નરપદ ન છોડનાર, ખુલ્લી બગાવત કરનારને રઝિયલ્લાહો તઆલા અન્હો કહે છે. આ જ મઆવિયા જેણે મક્કારીઓ દ્વારા છીનાઝપટી કરીને, દંડાના જોરે પોતાના પછી પોતાના ફાસિક, ફાજિર, ઝાલિમ, શરાબી, ઝાની દીકરા યઝીદને સત્તા સ્થાને બેસાડી દીધો. જેણે ઇસ્લામમાં વારસાગત બાદશાહતનો પાયો નાખી દીધો. જે યઝીદ પલીદે રસુલુલ્લાહ(સલ.)ના નવાસા ઇમામ હુસૈન(અલ.)ને કરબલામાં ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા શહીદ કર્યા. એવા ઝાલિમોને પણ આ લોકો નફરતને કાબિલ સમજતા નથી.

જ્યારે બીજી બાજુ સત્યના અલમબરદાર, ઇસ્લામને નવી જીંદગી અતા કરનાર રસૂલુલ્લાહ(સલ.)ના નવાસા ઇમામ હુસૈન(અલ.)નો ગમ મનાવનારા શીઆઓથી નફરત કરે છે. જ્યારે કે આ મજાલિસથી ઝાલિમની સામે ઊભા થવાનો

જોશ પેદા થાય છે. ઇન્સાનિયત જીવતી થાય છે. સહીફએ કરબલાનું એક એક પેજ ગુલામીમાંથી મુક્તિનો સંદેશ આપે છે. સચ્ચાઈ, ઈમાનદારી અને બલિદાનનો દર્સ આપે છે.

વરસોથી તમન્ના હતી કે અલ્લાહ મને મકતલે હુસૈનનો તરજુમો કરવાની ઇઝ્ઝત બક્ષે તે તમન્ના આ વર્ષે પુરી થઈ ગઈ. ખુદાનો શુક્ર છે કે આટલી મોટી કિતાબ પોતાની બધી મંઝિલો પુરી કરીને છપાવા માટે જઈ રહી છે.

પરવરદિગાર ઇમામ હુસૈન(અલ.)ના સદકામાં મારી આ કોશીષોને કબૂલ ફરમાવે અને મને વધારે ખિદમતની તૌફીક નસીબ ફરમાવે.

વસ્સલામ

નિસાર અહમદ

૩. આ કિતાબ વિશે...

આશુરાની દર્દનાક ઘટના એક શ્રેષ્ઠ, સર્વોચ્ચ અને વ્યાપક ઘટનાઓમાંની એક છે. ઇતિહાસકારોએ બીજી બધી ઘટનાઓમાં આટલું બારીકાઈથી વર્ણન ક્યાંયે મળશે નહિ જેટલી બારીક ઘટનાઓનું વર્ણન કરબલાની ઘટનાનું કરવામાં આવ્યું છે. લાગણીસભર, બારીક ઘટનાઓનું વર્ણન એટલું સરસ અને આકર્ષક શબ્દોમાં કરવામાં આવ્યું છે કે આ ઘટનાને વાંચનાર કે સાંભળનારની સમક્ષ કરબલાનું ચિત્ર ખડું થઈ જાય છે. જાણે કે આ દીલ હલાવી નાખનારી દર્દનાક ઘટના હમણાં જ બની છે. આપણી આંખોની સામે જ બની છે.

કરબલાની કરૂણ કહાનીનું વર્ણન કરનારાઓના વર્ણનોમાં આશુરાના દિવસના શૌર્ય અને બહાદુરીભર્યા તે અશઆર જે હઝરત ઇમામ

હુસૈન(અલ.)ની મુબારક જીભે ઉચ્ચાર્યા હતા. આપે પઢેલ રજઝની શૌર્યભરી તે પંક્તિઓ જે આપના ઉચ્ચોચ્ચ ખાનદાન માટે પોતાના નાના જાન પૈગંબરે ઇસ્લામ(સલ.)ની શાનમાં, પોતાના વાલિદ મોહતરમ ઇમામ અલી(અલ.)ની શાનમાં આપની મુબારક જીભ ઉપર જારી થઈ હતી તે પણ નોંધાય છે.

એટલું જ નહિ પરંતુ આપના અસહાબ અને અનસારના અશઆર અને રજઝ પણ આ મકાતિલના વર્ણનોમાં મૌજુદ છે. જ્યારે કે જંગો અને ગઝવાતમાં આવી આંશિક-બારીક વાતોનું વર્ણન મળશે નહિ.

કરબલાની કરૂણ કહાનીમાં ઇમામ હુસૈન(અલ.)ના અસહાબ અને તેમના કાતિલોના નામો પણ વ્યવસ્થિત અને ચોક્કસતા સાથે નોંધાયેલા છે. અહીં સુધી કે આપના મેદાનમાં

જવાથી લઈને શહાદત પામતા સુધીની નાનામાં નાની ઘટના પણ ક્રમવાર નોંધાયેલી છે. તે વાક્યો જે ઇમામ હુસૈન(અલ.)એ દુશ્મનોના લશ્કરની સામે હિંમતપૂર્વક ઊંચી ગરદન સાથે ઉચ્ચાર્યા તે પણ નોંધાયેલ છે. વળી એહલેબયતના આ કાફલાના ખુત્બાઓ અને તકરીરોની એક એક લીટી પણ નોંધાયેલી છે જે અસીરીના જમાનામાં કેદની હાલતમાં સફર થયો.

આ વિશિષ્ટતાઓ આપણને ફકત વાકેયએ કરબલામાં જ દૃષ્ટિમાન થાય છે. આ વિશિષ્ટતાઓથી આ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે હિજરી સન ૬૧ ની આ કરૂણ ઘટના આશુરાને નકલ કરનારા અને લખનારાઓએ ઘણું જ મહત્વ આપ્યું છે. બીજી વાત આ દર્દભરી ઐતિહાસિક ઘટનાના પ્રસંગોને સદીઓ વીતી ગઈ હોવા છતાં આજે પણ એમ લાગે છે કે આ ઘટના હમણાં જ

બની છે. જાણે આ જ વર્ષે આ ઘટના ઘટી છે એટલી નવી લાગે છે. આ ઘટનામાં અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતે એટલું આકર્ષણ મૂક્યું છે કે વ્યક્તિ એહલેબયતના ગમમાં એટલો ડૂબી જાય છે કે પોતાનો ગમ ભૂલી જાય છે. આ ઘટનામાંથી ન ફકત ઈમાનવાળાઓને બલકે તમામ ઇન્સાનોને સેંકડો જાતના સબક મળે છે.

ઇમામ હુસૈન(અલ.)નો કિયામ-ઊભા થવું ફકત દીનને જીવંત રાખવા માટે હતું. આપનો દૃષ્ટિકોણ આ જ હતો કે જે દીનને આપના નાના અને આપના વાલિદ મોહતરમે લોહી પાયને ઉછેર્યો હતો તે દીન બરબાદ ન થઈ જાય. કરબલાની કરૂણ કહાનીના લેખકોએ પોતપોતાની રૂચિ પ્રમાણેના પાસાઓનું આલેખન કર્યું છે. આપણે આ વાતને સમજીએ.

(૧) કરબલાના વાકેઆના પ્રસંગોને વર્ણન કરનારા ઘણાંએ ફકત એક ઐતિહાસિક ઘટનાક્રમ પ્રમાણે લખી છે. જેવી રીતે અન્ય ઐતિહાસિક ઘટનાઓને યોગ્ય જગ્યા અને સમયગાળામાં લખવામાં આવી છે. કેટલાકે વિસ્તારથી વર્ણનો કર્યા છે. દૃષ્ટાંતરૂપે તારીખે તબરી અને અલ-કામિલ ફિત્તારીખ. જ્યારે કેટલાકે સંપૂર્ણ ઘટનાને ઘણી જ ટૂંકમાં વર્ણવી છે. જેમકે તારીખે યાકુબી, મુરૂજુઝ્ઝહબ વગેરેએ. કેટલાક ઇતિહાસકારો એવા પણ છે જેમણે આ કરૂણ કહાનીને ન વિસ્તારથી વર્ણવી છે ન ટુંકાણમાં બલકે વચલો રસ્તો પકડીને વર્ણવી છે. જેવા કે શૈખ મુફીદે “ઇરશાદ” માં, ઇબ્ને નુમાએ “મુસીરૂલ અહઝાન” માં અને સૈયદ બિન તાઉસે “અલમલહુફ” માં વર્ણવ્યું છે.

(૨) કેટલાક ઇતિહાસકારોએ સીધા મકતલના વર્ણનો જ નથી કર્યા. બલકે હઝરત ઇમામ

હુસૈન(અલ.)ની હયાતે તૈયબા-જીવનચરિત્ર સીરત અને આપની પ્રશંસા, તારીફ, ઇઝ્ઝતો અઝમતના વર્ણનો પણ કર્યા છે. સાથે જીવનના એક ભાગ તરીકે વાકેયએ કરબલાનું વર્ણન પણ કર્યું છે. જેમકે અલ્લામા મજલિસીએ "બિહારૂલ અનવાર" માં, બુરહાનીએ "અવાલિમ" માં, શબ્બરે "જલાઉલ ઉયૂન" માં, અરબીલીએ "કશફુલ ગમ્મા" માં અને ઇબ્ને શહર આશુબે "મનાકિબ" માં આ પદ્ધતિ અપનાવી છે.

(૩) કેટલાક લેખકોએ વિશ્લેષણની દૃષ્ટિએ સમગ્ર ઘટનાનું એકત્રીકરણ કર્યું છે. તેમણે મકતલે આશુરાને લોકો માટે બહાદુરી, સબર, કુરબાની, વફાદારી, ઈમાન, લિલ્લાહિયત સાથે ખુદાથી ઇશ્કનો સબક મળે તે રીતે સમગ્ર ઘટનાક્રમના વર્ણનો કર્યા છે. બધા જ પ્રસંગોને પણ એકત્ર કર્યાં છે. જેમકે

અલાઇલીએ “સમઉઝ્ઝાત” માં અને બાકિર શરીફ કુરૈશીએ “હયાતુલ હુસૈન” માં વર્ણનો કર્યા છે.

(૪) કેટલાક કલમકારોએ કરબલાના ઇન્કિલાબને એક બહાદુરીભરી નિડર ચળવળ તરીકે ઇન્સાનોની સમક્ષ રજૂ કરી છે. આ કલમકારોએ આવી નિડરતાભરી ઘટનાઓને વીણી વીણીને એકત્ર કરી છે. જેમ કે આયતુલ્લાહ શહીદ મુરતુઝા મુતહ્હરીએ “હમાસએ હુસૈની” માં.

(૫) કેટલાક લેખકોએ ઇમામ હુસૈન(અલ.)ના ઇન્કિલાબના કારણો શોધવાની કોશીષ કરી છે. ઇમામ હુસૈન(અલ.)ની ઇસ્લામી તેહરીકને ઉત્તેજિત કરનારા-પ્રોત્સાહિત કરનારા પરિબળોને શોધીને એક જગ્યાએ એકત્રિત કર્યા છે. આ છે મકતલના લખાણને રોશન કરનારા લેખકો, આ છે કરબલાની કરૂણ કહાણીને ઇન્સાનિયતની સમક્ષ રજૂ કરનારા બુદ્ધિશાળીઓ.

૪. વર્ણન પદ્ધતિ

આ કિતાબમાં વાકેયએ કરબલાના અનુક્રમ પ્રમાણે ઇમામ હુસૈન(અલ.), આપના એહલેબયત અને અસહાબની સફરના પ્રસંગોનું આલેખન કર્યું છે. જે મદીનાથી શરૂ થાય છે અને મદીનામાં આવીને ખતમ થઈ જાય છે. આ સફરની પાંચ મંઝિલો છે.

પ્રથમ સફર :

મદીનાથી મક્કા તરફ :

યઝીદની બયઅતનો ઇન્કાર કરીને અને વિશ્વભરના મુસલમાનો સુધી આ પયગામ પહોંચાડવા માટે કર્યો કે યઝીદની બયઅત ન કરવામાં આવે. તેનામાં મુસલમાનોના ખલીફા બનવાના કોઈપણ ગુણો નથી. મુલાકાતો દ્વારા, તકરીરો કરીને અને પત્ર વ્યવ્હાર દ્વારા લોકો સુધી

પોતાનો પયગામ પહોંચાડ્યો. જેમકે આપે કુફાવાસીઓ અને બસરાવાસીઓને પત્રો લખ્યા હતા.

બીજો સફર :

મક્કાથી ઇરાક તરફ :

મક્કાથી ઇરાક તરફ : જે સફર દેખીતી રીતે તો કૂફાવાસીઓના આમંત્રણ ઉપર કર્યો હતો. તેઓએ આપને હજારોની સંખ્યામાં પત્રો લખ્યા હતા. સાથે ઘણાંબધા એલચીઓ પણ કૂફાવાસીઓના સંદેશાઓ લઈને આપની ખિદમતમાં હાજર થયા હતા પરંતુ હકીકત આ હતી કે આપના ખભા ઉપર એક મહાન-સર્વોચ્ચ સંદેશ પહોંચાડવાની જવાબદારી હતી. જે ઇન્સાનોની ભલાઈ માટે, તેમના સૌભાગ્ય માટે, તેઓને સચેત અને જાગૃત કરવા માટેની હતી. વળી યઝીદે ફેલાવેલા ફસાદને ખતમ કરવા માટે ઇન્કિલાબ પેદા

કરવાનો હતો. જેમ કે આપે પોતાના ઇન્કિલાબની ફિલોસોફી વર્ણવતાં એક ખુતબામાં ફરમાવ્યું હતું :

اِنِّیۡلَمۡأَخۡرُجۡاَشِراًوَلَابَطِراًوَلامُفۡسِداًوَلاظَالِماً وَاِنَّمَاخَرَجۡتُلِطَلَبِا

لِاِصۡلاحِفِیۡاُمَّۃِجَدِّیاُرِیۡدُأَنۡآمُرَبِالۡمَعۡرُوۡفِوَاَنۡهیعَنِالۡمُنۡکرِ

“હું ઝુલ્મ કે અત્યાચાર, ઉપદ્રવ કે આનંદોલ્લાસ અથવા તકબ્બુરના કારણે નથી નીકળ્યો. બલકે હું મારા નાનાની ઉમ્મતની ઇસ્લાહ ઇચ્છુ છું અને અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના ફરીઝાને અસ્તિત્વમાં લાવવા ઇચ્છુ છું.”

તેની પૂર્ણાહુતિ-સમાપ્તિ શહાદત હતી. ઇમામ હુસૈન(અલ.) પણ આ બાબતથી સારી રીતે પરિચિત હતા. જેથી આપ ફરમાવે છે રસુલુલ્લાહ(સલ.)નું ફરમાન છે :

شَاءَاللّٰهُاَنۡیَرَاکَقَتِیۡلَا

“અલ્લાહ તમને મકતૂલ (કતલ થએલા) જોવા માંગે છે.”

આ પણ ફરમાવ્યું છે :

اَمَرَنِيْ رَسُوْلُ اللّٰهِ بِاَمْرٍ وَاَنَا مَاضٍ فِيْهِ

“રસુલુલ્લાહ(સલ.)એ મને એક ચીજનો હુકમ આપ્યો છે અને હું તેના પર અમલ કરીને રહીશ.”

ત્રીજો સફર :

શામ તરફ :

શામ તરફ એહલેબયત(અલ.)નો સફર છે. તેમાં તબ્લીગ અને ઇમામ હુસૈન(અલ.)નો પયગામ પહોંચાડવાની જવાબદારી છે.

ચોથો સફર :

શામથી કરબલા તરફ :

જેથી પોતાના ઇમામ, દીકરાઓ, દીકરીઓ, અઝીઝો, સગાંઓ અને મદદગારોની કબરો ઉપર માતમ કરવા અઝાદારી કરવા.

પાંચમો સફર :

મદીના તરફ વાપસી :

આ કિતાબને ઉપરોક્ત સફરો પ્રમાણે લખવામાં આવી છે. કારણ કે આ સફરોથી અગાઉ, પછી અને દરમ્યાનમાં ઘણાંબધા પ્રસંગો બન્યા છે. ઘણીબધી ઘટનાઓ ઘટી છે. જેથી કિતાબના ફારસી લેખકે પ્રથમ ભાગને દસ પરિચ્છેદમાં વિભાજિત કર્યો છે. જો કે અમે ગુજરાતી વાંચકોની સહુલત માટે પરિચ્છેદોને પ્રકરણોમાં વિભાજિત કરી કુલ ૫૬ પ્રકરણો બનાવ્યા છે. કારણ કે મૂળ ફારસી-ઉર્દૂ કિતાબમાં દરેક પરિચ્છેદમાં ૧/૪ પેજના ૧/૨ પેજના 3/૪ પેજના ૧ પેજના દોઢ પેજના એવા કંઈ કેટલાયે મથાળા છે. જેથી અમોએ પાંચ પાંચ,

છ છ, સાત સાત, એવા પેજોને પ્રકરણોમાં વિભાજિત કર્યા છે. જે ગુજરાતી વાંચકોને કિતાબના પઠનમાં આસાની રહે. વાંચક પ્રકરણ નંબર યાદ રાખી પોતાનું વાંચન આગળ ચલાવી શકે.

૫. આ કિતાબની વિશેષતાઓ

(૧) કિતાબને ઇમામ હુસૈન(અલ.) અને અહલેબયતના મદીનાથી મદીના સુધીના સફર પ્રમાણે ક્રમવાર ગોઠવણી કરી છે.

(૨) મક્કાથી કરબલા સુધી ઇમામ હુસૈન(અલ.) જે જે મંઝિલોથી (પડાવની જગ્યાઓથી) પસાર થયા છે અને આ મંઝિલો ઉપર જે જે વ્યક્તિઓ સાથે મુલાકાતો કરી છે તેઓના નામો અને તેમની ટૂંકમાં ઓળખ પણ આપી દેવામાં આવી છે.

(૩) કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની સાથે શહાદત પામનારા પ્રખ્યાત બોતેર ભાગ્યશાળી શહીદોથી વધારે વ્યક્તિઓના નામો લખવામાં આવ્યા છે.

(૪) ઇમામ હુસૈન(અલ.)ના અસહાબ અને અનસારમાંથી દરેકની ટૂંકી ઓળખ અન્ય

કિતાબોમાંથી શોધીને અથવા હાંશિયા ઉપર લખી દેવામાં આવી છે.

(૫) આ કિતાબમાં જે જે વ્યક્તિઓનું કોઈપણ સંબંધના કારણે અછડતું પણ નામ જોડાયું છે તેઓના વિશે પણ વધતી ઓછી માહિતી પેદા કરીને લખી દેવામાં આવી છે.

(૬) જેઓ હઝરત ઇમામ હુસૈન(અલ.)ની સાથે કરબલામાં આવ્યા પરંતુ જુદા જુદા કારણોને લઈ શહાદતનો દરજ્જો પામી શક્યા નહિ તેમના નામો પણ લખી દેવામાં આવ્યા છે.

(૭) તે સ્ત્રીઓ અને બાળકોના નામો પણ લખી દીધા છે જેઓ શહાદત પછી હઝરત ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ની સાથે કેદી બનાવવામાં આવ્યા.

(૮) કેદીઓના આ કાફલાને શામ લઈ જતાં જે જે મંઝિલો પરથી આ કાફલો પસાર થયો છે જે જે

સ્થળોએ રોકાયો છે તે જગ્યાઓના નામ પણ લખી દીધા છે.

(૯) તે રિવાયતો અને અહાદીસને પણ નકલ કરવામાં આવી છે જે આ વાતની સચ્ચાઈને રજૂ કરે છે કે હઝરત ઇમામ હુસૈન(અલ.)એ પોતાની તથા પોતાના સાથીઓની શહાદત અને ત્યાર પછી બનનારા તમામ બનાવોથી બરાબર વાકેફ હતા.

અત્રે આ વાત યાદ રહે કે આ વાતો બીજી કિતાબોએ પણ નકલ કરી છે. પરંતુ આ કિતાબમાં ક્રમબદ્ધ, ભાવાર્થ સાથે, વધુ સુંદર રીતે આલેખવામાં આવી છે.

ઉપરોક્ત તમામ વાતો આ કિતાબની વિશેષતાઓ છે.

૬. કિતાબનું નામ

આ વાત તરફ વાંચકોનું ધ્યાન દોરવું જરૂરી છે કે આ કિતાબનું નામ અમે કુરઆને મજીદથી લીધું છે. ખુદાવંદે આલમે પાછલા અંબિયાના અને કોમોના વાકેઆત અને હકીકતોને "કિસ્સા" કહ્યા છે. "કિસ્સા" શબ્દ અને એનાથી બનતા બીજા શબ્દો કુરઆને પાકમાં ઘણી જગ્યાએ પ્રયોજાયા છે. દૃષ્ટાંતરૂપે અલ્લાહતઆલા અસહાબે કહફના વિષયમાં ફરમાવે છે :

نَحْنُ نَقُصُّ عَلَيْكَ نَبَأَهُمْ بِالْحَقِّ

(સૂ. કહફ આ-૧૩)

અર્થાત : અમે તેમનો સાચો અહેવાલ તમને વર્ણવીએ છીએ.

આવી જ રીતે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત પાછલા નબીઓની હાલતોને "કસસ"ના રૂપે રજૂ કરે છે. અલ્લાહતઆલા સૂ. ગાફિરમાં ફરમાવે છે :

وَلَقَدْ أَرْسَلْنَا رُسُلًا مِّن قَبْلِكَ مِنْهُم مَّن قَصَصْنَا عَلَيْكَ

(સૂ. ગાફિર આ-૭૮)

અર્થાત : અને અમે આ પહેલા પૈગંબરો મોકલ્યા તેમનામાંથી કેટલાકનો અહેવાલ વર્ણવ્યો. સૂરએ નિસામાં પણ ફરમાવ્યું :

وَرُسُلًا قَدْ قَصَصْنَاهُمْ عَلَيْكَ مِن قَبْلُ

(સૂ. નિસા આ-૧૬૪)

અર્થાત : અને કેટલાક નબીઓના કિસ્સા અમે આ પહેલા વર્ણવ્યા. વળી સૂરએ હૂદમાં ફરમાવે છે :

وَكُلًّا نَّقُصُّ عَلَيْكَ مِنْ أَنبَاءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهِ فُؤَادَكَ

(સૂ. હૂદ આ-૧૨૦)

અર્થાત : અને અમે આગલા રસૂલોનો અહેવાલ વર્ણવીએ છીએ જેથી આપના દિલને મક્કમ બનાવી દઇએ. અહીં સુધી કે અલ્લાહતઆલા પોતાના પ્યારા રસુલને હુકમ આપે છે કે "લોકોની સમક્ષ કિસ્સા વર્ણવો જેથી તેઓ ચિંતન-મનન કરે"

فَاقْصُصِ الْقَصَصَ لَعَلَّهُمْ يَتَفَكَّرُونَ

(સૂ. હૂદ આ-૧૨૦)

બીજા વાકેઆત-કિસ્સાઓને પણ આ જ નામથી યાદ કરવામાં આવ્યા છે.

ذَٰلِكَ مِنْ أَنبَاءِ الْقُرَىٰ نَقُصُّهُ عَلَيْكَ مِنْهَا قَائِمٌ وَحَصِيدٌ

(સૂ. હૂદ આ-૧૦૦)

અર્થાત : (અય રસુલ !) અગાઉ થઈ ગયેલ વસ્તીઓનો આ અહેવાલ છે જે અમે આપને વર્ણવીએ છીએ. તેમાંથી કેટલીક હજી કાયમ છે અને કેટલીક ઝમીનદોસ્ત થઈ ગઈ છે.

كَذٰلِكَ نَقُصُّ عَلَيْكَ مِنْ أَنبَاءِ مَا قَدْ سَبَقَ

(સૂ. તાહા આ-૯૯)

અર્થાત : આ રીતે અમે આપને તે કિસ્સાઓ વર્ણવીએ છીએ જે આ પહેલા બની ચુકયા છે.

મતલબ પાછલી ઉમ્મતોના કિસ્સાઓ આપણી જીંદગી ઉપર એક ઊંડી છાપ છોડી જાય છે. આ રીતે જોતાં કરબલાનો કિસ્સો એક ખૂબ જ મહત્વનો બનાવ છે. ઇસ્લામી ઇતિહાસની એક ખૂબ જ દુ:ખદાયક ઘટના છે. જેના ઉપર ચિંતન-મનન કરવું જોઇએ. જેવી રીતે કે કુરઆનના વર્ણનનો મકસદ ફકત ઇલ્મ મેળવવું કે જાણકારી પ્રાપ્ત કરવું નથી. બલ્કે કુરઆને આ ઘટનાઓને પાછલી ઉમ્મતના કિસ્સાઓને અને પાછલા અંબિયાના કિસ્સાઓને તથા તમામ પ્રસંગો વર્ણવવાનો મકસદ તેના ઉપર ચિંતન-મનન કરવું છે. આ ફરમાન કે

આ ઘટનાઓને વાંચીને ચિંતન-મનન કરો કારણ કે આ અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતનું કલામ છે.

ઇસ્લામી ઇતિહાસની ખૂબ જ મહત્વની ઘટના હોવા સાથે કરબલાનો કિસ્સો ઇલાહી ઇન્કિલાબોમાંથી એક ઇન્કિલાબ પણ છે. તે દરેક વાંચકને ચિંતન કરતો કરી દે છે. એના બધા જ પાસાઓમાં કયામત સુધી આવનારી ઇન્સાનિયત માટે હિદાયતથી ભરપુર સબકો છે. કરબલાની ઘટનામાં ઇન્સાનો માટે આર્થિક, સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક તમામ ક્ષેત્રોમાં બોધપાઠ છે.

આ કિતાબમાં અમોએ ઇતિહાસના અસલ જે શ્રોતો છે. મૂળ ઉદ્ગમ સ્થાનો છે તેમાંથી જ વીણી વીણીને વાકેઆત લીધા છે. વળી અમે જે વિશ્વાસપાત્ર શ્રોતો છે ઐતિહાસિક એવા ગ્રંથો જે તમામને માન્ય છે, મોઅતબર છે તેમાંથી જ લખાણો લીધા છે. જો સામાન્ય રચનાઓથી અલગ

કોઈ વાત જોવામાં આવે તો અમારી આ વાત બીજા કોઈ મૂળ શ્રોતમાં જરૂર હશે. અમે મૂળ શ્રોતોમાંથી, ઐતિહાસિક ગ્રંથોમાંથી નકલ કરવામાં કોઈ ખયાનત (ફેરફાર, હેરાફેરી, વધઘટ) કરી નથી.

અલી નઝરી મુન્ફરિદ

પ્રકરણ : ૨ : (૧) ભૂમિકા

ઇમામ હુસૈન(અલ.) શા માટે ઊભા થયા?

જે વ્યક્તિઓએ સમગ્ર ઇન્સાનિયતને ઇતિહાસની બધી જ મંઝિલોમાં રજૂ કરી, સાથે તેમના ઉચ્ચોચ્ચ ચિંતનનો પાયો નાખ્યો, વ્યક્તિગત તથા સામૂહિક રીતે ઇલાહી હુકમો અને ઇન્સાની મૂલ્યોને ઇઝ્ઝત બક્ષી આવા લોકોમાં સય્યદુશ્શોહદા ઇમામ હુસૈન(અલ.) અગ્ર સ્થાને છે.

આપે ઇન્સાનિયતની જાહેરી અને બાતિની જીંદગીને અર્થપૂર્ણ બનાવી. જીવનનો મકસદ સમજાવ્યો. પોતાના માટે તો બધા જ જીવી જાણે છે. પરંતુ ઇન્સાનિયતના રક્ષણ માટે મોતને વહાલુ કરવું, આ પ્રકારની કુરબાની કોઈ વિરલ વ્યક્તિઓ જ આપી શકે છે. ઇન્સાનિયતના રૂહાની રસ્તાના અંધકારને નૂરે હિદાયત દ્વારા રોશન કરી દીધો.

આપે હકીકતની શોધ કરનારા હિદાયતનો રસ્તો શોધનારાઓને બશારત આપી કે ગભરાશો નહિ, અચકાશો નહિ, ડગમગાશો નહિ, પરેશાન ન થશો, અંધારી રાત પછી સૂર્ય ઊગવાનો છે, સવાર થવાની છે.

આપ એક સાચા મોઅલ્લિમ હતા, ઉસ્તાદ હતા. સાચા અર્થમાં શિક્ષક હતા. હુકમે ખુદાથી નિયુક્ત પામેલી ઇમામત પૈગંબરીનો બદલ હોય છે. આપે પોતાના નાનાજાન રસુલે ઇસ્લામ(સલ.)ના પયગામને દૃઢ અને મજબુત બનાવ્યો. ઇસ્લામને સજીવન કર્યો. જમીન પર ફસાદ ફેલાવનારા ઝાલિમની સાથે જંગ કરી. તેના ઝુલ્મો સિતમને ઉઘાડો કર્યો. ઈમાન અને ઇન્સાફના મકતબની બુનિયાદ નાખી. દુનિયાએ જોઈ લીધું કે ઝાલિમ કોણ છે અને મઝલુમ કોણ છે. વીરતાનું એક એવું ઉદાહરણ પુરૂં પાડયું કે વિશ્વ આજદિન

સુધી વીરતાનું આવું ઉદાહરણ પેશ કરી શક્યું નથી. આપે નાના ના દીનને બચાવી લીધો. અસત્ય અને ઇસ્લામને બે અલગ ભાગોમાં એવી રીતે છુટા પાડી દીધા કે કરબલાથી આજદિન સુધી અસત્ય કદી ઇસ્લામમાં ભળી શકશે નહિ. સોનાને જ્યારે ગરમી આપવામાં આવે પછી એમાંથી બધો જ કચરો નીકળી જાય, મિલાવટ છુટી પડી જાય. શુદ્ધ સોનું બહાર આવે એ જ રીતે કરબલા પછી ઇસ્લામ સોનાની જેમ શુદ્ધ થઈને બહાર આપ્યો. જે લોકો ત્યારે પણ ઇમામના પક્ષે હતા, તેઓ હક પર હતા અને આજે પણ ઇમામના પક્ષે છે, તેઓ હક પર છે. તે સિવાયના લોકો પાસે કાં તો સત્ય અસત્યનું મિશ્રણ છે અથવા આમ કહો કે અર્ધસત્ય છે.

આપ પોતાના આ ઇન્કિલાબથી કોઈ દુન્યવી ફાયદો કે રાજકીય ફાયદો ઉઠાવવા માંગતા ન હતા. માદ્દીયત કે ભૌતિકતા રાજકારણ તો

આપના શુદ્ધ ચારિત્ર્યની પાસે ફરકી પણ શકે નહિ. આપનું મિશન તો ફકત આ જ હતું કે ફસાદના ઉદ્ગમ સ્થાનને નાબુદ કરવું. ઝુલ્મો સિતમને નાબુદ કરવું, ઈમાન અને અદ્લની બુનિયાદ નાખીને ઇન્સાનોને ખુશહાલ બનાવવા.

આપ એટલા માટે ઊભા થયા હતા કે ઇન્સાનોને સિરાતે મુસ્તકીમના રસ્તા ઉપર લાવે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના ફરીઝાને અદા કરીને અલ્લાહની હુકૂમતની બોલબાલા કરવી.(મિસબાહુલ મુત્તહિદ પેજ-૫૫૧, ઝિયારતે અરબઇન)

આપના ધ્યેયની પવિત્રતા અને નિય્યતમાં નિ:સ્વાર્થતાએ કોમોને જીંદગી બક્ષી છે. ઇન્સાનિયત આપને કદી ભૂલી શકે નહિ કે આપ તમામ ખૂબીઓનો નમૂનો છે.

અર્થાત : હું ઝુલ્મ અને ફસાદ કે આનંદ પ્રમોદ માટે નથી નીકળ્યો. ન તો મારે મોટા માણસ બનવું છે. બલકે હું મારા જદ્દની ઉમ્મતની ઇસ્લાહ માટે નીકળ્યો છું અને અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર ઉપર અમલ કરવા ઇચ્છું છું. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૨૯)

ઇમામ હુસૈન(અલ.) ઇતિહાસના આ ઘણાં જ મહત્વના વળાંક ઉપર ઇસ્લામના પ્રમાણિત સિદ્ધાંતોને પાયમાલ થતા, બિદઅતોના ફેલાતાં અને વધતા ઉપદ્રવોને જોઈ શકતા ન હતા. કારણ કે આપ ખુદાઈ નુમાઇન્દહ હતા આ હેસીયતથી આ યોગ્યતાના કારણે આપ પોતાની જાતને બની ઉમય્યાની બેદીનીનો મુકાબલો કરવાના ઝિમ્મેદાર સમજતા હતા. જેથી સંપુર્ણ શક્તિ સાથે આપ તે ઝાલિમો,ઉપદ્રવીઓ, શીર્ક અને કુફ્રના અલમબરદારોની સામે આવી ગયા. આ સંપુર્ણ

ફસાદની જડ-મૂળ અબુ સુફિયાનની અવલાદ હતી. આ ઇસ્લામી ઇન્કિલાબની જમીન આપના વાલિદ હઝરત અલી(અલ.)એ અને આપના ભાઈ હઝરત ઇમામ હસન(અલ.)એ ઘણાં જ મુશ્કેલ અને લાંબા સમયમાં હમવાર કરી હતી. ઇમામ અલી(અલ.) અને ઇમામ હસન(અલ.)એ ઇન્કિલાબના રસ્તાને દુરસ્ત કર્યો હતો. જમીનને હમવાર કરી હતી.

હમવાર કરવું : ખેડુત ખેતરમાં બીજ નાખતા અગાઉ જમીન સાફસુફ કરે છે. કાંટા-ઝાંખરાં સાફ કરે છે. ખાડા ટેકરા સરખા કરે છે. જમીનને તળે ઉપર કરે છે. હળ કે ટ્રેકટર ચલાવી જમીનને પોચી પાણી શોષી શકે એવી બનાવે છે. પછી બીજ વાવણી કરે છે. તેને હમવાર કરવું કહે છે. તૈયાર કરવું.

ઇબ્ને અબિલ હદીદ લખે છે કે ઇમામ હુસૈન(અલ.) એક એવા ઇન્સાન છે કે જેમણે

ઝિલ્લત અને રૂસ્વાઈને પોતાની નજીક પણ ફરકવા દીધી નથી. આપ તથા આપના સાથીઓને રક્ષણ આપી પોતાના પક્ષમાં લેવાની ભરપુર કોશીષ કરવામાં આવી. પરંતુ આપના એકપણ સાથીએ આ વાતને કબુલ ન કરી.

(શરહ નહજુલ બલાગાહ ઇબ્ને અબિલહદીદ ભાગ-૩ પેજ-૨૪૯)

ઇમામ હુસૈન(અલ.) એક એવી શખ્સીયત છે કે જેમની આજે સદીઓ વીતી ગયા પછી પણ સમગ્ર વિશ્વ યાદ કરે છે. બલકે વિશ્વના ઇન્સાનોના દીલોમાં આપની મોહબ્બત દરિયાના મોજાઓની જેમ ઉછાળા મારી રહી છે. વિશ્વના ઇન્સાનોની ઝબાનો ઉપર આપનો ઝિક્ર ચાલુ છે. ગર્વથી ભરપુર આપની તેહરીક વિશ્વની તમામ કોમો માટે એક સબક છે. આપની શહાદતનું ખૂન ઇસ્લામ અને કુરઆનના પેજો ઉપર ઉત્તેજિત લાલીમાની જેમ

ચમકી રહ્યું છે. આપના અહલેબયતની અસીરી (કેદ કરવું) દુશ્મનોની ઝિલ્લતનું કારણ બની છે. આપની શહાદત વિશ્વને આશ્ચર્યચકિત કરી દે એવી બાબત હતી કે આપના નાનાજાનને નબી માનનારા તેમના ઉપર ઈમાન લાવ્યાનો દાવો કરનારા લોકોએ પોતાના નબીના સગા નવાસાને તેમના સમગ્ર કુટુંબને નબીની વફાતના ફકત પચાસ વર્ષ પછી ત્રણ દિવસ ભૂખ અને પ્યાસથી રિબાવીને શહીદ કરી નાખ્યું. વિશ્વ માટે આ ઘટના એક આશ્ચર્ય પમાડે એવી હતી. વળી આપના સબર અને બહાદુરીથી અલ્લાહના ફરિશ્તા પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

قَدْ عَجِبَتْ مِنْ صَبْرِكَ كَمَلَائِكَةُ السَّمٰوٰتِ

ઝિયારતે નાહિયા મુકદ્દસા.

રસુલુલ્લાહ(સલ.)ના કાકા અબ્બાસની પત્ની ઉમ્મે ફઝ્લ કહે છે કે મેં ખ્વાબમાં જોયું કે જાણે રસુલુલ્લાહના શરીરનો એક ટુકડો છૂટો કરીને મારી ગોદમાં મૂકી દીધો છે. જ્યારે હું ઊંઘમાંથી જાગી ત્યારે મને આ બાબતનો ડર પેદા થયો કે આ સ્વપ્નનું શું રહસ્ય હશે ? પછી હું પૈગંબરે ઇસ્લામ(સલ.)ની સેવામાં આવી. આપને ખ્વાબ વર્ણવ્યું. ફરમાવ્યું : ઘણું જ સારૂં ખ્વાબ છે. ઇન્શાઅલ્લાહ ફાતેમાના પેટથી નજીકમાં જ એક બાળક પેદા થશે. જે તમારી ગોદમાં પરવરિશ પામશે. થોડાક જ દિવસો વીત્યા હશે ને ઇમામ હુસૈન(અલ.) પેદા થયા. રસૂલુલ્લાહ(સલ.)ની ભવિષ્યવાણી અક્ષરસ : સાચી પડી. ઇમામ હુસૈન(અલ.) ઉમ્મે ફઝ્લ (લુબાબા)ની ગોદમાં તરબીયત પામ્યા.

આ હારિસ બિન હુઝ્ન હિલાલીની દીકરી લુબાબા છે. તેમની બહેન મયમુના પૈગંબરે ઇસ્લામના નિકાહમાં હતાં. હઝરત ખદીજા પછી રસુલુલ્લાહ(સલ.)ની ઉપર ઈમાન લાવનાર આ બીજી સ્ત્રી છે. અબ્બાસથી તેમને સાત બાળકો હતાં. ફઝલ, અબ્દુલ્લાહ, ઉબૈદુલ્લાહ, મુઅ્બદ, કસમ, અબ્દુર્રહમાન અને એક દીકરી ઉમ્મે હબીબા છે. (અલ ઇસ્તેઆબ ભાગ-૪ પેજ-૧૯૦૭)

(૨) રસુલુલ્લાહ(સલ.) અને વિલાદતે હુસૈન(અલ.)

જ્યારે હુઝૂરે પાક(સલ.)ને ઇમામ હુસૈન(અલ.)ની વિલાદતના (જન્મના) સમાચાર મળ્યા ત્યારે જનાબ ફાતેમા(સલા.)ના ઘરે તશરીફ લઈ ગયા. રંજો-ગમની નિશાનીઓ આપના ચહેરા ઉપર દેખાતી હતી. ધીમા અવાજે ફરમાવ્યું "અય અસમા ! જરા મારા દીકરાને લાવો તો." અસમાએ સફેદ કપડામાં લપેટીને બાળક રસુલને આપ્યું. આપે બાળકને ખોળામાં લીધું, ચુમ્યુ પછી રડવા લાગ્યા. અસમા આપની આ હાલત જોઈને પરેશાન થઈ ગઈ. વિનંતી કરી. યા રસુલલ્લાહ ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન આપના રડવાનો શું મતલબ છે ?

રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : હું મારા આ દીકરા માટે રડી રહ્યો છું. અસમા આપ(સલ.)ની આ હાલત જોઈને પરેશાન થઈ ગઈ. વિનંતી કરી. યા રસૂલલ્લાહ ! મારા મા-બાપ આપ ઉપર કુરબાન આપના રડવાનું કારણ શું છે? રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : હું મારા આ દીકરાના કારણે રડી રહ્યો છું. આ સાંભળી અસમા વધારે પરેશાન થયાં. અરજ કરી કે આ બાળક તો હજી હમણાં જ પેદા થયું છે. રસૂલે ખુદા(સલ.)એ ફરમાવ્યું :

تَقْتُلُهَا الْفِئَةُ الْبَاغِيَةُ مِنْ بَعْدِي لَا أَنَالَهُمُ اللّٰهُ شَفَاعَتِي

એમને ઝાલિમ અને વિદ્રોહી લોકો શહીદ કરશે. અલ્લાહ તેઓને મારી શફાઅત નસીબ નહી કરે.

ત્યાર પછી આપ(સલ.) પોતાની જગ્યાએથી ઊભા થયા. ધીમા અને દુ:ખી અવાજથી અસમાને

ફરમાવ્યું : આ વાતની જાણ ફાતેમાને ન કરશો. કારણ કે હજી હમણાં જ આ બાળક પેદા થયું છે.

હયાત ઇમામ હુસૈન(અલ.) ભાગ-૧ પેજ-૨૭ અને શૈખ સુદ્દક(અ.ર.)ની અમાલીની ૨૫મી મજલિસમાં હદીસ ૫ માં છે કે રસુલુલ્લાહ(સલ.)એ હઝરત ઇમામ હુસૈન(અલ.)ને જન્મ પછી સફિય્યા બિન્તે અબ્દુલ મુત્તલિબને આપ્યા. જો કે આપ(સલ.)ની આંખોમાંથી આંસુ જારી હતા. આપ ફરમાવી રહ્યા હતા : અલ્લાહ લઅનત કરે તે ટોળા ઉપર જે તને કતલ કરશે. આ વાક્ય રસુલુલ્લાહ(સલ.)એ ત્રણ વખત ફરમાવ્યું. ત્યારે સફિય્યાએ અરજ કરી. મારા મા-બાપ આપ ઉપર કુરબાન તેમને કોણ કતલ કરશે ? તો ફરમાવ્યું :

تَقْتُلُهَا الْفِئَةُ الْبَاغِيَةُ مِنْ بَعْدِي لَا اَنَالَهُمُ اللّٰهُ شَفَاعَتِي

(૩) નામ મુબારક

ઇમામ હુસૈન(અલ.) પેદા થયા તો રસુલુલ્લાહ(સલ.)એ તેમને પોતાની ગોદમાં લીધા. જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં ઇકામત પઢી.(કશકુલ ગમ્મા ભાગ-૨ પેજ-૩,૪)

પછી આપના હુકમથી તેમનું નામ હુસૈન રાખવામાં આવ્યું.(કશકુલ ગમ્મા ભાગ-૨ પેજ-૪)

ઇતિહાસકારો લખે છે કે જમાનએ જાહિલિય્યતમાં અરબો હસન અને હુસૈન જેવા નામો જાણતા ન હતા. આ બંને નામો બીલકુલ નવા હતા. આ બંને નામો અલ્લાહના તરફથી વહ્ય કરવામાં આવ્યા હતા. જે ફાતેમા(સલા.)ના દીકરાઓના નામ રાખવામાં આવ્યા.

(કશકુલ ગમ્મા ભાગ-૨ પેજ-૧૩)

સુયુતીએ લખ્યું છે કે હસન અને હુસૈન જન્નતના નામોમાંથી બે નામો છે. અરબો પોતાના બાળકોના આવા નામ રાખતા ન હતા.

સુન્નતે ઇસ્લામીની બુનિયાદ પર આપ(અલ.)એ વિલાદતના સાતમા દિવસે બે ઘેટા ઝબહ કરીને અકીકો કર્યો. તેમાંથી થોડુંક ગોશ્ત દાઈને આપ્યું. પછી હુસૈન(અલ.)ના માથાના વાળ બરાબર ચાંદી સદકામાં આપી. હઝરત ઇમામ હુસૈન(અલ.)ના માથા ઉપર કોઈક ખુશ્બોદાર તેલની માલિશ કરી.

(૪) ફઝીલત

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અલ.)થી નકલ છે કે આપે ફરમાવ્યું :

હસન માથાથી છાતી સુધી રસુલુલ્લાહ(સલ.)ને મળતા આવતા હતા. મતલબ રસુલ(સલ.)ના જેવા જ હતા. જ્યારે હુસૈન છાતીથી પગ સુધી રસુલુલ્લાહ(સલ.)ના જેવા હતા. આ રીતે બંને નવાસાઓએ પોતાના નાનાની મુખાકૃતિ અને શરીર મુબારકને સરખાપણામાં આપસમાં વહેંચી લીધી હતી. (તારીખુલ ખોલફા, પેજ-૧૮૮)

અબુ રાફેઅ કહે છે કે જનાબ ફાતેમા(સલા.) રસુલુલ્લાહ(સલ.)ની ખિદમતમાં હાજર થયા, વિનંતી કરી આ હસન, હુસૈન આપના દીકરા છે. એમને કંઈક આપો. રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : હું મારૂં હિલ્મ (ક્ષમા સહિષ્ણુતા) અને હુલિયો

(દેખાવ) હસનને અને મારી બહાદુરી હુસૈનને આપું છું.

ફાતેમાએ અરજ કરી "અય અલ્લાહના રસુલ ! હું આપની આપેલી ચીજોથી ખુશ છું." (મુખ્તસર તારીખ ઇબ્ને અસાકિર ભાગ-૭ પેજ-૧૧૮)

(૫) આપનું વ્યક્તિત્વ કુરઆનના પ્રકાશમાં

દરેક વ્યક્તિના વ્યક્તિત્વનું માપદંડ તેની વિશેષતાઓ છે. જે વ્યક્તિમાં નીચેની વિશેષતાઓ સ્પષ્ટ રીતે ઝળહળતી હોય તેના વ્યક્તિત્વનું તો પુછવું જ શું. જેમનામાં ઇલ્મ, ઈમાન, જેહાદ, બહાદુરી, ત્યાગભાવના, અડગતા, પાકીઝગી, નિ:સ્વાર્થતા, સંયમ વગેરે ગુણો ઉચ્ચતમ દરજ્જામાં હોય તેના વ્યક્તિત્વમાં કોઈ ક્ષતિ જ ન હોય. શક્ય છે કે આ વિશેષતાઓમાંથી અમુક કોઈનામાં હોય પરંતુ આ બધી વિશેષતાઓ એક સાથે ગૈરમાસુમમાં એકત્ર થવું નામુમકીન છે, અશક્ય છે. ઇમામ સમાજનો રહેબર હોય છે. તેમના આચાર અને વિચાર બંનેમાં લોકો તેની તાબેદારી કરે છે. જેથી માસુમ રહેબરમાં આ વિશેષતાઓ પોતાની પૂર્ણ કક્ષાએ હોવી જોઈએ.

સૈયદુશ્શોહદાના કમાલ દરજ્જાના ગુણો અને આપના અખ્લાક, આપની ફઝીલતો ખાસ અને સામાન્ય બંને પ્રકારના લોકોની જીભ ઉપર હતા. અમે અહીં આ ઉચ્ચોચ્ચ વ્યક્તિત્વની થોડીક તારીફ અમારી કમજોર કલમથી રજૂ કરીએ છીએ.

કુરઆન મજીદમાં ઘણીબધી આયતો જે નિર્દેશ કરે છે. જેનું અર્થઘટન, ઇશારો ખાનદાને રસુલના વિષયમાં છે અમે તેમનામાંથી થોડીક વાતો રજૂ કરવા ઇચ્છીએ છીએ.

(૧) આયતે મવદ્દત :

قُلْ لَّآ أَسْأَلُكُمْ عَلَيْهِ أَجْرًا إِلَّا الْمَوَدَّةَ فِي الْقُرْبَىٰ

(સૂ. શૂરા આ-૨૩)

અર્થાત : (અય રસૂલ સલ.) આપ કહી દો કે હું તમારી પાસે (રિસાલતના પ્રચાર માટે) મારા

રિશ્તેદારો સાથે મોહબ્બત સિવાય કોઇ મહેનતાણું નથી માંગતો.

ઇબ્ને અબ્બાસ કહે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે અમે પુછ્યું અય અલ્લાહના રસૂલ ! આપના નજીકના સગાં કોણ છે. જેની મોહબ્બત અમારા ઉપર વાજીબ કરવામાં આવી છે? રસૂલે ઇસ્લામે ફરમાવ્યું : અલી, ફાતેમા અને તેમના બે દીકરા. (ઉમદહ ઇબ્નુત તરીક પેજ-૫૦)

(૨) આયતે તત્હીર

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

(સૂ. અહઝાબ આ-૩૩)

અર્થાત : (અય અહલેબયતે રસૂલ) બેશક અલ્લાહે ઇરાદો કર્યો છે કે તમારાથી દરેક પ્રકારની

નજાસતોને દૂર રાખે અને તમને પાક રાખે, જેવો કે પાક રાખવાનો હક છે.

આયશાનું વર્ણન છે કે એક દિવસ રસૂલે અકરમ(સલ.) સવારના સમયે યમની ચદર ઓઢીને બહાર તશરીફ લાવ્યા. આ દરમ્યાન હસન, હુસૈન, અને ફાતેમા, અલી થોડા થોડા સમયાંતરે રસૂલુલ્લાહ(સલ.)ની સેવામાં હાજર થયાં. રસુલુલ્લાહે પણ એ જ પ્રમાણે દરેકને યમની ચાદર ઓઢાડતા ગયા પછી ફરમાવ્યું:

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

(સૂ. અહઝાબ આ-૩૩)

- સહી મુસ્હીમ ભાગ-૭ પેજ-૧૩૦

બીજી રિવાયતમાં છે કે એક બાપ અને દીકરો આયશા પાસે આવ્યા અને તેમણે હઝરત અલી(અલ.)ના વિષયમાં પ્રશ્ન કર્યો. આયશાએ કહ્યું

કે તમે તે મરદના વિષયમાં પુછી રહ્યા છો જે રસુલુલ્લાહની દૃષ્ટિમાં સૌથી વધારે પ્યારા છે અને તેમની દીકરી ફાતેમા તેમની ઝવજા (પત્ની) છે. મેં સ્વયં મારી આંખોથી જોયું છે કે રસુલુલ્લાહ(સલ.)એ અલી, ફાતેમા, હસન અને હુસૈનને બોલાવ્યા પછી તેમના ઉપર એક ચાદર નાખીને ફરમાવ્યું : اَللّٰهُمَّ هٰؤُلاءِ اَهْلُ بَيْتِيْ فَاَذْهِبْ عَنْهُمُ الرِّجْسَ وَطَهِّرْهُمْ تَطْهِيْرًا અય અલ્લાહ ! આ જ મારા અહલેબયત છે. તેમનાથી નાપાકીને-પલીદીને દૂર રાખ અને પાક-પાકીઝા રાખ. હું તેમની નજીક ગઈ અને વિનંતી કરી. અય અલ્લાહના રસૂલ ! હું પણ તો આપના અહલેબયતમાંથી છું. ફરમાવ્યું : તમે અહીંથી ઊઠી, ચાલ્યા જાવ. (મુખ્તસર તફસીર ઇબ્ને અસીર, ભાગ-૩, પેજ-૭૪)

(૩) આયએ મુબાહેલા :

فَمَنْ حَآجَّكَ فِيهِ مِنۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ أَبْنَآءَنَا وَأَبْنَآءَكُمْ وَنِسَآءَنَا وَنِسَآءَكُمْ وَأَنفُسَنَا وَأَنفُسَكُمْ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَل لَّعْنَتَ اللَّهِ عَلَى الْكَاذِبِينَ

(સૂ. આલે ઇમરાન આ-૬૧)

અર્થાત : ઇલ્મ આવી ગયા પછી પણ જો કોઇ તારી સાથે વાદવિવાદ કરે તો આપ કહી દો અમે અમારા દીકરાઓને બોલાવીએ છીએ અને તમે તમારા દીકરાઓને, અમે અમારી સ્ત્રીઓને બોલાવીએ તમે તમારી સ્ત્રીઓને, અને અમે અમારા નફ્સોને બોલાવીએ તમે તમારા નફ્સોને બોલાવો, પછી મુબાહેલા કરીએ (અલ્લાહ પાસે કરગરીને દુઆ કરીએ.) અને જુઠ્ઠાઓ પર અલ્લાહની લઅનત કરીએ.

જે આયતોના વિષયમાં મુસલમાનોમાં આ એકતા છે, ઇત્તેફાક છે, સહમતિ છે કે તે આયતો સૈયદુશ્શોહદાની ફઝીલત માટે નાઝિલ થઈ છે તેમાંની એક આયતે મુબાહેલા પણ છે. હઝરાતે અહલેસુન્નતની અનેક તફસીરોમાં અને મોહદ્દિસો તથા ઇતિહાસકારોની કિતાબોમાં લખ્યું છે કે નજરાનના નસારાની સાથે મુબાહેલામાં રસુલુલ્લાહની સાથે જે પાક પાકીઝા વ્યક્તિઓએ ભાગ લીધો હતો તેઓ અલી, ફાતેમા, હસન અને હુસૈન અલયહેમુસ્સલાતો વસ્સલામ હતા. (તફસીર ફખ્રૂદ્દીન રાઝી, ભાગ-૨, પેજ-૮૦ / મુખ્તસર તફસીર ઇબ્ને કસીર, ભાગ-૧, પેજ-૨૮૯)

ઉપરોક્ત બાબત આ વાતની સ્પષ્ટ સાબિતી છે કે તેઓ અલ્લાહ અને તેના રસુલની દૃષ્ટિમાં સૌથી વધારે મેહબુબ હતા. આયએ મુબાહેલા ખુદાથી તેઓની ખાસ નિકટતા, પ્યાર અને દરજ્જાને સ્પષ્ટ રીતે બતાવે છે. જેથી ઇમામ હુસૈન બિન અલી(અલ.)ના માટે આ ફઝીલત પૂરતી છે.

(૬) આપ અલયહિસ્સલામની ફઝીલત રિવાયતોના પ્રકાશમાં

(૧) રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું :

اَلْحَسَنُ وَالْحُسَيْنُ سَيِّدَا شَبَابِ اَهْلِ الْجَنَّةِ

ઇમામ હસન અને ઇમામ હુસૈન(અલ.) જન્નતના જુવાનોના સરદાર છે.

(તબકાત ઇબ્ને સઅદ તરજુમા ઇમામ હુસૈન પેજ-૨૮)

(૨) બીજી રિવાયતમાં છે કે આપ(સલ.) કેટલાક અસહાબ સાથે ક્યાંક મહેમાનીમાં જઈ રહ્યા હતા. પૈગંબરે ઇસ્લામ આગળ આગળ ચાલતા હતા. એટલામાં આપે ઇમામ હુસૈન(અલ.)ને જોયા તો પકડવા ઇચ્છયું પરંતુ ઇમામ હુસૈન બાળક હતા. પકડાતા ન હતા. રસૂલુલ્લાહ(સલ.) પકડવા જતા તો ઇમામ હુસૈન(અલ.) આમ તેમ ભાગતા. છેવટે

પૈગંબરે ઇસ્લામ(સલ.)એ ઇમામ હુસૈન(અલ.)ને પકડી લીધા પછી પોતાનો એક હાથ માથાના પાછળના ભાગે અને એક હાથ દાઢી નીચે રાખી ઇમામ હુસૈન(અલ.)ના મુબારક ચહેરાને ઊંચો કરી તેમના હોઠો ઉપર બોસો લીધો. પછી ફરમાવ્યું :

حُسَيْنٌ مِّنِّيْ وَاَنَا مِنْهُ اَحِبَّ اللّٰهُمَّ مَنْ اَحَبَّ حُسَيْنًا

"હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અય અલ્લાહ ! જે તેમને દોસ્ત રાખે તેમને તું દોસ્ત રાખ."

દોસ્ત રાખવાથી મતલબ જે તેમની સાથે મોહબ્બત રાખે તેમની સાથે તુ મોહબ્બત રાખ. (તબકાત ઇબ્ને સઅદ તરજુમા ઇમામ હુસૈન પેજ-૨૭)

(૩) રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું :

مَنْ اَحَبَّ الْحَسَنَ وَالْحُسَيْنَ فَقَدْ اَحَبَّنِيْ وَمَنْ اَبْغَضَهُمَا فَقَدْ اَبْغَضَنِيْ

જે વ્યક્તિ હસન અને હુસૈનને દોસ્ત રાખે છે તે મને દોસ્ત રાખે છે અને જે તેમનો દુશ્મન છે તે મારો દુશ્મન છે.

(તબકાત ઇબ્ને સઅદ તરજુમા ઇમામ હુસૈન પેજ-૨૬)

(૪) રાવી કહે છે કે હું રસૂલુલ્લાહ(સલ.)ની ખિદમતમાં હાજર થયો. જોયું તો ઇમામ હસન અને ઇમામ હુસૈન અલયહેમુસ્સલામ આપના ખભા ઉપર સવાર છે. મેં વિનંતી કરી યા રસુલલ્લાહ ! શું આપ આ બંને નવાસાઓથી આટલી બધી મોહબ્બત કરો છો ? ફરમાવ્યું કે કેમ મોહબ્બત ન કરૂં ? આ બંને ફરઝંદો દુનિયાના બાગમાંથી મારા બે ફૂલો છે. (કન્ઝુલ ઉમ્માલ ભાગ-૧૩, પેજ-૬૭૧)

(૫) બીજી રિવાયતોમાં છે કે લોકોમાં એક બીજાની શ્રેષ્ઠતાના વિષયમાં વિરોધાભાસ પેદા થઈ ગયો. કજિયાનો ફેંસલો કરવા માટે તેમાંનો એક વ્યક્તિ

મદીના ગયો. મદીના જઈ તેણે હુઝૈફા યમાની સાથે મુલાકાત કરી. તેમની સાથે આ બાબત ચર્ચા કરી. હુઝૈફાએ જવાબ આપ્યો. તમે ઇલ્મ અને આગાહી રાખવાવાળાથી પ્રશ્ન કર્યો છે. હું તમારી સમક્ષ તે ઘટનાનું વર્ણન કરૂં છું જે ઘટનાને મેં મારી આંખો વડે જોઈ છે, મારા કાનો વડે સાંભળી છે. જેને મેં બરાબર યાદ પણ રાખી લીધી છે. જે આ પ્રમાણે છે.

એક દિવસ રસુલુલ્લાહ(સલ.) ઘરમાંથી બહાર તશરીફ લાવ્યા. મેં આપ(સલ.)ને બીલકુલ એ જ રીતે જોયા જે રીતે આપને જોઈ રહ્યો છું. મેં જોયું કે પૈગંબરે ઇસ્લામે હુસૈનને પોતાના હાથ ઉપર સવાર કર્યા છે. રસૂલુલ્લાહ(સલ.)એ પોતાના બંને હાથ હુસૈનના પગની નીચે રાખેલા છે. પછી તેમને પોતાની છાતી સાથે લગાવીને દબાવી રહ્યા છે. આપ(સલ.)એ મને જોયો તો મને ઉદ્દેશીને ફરમાવ્યું

: જો મારા પછી તમે બેહતરીન વ્યક્તિના વિષયમાં ઇખ્તિલાફ કર્યો તો સમજી લો કે હું તમને તેની ઓળખ કરાવી રહ્યો છું.

આ હુસૈન બિન અલી દાદા અને દાદી, નાના અને નાનીની દૃષ્ટિએ તમામ ઇન્સાનોથી બેહતર છે. કારણ કે એમના નાના સૈયદુલ અંબિયા રસુલુલ્લાહ(સલ.) છે અને તેમના નાની અલ્લાહ અને તેમના રસુલ પર ઇમાન લાવનારા અવ્વલીન સ્ત્રી ખદીજા બિન્તે ખુવૈલદ છે.

ઇમામ હુસૈન(અલ.)ના દાદા હઝરત અબુતાલિબ(અલ.) અને દાદી જનાબે ફાતેમા બિન્તે અસદ(સલા.) છે. જનાબે અબુતાલિબ(અલ.) પૈગંબરે ઇસ્લામનું પાલન પોષણ કરનાર, આપની હિફાઝત કરનાર છે. આપ મોમિને કુરૈશ છે અને એટલો જ ઉચ્ચ દરજ્જો જનાબ ફાતેમા બિન્તે અસદનો પણ છે. જુઓ અમારી કિતાબ "મોમિને

કુરૈશ અબુતાલિબ(અલ.)" રસુલુલ્લાહ(સલ.) પછી ખિલાફત અંગેના ઝઘડાએ ગંદા રાજકારણનું રૂપ પકડી લીધું અને જુઠ્ઠી હદીસો ઘડીને આ બુઝુર્ગોના દરજ્જાને ઘટાડવાની ભરપુર કોશીષો કરી છે.

આ હુસૈન બિન અલી છે. તેઓ બાપ અને માની દૃષ્ટિએ સૌથી અફઝલ છે. કારણ કે એમના બાપ અલી બિન અબીતાલિબ(અલ.) છે. જેઓ રસુલુલ્લાહ(સલ.)ના ભાઈ છે અને આપના વસી છે, જાનશીન છે. જેઓ પુરૂષોમાં સૌપ્રથમ ઈમાન લાવનારા છે અને તેમની વાલિદહ(મા) તમામ સ્ત્રીઓની સરદાર છે.

આ હુસૈન બિન અલી કાકા અને ફોઈની દૃષ્ટિએ પણ સૌથી અફઝલ છે. કારણ કે જન્નતમાં બે પાંખવાળા જાફર બિન અલી એમના કાકા છે અને મોમિને કુરૈશ અબુતાલિબ(અલ.)ની દીકરી ઉમ્મે હાની એમના ફોઈ છે.

ત્યાર પછી તેમને પોતાના હાથો પરથી નીચે ઊતાર્યા પછી ફરમાવ્યું "અય લોકો આ હુસૈન બિન અલી છે. તેમના નાના, નાની, દાદા, દાદી, મા, બાપ અને કાકા, ફોઈ જન્નતી છે. તેઓ પોતે અને આપના ભાઈ પણ જન્નતમાં જશે. જે ઇમામ હુસૈન(અલ.)ને આપવામાં આવ્યું છે તે અંબિયાની અવલાદમાંથી યુસુફ બિન યાકુબ સિવાય કોઇને આપવામાં નથી આવ્યું." (ટૂંકી તારીખ ઇબ્ને અસાકિર, ભાગ-૭, પેજ-૨૨૮)

(૭) શહાદત અંગે ભવિષ્યવાણી

(૧) રસૂલે ઇસ્લામ(સલ.) ઉમ્મે સલમાના ઘરે હતા. ઉમ્મે સલમાને ફરમાવ્યું : કોઈને પણ મારી પાસે આવવાની છૂટ આપશો નહિ. તે જ સમયે હુસૈન(અલ.) આવી ગયા. જેઓ તે જમાનામાં બાળક હતા. ઉમ્મે સલમા તેમને રસુલુલ્લાહની પાસે જતાં ન રોકી શક્યા. જેથી હુસૈન(અલ.) હુજરામાં દાખલ થઈ ગયા. ઉમ્મે સલમા પણ હુસૈનની પાછળ પાછળ તેમને રોકવા માટે હુજરામાં દાખલ થઈ ગયાં. જોયું તો હુસૈન રસુલુલ્લાહ(સલ.)ની છાતી ઉપર સૂતા છે અને રસુલે ખુદાના હાથમાં કંઈક ચીજ છે અને આપ(સલ.) રડી રહ્યા છે.

પૈગંબરે ઇસ્લામે ઉમ્મે સલમાને જોયા તો તેમના તરફ મોં કરીને ફરમાવ્યું : અય ઉમ્મે

સલમા ! જિબ્રઈલે હમણાં જ મને આ ખબર આપી છે કે મારા દીકરા હુસૈનને કતલ કરવામાં આવશે. પછી જે માટી આપ(સલ.)ના હાથમાં હતી તે ઉમ્મે સલમાને આપી અને ફરમાવ્યું. આને પોતાની પાસે હિફાઝતથી રાખો. જે દિવસે તમે આ જુઓ કે માટી લોહી બની ગઇ છે તે દિવસે સમજી લેશો કે હુસૈન કતલ થઈ ગયા છે.

ઉમ્મે સલમાએ વિનંતી કરી અય અલ્લાહના રસૂલ ! અલ્લાહથી દરખાસ્ત કરો કે તેમને કતલ થવાથી બચાવી લે. રસૂલે ઇસ્લામે ફરમાવ્યું મેં દરખાસ્ત કરી હતી, પરંતુ વહી નાઝિલ થઈ કે હુસૈનના માટે એક દરજ્જો છે. જે દરજ્જે આદમીઓમાંથી કોઈ પહોંચી શકશે નહિ. તેઓ પોતાના શીઆઓની શફાઅત કરશે. ઇમામ મેહદી(અલ.) તેમની અવલાદમાંથી થશે. ખુશનસીબ છે તે લોકો જેઓ હુસૈનના શીઆ છે.

ખુદાની કસમ ! તેમના શીઆઓ કયામતના દિવસે નજાત પામવાવાળા હશે.

અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ નં. ૨૧૬ ઉપર ઘણાં જ થોડા ફેરફાર સાથે ઉમ્મે સલમાથી આ રિવાયત નકલ છે. તે સિવાય પણ મુસલમાનોની ઘણીબધી કિતાબોમાં આ રિવાયત જોવા મળે છે. ઇમામ શૈખ સુદૂક(અ.ર.)ની મજલિસ ૨૯ હદીસ નં. ૩.

શીઆ(**شيعه**)એટલે કે ગિરોહ, ટોળું, મદદગાર, દોસ્ત, મુસલમાનોમાંથી તે લોકો જેઓ હઝરત અલી(અલ.)ને જ ખિલાફતના અધિકારી માને છે. બાર ઇમામોને માનનારા મઝહબે ઇમામિયાના અનુયાયી. કુરઆન શરીફમાં પણ આ શબ્દ (**شيعه**) આ જ રીતે લખાઈને આવ્યો છે.

નૂહના શીઆ, ઇબ્રાહીમના શીઆ. (ફીરોઝુલ લુગાતમાંથી)

(૨) અબ્દુલ્લાહ બિન યહ્યાએ પોતાના વાલિદથી નકલ કર્યું છે કે અમે હઝરત અલી(અલ.)ની સાથે સિફ્ફીનની તરફ જઈ રહ્યા હતા. જ્યારે નૈનવા પાસે પહોંચ્યા ત્યારે હઝરતે ફરમાવ્યું : અય અબુ અબ્દુલ્લાહ સબર કરો ! અય અબુ અબ્દુલ્લાહ ! ફુરાતના કિનારા પર સબર કરજો. મેં વિનંતી કરી યા અમીરૂલ મોઅમેનીન ! આપના કહેવાનો શું મતલબ છે ? ફરમાવ્યું : એક દિવસ હું રસુલુલ્લાહ(સલ.)ની સેવામાં હાજર હતો. જોયું તો આપ(સલ.) રડી રહ્યા હતા અને ફરમાવ્યું જિબ્રઈલ હજી હમણાં જ અહીયાં હતા. તેમણે મને બતાવ્યું કે હુસૈન(અલ.) ફુરાતના કિનારે કતલ કરવામાં આવશે. ત્યાર પછી ફરમાવ્યું શું તમે તેમની કબરની ખાક સુંઘવા ઇચ્છો છો ? પછી એક મુઠ્ઠી

ખાક (માટી) મને મોકલી આપી. આ કારણથી મને રડવું આવી ગયું. (મુસનદે અહમદ બિન હમ્બલ ભાગ-૧ પેજ-૭૫. અહમદ બિન હમ્બલ મુસલમાનોના ચાર પ્રચલિત મઝહબોમાંથી હમ્બલી મઝહબના ઇમામ છે.)

(૩) અનસ બિન હારિસ કહે છે કે રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : ચોક્કસ મારો દીકરો હુસૈન ઇરાકની જમીન ઉપર કતલ કરવામાં આવશે. તે સમયે તેમના જમાનાની દરેક વ્યક્તિએ તેમની મદદ કરવી જોઇએ. (દલાએલુન્નબુવ્વત અબી નઈમ, ભાગ-૨, પેજ-૫૫૪)

(૪) અબુ વાઇલ શકીક બિન સલમાએ ઉમ્મે સલમાથી નકલ ફરમાવ્યું છે કે તેમણે કહ્યું, હસન અને હુસૈન મારા હુજરામાં રસૂલેખુદા(સલ.)ની પાસે હતા. અચાનક પૈગંબર(સલ.) ઉપર વહીનો નુઝૂલ થયો. જિબ્રઈલે હસન અને હુસૈન(અલ.)ની તરફ

ઇશારો કરીને ફરમાવ્યું "અય મોહંમદ! આપની ઉમ્મત આપના પછી આપના દીકરાઓને કતલ કરી નાખશે." આ સાંભળીને રસુલુલ્લાહ(સલ.) રડવા લાગ્યા અને હુસૈનને છાતી સાથે લગાવી દીધા. પછી રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું. આ ખાક તમારી પાસે અમાનત છે. તેને સુંઘી પછી ફરમાવ્યું અફસોસ કર્બ વ બલા પર.

ઉમ્મે સલમા કહે છે : રસૂલે ઇસ્લામે મને ફરમાવ્યું, અય ઉમ્મે સલમા ! જ્યારે તમે આ જુઓ, આ ખાકનું ખૂન બની ગયું ત્યારે સમજી લેજો કે મારા દીકરા હુસૈનને કતલ કરી નાખવામાં આવ્યા.

ઉમ્મે સલમાએ આ ખાકને શીશીમાં ભરી લીધી. પછી દરરોજ તેને જોતાં અને કહેતા હતા : જે દિવસે તું લોહીમાં ફેરવાઈ જઈશ તે દિવસ ઘણી જ મુસીબતનો હશે. (મુઅઝ્ઝમ કબીર, તિબરાની ભાગ-૩ પેજ-૧૧૪ હદીસ નં. ૨૮૧૭)

ભાગ-૧ : મદીનામાં

પ્રકરણ : 3

(૧) મદીનામાં કુફાવાસીઓના પત્રો

ઇમામ હસન મુજતબા(અલ.)ની શહાદત પછી કુફાની બિરાદરી જેમા જોઅદહ બિન હબીરહ બિન અબી વહબ મખઝુમીનો પુત્ર પણ સામેલ છે. સુલયમાન બિન સુરદના ઘરમાં બધા એકત્ર થયા. પછી ઇમામ હુસૈન(અલ.)ને ઇમામ હસન(અલ.)ની શહાદતનો પુરસો આપી હમદર્દી બતાવવાની સાથે જે પત્ર લખ્યો તેમાં લખ્યું કે ખુદા તઆલાએ આપને ગુજરી ગયેલા ઇમામના ખલીફા અને જાનશીન બનાવ્યા છે અને અમે આપના ગમમાં ભાગીદાર છીએ. આપની ખુશી અમારી ખુશી છે. હવે અમે આપના હુકમનો ઇન્તિઝાર કરીએ છીએ.

(૨) જઅદહ બિન હબીરહના પુત્રો

જઅદહ બિન હબીરહ હઝરત અલી(અલ.)ના ભાણીયા હતા. ઉમ્મે હાની બિન્તે અબુતાલિબના પુત્ર હતા. ઇતિહાસ કહે છે કે જઅદહ રસુલના જમાનામાં પેદા થઈ ચૂકયા હતા. પરંતુ તેમની ગણતરી રસુલુલ્લાહના સહાબીઓમાં નથી થતી. તેમણે કુફાને સ્થાઈ રહેઠાણ બનાવી લીધું હતું. જો કે ઇબ્ને અબ્દુલ બર્રે અબુ નઈમ અને ઇબ્ને અસીરે આપની ગણતરી સહાબીઓમાં કરી છે. ઇબ્ને હજરે તકરીબમાં આપને પરહેઝગાર અને સાચા તથા વિશ્વાસપાત્ર કહ્યા છે. જંગે સિફ્ફીનમાં પોતાના મામા હઝરત અલી(અલ.)ની મદદમાં સાથે રહીને આપનું રક્ષણ કરવામાં જે બહાદુરી અને અડગતા બતાવી છે તે જોઈને આપના મજબુત ઈમાનનો પરિચય થાય છે.

જઅદહના પુત્રોએ ઇમામ હુસૈન(અલ.)ને બીજો પત્ર લખ્યો જેમાં લખ્યું કે કુફાવાસીઓ આપના વિષયમાં હુસ્ને-ઝન સારૂં ગુમાન રાખે છે. તેઓની ઇચ્છા છે કે આપ કુફા તશરીફ લાવો. સાથે આમ પણ લખ્યું હતું કે અમે આપના ચાહવાવાળાઓની સાથે મુલાકાત કરી છે. તેઓમાં એવા વિશ્વાસપાત્ર લોકો પણ છે જેમની વાતો ઉપર અમને સંતોષ છે. તેઓ દુશ્મનોથી લડવામાં પ્રખ્યાત છે. યોદ્ધા છે. વળી અબુસુફિયાનના પુત્રથી બેઝાર છે, નફરત કરે છે. આ પત્રમાં ઇમામ હુસૈન(અલ.)થી આ ઇચ્છા પણ વ્યક્ત કરવામાં આવી હતી કે આપ અમારા પત્રનો જવાબ આપીને પોતાનો ઇરાદો જાહેર કરશો.

(૩) ઇમામ(અલ.)નો પત્ર કુફાવાસીઓના નામે

ઇમામ હુસૈન(અલ.)એ કુફાવાસીઓના પત્રના જવાબમાં લખ્યું : સુલેહની બાબતમાં મારા ભાઈનો મત અને ઝાલિમોથી જેહાદ કરવામાં મારો મત બંને કામયાબી અને નજાતનો રસ્તો છે. પરંતુ આ વાતને અન્યોથી તથા દુશ્મનોથી છુપી રાખજો અને જ્યાં સુધી મઆવિયા જીવતો છે ત્યાં સુધી કોઈ પગલું ભરશો નહિ. જો તે મારી હયાતીમાં મરી ગયો તો હું મારૂં પોતાનું દૃષ્ટિબિંદુ અને ઇરાદો બતાવીશ. ઇન્શાઅલ્લાહ. (ઇરશાદે શૈખે મુફીદ ૩૨/૨, ઇન્સાબુલ અલ અશરફ)

ઇરાક અને હિજાઝથી (હિજાઝ એટલે અત્યારનું અરબસ્તાન) કેટલાક પ્રતિભાશાળી અને શરીફ ગણવામાં આવતા માણસો ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યા. તેમણે આપના

અખ્લાક અને ફઝાએલ વર્ણવ્યા પછી પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. કહ્યું, "અમે આપની શક્તિ છીએ. અમને યકીન છે કે મઆવિયાના મૃત્યુ પછી આપ અમારી સંપુર્ણ રહેબરી ફરમાવો. જેથી દીન ગાલિબ થઈ જાય."

મઆવિયાની હયાતીમાં પણ હઝરત ઇમામ હુસૈન(અલ.) રૂહાની રહેબર તો હતા જ પરંતુ હુકુમતની લગામ મઆવિયાની પાસે હતી અને મઆવિયાએ ઇમામ હસન મુજતબા(અલ.)સાથે યુદ્ધ ન કરવાના કરાર કર્યા હતા.

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ની પાસે આ લોકોની અવર જવર વધી ગઈ ત્યારે અમ્ર બિન ઉસ્માન બિન અફ્ફાન મદીનાના હાકિમ મરવાન બિન હકમની પાસે ગયો અને કહ્યું "હુસૈનની પાસે લોકોની અવર જવર વધી ગઈ છે. ખુદાની કસમ !

તે અને તેમના અનસાર(મદદગારો) તમારા માટે મુશ્કેલીઓ ઊભી કરશે."

મરવાને આ બાબતમાં મઆવિયાને પત્ર લખ્યો. મઆવિયાએ તેના ઉત્તરમાં જણાવ્યું.

"જ્યાં સુધી હુસૈન(અલ.) ખુલ્લમખુલ્લા આપણાથી દુશ્મની વ્યક્ત નથી કરતા અને આપણને કંઈ નથી કહેતા ત્યાં સુધી તમે અમને કંઈ પણ ન કહેશો પરંતુ દૂરથી એમના ઉપર નજર રાખજો. એમની દરેક ગતિવિધિઓની ખબર રાખશો." (ઇન્સાબુલ અશરાફ, ભાગ-૩, પેજ-૧૫૧)

(૪) હુજ્ર બિન અદીની શહાદત

હઝરત હુજર બિન અદી(રઝિ.) મોટા દરજ્જાના સહાબી છે. જંગે સિફ્ફીનમાં હઝરત અલી(અલ.)ના તરફથી કબીલએ કુન્દહના સેનાપતિ હતા અને જંગે નહેરવાનમાં આપના ડાબી બાજુના લશ્કરમાં સામેલ હતા. હિજરી સન ૫૧ માં મઆવિયાએ આપને મરજઅઝરા નામના ગામ પાસે શહીદ કરાવી દીધા. અહમદ કહે છે કે મેં યહ્યા બિન સુલેમાનને પુછ્યું શું તમને કોઇએ આ ખબર આપ્યા છે કે હુજર બિન અદી મુસ્તજાબુદ્દઅવાત હતા ? તેમણે કહ્યું હાં, અને તેઓ રસુલુલ્લાહ(સલ.)ના ઉચ્ચ દરજ્જાના અસહાબમાંથી હતા. જે વ્યક્તિની બધી જ દુઆઓ કબુલ થઈ જાય તેવી વ્યક્તિ "મુસ્તજાબુદ્દઅવાત" કહેવાય છે.

આ જ સમયગાળામાં મઆવિયાના હુકમથી તેના વેચાતા માણસો(ગુંડાઓ) શીઆઓ ઉપર અને ખાસ તો કૂફાના શીઆઓ ઉપર વધારે સખ્તી કરવા લાગ્યા હતા. કેટલાક પ્રખ્યાત વ્યક્તિઓને વગર કારણે જુઠાં બહાના બનાવીને ગિરફતાર કરી લીધા. મઆવિયાના આવા જ એક કારકુન ઝિયાદ ઇબ્ને અબીહે જનાબ હુજર બિન અદી તથા તેમના કેટલાક વફાદાર સાથીઓ વિરૂદ્ધ એક બનાવટી ફાઈલ તૈયાર કરી. પછી તે ફાઈલ મઆવિયા પાસે દમિશ્ક મોકલાવી. પછી મઆવિયાના હુકમથી દમિશ્કની પાસેના એક ગામ મરજઅઝરામાં શહીદ કરી નાખવામાં આવ્યા. આ જ જગ્યાએ આપને બેગુનાહ કતલ કરી નાખવામાં આવ્યા અને અહીં જ આપની કબર પણ છે. આ સમગ્ર ઘટનાની શીઆ-સુન્ની બંને ઇતિહાસકારોએ પોતપોતાની કિતાબોમાં નોંધ કરી છે. (મોઅજમુલ બુલદાન ૪/૧, તારીખે યાકુબી ભાગ-૨ પેજ-૨૩૦, કામિલ ઇબ્ને અસીર ભાગ-૨ પેજ-૪૭૨)

(૫) મઆવિયાની ટીકા

હઝરત હુજરની શહાદતથી લોકોના દીલો ઉપર ઘણી વધારે અસર થઈ. સમગ્ર ઇસ્લામી આલમમાં ઉમવીઓના વિરૂદ્ધ (બની ઉમય્યાના ખાનદાનના વિરૂદ્ધ) ગમો-ગુસ્સાની લહેર ફેલાઈ ગઇ. ચારે તરફથી ઉમવીઓ ઉપર ફિટકાર થવા લાગી. જો કે મઆવિયાની તલવારના ભયથી લોકોની ઝબાનો બંધ હતી. પરંતુ તેમના દીલો લઅનત કરતા હતા. અહીં સુધી કે હજના જમાનામાં આયશાએ મઆવિયાની મુલાકાત કરી ત્યારે તેને કહ્યું તમે હુજર અને તેના સાથીઓને કતલ કર્યા ? સબરથી કામ કેમ ન લીધું ? તમારી જાણ માટે કહું છું કે મેં રસુલુલ્લાહથી સાંભળેલું છે કે આપે ફરમાવ્યું "મરજઅઝરાના સ્થળે કેટલાક લોકો શહીદ કરવામાં આવશે. જેમની કતલના કારણે

આસમાનના ફરિશ્તાઓ ગઝબનાક થશે, ખૂબ જ ગુસ્સે થશે."

મઆવિયાએ પોતાના ગુનાહનો ખુલાસો કરતા કહ્યું : "તે જમાનામાં મારી પાસે કોઈ અક્કલવાળો વ્યક્તિ હાજર ન હતો જે મને આ કૃત્યથી રોકી લેત." (તારીખે યાકુબી ભાગ-૪ પેજ-૨૩૧)

ગમે તેમ પણ મઆવિયાના આવા ઝુલ્મ અને તેના પરિણામોના કારણે ઇસ્લામી સમાજમાં મઆવિયાની હુકુમતથી બેઝારી તથા ઇમામ હુસૈન(અ.સ.)ના ઇન્કિલાબ અને કિયામ કરવા માટેનું એક પ્રેરકબળ ગણી શકાય છે.

હિજરી સન ૫૧ ના ગમનાક બનાવોમાં ઇબ્ને અસીરે લખ્યું છે કે આ વર્ષ હુજર ઇબ્ને અદી અને તેમના દોસ્તોએ શહાદતનો જામ પીધો. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૩ પેજ-૪૩૧)

મઆવિયાએ ઇમામ હુસૈન બિન અલી(અલ.)થી મુલાકાત કરી અને કહ્યું : અય અબા અબ્દિલ્લાહ ! આપ જાણો છો કે અમે આપના વાલિદના શીઆઓને (દોસ્તોને, મદદગારોને, ચાહકોને) કતલ કર્યા, તેમને ખુશબો સાથે કફન આપ્યું અને તેમની નમાઝે જનાઝા પઢીને દફન કરી દીધા.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : કાબાના રબની કસમ! જો અમે તમારા ચાહકોને કતલ કરીશું તો ન તેમને ખુશબો અને કફન દઈશું, ન તેમના ઉપર નમાઝ પઢીશું અને ન તેમને દફન કરીશું. (તારીખે યાકુબી ભાગ-૨ પેજ-૨૩૧)

(૬) શહાદત અમ્ર બિન અલહુમક ખુઝાઈ

અમ્ર બિન અલહુમક મોટા ભાગના સીરત લખનારાઓની તપાસ પ્રમાણે કબીલએ ખુઝાઆથી હતા. તેઓ હુદયબિયાવાળા વરસે અથવા હજ્જતુલ વિદાઅમાં રસુલુલ્લાહ(સલ.)ની ખિદમતમાં હાજર થયા અને ઇસ્લામ લાવ્યા. આપે રસુલુલ્લાહ(સલ.)થી હદીસો સાંભળી બાદમાં હઝરત અલી(અલ.)ના શીઆઓમાં (મદદગારોમાં, ચાહકોમાં, દોસ્તોમાં) સામેલ થઈ ગયા. કુફામાં રહેતા હતા. જંગે જમલ, જંગે સિફ્ફીન અને જંગે નહરવાનમાં શરીક રહ્યા. હઝરત અલી(અલ.)ની શહાદત પછી હઝરત અલી(અલ.)ના ચાહકોના આગેવાન હુજર બિન અદીના મદદગાર રહ્યા. હુજર બિન અદીના કતલ થયા પછી આપ એકલા પડી ગયા. કુફાથી મુસેલ ચાલ્યા ગયા. ત્યાં જઈને એક

ગુફામાં રહેવા લાગ્યા. મુસેલના હાકિમે તેમની ધરપકડ માટે કોઈને મોકલ્યો. તેણે આપનું માથું કાપીને ઝિયાદની પાસે મોકલી આપ્યું. તેણે હુકમ આપ્યો કે આ માથાને શહેર શહેર ફેરવો, પબ્લિક રસ્તાઓમાં ફેરવો. આ રીતે ફેરવીને મઆવિયા પાસે મોકલી દીધું. આલમે ઇસ્લામમાં આ પહેલું સર હતું જેને શહેર શહેર ફેરવવામાં આવ્યું. મઆવિયાએ આ સરને નેઝા ઉપર જ સ્થાપિત કરી દીધું. (અલ ઇસ્તીઆબ ભાગ-૩ પેજ-૧૭૩, જામેઉર રૂવાત)

હુજર બિન અદીની શહાદત પછી મઆવિયાએ અમ્ર બિન અલહુમક ખુઝાઇ જે રસુલુલ્લાહ(સલ.)ના સહાબી હતા અને હઝરત અલી(અલ.)ના મદદગાર હતા. વળી હુજર બિન અદીના દોસ્ત પણ હતા. તેમને ગિરફતાર કરવાનો મનસુબો ઘડ્યો અને મઆવિયાના હુકમથી તેમને મુસેલની આસપાસ શહીદ કરી દેવામાં આવ્યા.

તેમનું માથું કલમ કરીને ભાલાઓ ઉપર ચઢાવ્યું. સમાજની દરેક વ્યક્તિને બતાવવા માટે શાહરાહ (રાજમાર્ગ રોડ, નેશનલ હાઇવે, રાષ્ટ્રીય ધોરી માર્ગો) ઉપર ફેરવવામાં આવ્યું. ત્યાર પછી શામ (સીરીયા) લઈ ગયા. ત્યાં તેમની બહેન જે મઆવિયાની કેદમાં હતાં તેમની ગોદમાં નાખી દીધું. તેમની હિંમતવાન અને લાગણીશીલ બહેને મઆવિયાને સંદેશો મોકલ્યો કે તમે ઘણો મોટો ઝુલ્મ કર્યો છે. તમે એક નેકી કરનારા, બેગુનાહ વ્યક્તિને કતલ કરી છે. (તારીખે યાકુબ ભાગ-૨ પેજ-૨૩૨)

આ નેક સહાબીની શહાદતના કારણે ઉમવી હુકુમતની વિરૂદ્ધ લોકોમાં વધારે નફરત પેદા થઈ.

(૭) મઆવિયાની મકરબાજી-ચાલાકી

મઆવિયાએ જે અશોભનીય અને અસંસ્કારી કાર્યો કર્યા છે તેમાંનું એક કાર્ય આ પણ છે કે તેણે ઝિયાદ બિન અબીહ નામની વ્યક્તિ જેના બાપનો કોઈ પત્તો જ ન હતો તેને પોતાનો ભાઈ બનાવી લીધો. વળી લોકોમાં તેને પોતાના બાપનો દીકરો જાહેર કર્યો. આવા અને આનાથી પણ ઘણાં જ ગુનાહિત હરામ પ્રકારના અનેક કાર્યો દ્વારા તેણે ઇસ્લામી અહકામનો વિરોધ કર્યો. ઇબ્ને અસીર લખે છે કે ઇસ્લામી અહકામોને મિટાવવાના વિષયમાં મઆવિયાનું આ પણ એક હરામ કૃત્ય હતું. કારણ કે રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું હતું કે દીકરો હોવાનો સંબંધ એક બિસ્તરના માલિક સાથે જોડાયેલો છે. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૩ પેજ-૪૪૪)

હિજરી સન ૫૬માં મઆવિયાના હુકમથી લોકોએ વલી અહદ (ગાદીવારસ) તરીકે યઝીદની બયઅત કરી. (ઇબ્ને અસીરે કામિલ ભાગ-૩ પેજ નં. ૫૩ અને યાકુબીએ પોતાના ઇતિહાસમાં ભાગ-૨ પેજ નં. ૨૨૮ ઉપર યઝીદની બયઅત લેવાનો જે વાકેઓ ઇમામ હસન(અલ.)ની શહાદત પછી લખ્યો છે. પરંતુ તેમાં તારીખનો ઉલ્લેખ નથી કર્યો.) આ રીતે ખિલાફત અને હુકુમતને વારસાગત બનાવવાનો તરીકો મઆવિયાના જમાનામાં અમલી બન્યો. પાછલા ખલીફાઓમાંથી કોઈએ પણ આ કાર્ય કર્યું નથી.

જ્યારે અબ્દુર્રહમાન બિન અબુબકરને આ ખબર પહોંચી કે લોકોએ યઝીદની બયઅત કરી લીધી છે ત્યારે તેમણે મદીનાના હાકિમ (ગવર્નર) મરવાન બિન હકમને કહ્યું : આ મનસુબો કરવામાં તમે અને મઆવિયાએ ઉમ્મતે મુસ્લિમાની પ્રગતિ

અને ભલાઈને દૃષ્ટિ સમક્ષ રાખી નથી બલકે તમારો મકસદ રોમના બાદશાહોની જેમ હુકુમતને વારસાગત બનાવવું છે. (તારીખે કામિલ ભાગ-૩ પેજ-૫૦૬)

અબ્દુર્રહમાન બિન અબુબકર, અબુબકરના દીકરા છે. આયશા અને આ બંને એક બાપથી છે. જંગે ઓહદ સુધી મુશરેકીનની સાથે હતા પછી મુસલમાન થયા. જંગે જમલમાં પોતાની બહેન આયશાની સાથે હતા. જ્યારે મઆવિયાએ લોકો પાસે યઝીદની બયઅત તલબ કરી ત્યારે આ વ્યક્તિએ કહ્યું ખુદાની કસમ ! હું આ પ્રમાણે કદી કરીશ નહીં. યઝીદની બયઅતનો વિરોધ કરીશ. મઆવિયાએ તેમના માટે એક લાખ દિરહમ મોકલી દીધા. તેમણે તે ઠુકરાવતાં કહ્યું શું મારા દીનને દુનિયાના બદલામાં વેચી મારું? પછી મક્કા તરફ

રવાના થઈ ગયા. રસ્તામાં જ તેમનું મૃત્યુ થયું. (અલ ઇસ્તીયાબ ભાગ-૨ પેજ-૮૨૬)

ખિલાફતને વારસાગત બનાવવાનો દૃષ્ટિકોણ કૂફામાં મઆવિયાના ગવર્નર મુગીરહ બિન શોઅબાઅ પોતાની ખુરશી બચાવવા માટે રજુ કર્યો હતો. (મુગીરહ બિન શોઅબા બિન આમિર કબીલા સકીફથી હતો. જંગે ખંદકવાળા વરસે ઇસ્લામ સ્વીકાર્યો. ઊંચો, કદાવર અને રોબદાર આદમી હતો. જંગે યરમૂકમાં એક આંખ ગુમાવી દીધી હતી. ઉમર ઇબ્ને ખત્તાબ અને ત્યાર બાદ ઉસ્માન બિન અફ્ફાન તરફથી કૂફાનો ગવર્નર નિયુક્ત થયેલો હતો. જંગે સિફ્ફીનમાં એકાંતવાસમાં રહ્યો. પરંતુ હકમ(પંચ) બનાવવાની ઘટના પછી મઆવિયા સાથે ભળી ગયો. મઆવિયાએ ફરી તેને કુફાનો હાકેમ બનાવી દીધો. ૫૫ હિજરીમાં કૂફામાં મૃત્યુ પામ્યો.-અલ ઇસ્તીઆબ ભાગ-૪ પેજ-૧૪૪૬)

કારણ કે તેને (મુગીરહને) મઆવિયા પદભ્રષ્ટ કરવા માંગતો હતો. આ બાબતમાં તારીખે ઇબ્ને અસીર લખે છે કે :

મુગીરહ મઆવિયા તરફથી કુફાનો હાકિમ હતો. મઆવિયાનો ઇરાદો મુગીરહને હટાવીને સઅદ બિન આસને કુફાનો ગવર્નર બનાવવાનો હતો. મુગીરહને પણ મઆવિયાના ઇરાદાની ખબર પડી ગઈ હતી. તેણે વિચાર્યું બેહતરી એમાં જ છે કે હું મારી ઇઝ્ઝત બચાવવા માટે મઆવિયાની પાસે જાઉં અને કુફાની હુકુમતથી અનિચ્છા જાહેર કરીને પોતે જ રાજીનામું ધરી દઉં. જેથી લોકો એમ સમજી લે કે મેં પોતે જ કૂફાની હુકુમતથી નાપસંદી જાહેર કરી છે. હું પોતે જાતે જ દૂર હટવા ઇચ્છું છું.

મુગીરહ આવા ઇરાદા સાથે શામની તરફ રવાના થયો. શામ જઈને તેણે પોતાના નજીકના ઓળખીતાઓ સાથે મુલાકાત કરી. તેના

ચાહકોએ કહ્યું કે જો તુ આ સમયે તારો આ હોદ્દો(ગવર્નરપદું) ન બચાવી શક્યો તો પછી કદીપણ તારી પાસે આવો હોદ્દો આવશે નહિ. બસ હોદ્દો ગયો તે ગયો સમજજે. તેના મગજમાં ચાલાકી સૂઝી. તે યઝીદ બિન મઆવિયાની પાસે ગયો અને કહ્યું રસુલના ઘણાંખરા સહાબા તે દુનિયાથી ચાલ્યા ગયા છે. તેમના દીકરાઓ છે. જેથી મારૂં માનવું છે કે દીન અને સિયાસત અને મંતવ્ય કે શ્રેષ્ઠતા આપવાની દૃષ્ટિએ જોવામાં આવે તો તમે (યઝીદ) સૌથી બેહતર છો. પરંતુ મારી સમજમાં આ વાત નથી આવતી કે તમારા વાલિદ મઆવિયા લોકો પાસેથી તમારી બયઅત કેમ નથી લેતા ? યઝીદે પુછ્યું શું તમારી દૃષ્ટિમાં આ કાર્ય બરાબર છે ? મુગીરાએ કહ્યું બિલકુલ.

ત્યાર બાદ યઝીદ અને મુગીરહ બંને છૂટા પડ્યા. તરત જ યઝીદ પોતાના બાપ મઆવિયાની

પાસે ગયો અને તેણે મુગીરહના મશ્વેરાની વાત કરી. તરત જ મઆવિયાએ હુકમ આપ્યો કે મુગીરહને હાજર કરવામાં આવે. મુગીરાએ મઆવિયાની સમક્ષ પોતાનો દૃષ્ટિકોણ સમજાવતાં કહ્યું. તમે જાણો છો કે ત્રીજા ખલીફા ઉસ્માનની કતલ પછી ઉમ્મતે ઇસ્લામીમાં કેટલા ભયંકર વિરોધાભાસો પેદા થઈ ગયા છે. કેટલું ખૂન વહી ગયું. જેથી મારૂં તો માનવું છે કે યઝીદ તમારો બેહતરીન જાનશીન અને તમારા પછી લોકો માટે પનાહ લેવાની જગ્યા સાબિત થશે. આ રીતે આ ફિતનો અને ખૂનરેજી પણ અટકી જશે.

મઆવિયાએ કહ્યું : આ બાબતમાં કોણ લોકો મારી મદદ કરશે ? મુગીરાએ કહ્યું : હું કુફાવાસીઓ પાસેથી યઝીદની બયઅત લેવાની જવાબદારી લઉં છું અને ઝિયાદ બિન અબીહ મિસરવાસીઓ પાસેથી યઝીદ માટે વલીઅહદીની

બયઅત લેશે. વળી આ બે શહેરો પછી બીજા કોઈપણ શહેરના લોકો યઝીદની બયઅત માટેનો વિરોધ કરશે નહિ.

આ રીતે મઆવિયાએ મુગીરહને કૂફાના ગવર્નર તરીકે બાકી રાખ્યો અને યઝીદની બયઅત લેવાના કારણે તેને પદભ્રષ્ટ ન કર્યો.

મુગીરહ પોતાના દોસ્તોની પાસે પાછો ફર્યો. તેઓએ તેના પદભ્રષ્ટ થવાના સમાચારના વિષયમાં પૂછ્યું તો તેણે કહ્યું : મેં મઆવિયાને એવો રસ્તો બતાવી દીધો છે કે વરસો વરસ સુધી ઉમવી હુકુમતનો ધ્વજ લહેરાતો રહેશે અને મેં એવી તિરાડ પાડી દીધી છે કે આ તિરાડ કોઈપણ ચીજથી કદીપણ પુરી શકાય નહિ.

ત્યારબાદ મુગીરહ દમિશ્કથી કુફા પરત આવ્યો. તેણે પોતાના હિતેચ્છુઓની સમક્ષ યઝીદની બયઅત માટેનો મસઅલો છેડ્યો. તેઓએ તેની વાતને માની

લીધી. પછી તેણે પોતાના દીકરા મુસા બિન મુગીરહની આગેવાનીમાં દસ વ્યક્તિઓનું અને એક રિવાયત મુજબ દસથી વધારે માણસોનું એક પ્રતિનિધિ મંડળ મુલકે શામ રવાના કર્યું. આ લોકોને સફરના સંપુર્ણ ખર્ચ સિવાય વધારાના ત્રીસ હજાર દિરહમ આપ્યા. આ પ્રતિનિધિ મંડળે મઆવિયાની પાસે જઇને યઝીદની બયઅત વિષયમાં વાતચીત કરી, કહ્યું કે જેટલું જલ્દી બની શકે એટલું જલ્દી તમે આ કાર્ય પતાવી દો. અમે કુફાના આગેવાનો છીએ. યઝીદની બયઅતથી ખુશ છીએ. મઆવિયાએ કહ્યું : હાલ પુરતી તમે લોકો આ વાતને પબ્લિકમાં જાહેર ન કરશો. પરંતુ તમારા આ નિર્ણયને બદલશો નહિ. ત્યાર પછી મઆવિયાએ મુગીરહના પુત્રને પૂછ્યું આ લોકોનો દીન તમારા બાપે કેટલા દિરહમમાં ખરીદયો છે. તેણે કહ્યું કે ત્રીસ દિરહમમાં. ત્યારે મઆવિયાએ કહ્યું ચોક્કસ આ લોકો માટે દીનનું કોઇ મહત્વ ન હતું તેથી આટલી મામૂલી કિંમતમાં વેચી દીધો. (તારીખે કામિલ ભાગ-૩ પેજ-૫૦૩ અને ૫૦૪)

(૮) મઆવિયાનો પત્ર

મઆવિયાએ ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યો. જેનો ભાવાર્થ આ છે :

મારી પાસે તમારી પ્રવૃત્તિઓની ખબરો પહોંચ્યા કરે છે. જો આ ખબરો સાચી છે તો મને આપથી આવી ઉમ્મીદ ન હતી અને ખોટી છે તો ઠીક છે. કારણ કે આવી વાતોથી આપને અલગ જ સમજુ છું. જે અહદ આપે ખુદાથી કર્યો છે અને મને પણ એવું કંઈક કરવા ઉપર મજબુર ન કરો. જો આપ મારી અને મારી હુકુમતનું સમર્થન નહીં કરો તો હું પણ તમને દરેક પ્રકારે જૂઠલાવવાની કોશીષ કરીશ અને જો મારી સાથે ચાલબાજી કરવા જશો તો હું પણ એવું જ કરીશ. ખુદાથી ડરો અને ઉમ્મતે ઇસ્લામીને ઇખ્તેલાફ અને ફિત્નાથી બચાવો. (અન્સાબુલ અશરાફ ભાગ-૨ પેજ-૧૫૩)

(૯) ઇમામ(અલ.)નો જવાબ મઆવિયાના નામે

ઇમામે મઆવિયાને જે જવાબ લખ્યો હતો તેનો ટુંકસાર આ છે :

તમારો પત્ર મળ્યો. તમને મારા વિષયમાં એવી ખબરો મળી છે જેની તમને મારાથી ઉમ્મીદ ન હતી. મારા તરફથી જે વાતોની જાણ તમને થઈ હોય, હું તેનાથી અલિપ્ત છું. ફકત અલ્લાહ વ્યક્તિને નેકીયોની તરફ હિદાયત કરે છે. આવી ખબરો પહોંચાડવી એવા અસંતોષ અને ફિત્નાખોર લોકોનું કામ છે જેઓ ઉમ્મતમાં ઇખ્તેલાફ ફેલાવવા માંગે છે.

મેં તમારી સાથે જંગનું ખુલ્લમખુલ્લા એલાન કર્યું નથી. હું મારા ખુદાથી ડરૂં છું. જ્યારે કે તમે અહદ તોડ્યો છે. કોલ-કરારને પાબંદ રહ્યા નથી. તમે અલ્લાહના નેક, સાલેહ, નમાઝગુઝાર

બંદા હુજર બિન અદી અને તેમના સાથીઓની કતલ કરી છે. જો કે તમે આ બાબતની કસમ ખાધી હતી કે તેઓ અમાનમાં રહેશે, મહફુઝ રહેશે. આ જ નેક લોકોએ ઝાલિમો અને બિદઅતીઓની સાથે જંગ કરી. આ જ નેક લોકોએ ઉમ્મતે ઇસ્લામીયાને ભલી વાતોનો હુકમ આપ્યો. બુરાઇઓથી રોક્યા. ઇન્સાનોને ભલાઈ અને નજાતની તરફ આ જ લોકોએ બોલાવ્યા. આ બાબતમાં નાદાન લોકોએ ઊભી કરેલી મુશ્કેલીઓ અને તેમના ધિક્કારને તેમણે પોતાની જાનના બદલામાં ખરીદયો.

અલ્લાહના સાલેહ બંદાઓ જેમના શરીરો ઇબાદતના કારણે અશક્ત બની ગયા હતા. જેમના ચહેરાનો રંગ પીળો થઈ ગયો હતો. રસૂલે ખુદા(સલ.)ના આવા સહાબી અમ્ર બિન અલ હુમ્કને તેં કતલ નથી કર્યા? શું તેં જે અમાન આપી હતી તેનાથી આંખ આડા કાન નથી કર્યા?

જો આસમાનના પક્ષીઓને તારા અમાનનામાની ખબર મળી ચૂકી હોત તો તેઓ પોતાના માળા છોડીને પહાડોની બુલંદીઓથી નીચે ઊતરી આવત! પરંતુ તેં અરબોનો આ પ્રશંસાપાત્ર ગુણ કે તેઓ દુશ્મનો સાથે અહદ અને વચનની પાબંદી કરતા હતા. ધોકાબાજી દ્વારા અને બાકાયદા પ્લાનીંગ કરીને નેક સાલેહ ઇન્સાનોની કતલ કરાવી. તું આંખ આડા કાન કરે છે. શું તેં જે માણસો દ્વારા આ કૃત્યો અંજામ અપાવ્યાં છે તે જાણે તેઓએ કર્યા છે. તું તો જાણતો જ નથી. એ રીતે તેઓને બહાદુરીના માનચાંદ આપ્યા છે.

તેં પોતાના નાપાક ધ્યેયોને પૂર્ણ કરવા માટે ઝિયાદ બિન સુમય્યા કે જેના માટે આ જ ખબર નથી કે તે કોનો દીકરો છે. તેને તેં તારા બાપનો દીકરો નથી કહ્યો? અને તેને પોતાનો ભાઈ નથી સમજ્યો ?

(આ વાતની ખબર જ નથી કે તેનો બાપ કોણ છે ? તેથી તેને લોકો ઇબ્ને સુમય્યા કહેતા હતા. તેની મા અરબના પ્રખ્યાત હકીમ હારિસ બિન કલદહની કનીઝ હતી. આ વ્યક્તિને કદી ઝિયાદ બિન અબીહ અને કોઈક લોકો તેને ઝિયાદ બિન ઉમ્મહ કહેતા હતા. વળી મઆવિયાએ જ્યારે તેને પોતાનો ભાઈ બનાવી દીધો ત્યારે લોકો તેને ઝિયાદ બિન અબી સુફ્યિાન કહેવા લાગ્યા. આ વ્યક્તિના જન્મના વિષયમાં પણ વિરોધાભાસ છે કે હિજરતથી અગાઉ પેદા થયો કે પછી. ઉમરે તેને બસરાની ઝકાત-સદકાત ઉઘરાવવાનું કામ સોંપ્યુ હતું. એક કથન આ પણ છે કે તે અબુમુસા અશઅરીનો મુન્શી કારકુન હતો. મઆવિયાએ તેને બસરા અને કુફાનો ગવર્નર નિયુક્ત કરી દીધો. આ વ્યક્તિ હિજરી ૫૩ માં કુફામાં મૃત્યુ પામ્યો.- ઇસ્તીયાબ ભા-૨ પેજ-૫૦૩)

તે લોકોના વિષયમાં જેમના બાપોનો પત્તો ન હતો. રસુલુલ્લાહ(સલ.) તરફથી અગાઉથી જ એલાન કરી દેવામાં આવ્યું હતું. પરંતુ તેં રસુલુલ્લાહ(સલ.)ના ફરમાનના વિરૂદ્ધ કીના-કપટના કારણે ઇરાદાપૂર્વક તેને પોતાના બાપની સાથે જોડી દીધો. જેથી તેણે તારા આ એહસાનના કારણે તારો ગવર્નર બનીને નેક સાલેહ મોમિનોના હાથ પગ કાપી નાખ્યા. તેમની આંખો કાઢી લીધી, તેઓને ખજુરના ઝાડો ઉપર લટકાવ્યા. મને લાગે છે કે તુ આ ઉમ્મતમાંથી નથી અને તે પણ તમારાથી નથી.

શું તે હઝરમી જેઓ હઝરત અલી(અલ.)ના નેક સાલેહ અને સહ્દયી તાબેદાર હતા, દોસ્ત હતા તેમના કતલનો હુકમ નથી આપ્યો? બલકે તને આટલા માણસોની કતલથી સંતોષ ન થયો. જેથી તેં હુકમ જારી કર્યો કે જે પણ અલી(અલ.)નો દોસ્ત

હોય, ચાહક હોય તેને કતલ કરી દો, તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખો. શું અલીનો દીન તેમના કાકાના દીકરા રસૂલેખુદા(સલ.)થી જુદો છે? જો આ દીનની ઇઝ્ઝત ન હોત તો તું અને તારો બાપ તપેલા રણમાં ભટકતા માણસોના જેવું જીવન જીવતા હોત.

તમે તમારા પત્રમાં લખ્યું છે કે જો આપ મારો ઇન્કાર કરશો તો હું આપનો ઇન્કાર કરીશ. જો મારી સાથે મકર (ફ્રેબ) કરશો તો હું તમારી સાથે મકર કરીશ. તો હું ઘણાં જ વિશ્વાસ સાથે કહું છું કે તમારૂં કપટીપણું ધુર્તતા મને કોઈ નુકસાન પહોંચાડી શકશે નહિ બલકે તમારા ફ્રેબ, ધોકાબાજીથી તમને વધારે નુકસાન થશે. તમે તમારી જહાલત સાથે જોડાયેલી સવારી ઉપર સવાર થઈ ગયા છો અને પોતાના અહદને-વાયદાને એક પછી એક તોડી રહ્યા છો. મારી

પોતાની કસમ! તમે જે અહદ-કોલકરાર કર્યા હતા તેના ઉપર રજમાત્ર અમલ કર્યો નથી અને નેક સાલેહ ઇન્સાનોને કતલ કરીને પોતે આપેલા વચનનું મહત્વ ઘટાડી દીધું. આ બહાદુર અને બેગુનાહ મુસલમાનોએ ન તમારી સાથે કદી જંગ કરી હતી ન તેમની ગરદનો ઉપર કોઈના ખૂનનો ગુનો હતો, તેઓને તમે શહીદ કરી નાખ્યા છે. તેઓ હકના તરફદાર હતા. તે ફઝીલતોને કબુલ કરવામાં શક કરતા ન હતા જે ફઝીલત તમારામાં નથી.

હાં, અય મઆવિયા ! તમારા નફ્સને કિસાસ(બદલા) માટે તૈયાર રાખો બલકે ખુશખબરી આપો. હિસાબના દિવસનું યકીન રાખો. તમને ખબર હોવી જોઇએ કે ખુદાની કિતાબમાં તેના બંદાઓના નાનામાં નાના આમાલ પણ નોંધાયેલા હોય છે અને ખુદા તેને કદી પણ ભૂલશે નહિ. તમે અલ્લાહના દોસ્તોને જુઠ્ઠા બહાનાઓ બનાવીને કેદ

કર્યા, હદપાર કર્યા, વતનથી બેવતન કર્યા, કતલ કર્યા કે જે વાતોનો અક્કલની કે ફિલોસોફીની સાથે જરાય સંબંધ નથી. વળી પોતાના દીકરા માટે લોકોને છેતરીને બયઅત લીધી. દાદાગીરીથી બયઅત લીધી. જ્યારે તારો દીકરો ખુલ્લમખુલ્લા શરાબ પીએ છે. કુતરાઓની સાથે ખેલકૂદ કરવું તેનો અતિપ્રિય શોખ છે. આવા અશ્લીલ અમલો કરીને મારી દૃષ્ટિમાં તો તેં તારા દીન અને દુનિયા બંનેને બરબાદ કરી દીધી છે અને તમારી પ્રજાના હકમાં ઝુલ્મ કર્યો છે. તમારા બેવકૂફ દુનિયાપરસ્ત જાહિલ ગવર્નરોની વાતોમાં આવી જઈને તમે અલ્લાહના હુકમોની ઐસી તૈસી કરી છે. (અમારા પાછલા લખાણ મુજબ બેવકૂફ જાહીલથી મતલબ મુગીરહ બિન શોઅબા છે. હઝરત અલી(અલ.)એ અમ્મારને ત્યારે ફરમાવ્યું હતું જ્યારે અમ્માર

મુગીરહ સાથે વાત કરી રહ્યા હતા કે આ બેવકૂફ જાહિલ પોતાનો દીન વેચી દેશે.)

વસ્સલામ

(અલ ઇમામત વ સિયાસત ભા-૧ પેજ-૧૫૫)

બેલાઝરી લખે છે કે ઇમામ હુસૈન(અલ.)એ મઆવિયાને ઘણો જ સખત પત્ર લખ્યો. તે પત્રમાં ઝિયાદ બિન અબીહ અને હુજર બિન અદીના માટે તેણે જે અશ્લીલ કાર્યો કર્યા. તેના તરફ સ્પષ્ટ ભાષામાં લખાણ લખ્યું. સાથે આ પણ લખ્યું કે જ્યારથી તમે પેદા થયા છો, ભલા નેક માણસોને ધોકો-ફરેબ આપવામાં જ ખુશ છો. મારી સાથે પણ ધુર્તતા અને કપટ રમી રહ્યા છો, રમો અને મુગીરહ બિન શોઅબા અને અમારા દુશ્મનોની વાતોને અમલી રૂપ આપો. છેલ્લે લખ્યું હતું. "વસ્સલામો અલા મનિત્તબઅલ હુદા" (સલામતી છે તેના માટે જેણે હિદાયતની પૈરવી કરી.) (અલ ઇન્સાબુલ અશરાફ ભાગ-૩ પેજ-૧૫૩)

(૧૦) મક્કામાં ઇજતેમા

સલીમ બિન કૈસ કહે છે કે મઆવિયાના મૃત્યુ પછી એક વરસ અગાઉ હુસૈન બિન અલી(અલ.) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ અને અબ્દુલ્લાહ ઇબ્ને જઅફર સાથે હજ માટે તશરીફ લાવ્યા. આ સફરમાં ઇમામ હુસૈન(અલ.)એ બની હાશિમના બધા જ પુરૂષો અને સ્ત્રીઓની સાથે પોતાના દોસ્તો અને ચાહકોને પણ એકત્ર કર્યા. પછી ફરમાવ્યું કે રસુલુલ્લાહ(સલ.)ના તે નેક અસહાબોને બોલાવી લાવો જેઓની નેકનામી તરીકેની પ્રતિષ્ઠા સમાજમાં કબુલ છે. આ ઇજતેમા મિનામાં કરવામાં આવ્યો હતો. એક જ મોટા તંબુમાં સાતસોથી વધુ લોકોએ ભાગ લીધો. તેઓમાં તાબેઈનઘણાબધા હતા. (તાબેઈન તે લોકોને કહેવાય છે. જે લોકોએ રસુલુલ્લાહ(સલ.)ને જોયા ન

હોય પરંતુ આપના અસહાબને જોયા હોય.) આ ઇજતેમામાં રસુલુલ્લાહ(સલ.)ના બસો જેટલા સહાબી પણ હતા. (પ્રખ્યાત હદીસોના જાણકારોના મત પ્રમાણે સહાબી તેને કહેવાય છે જેણે રસુલુલ્લાહ(સલ.)ને જોયા હોય અને ઇસ્લામ કબૂલ કર્યો હોય. -સફીનતુલ બિહાર સુહુફ) હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ખુદાની હમ્દો-સના પછી એક છટાદાર ખુત્બો શરૂ કર્યો.

"તે માથા ફરેલ ઇન્સાન મઆવિયાએ અમારી સાથે અને અમારા શીઆઓ સાથે (દોસ્તો, ચાહકો, આજ્ઞાંકિતો સાથે) જે વર્તાવ કર્યો છે તેનાથી આપણે બધા જ વાકેફ છીએ. પરંતુ આ જગ્યાએ હું આપ હઝરાતને એક પ્રશ્ન કરૂં છું. જો મારી વાત સાચી હોય તો તસ્દીક કરશો, કબુલ કરશો અને જો સાચી ન હોય તો રદ કરશો. મારી વાત સાંભળો અને લખી લો અને હજથી પાછા ફર્યા પછી

વિશ્વાસપાત્ર લોકો સુધી પહોંચાડી દેશો અને તેઓને અમારી મદદ કરવાની અને સત્યનું રક્ષણ કરવાની દઅ્વત આપશો. કારણ કે મને એહકામે ઇસ્લામીના બરબાદ થઈ જુવાનો ભય છે. અલ્લાહ પોતાની મહેરબાનીને નૂરે હિદાયતના ઝરીયાથી સંપુર્ણ કરીને રહેશે ભલે પછી તે કાફિરોને નાપસંદ કેમ ન પડે."

ત્યાર બાદ આપે અહલેબયત(અલ.)ની શાનમાં નાઝિલ થયેલી અમૂક આયતો પઢી. આ રીતે રસુલુલ્લાહ(સલ.)ની તે હદીસો નકલ ફરમાવી જે હદીસો આપના વાલિદ, ભાઈ ઇમામ હસન(અલ.) અને સ્વયં આપના માટે હતી. જે વસ્તુઓ ઇમામ હુસૈન(અલ.)એ પોતાના ખુત્બામાં વર્ણવી હાજર જનોએ તે બધી વાતોને અનુમોદન આપ્યું, કબૂલ કરી.

ત્યાર બાદ ઇમામે દર્દભર્યા અવાજે ફરમાવ્યું : હું તમોને ખુદાની કસમ આપીને કહું છું કે જે કંઈ તમે મારાથી સાંભળ્યું છે અને તેની તસ્દીક કરી છે તે વાતોને મોમિનો અને વિશ્વાસપાત્ર લોકો સુધી પહોંચાડશો.

મુગીરહ બિન શોઅબાએ જે મનસુબો(પ્રોગ્રામ) મઆવિયાની સમક્ષ મૂક્યો હતો તેને મુગીરાએ પોતે અને મઆવિયાના બીજા ખરીદેલા કારકુનો તેને અમલમાં લાવવાની કોશીષમાં લાગેલા હતા. તેઓ જુદા જુદા શહેરોમાંથી પ્રખ્યાત વ્યક્તિઓના પ્રતિનિધિ મંડળો શામ અને બીજા અન્ય સ્થળોએ મોકલી રહ્યા હતા. આ પ્રતિનિધિ મંડળના વ્યક્તિઓની પસંદગી અને તેઓને મોકલવાના સ્થળો વગેરેમાં મઆવિયા પોતે પણ સામેલ હતો. જેથી યઝીદની વલીઅહદી માટે (પોતાના પછી પોતાના વારસદાર શાસક તરીકે)

લોકોથી બયઅત લઈ શકાય. આ રીતે મઆવિયા પોતાના નાપાક પુત્રને પોતાનો વારસદાર બનાવી શકે અને લોકોમાં કોઈ વિરોધવંટોળ ઊઠવા ન પામે.

મઆવિયાએ ઝહાક બિન ફહરીને કહ્યું. જ્યારે આ પ્રખ્યાત અને ચૂંટી કાઢેલા ચાર માણસો તેમને સોંપેલા શહેરોમાં ફરીને અહીં પાછા ફરે ત્યારે સૌ પ્રથમ હું તેમની સાથે વાતચીત શરૂ કરીશ. જ્યારે હું વાત પુર્ણ કરું ત્યારે તમે આ લોકોને યઝીદની બયઅતની દઅવત આપજો સાથે મને પણ કહેશો કે આપ(મઆવિયા) આ બાબતમાં સુસ્તી ન કરો.

(ઝહાક બિન કૈસ રસુલુલ્લાહ(સલ.)ની વફાતથી અગાઉ જ પેદા થયો હતો. અને ઝિયાદ પછી મઆવિયાની તરફથી ચાર વર્ષ કુફાનો ગવર્નર રહ્યો. મઆવિયાના મૃત્યુ સુધી મઆવિયાની

સાથે રહ્યો. મઆવિયાની નમાઝે જનાઝા પણ એણે જ પઢાવી. યઝીદની વલીઅહદીથી અગાઉ આ જ વ્યક્તિ મઆવિયાનો જાનશીન હતો. મઆવિયા પછી પણ આ વ્યક્તિ યઝીદ અને તેના દીકરા મઆવિયાની સાથે રહ્યો.જ્યારે હુકુમત મરવાનના હાથોમાં ચાલી ગઈ ત્યારે તેણે શામના ઘણાંબધા લોકોની સાથે અબ્દુલ્લાહ બિન ઝુબેરની બયઅત કરી લીધી. "મુરજ રાહિત"માં મરવાનની ફોજની સામે લડતાં લડતાં માર્યો ગયો.-અલ ઇસ્તીઆબ ભાગ-૨ પેજ-૭૭૪)

ત્યાર બાદ મઆવિયાએ ઇસ્લામની અઝમત અને ખિલાફતની હુરમત અંગે કંઈક વાતો કરી. પછી આ લોકોને ઉદ્દેશીને કહ્યું તમે લોકોએ મારા કાર્યકર્તાઓની ઇતાઅત કરવી જોઇએ કારણ કે આ ખુદાનું ફરમાન છે. ત્યારે મઆવિયાએ યઝીદના ઇલ્મ, ઇઝ્ઝત અને રાજ્ય વ્યવસાયની

સૂઝસમજના વિષયમાં પણ ઘણુંબધું કહ્યું. આ રીતે તેની બયઅત કરવા અંગેનો મસઅલો ઊભો કરી દીધો.

ત્યારબાદ ઝહાક બિન કૈસ બિન ફ઼હરી ઊભો થયો. ખુદાની હમ્દો-સના પછી મઆવિયાને ઉદ્દેશીને કહ્યું. અય અમીર! આપના પછી લોકોનો કોઈ અમીર હોવો જોઇએ. વળી અમારો અનુભવ આ કહે છે કે જે મનસુબો કોઈ ઇજતેમામાં બની જાય છે તેના ઉપર અમલ કરવાથી ઘણી જ સારી અસરો થતી હોય છે. વળી તેનાથી વિરોધાભાસ અને ખૂનરેજી અટકી જાય છે.

ત્યારબાદ અમ્ર બિન સઈદ અલઅશરફ઼ ઊભો થયો. તેણે પણ ઝહાક જેવી જ વાતો કરી. પછી યઝીદ બિન મકના અઝરી ઊભો થયો તેણે મઆવિયાની તરફ઼ ઇશારો કરીને કહ્યું આ અમીરુલ મોઅમેનીન છે. પછી યઝીદની તરફ઼ ઇશારો કરીને

કહ્યું "એમના પછી આ છે." તેણે પોતાનું વક્તવ્ય ચાલુ રાખતા તલવારની તરફ ઇશારો કરતાં કહ્યું જો કોઈ આ બાબત રાજી નહીં થાય તો અમારી અને તેની વચ્ચે તલવાર છે.

મઆવિયાએ જવાબમાં જણાવ્યું "બેસી જાઓ તમે ખતીબોના સરદાર છો."

ત્યાર બાદ હાજર જનોમાંથી પણ અમૂક અમૂકે આ જ પ્રકારની વાતો કરી અને યઝીદની બયઅત માટે લોકોને પ્રોત્સાહિત કર્યા.

(૧૧) અહનફ બિન કૈસ

એમનું નામ પણ ઝહાક હતું. બસરાની આગેવાન વ્યક્તિઓમાંથી હતા. તાબેઈનમાંથી હતા. તેમણે વફાતે રસુલ બાદનો તરતનો જમાનો જોયો હતો. અનેક સહાબાને જોયા હતા. તે પોતાની કોમના સરદાર હતા. બુદ્ધિ, દુરંદેશી અને ઇલ્મમાં પણ પ્રખ્યાત હતા. જંગે સિફ્ફીનમાં હઝરત અલી(અલ.) સાથે હતા. જ્યારે જંગે જમલ વખતે અલિપ્ત રહ્યા હતા. મુસઅબ બિન ઝુબૈરના જમાના સુધી કુફામાં હયાત હતા. હિજરી સન ૬૭ માં વફાત પામ્યા. મુસઅબે તેમના જનાઝામાં ભાગ લીધો. કુફાની પાસે "રદીય્યા"માં દફન થયા. (અલ-કુના વલ અલકાબ ભાગ-૨ પેજ-૧૨, મુરૂજુઝ્ઝહબ ભાગ-૩ પેજ-૨૭)

પોતાના ધ્યેય-મકસદ માટે મઆવિયા પરિસ્થિતિને સંપુર્ણ અનુકુળ સમજતો હતો. જેથી તેણે અહનફને ઉદ્દેશીને કહ્યું. તમે શું કહો છો ?

અહનફે કહ્યું : જો હું તમારી વાતને સ્વીકારી લઉં છું તો તમારા ડર-ખોફના કારણે અને જો તમારી વાતને જુઠલાવું છું તો અલ્લાહના ખોફના કારણે. વળી તમારાથી બેહતર યઝીદને કોણ ઓળખે છે ? જો તમારી દૃષ્ટિમાં તે વલીઅહદીના માટે યોગ્ય છે તો પછી મશ્વેરાની જરૂરત જ નથી અને જો તમે તેને ખિલાફતના લાયક નથી સમજતા તો આ કાર્ય ન કરો, કારણ કે એક દિવસ આ દુનિયા છોડવાની છે. વળી, અમારૂં કાર્ય તો ફકત આ જ કહેવાનું છે કે સાંભળીશું અને ઇતાઅત કરીશું. આ સમયે એક શામીએ ઊભા થઈને કહ્યું. આ ઇરાકી શું કહે છે ? અમોને તો કંઈ સમજાતું નથી અમારી ફરજ તો માનવું અને ઇતાઅત કરવું છે અને પછી વિરોધીઓના મોટા મરકઝો ઉપર હુમલો કરવાનો છે. (મુરૂજુઝ્ઝહબ ભાગ-૩ પેજ-૨૭)

(૧૨) મઆવિયાનો પત્ર મદીનાના ગવર્નરના નામે

મઆવિયાએ મરવાન બિન હકમને જે એણે નિયુક્ત કરેલ મદીનાનો હાકેમ હતો તેને પત્ર લખ્યો કે યઝીદ માટે લોકોથી બયઅત લઈ લો. તે પત્રમાં આ પણ લખ્યું કે ઈરાક અને શામવાસીઓએ યઝીદની બયઅત લઈ લીધી છે. મરવાને મસ્જિદમાં ખુત્બા દરમ્યાન મઆવિયાની ઇતાઅત ઉપર અને ઇખ્તિલાફ અને ખૂનરેજીથી બચવા ઉપર પુરજોશ તકરીર કરી. પછી લોકોને યઝીદની બયઅત કરવા જણાવ્યું. વધારામાં કહ્યું કે આ અબુબકરનો તરીકો છે.

મરવાનની આ વાતો સાંભળીને પબ્લિકની વચ્ચેથી અબ્દુર્રહમાન બિન અબુબકર ઊભા થયા અને કહ્યું : "તમે જુઠ્ઠા છો. કારણ કે તેમણે ખાનદાને

અદીના એક આદમીના હાથ ઉપર બયઅત કરી અને પોતાના ખાનદાનને અલગ રાખ્યું." (મતલબ અબુબકરે પોતાના છોકરાને કે ખાનદાનની વ્યક્તિને ખલીફા નથી બનાવી.)

ત્યાર બાદ ઇમામ હુસૈન બિન અલી(અલ.), અબ્દુલ્લાહ બિન ઝુબેર અને અબ્દુલ્લાહ બિન ઉમરે પણ કંઈક વાતો કહી અને યઝીદની બયઅતનો વિરોધ કર્યો. આ પરિસ્થિતિનો સંપુર્ણ અહેવાલ મરવાને મઆવિયાને લખી જણાવ્યો. (અલ ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૬૪)

(૧૩) મઆવિયાનો સફર મદીનાની તરફ

યઝીદની બયઅતના મામલામાં મઆવિયા ઈરાકવાસીઓ અને શામવાસીઓના તરફથી સંતોષિત થઈ ગયો હતો. પરંતુ મદીનાવાસીઓના વિરોધનો ભય એને સતાવતો હતો. હજાર માણસોના કાફલા સાથે તે હિજાજ તરફ આવ્યો. મદીનામાં ખુત્બા દરમ્યાન તેણે યઝીદની તારીફ કરતાં જણાવ્યું, ખિલાફત માટે યઝીદથી બેહતર કોઈ હોઈ શકતું નથી. બુદ્ધિશક્તિમાં પણ કોઈ એની બરાબરીનું નથી. ત્યાર પછી વિરોધીઓને ધમકી આપી અને અમુક શેઅર પઢ્યો. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૩ પેજ-૫૦૮)

(૧૪) આયશાની સાથે મુલાકાત

મસ્જિદમાં લોકોને ધમકીઓ આપી મઆવિયા આયશાની મુલાકાત માટે ગયો. આયશાને મઆવિયાની ધમકીઓની ખબર મળી ચૂકી હતી. તેથી તેમણે મઆવિયાને નસીહત આપવાનું શરૂ કર્યું અને કહ્યું કે મેં સાંભળ્યું છે કે તમે તમારા વિરોધીઓને કતલ કરી નાખવાની ધમકી આપી છે. આ બાબત તમારા માટે અને તમારી હુકુમત માટે નુકસાનકારક છે.

મઆવિયાએ કહ્યું : મેં યઝીદ માટે બયઅત લઈ લીધી છે. આ થોડા માણસો સિવાય બધાએ તેની બયઅત કરી લીધી છે. શું આપ એમ ઇચ્છો છો કે જે બયઅત થઈ ચુકી છે હું તેનાથી આંખ આડા કાન કરી લઉં ?

આયશાએ કહ્યું : તેમની સાથે નરમાશથી વર્તણુંક કરો તો તમારા મકસદમાં સફળ થશો. મઆવિયાએ જવાબ આપ્યો એવું જ કરીશ. ત્યાર પછી આયશાએ મઆવિયાને કહ્યું જો કોઈને હું હુકમ આપત કે મઆવિયાને કતલ કરી દો તો તમે શું કરત ? જ્યારે કે તમે મારા ભાઈ મોહંમદને કતલ કરી નાખ્યો છે.

તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૩ પેજ ૫૦૯ રંતુ અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ નં. ૬૦ ઉપર છે કે ઇબ્ને કસીરે મરવાનથી નકલ કર્યું છે કે તેણે કહ્યું: હુજર બિન અદીના કતલ પછી મઆવિયા આયશાની પાસે ગયો ત્યારે આયશાએ મઆવિયાને કહ્યું, તમને આ રીતે મારી પાસે આવવામાં ભય ન લાગ્યો ? શક્ય છે કે મેં કોઈને તમારા કતલનો હુકમ આપ્યો હોય. મઆવિયાએ કહ્યું, "હું અમનના ઘરમાં છું."

(૧૫) મઆવિયાનો સફર મક્કા તરફ

મદીના તરફથી સંતોષિત થઈને મઆવિયા મક્કાની તરફ ચાલ્યો. હજના અમલ કર્યા બાદ તેણે હુકમ આપ્યો કે કાબાની પાસે એક મિમ્બર બનાવવામાં આવે. ત્યાર બાદ હુસૈન બિન અલી, અબ્દુર્રહમાન બિન અબુબકર, અબ્દુલ્લાહ બિન ઉમર અને ઇબ્ને ઝુબૈરને બોલાવવા માટે માણસ રવાના કર્યા. હઝરત ઇમામ હુસૈન(અલ.)ને આ બાબતની જાણ અગાઉથી જ થઈ ગઈ હતી. આપ જાણતા હતા કે મઆવિયા બધાંને બોલાવવાનો જ છે. જેથી આપ આપના દાદાના મહોલ્લામાં અબ્દુલ મુત્તલિબના ઘરોમાં જ્યાં ઉતર્યા હતા ત્યાંથી આપે પોતાનો મકામ બદલી નાખ્યો હતો. મઆવિયાનો માણસ બીજા બધાને તો સંદેશો પહોંચાડી શક્યો

પરંતુ ઇમામ આલીમકામની મુલાકાત ન થઇ. જેથી તે પાછો ફર્યો.

જ્યારે પેલા લોકો મઆવિયાના દરબારમાં હાજર થઈ ગયા ત્યારે મઆવિયાએ કહ્યું આપ લોકો જાણો છો કે મેં તમારા હકમાં નેકી કરી છે. યઝીદ તમારો ભાઇ છે, તમારા કાકાનો દીકરો છે. હું ઇચ્છું છું કે તે ખલીફા બની જાય અને તમે અમ્ર અને નહ્યની ફરજો અદા કરો.

અબ્દુલ્લાહ બિન ઝુબેરે મઆવિયાના પ્રસ્તાવની વિરૂદ્ધમાં કંઈક વાતો કહી જે તેને પસંદ ન પડી. મઆવિયાએ કહ્યું : બે માણસો તલવાર લઈને તેની પાછળ ઊભા થઈ જાઓ. ત્યાર પછી કહ્યું જો જર્રા બરાબર જીભ હલાવી તો તારી ગરદન ઉડાડી દેવામાં આવશે.

મઆવિયાની સાથે દમિશ્કથી આવનારા લોકો તે મિમ્બરની ચારે તરફ બેઠા હતા.

મઆવિયાએ કહ્યું : યઝીદની બયઅત કરી લો અને મારા આ હુકમનું પાલન કરો. શામવાળાઓએ કહ્યું : અય મઆવિયા ! અમને રજા આપો. અમે આ લોકોની ગરદન ઉડાડી દઈએ. કારણ કે અમે ત્યારે જ રાજી થઈશું જ્યાં સુધી આ લોકો ખુલ્લમખુલ્લા યઝીદની બયઅત નહીં કરે. આ રીતે મઆવિયા યઝીદની બયઅત માટે જબરદસ્તી કરતો રહ્યો. શામીઓની વાતો ઉપર તેણે કંઈ ધ્યાન ન આપ્યું, લોકો બયઅત કરતા રહ્યા.

(૧૬) મઆવિયાનું મૃત્યુ

ઇતિહાસકારોએ લખ્યું છે કે પોતાની બીમારીની શરૂઆતના જમાનામાં મઆવિયા ગુસલખાનામાં ગયો. જ્યારે તેણે પોતાના શરીરને જોયું જે બીમારીના કારણે કમજોર પડી ગયું હતું તો રડવા લાગ્યો અને તે આ શેઅર પઢયો :

أَرَىٰ اللَّيَالِيَ أَسْرَعَتْ فِيْ نَقْضِيْ

أَخَذْنَ بَعْضِيْ وَتَرَكْنَ بَعْضِيْ

"રાતો મારા શરીરના ગોશ્તને ખાઈ રહી છે. કેટલુંક ખવાઈ ગયું છે કેટલુંક બાકી છે."

જ્યારે બીમારીમાં એકદમ વધારો થઈ ગયો અને મોતની ભયાનકતા તેને દેખાવા લાગી તો કહેવા લાગ્યો :

فَيَا لَيْتَنِيْ لَمْ أَكُنْ فِي الْمُلْكِ سَاعَةً

وَلَمَّا كُفِيَا لَّلَّذَاتِ عَشَيَا لنَّوَاظِرِ

وَكُنْتُ لَذِيْ طِمْرَيْنِ عَاشَ بِبُلْغَةٍ

مِنَ الدَّهْرِ حَتّٰى زَارَ اَهْلَا لْمَقَابِرِ

તરજુમો :

"કાશ! હું હુકુમત અને સલ્તનત પ્રાપ્ત કરવાની કોશીષ ન કરત. કાશ! દુનિયાની લઝ્ઝતોને જોતાં જ આંધળો થઈ ગયો હોત અને તે વ્યક્તિ જેવો હોત જે દુનિયામાં જૂનો, ફાટેલો પોશાક પહેરીને મામુલી ખોરાક લે છે અને એ જ હાલતમાં કબરવાળાઓની મુલાકાત કરે છે." (મુરૂજુઝ્ઝહબ ભાગ-૩ પેજ-૪૯, આ જ અશઆર થોડા ફેરફાર સાથે ઇબ્ને કસીરે અલ-બિદાયા વન્નિહાયામાં ભાગ-૮ પેજ-૧૫૧ ઉપર લખ્યા છે.)

ઇબ્ને ખલ્દૂન કહે છે કે જુમ્આનો દિવસ હતો. અમે મૈસમે તમ્મારની સાથે હોડીમાં સવાર હતા.મૈસમે તમ્માર અમીરૂલ મોઅમેનીન(અલ.)ના ખાસ સહાબીઓમાંથી હતા. બલકે આપના હવારીઓમાંથી હતા. આપે તેમને તેમની કાબેલીયત મુજબ ઇલ્મ શીખવ્યું હતું. આપ મુજાહિદો અને ઇબાદત ગુજારોમાંથી હતા. મૈસમ ગુલામ હતા. અમીરૂલ મોઅમેનીન(અલ.)એ આપને ખરીદીને આઝાદ કર્યા હતા. મુસ્લિમ બિન અકીલની શહાદત પછી ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે આપને અને જનાબ મુખ્તારને ગિરફતાર કરી લીધા હતા. કૈદખાનામાં મૈસમે મુખ્તારને કહ્યું હતું. આપ ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેશો અને અબ્દુલ્લાહ ઇબ્ને ઝિયાદ જે મને કતલ કરશે તેને આપ તલવારને ઘાટ ઊતારશો. બીલકુલ એવું જ બન્યું જેવું મૈસમે કહ્યું હતું. અબ્દુલ્લાહ બિન ઝિયાદે

એમને ઇમામ હુસૈન(અલ.)ના ઈરાક આવવાના દસ દિવસ અગાઉ શહીદ કરી દીધા. અમ્ર બિન હુરૈસના ઘરની સામે ફાંસી આપીને શહીદ કરી દીધા. (નફ્સુલ મહમુમ પેજ-૧૨૬)

એટલામાં અચાનક તોફાની હવાઓ ચાલવા લાગી. મૈસમે તમ્મારે ઊભા થઈને તોફાનને જોયું અને કહ્યું કશ્તી રોકી લો. લંગર નાખી દો કે આ તેજ હવા એક સંદેશો લાવી છે. ખબર આ છે કે મઆવિયાએ પોતાના મહેલમાં દમ તોડ્યો છે. મતલબ તેનું મૃત્યુ થયું છે. એક અઠવાડિયુ વીતી ગયા પછી બીજી જુમ્આના શામથી સંદેશવાહક આવ્યો ત્યારે માલુમ પડ્યું કે પાછલી જુમ્આના મઆવિયા મરી ગયો છે અને લોકોએ યઝીદના હાથ ઉપર બયઅત કરી લીધી છે. (જિલાઉલ ઉયુન ભાગ-૨ પેજ-૧૦૪)

મઆવિયાના મૃત્યુ પછી ઝહાક બિન કૈસ ફહરી ખભા ઉપર કપડું નાખીને મસ્જિદમાં આવ્યો. મિમ્બર પાસે ઊભો રહ્યો. લોકોને ઉદ્દેશીને કહ્યું. મઆવિયા અરબસ્તાનનો બાદશાહ હતો. મારા ખભા ઉપરનું કપડું તેનું કફન છે. તેમાં અમે તેને લપેટીશું જેથી તે ખુદાનો દીદાર કરવા જાય. જે નમાઝે જનાઝા પઢવા ઇચ્છે તે આવી જાય. ત્યાર પછી તેણે નમાઝ પઢાવી.

(ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૨૪)

(૧૭) મઆવિયાનો પત્ર યઝીદના નામે

જ્યારે મઆવિયા સખત બીમાર પડ્યો ત્યારે યઝીદ તેની પાસે ન હતો. ત્યારે તેણે યઝીદના નામે એક કાગળ લખ્યો. તેને પોતાની બીમારીથી વાકેફ કર્યો. યઝીદે પત્ર વાંચી લીધા પછી કહ્યું :

સંદેશાવાહક આજે મારો પત્ર લાવ્યો છે. જે વાંચીને મારા રૂંવાડા ઊભા થઈ ગયા છે. મારૂં હ્રદય ધડકી રહ્યું છે. આ પત્રમાં શું લખ્યું છે જેનાથી તુ બેકરાર છે? દીલે કહ્યું ખલીફા ઘણો જ બીમાર થઈ ગયો છે.

યઝીદ બાપનો પત્ર વાંચીને તરત જ દમિશ્કની તરફ આવી નીકળ્યો. દમિશ્ક પહોંચતા માલુમ પડ્યું કે મઆવિયાને દફન થયાને ત્રણ દિવસ વીતી ચુકયા હતા. ઝહાક બિન કૈસ અને બીજા કેટલાક લોકોએ તેનું સ્વાગત કર્યું. યઝીદ મઆવિયાની કબર પર ગયો. તેના ઉપર નમાઝ પઢી અને પછી મસ્જિદના મિમ્બર ઉપર ગયો.

(૧૮) બાપના પછી યઝીદનો ખુત્બો

અય લોકો ! મઆવિયા ખુદાનો બંદો હતો. ખુદાએ તેને નેઅમતોથી નવાઝ્યો અને પછી પોતાની પાસે બોલાવી લીધો. હું મારા બાપના ગુણોનું વર્ણન કરવા ઇચ્છતો નથી. કારણ કે ખુદા તેના અમલોથી સારી રીતે વાકેફ છે. જો તેની બખ્શિશ કરશે તો પોતાની રહમતથી જ બખ્શિશ કરશે અને જો અઝાબમાં નાખશે તો તેના ગુનાહોના કારણે હશે. મારા બાપના પછી હુકુમતના સત્તાના સુત્રો મેં મારા હાથમાં લીધાં છે. આજે કંઈ થાય છે તે ખુદાનો ઇરાદો છે. જો કે મારા બાપ મઆવિયાએ તમને જંગોમાં ધકેલી દીધા હતા, પરંતુ હું આ પ્રમાણે તમને જંગોમાં ધકેલીશ નહિ. દુશ્મનો સામે લડવા માટે શરદીના સમય તમને રોમ મોકલ્યા હતા. પરંતુ હું તમને આવી તકલીફ આપીશ નહિ. મારા વાલિદ વર્ષમાં ત્રણ વખત તમારો માન-ઇકરામ કરીને તમને દુનિયાની માલ-દૌલતથી ફાયદો પહોંચાડતા હતા તો હું તમોને એક જ વખતમાં એક જ જગ્યાએ બધી જ

ઇઝ્ઝતોથી નવાઝી દઈશ. (અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૫૩)

આ બધા વાયદા એટલા માટે કરાતા હતા કે લોકોના દીલ જીતી લેવામાં આવે. મીઠું મીઠું બોલીને મિલ્લતે ઇસ્લામીના વિરોધથી અમનમાં રહે. માહે રજબ હિજરી સન ૬૦ માં યઝીદ હુકુમતના સિંહાસન ઉપર બેઠો. તેની મા મયસુન બિન્તે બહદલ કલબી છે.

(મયસુન બિન્તે બહદલ કબીલા દૈની કલબથી હતી. ઇસ્લામ આવતાં અગાઉ આ કબીલો ઈસાઈ હતો. યઝીદની તાલીમ-તરબિયત આ કબીલામાં થઈ હતી. જે હજી સુધી મસીહીય્યતની આદતો અને રિવાજોનો પાબંદ હતો. આ સિવાય કેટલાક ઇતિહાસકારોનું કહેવું છે કે યઝીદના કેટલાક ઉસ્તાદ પણ ઈસાઈ હતા. અઝ અઝમતે હુસૈન પેજ-૨૬૪, તારીખે યાકુબી ભાગ-૨ પેજ-૨૪૧)

(૧૯) ગમ જાહેર કરવો (તઅઝિયત)

બાપના મરી ગયા પછી સૌપ્રથમ અબ્દુલ્લાહ બિન હમામ સલુલીએ તઅઝિયત ફરમાવી કહ્યું કે આ મુસીબત ઉપર સબર અને શુક્ર જાહેર કરો અને ખુદાની હમ્દો સનામાં લાગેલા રહો જેણે હુકુમત તમને સોંપી છે. ખિલાફતનો હોદ્દો અતા ફરમાવ્યો છે. પછી કહ્યું : જો કે આપના ઉપર ઘણી મોટી મુસીબત પડી છે. પરંતુ તેના બદલામાં આ હોદ્દો પણ મળ્યો છે. જેની તમન્ના તમે ઘણી લાંબી મુદ્દતથી ધરાવતા હતા. ખુદા આપના વાલીદ મઆવિયાને ઐશો આરામની જગ્યા આપશે અને આપને આ ઝિમ્મેદારીને અદા કરવામાં કામયાબ કરશે.

ત્યાર બાદ યઝીદ મહેલમાં દાખલ થઈ ગયો. ત્રણ દિવસ આરામ કર્યા પછી બહાર આવ્યો.

મિમ્બર ઉપર ગયો. ચહેરા ઉપર રંજોગમની નિશાનીઓ દેખાતી હતી. ઝહાક બિન કૈસ આવ્યો અને મિમ્બરના કિનારે બેસી ગયો. કારણ કે એને એવો ભય હતો કે શક્ય છે કે યઝીદ તકરીર ન કરી શકે. યઝીદે તેને કહ્યું. અય ઝહાક તમે આવી ગયા છો તો મને અબ્દુશશમ્સની તકરીરનો તરીકો બતાવો. (અલ ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૬૪)

(૨૦) યઝીદનું સ્વપ્ન

યઝીદે મિમ્બર પરથી લોકોને ઉદ્દેશીને કહ્યું: અમે દીને ખુદાના મદદગાર છીએ. અય શામવાળાઓ ! તમને મુબારક થાય કે તમારી અંદર ભલાઈ અને ખૂબીઓ ભરેલી છે. યાદ રાખો ! મારી અને ઇરાકવાળાઓની વચ્ચે એક ભયંકર જંગ ખેલાશે. ત્રણ દિવસ પહેલાં મેં સ્વપ્ન જોયું છે. મારા અને ઈરાક વચ્ચે ખૂનનો દરિયો વહી રહયો છે. મેં તે દરિયાને પાર કરવાની ઘણી કોશીષ કરી, પરંતુ પાર ન કરી શક્યો. અહીં સુધી કે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ આ ખૂનના દરિયામાંથી પસાર થઈ ગયો. હું ખ્વાબમાં આ દૃશ્ય જોઈ રહ્યો છું. (મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૨૮)

શામવાળાઓ જેઓ યઝીદની તકરીરથી સંપુર્ણપણે ખુશ થઈ ગયા હતા તેમણે કહ્યું : અય યઝીદ ! અમને આપ જે બાજુ લઈ જવા ઇચ્છો લઈ

જાઓ. તેજ તલવારો સાથે અમે આપની સાથે આવવા તૈયાર છીએ જે તલવારો વડે અમે સિફ્ફીનમાં ઈરાકવાળાઓનો મુકાબલો કર્યો હતો. આ સાંભળી યઝીદે તેમના માટે દુઆ કરી પછી હુકમ આપ્યો કે તેમની આ વફાદારીના બદલામાં તેમના દરમ્યાન સારા પ્રમાણમાં માલ વહેંચવામાં આવે.

ત્યાર પછી શહેરોમાં મઆવિયાના મૃત્યુની ખબરો પહોંચાડવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો. સાથે મઆવિયાના નિયુક્ત કરેલા ગવર્નરોને તેમના હોદ્દા ઉપર બાકી રાખવામાં આવ્યા. ઉપરાંત મઆવિયાના ગુલામ સરજુનના સૂચનથી ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને કૂફા અને બસરાનો હાકેમ બનાવી દેવામાં આવ્યો. કારણ કે એમની હુકુમતના વિરોધીઓ આ બંને શહેરોમાં આબાદ હતા. વળી આ બંને શહેરો ઘણાં જ સંવેદનશીલ હતા. (તારીખે યાકૂબી ભાગ-૨ પેજ-૨૪૧)

(૨૧) મદીનાના હાકિમના નામે યઝીદનો પત્ર

મઆવિયાના મરી ગયા પછી દમિશ્ક પહોંચીને તરત જ યઝીદે એક પત્ર મદીનાના હાકિમ વલીદ બિન ઉતબાને લખ્યો. તેમાં હુકમ આપ્યો કે હુસૈન બિન અલી(અલ.) અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરને દરબારમાં બોલાવી એમની પાસેથી મારી બયઅત લઈ લો અને જો તેઓ બયઅતથી ઇન્કાર કરે તો તેમના માથા કલમ કરીને મારી પાસે મોકલી આપો. સાથે મદીનાના અન્ય લોકો પાસેથી પણ મારી બયઅત લો. જો કોઈ બયઅતથી ઇન્કાર કરે તો તેના માટે પણ આ જ હુકમ ઉપર અમલ કરજો જે મેં લખ્યું છે. (તારીખે યાકૂબી ભાગ-૨ પેજ-૨૪૧)

ઇતિહાસકારોએ આ પણ લખ્યું છે કે યઝીદે ઉપરોક્ત મુખ્ય પત્રની સાથે એક નાની ચિઠ્ઠી પણ જોઇન્ટ કરી હતી. તેમાં લખ્યું હતું કે હુસૈન બિન અલી, અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુર્રહમાન બિન અબુબકર

અને અબ્દુલ્લાહ બિન ઝુબૈરને દરબારમાં બોલાવો અને એમની પાસે મારી બયઅત માંગો.મોહદ્દિસ કુમ્મીએ નફ્સુલ મહમૂમમાં પેજ નં ૬૬ પર લખ્યું છે કે આ રિવાયત કે જેમાં અબ્દુર્રહમાન બિન અબુબકરનું નામ છે સાચી નથી. કારણ કે તેઓ તો મઆવિયાથી પહેલાં મૃત્યુ પામ્યા હતા. તેથી બિલાઝરીએ ઇન્સાબુલ અશરાફમાં ભાગ-૩ પેજ નં. ૧૫૫ માં અબ્દુર્રહમાન બિન અબુબકરનું નામ લખ્યું નથી. જો આ લોકોમાંથી કોઈ બયઅત ન કરે તો તેમનું માથું કાપીને મને મોકલી આપો.

વલીદે યઝીદનો પત્ર વાંચીને પોતાની જાતને કહ્યું : કાશ! હું માના પેટથી પેદા જ ન થયો હોત. કારણ કે મને ઘણાં મોટા કાર્યનો હુકમ આપવામાં આવ્યો છે અને હું કદીપણ તેના ઉપર અમલ કરીશ નહીં. (મુસીરૂલર અહઝાન ઇબ્ને નુમા, પેજ-૨૩)

(૨૨) મરવાનની સાથે મશ્વેરો કરવો

વલીદ યઝીદનો પત્ર વાંચીને પરેશાન થઈ ગયો. રાતે જ કોઈને મરવાન બિન હકમને શોધી લાવવા રવાના કર્યો. કારણ કે વલીદથી અગાઉ મરવાન મદીનાનો હાકેમ હતો. મરવાન વલીદની પાસે આવ્યો તો ખરો પરંતુ વલીદની મુલાકાત તેને ગમતી ન હતી. વલીદે તેની સાથે ચર્ચા કરી. યઝીદના પત્રની વાત કરી. પૂછ્યું કે હું આ લોકો સાથે કેવી વર્તણુંક કરૂં ?

મરવાને કહ્યું કે તેમને અત્યારે બોલાવો (યાદ રહે કે તે રાતનો સમય હતો.) અને યઝીદના માટે બયઅત લઈ લો. જો તેઓ ખુશીથી બયઅત કરી લે તો બહુ સારૂં, નહીં તો તેઓને મઆવિયાના મૃત્યુની ખબર પડતા અગાઉ જ કતલ કરી નાખો. કારણ કે જો તેઓને મઆવિયાના મૃત્યુની ખબર

પડી ગઈ તો આ લોકોમાંથી દરેક જુદો જુદો રસ્તો અપનાવશે અને લોકોને યઝીદના વિરૂદ્ધ ભડકાવશે અને તેમને પોતાની તરફ દઅવત આપશે. બાકી રહ્યા અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર તો તેઓ લડાઇ ઝઘડાવાળા માણસ નથી. ન તો તેઓ હુકુમતની તમન્ના ધરાવે છે. પરંતુ તેઓ હુકુમત કરવા ત્યારે ઇચ્છે જ્યારે લોકો તેમને દરખાસ્ત કરે.

વલીદે તરત જ રાતે જ ઇમામ હુસૈન(અલ.), અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈર, અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર અને ઇબ્ને ઉસ્માન વગેરે પાસે સરકારી માણસ મોકલ્યો. (અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૫૬) જ્યારે સંદેશાવાહક પહોંચ્યો ત્યારે હઝરત ઇમામ હુસૈન(અલ.) અને અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈર બંને તો મસ્જિદમાં જ હતા. કહ્યું કે તમે જાઓ. અમે જાતે જ આવી જઇશું. ઇબ્ને ઝુબૈરે ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું આટલી રાતે વલીદે

આપણને શા માટે બોલાવ્યા ? આ તો તેની મુલાકાતનો અને તેની સાથે વાતચીત કરવાનો સમય નથી. (મકતલે મુકર્રમ પેજ-૧૨૯)

હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મને લાગે છે કે મઆવિયા અલ્લાહને પોતાનો હિસાબ ચૂકવતો થઈ ગયો છે.(કારણ કે મેં ખ્વાબમાં જોયું છે કે મઆવિયાનો મિમ્બર ઉલટી ગયો છે. અને તેનું ઘર આગમાં બળી રહ્યું છે.-મુસીરૂલ અહઝાન પેજ-૨૪) અને વલીદે આપણને શહેરમાં મઆવિયાના મૃત્યુની ખબર ફેલાતાં અગાઉ યઝીદની બયઅત માટે બોલાવ્યા છે. અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરે કહ્યું મને પણ એમ જ લાગે છે. હવે આપનો શું ઇરાદો છે ? ઇમામે ફરમાવ્યું હું મારા અંદર યઝીદની બયઅતને ઠુકરાવી દેવાની શક્તિ ધરાવું છું.

ઇમામ હુસૈન(અલ.)ની આ વાત કે હું મક્કામાં જુવાનોને એકત્ર કરી રહ્યો છું. તેમને મહેલના દરવાજા

ઉપર બેસાડું છું. હું મારા અંદર યઝીદની બયઅત ઠુકરાવી દેવાની હિંમત રાખું છું. આ વાતથી સ્પષ્ટ થાય છે કે ઇમામ(અલ.) હરગિઝ યઝીદની સાથે કોઈપણ જાતની સમજુતિ કરવા ઇચ્છતા ન હતા.

ત્યાર બાદ ઇમામ પોતાના વફાદાર સાથીઓ, મદદગારો અને જાન કુરબાન કરી દે એવા સાથીઓની સાથે હાકીમના દરબારમાં ગયા. સાથીઓને ફરમાવ્યું : હું અંદર જાઉં છું. જ્યારે હું તમને અવાજ આપું અથવા તમે સાંભળો કે મારી અવાજ બુલંદ થઈ ગઈ છે ત્યારે તમે તરત જ દારૂલ અમારામાં દાખલ થઈ જજો. વળી જ્યાં સુધી હું દારૂલ અમારાની બહાર ન આવી જાઉં ત્યાં સુધી આમતેમ ક્યાંય ન જશો. ઇમામ હુસૈન(અલ.) વલીદની પાસે પહોંચ્યા. ત્યારે મરવાન પણ ત્યાં હાજર હતો. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૧૪)

(૨૩) વલીદ સાથે મુલાકાત

જ્યારે મદીનાના હાકિમ વલીદ બિન ઉતબાએ ઇમામની સામે યઝીદનો પત્ર વાંચી સંભળાવ્યો ત્યારે આપે ફરમાવ્યું "હું કદી પણ યઝીદની બયઅત કરવાનો નથી." - મા કુન્ત ઉબાયેઓ લે યઝીદ

મરવાન જે ઇમામની આ વાતથી તો નારાજ હતો તેણે કહ્યું : અમીરૂલ મોઅમેનીનની બયઅત કરો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અફસોસ છે તારી ઉપર, શું નકામો બકવાસ કરે છે. યઝીદને કોણે અમીરૂલ મોઅમેનીન બનાવ્યો છે ?

મરવાન જે ગુસ્સામાં છટકી ગયો હતો, ઊભો થયો અને તલવારનો હાથો મજબુતીથી પકડીને વલીદને કહ્યું હુકુમતના કારકુનોને હુકમ આપો કે દારૂલ અમારા છોડતાં પહેલાં એમને કતલ કરી દે. એમના ખૂનની ઝિમ્મેદારી હું લઉં છું.

તે જ સમયે ઇમામની અવાજ બુલંદ થઈ. તરત જ આપના અનસાર અને મદદગાર ખુલ્લી તલવારો

સાથે દારૂલ અમારામાં દાખલ થઈ ગયા. તેઓએ ઇમામને ઘેરી લઈને મહેલની બહાર લઈ આવ્યા. (મનાકિબ ઇબ્ને શહરેઆશુબ ભાગ-૪ પેજ-૮૮)

કેટલાક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.) મરવાનની વાતોથી ખૂબ જ ગુસ્સે થઈ ગયા. પછી ફરમાવ્યું : ઝરકાના પુત્ર ! તુ મારા કતલનો હુકમ આપે છે? અમે નબીના અહલેબયત છીએ અને યઝીદ એક ફાસિક માણસ છે જે ખુલ્લમખુલ્લા શરાબ પીએ છે. બેગુનાહોને કતલ કરે છે. મારા જેવો તેના જેવાની બયઅત નથી કરી શકતો. આ તો સમય બતાવશે કે અમારામાંથી કોણ ખિલાફત અને લોકોથી બયઅત લેવાને યોગ્ય છે.

દારૂલ અમારાથી ઇમામ હુસૈન(અલ.)ના ચાલ્યા ગયા પછી મરવાને વલીદને ઉદ્દેશીને કહ્યું. તમે મારી વાત ઉપર ધ્યાન ન આપ્યું. ખુદાની કસમ ! હવે હુસૈન તમારા હાથમાં આવશે નહિ. વલીદે કહ્યું : તમારા મશ્વેરા ઉપર અમલ કરવાથી મારો દીન તબાહ-બરબાદ થઈ

જાત. ખુદાની કસમ! જો મને પૂરી દુનિયા પણ આપવામાં આવે, તો પણ હું હુસૈન(અલ.)ને કતલ કરીશ નહિ. તેમના લોહીથી મારા હાથો રંગીન કરીશ નહિ. આ બાબતમાં હું ખુદાની પનાહ ચાહું છું. તે પણ આ ગુનાહ માટે કે તેઓ યઝીદની બયઅતથી ઇન્કાર કરે છે. ખુદા કસમ! જે વ્યક્તિ હુસૈન(અલ.)ના કતલમાં સામેલ થશે તે અલ્લાહની નજરમાં સૌથી વધારે હકીર અને ઝલીલ થઈ જશે.

મરવાન વલીદની વાતોથી રાજી તો ન હતો. છતાંય જાહેરમાં તો તેની વાત સાચી માની લીધી અને કહ્યું કે જો હુસૈન(અલ.) માટે તમારો દૃષ્ટિકોણ આવો જ છે તો તેમનાથી વાતચીત કરવા માટે તમે બેહતરીન રસ્તો અપનાવ્યો હતો. (ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૩૩)

(૨૪) મરવાનની મુલાકાત

બીજા દિવસે મરવાને રસ્તામાં ઇમામ(અલ.)ની મુલાકાત કરી. તેણે વિનંતી કરી જો આપ કબુલ ફરમાવો તો હું આપને એક વિનંતી કરૂં છું. ફરમાવ્યું : બોલો શું કહો છો ? મરવાને કહ્યું : મારી વિનંતી આ છે કે આપ અમીરૂલ મોઅમેનીન યઝીદની બયઅત કરી લો. કારણ કે આ બયઅત આપના દીન અને દુનિયા બંને માટે બેહતર છે. ઇમામે ઘણા અફસોસ સાથે ઇન્ના લિલ્લાહ પઢ્યું અને ફરમાવ્યું :

وَعَلَى الْإِسْلَامِ السَّلَامُ إِذْ قَدْ بُلِيَتِ الْأُمَّةُ بِرَاعٍ مِثْلِ يَزِيدَ، وَيْحَكَ يَا مَرْوَانُ أَتَأْمُرُنِي بِبَيْعَةِ يَزِيدٍ وَهُوَ رَجُلٌ فَاسِقٌ

જો ઉમ્મતનો અમીર યઝીદ જેવો બની જાય, તો ઇસ્લામને ખુદા હાફિઝ, અફસોસ છે મરવાન તારી હાલત ઉપર કે તુ મને યઝીદની

બયઅતનો મશ્વેરો આપી રહ્યો છે. જો કે તે એક ફાસિક વ્યક્તિ છે. શા માટે આવી બેકાર અને નાપસંદ વાતો કરે છે ?

ઇમામે મરવાનને ફરમાવ્યું : તારી આ વાતોના કારણે હું તને ઠપકા પાત્ર નથી ગણતો. કારણ કે તમે તે જ છો કે રસુલુલ્લાહ(સલ.)એ તમારી ઉપર ત્યારે લઅનત કરી હતી જ્યારે હજી તમારા બાપ હકમ બિન આસની પીઠમાં હતા. પછી તેને ઉદ્દેશીને ફરમાવ્યું : દૂર થઈ જા અય દુશ્મને ખુદા! અમે રસૂલે ખુદાના અહલેબયત છીએ. હક અમારી સાથે અને અમારી અંદર છે અને અમારી ઝબાનથી ફકત હક નીકળે છે. મેં પોતે રસૂલે ખુદા(સલ.)થી સાંભળ્યું છે. આપે ફરમાવ્યું : અબુ સુફયાનના દીકરાઓ, પોતરા અને તેના ગુલામો ઉપર ખિલાફત હરામ છે. વળી ફરમાવ્યું : જો મઆવિયાને મારા મિમ્બર ઉપર જુઓ તો બેધડક

તેનું પેટ ચીરી નાખજો. ખુદાની કસમ! મદીનાવાસીઓએ તેને મારા નાના ના મિમ્બર ઉપર જોયા. પરંતુ જે વાતનો હુકમ આપવામાં આવ્યો હતો તેઓએ તેના ઉપર અમલ ન કર્યો.

આ બધું સાંભળી મરવાન ગુસ્સામાં ચિડાઈને બોલ્યો: હું આપને છોડીશ નહિં, અહીં સુધી કે આપ યઝીદથી બયઅત કરી લો. આપ લોકો આલે અલી અબુ સુફિયાનની અવલાદ માટે દીલોમાં કીનો રાખો છો. જેથી તેમના માટે આપ લોકોના દીલોમાં દુશ્મની હોય જ. ઇમામ હુસૈન(અલ.)એ ઊંચા અવાજથી ફરમાવ્યું: દૂર હટી જા નાપાક! કે અમે અહલેબયત પાક-પાકીઝા છીએ. ખુદાએ અમારા જ માટે કુરઆનમાં વહી નાઝિલ કરી છે.

إِنَّمَا يُرِيدُ اللَّهُ لِيُذْهِبَ عَنكُمُ الرِّجْسَ أَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا

(સૂ. અહઝાબ આ-૩૩)

ઇમામ હુસૈન(અલ.)ના ઉપરોક્ત બયાન પછી કંઈપણ બોલવા માટે મરવાનની જીભ ઉપડી શકી નહીં. પરંતુ ઇમામે પોતાનું વકતવ્ય ચાલુ રાખતાં ફરમાવ્યું : અય ઝરકાના પુત્ર! તમે લોકો રસુલુલ્લાહ(અલ.)થી દુશ્મની રાખો છો તેથી હું તમને તે દિવસના દર્દનાક અઝાબથી ડરાવું છું જે દિવસે તમને બારગાહે ખુદાવંદીમાં હાજર કરવામાં આવશે. ત્યારે મારા નાના તમારાથી મારા અને યઝીદના વિષયમાં સવાલ કરશે. (અલ ફુતુહ ભાગ-૫ પેજ-૨૪)

જ્યારે યઝીદને મદીનાની આ બધી માહિતી પહોંચી તો તેણે તરત જ વલીદ બિન ઉત્બાને મદીનાના ગવર્નરથી પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ મરવાન બિન હકમને નિયુક્ત કર્યો. (મનાકિબે ઇબ્ને શહરઆશુબ ભાગ-૪ પેજ-૮૮)

(૨૫) ઇમામ(અલ.)નું રસુલ(સલ.)ની કબરથી રજા લેવું

હઝરત ઇમામ હુસૈન(અલ.)એ વિચાર્યું કે હિજાઝને છોડીને ઇરાક ચાલ્યા જવામાં આવે. રાતના સમયે નાનાની કબર મુબારક ઉપર હાજર થયા. જેથી પોતાના નાનાથી જુવાની રજા માંગે. જ્યારે આપ મઝારે રસૂલ(સલ.)ની નજીક પહોંચ્યા તો આપે જોયું કે રસૂલની કબરમાંથી એક નૂર નીકળે છે. પછી તે નૂર પોતાની જગ્યાએ ચાલ્યું જાય છે.

બીજી રાતે પણ ઇમામ ફરીથી હરમે નબવીમાં તશરીફ લઈ ગયા. નમાઝ અદા ફરમાવી. એટલો લાંબો સજદો કર્યો કે સજદામાં જ ગુનુદગી (ઊંઘ જેવી પરિસ્થિતિ) છવાઈ ગઈ. આપે સ્વપ્નમાં જોયું તો આપ રસુલુલ્લાહ(સલ.)ના

ખોળામાં છે. પૈગંબરે ઇસ્લામે ઇમામની પેશાનીને બોસો આપ્યો. પછી ફરમાવ્યું : મારા બાપ તમારી ઉપર કુરબાન થઈ જાય. હું તમને તે લોકોની વચ્ચે ખૂનમાં લોથપોથ જોઈ રહ્યો છું કે આ લોકો મારી શફાઅતની ઉમ્મીદ રાખે છે પરંતુ તેમને મારી શફાઅત નસીબ નહીં થાય. દીકરા ! તમે નજીકમાં જ તમારા વાલેદૈન અને ભાઈની પાસે પહોંચશો.

وَاِنَّلَكَفِيالْجَنَّةِدَرَجَاتٍلَاتُنَالُهَااِلَّابِالشَّهَادَةِ

તેઓ તમારા દીદારના મુશ્તાક છે અને અલ્લાહે જે દરજ્જો તમારા માટે નક્કી કર્યો છે તે શહાદત વગર મળી શકશે નહિ.તે સમયે રડતાં રડતાં જાગ્યા અને ઘરે આવ્યા. ખાનદાનવાળાઓ અને અઝીઝોની સમક્ષ પોતાનું ખ્વાબ વર્ણવ્યું. (અમાલી શૈખ સુદૂક મજલિસ-૩૦ હદીસ-૧)

(૨૬) વાલિદહ અને ભાઈથી રજા લેવું

ઇમામ હુસૈન(અલ.) રાતના અંધકારમાં પોતાની વાલિદહ જનાબ ફાતેમા(સલા.)ની કબર ઉપર આવ્યા અને કબરની પાસે ઉભા રહીને પોતાની વાલીદહની મોહબ્બતો, કુરબાનીઓ અને અઝમતોને યાદ કરી રડતાં રડતાં છેલ્લી રૂખ્સત માંગી. પછી પોતાના ભાઈ ઇમામ હસન(અલ.)ના મઝાર ઉપર તશરીફ લઈ ગયા. કબરથી ચોંટીને ખૂબ જ ગમ અને દુ:ખનો ઇઝહાર કરી પાછા ફર્યા. (હયાતે ઇમામ હુસૈન(અલ.) ભાગ-૨ પેજ-૨૬૧)

(૨૭) મોહંમદ બિન હનફીયાને વસીય્યત

રવાના થતા અગાઉ ઇમામ હુસૈન(અલ.)એ વસીય્યતના હેતુસર ભાઈ મોહંમદ હનફિયાને એક પત્ર લખ્યો. તેમાં લખ્યું :

وَاِنِّيْ لَمْ اَخْرُجْ اَشِرًا وَّلَا بَطِرًا وَّلَا مُفْسِدًا وَّلَا ظَالِمًا وَاِنَّمَا خَرَجْتُ لِطَلَبِ

الْاِصْلَاحِ فِيْ اُمَّةِ جَدِّيْ اُرِيْدُ اَنْ آمُرَ بِالْمَعْرُوْفِ وَاَنْهٰى عَنِ الْمُنْكَرِ وَاَسِيْرَ بِسِيْرَ

ةِ جَدِّيْ وَاَبِيْ طَالِبٍ عَلَيْهِ السَّلَامُ ، فَمَنْ قَبِلَنِيْ بِقَبُوْلِ الْحَقِّ فَاللّٰهُ اَوْلٰى بِالْحَقِّ وَمَنْ رَدَّ عَ

لَيَّ هٰذَا اَصْبِرُ حَتّٰى يَقْضِيَ اللّٰهُ بَيْنِيْ وَبَيْنَ الْقَوْمِ بِالْحَقِّ وَهُوَ خَيْرُ الْحَاكِمِيْنَ

આ તે લખાણ છે જેની ઇમામ હુસૈન(અલ.)એ પોતાના ભાઈ મોહંમદ બિન હનફીયાને વસીય્યત કરી છે :

બેશક હુસૈન ગવાહી આપે છે કે ખુદા એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને મોહંમદ(સલ.) તેના બંદા અને રસુલ છે. જેઓ

અલ્લાહની તરફથી હક લાવ્યા છે. જન્નત અને જહન્નમ હક છે. કયામત જરૂર આવવાની છે અને અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત મુરદાઓને જીવતા કરશે.

અમ્મા બાદ : હું ફિત્ના અને ફસાદ ઊભો કરવા કે ઇઝ્ઝત આબરૂની હવસ માટે નથી જઈ રહ્યો બલ્કે હું મારા જદ્દે બુઝુર્ગવાર રસુલની ઉમ્મતની ઇસ્લાહ માટે જઈ રહ્યો છું. મેં નેકીઓનો હુકમ આપવા, બુરાઇઓથી રોકવા અને મારા નાના અને વાલિદ અલી બિન અબીતાલિબ(અલ.)ની સીરતની પૈરવી કરવાનો ઇરાદો કરી લીધો છે. જો હકની તરફની દઅવતને કોઈ કબૂલ કરશે તો ખુદાનો હક કબૂલ કરવાને વધુ પાત્ર છે અને જો કોઇએ તેને કબૂલ ન કર્યો તો હું સબર કરીશ અહીં સુધી કે અલ્લાહ મારી અને તે જમાતની વિરૂદ્ધ ફેંસલો કરી દે અને તે બેહતરીન ફેંસલો કરનાર છે.

ભાઈ તમારા માટે આ મારી વસીય્યત છે. તૌફીક ફકત ખુદાની મદદ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. હું તેના ઉપર ભરોસો કરૂં છું અને તેના તરફ રૂજૂઅ થાઉં છું, રગબત ધરાવું છું.

ત્યાર પછી પત્ર પૂર્ણ કરીને મહોર લગાવી પત્ર ભાઇને આપી દીધો. (બેહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૨૯)

(૨૮) મોહંમદ બિન હનફીયાની રજૂઆત

હનફિયા તેમની વાલેદાનો લકબ હતો. માનું નામ ખુલા હતું. જે જફર બિન કૈસની દીકરી હતાં. હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું : મોહંમદ આ વાતને પસંદ નથી કરતા કે ગુનાહ કરે, તે જ મોહંમદોમાંથી મોહંમદ બિન હનફિયા પણ છે. મોહંમદ બિન હનફિયા ઇમામ હુસૈન(અલ.)ની સાથે કોઈ જરૂરી બાબત યોગ્ય કારણે ઈરાક ન જઈ શક્યા. તેમની વફાતના વર્ષમાં અને દફનની જગ્યામાં વિરોધાભાસ છે. કેટલાકનું કહેવું છે કે હિજરી સન ૮૦માં આપની વફાત થઈ અને જબલે રિઝવીમાં દફન થયા. જ્યારે કેટલાકનું કહેવું છે કે તાઇફમાં દફન થયા. (તનકીહુલ મકાલ ભાગ-૩ પેજ-૧૧૨)

જ્યારે મોહંમદ બિન હનફિયાને આ ખબર પહોંચી કે ઇમામ હુસૈન(અલ.)મદીનાથી નીકળી રહ્યા છે. આપ ઇરાદો કરી ચૂકયા છે. ત્યારે તેઓ ઇમામ

હુસૈન(અલ.)ની પાસે આવ્યા અને વિનંતી કરી ભાઈ ! આપ મારી નજરોમાં સૌથી વધારે મહેબુબ છો અને હું દરેકને નિ:સંકોચ મશ્વેરો આપુ છું. આપની તો વાત જ જુદી છે. જેથી આપને એનાથી નિશ્ચિત સમજુ છું. આપના માટે યઝીદની બયઅતનો તો પ્રશ્ન જ નથી અને જ્યાં સુધી શક્ય હોય શહેરોમાં રહેવાથી બચજો. પછી ત્યાંથી પોતાના પ્રતિનિધિઓ મોકલતા રહેજો. અને લોકોને પોતાના તરફથી દઅવત આપતા રહેજો. જો તેઓ આપની દઅવત કબૂલ કરે અને આપની બયઅત કરી લે તો આ બાબત ખુદાનો શુક્ર અદા કરજો અને જો તેઓ બયઅતના માટે કોઈ બીજાને પસંદ કરે તો તેમની આ ગલત પસંદગીના કારણે આપની અઝમત અને દરજ્જામાં કોઈ ફરક પડવાનો નથી. જો આપ કોઈ શહેરમાં દાખલ થાઓ અને ત્યાંના લોકો આપની બયઅતની બાબતમાં શંકાકુશંકામાં પડી જાય. કેટલાક આપની બયઅત કરે

અને કેટલાક વિરોધ કરે, જેઓ નહીં કરે તેઓ વિરોધ કરશે. પરિણામે ફિતનાની આગ ભભુકી ઊઠશે. પછી બેગુનાહ લોકોનું લોહી વહી જશે. તો પછી તેઓ આપને વચ્ચેથી હટાવી દેવાનું ઇચ્છશે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું કે ભાઈ ! તમે જ બતાવો હું ક્યાં જાઉં ? મોહંમદ બિન હનફિયાએ વિનંતીપૂર્વક જણાવ્યું કે તમે મક્કા ચાલ્યા જાઓ અને જો આપને યોગ્ય લાગે કે આ શહેર રોકાણ માટે, અમ્ર બિલ મઅરૂફ માટે યોગ્ય છે તો ત્યાં જ નિવાસ કરી લો અને જો આપને એમ લાગે કે મક્કા પણ આપના માટે અમનની જગ્યા નથી તો પછી આપ ઓછી વસ્તીવાળા ગામડા જેવા જંગલ વિસ્તારો તરફ ચાલ્યા જાઓ. ત્યાં પછી એક જગ્યાએથી બીજી જગ્યાએ સફર કરતા રહેજો અહીં સુધી કે આપ આપના મકસદમાં કામયાબ થઈ જાઓ.

(૨૯) ઇમામ(અલ.)નો જવાબ

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : ભાઈ તમે મને મોહબ્બતભર્યા મશ્વેરાથી નવાઝ્યો. દુઆ કરૂ છું કે આપના મશ્વેરા મકબુલ થાય. (ઇરશાદે શૈખ મુફીદ ભાગ-૨ પેજ-૩૪)

કેટલાક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇમામે જવાબમાં ભાઈ મોહંમદ બિન હનફીયાને ફરમાવ્યું:

فَقَالَ الْحُسَيْنُ يَا أَخِيْ وَاللهِ لَوْ لَمْ يَكُنْ مَلْجَأٌ وَلَا مَأْوًى لَمَا بَايَعْتُ يَزِيْدَ بْنَ مُعَاوِيَةَ

ભાઈ પુરી દુનિયામાં જો મને ક્યાંયે પનાહ નહીં મળે તો પણ હું યઝીદ બિન મઆવિયાની બયઅત કરીશ નહિ.

આ સાંભળીને મોહંમદ બિન હનફિયા રડવા લાગ્યા. કારણ કે જાણતા હતા કે એમના ભાઈ ઇમામ હુસૈન(અલ.)એ આ રસ્તાની પસંદગી ઇરાદાપૂર્વક કરી છે અને આ બાબત પેશ આવતી મુસીબતોને જાનના બદલામાં ખરીદી છે. ઇમામે એમનો શુક્રિયા અદા કર્યો.

પછી ફરમાવ્યું : ભાઇ! અલ્લાહ તમોને જઝાએ ખૈર અતા ફરમાવે. તમે સારો મશ્વેરો આપ્યો. હાલમાં હું મક્કા તરફ જઈ રહ્યો છું. મારી પોતાની, મારા ભાઇઓ અને અમારા ચાહકોનો પણ આ જ મત છે. પરંતુ આપ મદીનામાં રહીને અમારી પાસે જરૂરી ખબરો મોકલી શકો છો. મારાથી કોઈ ચીજ છુપાવશો નહિ. (બેહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૨૯)

કેટલાક લોકોએ લખ્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઈરાક તરફ રવાના થયા ત્યારે આપે રસુલુલ્લાહ(સલ.)ના નેક ઝવજા (પત્ની) જનાબ ઉમ્મે સલમા(રઝિ.)ને બોલાવ્યા અને જે કંઈ કિતાબો અને વસીય્યતો આપની પાસે હતી તેને અમાનત તરીકે તેમને સોંપી. જેથી જ્યારે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) કરબલાથી પાછા ફરે ત્યારે જનાબ ઉમ્મે સલમાએ તે કિતાબો અને વસીય્યતો તેમને સોંપી દે. (કાફી ભાગ-૧ પેજ-૩૦૪)

(૩૦) બની હાશિમની સ્ત્રીઓનું રડવું

બની હાશિમની (રસુલુલ્લાહ સલ.નું ખાનદાન) સ્ત્રીઓને આ ખબર પહોંચી ત્યારે તેઓને ઘણો જ આઘાત લાગ્યો કે ઇમામ મદીનાથી મક્કા જઈ રહ્યા છે. જેથી તેઓ નવહા પઢવા અને રડવા માટે એકત્ર થઈ ગઈ. ઇમામ હુસૈન(અલ.) તેમની પાસે તશરીફ લઈ ગયા. પછી તેઓને આમ કરવાની મનાઇ કરી.

તેમણે કહ્યું : અય પાકીઝા લોકોના પ્યારા ! અલ્લાહ અમને આપના માટે ફિદયો કરાર દે. અમે કેવી રીતે રડવાથી અમારી જાતને રોકી શકીએ ? કારણ કે આજનો દિવસ અમારા માટે એવો છે જેવો કે વફાતે રસુલ(સલ.)નો દિવસ હતો. આપ(સલ.)ની રેહલતના થોડાક દિવસ પછી ફાતેમા, અલી અને હસન અલયહેમુસ્સલામ પણ

અમને જુદાઈનું દુ:ખ આપી ગયા. હવે આપ મદીના છોડી જઈ રહ્યા છો. કિતાબોમાં આ પણ લખ્યું છે કે ઇમામની એક ફોઇએ કહ્યું, મેં એક ગૈબી અવાજ આપનારની અવાજ સાંભળી છે કે :

وَاَنَّقَتِيلَالطَّفِّمِنَآلِهَاشِمٍاَذَلَّرِقَاباًمِنْقُرَيْشٍفَذَلَّتْ

આલે હાશિમમાં કરબલામાં શહીદ થવાવાળાએ કુરૈશના ઝાલિમ આગેવાનોને ઝલીલ અને રૂસ્વા કરી દીધા અને તેઓ ઝલીલ થઈ ગયા.

ઇમામ હુસૈન(અલ.)એ હાશમી સ્ત્રીઓ અને બાળકોને સબરની તલકીન કરી. પછી ફરમાવ્યું આ અલ્લાહનો મક્કમ ફેંસલો છે જે થઈને રહેશે. (મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૩૭)

(૩૧) શહાદતની આગાહી

(૧) અબ્દુલ્લાહ બિન અબ્બાસ નકલ કરે છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઈરાક જઈ રહ્યા હતા. હું આપની મુલાકાત માટે ગયો અને વિનંતી કરી અય ફરઝંદે રસૂલ ! હું આપને ખુદાની કસમ આપીને કહું છું કે આપ ઇરાક ન જાઓ આ સફર પડતો મૂકો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય અબ્બાસના દીકરા ! શું તમે નથી જાણતા કે ઈરાકની જમીન મારા વફાદાર અસહાબની શહાદતની જગ્યા છે. મેં વિનંતી કરી કે આ ખબર આપને ક્યાંથી મળી છે ? ફરમાવ્યું આ તે ભેદોમાંથી એક ભેદ છે જેની મને ખબર છે અને આ એક એવું ઇલ્મ છે જે અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત તરફથી મને આપવામાં આવ્યું છે. (દલાઇલુલ ઇમામત પેજ-૭૪)

(૨) બયહકીએ પોતાના ઇતિહાસમાં લખ્યું છે કે રસુલુલ્લાહ(સલ.)એ ઇમામ(અલ.)ને ફરમાવ્યું :

إِنَّ لَكَ فِي الْجَنَّةِ دَرَجَةً لَا تَنَالُهَا إِلَّا بِالشَّهَادَةِ

જન્નતમાં તમારા માટે એક દરજ્જો છે જે દરજ્જા ઉપર શહીદ થઈને જ પહોંચશો.

જેથી જ્યારે દુશ્મનની ફોજ ઇમામ હુસૈન(અલ.)ની સાથે જંગની તૈયારી કરી રહી હતી આપને ત્યારે આ ઇલ્મ હતું કે આપ શહીદ થશે. તેથી સબરથી કામ લીધું અને જરાપણ બેકરાર કે પરેશાન ન થયા. અહીં સુધી કે શહાદતના દરજ્જે પહોંચી ગયા. અલ્લાહ આપ ઉપર પોતાની અપાર રહમતો નાઝિલ કરે. (મકતલુલ હુસૈન ખ્વારઝમી પેજ-૧૭૦)

(૩) મરહુમ અલ્લામા મજલિસી(રહ.) કહે છે કે મદીનાથી મક્કા તરફ રવાના થતી વખતે જનાબ

ઉમ્મે સલમા(રઝિ.) ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યા અને કહ્યું દીકરા, ઈરાકની તરફ સફર કરીને મને ગમગીન ન કરો. બેશક મેં તમારા જદ્દ (નાના-પૂર્વજ) રસુલુલ્લાહ(સલ.)થી સાંભળ્યું છે કે "મારો દીકરો, ઈરાકમાં તે જમીન ઉપર કતલ કરવામાં આવશે જેને કરબલા કહે છે."

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : નાનીજાન ! ખુદાની કસમ ! હું આ કાર્યના (અમ્ર બિલ મઆરૂફ અને નહ્ય અનિલ મુન્કરના) પરિણામથી બખૂબી વાકેફ છું. પરંતુ આ કાર્યને ચાલુ રાખવા સિવાય કોઈ ઇલાજ નથી. ખુદાની કસમ! હું જાણું છું કે મને ક્યાં અને કયા દિવસે શહીદ કરવામાં આવશે. હું તે વ્યક્તિનું નામ પણ જાણું છું કે જે મને શહીદ કરશે. તે જગ્યાથી પણ વાકેફ છું જ્યાં મને દફન કરવામાં આવશે. આ પણ જાણું છું કે મારા એહલેબયત અને શીઆઓમાંથી (શીઆ એટલે મદદગાર, મોહબ્બત કરનાર, તાબેદારી

કરનાર) કોણ કોણ મારી સાથે શહીદ થશે. નાનીજાન! જો આપ કરબલાનું તે દૃશ્ય જોવા ઇચ્છતાં હોય તો જુઓ. ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)એ કરબલાની તરફ ઇશારો કર્યો. (ચોક્કસ ઇમામ હુસૈન અલ.એ કરબલાનો તે મન્ઝર પોતાની નાનીજાન જનાબે ઉમ્મે સલમાને બતાવ્યો હતો અને તેમણે પોતાની આંખોથી તે જોઈ લીધો હતો.) ઉમ્મે સલમા બેકરાર થઈ ગયાં. પછી હૈયાફાટ રૂદન સાથે કહ્યું: ખુદા હાફિઝ દીકરા ખુદા હાફિઝ. (બેહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૩૨)

(૪) રિવાયતમાં છે કે હઝરત ઇમામ હુસૈન(અલ.) કરબલામાં આવ્યા ત્યારે તે જમીનની જગ્યાનું નામ પુછ્યું. બતાવવામાં આવ્યું કે આ વાદીને કરબલા કહે છે. આપે ફરમાવ્યું: કર્બ અને બલા છે. જ્યારે અમે સિફ્ફીનમાં જતી વખતે આ જમીન ઉપરથી પસાર થયા ત્યારે અહીં રોકાઈને આ જગ્યાનું નામ પુછ્યું હતું. લોકોએ બતાવ્યું હતું આ કરબલા છે.

મારા વાલિદે મોહતરમે ફરમાવ્યું : હતું "આ જમીન તેમના ઊંટોને બેસાડવાની જગ્યા છે અને તેમના મકતલ છે." પછી જ્યારે સાથીઓએ આ વક્યનો મતલબ પુછ્યો તો ફરમાવ્યું: "આ જમીન ઉપર આલે મોહંમદમાંથી એક જમાઅત આવશે." (અખબારૂત્તિવલ પેજ-૨૫૩)

(૫) ઇમામ હુસૈન(અલ.)એ અબ્દુલ્લાહ બિન ઝુબેરને ફરમાવ્યું : ખુદાની કસમ ! જો હું કોઈ ગુફામાં પણ પનાહ લઉં તો તેઓ મને ત્યાંથી પણ શોધી કાઢીને કતલ કરશે. ખુદાની કસમ ! આ લોકો મારા ઉપર એવા ઝુલ્મો સિતમ વરસાવશે જેવી રીતે કોમે યહૂદ શનિવારના દિવસે વિદ્રોહ ઉપર ઊતરી પડી હતી. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૩૮)

(૬) રિવાયતમાં છે કે ઇમામ હુસૈન(અલ.) વારંવાર ફરમાવતા હતા ખુદાની કસમ ! મને આ ટોળું બની ઉમટ્યા ત્યાં સુધી છોડશે નહિ જ્યાં સુધી મારી

કપાયેલી રગોમાંથી લોહી ન વહી જાય અને જ્યારે તેઓ આવું કરી ચૂકશે તો પછી ખુદા તેઓના ઉપર એવા માણસને નિયુક્ત કરી દેશે જે તેઓને ઝલીલ કરશે. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૩૯)

(૭) ઇબ્રાહીમ બિન સઈદ જે ઝુહૈર બિન કૈન(زهيربنقين)ના સાથીઓમાંથી હતા. જ્યારે રસ્તામાં તેમની મુલાકાત ઇમામ હુસૈન(અલ.) સાથે થઈ તો સાંભળ્યું કે ઇમામ હુસૈન(અલ.)એ ઝુહૈરને ફરમાવ્યું : અય ઝુહૈર હું પોતાની શહાદતની જગ્યાથી વાકેફ છું અને પોતાના મુકદ્દસ સર તરફ ઇશારો કર્યો અને ફરમાવ્યું : "આ સરને ઝહર બિન કૈસ (زَحْربنقَيسْ) ઇનામ પ્રાપ્ત કરવાની ઉમ્મીદમાં યઝીદની પાસે શામ લઈ જશે. પરંતુ યઝીદ તેને કંઈપણ નહીં આપે." (દલાઇલુલ ઇમામત પેજ-૭૪)

ભાગ-૨ : મદીનાથી મક્કા સુધી

પ્રકરણ : ૪

(૧) ઇમામ(અલ.)ની રવાનગી મદીનાથી મક્કા તરફ

ઇમામ હુસૈન(અલ.) રવિવારના દિવસે ૨૮ રજબ, સન-૬૦ હિજરીના મદીનાથી મક્કા તરફ ચાલ્યા અને ત્રણ શાબાનના શબે જુમ્આના મક્કા પહોંચી ગયા અને "શાબાનની શરૂઆતથી ઝીલ્કાદના અંત સુધી" મક્કામાં ચાર મહીના પાંચ દિવસ રહ્યા. પછી ૮ ઝિલ્હજ્જ એટલે કે તરવિયાના દિવસે મક્કાથી ઈરાક તરફ રવાના થયા. આ જ દિવસે મુસ્લિમ બિન અકીલે કુફામાં ઇન્કિલાબનો નારો બુલંદ કર્યો હતો.

સૈયદ ઇબ્ને તાઉસ(રહ.)એ વર્ણન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ) ૩ ઝિલ્હજ, મંગળવારના

દિવસે મક્કાથી ઈરાક તરફ રવાના થયા. (અલ-મલહુફ પેજ-૨૫) પરંતુ સુયુતીએ દિવસ નક્કી કર્યા વગર લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.) દસ ઝિલ્હજ્જના મક્કાથી ઈરાક તરફ રવાના થયા. (તારીખુલ ખોલફા પેજ-૨૦૭, અન્સાબુલ અશરાફ ભાગ-૩ પેજ-૧૬૦)

ઇમામ હુસૈન(અલ.)એ મક્કા ત્યારે છોડ્યું જ્યારે આપને આ ખબર મળી કે યઝીદે અમ્ર બિન સઈદ બિન આસના નેતૃત્વ હેઠળ મક્કા એક લશ્કર મોકલ્યું છે અને તેને હાજીઓનો સરદાર નક્કી કર્યો છે. આ સિવાય તેણે તાકીદ કરી છે કે જ્યાં પણ ઇમામ હુસૈન(અલ.)ને જુએ તુરંત કતલ કરી નાખે. (મકતલુલ હુસૈન, મુકર્રમ, પેજ-૧૬૫)

બીજી તરફ ઇમામ હુસૈન(અલ.)ને આ ખબર મળી ચુકી હતી કે આપને કતલ કરવા માટે

યઝીદે ત્રીસ હજાર માણસો મોકલ્યા છે. (તઝલ્લુમુઝ ઝહરા પેજ-૧૫૩)

અહિયાં આ વાત પણ ધ્યાનાકર્ષક છે કે હિજાઝવાળાઓને અહલેબયત(અલ.) સાથે જુની દુશ્મની હતી. તેઓ હઝરત અલી(અલ.)નું અપમાન કરતા હતા. જેવી રીતે ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ફરમાવે છે : મક્કા અને મદીનામાં વીસ માણસો પણ અમારા તરફદાર નથી. (શરહે નહજુલ બલાગાહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૪ પેજ-૧૦૪)

છેવટે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને યઝીદના આ ષડયંત્રની ખબર મળી તો અલ્લાહના ઘરની હુરમત(સન્માન)ના રક્ષણ માટે તવાફ અને સઈ પછી હજને ઉમરએ મુફરદામાં બદલી અને મક્કએ મુકર્રમાને છોડવાનો ફેંસલો કર્યો.

પ્રખ્યાત આ છે કે ઇમામ હુસૈન(અલ.)એ હજને ઉમરહમાં બદલી. પરંતુ આ વાત તેહકીક માંગે છે. કારણ કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને આ ઇલ્મ હતું કે હજ પુરો નહીં કરી શકે તો આઠમી ઝિલ્હજના એહરામ કેવી રીતે બાંધ્યુ અને પછી તેને ઉમરહમાં બદલ્યું ? પહેલી વાત આ કે આપ(અલ.)એ શાબાન મહીનામાં ઉમરહ કર્યો હતો અને આ કારણથી કે ઉમરહ હજના મહીનાઓમાં ન થયો હતો એટલા માટે આ ઉમરહ હજ્જે તમત્તોઅ માટે કાફી નથી. બલ્કે હજના મહીનાઓમાં મીકાતથી એહરામ બાંધીને ઉમરએ તમત્તોઅ કરવો પડે છે.

મોહંમદ હનફિયા સિવાય દીકરા, ભાઈ, ભત્રીજા અને મોટાભાગના અહલેબયત ઇમામ હુસૈન(અલ.)ની સાથે હતા. સફર દરમિયાન ઇમામ હુસૈન(અલ.) સતત આ આયત પઢતા હતા.

فَخَرَجَ مِنْهَا خَائِفًا يَتَرَقَّبُ قَالَ رَبِّ نَجِّنِي مِنَ الْقَوْمِ الظَّالِمِينَ

(ઇરશાદ શૈખ મુફીદ ૩૪/૨)

મક્કા જવા માટે ઇમામ હુસૈન(અલ.)એ સામાન્ય રસ્તો જ પસંદ કર્યો હતો અને જ્યારે અહલેબયતે આ કહ્યુ હતું કે જો ઇબ્ને ઝુબૈરની જેમ અપરિચિત રસ્તો ઇખ્તિયાર કરવામાં આવે તો દુશ્મનનો પીછો કરવાથી બચી જઈશું. તો ઇમામ(અલ.)એ ફરમાવ્યું હતું. કદી પણ નહીં, ખુદા કસમ હું આ જ રસ્તાથી જઈશ. જેથી જે અલ્લાહની ઇચ્છા છે તે થઈ જાય.

(ઇરશાદ શૈખ મુફીદ ૩૫/૨)

(૨) એક મુલાકાત

રસ્તામાં અબ્દુલ્લાહ બિન મુતીએ ઇમામ હુસૈન(અલ.)સાથે મુલાકાત કરી અને કહ્યું : કુરબાન થઈ જાઉં, ક્યાંનો ઇરાદો છે ?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હમણાં તો મક્કાનો ઇરાદો છે અને અલ્લાહથી ખૈર માંગુ છું.

અબ્દુલ્લાહ બિન મુતીએ કહ્યું : કુરબાન થઈ જાઉં, હું પણ આપ(અલ.) માટે ખૈર ચાહુ છું. પરંતુ એવું ન બને કે આપ(અલ.) મક્કાથી કુફા ચાલ્યા જાઓ. કારણ કે કુફા તો તે જ શહેર છે જ્યાં આપના વાલિદને કતલ કરવામાં આવ્યા અને આપના ભાઈ હસન(અલ.)ને દુશ્મનની દરમિયાન છોડી દેવામાં આવ્યા અને તેમના પર એવો સખત ઝખ્મ લગાવવામાં આવ્યો કે નજીક હતું આપ શહીદ થઈ જાત. અલ્લાહના ઘરમાં રહો, આપ અરબના મોટા

ખાનદાનથી છો અને મકામ, દરજ્જામાં હિજાઝમાં કોઈ પણ આપના બરાબર નથી. ત્યાં જ રહો જેથી આસપાસના લોકો આપની પાસે ભેગા થઈ જાય, ખુદા કસમ ! આપ(અલ.) પછી અમને ઝંજીરોમાં જકડવામાં આવશે.

તારીખે કામિલ ઇબ્ને અસીરમાં લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)થી અબ્દુલ્લાહ બિન મુતીએ મક્કાના રસ્તામાં મુલાકાત કરી હતી. પરંતુ અન્ય ઇતિહાસકારોએ જેવી રીતે શેખ મુફીદે લખ્યું છે કે આ મુલાકાત મક્કાથી ઇરાક આવતા સમયે થઈ હતી. અમુકે આ અનુમાન કર્યું છે કે બે વખત મુલાકાત થઈ હતી. એક વખત મક્કા જતી વખતે અને બીજી વખત મક્કાથી ઇરાક જઈ રહ્યા હતા ત્યારે મુલાકાત થઈ હતી. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૬૩)

ભાગ-૩ : મક્કામાં

પ્રકરણ : ૫

(૧) મક્કામાં દાખલ થવું

ઇમામ હુસૈન(અલ.) ત્રણ શાબાન શબે જુમ્આના મક્કામાં દાખલ થયા અને આપની ઝબાન પર આ આયત હતી.

وَلَمَّا تَوَجَّهَ تِلْقَاءَ مَدْيَنَ قَالَ عَسَىٰ رَبِّي أَنْ يَهْدِيَنِي سَوَاءَ السَّبِيلِ

"અને જયારે તે (મુસા અલ.) મદયન તરફ ચાલવા લાગ્યા તો કહ્યું કે મને ઉમ્મીદ છે કે મારો પરવરદિગાર મને સીધો માર્ગ દેખાડી દેશે." (સુરએ કસસ આ-૨૨)

ઇમામ હુસૈન(અલ.) મક્કામાં રોકાયા તો અન્ય લોકોની સાથે તે લોકો પણ આપ(અલ.)ની ખિદમતમાં આવ્યા જેઓ ઉમરહ માટે મક્કામાં

સ્થાય હતા. અબ્દુલ્લાહ બિન ઝુબૈર પણ કાબાની પડોશમાં રોકાયો અને નમાઝ અને તવાફમાં મશગૂલ થઈ ગયો. તે દરરોજ અથવા બે દિવસમાં એક વખત ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત માટે આવતો હતો. ઘણો જ બેચૈન અને પરેશાન રહેતો હતો. એટલે જાણતો હતો કે જ્યાં સુધી ઇમામ હુસૈન(અલ.) મક્કામાં છે ત્યાં સુધી હિજાઝના લોકો તેના હાથો પર બયઅત નહીં કરે. કારણ કે ઇમામ હુસૈન(અલ.)ની સમાજમાં એક ખાસ હૈસિયત, માન-મરતબો હતો. મોટે ભાગે લોકો આપની ફરમાંબરદારી કરતા હતા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પેજ-૩૫)

પોતે ઘણો ઇબાદતગુજાર છે એવું જાહેર કરીને અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો મકસદ લોકોને દગો આપવો હતો. અમીરૂલ મોઅમેનીન(અલ.)એ તેના વિશે ફરમાવ્યું હતું કે તેણે દુનિયા પ્રાપ્ત

કરવા માટે દીનની જાળ બિછાવી છે. આમાં કોઈ શક નથી કે બની ઉમય્યા સાથે જંગ કરવામાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરનો મકસદ અલ્લાહની રઝા પ્રાપ્ત કરવું ન હતું. બલ્કે તે હુકુમતની દોરી પોતાના હાથમાં લેવા અને કુદરત પર પહોંચવાની ફિકરમાં જિન્દગી ગુઝારી રહ્યો હતો. અબ્દુલ્લાહ બિન ઉમરે આ હકીકતથી ત્યારે પરદો ઉઠાવ્યો જ્યારે તેની પત્નીએ શૌહરને તાકીદ સાથે કહ્યું કે અબ્દુલ્લાહ બિન ઝુબૈરની બયઅત કરી લો. અબ્દુલ્લાહ બિન ઉમરે પત્નીને કહ્યું : શું તમે તે સવારી ન જોઈ હતી જેના પર હજના મૌકા પર મઆવિયા સવાર હતો ? મને યકીન છે કે ઇબ્ને ઝુબૈર ફકત આ ઇઝ્ઝત પ્રાપ્ત કરવા ચાહે છે અને આ વિષયમાં ઇબાદત અને અલ્લાહની ફરમાંબરદારીથી મદદ લઈ રહ્યો છે. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.) ભાગ-૨ પેજ-૬૧૦)

(૨) હઝરત ખદીજા(સલા.)ની કબરની ઝિયારત

મક્કામાં રોકાણ દરમિયાન ઇમામ હુસૈન(અલ.)એ પોતાની નાની હઝરત ખદીજા(સલા.)ની કબ્રની ઝિયારત માટે ગયા હતા. ત્યાં નમાઝ અદા કરી અને પોતાના ખુદા સાથે મુનાજાત કરી.

(તારીખે તબરી ભાગ-૬ પેજ-૨૦૦, હયાતુલ ઇમામ હુસૈનઅલ. ભાગ-૨ પેજ-૩૨૩)

(૩) બસરાવાસીઓના નામે પત્ર

ઇમામ હુસૈન(અલ.)એ મક્કાથી બસરાના તમામ આગેવાન વ્યક્તિઓના નામે એક જ વિષય પર પત્ર લખ્યો. આ પત્રો ઇમામ(અલ.)ના ગુલામ સુલેમાન દ્વારા તેમના સુધી પહોંચ્યા. એ લોકો માલિક બિન મસ્મઅ બકરી, અહનફ બિન કૈસ, મુન્ઝિર બિન જારૂદ (મુન્ઝિર બિન જારૂદનો બાપ રસુલુલ્લાહ(સલ.)ના સહાબીઓમાંથી હતો. હઝરત અલી(અલ.)એ મુન્ઝિરને અમુક પ્રદેશનો અમીર બનાવ્યો હતો. પરંતુ તેણે કંઈ એવી રીતે કામ કર્યું કે હઝરત અલી(અલ.)એ તેની બુરાઈમાં પત્ર લખ્યો અને તેના બાપ જારૂદના વખાણ કર્યા. રીજાલવાળાઓએ મુન્ઝિરને ઝઈફ (કમજોર) કરાર દીધો છે.- તનકીહુલ મકાલ ભાગ-૩ પેજ-૩૪૮),

મસઊદ બિન ઉમર, કૈસ બિન હયસમ, અમ્ર બિન ઉબૈદ બિન મુઅમ્મર હતા. આ પત્રમાં લખ્યું હતું :

બેશક અલ્લાહે મોહંમદ(સલ.)ને લોકો દરમિયાન મુન્તખબ કર્યા અને તેમના માથા પર નબુવ્વતનો તાજ રાખ્યો. તેમને રસુલ બનાવ્યા. જ્યારે આપ(સલ.)નો પૈગામ પહોંચી ચુકયો અને સમાજની હિદાયતનો ફરીઝો અદા કરી ચુકયા તો હકની દઅવત પર લબ્બૈક કહી અને આખેરત તરફ ચાલ્યા ગયા.

અમે તેમના વારિસ છીએ. અમે ખિલાફત અને ઇમામતના સૌથી વધુ લાયક હતા. છતાં લોકોએ અમારા આ હકને છીનવી લીધો. આ કારણથી કે અમને ઇખ્તેલાફ પસંદ નથી અને ઉમ્મતે ઇસ્લામિયાની ભલાઈને નજરમાં રાખીને "તે જમાનામાં" અમે ચુપ રહ્યા. હવે સુન્નતે રસુલ(સલ.)ને પાછળ છોડી દેવામાં આવી છે.

બિદઅતો એક પછી એક જાહેર થઈ રહી છે. આ પત્રની સાથે હું મારો એલચી તમારી પાસે મોકલી રહ્યો છું. હું તમને અલ્લાહની કિતાબ અને સુન્નતે રસુલ(સલ.) પર અમલ કરવાની દઅવત આપુ છું. જો તમે મારી વાત માની તો હું તમને સહી રસ્તા પર લઈ જઈશ.

(તનકીહુલ મકાલ ભાગ-૩ પેજ-૨૪૮)

(૪) મુન્ઝિર બિન જારૂદની પ્રતિક્રિયા

મુન્ઝિર બિન જારૂદ અબ્દી ઇમામ હુસૈન(અલ.)ના એલચી સુલેમાનને ઇબ્ને ઝિયાદ પાસે લઈ ગયો અને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ જે તે જ રાતના કુફા જઈ રહ્યો હતો. તેણે સુલેમાનને સુળી પર ચઢાવી દીધા અને પછી કુફા ચાલ્યો ગયો. એટલા માટે કે ઇમામ હુસૈન(અલ.)ના આવતા પહેલા ત્યાં (કુફા) પહોંચી જાય.

અહનફ બિન કૈસે ઇમામ હુસૈન(અલ.)ને જવાબમાં લખ્યું : સબ્રથી કામ લો ! અલ્લાહનો વાયદો હક છે અને પોતાને બેઈમાન લોકોના હાથોમાં ઝિલ્લતમાં ન નાખો.

(૫) યઝીદ બિન મસઊદની કાર્યવાહી

તેણે બની તમીમ, બની હન્ઝલા અને બની સઅદના કબીલાઓને ભેગા કર્યા અને તેમને કહ્યું : બની તમીમવાળાઓ! તમારી નજરમાં મારો શું મરતબો છે ? તેમણે કહ્યું : આપ અમારી મહાનતાની નિશાની છો અને શરાફત, પ્રતિષ્ઠામાં અમારા બધાથી ઉચ્ચ છો.

યઝીદ બિન મસઊદે કહ્યું : મેં તમને મારા કામ માટે તકલીફ આપી છે. જેથી તેના વિષયમાં તમારાથી મશ્વેરો કરું અને તમારાથી મદદ લઉં, તેમણે કહ્યું : બતાવો શું છે જેથી અમલ કરીએ?

તેણે કહ્યું : મઆવિયા દુનિયાથી ચાલ્યો ગયો છે. ઝુલ્મ અને ગુનાહના દરવાજા ટુટી ગયા અને ઝુલ્મના પગોમાં ધ્રૂજારી પેદા થઈ ગઈ છે. તેણે પોતાના દીકરા યઝીદ માટે બયઅત લીધી

હતી અને તે આ ગુમાન કરતો હતો કે તેણે ખિલાફતના પાયાને મજબુત બનાવી દીધા છે. જ્યારે કે તેની આ કોશીષ બેકાર અને આ વિષયના મશ્વેરા તેના હકમાં નુકસાનકારક સાબિત થયા અને તેના પછી તેના દીકરા યઝીદ જે ખુલ્લમખુલ્લા શરાબ પીએ છે અને કોઈ પણ ખોટા કાર્યથી પરહેઝ નથી કરતો. આ દાવો કરે છે કે તે મુસલમાનોનો ખલીફા છે. તે પોતાને મુસલમાનોનો અમીર ખ્યાલ કરે છે. જ્યારે કે મુસલમાનો આ વાતથી રાજી નથી. તે એટલો બેવકૂફ માણસ છે કે હકના વિષયમાં કંઈ પણ નથી જાણતો. ખુદાની કસમ! દીનના રક્ષણ માટે તેની સાથે જેહાદ કરવો મુશરેકીનની સાથે જેહાદ કરવાથી અફઝલ છે અને આ હુસૈન ઇબ્ને અલી(અલ.) રસુલુલ્લાહ(સલ.)ના નવાસા એવા ઉત્તમ, શરીફ અને ફઝીલતવાળા છે કે તારીફ નથી થઈ શકતી. ઇલ્મનો દરીયા છે. ખિલાફતનો હક

ફકત એમને જ છે. કારણ કે તેમનું ભુતકાળ સ્પષ્ટ, તેમનો જેહાદ, રસુલ(સલ.)થી રિશ્તો અને તેમની મોહબ્બત અને મહેરબાનીને બધા જ લોકો જાણે છે. તેમણે પત્ર લખ્યો છે અને તમારા પર હુજ્જત પુરી કરી દીધી છે. હકના નુરથી મોઢું ન ફેરવી લો, નહીં તો અંધારામાં ઘેરાઇ જશો અને બાતિલના ફંદામાં ફસાઈ જશો. જંગે જમલમાં તમે સખરહ બિન કૈસના કારણે હકનો દામન છોડ્યો હતો અને બાતિલને અપનાવ્યું હતું.(એવું લાગે છે કે સખરહ બિન કૈસનો મતલબ અહનફ બિન કૈસ છે. કારણ કે બીજા બે સખરહ અને ઝહાકનું નામ પણ અહનફ હતુ. આ લોકો જંગે જમલમાં શરીક ન હતા.-અલ કની વલ અલ્કાબ ભાગ-૩ પેજ-૧૨) આજે રસુલ(સલ.)ના નવાસાની મદદ અને હિમાયત કરીને પોતાના દામન પરથી આ દાગ ધોઈ નાખો.

ખુદાની કસમ ! તમારામાંથી જે પણ તેમની મદદથી દૂર ભાગશે અને તેમની મદદમાં સુસ્તી કરશે તેની અવલાદ અને કબીલામાં અલ્લાહ ઝિલ્લત અને પસ્તીને વારસામાં રાખી દેશે. હવે મેં જંગનો પોશાક પહેરી લીધો છે અને તેમનો બચાવ કરવા માટે તૈયાર છું. જાણી લો કે જો આપણે આજે ન માર્યા ગયા તો કાલે પોતે જ મરી જઈશું. લડાઈના મેદાનથી ન ભાગો કે મોત તમારો પીછો કરી રહી છે. અલ્લાહ તમારી મગફેરત કરે, હોશમાં આવી જાઓ, સહી જવાબ આપો.

બની હનઝલાવાળાઓએ કહ્યું : અય અબુ ખાલિદ! અમે આપની કમાનના તીર છીએ અને આપના કબીલાના સવાર ગણવામાં આવીએ છીએ અને જો આપ અમારી તરફ તીર ચલાવશો તો નિશાના પર લાગશે, જો અમે મેદાને જંગમાં કદમ રાખીશું તો ફતેહ આપના કદમ ચુમશે. મુશ્કેલીઓ

અને તકલીફોમાં અમે આપની સાથે છીએ. અમે તલવારોથી આપની મદદ કરીશું અને જ્યારે પણ ચાહશો અમે અમારા સીના (છાતી)ને આપના માટે ઢાલ બનાવી દઈશું.

ત્યાર પછી કબીલએ બનુ આમિર બોલ્યાં : અય અબુ ખાલિદ ! અમે આપના ભાઈ અને હલીફ (એક બીજાની મદદ કરવાનો અહદ, વચન લેવું.) છીએ. આપના ગુસ્સા થવાથી અમે પણ ગુસ્સે થઈ જઇશું. જો આપ નીકળવાનો ઇરાદો કરી ચુકયા છો તો રોકાઈ જાઓ, અમારી તરફથી આપને પુરો ઇખ્તિયાર છે. જ્યારે આપ ઇચ્છો અમને બોલાવી લો.

પછી બનીસઅદના કબીલાએ કહ્યું : અય અબુ ખાલિદ! આપનો વિરોધ કરવો અને આપની ફરમાંબરદારી ન કરવી અમારા નજીક ઘણી બુરી વાત છે. જંગે જમલના દિવસે સખર બિન કૈસે

અમને જંગ છોડવાનો હુકમ આપ્યો. અમે ફરમાંબરદારી કરી અને તેના નતીજામાં અમે કામયાબ રહ્યા અને અમારી કબીલામાં ઇઝ્ઝત બાકી રહી. આ વિષયમાં અમને મશ્વેરાની મોહલત આપો.

યઝીદ બિન મસઊદે તેમને સંબોધીને કહ્યું : જો તમે બની ઉમય્યાથી જંગ ન કરી તે અલ્લાહ તમારા ખાનદાનથી જરૂર બદલો લેશે અને હંમેશા તમારા દરમિયાન જંગ અને ખૂનરેઝી થતી રહેશે. (નફસુલ મહમૂમ પેજ-૮૭)

(૬) યઝીદ બિન મસઊદનો પત્ર ઇમામ હુસૈન(અલ.)ના નામે

યઝીદ બિન મસઊદે ઇમામ હુસૈન(અલ.)ના નામે પત્ર લખ્યો. જે પત્રની વિગત આ છે : આપનો પત્ર મળ્યો. જે વસ્તુની મને દઅવત આપી છે તેનાથી વાકેફ થયો. હું આપની મદદ કરવામાં પોતાની કામયાબી જોઉં છું અને આપની ફરમાંબરદારી હકની ફરમાંબરદારી છે. અલ્લાહ જમીનને કદી પણ એવા ઇમામ અને રહેબરથી ખાલી નથી રાખતો જે લોકોને નેકીઓનો હુકમ આપે અને નજાતના રસ્તા તરફ તેમની રાહનુમાઈ કરે. આપ(અલ.) લોકો પર અલ્લાહની હુજ્જત અને જમીન પર તેની અમાનત છો. આપ રિસાલતના ઝાડની એક હરીભરી ડાળીની જેમ છો. અમારા કબીલા બની તમીમની સાથે રહો. જો કે

આપની તાબેદારી અને હુકમ પર અમલ કરવા અને આપની ચોખટ પર કુરબાન થવા માટે તૈયાર છીએ. કબીલા બની સઅદે પણ આપની દઅવતનો જવાબ આપ્યો છે. મેં આપના પૈગામના ઝરીઆથી લોકોના દિલોથી ગંદકીની ધૂળને વરસાદના પાણીની જેમ ધોઈ છે અને આપની મહેરબાનીથી અંધકારને દૂર કરી દીધો છે.

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને તેમનો પત્ર મળ્યો તો આપે તેમના (યઝીદ બિન મસઊદના) હકમાં દુઆ કરી અને ફરમાવ્યું : અલ્લાહ તમને ડર, ખૌફથી સુરક્ષિત રાખે અને અલ્લાહ તમને તે દિવસે કામયાબ અને સંતૃપ્ત કરે જે દિવસે પ્યાસની સખ્તીથી મોઢું સુકાઈ જશે.

યઝીદ બિન મસઊદ તૈયાર હતા કે કરબલાના કાફલાથી મળી જાય કે આપને ઇમામ હુસૈન(અલ.) અને તેમના વફાદાર અન્સારની

શહાદતની ખબર મળી. જેનાથી તેમનું અને તેમના કબીલાવાળાઓનું દિલ ગમની જ્વાળાઓથી સળગવા લાગ્યું અને છેલ્લી ઉમર સુધી આ જ ગમમાં અફસોસ કરતા રહ્યા અને આ ખુશબખ્તીનો મૌકો હાથથી નીકળી જવા પર "કે જેનો નતીજો આ હોત કે શહાદતના દરજ્જા પર પહોંચી શકત" હંમેશા અફસોસ કરતા રહ્યા.

(અલ-લુહૂફ-૧૭, મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૪૧)

(૭) યઝીદ બિન નબીત

અમુક કિતાબો જેવી રીતે "અબસારૂલ ઐનમાં યઝીદ બિન શબીત વર્ણન થયું છે અને તારીખે કામિલ ભાગ-૪ના પેજ-૨૧ પર યઝીદ બિન નબીત લખ્યુ છે."

જ્યારે ઇમામ હુસૈન(અલ.)નો આમ, સામુહિક અને તકદીર બદલનાર પૈગામ બસરા પહોંચ્યો તો યઝીદ બિન નબીત જે બસરાના મોટા વ્યક્તિઓમાંથી હતા. ઇમામ હુસૈન(અલ.)ના પત્રનો હકારમાં જવાબ આપ્યો અને મામલાને સહી તરીકાથી સમજવા માટે સઅદની દીકરી મારિયાના ઘરે ગયા કે આ ઘર શીઆ ચળવળો અને ઇમામ(અલ.)ના અન્સાર આ જ ઘરમાં ભેગા થતા હતા. (તારીખે કામિલ ભાગ-૪ પા-૨૧)

મામકાનીએ રિજાલમાં મારિયાના વાલિદનું નામ મુન્કઝ અથવા સઈદ લખ્યું છે. કહેવાય છે કે, મારિયા બિન્તે મુન્કઝ અથવા સઈદ અલ-અબ્દીયા શીઆ ઇમામી હતાં. પરહેઝગાર સ્ત્રી હતાં.

યઝીદ બિન નબીત જેઓ કબીલએ અબ્દુલ કૈસથી હતા અને દસ બહાદુર દીકરાના બાપ હતા. આ જ ઘરમાં પોતાના દીકરા અને ચાહવાવાળાઓને સંબોધીને કહ્યું : મેં ફેંસલો કરી લીધો છે અને નજીકમાં જ બસરાથી મક્કા રવાના થઈ જઈશ અને ઇમામ હુસૈન(અલ.)થી મળી જઈશ. આ વાત પર તેમના દીકરાઓમાંથી બે દીકરા અબ્દુલ્લાહ અને ઉબૈદુલ્લાહે આ ખતરાભર્યા સફરમાં બાપની સાથે ચાલવા અને તેમની મદદ કરવા માટે સંપુર્ણ રીતે પોતાની તૈયારી દર્શાવી. બીજા મદદગારોએ કહ્યું : અમે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના લશ્કરથી ડરીએ છીએ. તે તેમને અને

તેમના મદદગારોને કતલ કરવામાં જરા પણ શરમ નહીં અનુભવે. આ વાત પર યઝીદ બિન નબીતે પોતાના ચાહનારાઓને કહ્યું : અલ્લાહની કસમ! હું મારા બે ખુશબખ્ત દીકરાઓની સાથે દુશ્મનના સવારોથી કોઈ ડર મહેસૂસ નથી કરતો.

યઝીદ બિન નબીત પોતાના બંને દીકરાઓ સાથે બસરાથી મક્કા ચાલ્યા ગયા. ત્યાં એવી ખબર પડી કે ઇમામ હુસૈન(અલ.) મક્કાની આસપાસમાં અબતહ પર રોકાયા છે. જેથી તેઓ અબતહની તરફ રવાના થયા. ત્યાં પહોંચ્યા તો કાફલાવાળાઓએ બતાવ્યું કે ઇમામ હુસૈન(અલ.) તમને મળવા માટે ગયા છે. તેમણે ઇમામ હુસૈન(અલ.) કે જેઓ આટલી મહાન હસ્તી હોવા છતાં આ નમ્રતા સાંભળીને તરત મક્કા પાછા ફર્યા અને પોતાની મંઝિલ પર ઇમામ(અલ.)ની ઝિયારતનો શરફ પ્રાપ્ત કર્યો. આ કારણથી કે

ઇમામ હુસૈન(અલ.)એ તેમના આવવાની રાહ જોઈ હતી તેમના દિલમાં મોહબ્બત વધી ગઈ અને ઝબાન પર આ આયત જારી કરી :

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوا

"આપ કહી દો ! આ બધું અલ્લાહના ફઝલ અને તેની રેહમતથી છે. માટે તેનાથી રાજી થવું જોઇએ." (સૂ. યુનુસ-૫૨)

સલામ પછી ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં બસરાની સ્થિતિ અને પોતાના મક્કા આવવાનો મકસદ બયાન કર્યો. આપ(અલ.)એ તેમના માટે ખૈરની દુઆ કરી. યઝીદ બિન નબીત પોતાના બંને બહાદુર દીકરાઓની સાથે ઇમામ હુસૈન(અલ.) સાથે કરબલા તરફ રવાના થયા અને પોતાના બંને દીકરાઓ સાથે ઇમામ હુસૈન(અલ.)ની મદદમાં શહાદતના દરજ્જા પર પહોંચ્યા.

(નફસુલ મહમૂમ પેજ-૯૨)

(૮) કૂફાવાસીઓના પત્રો

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે કુફાવાસીઓને ખબર પડી કે મઆવિયા મરી ગયો છે અને ઇમામ હુસૈન(અલ.)એ યઝીદની બયઅત નથી કરી તો તેમણે પણ યઝીદની તાબેદારી કબુલ ન કરી અને આપના વફાદાર શીઆ સુલયમાન બિન સુરદ ખુઝાઈના ઘરે ભેગા થયા (સુલયમાન બિન સુરદ કુફાના આગેવાન શીઆઓમાં અને તવ્વાબીનની ચળવળના રહેનુમા હતા. અયનુલ વરદહમાં શહીદ થયા. શેખ તુસીએ પોતાની કિતાબ રિજાલમાં તેમને રસુલુલ્લાહ(સલ.)ના સહાબીઓમાં ગણ્યા છે. તેમની શહાદત ૬૫ હિજરીમાં થઈ.- તન્કીહુલ મકાલ ભાગ-૨ પેજ-૬૩) અને ચર્ચા-મશ્વેરા પછી આ વાત પર એકમત થયા કે ઇમામ હુસૈન(અલ.)ને પત્ર મોકલીને કુફા આવવાની

દઅવત આપવામાં આવે. જેથી અબ્દુલ્લાહ બિન મસમઅ (અબ્દુલ્લાહ બિન મસમઅ હમદાની સબ્ઈ તવ્વાબીનની ચળવળના મેમ્બર હતા. - અબસારૂલ ઐન પેજ-૧૪) અને અબ્દુલ્લાહ બિન વાલને (અબ્દુલ્લાહ બિન વાલ કુફાના બુઝુર્ગોમાંથી હતા. ફકીહ અને આબિદ અને તવ્વાબીનની ચળવળના મેમ્બર હતા. અયનુલ વરદહમાં સુલયમાન બિન સુરદની સાથે શહીદ થયા. - નફસુલ મહમૂમ પેજ-૫૬૯) આ જવાબદારી સોંપવામાં આવી કે તેઓ ઝડપથી મક્કા જાય અને ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પત્રો પહોંચાડી દે. દસ રમઝાનના કુફાવાસીઓના બે એલચી મક્કા પહોંચ્યા અને પત્રો ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર કર્યા. હજુ બે દિવસ પસાર ન થયા હતા કે કુફાવાસીઓએ કૈસ બિન મુસહ્હર સયદાવી (કૈસ બિન મુસહ્હર સૈદાવી ઇમામ હુસૈનઅલ.ના મદદગારોમાંથી હતા.

કરબલાના શહીદોમાં આપ પણ શામેલ છે. તેમની શહાદતનો કિસ્સો આ કિતાબમાં આગળ આવશે.) અને અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ અરજી (અબ્દુર્રહમાન ૧૨ રમઝાનના કુફાવાસીઓના ૫૩ પત્રો લઈને ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં મક્કા પહોંચ્યા. આ પણ કરબલાના શહીદોમાં શામેલ છે. - અબસારૂલ ઐન પેજ-૭૭)ના દ્વારા બીજા પત્રો ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં મોકલ્યા. બે દિવસ પછી હાની બિન હાની સબીઈ (હાની બિન હાની સબીઈ હમદાન કબીલાથી હતા. તવ્વાબીનની ચળવળના મેમ્બર હતા. - અબસારૂલ ઐન પેજ-૧૪), સઈદ બિન અબ્દુલ્લાહ હનફી (સઈદ બિન અબ્દુલ્લાહ હનફી પણ કરબલાના શહીદોમાંથી હતા.) કુફાવાસીઓના પત્રો લઈને આપની ખિદમતમાં હાજર થયા. અહિયાં સુધી કે

કુફીયોના મોકલેલા પત્રોની સંખ્યા બાર હજાર સુધી પહોંચી ગઈ.

કુફાવાસીઓએ પાંચ દિવસમાં ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં ૧૨ હજાર પત્રો મોકલ્યા. અને આ બધાનો વિષય આ હતો કે લોકો બની ઉમય્યાની હુકુમતથી બેઝાર છે. અને કુફાવાસીઓએ યઝીદની બયઅત નથી કરી. આપ જલ્દી તશરીફ લાવો. જાહેરી રીતે આ લોકોએ ઇમામ હુસૈન(અલ.) પર હુજ્જત તમામ કરી દીધી હતી.

પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત લોકોએ ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યા અને કુફા આવવાની દઅવત આપી. દાખલા તરીકે : હબીબ ઇબ્ને મઝાહિર, મુસ્લિમ બિન અવસજા, સુલયમાન બિન સુરદ, રૂફાઆ બિન શદ્દાદ, મુસય્યબ બિન નજબા, શબસ બિન રબઇ, હિજાર બિન અબજર, યઝીદ

બિન હારિસ બિન રહીમ, ઉરવહ બિન ક્રૈસ, અમ્ર બિન હજ્જાજ અને મુહંમદ બિન ઉમૈર તેમાં આગળ પડતા હતા. અમુક ભરોસાપાત્ર કિતાબોમાં કુફાવાસીઓના મોકલેલ પત્રોનો ભાવાર્થ આ પ્રમાણે વર્ણન થયો છે :

અમ્મા બાદ : વખાણને પાત્ર છે તે ખુદા જેણે ઝાલિમ અને જાબિર, આપના દુશ્મનની કમર તોડી નાખી. તે દુશ્મન જેણે દગાબાજી, ચાલબાઝી દ્વારા ઉમ્મતના કામોની દોરી પોતાના હાથમાં લઈ લીધી અને તેમના માલને ગસબ કરી લીધો અને લોકોની મરજી વિરૂદ્ધ તેમના પર હુકુમત કરી. આ ઉમ્મતના બેહતરીન લોકોને તલવારની નીચે કરી દીધા. બુરા લોકોને રક્ષણ આપ્યું. માલદારો અને ઝાલિમો દરમિયાન બયતુલ માલ વહેંચી દીધો. તે કોમે સમૂદની જેમ હકની રેહમતથી વંચિત રહેશે.

યકીન કરો કે અમારો કોઈ ઇમામ અને રહેબર નથી. અમારી તરફ આવો. શક્ય છે કે અલ્લાહ અમને આપના ઝરીઆથી સીધા રસ્તા પર લાવી દે. કુફાની હુકુમતના સિંહાસનો પર નોઅમાન બિન બશીર બેઠો છે અને અમે તેની ઇમામતમાં થવાવાળી જુમ્આની નમાઝ અને ઈદની નમાઝમાં શરીક નથી થતા. જો અમને સંતોષકારક તરીકાથી આ ખબર મળી જાય કે આપ કુફા તશરીફ લાવશો તો અમે તેને શહેરથી કાઢી મુકીશું. જેથી તે શામ ચાલ્યો જાય. ઇન્શાઅલ્લાહ.

કુફાના બુઝુર્ગ વ્યક્તિઓએ આ પત્ર અબ્દ બિન મસમઅ હમદાની અને અબ્દુલ્લાહ બિન વાલને આપ્યો અને તેમને તાકીદ કરી કે જેટલું બની શકે તેટલું જલ્દી ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં આ પત્ર પહોંચાડી દે. જેથી આ બંને એલચી દસ રમઝાનુલ મુબારકના મક્કામાં ઇમામ

હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યા. (ઇરશાદે શૈખ મુફીદ ભાગ-૨ પેજ-૩૭)

છેલ્લો પત્ર જે ઇમામ હુસૈન(અલ.)ને મળ્યો હતો તે હાની બિન હાની અને સઈદ બિન અબ્દુલ્લાહ ખસઅમીનો પત્ર હતો. તેમણે લખ્યું હતું:

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

આ પત્ર બાઈમાન શીઆઓ તરફથી હુસૈન ઇબ્ને અલી(અલ.)ના નામે છે. અમ્મા બાદ! ઇરાકની તરફ રવાનગી માટે જલ્દી કરશો કે લોકો પ્રતિક્ષામાં ઘડીઓ ગણી રહ્યા છે. કારણ કે આપના સિવાય તેમનો કોઈ રહેબર નથી જલ્દી કરશો, જલ્દી કરશો. (તારીખે યાકૂબી શેખ મુફીદ ભાગ-૨ પેજ-૨૪૧)

મોકલવામાં આવેલ પત્રોના અમુક બુનિયાદી નુકાત (સુક્ષ્મ વાતો)નો સારાંશ આ છે :

(૧) મઆવિયાની મોત પર ખુશીનું પ્રદર્શન.

(૨) યઝીદમાં હુકુમત અને ખિલાફતની લાયકાત નથી.

(૩) ઇમામ હુસૈન(અલ.)ને કુફા આવવાની દઅવત.

(૪) કુફાવાસીઓનું ઇમામના રસ્તામાં કુરબાનીનું વચન.

(૯) ઇમામ હુસૈન(અલ.)નો પત્ર કુફાવાસીઓના નામે

કુફાવાસીઓના મોકલેલ પત્રોની સંખ્યા ઇમામ હુસૈન(અલ.)ની પાસે ઘણી વધારે થઈ ગઈ હતી. આ પત્રોમાં કુફાવાળાઓએ આપ(અલ.)ને આ દરખાસ્ત કરી હતી કે આપ કુફા આવી જાઓ. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ હજુ સુધી કોઈ જવાબ આપ્યો ન હતો. એટલે સુધી કે આપ(અલ.)ની પાસે એક દિવસ ૬૦૦ પત્ર પહોંચ્યા. આ વિષયના પત્રો સતત ઇમામ હુસૈન(અલ.)ની તરફ આવી રહ્યા હતા. એટલે સુધી કે ટુંકી મુદ્દતમાં આ પત્રોની સંખ્યા બાર હજારથી પણ વધી ગઈ. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૩૮, તારીખે તબરી ભાગ-૨ પેજ-૧૯૮)

ઇમામ હુસૈન(અલ.)એ કુફાવાસીઓના પત્રોના જવાબમાં એક પત્ર લખવા પર સંતોષ માન્યો. તેમને લખ્યું :

હુસૈન ઇબ્ને અલીની તરફથી મુસલમાનો અને મોઅમિનોની એક જમાતના નામે.

અમ્મા બાદ : હાની અને સઈદ તમારા પત્રો લઈને મારી પાસે આવ્યા. આ તમારા છેલ્લા એલચી હતા જે મારી પાસે આવ્યા. તમારા લખાણથી મને જાણ થઈ. તમે લખ્યું છે કે અમારો કોઈ ઇમામ અને રહેબર નથી. અમારી પાસે આવવામાં જલ્દી કરો. શક્ય છે અલ્લાહતઆલા આપના ઝરીઆથી અમને હકના રસ્તાની હિદાયત કરે.

હું મારા પિતરાઇ ભાઈ મુસ્લિમ બિન અકીલને જેના પર મને વિશ્વાસ છે તમારી પાસે મોકલી રહ્યો છું. જો તેમણે મને આ ખબર આપી કે

નેક લોકો અને સૂઝબૂઝ ધરાવનારા વ્યક્તિઓ તમારા પત્રો અને તમારા એલચીઓના પૈગામનું સમર્થન કરે છે તો હું નજીકમાં જ તમારી પાસે આવી રહ્યો છું. ઇન્શાઅલ્લાહ.

પત્રના અંતમાં ઇમામ(અલ.)એ આ રીતે લખ્યું :

કસમ મારી જાનની, ઇમામ ફક્ત તે છે જે અલ્લાહની કિતાબથી હુકમ કરે છે. અદલ, ઇન્સાફને અપનાવે છે. અલ્લાહના દીનને કબૂલ કરે છે અને પોતાને અલ્લાહની રઝા માટે વકફ કરી દે છે. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૨૮, તારીખે તબરી ભાગ-૬ પેજ-૧૯૮)

(૧૦) મુસ્લિમ બિન અકીલ(અલ.)ની કુફા રવાનગી

ઇમામ હુસૈન(અલ.)એ રૂકન અને મકામના દરમિયાન બે રકઅત નમાઝ અદા કરી, અલ્લાહથી ખૈર તલબ કર્યું પછી મુસ્લિમ બિન અકીલને બોલાવ્યા.

ઇબ્ને કુતયબાએ આપની વાલિદહનું નામ "નબતીયા" લખ્યું છે. નબ્ત તે લોકો હતા જે અરબના શહેરોની વચ્ચે "અજા" "સલમી" પહાડના કિનારે કબીલએ તયની સાથે રહેતા હતા. અબુલ ફરજે મુસ્લિમ બિન અકીલની વાલિદહનું નામ અલિય્યા લખ્યું છે. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ મુકર્રમ પેજ-૪૨)

તેમને કુફાવાળાઓની દઅવત અને તેમના વિચારોથી વાકેફ કર્યા. કુફાવાળાઓના નામે એક

પત્ર આપ્યો જેથી તેઓ કુફા તરફ રવાના થઈ જાય. (અલ-લુહૂફ પેજ-૩૧) અને મુસ્લિમ બિન અકીલને ફરમાવ્યું:

હું તમને કુફાવાસીઓ તરફ મોકલી રહ્યો છું. અલ્લાહતઆલાની જે મરજી હશે અને તમારા માટે જે પસંદ કરશે તેને અંજામ આપશે. દુઆ છે કે હું અને તમે શહીદોમાં શામેલ થઈ જઇએ. હવે તમે અલ્લાહથી મદદ માંગીને કુફા તરફ રવાના થઈ જાઓ અને કુફા પહોંચીને ત્યાંના ભરોસાપાત્ર વ્યક્તિના ઘરે કયામ કરશો. (મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૪૫, મકતલુલ હુસૈન ખવારીઝમી ભાગ-૧, પેજ-૧૯૬)

મુસ્લિમ બિન અકીલ મક્કાથી મદીના આવ્યા. સૌ પ્રથમ મસ્જિદે રસૂલ(સલ.)માં ગયા. નમાઝ અદા કરી અને પછી ઘરવાળાઓને વિદાય કરી અને પછી કબીલએ કૈસના બે માણસોની સાથે

રવાના થઈ ગયા જે રસ્તાના જાણકાર હતા. પરંતુ તેઓ રસ્તો ભુલી ગયા, મુસ્લિમની સાથે સખત પ્યાસના કારણે કમજોર પડી ગયા અને સફર ચાલુ ન રાખી શક્યા. હવે તેઓ મુસ્લિમની મદદ ન કરી શકતા હતા. આ રીતે મુસ્લિમ બિન અકીલ એકલા રહી ગયા. ઘણી કોશીષો પછી નિશાનીઓના ઝરીઆથી રસ્તો મળ્યો અને ઇમામ હુસૈન(અલ.)ના હુકમ પર અમલ કરવાના મકસદથી કુફાની તરફ રવાના થયા. (ઇરશાદે મુફીદ ભફાગ-૨ પેજ-૩૯, મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૪૬)

(૧૧) મુસ્લિમ બિન અકીલ(અલ.)નો પત્ર ઇમામ હુસૈન(અલ.)ના નામે

મુસ્લિમ બિન અકીલે સફર દરમિયાન ઇમામ હુસૈન(અલ.)ના નામે પત્ર લખ્યો અને જે મંઝિલોથી પસાર થયા હતા તેની આપ(અલ.)ને જાણ કરી. આ સિવાય લખ્યું: હું "બતનુલ ખબીત" માં જે પાણીના કિનારા પર આવ્યું છે ત્યાં રોકાયો છું. કારણ કે આ સફરમાં અપશુકનિયાળ અસરો દેખાઈ રહી છે. એટલે મને માફ કરવામાં આવે અને કોઈ બીજા વ્યક્તિને કુફા રવાના કરી દો.

(આ અમે ઇબ્ને અસીરના લખાણની બુનિયાદ પર લખ્યું છે. અમુકે તેને "બતનુલ ખૈર" "મુઝીકુલ ખબીત" લખ્યું છે. જેવી રીતે ઇરશાદ ભાગ-૨ પેજ-૪૦ પર છે.)

(૧૨) ઇમામ હુસૈન(અલ.)નો પત્ર

ઇમામ હુસૈન(અલ.)એ મુસ્લિમને જવાબમાં લખ્યું : અમ્મા બાદ ! ડરૂ છું કે આ પત્ર લખવા માટેનું કારણ કંઈ ડર ન હોય. જે મંઝિલ તરફ તમને મોકલવામાં આવ્યા છે તેની તરફ રવાના થઈ જાઓ.

વસ્સલામ

તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૧, અમુક સંશોધકોનો દૃષ્ટિકોણ આ છે કે રસ્તામાં મુસ્લિમનું પત્ર લખવું અને પછી ઇમામ હુસૈન(અલ.)ના જવાબ લખવાની વાત સહી નથી, બલ્કે ઘડી કાઢવામાં આવી છે. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૨ પેજ-૩૪૩)

જ્યારે મુસ્લિમે પત્ર વાંચ્યો તો કહ્યું : મને કોઈ ડર નથી. ત્યાર પછી કુફા તરફ રવાના થયા.

અહીં સુધી કે કબીલએ તયના ઝરણા સુધી પહોંચી ગયા. ત્યાં થોડુંક રોકાણ કર્યું અને પછી ત્યાંથી રવાના થયા. અચાનક જોયું કે એક શિકારીએ એક હરણને તીર માર્યું અને હરણ તીર ખાતા જ મરી ગયું. મુસ્લિમે કહ્યું : ઇન્શાઅલ્લાહ, અમે દુશ્મનને મારીશું. (ઇરશાદે શૈખ મુફીદ ભાગ-૩ પેજ-૪૦)

છેવટે મુસ્લિમ પંદર રમઝાનુલ મુબારકના મક્કાથી રવાના થયા હતા અને શવ્વાલ મહીનામાં કુફા પહોંચ્યા અને મુખ્તાર બિન ઉબૈદે સકફીના ઘરે કયામ કર્યો. (મુરૂજુઝઝહબ ભાગ-૩ પેજ-૫૪)

(૧૩) મુખ્તારના ઘરે

જનાબે મુખ્તાર પોતાના ખાનદાનમાં સૌથી વધુ શરીફ, હિમ્મતવાળા અને મજબુત ઇરાદાવાળા ઇન્સાન હતા. અહલેબયત(અલ.)ના દુશ્મનોનો સખત વિરોધ કરતા હતા. લોકો તેમને એક અક્કલમંદ અને સહી મશ્વેરો આપનાર વ્યક્તિ સમજતા હતા. તેમણે દુશ્મનોથી અલગ અને અહલેબયત(અલ.)થી જોડાઈને એવા બુલંદ અખ્લાક અને ઇન્સાની કમાલ પ્રાપ્ત કર્યા હતા કે તેમના જાહેર અને બાતિનથી અહલેબયત(અલ.)ની મોહબ્બત અને ખુલૂસ સ્પષ્ટ દેખાય આવતું હતું. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૪૭)

જનાબે મુસ્લિમનું મુખ્તારના ઘરે રોકાવાનું કારણ આ હતું કે મુખ્તાર શીઆઓમાં એક સરદાર વ્યક્તિ ગણાતા હતા અને જનાબે મુસ્લિમને પણ

આ યકીન હતું કે તે ઇમામ હુસૈન(અલ.)ના નિખાલસ અને વફાદાર વ્યક્તિ છે અને જનાબે મુખ્તાર કુફાના હાકિમ નોઅમાન બિન બશીરના બનેવી હતા. જ્યાં સુધી જનાબે મુસ્લિમ જનાબે મુખ્તારના ઘરમાં હતા ત્યાં સુધી નોઅમાન બિન બશીર મુસ્લિમને કંઈ પણ ન કરી શકતા હતા. જનાબે મુસ્લિમનું મુખ્તારને પસંદ કરવું આપનું સામાજિક હાલતથી વાકેફ હોવું સ્પષ્ટ કરે છે. (હયાતુલ ઇમામ હુસૈન અલ. ભાગ-૨ રેજ-૩૪૫)

જ્યારે શીઆઓને આ ખબર પડી કે જનાબે મુસ્લિમ કુફામાં દાખલ થઈ ચુકયા છે તો તેઓ મુખ્તારના ઘરે આપની મુલાકાત માટે ગયા. જ્યારે બધા ભેગા થઈ ગયા તો મુસ્લિમ બિન અકીલે આ લોકોની સામે ઇમામ હુસૈન(અલ.)નો પત્ર વાંચ્યો. આ મોટી જમાત ઇમામ હુસૈન(અલ.)ના પૈગામથી

ખૂબ જ પ્રભાવિત થઇ, અઢાર હજાર વ્યક્તિઓએ મુસ્લિમના હાથ પર બયઅત કરી.

અલ-લુહૂફ પેજ-૧૬, અમુક ઇતિહાસકારોએ મુસ્લિમની બયઅત કરનારાઓની સંખ્યા અઢાર હજાર લખી છે. ઇરશાદે મુફીદ ભાગ-૨, અમુકે પચ્ચીસ હજાર, નફસુલ મહમૂમ પેજ-૯૫, આ જ રીતે અમુકે અઠ્ઠાવીસ હજાર અને અમુકે ત્રીસ હજાર લખી છે. હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૨ પેજ-૩૪૭, એક બીજી હદીસમાં આવ્યું છે કે મુસ્લિમની બયઅત કરવાવાળાઓની સંખ્યા ચાલીસ હજારથી વધારે હતી. (હયાતુલ ઇમામિલ હુસૈન અલ.)

(૧૪) આબિસ બિન અબી શબીબ શાકરીની તકરીર

આબિસ બિન અબી શબીબના હાલાત કરબલાના શહીદોના અનુસંધાનમાં આવશે.

આબિસ બિન અબી શબીબ જે આ સમૂહમાં હતા, ઉભા થયા અને અલ્લાહની હમ્દ, તારીફ પછી કહ્યું : અય કુફાવાળાઓ ! મારે આપ લોકો વિશે કંઈ નથી કહેવું, હું નથી જાણતો કે તમારા દિલમાં શું છે. ન હું આપ લોકોને દગો આપવા માંગુ છું. પરંતુ જે કહી રહ્યો છું અલ્લાહની કસમ! તે મારા અંતરાત્માની અવાજ છે અને તેને કબુલ કરૂં છું અને તે આ કે હું સંપુર્ણ રીતે તૈયાર છું. જ્યારે પણ મારી જરૂરત પડશે હું જરા પણ સંકોચ નહીં કરૂં. આપની સાથે આ તલવારથી જે મારા હાથમાં છે દુશ્મનો સાથે જંગ કરીશ. મારો મકસદ ફકત અલ્લાહની

રઝા પ્રાપ્ત કરવાની છે અને તેનો અજર મેળવવાનો છે.

ત્યાર પછી હબીબ ઇબ્ને મઝાહિર ઉભા થયા અને કહ્યું: અલ્લાહ તમારા પર રહેમ કરે જે તમારા દિલમાં હતું તેને થોડાક શબ્દોમાં ઝબાનથી અદા કરી દીધું. તેમણે પોતાનું પ્રવચન શરૂ રાખતા કહ્યું : અલ્લાહની કસમ હું પણ આબિસની જેમ આપની મદદ માટે તૈયાર છું. તેમના પછી સઈદ બિન અબ્દુલ્લાહ હનફી ઉભા થયા અને આબિસ અને હબીબની જેમ જ કહ્યું. (હયાતુલ ઇમામ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૩૪૫)

(૧૪) જનાબે મુસ્લિમની બયઅત

આ આવેશભર્યા પ્રવચનોનો અસર આ થયો કે શીઆઓ જનાબે મુસ્લિમની બયઅત કરવા અને ઇમામ હુસૈન(અલ.)ની અવાજ પર લબ્બૈક કહેવા માટે હંમેશાથી વધુ મક્કમ અને મજબુત થઈ ગયા અને નીચેની સાત શરતો પર જનાબે મુસ્લિમ બિન અકીલની બયઅતનું એલાન કર્યું.

(૧) લોકોને અલ્લાહની કિતાબ અને સુન્નતે રસુલ(સલ.) તરફ દઅવત આપીશું.

(૨) ઝાલિમો સાથે જંગ કરીશું.

(૩) કમજોરોનો બચાવ અને સમાજના વંચિત લોકોની મદદ કરીશું.

(૪) માલે ગનીમત મુસલમાનો દરમિયાન સમાન રીતે વહેંચવામાં આવશે.

(૫) હક, હકદાર સુધી પહોંચાડવામાં આવશે.

(૬) અહલેબયત(અલ.)ની મદદ કરવામાં આવશે.

(૭) સુલેહ પસંદ લોકોથી સુલેહ અને ઝુલ્મ કરવાવાળાઓ સાથે જંગ કરીશું.

(બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૩૬, અલ બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૬૩)

(૧૬) જનાબે મુસ્લિમનો પત્ર

જ્યારે લોકોની આટલી મોટી સંખ્યાએ મુસ્લિમ બિન અકીલની બયઅત કરી અને મુસ્લિમને આ ઇલાહી ઇન્કિલાબની કામયાબી પર યકીન થઈ ગયું તો આપે ઇમામ હુસૈન(અલ.)ના નામે પત્ર લખ્યો કે કુફાવાસીઓમાંથી અઢાર હજારે મારી બયઅત કરી લીધી છે. ઇમામ હુસૈન(અલ.)થી માંગણી કરી કે મારો પત્ર મળતાની સાથે જ કુફાની તરફ રવાના થઈ જાઓ. કારણ કે લોકો આપ(અલ.)ને ચાહે છે અને બની ઉમય્યાથી બેઝાર છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૩૬, અલ બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૬૩)

મુસ્લિમ બિન અકીલે આ પત્ર અને તેની સાથે કુફાવાળાઓનો પત્ર પણ કૈસ બિન મુસહ્હર સયદાવી અને આબિસ બિન અબી શબીબ શાકરી દ્વારા રવાના કર્યો. (મુસીરૂલ અહઝાન પેજ-૨૨)

(૧૭) કુફાના હાકિમની તકરીર

બીજી તરફ કુફાના હાકિમ નોઅમાન બિન બશીરને જ્યારે મુસ્લિમના આવવાની અને તેમના હાથ પર લોકોના બયઅત કરવાની ખબર મળી તો તે મિમ્બર પર ગયો અને અલ્લાહની તારીફ પછી કુફાવાસીઓને સંબોધીને કહ્યું: અલ્લાહના બંદાઓ ! અલ્લાહથી ડરો ! ઝઘડો અને ફિતનો કરવાથી બચો. કારણ કે તેનાથી લોકોનું ખૂન થાય છે અને તેમનો માલ-દૌલત બરબાદ થાય છે. હું તેની સાથે નહીં લડું જે મારી સાથે જંગ નહીં કરે અને ન તમને એકબીજાની જાન લેવાની ફિકરમાં પાડીશ. ફકત તોહમતની બુનિયાદ પર કોઈને પકડીશ નહીં. પરંતુ જો મારાથી દુશ્મની કરશો અને તે વાયદાથી હટી જશો જે તમે કર્યો છે અને યઝીદનો વિરોધ કરશો તો ખુદા કસમ ત્યાં સુધી જંગ કરીશ જ્યાં સુધી

મારા હાથમાં તલવાર છે. ચાહે તમારામાંથી કોઈ પણ મારી મદદ માટે ન ઉભો થાય, મને યકીન છે કે તમારા દરમિયાન હકને ઓળખનારાઓની સંખ્યા બાતિલપરસ્તોથી વધારે છે. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૨)

નોઅમાન બિન બશીરના પ્રવચન પછી બની ઉમય્યાનો દોસ્ત અબ્દુલ્લાહ બિન સઈદ હઝરમી ઉભો થયો અને કહેવા લાગ્યો : જે તરીકો તમે અપનાવ્યો છે તે આપને ક્યાંયનો પણ નહીં રહેવા દે. આ ફિતનાનો ઇલાજ ફકત તેને નષ્ટ કરવું છે. અય નોઅમાન : તમારો રવૈયો કમજોર અને અશક્ત લોકો જેવો છે.

કુફાનો હાકિમ અબ્દુલ્લાહ બિન સઈદ હઝરમીની વાતોથી ગુસ્સામાં આવી ગયો અને કહ્યું :

જો હું અલ્લાહની ફરમાંબરદારીમાં રહીને કમજોર ગણવામાં આવું તો આ મારા માટે અલ્લાહની નાફરમાનીની સ્થિતિમાં ઇઝ્ઝતવાળો ગણાવવાથી બેહતર છે. આ કહીને મિમ્બરથી ઉતરી આવ્યો.

અબ્દુલ્લાહ ઇબ્ને મુસ્લિમ કે જેણે બની ઉમય્યાની હુકુમતનું નમક ખાધું હતું સૌથી પહેલા તેણે યઝીદને પત્ર લખ્યો અને કુફામાં ઇમામ હુસૈન(અલ.)ના પ્રતિનિધિ મુસ્લિમ બિન અકીલના આવવાની અને તેમના હાથ પર મોટાભાગના લોકોના બયઅત કરવાની ખબર આપી અને ચિંતા, વ્યગ્રતા દર્શાવતા લખ્યું : જો કુફા પર પોતાની હુકુમત બાકી રાખવા ચાહો છો તો કોઈ મજબૂત ઇરાદા વ્યક્તિને મોકલો. જેથી તમારા ફરમાન મુજબ અમલ કરે અને આપના દુશ્મનો સાથે એવો જ વ્યવહાર કરે જેવો આપ પોતે કરત. નોઅમાન

બિન બશીર એક ડરપોક અને સુસ્ત માણસ છે અથવા ડરપોકતા અને સુસ્તીનું પ્રદર્શન કરે છે. તેથી તે ગવર્નરીના લાયક નથી. અબ્દુલ્લાહ બિન મુસ્લિમ પછી હુકુમતના અન્ય પગાર ખાનારા જેવી રીતે અમ્મારા બિન વલીદ, ઉમર બિન સઅદ બિન અબી વકાસે યઝીદને આ જ વિષયનો પત્ર લખ્યો. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પેજ-૪૧)

(૧૮) સરજુન મઆવિયાનો ગુલામ

સરજુન બિન મન્સુર શામના ઇસાઇઓમાંથી હતો. મઆવિયાએ પોતાની હુકુમત મજબુત કરવા માટે તેનાથી ઘણુ કામ લીધું હતું. સરજુનનો બાપ મન્સુર શામ ફતેહ થવા પહેલાં હિરકલ બાદશાહ તરફથી ખજાનચી હતો. તેનો દીકરો સરજુન પણ બની ઉમય્યાની હુકુમતમાં હોદ્દા પર રહ્યો છે. જ્યારે કે હઝરત ઉમરે હુકમ આપ્યો હતો કે ઈસાઇઓને સરકારી હોદ્દાઓ પર ન રાખવામાં આવે સિવાય કે મુસલમાન થઈ જાય. (હાશિયા મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૪૮)

જ્યારે આ પત્રો યઝીદને મળ્યા તો તેણે પોતાના બાપના વફાદાર ગુલામ સરજુનને બોલાવ્યો અને તેની સામે કુફામાં મુસ્લિમ બિન અકીલનું આવવું, તેમના હાથો પર કુફાવાળાઓની

બયઅત અને નોઅમાન બિન બશીરની સુસ્તીનું વર્ણન કર્યું અને કુફાના નવા ગવર્નરના ઇન્તેખાબના વિષયમાં મશ્વેરો માંગ્યો. સરજુને કહ્યું : જો હમણાં તમારા બાપ મઆવિયા જીવતા હોત તો આ વિષયમાં તમે એની વાત પર અમલ કરત ? યઝીદે કહ્યું : બિલકુલ (કેમ નહીં). સરજુન જાણતો હતો કે યઝીદ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદથી બદગુમાન છે. એટલે તેણે યઝીદને ઠંડો કરવા માટે મઆવિયાનું તે ફરમાન કાઢ્યું જે મઆવિયાએ તેના મૃત્યુ પહેલા લખાવ્યું હતું અને તેમાં કુફાની ગવર્નરી ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નામે લખી હતી. ગજવામાંથી કાઢી યઝીદને દેખાડી અને કહ્યું : ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના વિષયમાં આ હતો મઆવિયાનો નજરીયો, અને હવે જ્યારે કે સંપૂર્ણ કુફા હચમચી રહ્યું છે. એટલે બસરા અને કુફા બંનેનો ગવર્નર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને બનાવી

દો. જેથી તે હુકુમતના આ બંને મરકઝોમાં વિરોધીઓને કચડી નાખે.

યઝીદે સરજુનનો મશ્વેરો કબૂલ કર્યો અને કુફાની હુકુમતની પરવાનગી ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નામે લખી જે તે સમયે બસરાનો હાકિમ હતો. આ પત્ર કે જે હુકુમતની પરવાનગીનો હતો. મુસ્લિમ બિન અમ્ર બાહિલી (મુસ્લિમ બિન અમ્ર બાહિલી કુતયબાનો બાપ છે. કુતયબા મુસ્લિમ (આ બીજો મુસ્લિમ છે)નો બાપ છે. અને મુસ્લિમ અબ્દુલ્લાહનો બાપ છે કે અલ-ઇમામત વસ સિયાસત તેની પ્રખ્યાત કિતાબ છે. નફસુલ મહમૂમ પેજ-૮૭) દ્વારા ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે મોકલ્યો. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૨)

(૧૯) યઝીદનો પત્ર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નામે

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના નામે યઝીદે જે પત્ર લખ્યો હતો તેનો વિષય આ હતો. અમુક લોકો એવા છે કે એક દિવસ તેમના વખાણ થાય છે અને બીજા દિવસે તેમના પર લઅનત થાય છે. ઘણી બધી નાપસંદ ચીજો દિલપસંદ બની જાય છે. (યઝીદના આ શબ્દો બતાવે છે કે તે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદથી બદગુમાન હતો. નારાજ હતો.) તમે જે મકામ, દરજ્જા પર છો તેના માટે પાત્ર છો. અરબ શાએરના કહેવા મુજબ :

رَفَعْتَوَجَاوَزْتَالسَّحَابَوَفَوْقَهفَمَالَكَاِلَّاَمَرقبالشمسمتعده

તમે ઘણા બુલંદ થયા અને વાદળોથી પણ ઉપર પહોંચી ગયા. મસનદે આફતાબ (ગાદી-

તખ્ત) સિવાય તમારી શાન મુજબ કોઈ બીજી જગ્યા નથી.

આ પત્રમાં તેને હુકમ આપ્યો કે ઝડપથી કુફા પહોંચે અને મુસ્લિમ બિન અકીલને પકડી કતલ કરી નાખો અથવા તડીપાર કરી દો. (મકતલુલ હુસૈન મુકર્રમ પેજ-૧૪૮)

(૨૦) ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની તકરીર

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને જ્યારે બસરામાં યઝીદનો પત્ર મળ્યો તો તેણે ઇમામ હુસૈન(અલ.)ના તે એલચીને કતલ કરવાનો હુકમ આપ્યો જે બસરાના બુઝુર્ગો અને સરદારોના નામે પત્ર લઈ ગયા હતા. ત્યાર પછી શહેરની મસ્જીદમાં મિમ્બર પર ગયો અને કહ્યું : યઝીદે મને કુફાનો ગવર્નર નક્કી કર્યો છે અને હું કાલે કુફા ચાલ્યો જઈશ. (હયાતુલ ઇમામ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૩૫૫)

અલ્લાહની કસમ ! સખ્તીઓ મારી પાસે પણ નહીં આવી શકે અને ઝમાનાની ઘટનાઓ મને હલાવી નહીં શકે. જે મારાથી દુશ્મની કરશે હું તેની સાથે દુશ્મની રાખીશ. જે મારી સાથે જંગ કરશે હું પણ તેની સાથે જંગ કરીશ અને તેને મારી નાખીશ.

મેં મારી ગેરહાજરીમાં બસરાનો હાકેમ મારા ભાઈ ઉસ્માન બિન ઝિયાદને મુકર્રર કર્યો છે. તેનો વિરોધ ન કરશો. ખુદાની કસમ! હું વિરોધીઓને કતલ કરવામાં નિડર છું. નજીકવાળાઓને દૂરવાળા જેવી સજા આપુ છું. મારી સાથે સહી તરીકાથી વર્તણુંક કરો, મારો વિરોધ ન કરો. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૩)

(૨૧) કુફાની દિશામાં ઉબૈદુલ્લાહની રવાનગી

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ, મુસ્લિમ બિન અમ્ર બાહલી, મુન્ઝિર બિન જારૂદ, શરીક બિન અઅવર હારેસી, (શરીક બિન અઅવર હારેસી અમીરૂલ મોઅમેનીન અલ.ના ખાસ સહાબીઓમાંથી હતા. જંગે જમલ અને સિફ્ફીનમાં આપ અલ.ની સાથે હતા. અબુલ ફરજ અસ્ફહાની કહે છે કે ઇબ્ને ઝિયાદ તેમની ઇઝ્ઝત, સન્માન કરતો હતો. ઘણા પુખ્તા શીઆ હતા. સાહેબે મનાકિબે તેમને હમદાની લખ્યું છે. જ્યારે કે બીજા ઇતિહાસકારોએ હારેસી લખ્યું છે. - તન્કીહુલ મકાલ ભાગ-૨ પેજ-૮૪. શરીક હઝરત અલી(અલ.)ની ફરમાંબરદારીમાં અડગ રહ્યા અને જંગે સિફ્ફીનમાં અમ્મારે યાસિરની સાથે તલવાર ચલાવતા હતા અને મઆવિયા સાથે આપની વાતચીત ઇતિહાસમાં લખાએલી છે. નફસુલ મહમુમ પેજ-૯૬ વર્ણન થયું છે કે હાની બિન ઉરવહ સાથે આપની

દોસ્તી હતી. - મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૫૨) અબ્દુલ્લાહ બિન હારિસ બિન નૌફલ અને બસરાવાસીઓના પાંચસો વ્યક્તિઓ સાથે ઝડપથી કુફા તરફ ચાલવા લાગ્યો. જ્યારે તેણે જોયું કે શરીક બિન અઅવર અને અબ્દુલ્લાહ બિન હારિસ તેની સાથે ચાલી નથી શકતા તો તેણે આ લોકોને રસ્તા દરમિયાન એકલા છોડીને બીજા સાથીઓની સાથે કુફા તરફ ચાલવા લાગ્યો. આ બંનેની (શરીક બિન અઅવર અને અબ્દુલ્લાહ બિન હારિસની) દિલી ઇચ્છા આ હતી કે ઇબ્ને ઝિયાદ કુફા મોડો પહોંચે. શક્ય છે કે સ્થિતિ બદલાઈ જાય. પરંતુ ઇબ્ને ઝિયાદને આ ડર હતો કે ઇમામ હુસૈન(અલ.) તેનાથી પહેલા કુફા ન પહોંચી જાય. એટલા માટે તે જેટલું બની શકે જલ્દી કુફામાં દાખલ થવા માંગતો હતો. આ કારણથી તે ખુબ જ ઝડપથી બસરાથી કુફાનો રસ્તો પસાર કરી રહ્યો હતો. અહીં સુધી કે "કાદસિયા"માં તેનો ગુલામ

મેહરાન પણ તેનાથી અલગ પડી ગયો અને દિરહમ અને દીનારની લાલચ આપ્યા પછી પણ ઇબ્ને ઝિયાદ તેને પોતાની સાથે ન લઈ જઈ શક્યો. મજબુર થઈને ગુલામને પણ રસ્તામાં એકલો છોડી અને પહેરવેશ બદલીને પોતાનો સફર શરૂ રાખ્યો.

વર્ણન થયું છે કે ઇબ્ને ઝિયાદે યમાની પોશાક પહેર્યો હતો. માથા પર કાળો અમામો રાખ્યો જેથી કોઈ ઓળખી ન શકે અને ઇમામ હુસૈન(અલ.)ના ચાહકો તેને ઇમામ સમજે. આ જ પહેરવેશમાં તે દરેક ચેકપોસ્ટથી નીકળતો ગયો. લોકો આ સમજી રહ્યા હતા કે તે હુસૈન ઇબ્ને અલી(અલ.) છે. તેને મરહબા, વેલકમ કહી રહ્યા હતા અને ઇબ્ને ઝિયાદ આંખો મેળવ્યા વગર ચુપકીદીથી ચાલ્યો જઈ રહ્યો હતો. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૪૯)

(૨૨) કુફામાં ઉબૈદુલ્લાહનું દાખલ થવું

ઇબ્ને ઝિયાદ કુફાની નજીક પહોંચીને રાત થવાની રાહમાં રોકાઈ ગયો અને નજફથી નજીકના પ્રદેશથી કુફામાં દાખલ થયો. આ દરમિયાન એક સ્ત્રીએ બુમ પાડીને કહ્યું: અલ્લાહની કસમ! આ ફરઝંદે રસુલ(સલ.) છે. નજીકના લોકો પણ બુમો પાડવા લાગ્યા અને તેની ચારેય તરફ ભેગા થઈને કહેવા લાગ્યા અમે ચાલીસ હજારથી વધુ લોકો આપની સાથે છીએ. (મુસીરૂલ અહઝાન પેજ-૩૦)

પરંતુ જ્યારે આ ભોળા લોકો હોશમાં આવ્યા અને ઇબ્ને ઝિયાદે પોતાના મોઢા પરથી પડદો ઉઠાવ્યો અને તેમને સંબોધીને કહ્યું : હું ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ છું. કુફાવાળાઓ જેઓ ગફલતમાં પડેલા હતા, એક બીજા પર પડી રહ્યા હતા. ઘણા બધા કચડાઈ ગયા અને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ

દારૂલ અમારહમાં દાખલ થઈ ગયો. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૪)

લખ્યું છે કે જ્યારે મુસ્લિમ બિન અમ્ર બાહલીએ ઇબ્ને ઝિયાદની ચારેય તરફ કુફાના ધોકામાં પડેલા લોકોની ભીડ જોઈ તો બુમ પાડી કે પાછળ હટો. આ અમીર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ છે. ઇબ્ને ઝિયાદ ચાલતો રહ્યો એટલે સુધી કે દારૂલ અમારાની પાછળ પહોંચી ગયો. (કુફાનું દારૂલ અમારહ જૂની ઇસ્લામી ઇમારતોમાંથી છે. જેને સઅદ બિન અબી વકાસે બનાવી હતી.)

ઇબ્ને ઝિયાદના સાથીઓએ દારૂલ અમારામાં મોજૂદ નોઅમાન બિન બશીર અને તેના સાથીઓને કહ્યું કે દરવાજો ખોલો ! નોઅમાન બિન બશીરે વિચાર્યું કે ઇમાન હુસૈન(અલ.) છે જે પોતાના મદદગારોની સાથે દારૂલ અમારામાં દાખલ થવા માંગે છે. એટલા માટે ઇબ્ને ઝિયાદને

સંબોધીને કહેવા લાગ્યો : હું આપને અલ્લાહની કસમ આપીને કહું છું કે દારૂલ અમારાની નજીક ન થાઓ. અલ્લાહની કસમ જે અમાનત મને સોંપવામાં આવી છે તે હું કદી પણ આપને નહીં આપીશ. પરંતુ મારો આ ઇરાદો નથી કે આપથી જંગ કરૂં. તે આ સમજી રહ્યો હતો કે તે ઇમામ હુસૈન(અલ.)ને સંબોધી રહ્યો છે.

આ દરમિયાન સમૂહમાંથી એક આદમીએ બૂમ પાડી. આ ઇબ્ને મરજાના ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ છે. આ સાંભળતા જ લોકો ઇબ્ને ઝિયાદથી દૂર હટી ગયા અને વિખેરાઈ ગયા. નોઅમાન બિન બશીરે ગભરાઈને દરવાજો ખોલી નાખ્યો અને ઇબ્ને ઝિયાદ દારૂલ અમારામાં દાખલ થઈ ગયો. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પેજ-૪૪)

(૨૩) કુફામાં ઉબૈદુલ્લાહનો ખુત્બો

બીજા દિવસે ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે કુફાવાળાઓ મસ્જિદમાં ભેગા થઈ જાય.ખુત્બામાં કહ્યું : યઝીદે તમારૂં શહેર મારા સુપુર્દ કર્યું છે. એટલા માટે કે બયતુલમાલનું રક્ષણ અને મઝલુમો અને ગરીબ લોકોની હિમાયત કરૂં અને જે લોકો હુકમની ફરમાંબરદારી કરશે તેમની સાથે મહેરબાન બાપની જેમ વર્તવામાં આવશે. હું તે લોકો પર તલવાર ચલાવીશ જે મારા હુકમની નાફરમાની કરશે. મારા પ્રકોપથી ડરો ! જાણી લો કે હું ફકત કહેવા પર સંતોષ નહીં માનીશ, બલ્કે કરીને બતાવીશ. (અઅલામુલ વરા પેજ-૨૨૨)

(૨૪) ધમકીઓ આપી ભય ફેલાવવો

ઇબ્ને ઝિયાદે કુફાની હુકુમતની ગાદી પર બેસતાની સાથે જ કુફાવાળાઓ પર ડર બેસાડવા અને રોબ (ધાક)માં લાવવા માટે કુફાના આગેવાન લોકોમાં અમુક લોકોની ગિરફતારી અને અમુકના કતલનો હુકમ આપ્યો. આ રીતે લોકોના ક્રાંતિના ઇરાદાને ડામાડોળ અને તેમની ચળવળના મન્સુબાને પાયમાલ કરવા માંગતો હતો. આ કારણે કુફામાં દાખલ થયા પછી બીજા દિવસે હુકમ આપ્યો કે લોકો શહેરની મસ્જિદમાં ભેગા થઈ જાય. પોતે એવો વિચિત્ર ચેહરો બનાવીને મિમ્બર પર ગયો કે જેમાં સામાન્ય રીતે લોકોની સામે ન આવતો હતો અને ધમકીભર્યો ખુત્બો આપતા કહ્યું : હું સમજુ છું કે આ સ્થિતિને ખતમ કરવા માટે ઘણી સખ્તીથી કામ લેવું પડશે. જુઓ ! હું મુજરિમના બદલામાં

બેગુનાહને અને ભાગેલા અને ગાએબની જગ્યા પર મોજૂદ લોકોને સજા આપીશ અને તમને ઘરોમાં બેસાડી દઈશ.

આ દરમિયાન કુફાવાસીઓમાંથી અસદ બિન અબ્દુલ્લાહ અલ્મરી ઉભા થયા અને ઇબ્ને ઝિયાદની તકરીરનો જવાબ આપતા કહ્યું : અય અમીર અલ્લાહ તો ફરમાવે છે :

وَلَا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ

સૂ. અન્આમ આ-૧૬૪

કોઈ બીજાનો બોજ નહીં ઉઠાવે. દરેક વ્યક્તિએ પોતાના અમલનો જવાબ આપવો પડશે. આપની ફરજ કહેવું છે અને અમારી ફરજ સાંભળવું છે. પરંતુ અમારી સાથે બુરો વર્તાવ ન કર. જ્યારે કે હજી અમે આપથી કોઇ ભલાઈ નથી જોઈ.

ઇબ્ને ઝિયાદ પોતાનો ખુત્બો રોકીને મિમ્બરથી ઉતરી ગયો અને દારૂલ અમારામાં ચાલ્યો ગયો. (અલ-ફુતૂહ ભાગ-૫ પેજ-૬૭)

ઇતિહાસકારોએ લખ્યું છે કે ખુત્બા દરમિયાન ઇબ્ને ઝિયાદે આ કહ્યું હતું કે તે હાશમીને કહી દો કે મારા પ્રકોપથી બચતા રહે અને તેનો મતલબ મુસ્લિમ બિન અકીલ હતા. (મુસીરૂલ અહઝાન પેજ-૩૦)

(૨૫) હુકુમતના જાસુસો અને સરકારી નોકરો સાથેનો વર્તાવ

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે હુકુમતના જાસુસો અને બાદશાહ સુધી કબીલાની રિપોર્ટ પહોંચાડવાવાળાઓ પર સખ્તી કરવાનું શરૂ કર્યું અને તેમને કહ્યું કે શહેરમાં દાખલ થવાવાળા અજનબીઓ, યઝીદની હુકુમતના વિરૂદ્ધ તેની ખિલાફતની સચ્ચાઈ પર શક કરવાવાળાઓ અને મતભેદ, વૈમનસ્ય પૈદા કરવાવાળાઓના નામ સાથે રિપોર્ટ પેશ કરો અને જો કોઈએ તેના વિરૂદ્ધ અમલ કર્યો, સમય પર જરૂરી રિપોર્ટ ન આપ્યો અને યઝીદના દુશ્મનોની ઓળખાણ ન આપી તો બયતુલમાલથી તેનો પગાર બંધ કરી દેવામાં આવશે બલ્કે તેનું ખૂન, માલ પણ જાએઝ સમજવામાં આવશે અને તેને તેના ઘરની સામે

ફાંસી આપવામાં આવશે અથવા તેને ઝારહમા તડીપાર કરવામાં આવશે. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૪, ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૪૫)

"ઝારહ" ઓમાનમાં એક જગ્યા છે. જ્યાં મરકઅ બિન સમામા અસદીને તડીપાર કરવામાં આવ્યા હતા. મરકઅ કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની સાથે હતા. જ્યારે તેમના બધા તીર ખતમ થઈ ગયા તો તેમણે તલવારથી જંગ કરી, તેમના કબીલાના જે લોકો ઉમર બિન સઅદના લશ્કરમાં હતા તે લોકોએ તેમને અમાન આપી અને મરકઅ તેમની પાસે ચાલ્યા ગયા. જ્યારે ઉમર બિન સઅદ કૈદીઓને કુફા લાવ્યો અને મરકઅના વિષે ઉબૈદુલ્લાહને બતાવ્યું તો તેણે તેમને ઝારહમાં તડીપાર કર્યા.

(૨૬) હાનીના ઘેર

હાની બિન ઉરવહ મઝજહી પાકા શીઆ હતા અને કુફાના આગેવાન લોકોમાં ગણાતા હતા. ઘણા લોકોના રહેબર હતા. જ્યારે તેઓ સવાર થતા હતા તો તેમની સાથે ચાર હજાર સવાર અને આઠ હજાર પગપાળા ચાલનારા આદમી હતા. જ્યારે તેઓ પોતાના હલીફ કબીલા કન્દહને બોલાવી લેતા હતા તો ત્રીસ હજાર વ્યક્તિઓ થતા હતા. હાની અમીરૂલ મોઅમેનીન(અલ.)ના ખાસ સહાબીઓમાં ગણાતા હતા. જંગે જમલ, સિફ્ફીન અને નહરવાનમાં હઝરત અલી(અલ.)ની સાથે હતા. રસુલ(સલ.)ની ઝિયારત કરી હતી. આપ(સલ.)ના સહાબીઓમાં પણ ગણાતા હતા. જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે તેમને શહીદ કર્યા તો તે સમયે

આપની ઉમર નેવું વરસની હતી. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પેજ-૧૫૧)

જ્યારે કુફામાં ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના આવવાની અને જામેઅ મસ્જિદમાં જાસુસો સાથેની તેની વાતચીતની ખબર મુસ્લિમ બિન અકીલ(અલ.)ને મળી તો આપ મુખ્તારના ઘરેથી હાની બિન ઉરવહના ઘરે ચાલ્યા ગયા અને ઇમામ હુસૈન(અલ.)ના તાબેદારો આપની મુલાકાત માટે હાનીના ઘરે આવવા લાગ્યા અને એકબીજાથી આ વાતની તાકીદ કરતા હતા કે પરાયા લોકોથી આ વાતને છુપી રાખે. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૪૧)

એક જગ્યાએથી બીજી જગ્યા મુન્તકેલ થવાનું કારણ મુસ્લિમના કિયામને છૂપુ રાખવાનું હતું. કારણ કે તેમને આ ડર હતો કે કંઈ એવું ન બને કે પોતાની યોજનાને અમલમાં લાવતા પહેલાં

જ ગિરફ્તાર ન કરી લેવામાં આવે. (અલ-લુહૂફ પેજ-૧૯)

લખ્યું છે કે : જ્યારે મુસ્લિમ બિન અકીલ હાની બિન ઉરવહના ઘરે ગયા અને બયઅત કરવાવાળાઓની સંખ્યા પચ્ચીસ હજાર થઈ ગઈ તો આપે ઇન્કેલાબ, આક્રમણનો ઇરાદો કર્યો. પરંતુ હાનીએ કહ્યું : આ કામમાં ઉતાવળથી કામ ન લો. (મનાકિબે ઇબ્ને શહર આશુબ ભાગ-૪ પેજ-૯૧)

(૨૭) કુફામાં શરીક બિન અઅવરનું આવવું

અમે પહેલાં લખી ચુકયા છીએ કે શરીક બિન અઅવર બસરાથી કુફાના સફરમાં ઇબ્ને ઝિયાદ સાથે હતા. સફર દરમિયાન રસ્તામાં ચાલવાથી લાચાર થઈ ગયા હતા. તેમનો ખ્યાલ હતો કે ઇબ્ને ઝિયાદ તેમને રસ્તામાં એકલો નહીં છોડે અને આ રીતે ઇબ્ને ઝિયાદના કુફા પહોંચવામાં મોડું થઈ જશે.

જ્યારે શરીક કુફા પહોંચ્યા અને ત્યાંના હાલાતથી વાકેફ થયા તો હાની બિન ઉરવહના ઘરે ગયા અને ત્યાં જ રોકાયા. હાનીને આ વાત પર ઉત્સાહ અપાવતા હતા કે મુસ્લિમના હુકમ પર અમલ કરવામાં સુસ્તી ન કરવામાં આવે અને કાર્યવાહીના અસબાબ તૈયાર કરવામાં આવે. (મકાતિલુત તાલેબીન પેજ-૯૭)

(૨૮) હાની અને શરીકની બીમારપુરસી કરવું

જ્યારે હાની બિન ઉરવહ બીમાર થયા તો ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ આપની અયાદત (ખબર લેવા) માટે આવ્યો. આ સમયે અમ્મારહ બિન અબ્દુસ્સલુનીએ હાનીને કહ્યું : આપણો એક મકસદ આ બની ઉમય્યાની હુકુમતના નોકરને રસ્તાથી હટાવવું છે અને હવે અલ્લાહતઆલાએ આ મૌકો આપ્યો છે. શિકાર પોતાના પગોથી ચાલીને કુરબાનીની જગ્યાએ આવ્યો છે. આપણે આ કિસ્સાને અહીં ખતમ કરી નાખીએ તો યઝીદની હુકુમતને એક મોટો ઘા લગાવી શકીએ છીએ.

હાની અખ્લાકી ઉસૂલના પાબંદ હતા. તેમણે કહ્યું : મને આ પસંદ નથી તે મારા ઘરમાં કતલ થાય કે તે મહેમાન છે. ઇબ્ને ઝિયાદ હાનીની ખબર લેવા આવ્યો અને સહી સલામત પાછો ચાલ્યો ગયો. તેના થોડા દિવસ બાદ શરીક બિન અઅવર બીમાર પડ્યા.

તે પણ હાનીના ઘરે રોકાયા હતા. ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ અને હુકુમતના અન્ય હાકેમો તેનો એહતેરામ કરતા હતા. એટલા માટે ઉબૈદુલ્લાહે શરીકની પાસે માણસ મોકલીને કહેવડાવ્યું કે આજ રાતના ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ ખબર લેવા માટે આવશે. શરીકે વિચાર્યું કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને મારી નાખવાનો બેહતરીન સમય છે.

તેમણે મુસ્લિમ બિન અકીલ(અલ.)ને કહ્યું : આજે રાતે ઉબૈદુલ્લાહ મારી ખબર લેવા આવશે. જ્યારે તે ઘરમાં દાખલ થઈને મારા બિસ્તરની પાસે બેસી જાય તો આપ અજાણતામાં તેને કતલ કરી દારૂલ અમારા પર કબજો કરી લો. નિશ્ચિંત રહો, આ વિષયમાં કોઈ પણ આપનો વિરોધ નહીં કરે અને મારી તબીયત સારી થઈ ગયા પછી બસરાવાળાઓને આપના તરફદાર બનાવી દઈશ.

(૨૯) શરીક અને ઉબૈદુલ્લાહના કતલનો મન્સુબો

હજી શરીક અને મુસ્લિમ બિન અકીલ(અલ.)ની વાતચીત શરૂ હતી કે દરવાજા પર દસ્તક થઈ. ખબર પડી કે દરવાજા પર ઉબૈદુલ્લાહ છે. મુસ્લિમ ઘરના કોઈ ખૂણામાં સંતાઈ ગયા. ઉબૈદુલ્લાહ અને તેનો ગુલામ મેહરાન ઘરની અંદર આવ્યા. શરીકની પાસે બેસી ગયા અને ખબર પૂછવા લાગ્યા.

શરીક બસ આ વાતની જ રાહ જોઈ રહ્યા હતા કે મુસ્લિમ બિન અકીલ(અલ.) પરદાથી બહાર આવે અને ઝિયાદ પર હુમલો કરી તેને હલાક કરી નાખે. પરંતુ તેમના ઇન્તેઝારનો કોઈ ફાયદો ન થયો. શરીક ગુસ્સામાં હતા. તેમણે માથાથી પોતાનો અમ્મામો ઉતારી જમીન પર રાખી દીધો. ફરી પાછો

માથા પર રાખ્યો. ઘણી વખત આ રીતે કર્યું. છતાં પણ મુસ્લિમ ન આવ્યા. તો તેમણે મુસ્લિમને ખબરદાર કરવા માટે શેઅર પઢવાનું શરૂ કર્યું અને કહ્યું : તેને (ઇબ્ને ઝિયાદને) સંતૃપ્ત કરી દો ચાહે આ માટે મારી મોત કેમ ન આવી જાય.

ઉબૈદુલ્લાહ જે શરીકના વ્યવહારથી આશ્ચર્યમાં હતો હાનીને કહેવા લાગ્યો : એવું લાગે છે તમારો પિતરાઈ ભાઈ હિઝયાન, બકવાસ કરી રહ્યો છે. હાનીએ કહ્યું : શરીક જે દિવસથી બીમાર પડ્યા છે આવું જ બોલતાં રહે છે. સમજતા નથી કે હું શું કહી રહ્યો છું.

શરીકે પોતાની વાતચીત દરમિયાન મુસ્લિમ બિન અકીલ(અલ.)ને આ કહ્યું હતું કે જ્યારે હું પાણી માંગુ તો આપ નીકળીને ઉબૈદુલ્લાહને કતલ કરી નાખશો. જ્યારે શરીકની અયાદત માટે ઉબૈદુલ્લાહ હાનીના ઘરમાં દાખલ થયો અને

શરીકની પાસે બેસી ગયો તો મેહરાન (ઉબૈદુલ્લાહનો ગુલામ) એહતેરામમાં માન અર્થે ઉબૈદુલ્લાહની પાછળ ઉભો રહ્યો. શરીકે યોગ્ય સમય જોઈને કહ્યું : મને પાણી પીવડાવી દો.

નાની કનીઝ શરીક માટે પાણી લાવી તો તેણે પરદા પાછળ છુપાએલા મુસ્લિમને જોઈ લીધા, તેનો પગ લપસી ગયો, શરીકે ફરી કહ્યું : મને સંતૃપ્ત કરી દો, છતાં મુસ્લિમ બહાર ન આવ્યા તો શરીકે ફરી અવાજ આપી અને કહ્યું : અફસોસ છે તમારા પર, મને સંતૃપ્ત કરી દો. ચાહે આ માટે મારી જાન કેમ ન ચાલી જાય.

આથી ઇબ્ને ઝિયાદનો ગુલામ સમજી ગયો કે કોઈ ષડયંત્ર છે. તેણે ઉબૈદુલ્લાહનો હાથ દબાવ્યો અને તે જલ્દીથી ઉઠી ગયો. શરીકે કહ્યું : અય અમીર ! હું આપને અમુક વસીય્યતો કરવા માંગતો

હતો. ઉબૈદુલ્લાહે કહ્યું : બીજી વખત અહવાલપુર્સી માટે આવીશ.

મેહરાને ઘરની બહાર નીકળ્યા પછી ઉબૈદુલ્લાહને કહ્યું: આપના કતલનો પ્રોગ્રામ હતો. ઉબૈદુલ્લાહે યકીન ન કર્યું અને કહ્યું : તે મારા વિષે આવું નથી વિચારી શકતા. હું તેમનાથી મોહબ્બત કરૂ છું અને મારા બાપની પણ તેમના બાપની સાથે દોસ્તી હતી. મેહરાને તેને યકીન કરાવ્યું કે હકીકત આ જ છે જે હું કહી રહ્યો છું.

(૩૦) કતલ ન કરવાનું કારણ

જ્યારે ઉબૈદુલ્લાહ હાનીના ઘરેથી ચાલ્યો ગયો અને જનાબે મુસ્લિમ પરદાથી બહાર આવ્યા તો શરીકે પરેશાનીની હાલતમાં પુછ્યું : ઉબૈદુલ્લાહને કેમ કતલ ન કર્યો ? મુસ્લિમે ફરમાવ્યું : બે ચીજોએ મને રોક્યો. પ્રથમ આ કે હાનીને આ વાત પસંદ ન હતી કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ તેમના ઘરમાં કતલ થાય. બીજું તે હદીસ જે લોકોએ રસુલ(સલ.)થી નકલ કરી છે કે ઈમાન દગો અને ચાલબાજીથી રોકે છે અને મોમિન છળ કપટ, દગાથી કામ નથી લેતો.

શરીકે કહ્યું : ખુદા કસમ ! જો આપ તેને કતલ કરી દેત તો એક ફાસિક, કાફિર અને બદકાર માણસને કતલ કર્યો હોત. (મકાતિલુત તાલેબીન પેજ-૯૯)

(૩૧) શરીક બિન અઅવરનું મૃત્યુ

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે આ કિસ્સાના ત્રણ દિવસ પછી શરીક બિન અઅવરનો ઇન્તેકાલ થઈ ગયો અને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે તેમના જનાઝાની નમાઝ પઢાવી. પરંતુ જ્યારે તેને ખબર પડી કે શરીક મુસ્લિમને તેના કતલ પર ઉત્સાહ અપાવી રહ્યા હતા તો કહ્યું અલ્લાહની કસમ! હવે હું કોઈ ઇરાકીની નમાઝે જનાઝા પઢાવીશ નહીં. જો ત્યાં મારા બાપ ઝિયાદની કબર ન હોત જ્યાં શરીક દફન થયા છે તો હું કબ્ર ખોદાવીને તેનો જનાઝો કઢાવી લેત. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૨૭)

ઉબૈદુલ્લાહનો બાપ ઝિયાદ બિન અબીહ સૌબિયામાં હતો જે કુફાથી નજીક એક જગ્યા છે. મુગીરહ અને અબુ મુસા ત્યાં જ દફન થયા છે.

કહેવાય છે કે ત્યાં જ નોઅમાનનું કૈદખાનુ હતુ. (મરાસિદુલ ઇન્તિલાઅ ભાગ-૧ પેજ-૩૦૨)

આ પણ લખ્યું છે કે જ્યારે ઉબૈદુલ્લાહ દારૂલ અમારહમાં પાછો આવ્યો તો માલિક બિન યરબુઅ તમીમીએ તેને એક પત્ર આપ્યો જે અબ્દુલ્લાહ બિન યકતરના હાથથી લીધો હતો. આ પત્રમાં ઇમામ હુસૈન(અલ.) માટે લખ્યું હતું. કુફાવાળાઓની એક જમાતે આપની બયઅત કરી લીધી છે. જેથી પત્ર મળતાની સાથે જ આપ આવવામાં જલ્દી કરો. કારણ કે લોકો યઝીદથી નફરત કરે છે અને ફકત આપને ચાહે છે. (પરંતુ આગળ આવશે કે અબ્દુલ્લાહ બિન યકતર ઇમામ હુસૈન અલ.નો પત્ર લાવ્યા હતા અને ગિરફતાર થઈ ગયા હતા.) ઉબૈદુલ્લાહે અબ્દુલ્લાહ બિન યકતરના કતલનો હુકમ આપી દીધો. (મનાકિબ ઇબ્ને શહરઆશૂબ ભાગ-૪ પેજ-૯૩)

(૩૨) મઅકલ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો જાસૂસ

ઉબૈદુલ્લાહને આ ખબર ન હતી કે મુસ્લિમ ક્યાં છુપાએલા છે. તેણે મકઅલને બોલાવ્યો અને તેને ત્રણ હજાર દિરહમ આપી કહ્યું : તુ શીઆઓ સાથે સંબંધ બનાવ અને આમ કહે કે હું શામી છું, ઝુલ-કલાઅનો ગુલામ છું. અલ્લાહે મને રસૂલ(સલ.)ના અહલેબયતની દૌલતથી નવાઝ્યો છે. આ પણ કહેજે કે : સાંભળ્યું છે કે કોઈ આદમી ઇમામ હુસૈન(અલ.)ની તરફથી આ શહેરમાં આવ્યો છે. હું તેની મુલાકાત કરી આ દિરહમ તેને આપવા માંગુ છું. (ઇબ્ને નુમાએ વર્ણન કર્યું છે કે ઉબૈદુલ્લાહે મઅકલને કહ્યું : પોતાને હિમ્સનો રહેવાસી બતાવજે અને કહેજે કે હું આ દિરહમ આપવા અને બયઅત માટે આવ્યો છું.)

મકઅલ દારૂલ અમારાથી (હુકુમતનું કેન્દ્ર) બહાર ચાલ્યો ગયો અને કુફાની જામેઅ મસ્જિદ પહોંચ્યો. જોયું કે મુસ્લિમ બિન અવસજા અસદી નમાઝમાં

મશગૂલ છે. જ્યારે તે નમાઝથી ફારિગ થયા તો મઅકલે તેમને તે જ વાતો કહી જે ઇબ્ને ઝિયાદથી શીખીને આવ્યો હતો. મુસ્લિમ બિન અવસજાએ તેના માટે દુઆએ ખૈર કરી અને તેને મુસ્લિમ બિન અકીલ(અલ.) પાસે લઈ ગયા.

મકઅલે તે દિરહમ મુસ્લિમ બિન અકીલના સુપુર્દ કર્યા અને આપના હાથ પર બયઅત કરી લીધી. મુસ્લિમ બિન અકીલે તે દિરહમ અબુ સમામા સાએદીને સુપુર્દ કર્યા. અબુ સમામા અકલમંદ, બહાદુર અને શીઆઓમાં હેસિયત ધરાવતા હતા. મુસ્લિમે તેમને માલ ભેગો કરવા અને હથિયાર ખરીદવાની ઝિમ્મેદારી સોંપી હતી. હવે મકઅલ રોજ આ જગ્યા પર આવવા લાગ્યો જ્યાં મુસ્લિમ છુપાયા હતા. તેને કોઈ રોકવાવાળું ન હતું. તે આખો દિવસ ત્યાંની સ્થિતિ પર નજર રાખતો અને સાંજના ઇબ્ને ઝિયાદને બયાન કરતો હતો. (મુસીરૂલ અહઝાન પેજ-૩૨)

(૩૩) હાની ઇબ્ને ઉરવહ વિરૂદ્ધ કાવતરૂં

જ્યારે ઉબૈદુલ્લાહને આ ખબર પડી કે મુસ્લિમ બિન અકીલ(અલ.) હાની બિન ઉરવહના ઘરે છૂપાએલા છે. તો તેણે હાનીની ગિરફતારીનો મનસુબો બનાવ્યો. કારણ કે હાનીનું ઘર શીઆઓના ભેગા થવાનું મરકઝ હતું અને ઇમામ હુસૈન(અલ.)ના સફીર(એલચી)ની કિયામની જગ્યા હતી. (હયાતુલ ઇમામ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૨૯)

હાની પણ બીમારીનું બહાનું કાઢીને ઉબૈદુલ્લાહ પાસે જવાથી બચતા હતા. ઇબ્ને ઝિયાદે મહંમદ બિન અશઅસ અને અસમા બિન ખારેજાને, એક રિવાયત મુજબ અમ્ર બિન હજ્જાજ ઝુબૈદીને દરબારમાં બોલાવ્યા અને તેમને પુછ્યું કે હાની દરબારમાં કેમ નથી આવતા? તે લોકોએ કહ્યું કે તે

બીમાર છે. ઉબૈદુલ્લાહે કહ્યું કે મને ખબર પડી છે કે હાની તંદુરસ્ત થઈ ગયા છે પણ ઘરેથી નીકળતા નથી. તમે જાઓ અને તેમને વિશ્વાસ અપાવીને દરબારમાં લાવો. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪, પેજ-૩)

મહંમદ બિન અશઅસનો બાપ અશઅસ બિન કૈસ કન્દી હતો. તેની શાદી અબુબકરની બહેન ઉમ્મે ફરવાથી થઈ હતી. અમીરૂલ મોઅમેનીન(અલ.)એ અશઅસ પર લઅનત કરી છે. ઇબ્ને અબિલ હદીદ કહે છે : હઝરત અલી(અલ.)ની હુકુમતમાં થવાવાળા દરેક ફિત્નાની જડ અશઅસ હતો. કુલયનીએ ઇમામ સાદિક(અલ.)થી રિવાયત કરી છે કે આપ(અલ.)એ ફરમાવ્યું : અશઅસ બિન કૈસ અલી(અલ.)ના કતલમાં શરીક હતો અને તેની દીકરીએ ઇમામ હસન(અલ.)ને ઝેર આપ્યું અને મહંમદ બિન

અશઅસ ઇમામ હુસૈન(અલ.)ના કતલમાં શરીક હતો. (અલ-કુની વલ-અલકાબ ભાગ-૨ પેજ-૩૪)

અમ્ર બિન હજ્જાજ ઝુબૈદી ઝુબયદા કબીલાનો સરદાર હતો. તેના કબીલામાં તેની ઘણી ઇઝ્ઝત હતી અને જંગોમાં તેનું નામ આવતું હતું. જે લોકોએ ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યા હતા તેમાંથી એક આ પણ હતો અને પછી આપ(અલ.)થી જંગ પણ કરી અને પાણી રોકવાવાળા પાંચસો સિપાહીઓમાં શામેલ હતો. તેની બહેન રવઆ હાનીની પત્ની અને યહ્યા બિન હાનીની "મા" હતી. (મકતલુલ હુસૈન પેજ-૧૫૫)

(૩૪) હાનીની ધરપકડ

આ લોકો હાનીની મુલાકાત માટે તેમના ઘરે ગયા. તે સાંજના સમયે પોતાના ઘરની સામે બેઠા હતા. તેમણે હાનીને કહ્યું : આપ અમીરની મુલાકાત માટે કેમ નથી જતા? તે હંમેશા આપને યાદ કરે છે. અમને કહી રહ્યા હતા કે જો મને ખબર પડે કે તે બીમાર છે તો હું તેમની ખબર લેવા માટે જઉં. હાનીએ કહ્યું : બીમારી મને મોહલત નથી આપતી કે હું ઉબૈદુલ્લાહની પાસે જાઉં.

તેમણે કહ્યું : ઉબૈદુલ્લાહને આ ખબર મળી છે કે આપ દરરોજ સાંજના સમયે પોતાના ઘરની સામે બેસો છો અને અમીરની મુલાકાતમાં મોડું કરવાથી તે નારાજ થઈ જશે. અમારી ગુજારિશ છે કે આપ પોતાની સવારી પર સવાર થઈને અમારી સાથે અમીરની મુલાકાત માટે ચાલો, હવે હાની પાસે

કોઈ ઉપાય ન હતો. એટલે પોશાક પહેર્યો અને પોતાની સવારી પર સવાર થયા અને તેમની સાથે દારૂલ અમારા તરફ રવાના થયા. દારૂલ અમારા પહોંચ્યા તો તેમને આ એહસાસ થયો કે તેમના વિરૂદ્ધ કાવતરૂં ઘડવામાં આવ્યું છે. એટલે તેમણે હસ્સાન અસ્મા બિન ખારેજાને કહ્યું: અય ભત્રીજા! મને આ વ્યક્તિ "ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ"થી ડર લાગે છે. તમારો શું ખ્યાલ છે ? કાકા ! અલ્લાહની કસમ મને આપ પ્રત્યે કોઈ ડરનો એહસાસ નથી થતો અને પોતાના વિશે અમીરને બદગુમાન ન કરો. હસ્સાન જાણતો ન હતો કે ઉબૈદુલ્લાહે હાનીને શા માટે બોલાવ્યા છે. ટુંકમાં આ કે હાની ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે પહોંચ્યા. ઇબ્ને ઝિયાદે તેમને જોઈને ધીમેથી બોલવા લાગ્યો કે પોતાના પગથી પોતાની કુરબાનીની જગ્યા પર આવી ગયા છો.

أُرِيْدُ حِبَائَهُ وَيُرِيْدُ قَتْلِيْ عَذِيْرُ كَ مِنْ خَلِيْلٍ مُرَادِ

હું તેની ઇઝ્ઝત કરવા માંગુ છું અને તે મને કતલ કરવા માંગે છે. બતાવો જે તમારો દોસ્ત છે. તેના પર મજાકમાં ઝુલ્મ કરવા માટે શું બહાનું છે.

ત્યાર પછી ખૂબ જ મોહબ્બતભર્યો વર્તાવ કર્યો. હાનીએ કહ્યું : અય અમીર ખૈરિયત તો છે. આ પ્રકારની વાતો કેમ કહી રહ્યા છો? ઉબૈદુલ્લાહે કહ્યું : આ તમે પોતાના ઘરમાં યઝીદ અને મુસલમાનોના વિરૂદ્ધ શું ફિતનો કરી રહ્યા છો ? મુસ્લિમ બિન અકીલને પોતાના ઘરમાં જગ્યા આપી છે અને પાડોશીના ઘરોમાં તેમના માટે હથિયાર અને લશ્કરનો સામાન તૈયાર કરી રાખ્યો છે અને એમ સમજો છો કે મારી તેજ નજરો અને હુકુમતના જાસુસોથી છુપી રહેશે.

હાનીએ તેની વાતોનો ઇન્કાર કર્યો અને કહ્યું: મુસ્લિમ મારા ઘરમાં નથી. હાની અને ઉબૈદુલ્લાહની વાતચીત જ્યારે લાંબી ચાલી અને વાદવિવાદમાં ફેરવાઈ ગઈ તો હુકુમતના જાસુસ મઅકલને બોલાવવામાં આવ્યો.

મઅકલ આવ્યો તો ઉબૈદુલ્લાહે હાનીને કહ્યું: આને ઓળખો છો ? હાનીએ જ્યારે મઅકલને જોયો તો તેમને સખત આંચકો લાગ્યો અને કહ્યું : હાં, ઓળખું છું. તે જ સમયે હાનીને પોતાના દોસ્તોથી થએલ ભૂલનો એહસાસ થયો અને તે આ સમજી ગયા કે મઅકલે ઉબૈદુલ્લાહ માટે જાસુસી કરી છે. થોડીક વાર ચુપ રહ્યા પછી હાનીએ ઇબ્ને ઝિયાદને કહ્યું : મારી વાતનું યકીન કરો. ખુદાની કસમ! હું જૂઠ નથી બોલી રહ્યો. મેં તેમને પોતાના ઘરે બોલાવ્યા નથી અને ન મને આ ખબર છે કે તે કઈ ઝિમ્મેદારી માટે આવ્યા છે. તે મારી પાસે આવ્યા

અને મારા ઘરમાં રોકાવા માટે કહ્યું. મને પણ મહેમાનને પોતાના ઘરેથી પાછો કરવામાં શરમ આવે છે. આ છે હકીકત પણ આપને રાઇના દાણાને પહાડ બનાવીને બતાવવામાં આવ્યું છે. જો આપ ચાહો તો હું આપથી વાયદો કરૂ છું કે હું ઘરે જઈને તેમને પોતાના ઘરેથી બહાર મોકલીશ. તેમને જ્યાં ઇચ્છા હોય ચાલ્યા જાય.

ઉબૈદુલ્લાહે કહ્યું : અલ્લાહની કસમ! હું તમને ત્યાં સુધી પાછો નહીં જવા દઉં જ્યાં સુધી મુસ્લિમને મારી પાસે હાજર નહીં કરશો. હાનીએ કહ્યું : અલ્લાહની કસમ હું હરગિઝ આવું નહીં કરીશ. તમે આ ઇચ્છો છો કે હું મારા મહેમાનને તમને સોંપી દઉં કે તમે તેના કતલનો હુકમ આપો. ઉબૈદુલ્લાહ પોતાની વાત પર અડી રહ્યો, હાની પણ પોતાનો આ જ જવાબ દોહરાવતા રહ્યા. (ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૪૭)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે હાનીએ ઉબૈદુલ્લાહને કહ્યું : જો મુસ્લિમ મારા કબજામાં હોત તો પણ ખુદાની કસમ તારા સિપુર્દ ન કરત. (મુસીરૂલ અહઝાન પેજ-૩૩)

અમુકે લખ્યું છે કે હાનીએ ઉબૈદુલ્લાહના જવાબમાં સખ્તીથી કહ્યું : તમે તમારા ખાનદાન અને ખાદિમો સાથે શામ ચાલ્યા જાઓ. કારણ કે જે આ શહેરમાં આવ્યું છે તે તમારા અને યઝીદથી અનેક ગણા વધારે હુકુમતના લાયક છે. (મુરૂજુઝઝહબ ભાગ-૩ પેજ-૭)

(૩૫) હાની અને મુસ્લિમ બિન અમ્ર બાહલી

જ્યારે હાની અને ઉબૈદુલ્લાહની વચ્ચે વાતચીત ઘણી લાંબી ચાલી તો મુસ્લિમ બિન અમ્ર બાહલી જે ઉમવી હુકુમતનો ચેલો હતો. યઝીદે તેને શામથી ઉબૈદુલ્લાહની પાસે મોકલ્યો હતો. તેણે કહ્યું : મને રજા આપો કે હું હાની સાથે વાતચીત કરૂં અને તેને મનાવી લઉં કે મુસ્લિમને સોંપી દે. ઉબૈદુલ્લાહે તેને રજા આપી. તે હાનીને એક ખૂણામાં લઈ ગયો. ઉબૈદુલ્લાહ પણ દૂરથી તેમને જોઈ રહ્યો હતો અને તેમના દરમિયાન ઉંચી અવાજમાં થતી વાતચીત સાંભળી રહ્યો હતો. તેણે નરમી અને ધમકીના અંદાજમાં ઉબૈદુલ્લાહથી સુલેહ માટે કહ્યું અને હાનીને હાકેમના પ્રકોપથી ડરાવ્યા.

મુસ્લિમ બિન અમ્ર બાહલીએ હાનીને કહ્યું : આપને ખુદાની કસમ આપુ છું કે વગર કારણે

પોતાને હલાકતમાં ન નાખો. પોતાને અને પોતાના ખાનદાનને મુસીબતમાં ન નાખો. આ વ્યક્તિ "મુસ્લિમ બિન અકીલ" તેમના પિતરાઈ ભાઈ છે. આ તેમને કતલ નહીં કરે. તેમને કોઈ તકલીફ નહીં પહોંચે. આપ મુસ્લિમને તેમના હવાલે કરી દો. એનાથી તમારી બેઇઝ્ઝતી નહીં થાય. હાની જાણતા હતા કે મુસ્લિમ બિન અકીલને હવાલે કરી દેવું ઘણુ ખરાબ કામ છે અને જો મુસ્લિમ હુકુમતના નોકરોના હાથે લાગી જાય તો તે તેમને જરૂર કતલ કરી નાખશે. તેનાથી મારી અને મારા ખાનદાનની બેઇઝ્ઝતી થશે કે મહેમાનને દુશ્મનના હવાલે કરી દીધો. જેથી બાહલીને જવાબ આપ્યો : ખુદાની કસમ! મારા માટે આથી મોટી કોઈ બેઇઝ્ઝતી નથી કે હું ફરઝંદે રસુલ(સલ.)ના નુમાઇન્દા મારા મહેમાન મુસ્લિમ બિન અકીલને ઉબૈદુલ્લાહને સોંપી દઉં. હજી તો હું જીવતો છું, મારા બાજુમાં જોર છે.

મારા ઘણા મદદગારો છે. જો હું એકલો પણ હોત, કોઈ મારો મદદગાર ન હોત તો પણ હું તેમને હવાલે ન કરત.

આવી વાતો તે આઝાદ પુરૂષો કહે છે જે ઇન્સાની મુલ્યો પર પોતાની જિન્દગી કુરબાન કરી દે છે. તેઓ તે ચીજની સામે નરમ નથી પડતા કે જેનાથી તેમની શરાફત પર આંચ આવતી હોય. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.) ભાગ-૨ પેજ-૩૭૪, આ કિતાબમાં મુસ્લિમ બિન ઉમર લખ્યું છે પરંતુ કિતાબ અલ ફુતુહમાં જેનાથી આ લેખકે વાત વર્ણન કરી છે મુસ્લિમ બિન અમ્ર છે.)

(૩૬) હાનીનું અપમાન

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે હાનીએ ઉબૈદુલ્લાહને કહ્યું : તમારા માટે આ જ બેહતર છે કે પોતાના સિપાહી અને નોકરો સાથે શામ ચાલ્યા જાઓ, તમારા માટે અમાન છે. જ્યાં ચાહો ચાલ્યા જાઓ. "મેહરાન" ઉબૈદુલ્લાહના ગુલામે કહ્યું : આ કેટલી ઝિલ્લતની વાત છે કે આ વ્યક્તિ આપની હુકુમતમાં આપને અમાન આપી રહ્યો છે.

ઉબૈદુલ્લાહે બૂમ પાડીને કહ્યું : તેને પકડી લો, મેહરાને હાનીના વાળ પકડ્યા અને ઉબૈદુલ્લાહે તેમની પેશાની અને ચહેરા પર એટલી છરી મારી કે નાક ટુટી ગઈ. કપડા લોહીવાળા થઈ ગયા અને ગોશ્ત દાઢી પર લટકી આવ્યું. માર એટલો સખત હતો કે ઇબ્ને ઝિયાદની છરી ટુટી ગઈ. હાનીએ

પોતાના બચાવ માટે તલવારનો હાથો પકડ્યો અને નિયામથી બહાર ખેંચી. પરંતુ ઉબૈદુલ્લાહે કહ્યું : શું તમે હરૂરી છો? (હરૂરાઅ એક ગામનું નામ છે, જે કુફાના નજીક છે. પરિભાષામાં ખારજીઓને કહેવાય છે. કારણ કે આ લોકોનો પહેલો ઇજતેમાઅ અહિયાં થયો હતો. - મજમઉલ બહરૈન ભાગ-૩ પેજ-૨૬૩) કે યઝીદની હુકુમતની વિરૂદ્ધ બળવો કરો છો અને તલવાર ખેંચી રહ્યા છો. આ કામથી તમે પોતાનું ખૂન હલાલ કરી દીધું અને પોતાનું કતલ જાએઝ કરાર દીધું છે. ત્યાર પછી હાનીને દારૂલ અમારામાં જ કૈદ કરવાનો હુકમ આપ્યો.

અસ્મા બિન ખારેજાને (હાનીનો ભત્રીજો)ઉબૈદુલ્લાહની આ હરકત પર ઘણો ગુસ્સો આવ્યો. તેણે પોતાની જગ્યાથી ઉઠીને કહ્યું : અય વાયદો તોડવાવાળા, તેમને છોડી દે. અમને કહ્યું હતું કે તેમને તારી પાસે લાવીએ અને તુ તેમની જાન

લેવાની ફિકરમાં પડી ગયો અને તેમને કતલ કરવા ચાહે છે. ઉબૈદુલ્લાહે પોતાના નોકરોને હુકમ આપ્યો કે તેની પણ ખબર લો, મહંમદ બિન અશઅસ જે અસ્માઅના સાથીઓમાંથી એક હતો, તેણે સ્થિતિ જોઈ કહ્યું: આપણે અમીરની વાતથી સહમત થવું જોઇએ, ચાહે તે આપણા નફામાં હોય કે નુકસાનમાં હોય. (તારીખે કામિલ ઇબ્ને અસીર, ભાગ-૪ પેજ-૨૯)

(૩૭) મઝજહ કબીલાનો બળવો

જ્યારે અમ્ર બિન હજ્જાજે આ અફવા સાંભળી કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે હાનીને કતલ કરી દીધા છે ત્યારે તે મઝજહ કબીલાના લોકો સાથે દારૂલ અમારા પહોંચ્યો. દારૂલ અમારાને ઘેરી લીધું અને ઉંચી અવાજથી કહ્યું : હું અમ્ર બિન હજ્જાજ છું. મારી સાથે મઝજહ કબીલાના બુઝુર્ગો અને સવાર છે. તેઓ તાબેદાર છે. જમાઅતથી અલગ નથી થયા. તેમને ખબર મળી છે કે તેમનો સરદાર કતલ કરવામાં આવ્યો છે. આ તેમના માટે ઘણું સખત છે.

ઉબૈદુલ્લાહે જ્યારે આ સ્થિતિ જોઈ તો શુરૈહ કાઝીને કહ્યું કે તે હાનીની મુલાકાત કરે અને હાનીના ખાનદાનવાળાઓને બતાવે કે તે જીવતા છે. શુરૈહ હાનીની પાસે પહોંચ્યો તો હાનીએ ફરિયાદ બુલંદ કરી. અય ખુદા, અય મુસલમાનો ! શું મારા

કબીલાવાળા મરી ગયા છે ? ક્યાં છે મોમિન લોકો ? ક્યાં છે દૂરંદેશો ? તે સમયે તેમની સફેદ દાઢીથી ખૂન ટપકી રહ્યું હતું.

આ દરમિયાન બહારથી હાનીના કાન પર નારાબાજીની અવાજ પહોંચી. કહેવા લાગ્યો : મારા ખ્યાલથી આ શોરબકોર, અવાજ કરનારા મઝજહ કબીલાના મારા તાબેદારો છે. જો તેમાંથી દસ આદમી દારૂલ અમારામાં દાખલ થઈ જાય તો મને છુટકારો અપાવી દેશે. આ વાત સાંભળી શુરૈહ બહાર ગયો અને મઝજહવાળાઓને સંબોધીને કહ્યું : મેં અમીરના હુકમથી હાનીની મુલાકાત કરી છે, તે જીવતા છે. અમ્ર બિન હજ્જાજ અને તેના મદદગારોએ શુરૈહથી સ્પષ્ટતા માંગતા કહ્યું : અલ્લાહનો શુક્ર છે કે હાની જીવતા છે. ત્યાર પછી દારૂલ અમારાનો ઘેરાવ તોડીને પોતાના ઘરે પાછા ફર્યા. (ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૫૦)

(૩૮) ઇબ્ને ઝિયાદની તકરીર

હાનીની ધરપકડ કર્યા પછી ઉબૈદુલ્લાહ હુકુમતના કર્મચારીઓ અને અમુક કુફાના આગેવાન વ્યક્તિઓ સાથે શહેરની મસ્જિદમાં ગયો. તકરીર કરી, તેમાં કહ્યું : અય લોકો ! અલ્લાહની ફરમાંબરદારી અને તમારા રહેબરોની તાબેદારીથી ગાફેલ ન રહો. એકતા, સંગઠનને છોડીને જુદાઈ, ઇખ્તેલાફમાં ન પડો. તેનાથી તમારી ઇઝ્ઝત, આબરૂ, જાન અને માલ સલામત રહેશે. જે તમને સાચી વાત કહે અને તમને તમારા કામોના પરિણામથી વાકેફ કરે તે તમારો ભાઈ છે.

હજી ઉબૈદુલ્લાહ મિમ્બરથી નીચે ન ઉતર્યો હતો કે અમુક લોકોએ શોરબકોર કર્યો કે મુસ્લિમ બિન અકીલ આવી ગયા, મુસ્લિમ બિન અકીલ આવી ગયા. ઉબૈદુલ્લાહ મૌતના ડરથી તરત જ મસ્જિદથી ભાગી ગયો અને દારૂલ અમારા પહોંચીને શ્વાસ લીધો.

નોકરોને હુકમ આપ્યો કે મહેલના દરવાજા બંધ કરી દો. અબ્દુલ્લાહ બિન હાઝિમ કહે છે : હું મુસ્લિમ બિન અકીલ તરફથી ઉબૈદુલ્લાહના મહેલ અને હાની બિન ઉરવહની સ્થિતિ જાણવા પર નિયુક્ત હતો. સૌથી પહેલા મેં મુસ્લિમ બિન અકીલને આ વાતની ખબર આપી હતી કે મુરાદ કબીલાની અમુક સ્ત્રીઓ આ ફરિયાદ કરી રહી છે. યા ઇબરતાહ, યા સકલાહ.

હું મુસ્લિમ બિન અકીલની ખિદમતમાં હાજર થયો અને બતાવ્યું કે હાનીને ગિરફતાર કરવામાં આવ્યા છે. તેમણે ફરમાવ્યું કે આસપાસના ઘરોમાં જે આપણા મદદગાર રહે છે તેમને બોલાવો, જેથી આ નારો "યા મન્સુરો ઉમ્મતી"ની સાથે ચાર હજાર મદદગારો મુસ્લિમની પાસે ભેગા થઈ ગયા. (આ નારાથી લશ્કરને જંગ અને દુશ્મન પર પ્રભુત્વ પ્રાપ્ત કરવા માટે લગાવવામાં આવતા હતા.)

(૩૯) મુસ્લિમ બિન અકીલ(અલ.)નો કિયામ અને દારૂલ અમારાનો(સરકારી મહેલનો) ઘેરાવ

મુસ્લિમ બિન અકીલે ઉબૈદુલ્લાહ સાથે મુકાબલો કરવા માટે અબ્દુર્રહમાન બિન અઝીઝ કન્દીને રબીઆ કબીલાના સવારોનો અને મુસ્લિમ બિન અવસજાને મઝજહ અને અસદ કબીલાના પગપાળા સિપાહીઓના કમાન્ડર નિયુક્ત કર્યા અને અબુ સમામા સાએદીને કબીલએ તમીમ અને હમદાનની સરદારી સોંપી. મદીનાવાસીઓને વ્યવસ્થિત અને તૈયાર કરવાની જવાબદારી અબ્બાસ બિન જઅદહ જદલીને સોંપી અને પોતે પોતાના મદદગારો સાથે દારૂલ અમારા તરફ રવાના થયા અને નાકાબંદી કરી.

અબ્દુલ્લાહ બિન હાઝિમ જે ત્યાં હાજર હતા તેઓ આ કિસ્સાના ગવાહ છે. કસમ ખાઈને કહે છે

કે થોડીક જ વારમાં મસ્જિદ અને બજાર ભીડથી છલકાઈ ગયું. ઉબૈદુલ્લાહે જાનના ડરથી દારૂલ અમારામાં પનાહ લઈ લીધી અને હુકમ આપ્યો : જુઓ મહેલનો કોઈ દરવાજો ખુલી ન જાય. (મકાતિલુત તાલેબીન પેજ-૧૦૦)

(૪૦) નાકાબંધી તોડવા માટે ઉબૈદુલ્લાહની યુક્તિ (પ્લાન)

જ્યારે હઝરત મુસ્લિમ અને તેમના મદદગારોએ દારૂલ અમારાને ઘેરી લીધું હતું તે સમયે ઉબૈદુલ્લાહના મહેલમાં ત્રીસ સિપાહી અને વીસ કુફાના ઉમરાવો, સરદારો હતા જે મહેલની છત પરથી આ મોટી ભીડને જોઈ રહ્યા હતા. ઘેરો કરનારા ઉબૈદુલ્લાહ અને તેના સાથીઓ પર પથ્થર વરસાવી રહ્યા હતા. ઇબ્ને ઝિયાદ અને તેના બાપ પર લઅનત કરી રહ્યા હતા. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૫૨)

ઘેરો તોડવા માટે ઇબ્ને ઝિયાદે વિચાર્યું કે નફસિયાતી (સાઈકોલોજીકલ) લડાઈ શરૂ કરી દેવામાં આવે.

એટલા માટે તેણે અમુક પ્રતિષ્ઠાવાન વ્યક્તિઓને કહ્યું: તમે લોકોની પાસે જાઓ અને તેમની સાથે વાતચીત કરો અને આ કામના પરિણામથી ડરાવો. જેથી તેઓ મુસ્લિમનો સાથ છોડી દે. આ કામ માટે કસીર ઇબ્ને શહાબ હારસી, કઅકાઅ બિન શોર ઝહલી, શીશ બિન રબઈ તમીમી, હિજાર બિન અલ-જબર અને શિમ્ર બિન ઝિલ-જોશન સબાબીને નિયુક્ત કર્યા.

આ લોકોએ હઝરત મુસ્લિમના નજીકના સાથીઓથી સંબંધ કાયમ કર્યો અને ભલાઈ ઇચ્છનારાની જેમ તેમને મુસ્લિમની મદદ કરવાથી ડરાવ્યા. તેઓ જૂઠ બોલ્યા અને કહ્યું કે યઝીદનું લશ્કર શામથી આવી રહ્યું છે. તે તમને બેરહમીથી કચડી નાખશે, પોતાની જાન, માલને ખતરામાં ન નાખો. આ જુઠ્ઠાઓએ કહ્યું કે ઉબૈદુલ્લાહે કસમ ખાધી છે કે જો રાત સુધીમાં તમે લોકોએ નાકાબંધી ન

તોડી અને પોતપોતાના ઘરોમાં પાછા ન ફર્યા તો બયતુલ માલથી તમારો અને તમારા બાળકોનો ખર્ચ બંધ કરી દેશે અને તમારામાંથી ગુનેહગારોની જગ્યાએ બેગુનાહોને, ગાયબ લોકોની જગ્યાએ હાજરજનોને એવી સખત સજા આપશે કે કુફામાં એવો કોઈ વિદ્રોહી નહીં બચે જે પોતાના કૃત્યની સજા ન પામે. (હયાતુલ ઇમામિલ હુસૈનઅલ. ભાગ-૨ પેજ-૨૮૩)

નાકાબંધી તોડવાનો ઉબૈદુલ્લાહનો પ્લાન કામયાબ થઈ ગયો અને કુફાવાસીઓ જેઓ પોતાને ઉબૈદુલ્લાહની સજાથી રક્ષિત સમજતા ન હતા, આ મુનાફિકોની વાતોમાં આવી ગયા અને મુસ્લિમ બિન અકીલનો સાથ છોડી દીધો અને પોતાના દિલમાં આવો ખ્યાલ કર્યો કે આપણે ખતરામાં ન પડવું જોઇએ. હજી જલ્દી છે, પોતાના ઘરોમાં પાછા

ફરીએ, જે અલ્લાહને મંજૂર હશે થઈ જશે. (અલ-ફુતૂહ ભાગ-૫ પેજ-૮૭)

ઉબૈદુલ્લાહે આ કૌમી ઇન્કેલાબ અને ઇલાહી ચળવળને કચડી નાખવા માટે બીજી ચાલ ચાલી અને કુફાવાળાઓમાં જે સરદાર વ્યક્તિઓ તેની સાથે દારૂલ અમારામાં સમય પસાર કરી રહ્યા હતા તેમને હુકમ આપ્યો કે લોકોને દગો આપવા અને મુસ્લિમથી જુદા કરવા માટે તમે અમાનના પરચમ હાથમાં લઈ લો અને આ સાદા, ભોળા લોકોને અમાન આપો જે ઉબૈદુલ્લાહની સજાથી ડરતા હતા. બીજા (બાકી રહેવાવાળાઓમાં મહંમદ બિન અશઅસ, કઅકાઅ ઝહલી, શીશ બિન રબઈ, હિજાર બિન મબજર, સલમા અને શિમ્ર બિન ઝિલજાશન હતા.) અન્ય સરદારોને પોતાની હિફાઝત માટે દારૂલ અમારામાં રોકી લીધા. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૪૯)

કસીર ઇબ્ને શહાબ જે હુકુમતનો ખાસ ચેલો હતો, સાંજ સુધી મુસ્લિમના મદદગારો સાથે વાતો કરતો રહ્યો, છેવટે લોકોને મુકાબલાથી રોકવામાં અને મુસ્લિમ બિન અકીલથી અલગ કરવામાં કામયાબ થઈ ગયો.

આ મોટા કૌમી ઇન્કિલાબને કચડી નાખવા માટે ઉબૈદુલ્લાહની ચાલાકીઓનો એટલો અસર પડ્યો છે કે "માં" દીકરાની પાસે આવી અથવા ભાઈ આવ્યો અને તેનું દામન પકડીને કહેવા લાગ્યો કાલે યઝીદની ફૌજ શામથી કુફા પહોંચી રહી છે અને આ ઇન્કિલાબીઓ ટુટી પડશે, ચાલો ઘરે પાછા ફરો, એટલા માટે જે જેને ઓળખતો હતો તેને પકડીને લઈ જતો હતો અને પોતાના ખ્યાલ મુજબ એક યકીની ખતરાની નજાત અપાવી રહ્યો હતો. આ રીતે રાત આવતા પહેલા જ બધી જ પબ્લિક

વિખેરાઈ ગઈ અને મુસ્લિમ બિન અકીલ એકલા રહી ગયા. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૫૦)

છેવટે ઉબૈદુલ્લાહ કુફાના તે પચાસ મોટા સરદારો સાથે કે જે જાનના ડરથી દારૂલ અમારામાં આશ્રય લીધો હતો, કામયાબ થઈ ગયો અને અમુક કલાકોમાં આ ચાર હજાર લોકોને ઘરે પાછા મોકલી દીધા જેમણે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની રહેબરીમાં યઝીદની હુકુમત વિરૂદ્ધ ક્રાંતિ ઉભી કરી હતી. આ ભીડમાંથી ફકત ત્રણસો માણસો બાકી રહ્યા. અહનફ બિન કૈસે કુફાવાસીઓના વિષયમાં કહ્યું છે: કુફાવાળાઓ ! તમારૂં દૃષ્ટાંત તે સ્ત્રી જેવું છે જેને રોજ નવો પતિ જોઇએ ?

(૪૧) લોકોની ધરપકડ

જ્યારે કસીર બિન શહાબ લોકોને દગો આપી ચુકયો તો ઉબૈદુલ્લાહે તેને હુકમ આપ્યો કે જ્યાં પણ તમને કોઈ મુસ્લિમનો તરફદાર દેખાઈ આવે તેને પકડીને કૈદમાં નાખી દો. તેણે આ જવાબદારી પણ સારી રીતે પુરી કરી. (અબસારૂલ ઐન પેજ-૪૩)

ઇતિહાસકારો લખે છે : કુફામાં રહેવાવાળા અમીરૂલ મોઅમેનીન(અલ.)ના જે ચાહકોએ ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યા હતા. ઉબૈદુલ્લાહે આ બધાને પકડીને કૈદમાં નાખી દીધા. કૈદ થવાવાળાઓમાં સુલયમાન બિન સુરદ ખુઝાઈ, ઇબ્રાહીમ બિન માલિક અશતર, ઇબ્ને સફવાન, યહ્યા બિન ઔફ, સઅસા બિન સૌહાન અબ્દી પણ શામેલ હતા. આ બુઝુર્ગો યઝીદના હલાક થયા પછી પણ કૈદમાં જ હતા. પછી લોકોની ચળવળથી આઝાદ થયા અને ઇમામ હુસૈન(અલ.)ના ખૂનનો બદલો લેવા માટે કિયામ કર્યો. (તન્કીહુલ મકાલ ભાગ-૨ પેજ-૬૪)

(૪૨) હઝરત મુસ્લિમ(અલ.)ની લાચારી

રાત પડી તો આ ભીડમાં મુસ્લિમ બિન અકીલ(અલ.)ની સાથે ફકત ત્રીસ વફાદાર બાકી હતા. અન્ય લોકો દગો ખાઈને પોતાના ઘરોમાં પાછા ફરી ગયા હતા અથવા કૈદ કરી લેવામાં આવ્યા હતા. મુસ્લિમ(અલ.)એ મગરિબની નમાઝ અદા કરી અને કન્દહ મોહલ્લા તરફ રવાના થયા. જ્યાં આપનો કયામ હતો. હજુ મોહલ્લા કન્દહ સુધી ન પહોંચ્યા હતા કે બીજા વીસ માણસોએ આપનો સાથ છોડી દીધો અને ફકત દસ આદમી આપની સાથે બાકી રહ્યા. પછી જ્યારે તે મોહલ્લા સુધી પહોંચ્યા તો આપની સાથે કોઈ પણ ન હતું. મુસ્લિમ કુફાની ગલીઓમાં ફરી રહ્યા હતા. સમજમાં નહોતું આવતું કોનો દરવાજો ખટખટાવે. (મકાતિલુત્તાલેબીન પેજ-૧૦૨)

આ રાતના અંધારામાં એક વ્યક્તિની અવાજે મુસ્લિમનું ધ્યાન પોતાની તરફ દોર્યું. તે કહી રહ્યો હતો : મૌલા રાતમાં ક્યાંનો ઇરાદો છે, ક્યાં જઈ રહ્યા છો ? આ સઈદ બિન અહનફ હતા. મુસ્લિમ(અલ.)એ કહ્યું : હું અમન શાંતિની જગ્યાએ જઈ રહ્યો છું. જેથી ત્યાં પોતાની બયઅત કરવાવાળાઓમાંથી અમુક લોકોને ભેગા કરી અને મુકાબલો કરું.

સઈદ ઇબ્ને અહનફને સ્થિતિ બદલાઈ જુવાની જાણ હતી. એટલે તેમણે અફસોસ સાથે કહ્યું : હરગિઝ આવું નહીં થઈ શકે. કારણ કે શહેરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. શહેરની આસપાસ જાસુસ નિયુક્ત કરવામાં આવ્યા છે. જેથી તેઓ આપની ધરપકડ કરી લે અને મામલો ખતમ કરી દેવામાં આવે. આવો મારી સાથે મોહંમદ બિન

કસીરના ઘરે ચાલીએ, આ અમનની જગ્યા છે. તે બેશક આપને આશ્રય આપશે.

મુસ્લિમ(અલ.) તેમની સાથે રવાના થયા. ઇબ્ને કસીરના ઘરે પહોંચ્યા. મોહંમદ બિન કસીરે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના પ્રતિનિધિને પોતાના ઘરે જોયા તો મુસ્લિમના પગ ચુમ્યા અને આ અલ્લાહની દેન પર શુક્ર અદા કર્યો અને પોતાના ઘરમાં એવી જગ્યાએ કિયામ આપ્યો જ્યાં સામાન્ય લોકોની નજર ન પહોંચતી હતી.

(૪૩) મોહંમદ બિન કસીરની ધરપકડ

ઉબૈદુલ્લાહના જાસુસો પડછાયાની જેમ જનાબે મુસ્લિમનો પીછો કરી રહ્યા હતા. તેઓએ ઇબ્ને ઝિયાદને સ્થિતિની ખબર આપી. ઇબ્ને ઝિયાદે પોતાના દીકરા ખાલિદને હુકમ આપ્યો કે તે રાતના એક ગિરોહ સાથે મોહંમદ બિન કસીરના ઘરને ઘેરી લે અને મુસ્લિમ તથા મોહંમદ બિન કસીર બંનેને પકડીને દારૂલ અમારામાં હાજર કરે, પરંતુ જ્યારે ખાલિદે મોહંમદ બિન કસીરના ઘરે તપાસ કરી અને મુસ્લિમ બિન અકીલ ઘરમાં ન મળ્યા તો તે મોહંમદ બિન કસીર અને તેમના દીકરાને કૈદ કરી દારૂલ અમારામાં લઈ ગયો.

જ્યારે સુલયમાન બિન સુરદ ખુઝાઇ, અબી ઉબૈદહ સકફી અને વરકાઅ બિન આઝિબને મોહંમદ બિન કસીર અને તેમના દીકરાની ધરપકડની ખબર મળી તો તેણે એકબીજા સાથે નક્કી કર્યું કે થોડુંક

લશ્કર મેળવીને ઇબ્ને ઝિયાદ પર હુમલો કરવામાં આવે અને મોહંમદ બિન કસીર અને તેમના દીકરાને ઇબ્ને ઝિયાદની કૈદથી છુટકારો અપાવવામાં આવે અને ત્યાર પછી કુફાને ખુદાહાફિઝ કહી ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ જઇએ.

સવાર થઈ તો ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે મોહંમદ બિન કસીર અને તેમના દીકરાને હાજર કરવામાં આવે. મોહંમદ બિન કસીરને ડરાવી અને બુરૂભલું કહ્યા પછી કહ્યું: જ્યાં મુસ્લિમ છુપાએલા છે તે જગ્યા બતાવો અને તેમને અમારા હવાલે કરી દો. જ્યારે તેઓ થોડાક દૂર હટ્યા તો ઇબ્ને ઝિયાદે સામે પડેલી દવાત (શાહીનો ખડિયો) તેમની પેશાની પર મારી, જેનાથી તેઓ ઝખ્મી થઈ ગયા. પરંતુ જ્યારે પોતાના બચાવ માટે ઇબ્ને કસીરે તલવારનો હાથો પકડ્યો તો દરબારમાં મોજુદ કુફાના ઉમરાવો ચારેય તરફથી ભેગા થઈ ગયા અને ઇબ્ને ઝિયાદ અને ઇબ્ને

કસીરની વચ્ચે આવી ગયા. આ દરમિયાન ઇબ્ને ઝિયાદના જાસુસ મઅકલે ઇબ્ને કસીર પર હુમલો કરી દીધો. જવાબમાં મોહંમદ બિન કસીરે પણ તેના પર વાર કર્યો અને તેનો કિસ્સો ખતમ કરી દીધો. ઇબ્ને ઝિયાદે જ્યારે આ સ્થિતિ જોઈ તો તેણે પોતાના ગુલામોથી કહ્યું કે બધા મોહંમદ બિન કસીર પર હુમલો કરી દો. મોહંમદ જ્યારે પોતાને હુમલા માટે તૈયાર કરી રહ્યા હતા તે વખતે તેમનો પગ કોઈ ચીજમાં ફસાઈ ગયો અને પડી ગયા અને ઇબ્ને ઝિયાદના ગુલામોએ તેમને શહીદ કરી દીધા. ત્યાર પછી તેમના જવાન અને બહાદુર દીકરા પર હુમલો કર્યો અને તેમને પણ શહીદ કરી દીધા. આ ઘટનાની ખબર જ્યારે મુસ્લિમ બિન અકીલને મળી તો મોહંમદ બિન કસીરનું ઘર છોડી દીધું. (નાસિખુત તવારીખ ભાગ-૨ પેજ-૭૮થી સારાંશ)

(૪૪) તૌઆના ઘરે

મોહંમદ બિન કસીરના ઘરેથી નીકળીને મુસ્લિમ બીજે ક્યાં આશરો લેવા માટે નીકળ્યા. જ્યાં ઇબ્ને ઝિયાદના જાસુસો ન પહોંચી શકે. કુફાની ગલીઓમાં પરેશાન ફરી રહ્યા હતા. અહીં સુધી કે તૌઆના દરવાજા પર પહોંચ્યા.

તૌઆ એક કનીઝ હતી જેમને અશઅસે આઝાદ કરી હતી. સઈદ હઝરમીએ તેમનાથી નિકાહ કર્યા હતા. આ શાદીનું ફળ એક છોકરો હતો જેને બિલાલ કહે છે. તૌઆ પોતાના ઘરના દરવાજા પર ઉભી તેની રાહ જોઈ રહી હતી. મુસ્લિમે તૌઆને સલામ કરી અને પાણી માંગ્યું, તૌઆ મુસ્લિમ માટે પાણી લાવી. મુસ્લિમે પાણી પીને વાસણ તૌઆને આપ્યું. તૌઆ પાણીના વાસણને લઈને ઘરની અંદર ચાલી ગઈ. પરંતુ જ્યારે પાછી ફરી તો જોયું

કે મુસ્લિમ હજુ સુધી ત્યાં જ ઉભા છે. તૌઆએ કહ્યું : શું આપે પાણી નથી પીધું? કહ્યું : હા, તૌઆએ કહ્યું : તો ઉભા થાઓ અને પોતાના ઘરે જાઓ ! મુસ્લિમે કોઈ જવાબ ન આપ્યો. તૌઆએ ફરી આ જ રીતે કહ્યું પરંતુ આ વખત પણ મુસ્લિમે કોઈ જવાબ ન આપ્યો. ત્રીજી વખત તૌઆએ કહ્યું: આપ પોતાના ઘરે કેમ નથી જતા ? મુસ્લિમ(અલ.) આ વખતે પણ ચુપ રહ્યા, આથી તૌઆ થોડીક નારાજ થઈ ગઈ અને કહ્યું : ઉભા થાઓ અને આપના ઘરે જાઓ, આ સહી નથી કે કોઈ અજાણ્યો માણસ મારા દરવાજા પર બેસે, મને આ વાત પસંદ નથી.

મુસ્લિમ પોતાની જગ્યાથી ઉભા થયા અને તૌઆને કહ્યું : અલ્લાહની કનીઝ ! હું મુસાફર છું, આ શહેરમાં મારૂ ઘર નથી, શું તું નેક કામ કરી તેનો અજર લેવા માંગે છે. શક્ય છે કે હું તારી ખિદમતનો

બદલો આપી શકું. તૌઆએ કહ્યું : ખુદાના બંદા હું શું કરી શકું છું ?

મુસ્લિમે કહ્યું : હું મુસ્લિમ બિન અકીલ છું. કુફાવાળાઓએ મારાથી દગો, બેવફાઈ કરી છે. તૌઆએ કહ્યું : આપ મુસ્લિમ બિન અકીલ છો ? હાં, તૌઆ તેમને ઘરમાં લઈ ગઈ, બિસ્તર આપ્યું, ખાવાનું તૈયાર કર્યું, તૌઆનો છોકરો આવ્યો, તેણે જોયું કે આજે તેની "મા" ખૂબ જ ઉત્સાહથી કામ કરી રહી છે અને એક ઘડી પણ આરામથી નથી બેસતી, કદી આ તરફ જાય છે, કદી બીજી તરફ જાય છે. તેણે પોતાની "મા"ને પુછ્યું : કિસ્સો શું છે?

શરૂઆતમાં તૌઆએ હકીકત છુપાવી. પરંતુ જ્યારે દીકરા તરફથી ખૂબ જ આગ્રહ વધી ગયો તો તેને વાત બતાવી અને કહ્યું કે આ વાતની કોઈને ખબર ન પડે. બિલાલે કસમ ખાધી કે હું કોઈને વર્ણન નહીં કરું. (મકાતિલુત તાલેબીન પેજ-૧૦૩)

(૪૫) જામેઅ મસ્જિદમાં ઇબ્ને ઝિયાદની તકરીર

જો કે મુસ્લિમ(અલ.)ના ચાહવાવાળાઓનું વેરવિખેર થઈ જવું, તેમના જુદા થઈ જુવાને વધુ સમય પસાર નહોતો થયો અને આ ગુમાન ન કરી શકાય એવી ઘટના થોડાક સમયમાં જ બની હતી. પરંતુ ઉબૈદુલ્લાહને તેનું યકીન ન હતું, હજી પણ તેનું દિલ ધડકી રહ્યું હતું. તેણે હુકુમતના દરબારીઓ, માનવતા, દીન અને ઇમામને વેચી ખાનારા કુફાના સરદારોને હુકમ આપ્યો કે હોશિયાર રહેજો કંઈ એવું ન બને કે તમે રાતના અંધારામાં મુસ્લિમના સાથીઓની જાળમાં ફસાઈ જાઓ ! જ્યારે તેમણે ઘણી શોધખોળ પછી મુસ્લિમના સાથીઓમાંથી કોઈ પણ ન દેખાયું તો ઉબૈદુલ્લાહને યકીન અપાવ્યું કે આપનો દાવપેચ કામયાબ થઈ ગયો છે અને હવે મુસ્લિમ એકલા રહી ગયા છે. પણ કોઈ જગ્યાએ છુપાઈ ગયા છે.

ઉબૈદુલ્લાહે વધુ સંતોષ પ્રાપ્ત કરવા માટે તેમને કહ્યું કે લાકડીઓ પર દોરડું બાંધીને શહેરની મસ્જિદના દરેક ખૂણાને જુઓ, તેના ચેલાઓએ આ રીતે પણ કર્યું, પણ કોઈ ન મળ્યું. છેવટે ઉબૈદુલ્લાહને યકીન થઈ ગયું કે મુસ્લિમના ચાહકો વિખેરાઈ ગયા છે. તેણે કહ્યું : મસ્જિદનો દરવાજો ખોલવામાં આવે. આ મસ્જિદ દારૂલ અમારાના થોડીક જ દૂર હતી. ઇબ્ને ઝિયાદ તેના મહેલથી નીકળી મસ્જિદમાં આવ્યો. અમ્ર બિન નાફેઅને હુકમ આપ્યો હતો કે લોકોને ખબરદાર કરી દો કે તેઓ ઇશાની નમાઝ ઇબ્ને ઝિયાદની ઇમામતમાં મસ્જિદમાં અદા કરે. અને જે વ્યક્તિ મસ્જિદમાં નમાઝ નહીં પઢે તે ઇસ્લામથી બહાર છે. તેની જાન, માલ, ઇઝ્ઝત હલાલ છે.

લોકો ઇબ્ને ઝિયાદની તાબેદારીમાં નમાઝે ઇશા પઢ્યા પછી રાહ જોઈ રહ્યા હતા કે પોતાના દિલની વાતો ઝબાન પર લાવે અને તેમના બેચૈન

દિલોને સુકુન બખ્શે. ઇબ્ને ઝિયાદ જેને હજી સુધી પોતાની જાનની પડી હતી હુકમ આપ્યો કે ઇશાની નમાઝ પઢાવતી વખતે તેની પાછળ રક્ષકો ઉભા રહે અને તેને મુસ્લિમના ચાહકોના હુમલાથી બચાવવામાં આવે, ઇશાની નમાઝ પછી તે મિમ્બર પર ગયો અને લોકોની સામે મુસ્લિમ વિષે બુરા શબ્દો બોલ્યો અને કહ્યું : મુસ્લિમ પોતાના અમલથી અલ્લાહથી દૂર થઈ ગયા છે. જે વ્યક્તિ પણ તેમને આશ્રય આપશે તેનો પણ તે જ હાલ થશે જે મુસ્લિમનો થશે અને જે પણ તેમને ગિરફતાર કરીને અમારા હવાલે કરશે તેને ઘણું મોટું ઇનામ આપવામાં આવશે. ત્યાર પછી લોકોને અલ્લાહથી ડરવાની દઅવત આપી અને આ પણ કહ્યું કે પોતાની ફરમાંબરદારી, બયઅત અને અડગતાની સાબિતી આપો. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૫૬)

(૪૬) ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે નવા હુકમો જારી કર્યા

ઉબૈદુલ્લાહ મસ્જિદથી દારૂલ અમારામાં આવ્યો અને હસીન બિન નમીરને હુકમ આપ્યો કે પોતાના તમામ જાસુસો દ્વારા નાકાબંધી કરી દો. જેથી મુસ્લિમ ભાગી ન શકે અને આ ધમકી આપી કે જો જાસુસોથી બચીને નીકળી ગયા તો સખત સજા આપવામાં આવશે અને જુઓ કાલે આખા શહેરની તલાશી લઈને મુસ્લિમ બિન અકીલને ગિરફતાર કરો અને દારૂલ અમારામાં હાજર કરો. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૫૧)

હસીન બિન નમીર જે પોતાને ઉબૈદુલ્લાહની સજાથી રક્ષિત ન સમજતો હતો. સારી કામગીરી દેખાડવા માટે હુકમ આપ્યો કે છુપી પોલીસ અને ભરોસાપાત્ર જાસુસોને શહેરના

રસ્તાઓ પર નક્કી કરવામાં આવે અને કુફાના જે બુઝુર્ગોએ મુસ્લિમના હાથ પર બયઅત કરી હતી અને તેમનો સાથ આપ્યો હતો તેમને ગિરફતાર કરવામાં આવે. આ ફરમાન પર અમલ કરવામાં અબ્દુલ અઅલા બિન યઝીદ કલ્બી, અમ્મારહ બિન સલ્હબ અઝદીને ગિરફતાર કરવામાં આવ્યા. અમુક દિવસ કૈદખાનામાં રાખવામાં આવ્યા અને પછી કતલ કરવામાં આવ્યા. આટલા પર જ સંતોષ ન કરવામાં આવ્યો બલ્કે કુફાના અમુક એવા લોકોને પણ પકડવામાં આવ્યા જેમનો જાહેરી રીતે જનાબે મુસ્લિમ સાથે કોઈ સંબંધ ન હતો. પરંતુ આ કારણથી કે હુકુમતની આ સખ્તી, કતલ અને તબાહી અને ધરપકડો પર પ્રતિક્રિયા આપી શકતા હતા. એટલા માટે તેમને પણ કૈદમાં નાખવામાં આવ્યા.

બીજી તરફ મુખ્તાર સકફી (જે જમાનામાં જનાબે મુસ્લિમ અલ.એ બળવો કર્યો હતો મુખ્તાર

તે જમાનામાં યકીફા નામના ગામમાં રહેતા હતા, મરહુમ સૈયદ અબ્દુરઝ્ઝાક મુકરમે આ ગામનું નામ બલાઝરીની અન્સાબુલ અશરાફના હવાલાથી ખુતવાનિયા વર્ણન કર્યું છે. - મકતલુલ હુસૈન મુકરમ પેજ-૧૫૭), અબ્દુલ્લાહ બિન નોફલ બિન હારિસ બિન અબ્દુલ મુત્તલિબ જેઓ મુસ્લિમ(અલ.)ની ક્રાંતિના સમયે પોતાના મદદગારો સાથે બાબુલ ફીલ (મસ્જિદે કુફાનો એક દરવાજો) સુધી પહોંચ્યા હતા. તે સમયે મુખ્તારે લીલા રંગનો અને અબ્દુલ્લાહ બિન નોફલે લાલ રંગનો પરચમ ઉઠાવ્યો હતો. પરંતુ જ્યારે તેમને ખબર પડી કે મુસ્લિમ અને હાની શહીદ કરી દેવામાં આવ્યા છે તો તેમને કહેવામાં આવ્યું કે અમ્ર બિન હુરૈસના પરચમ નીચે આવી જાવ. તેમણે આ પ્રસ્તાવ કબુલ કર્યો. અમ્ર બિન હુરૈસે આ ગવાહી આપી કે આ બંને મુસ્લિમથી અલગ થઈ ગયા હતા.

પરંતુ ઉબૈદુલ્લાહના હુકમથી બંનેને ગિરફતાર કરી કૈદ કરી દેવામાં આવ્યા.

ઉબૈદુલ્લાહે મુખ્તારને ગિરફતાર કરી બુરૂભલુ કહ્યું અને હાથની છરીથી મુખ્તારના ચહેરાને લોહી લુહાણ કરી દીધો. એટલે સુધી કે તેમની એક આંખની પલક ફાટી ગઈ. મુખ્તાર અને અબ્દુલ્લાહ બિન નોફલ કરબલાના વાકેઆ સુધી કૈદમાં જ રહ્યા.

લખ્યું છે કે જ્યારે ઇમામે હુસૈન(અલ.)ના એહલેબયત(અલ.)ને ઉબૈદુલ્લાહના દરબારમાં લાવવામાં આવ્યા તો તેણે પોતાના ચેલાઓને હુકમ આપ્યો કે મુખ્તારને કૈદથી બહાર લાવીને તકલીફ આપવામાં આવે. ઉબૈદુલ્લાહ મુખ્તારને પોતાની ફતેહથી વાકેફ કરવા માંગતો હતો. મુખ્તારને સજા આપવામાં આવી રહી હતી કે અચાનક તેમની નજર ઇમામ હુસૈન(અલ.)ના કપાયેલા સર પર

પડી, આ દૃશ્ય જોઈને તેમને ગુસ્સો આવ્યો. નજીક હતું કે તેમની રૂહ ચાલી જાય. પરંતુ તેમણે પોતાને સંભાળ્યા અને અડગ રહ્યા અને ઉબૈદુલ્લાહને સંબોધીને સખત શબ્દોમાં કહ્યું: મેં ભરોસાપાત્ર લોકોથી સાંભળ્યું છે કે તારી જાહેરી હુકુમત કમજોર થઈને ઝિલ્લત અને રૂસ્વાઈમાં બદલાઈ જશે અને આ બધુ મુખ્તારના ઝરીઆથી થશે. ઉબૈદુલ્લાહે ઘમંડના અંદાજમાં મુખ્તારની તરફ જોયું. જાણે આ કહેવા ચાહતો હતો કે આ ખબર સહી નથી. તેણે પોતાના સિપાહીઓને કહ્યું : મુખ્તારને ફરી કૈદમાં લઈ જાઓ. ઘણા સમય પછી પોતાના બનેવી અબ્દુલ્લાહ બિન ઉમરની ભલામણ અને યઝીદની રઝામંદીથી કૈદથી આઝાદ થયા. (અશ-શહીદ મુસ્લિમ બિન અકીલ મુકર્રમ પેજ-૧૫૮)

(૪૭) જનાબે મુસ્લિમ(અલ.)નું ખ્વાબ

મુસ્લિમ બિન અકીલે તૌઆના ઘરમાં આશ્રય લીધો હતો. તેણે તેમને ઘરના એક ખુણામાં છુપાવી રાખ્યા હતા. તૌઆના ઘરમાં મુસ્લિમ(અલ.) રાતના એક લાંબા સમય સુધી ઇબાદત અને દુઆમાં વ્યસ્ત રહ્યા પછી જ્યારે સુઈ ગયા તો પોતાના કાકા હઝરત અમીરૂલ મોઅમેનીન(અલ.)ને ખ્વાબમાં જોયા તે ફરમાવતા હતા ઘણી જલ્દી તમે અમારી પાસે પહોંચશો.

જાગૃત થયા તો પોતાની શહાદતનું યકીન થઈ ગયું. (હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૩૮૮)

સવાર પડી, તૌઆ વઝુ માટે પાણી લઈને હાજર થઈ, વિનંતી કરી મૌલા ! શાયદ આજની રાતે આપને નીંદ નથી આવી. ફરમાવ્યું : થોડીક વાર સુતો તો ખ્વાબમાં મારા કાકા અમીરૂલ મોઅમેનીન(અલ.)ને જોયા તે ફરમાવતા હતા, જલ્દી કરો, જલ્દી કરો, આથી મને યકીન થઈ ગયું કે આ મારી જિન્દગીના છેલ્લા દિવસો છે. (નફસુલ મહમૂમ પેજ-૧૦૯)

(૪૮) તૌઆનો દીકરો બિલાલ

જ્યારે તૌઆના દીકરાને આ ખબર પડી કે ઘરમાં મુસ્લિમ બિન અકીલ રોકાએલા છે તો તેણે ઇનામ લેવાની લાલચથી મોહંમદ બિન અશઅસનો છોકરો અબ્દુર્રહમાનને આ વાત બતાવી. જ્યારે કે તેણે પોતાની "મા" થી આ ભેદ ન ખોલવાની કસમ ખાધી હતી. પરંતુ શયતાની વસવસો પોતાનું કામ કરી ગયો. અબ્દુર્રહમાન દારૂલ અમારા પહોંચ્યો અને પોતાના બાપ મોહંમદ બિન અશઅસને કિસ્સો વર્ણન કર્યો. તેણે આ ખબર ઉબૈદુલ્લાહને સંભળાવી. તેણે મોહંમદ બિન અશઅસને હુકમ આપ્યો કે મુસ્લિમને ગિરફતાર કરી દારૂલ અમારામાં હાજર કરો. મોહંમદ બિન અશઅસે ઉબૈદુલ્લાહ બિન અબ્બાસ સલમા અને હુકુમતના સિત્તેર સિપાહીઓની સાથે તૌઆના ઘરને ઘેરી લીધું.

ઘોડાની ટાપો અને હુમલો કરનારાઓના અવાજથી જનાબે મુસ્લિમ(અલ.) ચોંકી ગયા. આપ તલવાર લઈને પોતાની જગ્યાએથી બહાર નીકળ્યા. એટલા માટે કે જે લોકો ઘરમાં ઘુસી ગયા હતા તેમને કાઢે. મુસ્લિમે વિચાર્યું કે બહાર નીકળી જાઉં, તે મોત તરફ આગળ વધું જેનાથી ભાગવું શક્ય નથી. (અઅલામુલ વરા તબરસી પેજ-૨૨૫ / મકાતિલુત્તાલેબીન પેજ-૧૦૪)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે ઇબ્ને ઝિયાદે મોકલેલું લશ્કર તૌઆના ઘરની પાછળ પહોંચ્યું તો મુસ્લિમ આ ડરથી ઘરની બહાર નીકળ્યા કે લશ્કર ઘરને આગ ન લગાવી દે. (નફસુલ મહમૂમ પેજ-૧૦૯)

(૪૯) મુસ્લિમ(અલ.)ની બહાદુરી

વર્ણન થયું છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનું લશ્કર મોહંમદ બિન અશઅસની આગેવાનીમાં તૌઆના ઘરમાં દાખલ થઈ ગયું તો મુસ્લિમે પુરા લશ્કરને ઘરથી બહાર કાઢી નાખ્યું. લશ્કર ફરીવાર ઘરમાં ઘુસ્યું. જનાબે મુસ્લિમે ફરી વાર બહાર ભગાવી દીધું. એટલે સુધી કે બકર બિન હુમરાન હમરીએ મુસ્લિમના મોઢા પર તલવારથી માર્યું. જેનાથી આપનો ઉપરનો હોઠ કપાઈ ગયો અને સામેના બે દાંત ટુટીને પડી ગયા. જનાબે મુસ્લિમે પણ બકર બિન હુમરાન પર હુમલો કરી તેનું માથું અને ખભાને ઝખ્મી કરી દીધો. જ્યારે મોહંમદ બિન અશઅસના સિપાહીઓએ એહસાસ કર્યો કે આ રીતે મુસ્લિમનો મુકાબલો નહીં થઈ શકે તો લોકો છત પર ચઢી ગયા અને ત્યાંથી મુસ્લિમ(અલ.) પર

પથ્થર અને આગ વરસાવવા લાગ્યા. મુસ્લિમ આ સ્થિતિ જોઈને તલવાર હાથમાં લઈને ઘરથી નીકળી ગયા. ગલીમાં આવી ગયા અને જંગ કરવા લાગ્યા. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૩૨)

લશ્કરની સાથે જંગ કરતી વખતે મુસ્લિમની ઝબાન પર આ શેઅર હતા.

هُوَالْمَوْتُفَاصْنَعْوَيْكَمَااَنْتَصَانِعُ

فَأَنْتَبِكَأْسِالْمَوْتِلَاشَكَّجَارِعُ

فَصَبْرًالِاَمْرِاللّٰهِجَلَّجَلَالُهٗ

فَحُكْمُقَضَاءِاللّٰهِفِيالْخَلْقِذَايِعُ

મૌત સામે ઉભી છે જે કંઈ કરવું છે કરી નાખ. બેશક તારે મોતનો જામ પીવાનો છે. પરંતુ અલ્લાહની મશીય્યતની સામે સબ્રથી કામ લો. કારણ કે કાએનાતમાં અલ્લાહનો હુકમ જારી છે.

એક કથન મુજબ ૪૧ અને બીજા કથન મુજબ ૭૨ સિપાહીઓને આપે હલાક કર્યા અને તેમને સંબોધીને ફરમાવ્યું: તમે મારા પર એવી રીતે પથ્થર વરસાવી રહ્યા છો જેવી રીતે કાફિરો પર કરવામાં આવે છે. જ્યારે કે હું રસુલ(સલ.)ના અહલેબયત(અલ.)થી છું. શું તમને આલે રસુલનો પણ ખ્યાલ નથી અને તમે રસુલ(સલ.)ના આ હકથી આંખો બંધ કરી લીધી છે. જે તમારા પર વાજિબ છે.

મોહંમદ બિન અશઅસે જવાબમાં કહ્યું : વગર કારણે શા માટે જાન આપી રહ્યા છો? મારી પનાહમાં આવી જાઓ. જનાબે મુસ્લિમે ગુસ્સામાં ફરમાવ્યું : જ્યાં સુધી મારા બાજુઓમાં દમ છે અને મારા શરીરમાં તાકાત છે ત્યાં સુધી પોતાને તમારા સિપુર્દ નહીં કરીશ. આ કહીને અશઅસ બિન કૈસ પર હુમલો કર્યો તે ભાગી ગયો. મુસ્લિમ પર

પ્યાસનો ગલબો હતો કે પીઠ પાછળથી એક નેઝો (ભાલો) વાગ્યો. ઘોડાથી જમીન પર પડી ગયા. લશ્કરે આપને ગિરફતાર કરી લીધા.

લખ્યું છે કે મોહંમદ બિન અશઅસે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને કહ્યું : અય અમીર મને આપે એક મર્દે મૈદાન, બહાદુર, તાકાતવર, લડાકુ અને તેજ ધારવાળી તલવારના મુકાબલામાં મોકલ્યો છે. લખ્યું છે કે જ્યારે મોહંમદ બિન અશઅસે મુસ્લિમને કહ્યું કે હું આપને અમાન આપું છું તો મુસ્લિમે જવાબ આપ્યો. મને તમારી અમાનની જરૂર નથી અને આ શેઅર પઢ્યા :

أَقْسَمْتُ لَا أُقْتَلُ إِلَّا مُرّاً وَإِذَا رَأَيْتُ شَيْئاً أَنْكُراً

أَكْرَهُ أَنْ أُخْدَعَ أَوْ أُغَرَّا كُلُّ امْرِئٍ يَوْماً يُلَاقِي شَرّاً

أَضْرِبُكُمْ وَلَا أَخَافُ ضُرّاً ضَرْبَ غُلَامٍ مُقْطِلٍ مُعِفِرّا

"મેં આઝાદી અને ઇઝ્ઝત સાથે મરવાની કસમ ખાધી છે જો કે હું મોતને પસંદ નથી કરતો. મને દગો આપવામાં આવે આ મને પસંદ નથી. દરેક વ્યક્તિએ એક દિવસ શરને જોવાનું છે. હું તમને હલાક કરીશ, મને આવવાવાળી મુસીબતનો કોઈ ડર નથી. હું તે તલવાર ચલાવનારો છું જે મૈદાનથી નથી ભાગતો." (મનાકિબ ઇબ્ને શહર આશોબ ભાગ-૪ પેજ-૯૩)

જનાબે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની બહાદુરી, નીડરતાના વિષયમાં લખ્યું છે કે તાકાતવર આદમી હતા. દુશ્મનોના હાથ પકડીને છત પર ફેંકી દેતા હતા. જંગે સિફ્ફીનમાં અબ્દુલ્લાહ બિન જઅફરની સાથે અને ઇમામ હસન અને ઇમામે હુસૈન(અલ.)ની સવારી સાથે, અમીરૂલ મોઅમેનીન અલી(અલ.)ના લશ્કરની જમણી તરફ તલવાર ચલાવતા હતા. (સફીનતુલ બિહાર ભાગ-૧ પેજ-૬૫૩)

(૫૦) મુસ્લિમ(અલ.)ની ધરપકડ

મુસ્લિમ(અલ.)ની ધરપકડના વિષયમાં અલગ અલગ કથન છે :

(૧) ઇબ્ને અઅસમ કુફી લખે છે : જ્યારે મુસ્લિમ(અલ.)એ સતત હુમલા કરીને થોડોક આરામ લેવા માટે હુમલો રોકી લીધો હતો તે સમયે એક કુફીએ પાછળથી પીઠ પર એક ભાલો માર્યો જેનાથી આપ જમીન પર પડી ગયા અને પકડી લેવામાં આવ્યા.

(૨) શેખ મુફીદ(રહ.) લખે છે : જ્યારે મુસ્લિમ બિન અકીલે આ એહસાસ કર્યો કે હવે હુમલો શરૂ રાખવાની તાકાત નથી તો આપ આરામના હેતુથી દિવારથી ટેક લગાવીને ઉભા થઈ ગયા. મહંમદ બિન અશઅસે કહ્યું : હું આપને અમાન આપું છું. મુસ્લિમે પુછ્યું : શું હું અમાનમાં છું ? તેણે કહ્યું : હાં,

આપ અમાનમાં છો, પરંતુ ઉબૈદુલ્લાહ બિન અબ્બાસ સલમાએ મુસ્લિમને અમાન ન આપી તો મુસ્લિમે કહ્યું : જો મને અમાન નહીં આપો તો હું હાથ પર હાથ રાખીને નહીં બેસીશ, પોતાને તમારા હવાલે નહીં કરૂં, ત્યાર પછી તેમને સવાર કર્યા. તેમની તલવાર છીનવી લીધી અને ઘેરી લીધા. જનાબે મુસ્લિમે જ્યારે આ સ્થિતિ જોઈ તો માયુસ થઈને કહ્યું: આ દગાબાજી અને ધોકાની શરૂઆત છે.

(૩) અબુ મિખનફ લખે છે : મુસ્લિમ પર ફતેહ પ્રાપ્ત કરવા માટે દુશ્મનોએ ખાડો ખોદયો હતો અને તેને ઘાસ કચરાથી છુપાવી દીધો હતો. જ્યારે મુસ્લિમે તેમના પર હુમલો શરૂ કર્યો તો તે પાછળ હટ્યા, મુસ્લિમ તે ખાડામાં પડી ગયા અને આપને પકડી લેવામાં આવ્યા. (હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૩૯૮)

મુસ્લિમ નાઉમ્મીદ થઈ ગયા તો તેમની આંખોથી આંસુ નીકળવા લાગ્યા અને જે લોકોએ આપને અમાન આપી હતી તેમને કહ્યું : આ દગાબાજી છે. વાયદો તોડવાની શરૂઆત છે. મોહંમદ બિન અશઅસે કહ્યું : આપ ડરો નહીં. હઝરત મુસ્લિમે કહ્યું : તમારી અમાન શું છે ? પછી ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઊન કહી આપ રડવા લાગ્યા.

અબ્દુલ્લાહ બિન અબ્બાસ સલમાએ કહ્યું : જે વ્યક્તિ આટલું મોટું કામ અંજામ આપે છે તેણે બનાવોથી ગભરાઈને રડવું ન જોઇએ. મુસ્લિમે જવાબ આપ્યો : ખુદાની કસમ! હું મારા પર નથી રડી રહ્યો. મને મારા માર્યા જુવાની પરવા નથી. જો કે મને આ પસંદ નથી કે હું જવાબદારી પુરી કર્યા વગર માર્યો જાઉં જે મને સોંપવામાં આવી છે. હું ઇમામ હુસૈન(અલ.) અને તેમના સાથીઓ પર રડી રહ્યો છું કે તેઓ તમારા પત્રો પર ભરોસો કરીને કુફા તરફ રવાના થઈ ગયા. ત્યાર પછી મોહંમદ બિન અશઅસની તરફ જોઈને કહ્યું : શું તારાથી

કોઈ નેકીની ઉમ્મીદ કરી શકાય છે ? શું તમે મારા તરફથી ઇમામ હુસૈન(અલ.)ની પાસે એલચી મોકલીને આ ખબર પહોંચાડી શકો છો કે હું દુશ્મનોમાં ઘેરાઈ ગયો છું. શાયદ રાત પડતા સુધી મને કતલ કરી દેવામાં આવે. બેશક આ લોકો મને કતલ કરી નાખશે. ઇમામ હુસૈન(અલ.) સુધી એલચી મારો આ પૈગામ પહોંચાડી દેશે કે મારા મા-બાપ આપ પર કુરબાન, આપ પાછા ફરી જાઓ. પોતાના અહલેબયત(અલ.)ને પણ પોતાની સાથે લઈ જાઓ, જેથી આપ કુફાવાળાઓના દગાથી બચી શકો. આ લોકોએ આપના વાલિદના મદદગારોને કતલ કરી નાખ્યા. જ્યારે કે હઝરત અલી(અલ.) તેમનાથી મોત અથવા શહાદતના ઝરીઆથી જુદાઈની આરઝુ રાખતા હતા. કુફીઓએ પોતાનો વાયદો તોડી નાખ્યો છે. તેઓ આપને કતલ કરવા તૈયાર છે. મોહંમદ બિન અશઅસે જનાબે મુસ્લિમથી વાયદો કર્યો કે તે આ કામ અંજામ આપશે. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૫૯)

(૫૧) મુસ્લિમ બિન અમ્ર બાહલી

મુસ્લિમ દારૂલ અમારામાં બેઠા હતા. સખત પ્યાસ લાગી હતી. ચાલવાની પણ તાકાત ન હતી. આપ(અલ.)ની નજર પાણીના માટલા પર પડી. પાણી માંગ્યુ પરંતુ મુસ્લિમ બિન અમ્ર બાહલી જે બદતીનત અને અસંસ્કારી હતો, ઉબૈદુલ્લાહથી ઓછો ન હતો. તેણે કહ્યું : અલ્લાહની કસમ! તમને આ ઠંડા પાણીની એક બુંદ પણ નસીબ નહીં થાય. હવે તમે દોઝખના ઉકળતા પાણીથી સંતૃપ્ત થશો.

મુસ્લિમે પુછ્યું : તુ કોણ છે? તેણે કહ્યું : હું તે જ છું જેણે તે સમયે હકને ઓળખ્યો હતો જ્યારે તમે તેનાથી દૂર હતા. હું મારા ઇમામનું ભલું ચાહનારો છું. જ્યારે કે તમે તેના વિષયમાં સારૂં નથી કર્યું. હું તેની ફરમાંબરદારી કરૂ છું. જ્યારે કે તમે એના

વિરૂદ્ધ બળવો કર્યો છે. હું મુસ્લિમ બિન અમ્ર બાહલી છું.

મુસ્લિમ બિન અકીલે જવાબ આપ્યો : તારી મા તારા ગમમાં બેસે. બાહલીના દીકરા, તુ કેટલો પથ્થરદિલ, બેપરવા છે. જહન્નમનું ઉકળતું પાણી પીવા અને હંમેશાની જહન્નમમાં રહેવાનો તુ હકદાર છે. (તારીખે કામિલ બિન અસીર ભાગ-૪ પેજ-૩૩,૩૪)

આ દરમિયાન અમ્ર બિન હુરૈસેગુલામને હુકમ આપ્યો કે એક પ્યાલો પાણી મુસ્લિમ બિન અકીલ(અલ.)ને આપે. મુસ્લિમે પ્યાલો હાથમાં લીધો. જ્યારે પીવા ઇચ્છયું તો પાણી લોહીથી રંગીન થઈ ગયું. મુસ્લિમ(અલ.) પ્યાસા જ રહી ગયા. (બકર બિન હમરાને મુસ્લિમ અલ.ના મોઢા પર વાર કર્યો હતો. જેના કારણે દાંત ટુટીને પડી ગયા હતા.) ત્રણ વખત આપને પાણી આપવામાં

આવ્યું. ત્રીજી વખત સામેના દાંત પણ પ્યાલામાં પડી ગયા. મુસ્લિમે કહ્યું : તમામ વખાણ અલ્લાહથી જ વિશિષ્ટ છે. જો પાણી મારી કિસ્મતમાં હોત તો હું પીત. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૨૦)

(અમ્ર બિન હુરૈસ મખઝૂમી કરશી છે. રસૂલ સલ.ની વફાતના સમયે બાર વરસનો હતો. તેણે સૌથી પહેલાં કુફામાં ઘર બનાવ્યું હતું. બની ઉમય્યાનો તરફદાર હતો. કાદસિયાની જંગમાં શિરકત કરી હતી. અબુ નઈમે લખ્યું છે કે ૮૫ વરસની ઉંમરમાં મર્યો છે. - તનકીહુલ મકાલ ભાગ-૨ પેજ-૩૨૭)

(૫૨) ઇબ્ને ઝિયાદના દરબારમાં

જ્યારે ઉબૈદુલ્લાહનો ગુલામ મુસ્લિમ(અલ.)ને તેની પાસે લઈ ગયા મુસ્લિમે ઇબ્ને ઝિયાદને સલામ ન કરી. મહેલના ચોકીદારે મુસ્લિમ(અલ.)ને કહ્યું : શું અમીરને સલામ નહીં કરો ? મુસ્લિમ(અલ.)એ કહ્યું : ચુપ રહો, તે મારો અમીર નથી. (મુસીરૂલ અહઝાન પેજ-૩૬)

લખ્યું છે કે મુસ્લિમે મહેલના ચોકીદારના જવાબમાં ફરમાવ્યું : સલામ થાય હિદાયતની પૈરવી કરવાવાળા પર જે બુરા પરિણામથી ડરતા રહે અને અલ્લાહની ફરમાંબરદારી કરે.

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે ઝબરદસ્તી મુસ્કુરાવવાની નાકામ કોશીષ કરતા મુસ્લિમ(અલ.)ને કહ્યું : સલામ કરો કે ન કરો, તમને કતલ કરવામાં આવશે. મુસ્લિમ(અલ.)એ કહ્યું : જો

હું તારા હાથે કતલ થાઉં તો આ આશ્ચર્યની વાત નથી. કારણ કે મારાથી બેહતર લોકો તારાથી બદતર લોકોના હાથે કતલ કરવામાં આવ્યા છે. લોકોને ભયાનક રીતે કતલ કરવા અને તેમને મુસ્લા(મૃત્યુ પછી નાક, કાન કાપવા) કરવું પસ્ત ફિતરત ઇન્સાનનો તરીકો છે. તારા માટે પણ આ જ યોગ્ય છે, તુ પણ અમાનવીય સિફાતોના પાત્ર છે. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૬૧)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇબ્ને ઝિયાદે મુસ્લિમ બિન અકીલને કહ્યું : અય અકીલના દીકરા ! તમે કુફા આવ્યા, લોકો દરમિયાન નફરત અને દુશ્મનાવટ પેદા કરી, તેમનો આરામ, ચેન છીનવી લીધો, તેમને એકબીજાની જાનની ફિકરમાં નાખી દીધા જેથી બીજાને કતલ કરી નાખે.

મુસ્લિમ(અલ.)એ ઇઝ્ઝતે નફ્સ અને બહાદુરીપુર્વક ઇબ્ને ઝિયાદને જવાબ આપ્યો :

જે તું કહે છે એવું નથી. કેમ કે કુફાવાળાઓ જાણે છે કે તેમના બુઝુર્ગો અને મોટાઓને તારા બાપે માર્યા છે અને તેમના દરમિયાન કૈસર વ કિસરાની જેમ હુકુમત કરી છે. એટલા માટે તેમણે અમને દરખાસ્ત કરી કે અહિયાં પહોંચીને લોકો દરમિયાન અદલ અને ઇન્સાફની સાથે હુકુમત કરો અને તેમને અલ્લાહના અહકામ તરફ બોલાવીએ. ઉબૈદુલ્લાહે કહ્યું : તમે ક્યાં અને આ મોટી ઝિમ્મેદારી ક્યાં ?

ત્યાર પછી તેણે મુસ્લિમ(અલ.) સાથે બેઅદબી કરી. મુસ્લિમ(અલ.)એ કહ્યું : અલ્લાહ ગવાહ છે તુ જૂઠ બોલી રહ્યો છે. બેશક જે વ્યક્તિ શરાબ પીએ છે તેના હાથ આઝાદી પસંદ મુસલમાનોના ખૂનથી રંગાએલા હોય છે. તે બેગુનાહ મુસલમાનોને કતલ કરવાથી પરહેઝ નથી કરતો. બદગુમાનીના કારણે તેમના કતલનો હુકમ

આપે છે. કોઈ ખરાબ કામ એવું નથી જે તેં ન કર્યું હોય.

ઇબ્ને ઝિયાદે કહ્યું : અલ્લાહે તમારા અને તમારી આરઝુઓ દરમિયાન ફાસલો પૈદા કરી દીધો છે. કારણ કે તેણે તમને તેના પાત્ર ન જોયા. જનાબે મુસ્લિમે કહ્યું : પછી કોણ તેના લાયક છે ?

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે કહ્યું : અમીરૂલ મોઅમેનીન યઝીદ ! મુસ્લિમ બિન અકીલ(અલ.)એ કહ્યું : દરેક સ્થિતિમાં અલ્લાહનો શુક્ર છે. અમે અલ્લાહના ફેંસલા પર રાજી છીએ. તે જ અમારા અને તમારા દરમિયાન ફેંસલો કરવાવાળો છે. ઉબૈદુલ્લાહે કહ્યું : જાણે તમે ખિલાફતની બાબતમાં પોતાનો હિસ્સો ખ્યાલ કરો છો ? મુસ્લિમ(અલ.)એ કહ્યું : ના, અલ્લાહની કસમ! ફકત ખ્યાલ જ નથી કરતા બલ્કે મને યકીન છે. ઉબૈદુલ્લાહ ઉંચો નીચો થઈને કહેવા લાગ્યો : જો હું તમને કતલ ન કરૂં તો

ખુદા મને હલાક કરે. એવી રીતે કતલ કરીશ કે ઇસ્લામમાં કોઈને આ રીતે કતલ ન કરવામાં આવ્યો હોય.

મુસ્લિમે દરેક વખતે ઉંચા અવાજમાં જવાબ આપ્યો. બેશક આવા કામ તારા માટે શોભે છે કે જે તારા પહેલાં કોઈએ ન કર્યું હોય. ઉબૈદુલ્લાહ ઝખ્મી સાંપની જેમ તરફડ્યો અને પોતાનું ખરાબ પ્રવચન શરૂ રાખ્યું. જનાબે મુસ્લિમ ચુપ થઈ ગયા અને ઇબ્ને ઝિયાદની વાતોની પરવા ન કરી.

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇબ્ને ઝિયાદે મુસ્લિમ બિન અકીલને કહ્યું : તમે ઝમાનાના ખલીફા વિરૂદ્ધ બળવો કર્યો છે અને ઉમ્મત દરમિયાન ફિત્નો પેદા કર્યો છે અને તેમના દરમિયાન નફરત નાખી છે. મુસ્લિમ(અલ.)એ કહ્યું : તુ જુઠ બોલે છે. કારણ કે મઆવિયા અને તેના દીકરા યઝીદે મુસલમાનોની એકતાને બરબાદ કરી

છે અને ફિતનાને તારા બાપે વધાર્યો છે. (મકતલુલ હુસૈન અલ. પેજ-૧૬૧)

ઉબૈદુલ્લાહ પોતાનો બચાવ કરવાની તાકાત નહોતો રાખતો. એટલા માટે તેણે અમીરૂલ મોઅમેનીન(અલ.) અને હસનૈન(અલ.)ની શાનમાં બેઅદબી કરી. મુસ્લિમે ઇબ્ને ઝિયાદને કહ્યું : આ અપશબ્દોનો તુ અને તારો બાપ પાત્ર છે. અય દુશ્મને ખુદા તને ઇખ્તિયાર છે જે તારૂં દિલ ચાહે ફૅંસલો કર, ઉમ્મીદ છે કે અલ્લાહતઆલા મને તારા જેવા બદતરીન માણસના હાથે શહાદત નસીબ કરશે. (અલ-મલહૂફ પેજ-૨૪)

(૫૩) જનાબે મુસ્લિમ(અલ.)ની વસીય્યત

મુસ્લિમ બિન અકીલ(અલ.)ને જ્યારે આ યકીન થઈ ગયું કે ઇબ્ને ઝિયાદ તેમને જરૂર કતલ કરશે તો આપે તેની પાસે થોડી મોહલત માંગી કે પોતાના કબીલાના કોઈ વ્યક્તિને વસીય્યત કરે. ઉબૈદુલ્લાહે મોહલત આપી.

મુસ્લિમ બિન અકીલ(અલ.)નો ઉમર બિન સઅદ સાથે આ રિશ્તો હતો કે બંને કુરૈશથી હતા. કેમ કે કહેવામાં આવે છે કે રસૂલ(સલ.)ના સૌ પ્રથમ દાદા નઝર બિન કનાના હતા. જેથી કબીલાઓના વંશનો સિલસિલો નઝર બિન કનાના પર ખતમ થાય છે. તેઓ કુરૈશમાંથી છે. જેવી રીતે બની હાશિમ, બની મખઝૂમ અને બની ઝોહરા વગેરે અને ઇબ્ને સઅદ બની ઝોહરાથી હતો.

તે સમૂહમાં ઉમર બિન સઅદ બિન અબી વક્કાસ હતો. મુસ્લિમે તેને બોલાવ્યો જેથી વસીય્યત કરી શકે. તેની સાથે થોડીક રિશ્તેદારી પણ હતી. પરંતુ તેણે વસીય્યત સાંભળવાથી ઇન્કાર કર્યો. ઇબ્ને ઝિયાદે જ્યારે આ જોયું કે ઉમર બિન સઅદ વસીય્યત સાંભળવાનો ઇન્કાર કરે છે તો તેણે કહ્યું : જનાબે મુસ્લિમની વાત માની લો.

મુસ્લિમ(અલ.) તેને એક તરફ લઈ ગયા. ઉબૈદુલ્લાહ બંનેને જોઈ રહ્યો હતો. મુસ્લિમ બિન અકીલે ઉમર બિન સઅદને કહ્યું : આ શહેરમાં મારા ઝિમ્મે સાતસો દિરહમ કરજો છે. મારી શહાદત પછી મારી ઝિરહ (બખ્તર) વેચી કરજ અદા કરી દેજે અને જ્યારે મને શહીદ કરી દેવામાં આવે તો મારી લાશ હુકુમતના ચેલાઓ પાસેથી લઈને દફન કરી દેજે. કોઈ વ્યક્તિને ઇમામ હુસૈન(અલ.) પાસે મોકલીને તેમને કુફા આવવાની મનાઇ કરી દેજે.

કારણ કે મેં તેમને પત્ર દ્વારા ખબર આપી હતી કે કુફાવાળાઓ આપની સાથે છે. એટલા માટે તે કુફા માટે રવાના થઈ ગયા છે.

ઉમર બિન સઅદે ઇબ્ને ઝિયાદને કહ્યું : અય અમીર આપ જાણો છો મુસ્લિમે મને શું કહ્યું છે ? ત્યાર પછી જનાબે મુસ્લિમની પુરી વસીય્યત ઉબૈદુલ્લાહની સામે વર્ણન કરી અને તેમનો ભેદ ખોલી નાખ્યો. ઉબૈદુલ્લાહે કહ્યું : અમીન આદમી કદી પણ ખયાનત (વિશ્વાસઘાત) નથી કરતો પરંતુ અમુક વખત ખયાનતકારને અમાનતદાર સમજી લેવામાં આવે છે. અમે તે વાતના વિરોધી નથી જેને મુસ્લિમ પોતાના કતલ પછી કરવા માંગે છે. તેમના જનાઝા વિશે પણ તેમની વસીય્યત મુજબ અમલ કરો. વાત રહી ઇમામ હુસૈન(અલ.)ની તો જો તે અમારા વિરૂદ્ધ કાંઈ નહીં કરે તો અમે પણ તેમના

વિરૂદ્ધ કોઈ કદમ નહીં ઉઠાવીશું. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૫૫)

ત્યાર પછી બુકૈર બિન હુમરાનને કહ્યું કે મુસ્લિમને દારૂલ અમારાની છત પર લઈ જઈને માથું શરીરથી અલગ કરી દો, જેથી તારૂં દિલ પણ ઠંડુ થઈ જાય. આ પહેલાં મુસ્લિમે બુકૈરને ઝખ્મી કર્યો હતો.

જનાબે મુસ્લિમ(અલ.) તસ્બીહ વ તકબીર અને ઇસ્તેગફારમાં મશગૂલ થઈ ગયા અને ફરમાવ્યું : ખુદાયા, અમારા અને આ જમાઅત દરમિયાન ફેંસલો ફરમાવ જેમણે અમારાથી જુઠ બોલ્યું, અમને દગો આપ્યો અને અમને એકલા છોડી દીધા અને અમને કતલ કર્યા છે. ત્યાર પછી બે રકાત નમાઝ પઢી અને મદીના તરફ મોઢું ફેરવીને ઇમામ હુસૈન(અલ.) પર દુરૂદો સલામ મોકલ્યા. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ મુકર્રમ પેજ-૧૭૬)

(૫૪) જનાબે મુસ્લિમ(અલ.)ની શહાદત

ત્યાર પછી બુકૈર બિન હુમરાને ઇબ્ને ઝિયાદના હુકમથી કફ્ફાશાનના બજાર તરફ માથું શરીરથી જુદા કર્યું. જ્યારે કે મુસ્લિમ(અલ.) ખુશીથી શહાદતનું સ્વાગત કરી રહ્યા હતા. ત્યાર પછી તેમની લાશ છતની નીચે ફેંકી દીધી. જ્યારે બુકૈર બિન હુમરાન (મુસ્લિમનો કાતિલ) નીચે આવ્યો તો ઇબ્ને ઝિયાદે તેને પુછ્યું : જ્યારે તુ મુસ્લિમને ઉપર લઈ જઈ રહ્યો હતો તે સમયે તેઓ શું કહી રહ્યા હતા ?

તેણે જવાબ આપ્યો : તસ્બીહ અને ઇસ્તેગફાર કરી રહ્યા હતા અને જ્યારે મેં તેમને કતલ કરવાનો ઇરાદો કર્યો તો તેમને કહ્યું : નજીક આવો ! હમ્દ છે તે ખુદાની જેણે તમને મારા હાથોથી રૂસ્વા (અપમાનિત) કર્યા જેથી પોતાનો

બદલો લઈ શકું. ત્યાર પછી મેં હુમલો કર્યો, વાર કામયાબ રહ્યો તો કહ્યું : અય ખુદાના બંદા જે ઝખ્મ તેં લગાવ્યું છે શું આ તે વારનો બદલો નથી જે મેં તને લગાવ્યો હતો ? ઇબ્ને ઝિયાદે કહ્યું : શું મોતના સમયે પણ ગર્વ કરવામાં આવે છે? (હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૨ પેજ-૪૦૮)

મુસ્લિમ બિન અકીલ(અલ.) મંગળવારના દિવસે ૮ ઝિલ્હજ, હિજરી સન ૬૦ માં ખુરૂજ (જેહાદ માટે ઉભા થવું) કર્યું. તે જ દિવસે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી કુફા તરફ રવાના થયા. અમુક લોકોએ લખ્યું છે કે આ ઘટના બુધવારના દિવસે ૯ ઝિલ્હજ, ૬૦ હિજરીમાં ઘટી હતી. (મુરૂજુઝઝહબ ભાગ-૩ પેજ-૬૦) મરહુમ મુકર્રમ કહે છે કે મુસ્લિમ(અલ.)ની શહાદતના વિષયમાં ત્રણ કથન છે. (૧) ૩ ઝિલ્હજ ૬૦ હિજરી, અબુ હનીફા દિનવરીએ અખબારૂત તિવાલમાં આ જ વાતને

સમર્થન આપ્યું છે. સૈયદ ઇબ્ને તાઉસે અલ-મલ્હૂફમાં તેમના કથન પર વિશ્વાસ કર્યો છે. દિનવરીએ લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.) ૩ ઝિલ્હજના ઇરાકની તરફ રવાના થયા. સૈયદ ઇબ્ને તાઉસ લખે છે કે આ જ દિવસે મુસ્લિમ(અલ.) શહીદ થયા. (૨) વતવાતે(વ્યક્તિનું નામ છે.) ગુરરૂલ ખસાએસમાં લખ્યું છે કે હઝરત મુસ્લિમ(અલ.) આઠમી ઝિલ્હજના શહીદ થયા. આ જ રીતે તઝકીરતુલ ખવાસ અને તારીખ અબિલ ફિદામાં આવ્યું છે. (૩) શેખ મુફીદે ઇરશાદમાં, કફઅમીએ મિસ્બાહમાં અને મજલિસીએ બિહારની કિતાબુલ મઝારમાં લખ્યું છે કે મુસ્લિમ બિન અકીલ નવમી ઝિલ્હજના શહીદ થયા. ઇબ્ને નુમાએ મુસીરૂલ અહઝાનમાં અને તબરીની તારીખમાં અને મુરૂજુઝઝહબમાં લખ્યું છે કે મુસ્લિમે આઠ ઝિલ્હજના ખુરૂજ કર્યું હતું. એટલે ખુરૂજના બીજા દિવસે મુસ્લિમ

શહીદ થયા હતા. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ મુકર્રમ પેજ-૧૮૦)

૮ ઝિલ્હજ્જ, ૬૦ હિજરીના મુસ્લિમ(અલ.)ને શહીદ કર્યા પછી ઇબ્ને ઝિયાદે હુકમ આપ્યો કે તેમની લાશ ફાંસીના માચડા પર લટકાવી દેવામાં આવે અને માથું દમિશ્કમાં યઝીદ(લઅ.)ની પાસે મોકલી દેવામાં આવે. મુસ્લિમ બિન અકીલ બની હાશિમમાંથી પહેલા શહીદ હતા કે જેમની લાશને દાર પર લટકાવવામાં આવી અને સૌથી પહેલાં આપનું સર દમિશ્ક મોકલવામાં આવ્યું. (મુરૂજુઝઝહબ ભાગ-૩ પેજ-૬૦)

(૫૫) હાનીની શહાદત

જનાબે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની શહાદત પછી મોહંમદ બિન અશઅસ હાનીની ભલામણ માટે ઉબૈદુલ્લાહની પાસે ગયો અને કહ્યું : આપ જાણો છો કે કુફામાં હાનીની શું હૈસિયત છે? હાની અને તેનું ખાનદાન જાણે છે કે હું અને અમ્ર બિન હજ્જાજ તેમને આપની પાસે લાવ્યા હતા. હું આપને અલ્લાહની કસમ આપું છું કે તેમને માફ કરી દો.કુફાવાળાઓની દુશ્મની હું મારા માટે સખત સમજુ છું.

ઉબૈદુલ્લાહે વાયદો કર્યો કે હું તેને કતલ નહીં કરું. પરંતુ જોત જોતામાં તેનો ઇરાદો બદલાઈ ગયો. હુકમ આપ્યો કે હાનીને કૈદથી બહાર લાવીને બજાર તરફ લઈ જઈને કતલ કરી નાખો. જ્યારે હાનીના હાથ બાંધીને તે બજારથી લઈ જવામાં

આવી રહ્યા હતા જ્યાં ઘેટા, બકરાઓનું વેચાણ થતું હતું. તે સમયે હાનીએ ઉંચા અવાજે કહ્યું : આજે મઝજહ કબીલો ક્યાં છે? શું આ કબીલો મારી મદદ નહીં કરે? (તનકીહુલ મકાલ ભાગ-૩ પેજ-૧૯૮)

હાનીએ જ્યારે આ જોયું કે કોઈ તેમની મદદ કરવાવાળું નથી તો તેમણે પોતાના હાથ ખોલી નાખ્યા અને કહ્યું : કોઈ લાકડી, છરી અથવા હાડકું નથી કે જેનાથી આ મર્દ પોતાનો બચાવ કરી શકે. નિરીક્ષકોએ તેમને પકડી લીધા અને મજબુતીથી તેમને જકડી લીધા. કોઇએ કહ્યું : ગરદન આગળ લાવો. હાનીએ જવાબ આપ્યો : આવા સમયે હું સખાવતથી કામ નહીં લઈશ અને પોતાના કતલમાં તમારી મદદ નહીં કરીશ. ત્યાર પછી રશીદ ઉબૈદુલ્લાહના ગુલામે હાની પર એક વાર કર્યો જેનાથી હાની બચી ગયા. હાની કહે છે : અલ્લાહની જ તરફ પાછા ફરવાનું છે. અય અલ્લાહ! તારી રહમત અને રઝા તરફ આવી રહ્યો છું. રશીદે બીજો હુમલો કરી

હાનીને શહીદ કરી દીધા. (ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૨૩)

ઉબૈદુલ્લાહ બિન ઝુબૈર અસદીએ હાની અને મુસ્લિમ(અલ.)ના વિષે આ શેઅર કહ્યા છે. અમુક લોકો નીચે આપેલ શેઅરને ફરઝદક તરફ નિસ્બત આપે છે.

فَإِنْكُنْتِلَاتَدْرِيْنَمَاالْمَوْتُفَانْظُرِى

إِلٰىهَانِيفِى السُّوقِوَابْنِعَقِيْلٍ

إِلٰىبَطَلٍقَدْهَشَّمَاالسَّيْفُوَجْهَهُ

وَآخَرُيَهْوِيمِنْطَهَارِقَتِيْلٍ

જો તમે નથી જાણતા કે મોત શું છે તો બજારમાં હાની અને અકીલના દીકરા મુસ્લિમને જોઈ લો, તે બહાદુરી તરફ જુઓ કે તલવારે તેમના ચહેરાને ઝખ્મી કરી દીધો છે અને તે બીજા મકતૂલને કે જે ઉંચાઈ પરથી નીચે પડી ગયો છે. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૩૬)

(૫૬) યઝીદ(લઅ.)ના નામે ઇબ્ને ઝિયાદનો પત્ર

ઇબ્ને ઝિયાદે પોતાના કાતિબ(લખનાર) અમ્ર બિન નાફેઅને હુકમ આપ્યો કે જનાબે મુસ્લિમ અને હાનીનો કિસ્સો અને જે કંઈ થયું છે તેને લખે. અમ્ર બિન નાફેએ એક લાંબો પત્ર લખ્યો. (લાંબો પત્ર લખવામાં સૌ પ્રથમ અમ્ર બિન નાફેઅ પ્રખ્યાત થયો છે.)ઉબેદુલ્લાહે જોયું તો તેને પસંદ ન આવ્યો અને કહેવા લાગ્યો : આટલું વિગતવાર લખવાની શું જરૂર છે ? લખો :

અમ્મા બાદ ! હમ્દ અને પ્રશંસા છે તે ખુદાની જેણે અમીરૂલ મોઅમેનીનનો હક લઈ લીધો અને તેમને દુશ્મનથી નચિંત કરી દીધા. અમીરૂલ મોઅમેનીનની ખિદમતમાં અરજ છે કે મુસ્લિમ બિન અકીલ, હાની બિન ઉરવહના ઘરે આશ્રિત હતા. મેં

મારી છુપી પોલીસ અને જાસુસો દ્વારા બંનેને ઘરમાંથી કાઢીને કતલ કરી દીધા છે અને મારા વફાદાર હાની બિન અબી હય્યા અને ઝુબૈર બિન અરવહ તમીમીના ઝરીઆથી તેમના સર આપની ખિદમતમાં મોકલી રહ્યો છું. મુસ્લિમના વિશે જે કંઈ માલુમ કરવા ચાહો આ બંનેથી કરી શકો છો. આ બંને સાચા અને પરહેઝગાર છે. વસ્સલામ.

ત્યાર પછી ઇબ્ને ઝિયાદના હુકમથી મુસ્લિમ અને હાનીના પગમાં રસ્સી બાંધીને કુફાના બજારોમાં ઘસીટવામાં આવ્યા અને તેમને કુફાના કનાસાના કિનારે માંચડા પર ઉલટા લટકાવવામાં આવ્યા. પછી આ બંનેના સર ઇબ્ને ઝિયાદે દમિશ્ક મોકલી દીધા અને યઝીદે સરોને એક દરવાજા પર લટકાવી દીધા. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૬૩)

(૫૭) યઝીદ(લઅ.)નો ઉત્તર

યઝીદે ઇબ્ને ઝિયાદને લખ્યું :

અમ્મા બાદ ! તમે એવા જ છો જેવું હું ઇચ્છતો હતો. તમારી તે જ કાર્ય પદ્ધતિ છે જે દૂરંદેશ લોકોની હોય છે. તમારૂં આક્રમણ શેરદિલ અને બહાદુર લોકો જેવું છે. તમે મને અન્યોથી બેપરવા કરી દીધા. તમારા વિશે મારો જે નજરીયો હતો તે સહી સાબિત થયો. મેં તમારા એલચીઓથી ફરીવાર કુફાની સ્થિતિ જાણી અને તેમને એવા જ ફઝીલતવાળા અને અકલમંદ જોયા જેવું તમે લખ્યું હતું.

મને ખબર મળી છે કે હુસૈન(અલ.) ઇરાકની તરફ આવી રહ્યા છે. તેમના રસ્તામાં સંરક્ષકોને બેસાડી દો અને જેના વિશે તમને બદગુમાની હોય તેને કૈદમાં નાખી દો અથવા કતલ કરી નાખો. મને કુફાના હાલાતની જાણ કરતા રહો. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૨૫)

(૫૮) હઝરત મુસ્લિમ(અલ.)ના ખાનદાનની ટૂંકમાં ઓળખાણ

જનાબે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની શાદી અમીરૂલ મોઅમેનીન(અલ.)ની દીકરી જનાબે રૂકય્યાથી થઈ હતી. બે બાળકો થયા, એકનું નામ અબ્દુલ્લાહ અને બીજાનું નામ અલી હતું.એક દીકરો કનીઝથી હતો જેનું નામ મોહંમદ હતું. (અલ-મઆરિફ, પેજ-૮૮ / મકાતિલુત તાલેબીન, પેજ-૯૪)

એક દીકરી હમીદા પણ હતી જે અમીરૂલ મોઅમેનીન(અલ.)ની દીકરી ઉમ્મે કુલસુમ સુગરાના પેટથી હતી. આ કારણથી કે ઇસ્લામમાં જાએઝ નથી મર્દ બે બહેનો સાથે એક સમયમાં નિકાહ કરે એટલા માટે મુસ્લિમ(અલ.)એ પહેલીના ઇન્તેકાલ પછી બીજી સાથે નિકાહ કર્યા છે.

જનાબે મુસ્લિમ(અલ.)ની દીકરી હમીદાની શાદી તેમના કાકાના દીકરા(પિતરાઈ ભાઈ) અબ્દુલ્લાહ બિન મોહંમદ બિન અકીલ બિન અબીતાલિબની સાથે થઈ

હતી. તેઓ મુહદ્દિસ (હદીસ બયાન કરનાર) અને ફકીહ હતા. શેખ તુસી(રહ.)એ તેમને ઇમામ જઅફર સાદિક(અલ.)ના રિજાલમાં (ઇમામ(અલ.)થી રિવાયત વર્ણન કરનાર) ગણ્યા છે. તિરમીઝીએ તેમને સિકહ(ભરોસાપાત્ર) કરાર દીધા છે અને પોતાની કિતાબ જામેઅમાં તેમનાથી હદીસ વર્ણન કરી છે. તેમના દ્વારા અહમદ બિન હમ્બલ, બુખારી, અબુ દાઉદ અને ઇબ્ને માજા અને કઝવીનીએ પણ હદીસો વર્ણન કરી છે. તેઓ ૧૪૨ હિજરીમાં વફાત પામ્યા. હમીદાથી એક દીકરો થયો જેનું નામ મોહંમદ છે. તેમના પાંચ બાળકો છે.

હઝરત મુસ્લિમ(અલ.)ના પાંચ બાળકો ઇતિહાસમાં વર્ણન થયા છે. અબ્દુલ્લાહ અને મોહંમદ કરબલામાં શહીદ થયા. બે દીકરાઓ કુફામાં શહીદ થયા. તેમનું વર્ણન આગળ આવશે. પરંતુ પાંચમા દીકરા વિશે કોઈ ખબર નથી. (અશ્શહીદ મુસ્લિમ બિન અકીલ, મુકર્રમ, પેજ-૧૮૬)

(૫૯) મક્કામાં ઇમામ હુસૈન(અલ.)નો ખુત્બો

મક્કાથી રવાનગી વખતે ઇમામ હુસૈન(અલ.) ઉભા થયા અને આ ખુત્બો આપ્યો :

اَلْحَمْدُ لِلّٰهِ مَا شَاءَ اللّٰهُ وَلَا قُوَّةَ إِلَّا بِاللّٰهِ وَصَلَّى اللّٰهُ عَلَى رَسُوْلِهِ، خُطَّ الْمَوْتُ عَلَى وُلْدِ آدَمَ مَخَطَّ الْقِلَادَةِ عَلَى جِيْدِ الْفَتَاةِ وَمَا أَوْلَهَنِي إِلَى أَسْلَافِي إِشْتِيَاقَ يَعْقُوْبَ إِلَى يُوْسُفَ، وَخَيِّرَ لِي مَصْرَعًا أَنَا لَاقِيْهِ، كَأَنِّي بِأَوْصَالِي تَتَقَطَّعُهَا عُسْلَانُ الْفَلَوَاتِ بَيْنَ النَّوَاوِيْسِ وَكَرْبَلَا فَيَمْلَأُنَّ مِنِّي أَكْرَاشًا جَوْفًا وَأَجْرِبَةً سُغْبًا، لَا مَحِيْصَ عَنْ يَوْمٍ خُطَّ بِالْقَلَمِ، رِضَا اللّٰهِ رِضَانَا أَهْلَ الْبَيْتِ نَصْبِرُ عَلَى بَلَائِهِ وَيُوَفِّيْنَا أُجُوْرَ الصَّابِرِيْنَ، لَنْ تَشُذَّ عَنْ رَسُوْلِ اللّٰهِ لُحْمَتُهُ وَهِيَ مَجْمُوْعَةٌ لَهُ فِي حَظِيْرَةِ الْقُدْسِ تُقَرُّ بِهِمْ عَيْنُهُ وَيُنْجِزُ بِهِمْ وَعْدَهُ، مَنْ كَانَ بَاذِلًا فِيْنَا مُهْجَتَهُ وَمُوَطِّنًا عَلَى لِقَاءِ اللّٰهِ نَفْسَهُ فَلْيَرْحَلْ مَعَنَا فَإِنِّي رَاحِلٌ مُصْبِحًا إِنْ شَاءَ اللّٰهُ تَعَالَى۔

તમામ તારીફ અલ્લાહથી વિશિષ્ટ છે. તે જ થાય છે જે તે ચાહે છે. તાકાત ફકત અલ્લાહની છે અને અલ્લાહની રહમત નાઝિલ થાય તેના રસુલ(સલ.) પર. મોત આદમની અવલાદ માટે એવી છે જેવી રીતે છોકરીના ગળામાં હાર બાંધેલો છે. હું મારા બુઝુર્ગોથી મુલાકાતની એવી જ આરઝુ રાખું છું જેવી રીતે યાકુબ(અલ.)ને યુસુફના દીદારની આરઝુ હતી. મારા કતલની જગ્યા અને દફનની જગ્યા પહેલાંથી નક્કી થઈ ચુકી છે. મારે ત્યાં પહોંચવાનું છે. જાણે હું જોઈ રહ્યો છું કે સરજમીને કરબલામાં જંગલના હિંસક પશુઓ મારા અવયવોના બંદ(સાંધા)ને એકબીજાથી જુદા કરી રહ્યા છે અને પોતાનું પેટ ભરી રહ્યા છે અને તકદીરમાં જે લખાએલું છે તેનાથી ભાગી નથી શકતો. અમે રસુલ(સલ.)ના અહલેબયત અલ્લાહની મરજી પર રાજી છીએ. અમે તેની આઝમાઇશ,

પરીક્ષા પર સબ્ર કરીએ છીએ અને તે અમને સબ્ર કરવાવાળાઓનો અજ્ર આપે છે. રસુલ(સલ.)થી રિશ્તો રાખવાવાળા કદી પણ તેમનાથી અલગ નહીં થાય અને જન્નતમાં તેમની સાથે હશે. તેમને જોઈને રસુલ(સલ.)ની આંખો ઠંડી થઈ જશે અને આ અલ્લાહનો વાયદો છે જે પુરો થઈને રહેશે. જે અમારા રસ્તામાં કુરબાની આપવા માંગે છે અને પોતાને અલ્લાહથી મુલાકાત માટે તૈયાર જુએ છે તે અમારી સાથે આવે. ઇન્શાઅલ્લાહ હું કાલે રવાના થઈ જઈશ. (અલ-મલહૂફ, પેજ-૨૫)

(૬૦) હરમની પવિત્રતાનું રક્ષણ

અકીસી કહે છે કે જે ઝમાનામાં હુસૈન ઇબ્ને અલી(અલ.)ની અબ્દુલ્લાહ બિન ઝુબૈર સાથે ભેદી વાતચીત ચાલી રહી હતી તે સમયે આપે લોકોને સંબોધીને ફરમાવ્યું હતું : ઇબ્ને ઝુબૈર કહે છે કે હરમના કબુતરોમાંથી એક કબુતર બની જાઓ. પરંતુ હું ચાહું છું કે અલ્લાહના ઘરથી દૂર માર્યો જાઉં કે મારી નજરોમાં આ જ બેહતર છે ચાહે તેનાથી એક વેંત જેટલું અંતર હોય. જો મને તફમાં એટલે કે દરિયાના કિનારે કતલ કરવામાં આવે તો મારા નજીક આ એનાથી બેહતર છે કે હરમમાં કતલ કરવામાં આવે. (કામિલુઝ ઝિયારાત પેજ-૭૨)

ઇબ્ને ઝુબૈરે કહ્યું : જો આપ રજા આપો તો હું મક્કાના કાર્યોને સંભાળી લઉં અને આપના

એહકામને લાગુ કરૂં. ઇમામ હુસૈન(અલ.)એ ઇબ્ને ઝુબૈરના પ્રસ્તાવને કબુલ ન કર્યો. ત્યાર પછી તેમણે છુપી રીતે વાતચીત કરી આ વાતચીતને અમે સમજી ન શક્યા કે કયા વિષય પર હતી. ઝોહરના સમયે જ્યારે લોકો મિનાની તરફ જઈ રહ્યા હતા. સાંભળ્યું કે ઇમામ હુસૈન(અલ.) કુફાની તરફ રવાના થઈ ગયા છે. (અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૭૯)

બીજી રિવાયતમાં આવ્યું છે કે અબ્દુલ્લાહ બિન ઝુબૈરે ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું : મક્કા ચાલો અને હરમમાં કિયામ ફરમાવો. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ યોગ્ય નથી અને તેને હું જાએઝ નથી સમજતો. મક્કામાં કતલ થવાની જગ્યાએ મને કરબલાની જમીન પર કતલ થવું પસંદ છે. (કામેલુઝ ઝિયારાત પેજ-૭૨)

(૬૧) ઇમામ હુસૈન(અલ.)એ ઇરાક અને ઇરાકમાં કુફાને શા માટે પસંદ કર્યું ?

ઇમામ હુસૈન(અલ.)નું કુફાને પસંદ કરવાના ઘણા કારણો છે તેમાંથી અમુકને અમે વર્ણન કરીએ છીએ.

(૧) ઇરાકની જમીન તે જમાનામાં ઇસ્લામી હુકુમતનું કેન્દ્ર હતી. તેને માલ દોલત અને એવા પ્રખ્યાત વ્યક્તિઓનું કેન્દ્ર સમજવામાં આવતી હતી કે જેમનો ઇસ્લામની પ્રગતિમાં ઘણો સારો ભાગ હતો.

(૨) કુફા શીઆઓનું ગઢ અને અલવીઓનું મરકઝ હતું. ઇરાકમાં ખાસ કરીને કુફામાં ઘણા બધા મુખલિસ શીઆઓ રહેતા હતા. એટલા માટે કુફા વિશે અમીરૂલ મોઅમેનીન(અલ.)એ ફરમાવ્યું હતું કે કુફા ઈમાનનો ખઝાનો, ઇસ્લામનું માથું અને

અલ્લાહનો નેઝો (ભાલો) છે. જેને તે જ્યાં ઇચ્છે છે કરાર દે છે. (તબકાત ઇબ્ને સઅદ ભાગ-૬ પેજ-૬)

(૩) તે જમાનામાં કુફા બની ઉમય્યાની હુકુમતનું ગઢ સમજવામાં આવતું હતું. કુફાવાળાઓની બની ઉમય્યાની હુકુમત સાથે જંગ ચાલી રહી હતી. તેઓ તેમના પતનની રાહ જોઈ રહ્યા હતા. બની ઉમય્યાની વિરૂદ્ધ જે બાબતે કુફાવાળાઓને ઉત્તેજીત કર્યા હતા તેમાંથી એક મઆવિયાનું મુગીરહ બિન શોઅબા અને ઝિયાદ બિન અબીહને અમીર નિયુક્ત કરવું હતું. કારણ કે આ બંનેએ પોતાની હુકુમતના જમાનામાં કુફા પર ઘણો જ ઝુલ્મ કર્યો હતો.

(૪) ઇમામ હુસૈન(અલ.)નું કુફા હિજરત કરવાના કારણોમાંથી એક કારણ આ પણ હતું કે કુફાવાળાઓએ આપને ત્યાં આવવાની દઅવત આપી હતી. સ્પષ્ટ રહે કે મઆવિયાના જમાનામાં પણ આ લોકોએ આ બાબત ઇમામ હુસૈન(અલ.)ને

ઘણાં પત્રો લખ્યા હતા અને જો ઇમામ હુસૈન(અલ.) કુફા સિવાય બીજી કોઈ જગ્યાએ ચાલ્યા જાત તો આ સવાલ પૈદા થઈ શકત કે ઇમામ હુસૈન(અલ.)એ આ લોકોના દઅવતનામાની અવગણના કરીને બીજી જગ્યા પસંદ કરી કે નતીજામાં શહીદ થઈ જાય. (હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૩ પેજ-૧૧)

(૬૨) ઇમામ(અલ.) અને મોહંમદ બિન હનફિયા

મોહંમદ બિન દાઉદ કુમ્મીએ ઇમામ સાદિક(અલ.)થી વર્ણન કર્યું છે કે આપે ફરમાવ્યું : જે રાતની સવારે ઇમામ હુસૈન(અલ.) મક્કા તરફ જુવાનો ઇરાદો ધરાવતા હતા તે રાતના જ મોહંમદ બિન હનફિયા આપની પાસે આવ્યા અને વિનંતી કરી : ભાઈ આપ કુફાવાળાઓથી વાકેફ છો, તેમણે આપણા વાલિદ અને ભાઈ સાથે બેવફાઈ કરી, મને ડર છે કે કંઈ આપની સાથે પણ આવું ન થાય. કંઈ આપની સાથે પણ બેવફાઈ ન કરે. આપ મક્કામાં રહો તો સારૂં છે કેમ કે આપ હરમના સૌથી પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાંથી છો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : ભાઈ ! મને ડર છે કે યઝીદ બિન મઆવિયા મને અચાનક

હરમમાં કતલ ન કરાવી દે અને મારા કારણે અલ્લાહના હરમની બેહુરમતી થાય. મોહંમદ બિન હનફિયાએ કહ્યું : જો મક્કામાં રોકાવવામાં ખતરો છે તો યમન ચાલ્યા જાઓ અથવા એવી જગ્યાને પસંદ કરો કે જ્યાં આપ પર કોઈ પ્રભુત્વ ન પામી શકે. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આપના આ મશ્વેરા પર વિચાર કરીશ.

વહેલી સવારે ઇમામ હુસૈન(અલ.)એ નીકળવાનો ઇરાદો કર્યો. જ્યારે મોહંમદ બિન હનફિયાને ખબર પડી તો ફરી આવ્યા અને ઉંટની લગામ પકડીને કહેવા લાગ્યા, ભાઇ! આપે મારી સાથે વાયદો કર્યો હતો કે મારી વાત પર વિચાર વિમર્શ કરશો. શું થયું જે આટલી જલ્દી મક્કાથી જઈ રહ્યા છો ? ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આપના ચાલ્યા જવા પછી મેં ખ્વાબમાં જોયું કે રસુલ(સલ.) મારી પાસે છે અને ફરમાવી રહ્યા છે :

હુસૈન(અલ.) નીકળો બેશક અલ્લાહ તમને મકતૂલ જોવા માંગે છે.

આ સાંભળીને મોહંમદ બિન હનફિયાએ اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْن પઢ્યું અને કહ્યું : તો આ સ્ત્રીઓને સાથે કેમ લઈ જઈ રહ્યા છો? અને આ સ્થિતિમાં તેમને પોતાની સાથે શા માટે લઈ જઈ રહ્યા છો? ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહની મશીય્યત(મરજી) આ છે કે તેમને કૈદી જુએ, ત્યાર પછી મોહંમદ બિન હનફિયાએ ભાઈને વિદાય કર્યા અને ઇમામ હુસૈન(અલ.) રવાના થઈ ગયા. (અલ-મલહૂફ પેજ-૨૬)

(૬૩) ઇમામ હુસૈન(અલ.) અને ઉમર બિન અબ્દુર્રહમાન

ઇમામ હુસૈન(અલ.)એ જ્યારે મક્કાથી કુફા તરફ રવાના થવાનો ઇરાદો કર્યો તો તે સમયે ઉમર બિન અબ્દુર્રહમાન બિન હારિસ બિન હિશામ મક્કામાં હતો. તે પણ ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યો અને કહ્યું : હું એક જરૂરતના આધીન આપની પાસે આવ્યો છું. હમદર્દીમાં એક વાત કહેવા ચાહુ છું. જો આપ મને સાચો ભલાઈ ઇચ્છનારો સમજો છો તો જે હું જરૂરી સમજુ છું તે વર્ણન કરૂં. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : જે કહેવા ઇચ્છો છો કહો, તમે એવા વ્યક્તિ નથી કે જેના પર તોહમત નાખવામાં આવે.

તેણે કહ્યું : મને આ ખબર મળી છે કે આપ ઇરાક જઈ રહ્યા છો અને ત્યાં જવામાં મને આપની

જાનનો ડર છે. કારણ કે જ્યાં આપ જઈ રહ્યા છો ત્યાં બની ઉમય્યાથી મોહિત થઈ ગયેલા લોકો હુકુમત કરી રહ્યા છે. મુસલમાનોનો બયતુલ માલ પણ તેમના ઇખ્તિયારમાં છે અને લોકો દિરહમ અને દીનારના ગુલામ છે. હું ડરૂ છું કે જે લોકોએ આપને મદદનો વાયદો કર્યો છે તે જ લોકો આપની સાથે જંગ ન કરે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય કાકાના દિકરા! અલ્લાહ આપને બેહતરીન બદલો આપે. હું જાણુ છું કે આપ અક્કલ અને નિખાલસતાથી વાત કરી રહ્યા છો. જે અલ્લાહને મંજૂર હશે તે થઈને રહેશે. ચાહે હું આપની વાત કબુલ કરૂં કે ન કરૂં. મારા નજીક આપ બેહતરીન નસીહત કરવાવાળા છો અને આપનો મશ્વેરો ખૈર અને ભલાઈ માટે છે. (મનાકિબે ઇબ્ને શહરઆશોબ ભાગ-૪ પેજ-૯૪, તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૩૭)

(૬૪) મિસ્વર બિન મખરમા

મિસ્વર બિન મખરમા હિજરતના બીજા વરસે મક્કામાં પેદા થયા, આઠ વરસની ઉમરમાં વાલિદની સાથે મદીના આવી ગયા. રસુલ(સલ.)ના ઇન્તેકાલ વખતે તેમની ઉમર ૮ વરસની હતી પરંતુ તેમણે રસુલ(સલ.)થી હદીસ સાંભળી, યાદ કરી હતી. તે ફકીહ અને ફઝીલતવાળા હતા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરથી જંગ દરમિયાન જ્યારે હસીન બિન નમીરે મક્કાને ઘેરી લીધું હતું. તેઓ આ સમયે હજરે ઇસ્માઈલમાં નમાઝ પઢી રહ્યા હતા. એક પથ્થર વાગ્યો અને મૃત્યુ પામ્યા. તે સમયે તેમની ઉમર ૬૨ વરસની હતી. (અલ-ઇસ્તીઆબ ભાગ-૩ પેજ-૧૩૯૯)

મિસ્વર બિન મખરમાએ જ્યારે આ સાંભળ્યું કે ઇમામ હુસૈન(અલ.) ઇરાક જુવાનો ઇરાદો ધરાવે

છે તો તેમણે આપને પત્ર લખ્યો : કંઈ એવું ન બને કે આપ ઇરાકવાળાઓના દઅવતનામાના ધોકામાં આવી જાઓ. જો ઇબ્ને ઝુબૈર આપને આમ કહે કે આપ ઇરાક ચાલ્યા જાઓ ત્યાંના લોકો આપની મદદ કરશે. તો તેમની વાતોનો ભરોસો ન કરશો. જો ઇરાકવાળાઓ આપને ચાહતા હશે તો પોતાની સવારીઓ પર સવાર થઈને આપની ખિદમતમાં આવશે. આ રીતે આપ તેમની પાસે ઇઝ્ઝત અને માન-સન્માન સાથે જશો. ઇમામ(અલ.)એ પત્ર વાંચ્યો, તેમની નેક ભાવનાઓના વખાણ કર્યા અને પત્ર લાવનારને યકીન અપાવ્યું કે આ મહાન કામમાં અલ્લાહથી ખૈર તલબ કરૂં છું. (તબકાત ઇબ્ને સઅદ તરજુમા ઇમામ હુસૈન અલ.પેજ-૫૨)

(૬૫) અબ્દુલ્લાહ બિન અબ્બાસ

અબ્દુલ્લાહ બિન અબ્બાસ પણ ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. જ્યારે કે તે સમયે આપ મક્કાથી ઇરાક તરફ જુવાનો પાકો ઇરાદો કરી ચુકયા હતા. તેમણે આપને મક્કામાં જ રહેવાની કસમ આપી અને કુફાવાળાઓની બુરાઈ કરી. અબ્દુલ્લાહ બિન અબ્બાસે કહ્યું: આપ તે લોકો પાસે જઈ રહ્યા છો જેમણે આપના વાલિદને કતલ કર્યા અને આપના ભાઈને ઝખ્મી કર્યા. બેશક આપની સાથે પણ આ લોકો આ જ વર્તાવ કરશે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ કુફાવાળાઓના પત્રો છે જે તેમણે મને લખ્યા છે અને આ મુસ્લિમ બિન અકીલનો પત્ર છે. તેમણે લખ્યું છે કે કુફાવાળાઓએ મારી બયઅત કરી લીધી છે. ઇબ્ને અબ્બાસે કહ્યું : આપ પાકો ઇરાદો

કરી ચુકયા છો તો અહલેબયત અને બાળકોને પોતાની સાથે ન લઈ જાઓ. ડરૂં છું કે દુશ્મન આપને કતલ કરી નાખે અને ગમનાક ઘટના જુએ. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ તેમની દરખાસ્ત કબૂલ ન કરી. ઇબ્ને અબ્બાસે જ્યારે આ જોયું કે ઇમામે તેમની વાત ન માની તો કહ્યું : કસમ તે ખુદાની જેના સિવાય કોઈ ખુદા નથી. જો મને ખબર હોત કે આપના વાળ પકડવાથી આપ પોતાનો નજરીયો બદલી નાખશો તો હું આવી બેઅદબી કરત.

મોહંમદ બિન સઅદે તબકાતમાં લખ્યું છે કે ઇમામ(અલ.)એ અબ્દુલ્લાહ બિન અબ્બાસને ફરમાવ્યું : જો હું ફલાણી જગ્યા માર્યો જાઉં તો આ મારા નજીક આથી બેહતર છે કે મારા કારણે મક્કાની બેહુરમતી થાય. (તબકાત ઇબ્ને સઅદ, તરજુમા ઇમામ હુસૈન અલ. પેજ-૬૧)

ઇમામ હુસૈન(અલ.)એ તેમની વાતો પર ધ્યાન ન આપ્યું. જેથી તેમણે માયુસ થઈને કહ્યું : આપે ઇબ્ને ઝુબૈરની દિલી ઇચ્છા પુરી કરી દીધી કે સ્વયં પોતાના પગથી મક્કાથી જઈ રહ્યા છો અને હિજાઝને તેના માટે ખાલી કરી રહ્યા છો. કારણ કે ઇબ્ને ઝુબૈર તે છે કે આપના હોવાથી તેની તરફ કોઈ નહીં જાય. (તિજારતુલ ઉમમ ભાગ-૨ પેજ-૫૬)

મનાકિબે ફાતેમા(સલા.)ના લેખકે પણ ઇબ્ને અબ્બાસથી વર્ણન કર્યું છે કે તેમણે કહ્યું : જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઇરાક જઈ રહ્યા હતા તે સમયે મેં તેમની મુલાકાત કરી અને કહ્યું : ફરઝંદે રસુલે ખુદા(સલ.) મક્કાથી ન જાઓ, ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આપ નથી જાણતા કે મારી અને મારા અન્સારની કતલની જગ્યા ત્યાં જ બનશે. (ઇસ્બાતુલ હુદાન ભાગ-૨ પેજ-૫૫૮)

(૬૬) અબ્દુલ્લાહ બિન ઉમર

ઇમામ હુસૈન(અલ.)ની રવાનગીની ખબર અબ્દુલ્લાહને પણ મળી ચુકી હતી. તે પણ ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યો અને દરખાસ્ત કરી કે ગુમરાહ લોકો સાથે સમાધાન કરી લો. આ રીતે આપ(અલ.)ને જંગ અને માર્યા જવાથી ડરાવ્યા. ઇમામ હુસૈન(અલ.)એ જવાબમાં ફરમાવ્યું : અય અબુ અબ્દુર્રહમાન ! શું તમે નથી જાણતા કે અલ્લાહના નજીક દુનિયાના નાચીજ હોવાનો એક નમૂનો આ છે કે યહ્યા બિન ઝકરિયા(અલ.)નું માથું બની ઇસરાઈલની એક બદકાર સ્ત્રીની પાસે તોહફાની રીતે મોકલવામાં આવ્યું હતું ? શું તમે નથી જાણતા કે બની ઇસરાઈલે તુલૂએ ફજરથી તુલૂએ આફતાબ સુધી અલ્લાહના સિત્તેર પૈગંબરોને કતલ કર્યા હતા અને દરરોજના કામમાં એવા વ્યસ્ત હતા કે જાણે કંઈ થયું જ નથી. તેમને અઝાબ આપવામાં અલ્લાહે જલ્દી ન કરી. હાં

સમય પર તેમનાથી બદલો લીધો. અય અબુ અબ્દુર્રેહમાન અલ્લાહથી ડરો અને મારી મદદ કરવાથી દૂર ન ભાગો.

અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબની વાલેદહ ઝયનબ બિન્તે મઝઉન હતી. જંગે ઓહદમાં અબ્દુલ્લાહને એટલા માટે શરીક થવાની રજા ન મળી કે તે ચૌદ વરસના હતા. ૭૩ હિજરીમાં અબ્દુલ્લાહ બિન ઝુબૈરના માર્યા ગયા પછી ૮૬ વરસની ઉમરે અબ્દુલ્લાહનો મક્કામાં ઇન્તેકાલ થયો. અબ્દુલ્લાહ સકરાતના વખતે કહી રહ્યા હતા મને દુનિયાની કોઇ ચીજનો અફસોસ નથી બસ આ અફસોસ છે કે મેં બાગી ગિરોહ મઆવિયા અને શામવાળાઓ સાથે કેમ જંગ ન કરી અને આ વિષયમાં હઝરત અલી(અલ.)નો સાથ કેમ ન આપ્યો. (અલ-ઇસ્તીઆબ ભાગ-૩ પા-૯૫૦)

(૬૭) જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી

આપ પણ ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યા અને દરખાસ્ત કરી કે મક્કા ન જાઓ. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ તે જ જવાબ આપ્યો જે બીજા વ્યક્તિઓને આપી ચુકયા હતા. (તારીખે ઇસ્લામ ઝહબી ભાગ-૧ પેજ-૩૪૨)

અબ્દુલ્લાહ બિન ઝુબૈરના વિષયમાં અમે પહેલા વર્ણન કરી ચુકયા છીએ કે તેણે ઇમામ હુસૈન(અલ.)ને દરખાસ્ત કરી હતી કે મક્કામાં જ રહો કે તે આપના હાથ પર બયઅત કરે કે તેની તાબેદારીમાં અન્ય વ્યક્તિઓ પણ ઇમામ હુસૈન(અલ.)ની બયઅત કરશે. આથી તેનો મકસદ આ હતો કે લોકો તરફથી દોષિત ન ગણાય અને તેના પ્રસ્તાવને સારી નિય્યત સમજવામાં આવે.

અબ્દુલ્લાહ બિન ઝુબૈરની કુન્નીયત (ઉપનામ) અબુ ખુબૈબ અને વાલેદહ અસ્મા બિન્તે અબુબકર છે. હિજરતના બીજા વરસે પેદા થયો. હઝરત અલી(અલ.) ફરમાવે છે : ઝુબૈર (અબ્દુલ્લાહનો બાપ) અમારામાંથી જ ગણાતા હતા. ત્યાં સુધી કે તેમનો દીકરો અબ્દુલ્લાહ મોટો થયો. ૬૪ હિજરીમાં મઆવિયા બિન યઝીદના મૃત્યુ પછી હિજાઝ, યમન, ઇરાક અને ખુરાસાનવાળાઓએ તેના હાથ પર બયઅત કરી. અબ્દુલ્લાહ ૧૭ જમાદીઉલ અવ્વલના અથવા ૧૫ જમાદીઉલ આખરના ૭૨ હિજરી સનમાં અબ્દુલ મલેક બિન મરવાનના જમાનામાં કતલ થયો. (અલ-ઇસ્તીઆબ ભાગ-૩ પેજ-૯૦૫)

આ પણ વર્ણન છે કે જ્યારે અબ્દુલ્લાહ બિન ઝુબૈરને આ ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) કુફાનો ઇરાદો ધરાવે છે. મક્કામાં

ઇમામ હુસૈન(અલ.)નું રોકાવવું તેને બીલકુલ પસંદ ન હતું. કારણ કે ઇમામ(અલ.)ની હાજરીમાં લોકો તેનું અનુસરણ નહીં કરે. જેથી તેની દિલી તમન્ના આ હતી કે આપ મક્કા છોડી ચાલ્યા જાય, તે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યો અને કહ્યું : શું ઇરાદો છે ? બની ઉમય્યા જે અલ્લાહના નેક બંદાઓ પર ઝુલ્મ કરે છે જો તેમના બદલામાં જંગ ન કરવામાં આવે તો મને આ ડર છે કે કંઈ અલ્લાહનો અઝાબ નાઝિલ ન થઈ જાય.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું કુફાનો ઇરાદો રાખું છું. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું : અલ્લાહ આપને કામયાબ કરે અને મારી પાસે પણ એવા જ મદદગારો હોત જેવા આપના મદદગારો છે તો હું પણ કુફા ચાલ્યો જાત. ઇમામ હુસૈન(અલ.)ના આ નિર્ણયથી ઇબ્ને ઝુબૈર દિલમાં ઘણો ખુશ હતો. પરંતુ આક્ષેપથી બચવા અને

જાહેરમાં સારૂં દેખાડવા માટે ઇમામ હુસૈન(અલ.)ને કહે છે જો આપ અહિયાં જ રોકાઈ જાઓ અને અમને તથા હિજાઝવાળાઓને પોતાની બયઅતની દઅવત આપો તો અમો દોડીને આપની બયઅત કરીશું. કારણ કે અમે યઝીદ અને તેના બાપ મઆવિયા કરતા આપને ખિલાફતના વધુ હકદાર સમજીએ છીએ. (નફસુલ મહમૂમ પેજ-૧૬૭)

(૬૮) ઇબ્ને અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર

જ્યારે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી ઇરાકની તરફ રવાના થયા તો અબ્દુલ્લાહ બિન અબ્બાસે ઇબ્ને ઝુબૈરના ખભા પર હાથ માર્યો અને કહ્યું : અય ઝુબૈરના દીકરા! તમારા માટે રસ્તો સાફ થઈ ગયો. ઇમામ હુસૈન(અલ.) ઇરાકની તરફ ચાલ્યા ગયા.

અબ્દુલ્લાહ બિન ઝુબૈરે કહ્યું : અબ્બાસના દીકરા! ખુદાની કસમ તમે ખિલાફતને ફકત પોતાના ખાનદાનમાં મર્યાદિત કરવા ચાહો છો અને કોઈને આ લાયક નથી સમજતા અને પોતાને સૌથી વધારે ખિલાફત અને હુકુમતના પાત્ર સમજો છો.

ઇબ્ને અબ્બાસે કહ્યું : આ વાત તે કહે જેને શક હોય, અમને તો યકીન છે. તમે પોતાનું કહો !

મને બતાવો કે તમે પોતાને કઈ રીતે ખિલાફતના લાયક સમજી લીધા ? તેણે કહ્યું: પોતાની શરાફતના કારણે. ઇબ્ને અબ્બાસે કહ્યું : કઈ વસ્તુથી તમને શરાફત મળી છે ? જો તમારી કોઈ પ્રતિષ્ઠા છે તો તે અમારા કારણે છે ! અમે તમારાથી બુલંદ અને અફઝલ છીએ, કારણ કે તેં અમારાથી શરાફત પ્રાપ્ત કરી છે.

જ્યારે ચર્ચા આગળ વધતા અવાજ ઉંચો થવા લાગ્યો તો અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબૈરના ગુલામે ઇબ્ને અબ્બાસને કહ્યું: અય અબ્બાસના દીકરા ! અમને માફ કરો, અલ્લાહની કસમ તમે હાશમી લોકો અમને નથી ચાહતા તો અમે પણ તમને પસંદ નથી કરતા. અબ્દુલ્લાહ બિન ઝુબૈરે પોતાના ગુલામના મોં પર એક તમાચો માર્યો અને કહ્યું : જ્યાં સુધી હું છું ત્યાં સુધી તુ બોલી ન શકે. ઇબ્ને અબ્બાસે કહ્યું : તમે પોતાના ગુલામને કેમ માર્યું ?

અલ્લાહની કસમ અદબ તેને શીખવવામાં આવે છે જે દીનથી નીકળી ગયો હોય. ઝુબૈરના દીકરાએ કહ્યું : અલ્લાહના દીનથી કોણ નીકળી ગયું છે ? ઇબ્ને અબ્બાસે કહ્યું : તમે, આ દરમિયાન કુરૈશના બે ગિરોહે તેમના દરમિયાન ફેંસલો કર્યો. (શરહે નહજુલ બલાગાહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૨૦ પેજ-૧૩૪)

(૬૯) અવઝાઈ

અબ્દુર્રહમાન બિન અમ્ર બિન મોહંમદ અવઝાઈ શામના આલિમોમાંથી હતા. સુફ્યાન સૌરીએ તેમનાથી રિવાયત નકલ કરી છે. તેમણે સઅસા બિન સૌહાન અને અહનફ બિન કૈસથી રિવાયત કરી છે. સઅસા બિન સૌહાને મઆવિયાના જમાનામાં અને અહનફ બિન કૈસે ૬૭ હિજરીમાં વફાત પામી. આ કારણે શક્ય છે કે અવઝાઈ ઇમામ હુસૈન(અલ.)ના જમાનામાં રહ્યા હોય અને આપની ખિદમતમાં પહોંચ્યા હોય. પરંતુ અલ-કુના વલ-અલકાબમાં તેમની વફાત ૧૫૭ હિજરી લખ્યું છે. તે સમયે કરબલાના વાકેઆને ૯૬ વરસ પસાર થઈ ગયા હતા.

અવઝાઈ કહે છે : જ્યારે મને ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) મક્કામાં છે અને ઇરાક જુવાનો

ઇરાદો ધરાવે છે તો હું મક્કા ગયો અને આપની ખિદમતમાં પહોંચ્યો. મને જોયો તો આપે ફરમાવ્યું : અવઝાઈ, બેશક તમે મારી પાસે એટલા માટે આવ્યા છો કે મને ઇરાક ન જવા દો. પરંતુ અલ્લાહ ફકત આ ઇચ્છે છે કે હું ઇરાક જાઉં. (દલાઇલુલ ઇમામત પેજ-૭૫)

(૭૦) અબ્દુલ્લાહ બિન જઅફરનો પત્ર

અબ્દુલ્લાહ બિન જઅફરની કુન્નીયત(ઉપનામ) અબુ જઅફર છે. તેમની વાલેદહ અસ્મા બિન્તે ઉમૈસ છે. આ પ્રથમ મુસલમાન છે જે હબશામાં પેદા થયા અને વાલેદહની સાથે મદીના આવ્યા. રસુલ(સલ.)થી હદીસ સાંભળી, યાદ કરી અને રિવાયત કરી છે. આ ઘણા જ સખી હતા. બહરૂલ જુદ(સખાવતનો દરીયો)ના નામથી પુકારવામાં આવતા હતા. ૮૦ હિજરી સનમાં ૯૦ વરસની ઉંમરમાં વફાત પામ્યા. (અલ ઇસ્તીઆબ ભાગ-૩ પેજ-૮૮)

જ્યારે મદીનાવાસીઓને આ ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી ઇરાક જુવાનો ઇરાદો કરી ચુકયા છે તો અબ્દુલ્લાહ બિન જઅફરે આપને આ મુજબ પત્ર લખ્યો:

હું આપને અલ્લાહની કસમ આપુ છું કે મક્કાથી ન જાઓ. જે આપે ઇરાદો કર્યો છે મને તેનાથી ચિંતા થાય છે. ડરૂ છું કે આપ અને આપના અહલેબયત(અલ.)ને કતલ ન કરી દેવામાં આવે. જો આપને કતલ કરી દેવામાં આવે તો જમીનનું નુર ખતમ થઈ જશે. આપ અમીરૂલ મોઅમેનીન અને આ ઉમ્મતના હિદાયતના ચિરાગ (દીવો) છો. ઇરાક જવા માટે ઊતાવળ ન કરો. હું યઝીદ અને બની ઉમય્યાના મોટા માથાઓથી આપની જાન, અહલેબયત અને માલ, દૌલત માટે અમાન પ્રાપ્ત કરીશ. વસ્સાલમ.

(૭૧) ઇમામ(અલ.)નો જવાબ

ઇમામ હુસૈન(અલ.)એ જવાબમાં લખ્યું :

આપનો પત્ર વાંચ્યો. આપના મકસદની જાણ થઈ. આપને જાણ કરી રહ્યો છું કે મેં મારા નાના રસુલે ખુદા(સલ.)ને ખ્વાબમાં જોયા છે. તેમણે મને આ વાતની ખબર આપી છે કે મારે આ કાર્ય માટે કોશીષ કરવી જોઇએ ચાહે જાહેરમાં તેમાં મારો ફાયદો હોય કે નુકસાન થતું હોય. ભાઈ જો હું કીડીના દરમાં પણ ચાલ્યો જઈશ તો આ બની ઉમય્યા બહાર કાઢીને કતલ કરી નાખશે. અલ્લાહની કસમ! આ લોકો મારા પર આ જ રીતે ઝુલ્મને જાએઝ સમજશે જેવી રીતે યહુદીઓ શનિવારના દિવસે જાએઝ સમજતા હતા. (અલ કુતૂહ ભાગ-૫ પેજ૧૧૫)

(૭૨) અમ્ર બિન સઈદનો પત્ર

અમ્ર બિન સઈદ અલ-અશદક યઝીદ બિન મઆવિયાના જમાનામાં મદીનાનો હાકિમ હતો. મદાઇનીના કહેવા મુજબ જ્યારે તેને ઇમામ હુસૈન(અલ.)ની શહાદતની ખબર મળી તો ખુશ થયો. આ તે અમ્ર બિન સઈદ બિન આસ ઉમવી નથી કે જેણે અબુબકરની બયઅત ન કરી હતી. જો કે આ બંનેનો સંબંધ બની ઉમય્યાથી હતો. (તનકીહુલ મકાલ ભાગ-૨ પેજ-૩૩૧)

અમ્ર બિન સઈદે ઇમામ હુસૈન(અલ.)ને જે પત્ર મોકલ્યો હતો તેમાં લખ્યું હતું :

હું અલ્લાહની બારગાહમાં તે વસ્તુની દુઆ કરૂ છું જેમાં આપની તરક્કી અને બુલંદી છે. મને ખબર મળી છે કે આપ ઇરાક હિજરત કરવા ચાહો છો. ઇરાકવાળા આપથી જે દુશ્મની કરશે તેનાથી હું

અલ્લાહની પનાહ ચાહુ છું. જો ડર છે તો મારી પાસે ચાલ્યા આવો. હું આપના માટે અમાનનું કારણ બનીશ.

(હયાતુલ ઇમામિલ હુસૈન અલ. ભાગ-૩ પેજ-૩૦)

(૭૩) ઇમામ(અલ.)નો જવાબ

ઇમામ હુસૈન(અલ.)એ અમ્ર બિન સઈદનો જવાબ આ રીતે લખ્યો છે :

જો આ પત્ર લખવાથી તમારો ઇરાદો મારા પર એહસાન કરવું છે તો અલ્લાહ તમને દુનિયા અને આખેરતમાં બેહતર બદલો આપે. પરંતુ જે વ્યક્તિ લોકોને અલ્લાહની તરફ બોલાવે છે અને તેનો અમલ પણ નેક અને પસંદીદા હોય અને પોતાને ઉમ્મતે ઇસ્લામીમાં સમજે છે તો તેનો વિરોધ કેમ કરવામાં આવે. અલ્લાહની અમાન બેહતરીન અમાન છે અને તે વ્યક્તિ અલ્લાહ પર ઈમાન નથી લાવ્યો કે જે દુનિયામાં તેનાથી નથી ડરતો. અલ્લાહતઆલાથી મારી દુઆ છે કે દુનિયામાં આપણને પોતાનો ડર અર્પણ કરે જેથી આખેરતમાં તેની અમાનનું કારણ બને. (તારીખે ઇબ્ને અસાકિર ભાગ-૧૩ પેજ-૭૦)

ભાગ-૪ : મક્કાથી કરબલા સુધી

પ્રકરણ : ૬

જ્યારે અમ્ર બિન સઈદ બિન આસને ખબર આપવામાં આવી કે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી ઇરાકની તરફ રવાના થઈ ચુકયા છે તો તેણે હુકમ આપ્યો કે તેમનો પીછો કરી ગિરફતાર કરી લેવામાં આવે. હુકુમતના સિપાહીઓ કલાકો સુધી પીછો કરવામાં આમ તેમ ઘોડાઓ દોડાવતા રહ્યા પણ ઇમામ હુસૈન(અલ.) ન મળ્યા અને મક્કા પાછા ફર્યા. (અલ-ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૬૬)

ઉકબા બિન સમ્આન કહે છે : ઇમામ હુસૈન(અલ.) મક્કાથી નીકળ્યા તો અમ્ર બિન સઈદ બિન આસે પોતાના ભાઈ યહ્યા બિન સઈદની સરદારીમાં અમુક માણસોને મોકલ્યા જેથી તેઓ ઇમામ હુસૈન(અલ.)ને ઇરાક ન જવા દે અને મક્કા

પાછા લઈ આવે. પરંતુ ઇમામ હુસૈન(અલ.) મક્કા પાછા ફરવાના ન હતા. આ ટોળા સાથે ઇમામ હુસૈન(અલ.)ના સાથીઓની જંગ થઈ અને આપના સાથીઓએ બહાદુરીથી મુકાબલો કર્યો અને કુફાની તરફ પોતાનો સફર શરૂ રાખ્યો. આ ટોળાએ કહ્યું : શું અલ્લાહનો ડર નથી અને ઉમ્મતથી અલગ થઈને તેમના દરમિયાન જુદાઈ નાખો છો ?

ઇમામ હુસૈન(અલ.)એ જવાબમાં આ આયત પઢી :

لِيَ عَمَلِي وَلَكُمْ عَمَلُكُمْ أَنْتُمْ بَرِيئُونَ مِمَّا أَعْمَلُ وَأَنَا بَرِيءٌ مِمَّا تَعْمَلُونَ

(સૂ. યુનુસ-૪૧)

મારો અમલ મારા માટે અને તમારો અમલ તમારા માટે છે. જે હું કરૂં છું તમે તેનાથી નફરત કરો છો અને જે તમે કરો છો હું તેને ધિક્કારૂં છું. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૬૮)

(૧) વલીદ બિન ઉતબાનો પત્ર

જ્યારે મદીનાનો હાકેમ વલીદ બિન ઉતબાને આ ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી ઇરાકની તરફ રવાના થઈ ગયા છે તો તેણે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને આ રીતે પત્ર લખ્યો:

અમ્મા બાદ! હુસૈન(અલ.) ઇરાકથી રવાના થઈ ચુકયા છે. આ ફાતેમા બિન્તે રસૂલ(સલ.)ના દીકરા છે. અય ઝિયાદના દીકરા! હોશિયાર રહેજે, તારા તરફથી તેમને કોઇ તકલીફ ન પહોંચે. જો આવું કરશો તો તમને તમારા ખાનદાનને આનાથી એટલું નુકસાન પહોંચશે કે જેનું વળતર કોઈ વસ્તુથી ન ચૂકવી શકાય અને જ્યાં સુધી આ દુનિયા છે કોઈ ભૂલશે નહીં.

પરંતુ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે વલીદના પત્રને કોઈ મહત્વ ન આપ્યું. (મુસીરૂલ અહઝાન પેજ-૩૯)

(૨) રસ્તાઓની નાકાબંધી

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને જાણ થઈ કે ઇમામ હુસૈન(અલ.) કુફા આવી રહ્યા છે. તેણે પહેલા હસીન બિન ઉસામા તમીમી અને પછી જશીશ બિન માલિકને લશ્કરના એક ટોળાના સેનાપતિ બનાવીને રવાના કર્યા. તેણે કાદસિયા પર પડાવ નાખ્યો અને કાદસિયાથી ખઝ્ઝાન સુધી અને 'કતકતાના'થી લઅલઆ (લઅલઆ કુફા અને બસરાની વચ્ચે કોઈ પહાડ અથવા મંઝિલનું નામ છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૩ પેજ-૨૨૦) સુધી લશ્કર ભરી દીધું અને હુક્મ આપ્યો કે વાકેસાથી (વાકેસા મક્કાથી ઇરાકના રસ્તામાં એક જગ્યાનું નામ છે.) શામ(સીરીયા) સુધીના રસ્તાઓની નાકાબંધી કરવામાં આવે. તે પ્રદેશથી નીકળવા અથવા તેમાં દાખલ થવાની રજા ન આપતા હતા. રસ્તામાં જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ ગામડાના રહેવાસીઓથી આ

નાકાબંધી વિશે માલુમ કર્યું તો તેમણે બતાવ્યું : અલ્લાહની કસમ અમે આ નાકાબંધીને નથી. તોડી શકતા. અમારી પાસે આ કામની તાકાત નથી. ઇમામ હુસૈન(અલ.)એ પોતાનો સફર શરૂ રાખ્યો. (અન્સાબુલ અશરાફ ભગ-૩ પેજ-૧૬૬ / ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૭૨)

સુફિયાન બિન ઐનીયાએ અલી બિન યઝીદથી અને તેમણે અલી ઇબ્નિલ હુસૈન(અલ.)થી વર્ણન કર્યું છે કે આપે ફરમાવ્યું : અમે મક્કાથી રવાના થયા હજી કોઈ મંઝિલ પર કિયામ નહોતો કર્યો. જ્યારે અમે ત્યાંથી નીકળ્યા તો મારા વાલિદ યહ્યા બિન ઝકરીયાના માર્યા જવાનો કિસ્સો વર્ણન કરી રહ્યા હતા. એક દિવસ કહેવા લાગ્યા અલ્લાહની નજીક દુનિયા એટલી પસ્ત છે કે લોકોએ બની ઇસરાઈલની એક બદકાર સ્ત્રીને યહ્યા બિન ઝકરિયાનું માથું તોહફામાં આપ્યું. (તફસીરે મજમઉલ બયાન ભાગ-૩ પેજ-૫૦૨)

(૩) અમ્ર બિન સઈદનો પત્ર યઝીદના નામે

મક્કાના હાકેમ અમ્ર બિન સઈદને આ ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) કુફાની તરફ નીકળી ગયા છે તો તેણે યઝીદ બિન મઆવિયાને એક પત્ર લખ્યો. તેણે અમ્રનો પત્ર વાંચીને આ શેઅર પઢ્યો :

فَإِنْلَاتَزُرْقَبْرَالْعَدُوِّفَإِنَّهُيَزُرْكَعَدُوًّاوَيَلُومَنَّكَكَاشِحُ

જો તમે દુશ્મનની કબ્રની પાસે નહીં જાવ અને તેની કબ્રની ઝિયારત નહીં કરો તો તે પોતે તમારી પાસે આવી જશે અથવા દુશ્મન તમને શ્રાપ(બદદુઆ) આપશે.

(મુસીરૂલ અહઝાન પેજ-૪૪)

પછી તેણે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને એક પત્ર લખ્યો જેનો વિષય આ છે :

મને ખબર મળી છે કે હુસૈન(અલ.) કુફા માટે રવાના થઈ ચુકયા છે. તારો હોદ્દો અને શહેર હુસૈન(અલ.)ના મસઅલાથી જોડાએલો છે. તમે સંચાલક છો. તમે તેમની સામે ઉભા છો. આ વિષયમાં તમે ગુલામ બની જશો અથવા આઝાદી પ્રાપ્ત કરશો.

(અલ ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૬૯)

(૪) મક્કાથી કરબલા સુધીની મંઝિલો જ્યાં આપનો કાફલો રોકાયો

ઇમામ હુસૈન(અલ.)એ મક્કાથી કરબલા સુધી વીસ અને અમુકના કહેવા મુજબ તેનાથી પણ વધારે મંઝિલો પસાર કરી છે. આ મંઝિલો પર મહત્વની મુલાકાતો થઈ છે. નીચે અમે તે મંઝિલોનું વર્ણન કરીએ છીએ. (મંઝિલોનું આ ક્રમવાર વર્ણન અમે મરહુમ કઝવીનીની કિતાબ અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુથી લીધું છે.)

(૧) અબ્તહ : અબ્તહ તે જગ્યાને કહે છે જ્યાંથી પાણી વહે છે. પરંતુ અહિયાં તે જગ્યા છે જે મક્કા અને મિનાના દરમિયાન અને મિનાથી નજીક છે. (મોઅજમુલ બુલ્દાન ભાગ-૧ પેજ-૭૪)

અબ્તહ મક્કા અને મિનાના દરમિયાન આવ્યું છે. હકીકતમાં આ તે ઢોળાવવાળો પ્રદેશ છે.

જ્યાંથી મિનાનું પાણી વહે છે. તેની શરૂઆત મિનાના પ્રદેશ અને અંત મકબરએ મોઅલ્લા છે. આ હુજૂન નામનું એક કબ્રસ્તાન છે. અહિયાં ઇમામ હુસૈન(અલ.)એ યઝીદ બિન સબીત બસરીની મુલાકાત કરી કે જેનું વર્ણન પહેલાં થઈ ચુકયું છે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૫૦)

(૨) તનઈમ : તનઈમ તે જગ્યા છે જે હરમની હદોથી બહાર મદીનાના રસ્તામાં આવે છે. ઉમરા માટે મક્કાવાળાઓ અહિયાંથી જ એહરામ બાંધે છે.(મરાસ્સિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૨૭૭)

જ્યારે ઇમામ હુસૈન(અલ.) તનઈમ પહોંચ્યા તો ત્યાં એક કાફલો જોયો જે યમનથી આવ્યો હતો. કાફલાવાળાઓ પાસેથી પોતાના અસ્હાબના સામાન માટે ઊંટ ભાડે લીધા અને તેમને ફરમાવ્યું : જે અમારી સાથે આવવા માંગે છે આવી

શકે છે. અમે તેને ભાડું પણ આપીશું અને સારી વાતો પણ જાણવા મળશે. જે રસ્તામાં જ અમારાથી અલગ થઈ જવા ઇચ્છશે અમે તેને એટલું ભાડું આપીશું જેટલો તેણે રસ્તો પસાર કર્યો હશે. જેથી એક જમાત ઇમામ(અલ.)ની સાથે થઈ ગઈ અને અમુક અલગ થઈને પોતાના રસ્તા પર ગયા. (ઇરશાદે મુફીદ ભાગ-૨ પેજ-૬૮)

(૩) સફાહ : સફાહ એક જગ્યાનું નામ છે જે હુનૈન અને હરમની તે નિશાની દરમિયાન આવ્યું છે જે મક્કામાં દાખલ થવાવાળાના ડાબી બાજુ પડે છે. અહીંયા જ શાએર ફરઝદકે ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત કરી હતી. (મોઅજમુલ બુલદાન ભાગ-૩ પા-૪૧૨)

ફરઝદકે કઇ મંઝિલ પર ઇમામ હુસૈન સાથે મુલાકાત કરી હતી તેમાં મતભેદ છે. ઝહબી કહે છે ઝાતે ઇરકમાં ખવારીઝમી શુકૂકમાં અને સૈયદ ઇબ્ને

તાઉસ કહે છે કે ઝોબાલામાં કરી હતી. જાહેર આ છે કે ફરઝદકે આપ(અલ.)ની મુલાકાત સફાહમાં કરી હતી.

કાફલો કરબલા તરફ આગળ વધતો રહ્યો. અહીં સુધી કે 'સફાહ' પહોંચ્યો. ત્યાં ફરઝદક શાએર ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત માટે આગળ વધ્યો અને કહ્યું આપ અલ્લાહથી જે પણ માંગશો તે આપને આપશે. ઇમામ હુસૈન(અલ.)એ તેની તરફ મોઢું ફેરવ્યું અને ફરમાવ્યું: મારી સાથે ઇરાકીઓ વિશે વાત કરો. ફરઝદકે કહ્યું: આપે જાણવાવાળાથી પુછ્યું છે. લોકોના દિલ આપની સાથે અને તેમની તલવારો બની ઉમય્યાની સાથે છે અને ફેંસલો આસમાનોમાં થાય છે અને જે અલ્લાહ ચાહે છે તે જ થાય છે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમારી વાત બરાબર છે. બધા જ કામો અલ્લાહના

ઇખ્તિયારમાં છે. દરરોજ તેની અલગ શાન હોય છે. જો અલ્લાહનો ફેંસલો અમારી ઇચ્છાઓ પ્રમાણે હશે તો અમે તેની નેઅમતોનો શુક્ર અદા કરીશું અને જો કઝા (મોત) અમારી અને અમારી આરઝુઓની વચ્ચે જુદાઈ નાખી દેશે તો પણ અમે તેનો શુક્ર અદા કરવાની તૌફીક માંગીશું. જે વ્યક્તિ નિખાલસતાથી અમલ અંજામ આપે છે અને તેના અમલનો શ્રોત અલ્લાહનો તકવા છે તે અલ્લાહના નજીક ભુલાવવામાં નથી આવતા. (તારીખુલ ખલીફા ઇબ્નુલ ખૈત પેજ-૨૩૧, તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૧૪૦, અલ-ઇકદુલ ફરીદ ભાગ-૪ પેજ-૧૭૧)

(૪) વાદિયે અકીક : ૧૨ ઝિલ્હજ્જ, શનીવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) વાદિયે અકીક પર પહોંચ્યા.અકીક અન્ય જગ્યાઓને પણ કહે છે પરંતુ આ વાદિયે અકીકથી મતલબ તે છે જ્યાં ઇમામ

હુસૈન(અલ.)એ કિયામ કર્યો હતો. તે મંઝિલ જેને વાદિયે મુબારક કહે છે મક્કાથી નજીક છે.તેનો અમુક ભાગ ઝાતે ઇરાક છે જે ઇરાકવાસીઓની મીકાત છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૩૯)

આ જ મંઝિલ પર અબ્દુલ્લાહ બિન જઅફરે તૈયારના દીકરાઓ ઔન અને મોહંમદ પોતાના વાલિદનો પત્ર લઈને ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. પત્રમાં આ દરખાસ્ત કરવામાં આવી હતી કે આપ કુફા જવાનો ઇરાદો મુલતવી કરી દો અને પાછા મક્કા આવી જાઓ. આ પત્ર લખીને અબ્દુલ્લાહ બિન જઅફર અમ્ર બિન સઈદ 'મક્કાના હાકેમ' પાસે ગયા અને ઇમામ હુસૈન(અલ.) માટે અમાન પ્રાપ્ત કરી અને આ અમાનનામું એક પત્રની સાથે અમ્ર બિન સઈદના ભાઈના હાથે ઇમામ હુસૈન(અલ.)ની પાસે રવાના કર્યું. અબ્દુલ્લાહ પોતે પણ આવ્યા અને ઝાતે

ઇરકમાં આપ(અલ.)થી મુલાકાત કરી અને આપની સામે અમાનનામું વાંચ્યું.

ઇમામ હુસૈન(અલ.)એ મક્કા પાછા ફરવાનો ઇન્કાર કર્યો અને ફરમાવ્યું : મેં રસૂલ(સલ.)ને ખ્વાબમાં જોયા છે તેમણે મને હુકમ આપ્યો છે કે હું પોતાનો સફર શરૂ રાખું અને હું કામને જરૂર અંજામ આપીશ જેનો મને રસુલ(સલ.)એ હુકમ આપ્યો છે. ઇમામ હુસૈન(અલ.)એ અમ્ર બિન સઈદના પત્રનો જવાબ લખ્યો. અબ્દુલ્લાહ બિન જઅફર, યહ્યા બિન સઈદની સાથે પાછા ફર્યા, જ્યારે અબ્દુલ્લાહના બંને દીકરા ઇમામ હુસૈન(અલ.)ની પાસે જ રહ્યા. તેમણે પોતાના બંને દીકરાઓને તાકીદ કરી હતી કે દરેક જગ્યાએ ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહો પણ પોતે માફી ચાહી અને પાછા ફર્યા. (અબસારૂલ અયન પેજ-૩૯, અલ-ઇમામુલ હુસૈન(અલ.) વ અસ્હાબોહુ પેજ-૬૪)

(૫) વાદિયે સફરા : વાદિયે સફરા મદીનાની આસપાસમાં છે. અહિયાં ખેતી અને ખજૂર થાય છે. રસુલ(સલ.) અહિયાંથી ફકત એક વખત પસાર થયા છે. સફરાની પાસે નાના નાના પહાડો છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૩ પેજ-૪૧૨)

આ મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.) ૧૩ ઝિલ્હજ્જ, રવિવારના દિવસે પહોંચ્યા હતા. હદાઇકુલ વરદીયામાં બયાન થયું છે કે વાદિયે સફરાનું પાણી યન્બુઅ તરફ વહે છે. આ વાદી જહનિયા, અન્સાર, બની ફહર અને હિંદ ખાનદાનની છે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૫૯)

મુજમ્મઅ બિન ઝિયાદ અને ઇબાદ બિન મુહાજિર જહનિયાની મંઝિલમાં મદીનાની આસપાસ હતા અને જ્યારે ઇમામ હુસૈન(અલ.) મક્કાથી રવાના થઈને આ મંઝિલ પર પહોંચ્યા તો

મુજમ્મઅ અને ઇબાદે આ જ મકામ પર ઇમામ હુસૈન(અલ.)સાથે મુલાકાત કરી અને આપના સફરના સાથી બની ગયા અને કરબલા પહોંચીને શહાદતનો દરજ્જો પામ્યો. (અબસારૂલ ઐન પેજ-૧૧૫)

(૬) ઝાતે ઇરક : ઝાતે ઇરક એક મંઝિલ છે જ્યાંથી ઇરાકના હાજીઓ એહરામ બાંધે છે. તહામા અને નજદની સીમા છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૯૩૨)

૧૪ ઝિલ્હજ્જ, સોમવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) ઝાતે ઇરક પહોંચ્યા અને બિશર બિન ગાલિબ જે અસદ કબીલાથી હતો તેની મુલાકાત કરી અને કુફાવાળાઓની માહિતી મેળવી. તેણે જવાબ આપ્યો: તેમના દિલ આપની સાથે છે અને તલવારો બની ઉભય્યા સાથે છે.

આપ(અલ.)એ ફરમાવ્યું : તમે સાચું કહો છો. (અબસારૂલ ઐન પેજ-૧૧૫)

રયાશીએ આ હદીસ વર્ણન કરી છે : મેં હજ કરી પોતાના સાથીઓથી અલગ થઈ ગયો અને એકલો પોતાનો સફર શરૂ રાખ્યો. રસ્તામાં મને અમુક તંબુ દેખાયા, હું તેની તરફ ચાલ્યો. નજીક પહોંચીને પુછ્યું : આ કોના તંબુ છે? તેમણે બતાવ્યું ઇમામ હુસૈન(અલ.)ના તંબુ છે. મેં કહ્યું : અલી(અલ.) અને ફાતેમા(સલા.)ના દીકરાના ? કહ્યું: હાં, મેં કહ્યું : આપનો તંબુ ક્યાં છે ? કાફલાવાળાઓએ ઇશારાથી બતાવ્યું અને આપના તંબુ તરફ રવાના થઈ ગયો. મેં જોયું કે ઇમામ હુસૈન(અલ.) તંબુના દરવાજાથી ટેક લગાવી બેઠા છે અને એક લખાણ વાંચી રહ્યા છે. મેં સલામ કરી આપે જવાબ આપ્યો. મેં વિનંતી કરી, ફરઝંદે

રસુલ(સલ.)! મારા મા-બાપ આપ પર કુરબાન, આ સુકી જમીન પર ઉતરવાનું કારણ શું છે?

ફરમાવ્યું : હું બની ઉમય્યાના ડરથી અહિયાં ઉતર્યો છું અને આ કુફાવાળાઓના પત્રો છે. પરંતુ જે લોકોએ આ પત્ર લખ્યા છે તે જ મને કતલ કરશે અને આ ગુનાહ કર્યા પછી તેઓ અલ્લાહના અઝાબથી બેપરવા થઈને દરેક હરામ અને ખરાબ કૃત્ય કરશે. તે વખતે અલ્લાહ એક વ્યક્તિને તેમની તરફ મોકલશે. જે તેમને તલવારથી કચડી નાખશે અને એટલી હદે કચડશે કે આ લોકો 'કોમે અમહ' (એટલે કોમે સબા)થી પણ વધારે ઝલીલ થઈ જશે. (અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૮૩)

(૭) હાજિર મિન બતનિરૈમ્મા : બત્નુરૈમ્મા તે મંઝિલ છે જ્યાં કુફા અને બસરાના લોકો એક સાથે પહોંચે

છે અને ત્યાંથી મદીના તરફ રવાના થાય છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૬૩૪)

૧૫ ઝિલ્હજ્જ, મંગળવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) હાજિર બત્નુર્રમ્મા પહોંચ્યા. (અલ-ઇમામુલ હુસૈન(અલ.) વ અસ્હાબોહુ પેજ-૧૬૧)

આ મંઝિલથી ઇમામ હુસૈન(અલ.)એ કૈસ બિન મુસહ્હર સયદાવી, અમુકે કહ્યું છે કે પોતાના દુધશરીક ભાઈ અબ્દુલ્લાહ બિન યકતરને કુફાવાળાઓ પાસે મોકલ્યા. આથી જાહેર થાય છે કે તે સમયે આપને મુસ્લિમ બિન અકીલની શહાદતની ખબર ન મળી હતી. જે પત્ર આપે કુફીઓને લખ્યો હતો તેનો વિષય આ હતો.

بِسۡمِاللّٰهِالرَّحۡمٰنِالرَّحِيمِ

આ પત્ર હુસૈન ઇબ્ને અલી(અલ.) તરફથી મોમેનીન અને મુસ્લેમીનના નામે છે.

સલામુન અલયકુમ,

એક અલ્લાહની હમ્દ પછી જાણ થાય કે મારી પાસે મુસ્લિમ બિન અકીલનો પત્ર પહોંચ્યો છે. તેમણે મને તમારા બુઝુર્ગો અને પ્રતિષ્ઠિત લોકોના અમારી મદદ કરવા અને અમારો હક અપાવવાનો વાયદો કર્યો છે. અલ્લાહની બારગાહમાં દુઆ છે કે અમારી ઉપર એહસાન કરે અને તમને મોટો બદલો આપે.

હું ૮ ઝિલ્હજ્જ, મંગળવારના દિવસે 'તરવિયાના દિવસે' મક્કાથી રવાના થઈ ચુકયો છું. મારો એલચી પહોંચતા જ તમે તમારી કાર્યવાહી ઝડપી કરી નાખશો અને જરૂરી ચીજો તૈયાર કરશો. ઇન્શાઅલ્લાહ હું જલ્દી પહોંચી રહ્યો છું.

વસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહ

(અલ-બિદાયા વન્નિહાયા ભાગ-૮ પેજ-૧૮૧)

કૈસ બિન મુસહ્હરે સૈદાવીની ઘટના

કૈસ બિન મુસહ્હર બિન ખાલિદ શરીફ બહાદુર અને અહલેબયત(અલ.)ના મુખલિસ શીઆઓમાંથી એક હતા. ઇતિહાસકારો વચ્ચે આ વિષયમાં મતભેદ છે કે ઇમામ હુસૈન(અલ.)એ કૈસ બિન મુસહ્હરને કઈ જગ્યાએથી કુફા માટે રવાના કર્યા હતા. વધુ પડતું ઇતિહાસમાં આ મળે છે કે બતનુરૈમ્માથી કૈસ બિન મુસહ્હરને કુફા મોકલ્યા હતા. પરંતુ બિહારૂલ અનવાર ભાગ-૩૪ પેજ-૩૮૧ના લખાણથી એવું લાગે છે કે ઇમામ હુસૈન(અલ.)એ કરબલા પહોંચ્યા પછી કૈસને કુફા મોકલ્યા હતા.

ઇમામ હુસૈન(અલ.)એ પત્ર કૈસ બિન મુસહ્હર સયદાવી જેવા બહાદુરને સુપુર્દ કર્યો. તેમણે પત્ર લીધો અને ઝડપથી કાદસિયા પહોંચ્યા.

ઇબ્ને ઝિયાદના નિયુક્ત કરેલા તે લોકોએ જેઓ ઇરાકમાં દાખલ થનારા અને ત્યાંથી નીકળનારા લોકોની તપાસ કરતા હતા. કૈસની પૂછપરછ માટે રોક્યા. કૈસે એટલા માટે પત્રને ફાડી નાખ્યો કે તેના વિષયથી તે લોકો વાકેફ ન થાય. ઇબ્ને ઝિયાદના સિપાહીઓએ કૈસ બિન મુસહ્હર અને પત્રના ટુકડાઓને ઉબૈદુલ્લાહની પાસે લઈ ગયા.

ઉબૈદુલ્લાહે તેમને પુછ્યું તમે કોણ છો ? તેમણે જવાબ આપ્યો : હું અમીરૂલ મોઅમેનીન હુસૈન ઇબ્ને અલી(અલ.)ના શીઆઓમાંથી છું. ઉબૈદુલ્લાહે કહ્યું : જે પત્ર તમારી પાસે હતો તમે તેને કેમ ફાડી નાખ્યો ? કૈસે જવાબ આપ્યો : એટલા માટે કે તુ તેના વિષયથી વાકેફ ન થાય. ઉબૈદુલ્લાહે કહ્યું : પત્ર કોણે મોકલ્યો હતો અને કોની પાસે જઈ રહ્યા હતા? કૈસે કહ્યું : ઇમામ

હુસૈન(અલ.)એ કુફાની એક જમાતના નામે લખ્યો હતો. હું તેમના નામો નથી જાણતો.

ઉબૈદુલ્લાહ ગુસ્સાથી ભરાઈ ગયો અને બૂમ પાડી: અલ્લાહની કસમ! હું તમને ત્યાં સુધી નહીં છોડીશ જ્યાં સુધી તમે તે લોકોના નામો નહીં બતાવો જેમના નામે ઇમામ હુસૈન(અલ.)એ પત્ર લખ્યો હતો અથવા મિમ્બર પર જઈને હુસૈન(અલ.) તેમના વાલિદ અને તેમના ભાઈને બુરૂંભલું કહો. તમારા છુટકારાનો બસ એક જ રસ્તો છે નહીં તો તલવારથી કચડી નાખીશ.

કૈસે જવાબ આપ્યો : હું આ જમાતને નથી ઓળખતો, હાં, હું તમારી બીજી વાત કબુલ કરૂ છું.

ઉબૈદુલ્લાહે આ વિચારીને કે તે મોતથી ડરી ગયા, કૈસની વાત માની લીધી અને હુકમ આપ્યો કે શહેરવાળાઓ શહેરની જામેઅ મસ્જિદમાં ભેગા થાય, જેથી ઇમામ હુસૈન(અલ.)ના એલચીની

જબાનથી બની ઉમય્યાના વખાણ સાંભળે. કૈસ મિમ્બર પર ગયા અને અલ્લાહની હમ્દ, તારીફ અને મોહંમદ(સલ.), અલી(અલ.) અને તેમની સંતાન પર દુરૂદો સલામ મોકલ્યા પછી ઉબૈદુલ્લાહ, તેનો બાપ અને હુકુમતના દરેક નાના, મોટા ચેલાઓ પર લઅનત મોકલીને ઉંચા અવાજે કહ્યું : અય લોકો! હુસૈન ઇબ્ને અલી(અલ.) સૌથી અફઝલ અને શ્રેષ્ઠ છે. તેઓ ફાતેમા બિન્તે રસૂલ(સલ.)ના દીકરા છે. તેમણે મને પ્રતિનિધિ બનાવીને તમારી તરફ મોકલ્યો છે. હું રસ્તા દરમિયાન એક મંઝિલથી તેમનાથી અલગ થઈને તમારી પાસે આવ્યો છું. જેથી તેમનો પૈગામ તમારા સુધી પહોંચાડી દઉં. તેમની અવાજ પર લબ્બૈક કહો.

ઇબ્ને ઝિયાદના નિયુક્ત કરેલા વ્યક્તિઓ આ પરિસ્થિતિ જોઈ રહ્યા હતા. તેમણે ઉબૈદુલ્લાહને સ્થિતિથી વાકેફ કર્યો. જ્યારે તેણે સંપુર્ણ રીતે

પોતાની યોજના નિષ્ફળ થતા જોઈ તો તે ગુસ્સાથી ભરાઈ ઉઠ્યો અને બૂમ પાડીને કહ્યું: તેને દારૂલ અમારાની છત પર લઈ જઈને નીચે ફેંકી દો. તેના સિપાહીઓએ આવું જ કર્યું અને તેમને શહીદ કરીને તેમના હાડકા તોડી નાખ્યા.

ઇમામ હુસૈન(અલ.)ને જ્યારે કૈસની શહાદતની ખબર મળી તો ખૂબ જ ગમગીન થયા અને રડતા ફરમાવ્યું: અય અલ્લાહ! અમારા અને અમારા શીઆઓ માટે પોતાના નજીક ઉચ્ચ દરજ્જો આપ, અમને અને અમારા શીઆઓને પોતાની રેહમતમાં જગ્યા આપ. બેશક તુ દરેક ચીજ પર કુદરત ધરાવે છે. (અલ કુતૂહ ભાગ-૫ પેજ-૧૪૭)

(૮) ફીદ : ૧૬ ઝિલ્હજ્જ, બુધવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) 'ફીદ' મંઝિલ પર પહોંચ્યા. આ મંઝિલ મક્કા અને કુફા દરમિયાન એક ગામ છે. અહિયાંથી બંને શહેરોનું અંતર સરખું છે. ફીદમાં એક કિલ્લો છે

જેના ચારેય તરફ ઘેરાવ છે. આ મંઝિલ પર હાજી લોકો પોતાની જરૂરતથી વધારેનો સામાન રાખતા હતા અને મક્કાથી પાછા ફરતા લઈ લેતા હતા. ફીદવાળાઓ આખુ વરસ હાજીઓની સવારીઓ માટે ઘાસચારો ભેગું કરતા હતા અને હજના જમાનામાં વેચતા હતા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૬૨)

(૯) **અજફર** : અજફર જફરનું બહુવચન છે અને કુવાનું નામ છે. આ મંઝિલ ફીદ અને ખુઝયમાની વચ્ચે આવે છે. ઝમખશરી કહે છે કે અજફરમાં બની યરબૂઅનો એક કુવો છે જે બની ખુઝયમાએ બની યરબુઅથી લીધો છે.

૧૭ ઝિલ્હજ્જ, ગુરૂવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા. (અલ ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૬૩)

અહિયાં અબ્દુલ્લાહ બિન મુતીઅની મુલાકાત થઈ. તે ઇમામ હુસૈન(અલ.)થી પહેલાં આ મંઝિલ પર પહોંચી ગયા હતા. આપને જોયા તો નજીક આવ્યા અને કહ્યું : ફરઝંદે રસુલ(સલ.) મારા મા-બાપ આપ પર કુરબાન થઈ જાય. શું કારણથી આપ અહિયાં આવ્યા છો?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મઆવિયાના મૃત્યુ પછી લોકોએ મને પત્ર લખીને બોલાવ્યો છે. અબ્દુલ્લાહ બિન મુતીએ આપને કહ્યું : ફરઝંદે રસુલ આપને અલ્લાહની કસમ આ વસ્તુથી હાથ ઉઠાવી લો. જેથી ઇસ્લામની મહાનતા સુરક્ષિત રહે. આપને અલ્લાહની કસમ આપીને કહું છું કે કુરૈશ અને અરબની મહાનતા અને હુરમતને પાયમાલ ન થવા દો. ખુદાની કસમ! જો આપ બની ઉમય્યાથી હુકુમત માંગશો તો તે આપને કતલ કરી નાખશે અને આપના પછી તેમને કોઈ પરવા નથી.

ખુદાની કસમ આ ઇસ્લામ અને અરબનું કતલ હશે. આવું ન કરો, કુફા ન જાઓ અને બની ઉમય્યાના જાળમાં ન ફસાવો. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ તેની વાતની પરવા ન કરી.

ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૧૭૧, પરંતુ અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે અબ્દુલ્લાહ બિન મુતીએ મદીનાથી મક્કા તરફ રવાનગી વખતે ઇમામની મુલાકાત કરી હતી.

(૧૦) ખુઝયમીયા : ખુઝયમીયા હાજીઓની મંઝિલોમાંથી એક મંઝિલ છે જે સઅલબીયા પછી આવે છે. આ ખુઝયમા બિન ખાઝિમથી સંબંધિત છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૪૬૬)

૧૮ ઝિલ્હજ્જ, જુમ્આના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા અને એક દિવસ અને રાત અહીં રોકાયા. સવારે જનાબે ઝયનબ(સલા.) આપની પાસે આવ્યા અને કહ્યું :

ભાઈ શું હું આપને તે વાત બતાવું જે મેં ગઈ રાતના સાંભળી છે? ફરમાવ્યું : હું અડધી રાતના તંબુથી બહાર નીકળી તો મેં એક ગયબી અવાજને કહેતા સાંભળ્યું:

أَلَا يَا عَيْنُ فَاحْتَفِلِي بِجَهْدٍ وَمَنْ يَبْكِي عَلَى الشُّهَدَاءِ

عَلَى قَوْمٍ تَسُوقُهُمُ الْمَنَايَا بِمِقْدَارٍ إِلَى إِنْجَازِ وَعْدِهِ

‘અય આંખ આંસુ વહાવવાની કોશીષ કર, મારા પછી આ શહીદો પર કોણ રડશે. જે લોકોને મોત લઈ જઈ રહી છે. જાણે કે અલ્લાહે નક્કી કરી લીધું છે જેથી તેનો વાયદો પુરો થઈ જાય.'

ઇબ્ને કવલિયાએ બાબે નૌહા ઇમામ હુસૈન(અલ.)માં ઉમ્મે સલમાથી વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ હસન(અલ.) શહીદ કરવામાં આવ્યા હતા તો તે સમયે આ શેઅર ફરિશ્તાઓથી

સાંભળવામાં આવ્યા હતા. (કામેલુઝ ઝિયારાત પેજ-૯૩)

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : બહેન જે અલ્લાહે મુકદ્દર કર્યું છે તે થઈને રહેશે. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૭૨)

(૧૧) શુફૂક : શુફૂક તે વ્યક્તિ માટે મંઝિલ છે જે કુફાથી મક્કા જાય છે. આ વાકેસા પછી આવે છે. મોઅજમુલ બુલદાન ભાગ-૩ પેજ-૩૫૬

૨૦ ઝિલ્હજ્જ, રવિવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા. કારણ કે ખુઝયમીયા મંઝિલ પર પણ આપ એક રાત અને દિવસ રોકાયા હતા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૬૫)

આ મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.)એ જોયું કે એક માણસ કુફા તરફથી આવી રહ્યો છે. આપે તેને કુફાવાળાઓ વિશે સવાલ કર્યો, તેણે ત્યાંની

સ્થિતિ વર્ણન કરી. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મામલો અલ્લાહના હાથમાં છે તે જ થશે જે તેને મંજુર છે. અમારા પરવરદિગારની દરરોજ નવી શાન છે. જો અમારા પર અલ્લાહની કઝા નાઝિલ થશે તો અમે તેની નેઅમતોનો શુક્ર અદા કરીશું અને તેના શુક્રની અદાએગી માટે તેની મદદ માંગીશું અને જો અલ્લાહની કઝા અમારા અને અમારી આરઝુઓ દરમિયાન પડદો હશે તો જેની નિય્યત શુદ્ધ છે અને સત્યને પકડ્યું છે તેની રહમતથી દૂર નહીં થાય ત્યાર પછી આ શેઅર પઢ્યા :

فَإِنْتَكُنِالدُّنْيَاتُعَدُّنَفِيْسَةٌ

فَدَارُثوابِاللّٰهِاَعْلِيوَأَنْبَلُ

وَإِنْتَكُنِالْاَمْوَالُلِلتَّرْكِجَمْعُهَا

فَمَابَالُمَتْرُوْكِبِهَاالْحُرُّيَبْخَلُ

وَاِنْتَكُنِالْاَرْزَاقُقَسْماًمُقَدَّراً

فَقِلَّةُحِرْصِالْمَرْءِفِيالْكَسْبِاَجْمَلُ

وَاِنْتَكُنِالْاَبْدَانُلِلْمَوْتِاُنْشِئَتْ

فَقَتْلُامْرِيءِبِالسَّيْفِفِياللّٰهِاَفْضَلُ

عَلَيْكُمْسَلَامُاللّٰهِآلَاَحْمَدَ

فَاِنِّيَارَانِيعَنْكُمْسَوْفَاَرْحَلُ

‘જો દુનિયા મૂલ્યવાન અને કિંમતી છે તો અલ્લાહનો બદલો (જન્નત) તેનાથી વધારે કિંમતી છે. જો માલ ભેગું કરવાનું પરિણામ તેને દુનિયામાં જ છોડી જવું છે તો પછી જુવાન અને આઝાદ તેને ખર્ચ કરવામાં કેમ કંજુસી કરે છે ? જો લોકોનું રિઝ્ક મુકદ્દર થઈ ચુકયું છે તો પછી બેહતરીન ચીજ આ છે કે રોઝી કમાવવામાં

લાલચ ન કરવી જોઇએ. જો શરીર મૃત્યુ માટે પૈદા થયું છે તો આદમીનું અલ્લાહની રાહમાં તલવારથી કતલ થઇ જવું અફઝલ છે. સલામ થાય તમારા પર અય અહમદના ખાનદાનવાળાઓ! હું નજીકમાં જ તમારી પાસે પહોંચી જઈશ.' (મનાકિબ ઇબ્ને શહર આશોબ ભાગ-૪ પેજ-૯૧, અલ-મલહૂફ પેજ-૩૨)

તારીખે અઅસમ કુફીમાં વર્ણન છે કે આ મંઝિલ પર ફરઝદકે ઇમામ હુસૈન(અલ.)થી મુલાકાત કરી હતી. આ પહેલા અમે લખી ચુકયા છીએ કે ફરઝદકે મંઝિલે સફાહ પર ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત કરી હતી. પરંતુ સૈયદ ઇબ્ને તાઉસ લખે છે કે : ઉપરોક્ત શેઅર આપે ફરઝદકના સવાલના જવાબમાં પઢ્યા હતા. ફરઝદકે કહ્યું : આપ કુફા શા માટે જઈ રહ્યા છો ? ત્યાંના લોકો પર કેમ ભરોસો કરી લીધો છે જ્યારે કે તેઓએ આપના પિતરાઈ ભાઈ મુસ્લિમ બિન અકીલ(અલ.)ને શહીદ કર્યા છે ?

ઇમામ હુસૈન(અલ.)એ રડીને કહ્યું : ખુદા મુસ્લિમ પર રહેમ કરે, મુસ્લિમ અલ્લાહની જન્નત અને રહમતમાં પહોંચી ગયા. પોતાની જવાબદારી પુરી કરી, જે અમારી જવાબદારી છે તે બાકી છે. ત્યાર પછી છેલ્લા શેઅર સિવાય ઉપરોક્ત શેઅર વર્ણન કર્યા છે.

(૧૨) ઝુરૂદ : ઝુરૂદ સઅલબીયા અને ખુઝયમીયાના દરમિયાન એક જગ્યા છે જે કુફાના હાજીઓના રસ્તામાં આવે છે. ખુઝયમીયાથી એક માઇલના અંતર પર છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૩૨૭) અને મરાસિદુલ ઇત્તેલાઅમાં આવ્યું છે કે ઝુરૂદ મક્કાના રસ્તામાં રમ્લ પછી એક જગ્યા છે. અહીં કસ્રે અસગર છે. શાયદ તેને કસ્રે ઝુરૂદ પણ કહે છે. તેમાં કુવા પણ છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૪૨ પેજ-૬૬૪)

૨૧ ઝિલ્હજ્જ, સોમવારના દિવસે ઇમામ હુસૈન(અલ.)નો કાફલો ઝુરૂદ પર પહોંચ્યો અને ત્યાં થોડોક સમય રોકાયા.

ઝુહૈર બિન કૈન સાથે મુલાકાત

ઇમામ હુસૈન(અલ.)ના ખયમાથી થોડાક અંતર પર ઝુહૈર બિન કૈન બજલીનો ખયમો હતો. તેઓ ઉસ્માની ગણાતા હતા. તે વર્ષે હજ કરીને કુફા પાછા ફરી રહ્યા હતા. બની ફઝાર અને યુહયલા કબીલાના અમુક લોકોએ વર્ણન કર્યું છે કે જ્યારે અમે મક્કાથી ઝુહૈર બિન કૈનની સાથે પાછા ફરી રહ્યા હતા રસ્તા દરમિયાન અમે અમુક રસ્તો ઇમામ હુસૈન(અલ.) અને તેમના સાથીઓ સાથે પસાર કર્યો. જ્યારે ઇમામ હુસૈન(અલ.) એક જગ્યા પર કિયામ કરતા તો અમે બીજી જગ્યાએ તંબુ લગાવતા હતા. પરંતુ અમુક મંઝિલો પર જ્યાં ઇમામ હુસૈન(અલ.)નો કાફલો ઉતર્યો હતો. અમારે પણ મજબુરીમાં ત્યાં જ ઉતરવું પડ્યું. અમે ઝુરૂદ મંઝિલ પર ઝુહૈર બિન કૈન સાથે બેસીને જમી રહ્યા

હતા કે અચાનક અમારી પાસે ઇમામ હુસૈન(અલ.)નો એલચી આવ્યો અને સલામ પછી કહેવા લાગ્યો : અય ઝુહૈર બિન કૈન ! મને અબુ અબ્દિલ્લાહિલ હુસૈન(અલ.)એ આપની પાસે મોકલ્યા છે અને આપને મુલાકાત માટે બોલાવ્યા છે.

અમે બધા જમવાનું ભુલી ગયા અને એક સન્નાટો છવાઈ ગયો. ઝુહૈરની પત્ની દયલમ બિન્તે અમ્રે કહ્યું : સુબ્હાનલ્લાહ! ફરઝંદે રસુલે તમને એલચી મોકલીને બોલાવ્યા છે અને તમે જવા માટે સંકોચ કરી રહ્યા છો? જો તેમની પાસે ચાલ્યા જશો અને તેમની વાત સાંભળી લેશો તો શું થઈ જશે?

ઝુહૈર પોતાની જગ્યાથી ઉભા થયા અને ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા અને થોડીક વાર પછી ખુશખુશાલ પાછા ફર્યા અને કહ્યું : અહીંથી ખયમા ઉઠાવીને અને સાધન સામગ્રી

સમેટીને ઇમામ હુસૈન(અલ.)ના ખયમાની પાસે પડાવ નાખવામાં આવે.

ત્યાર પછી પોતાની પત્નીને કહ્યું : મારા તરફથી તમને તલાક છે. મને આ પસંદ નથી કે મારા તરફથી તમને કોઈ તકલીફ પહોંચે, મેં આજથી આ ઇરાદો કરી લીધો છે કે ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહું અને આપ પર મારી જાન કુરબાન કરી દઈશ. ત્યાર પછી અમુક અનાજ અને માલ પોતાની પત્નીના સિપુર્દ કર્યું અને તેમને તેમના કાકાના દિકરાઓ સાથે કરી દીધા જેથી પોતાની મંઝિલ સુધી પહોંચી જાય. ઝુહૈરની પત્ની ઉભા થયા અને રડતા રડતા પતિને વિદાય કર્યા અને કહ્યું : અલ્લાહ આપનો રક્ષણહાર અને મદદગાર છે. અલ્લાહ કરે આ સફર આપને અનુકુળ આવે. કયામતના દિવસે ઇમામ હુસૈન(અલ.)ના

નાનાની ખિદમતમાં મારા આ ઈસાર (ત્યાગ)નો ઝિક્ર કરશો. (અલ-મલહૂફ પેજ-૩૦)

ઝુહૈરે પત્નીને વિદાય કર્યા પછી પોતાના સાથીઓને કહ્યું : તમારામાંથી જે મારી સાથે આવવા માંગે છે તે આવી જાય, નહીં તો મારી આ તમારી સાથે છેલ્લી મુલાકાત છે. ત્યાર પછી તેમણે પોતાના સાથીઓ સામે એક હદીસ બયાન કરી કે અમે "બલન્જર"માં જંગ કરી (બલન્જર દરીયાએ ખિજરની બાજુનું એક શહેર છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પેજ-૨૨૦) અને અલ્લાહે અમને કામયાબી આપી અને માલે ગનીમત પણ મળ્યો. સલમાન બાહલીએ (બીજી રિવાયતમાં સલમાન ફારસી આવ્યું છે.) (સલમાન બિન રબીઆ બાહલી રસુલ સલ.ના સહાબી હતા. શુરૈહ કાજી પહેલા તેમને ઉમર બિન ખત્તાબે કુફાનો કાજી નિયુક્ત કર્યા હતા. ચાલીસ દિવસ કુફામાં રહ્યા. પરંતુ ફેંસલા માટે

કોઈ પણ તેમની પાસે ન આવ્યું. તેમને જ સલમાન અલ-ખલીલ પણ કહે છે. બલંજરની લડાઈમાં લશ્કરના સરદાર હતા. હિજરી સન ૩૮ માં આરમીનીયાના કોઈ શહેરમાં માર્યા ગયા. - અલ-ઇસ્તીઆબ ભગ-૨ પેજ-૬૩૨) અમને કહ્યું: શું તમે આ કામયાબી અને માલે ગનીમત પ્રાપ્ત કરીને ખુશ થઈ ગયા? અમે કહ્યું : બિલકુલ! તેમણે કહ્યું: સૈયદે શબાબે આલે મોહંમદની ખિદમતમાં હાજર થવા અને તેમની સાથે જંગ કરવા, તેમની મદદ કરવા પર અને આ વિષયમાં તમને જે ગનીમત મળશે, તેના પર આથી વધારે ખુશ થશો. હવે હું તમને અલ્લાહના સિપુર્દ કરૂં છું.

ઇબ્રાહીમ બિન સઈદ હજના સફરમાં ઝુહૈરની સાથે હતા. તેમણે રિવાયત કરી છે કે ઝુહૈર ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યા તો આપે ફરમાવ્યું : મને કરબલામાં શહીદ કરવામાં

આવશે અને ઇનામ પ્રાપ્ત કરવાની ઉમ્મીદમાં હુર બિન કૈસ મારૂં સર યઝીદની પાસે લઈ જશે પણ યઝીદ તેને કંઈ પણ નહીં આપે. (ઇસ્બાતુલ હુદાત ભાગ-૨ પેજ-૫૮૮, દલાઇલુલ ઇમામહ પેજ-૭૪)

(૧૩) સઅલબિયા : સઅલબિયા એક જગ્યા છે જે મક્કા જવાવાળાઓના રસ્તામાં શુકૂક મંઝિલ પછી આવે છે. અહિયાં બની અસદના સઅલબા નામના વ્યક્તિએ પાણી કાઢ્યું હતું. એટલા માટે તેને સઅલબા કહે છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૧ પેજ-૨૯૬)

૨૨ ઝિલ્હજ્જ, મંગળવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) સઅલબિયા પહોંચ્યા. (અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ ભાગ-૧ પેજ-૧૬૬)

અબ્દુલ્લાહ બિન સુલૈમાન અને મુન્ઝિર બિન મશમઇલ અસદીએ રિવાયત કરી છે કે અમારો ઇરાદો આ હતો કે જ્યારે અમે હજની

ઇબાદતો પૂર્ણ કરી લઈશું તો રસ્તામાં ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચી જઈશું અને આપથી સ્થિતિ જાણી લઈશું. જેથી અમે ઝડપથી રસ્તો પસાર કરવા લાગ્યા અને મંઝિલે ઝુરૂદ પર પહોંચી ગયા. હજુ સામાન ઉતાર્યો જ હતો કે અચાનક રસ્તાની ધૂળ, વંટોળમાંથી કુફાનો એક વ્યક્તિ નીકળ્યો અને જ્યારે તેણે ઇમામ હુસૈન(અલ.)ને જોયા તો તે અસલી રસ્તાથી એક તરફ હટી ગયો. ઇમામ હુસૈન(અલ.)એ થોડુંક રોકાણ કર્યું જાણે આપ તેનાથી મુલાકાત કરવા માંગતા હતા પરંતુ ન થઈ શકી. આપે પણ પોતાનો સફર શરૂ રાખ્યો, અમે એકબીજાને કહેવા લાગ્યા : આ વ્યક્તિ પાસે જવું જોઇએ અને કુફાની સ્થિતિ માલુમ કરવી જોઇએ. જેથી અમે તેની પાસે જઈને સલામ કરી.

તેણે કહ્યું : વ અલયકુમુસ્સલામ.

અમે પુછ્યું : આપનો સંબંધ કયા ખાનદાનથી છે ?

તેણે કહ્યું : અસદી છું.

અમે કહ્યું : અમે પણ અસદી છીએ. આપનું નામ ?

તેણે કહ્યું : બિકર બિન ખલાં (અમુકે આ વ્યક્તિનું નામ બુકૈર બિન શોઅબા વર્ણન કર્યું છે. - અલ-ઇમામુલ હુસૈન વ અસ્હાબોહુ ભાગ-૧ પેજ-૧૬૭)

અમે પણ પોતાનું નામ વંશ બયાન કર્યું અને પુછ્યું : કુફાની શું ખબર છે ?

તેણે કહ્યું : જ્યારે હું કુફાથી ચાલ્યો હતો તે સમયે ઇમામ હુસૈન(અલ.)ના સફીર(એલચી) મુસ્લિમ બિન અકીલ(અલ.) અને હાની બિન ઉરવહને કતલ કરી દેવામાં આવ્યા હતા. મેં પોતે

જોયું કે તેમની લાશને બજારમાં ઘસેટીને લઈ જઈ રહ્યા છે.

પછી અમે તેની સાથે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યા અને આપ(અલ.)ની સાથે થઈ ગયા. અહીં સુધી કે રાતના સમયે ઇમામ હુસૈન(અલ.) સઅલબિયા મંઝિલ પર ઉતર્યા. અમે આપ(અલ.)ની ખિદમતમાં આવ્યા. સલામ કરી, આપે અમારા સલામનો જવાબ આપ્યો. અમે કહ્યું : અલ્લાહ આપ પર રહેમ કરે. અમે એક ખબર બયાન કરવા ચાહીએ છીએ. આપ ચાહો તો જાહેરમાં બયાન કરીએ નહીં તો છુપી રીતે વર્ણન કરીએ.

ઇમામ હુસૈન(અલ.)એ અમારી અને પોતાના સહાબીઓ તરફ જોયું અને ફરમાવ્યું : હું આ ખબરને છૂપી નહીં રાખું. અમે વિનંતી કરી : ગઈ રાતે જે સવાર અમારી તરફ આવી રહ્યો હતો

તેને આપે જોયો હતો. ફરમાવ્યું : હાં, અમે કહ્યું : તે અમારા કબીલા અસદનો માણસ હતો. સમજદાર અને સાચો વ્યક્તિ છે. તે કહી રહ્યો હતો કે મુસ્લિમ બિન અકીલ અને હાની બિન ઉરવહને કતલ કરી દેવામાં આવ્યા છે અને મેં મારી આંખોથી જોયું છે કે તેમના પગોમાં દોરી બાંધીને બજારમાં ઘસીટવામાં આવ્યા છે.

ઇમામ હુસૈન(અલ.)એ કહ્યું : "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલયહે રાજેઊન" અલ્લાહતઆલા બંને પર રહેમ ફરમાવે. ઘણા વખત આ કલેમા પઢતા રહ્યા. ત્યાર પછી અમે કહ્યું : આપને અલ્લાહની કસમ અહીંથી જ પોતાના અહલેબયત(અલ.)ની સાથે પાછા ફરી જાઓ. કુફામાં કોઈ આપનો મદદગાર નથી. ડર છે કે ક્યાંક કુફાવાળાઓ આપના વિરૂદ્ધ ઉભા ન થઈ જાય.

ઇમામ હુસૈન(અલ.)એ અકીલના દીકરાઓ તરફ જોયું અને જણાવ્યું કે મુસ્લિમ(અલ.) માર્યા ગયા છે. હવે તમારો શું મશ્વેરો છે ? તેમણે કહ્યું : અલ્લાહની કસમ! અમે પાછા નહીં ફરીએ, બદલો લઈશું અથવા અમે પણ શહાદતનો દરજ્જો પામીશું.

ઇમામ હુસૈન(અલ.)એ અમારી તરફ મોઢું કરી ફરમાવ્યું : તેમના પછી દુનિયાની જિન્દગીમાં કોઈ ભલાઈ નથી. જ્યારે અમને આ યકીન થઈ ગયું કે આપ(અલ.) જરૂર જશે તો અમે કહ્યું : અમે આપના માટે અલ્લાહથી આફિયત ચાહીએ છીએ.

આપે ફરમાવ્યું : رَحِمَكُمُ‌اللهُ અલ્લાહ તમારા બંને પર રહમ ફરમાવે.

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)ના અન્સાર, સહાબીઓએ કહ્યું : અલ્લાહની કસમ કુફામાં આપની

હેસિયત અને મુસ્લિમની હેસિયતમાં ફર્ક છે. જો આપ કુફા જશો તો લોકો મોહબ્બતથી આપની તરફ આવશે. ઇમામ હુસૈન(અલ.) ચુપ રહ્યા અને કંઈ ન ફરમાવ્યું. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પેજ-૭૩)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને મુસ્લિમ બિન અકીલની શહાદતની ખબર મળી તો જે લોકો દુનિયાના માલ અને મકામની લાલચમાં આપની સાથે જોડાયા હતા તેઓ આપથી અલગ થઈ ગયા. ફકત અહલેબયત(અલ.) અને અમુક સહાબીઓ આપની સાથે રહ્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૭૪)

અમુકે લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)એ મુસ્લિમ બિન અકીલની શહાદતની ખબર સાંભળીને ફરમાવ્યું : અલ્લાહ રહેમ કરે મુસ્લિમ પર કે તેઓ અલ્લાહની રેહમત, જન્નત અને રિઝવાન તરફ

ચાલ્યા ગયા. તેમણે બેહતરીન તરીકાથી પોતાની જવાબદારી અંજામ આપી પરંતુ હજી અમારી જવાબદારી બાકી છે. (અલ-મલહૂફ પેજ-૩૧)

સઅલબિયાની મંઝિલ પર એક વ્યક્તિ ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યો અને આયત :

يَوْمَ نَدْعُوْا كُلَّ اُنَاسٍۭ بِاِمَامِهِمْ

"તે દિવસે દરેક વ્યક્તિને તેમના ઇમામ સાથે બોલાવીશું." (સૂ. બની ઇસરાઈલ-૭૧) વિશે સવાલ કર્યો. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : એટલે કે તે ઇમામ જે સીધા રસ્તા તરફ લોકોની હિદાયત કરે અને લોકો પણ આ દઅવતને કબૂલ કરે છે અને જે રહેબર લોકોને ગુમરાહી તરફ બોલાવે છે અને લોકો પણ તેની દઅવતને કબૂલ કરે છે. પહેલો ગિરોહ જન્નતમાં અને બીજો ગિરોહ જહન્નમમાં જશે. અલ્લાહતઆલા ફરમાવે છે :

فَرِيقٌفِيالْجَنَّةِوَفَرِيقٌفِيالسَّعِيرِ

(સૂ. શૂરા-૭)

એક ગિરોહ જન્નતમાં જશે અને એક ગિરોહ જહન્નમમાં જશે.

(મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૭૯)

આ જ જગ્યા પર એક કુફી ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યો, આપે તેને ફરમાવ્યું : અલ્લાહની કસમ! જો મદીનામાં તારી મુલાકાત થાત તો હું મારા ઘરમાં જિબ્રઈલના અસર દેખાડત, અય કુફી બધાએ અમારાથી ઇલ્મ પ્રાપ્ત કર્યું છે અને અમારા ખાનદાનના ઇલ્મથી સંતૃપ્ત થયા છે. શું તેઓ જાણે છે અને અમે નથી જાણતા ? આ અશક્ય છે. (કાફી ભાગ-૧ પેજ-૩૯૮)

(જિબ્રઈલના અસરનો મતલબ તે જગ્યા જ્યાં જિબ્રઈલ ઉભા થઈને રસુલ(સલ.)ની

ખિદમતમાં હાજર થવા માટે રજા લેતા હતા. તે જગ્યા આજે પણ પ્રખ્યાત છે અને તેની પાસે જે દરવાજો છે તેને બાબે જિબ્રઈલ કહે છે અથવા જિબ્રઈલના અસરનો મતલબ આપના કદમના ચિન્હો છે. જેવી રીતે મકામે ઇબ્રાહીમ આપના ઘરમાં હતું. - મરઅતુલ ઉકૂલ ભાગ-૪ પેજ--૩૦૭)

સઅલબિયાવાળાઓમાંથી બુજૈર નામના એક વ્યક્તિએ વર્ણન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ.) સઅલબિયામાં અમારી પાસેથી પસાર થયા. તે સમયે હું નાનો હતો. મારા ભાઇએ ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું : અય ફરઝંદે રસૂલ! આપની સાથે ઘણા ઓછા વ્યક્તિઓ દેખાઈ રહ્યા છે. આપે પોતાના કોરડાથી તે થેલા તરફ ઇશારો કર્યો જેને એક વ્યક્તિએ ઉઠાવ્યો હતો. આ કુફાવાળાઓના પત્રોથી ભરેલો હતો. (સીરહ અઅલામુન નુબલાઅ ભાગ-૩ પેજ-૨૦૫)

અબુ હિર્રહ અઝદી

આ કુફાના રહેવાસી હતા. સવારના સમયે મંઝિલે "સઅલબિયા" પર ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યા અને વિનંતી કરી : ફરઝંદે રસૂલ ! કોણે આપને હરમે ખુદા અને હરમે રસુલ(સલ.)થી નીકળીને અહિયાં પહોંચાડી દીધા ?

આપ(અલ.)એ ફરમાવ્યું : બની ઉમય્યાએ અમારો માલ ગસબ કર્યો અને અમારી હુરમત(આબરૂ) પાયમાલ કરી, હું સબ્ર કરતો રહ્યો. હવે તેઓ મારૂ ખૂન વહાવવા ઇચ્છે છે. એટલા માટે હું અલ્લાહના હરમથી બહાર નીકળી ગયો છું. અલ્લાહની કસમ! આ ઝાલિમ અને વિદ્રોહી ગિરોહ મને કતલ કરશે અને અલ્લાહ તેમને ઝલીલ કરશે અને તેમના કતલ માટે ધારદાર તલવાર તૈયાર કરશે. તેમના પર એવા વ્યક્તિને કબજો આપી દેશે

જે તેમને એટલી હદે કચડી નાખશે કે આ લોકો કોમે સબાથી પણ વધારે ઝલીલ થઈ જશે કે જેમના પર એક સ્ત્રી હુકુમત કરે છે અને તેમના જાન અને માલનો કોઈ ખ્યાલ ન કરવામાં આવે. (અલ-મલહુફ પેજ-૨૯, ઇસ્બાતુલ હુદા ભાગ-૨ પેજ-૫૭૩)

જનાબે મુસ્લિમ(અલ.)ની દીકરી

જનાબે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની એક ૧૩ વરસની દીકરી ઇમામ હુસૈન(અલ.)ની દીકરીઓ સાથે રહેતી હતી. રાત, દિવસ તેમની સાથે જ પસાર થતા હતા. જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને મુસ્લિમની શહાદતની ખબર મળી તો આપ ખૈમાની અંદર ગયા. મુસ્લિમની દીકરીને અવાજ આપી અને તેમના માથા પર મોહબ્બતથી હાથ ફેરવ્યો, મુસ્લિમ(અલ.)ની દીકરીએ કહ્યું : ફરઝંદે રસૂલ(સલ.) આપ મારી સાથે એવી રીતે મોહબ્બત અને મહેરબાનીનો વર્તાવ કરી રહ્યા છો જેવી રીતે યતીમો સાથે કરવામાં આવે છે. શું મારા વાલિદ શહીદ થઈ ગયા છે ?

ઇમામ હુસૈન(અલ.)એ રડતા રડતા ફરમાવ્યું : તમે ગમ ન કરો, જો મુસ્લિમ નથી તો હું

છું. હું તમારા બાપ સમાન છું. મારી બહેન તમારી "માં" સમાન છે. મારી દીકરીઓ તમારી બહેનો છે અને મારા દીકરાઓ તમારા ભાઈ છે. મુસ્લિમની દીકરી કષ્ટદાયક સ્થિતિમાં રડવા લાગી. મુસ્લિમ(અલ.)ના દીકરાઓ પણ બાપ પર રડવા લાગ્યા. આ મુસીબત પર અહલેબયત(અલ.)એ પણ ગમ મનાવ્યો. મુસ્લિમ(અલ.)ની શહાદત પર ઇમામ હુસૈન(અલ.) ખુબ જ ઉદાસ થઈ ગયા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૭૪)

નસરાની મુસલમાન થઈ ગયો

અમુક મકાતિલે લખ્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) સઅલબિયા પહોંચ્યા તો એક નસરાની (ઈસાઈ) પોતાની "મા" સાથે ઇમામ હુસૈન(અલ.) પાસે આવ્યો. બંનેએ ઇસ્લામ કબૂલ કર્યો અને આપની સાથે કરબલા રવાના થઈ ગયા. (અલ ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૭૦)

(૧૪) ઝોબાલા : ઇમામ હુસૈન(અલ.) બુધવારના દિવસે સવારના સમયે સઅલબિયા મંઝિલથી પોતાનો કાફલો લઈને રવાના થયા (ઝોબાલા મક્કાના રસ્તામાં સઅલબિયા અને વાકેસા દરમિયાન એક પ્રખ્યાત મંઝિલ છે. - મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૬૫૬) અને તે દિવસે જ ઝોબાલા મંઝિલ પર પહોંચ્યા. અમુક ઇતિહાસકારોનું

કહેવું છે કે અબ્દુલ્લાહ બિન યકતર, મુસ્લિમ બિન અકીલ અને હાની બિન ઉરવહની શહાદતની ખબર આપને આ મંઝિલ પર મળી હતી. આપે પોતાના સાથીઓને ફરમાવ્યું : અમને એક અફસોસનાક અને દિલ હલાવી નાખનારી ખબર મળી છે અને તે આ છે કે મુસ્લિમ બિન અકીલ, હાની બિન ઉરવહ અને અબ્દુલ્લાહ બિન યકતર શહીદ કરી દેવામાં આવ્યા છે. કુફાવાળાઓએ આપણી સાથે બેવફાઈ કરી છે. તમારામાંથી જે પાછો જવા માંગતો હોય તે ચાલ્યો જાય. તેના માટે કોઈ બેઇઝ્ઝતી નથી. કારણ કે તે વાયદાનો વિરોધ નથી કરી રહ્યો.

ઇમામ હુસૈન(અલ.)ના જે બેવફા સાથીઓ હતા તે આપને છોડીને ચાલ્યા ગયા. ફકત તે લોકો જ આપની સાથે રહ્યા જે મદીનાથી આપની સાથે હતા અને તે લોકોની પણ નાની સંખ્યા આપની સાથે રહી જે રસ્તામાં આપની સાથે જોડાયા હતા.

ઇમામ હુસૈન(અલ.)એ આ કામ એટલા માટે કર્યું કે અરબનો એક ગિરોહ સમજી રહ્યો હતો કે આપ શહેરમાં જશે. ત્યાં આપની હુકુમત હશે. ઇમામ હુસૈન(અલ.) આ ઇચ્છતા હતા કે આ રસ્તા પર જે પણ ચાલે તે તેની મુશ્કેલીઓથી વાકેફ થઈને ચાલે. (નફસુલ મહમૂમ પેજ-૧૮૪)

જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઝોબાલા મંઝિલ પર પહોંચ્યા તો ત્યાં મોહંમદ બિન અશઅસ અને અમ્ર બિન સઈદે મોકલેલા એલચીની મુલાકાત થઈ. તેણે આપને પત્ર લખ્યો. જેનાથી મુસ્લિમ અને હાનીની શહાદતની ખાતરી થઈ. જેનાથી આપ ખૂબ જ ગમગીન થયા. તે વખતે આપને ખૂબ જ રંજ, દુ:ખ થયું જ્યારે એલચીએ કૈસ બિન મુસહ્હરના કતલની ખબર આપી. (નફસુલ મહમૂમ પેજ-૧૮૪)

અબ્દુલ્લાહ બિન યકતર

ઇમામ હુસૈન(અલ.)એ મુસ્લિમ(અલ.)ની શહાદતની ખબર મળતાં પહેલાં પોતાના રઝાઈ ભાઈ અબ્દુલ્લાહ (સમાવીએ લખ્યું છે કે અબ્દુલ્લાહ બિન યકતરની "મા"એ ઇમામ હુસૈન અલ.ની પરવરિશ કરી છે. પરંતુ આપે તેમનું દૂધ નથી પીધું. એટલા માટે આપને રઝાઈ ભાઈ કહે છે. ઇમામ હુસૈન અલ.એ પોતાની વાલેદહ હઝરત ફાતેમા ઝહેરા સલા.ના સિવાય કોઈનું દૂધ નથી પીધું. હાં, રસુલ સલ.નો મુબારક અંગુઠો ચુસ્યો છે. - અબસારૂલ ઐન પેજ-૫૪) બિન યકતરને મુસ્લિમની પાસે મોકલ્યા. તેમને હસીન બિન નમીરે ગિરફતાર કરી લીધા અને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ ગયો. તેણે હુકમ આપ્યો કે અબ્દુલ્લાહ બિન યકતરને દારૂલ અમારહની છત પર લઈ જાઓ.

જેથી તે બધાની સામે ઇમામ હુસૈન(અલ.) અને તેમના વાલિદને બુરૂભલું કહે. અબ્દુલ્લાહ બિન યકતર દારૂલ અમારહની છત પર ગયા અને લોકોને સંબોધીને કહ્યું : અય લોકો! મને બિન્તે રસુલ(સલ.)ના દીકરા ઇમામ હુસૈન(અલ.)એ તમારી પાસે મોકલ્યા છે. તેમની મદદ કરવામાં સુસ્તી ન કરો અને ઇબ્ને મરજાના પર અલ્લાહ લઅનત કરે. તેના વિરૂદ્ધ ઉભા થઈ જાઓ. ઉબૈદુલ્લાહે જ્યારે આ સ્થિતિ જોઈ તો બુમો પાડીને કહેવા લાગ્યો : તેને દારૂલ અમારહની છત પરથી નીચે ફેંકી દો, રૂહ પરવાઝ કરવા ચાહતી હતી કે એક વ્યક્તિએ આવીને આપને કતલ કરી નાખ્યા. લોકોએ તેને કહ્યું : ખુદા તને સમજે, તેં આવું કેમ કર્યું ? તેણે કહ્યું : હું તેમને આરામ પહોંચાડવા ચાહતો હતો. (અનસાબુલ અશરાફ ભાગ-૩ પેજ-૧૬૮)

મોટા ભાગના ઇતિહાસકારોનો નજરીયો આ છે કે ઇમામ હુસૈન(અલ.)ના એલચી અબ્દુલ્લાહ બિન યકતર અને કૈસ બિન મુસહ્હર સયદાવીની શહાદતની ખબર આપ(અલ.)ને ઝોબાલા મંઝિલ પર મળી હતી. અમુકે લખ્યું છે કે હુર બિન યઝીદ રિયાહીની મુલાકાત પછી કોઈ બીજી મંઝિલ પર આપ(અલ.)ને શહાદતની ખબર મળી હતી. પરંતુ સહી કથન ઝોબાલા મંઝિલ છે. હાં આ શક્ય છે કે અન્ય મંઝિલો પર પણ આપ(અલ.)ને ખબર મળી હોય.

અલ ઇમામુલ હુસૈન(અલ.) વ અસ્હાબોહુ પેજ-૧૭૬, ઇબ્ને કુતયબા અને ઇબ્ને મુસ્કવિયા કહે છે : ઇમામ હુસૈન(અલ.)એ અબ્દુલ્લાહ બિન યકતરને મુસ્લિમની સાથે રવાના કર્યા હતા. જ્યારે મુસ્લિમે કુફાવાળાઓની બેવફાઈ જોઈ તો અબ્દુલ્લાહ બિન યકતરને ઇમામ હુસૈન(અલ.)ની

પાસે મોકલીને સ્થિતિની જાણ કરી. હસીન બન નમીરે તેમને ગિરફતાર કરી લીધા અને ઉબૈદુલ્લાહ પાસે મોકલી દીધા. (અબસારૂલ ઐન પેજ-૫૨)

(૧૫) અલ્કાઅ : "કાઅ" મક્કાના રસ્તામાં એક મંઝિલ છે જે ઉકબા મંઝિલ પછી આવે છે. ત્યાંથી ઝોબાલા તરફ જવામાં આવે છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૨૯૮)

૨૪ ઝિલ્હજ્જ હતી, ગુરૂવારનો દિવસ હતો કે ઇમામ હુસૈન(અલ.) અલકાઅ મંઝિલ પર પહોંચ્યા. (અલ ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૭૮)

તબરીએ અબુ મિખનફથી વર્ણન કર્યું છે કે તેમના કોઈ સગાએ શાયદ આ સગાનું નામ અમ્ર બિન લવાઝિન છે. (અઅયાનુશ શીઆ પા-૫૯૫)ઇમામ હુસૈન(અલ.)ને પ્રશ્ન કર્યો કે ક્યાંનો ઇરાદો છે ?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : કુફાનો, તે વ્યક્તિએ ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું : હું આપને અલ્લાહની કસમ આપીને કહું છું કે આપ પાછા ફરી જાઓ. કારણ કે આપે તલવારો અને નેઝાઓનો મુકાબલો કરવો પડશે. જે લોકોએ આપની પાસે પત્ર અને એલચી મોકલ્યા છે તેઓ આ જંગના ખર્ચની જવાબદારી પોતાના પર લે અને આપના માટે પ્રાથમિક બાબતો અંજામ આપે તો આપ તેમની પાસે જાવ કે આ ઇરાદો યોગ્ય છે. આ સિવાય કુફીઓ પાસે જવું મારી દૃષ્ટિએ સહી નથી.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય અલ્લાહના બંદા જે વાત તમે બયાન કરી છે તે મારા પર છુપી નથી. તમારી વાત સહી છે પરંતુ અલ્લાહે મુકદ્દર કરી દીધું છે તેને કોઈ બદલી નથી શકતું.

ઇતિહાસકારોએ આ મુલાકાતનું વર્ણન ઉકબાની પછીની મંઝિલ પર કર્યું છે. પરંતુ જેવી રીતે અમે કહી ચુકયા છીએ કે અમે કિતાબ અલ-ઇમામુલ હુસૈન(અલ.) વ અસ્હાબોહુના વર્ણન મુજબ મંઝિલોની તરતીબ કરાર દીધી છે.

(૧૬) ઉકબતુલ બત્ન : ઉકબા મક્કાના રસ્તામાં વાકેસા પછી અને કાઅથી પહેલા એક મંઝિલ છે જ્યાં કબીલા બની ઇકરમાના કુંવા છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૩ પેજ-૯૪૮)

૨૫ ઝિલ્હજ્જ, જુમ્આના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૮૦)

ઇબ્ને અબ્દુર્રબ્બાએ ઇમામ જઅફર સાદિક(અલ.)થી વર્ણન કર્યું છે કે આપે ફરમાવ્યું : જ્યારે હુસૈન ઇબ્ને અલી(અલ.) ઉકબતુલ બત્નથી આગળ વધ્યા તો પોતાના સહાબીઓથી ફરમાવ્યું :

મને મારા કત્લની નિશાનીઓ દેખાઇ રહી છે. અસ્હાબે કહ્યું : અય અબુ અબ્દુલ્લાહ ! શું કારણ છે? ફરમાવ્યું : તેનું કારણ તે ચીજ છે જે મેં ખ્વાબમાં જોઈ છે. અસ્હાબે પુછ્યું : ખ્વાબમાં શું જોયું છે ? ફરમાવ્યું : મેં ખ્વાબ જોયું છે કે મારા પર હિંસક પશુઓ હુમલો કરી રહ્યા છે અને તેમાં એક કાબરચિતરો છે. તે સૌથી વધુ હિંસક છે. (કામેલુઝ ઝિયારાત પેજ-૭૫)

તલહા બિન ઝૈદે ઇમામ સાદિક(અલ.)થી રિવાયત બયાન કરી છે કે ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : કસમ તે અલ્લાહની જેની કાબુમાં મારી જાન છે બની ઉમય્યાને હુકુમત અનુકુળ નહીં આવે સિવાય કે મને કતલ કરી નાખે અને તે લોકો મને કતલ કરશે. (કામેલુઝ ઝિયારાત પેજ-૭૫)

(૧૭) શરાફ : શરાફ વાકેઆ અને કુરઆના દરમિયાન એક મંઝિલ છે. આ કબીલા બની વહબ

સંબંધિત છે. આ મંઝિલ પર ઘણા બધા કુંવા છે. જેનું પાણી મીઠુ છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૩ પેજ-૩૩)

૨૬ ઝિલ્હજ્જ, શનીવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) શરાફ મંઝિલ પર પહોંચ્યા. જે લોકો મક્કાથી કુફા આવે છે તેઓ ઉકબા મંઝિલ પછી વાકેસા મંઝિલ પર પહોંચતા હતા. પરંતુ શરાફ મંઝિલ પર વધુ સુવિધાઓ પ્રાપ્ય હતી. ખાસ કરીને પાણી વધારે હતું એટલા માટે ઇમામ હુસૈન(અલ.) વાકેસા મંઝિલ કે જેને વાકેસતુલ હુઝન કહે છે ત્યાં ન રોકાયા બલકે શરાફ મંઝિલ પર ઉતર્યા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ)

અબુ મિખ્નફે અબ્દુલ્લાહ બિન સલીમ અને એક વ્યક્તિએ બની અસદ કબીલાથી વર્ણન કર્યું છે કે ઇમામ હુસૈન(અલ.) શરાફ મંઝિલ પર ઉતર્યા

અને સેહરીના ટાઇમે જુવાનોને હુકમ આપ્યો કે અહિયાંથી વધુમાં વધુ પાણી ભરી લો.

શરાફ મંઝિલ પછી કરા સુધી ફકત સાત માઇલનું અંતર છે. તો પછી ઇમામ હુસૈન(અલ.)ના આ હુકમનું શું કારણ છે કે અહિયાંથી વધુમાં વધુ પાણી ભરી લો? પછી પેશ આવતા બનાવોથી સારી રીતે સ્પષ્ટ થાય છે કે ઇમામ હુસૈન(અલ.)એ હુર બિન યઝીદ રિયાહીના એક હજાર સવારોને પાણી પિવડાવવાના હેતુથી વધુ પાણી ભરવાનો હુકમ આપ્યો હતો.

પછી તે મંઝિલથી રવાના થઈ ગયા અને સવારથી સૂર્યના ડુબતા સુધી ચાલતા જ રહ્યા. (આ મંઝિલથી શરાફ સુધી સાત ફરસખનું અંતર છે.) ત્યાર પછી મુગીસા સુધી જે હિજાઝની છેલ્લી મંઝિલ અને ત્યાંથી કાદસિયા સુધી "જે ઇરાકની પહેલી

મંઝિલ છે" સફર શરૂ રાખ્યો. (કાદસિયાથી કુફા સુધી જમીની રસ્તાથી પંદર ફરસખનું અંતર છે.)

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને જ્યારે આ ખબર મળી કે ઇમામ હુસૈન(અલ.) કુફા તરફ આવી રહ્યા છે તો હસીન બિન નમીરને "જે પોલીસનો અધિકારી હતો" કાદસિયા મોકલ્યો. તેણે કાદસિયાથી અમુક અંતર પર અને "ખફ્ફાન" અને "કતકતાનીયા" અને "લઅલ" સુધી અને વાકેસાથી શામ અને બસરાના રસ્તાઓ પર પોલીસ લગાવી દીધી. જેથી રસ્તાઓ પર સખત નજર રાખે અને દરેક આવવા, જવાવાળાની જાણકારી મેળવી શકે.

ઇમામ હુસૈન(અલ.) ઇરાકની તરફ આગળ વધી રહ્યા હતા કે રસ્તામાં અરબના એક ગિરોહ સાથે મુલાકાત થઈ. તેમનાથી ઇરાકની હાલત વિશે પૂછ્યું. તેમણે કહ્યું : અમે ન શહેરમાં જઈ શકીએ છીએ અને ન નીકળી શકીએ છીએ.

ઇમામ હુસૈન(અલ.) તે જ રસ્તા પર ચાલતા રહ્યા. કહેવાય છે કે હસીન બિન નમીરને ચાર હજારના લશ્કર સાથે તે પ્રદેશમાં નિયુક્ત કરવામાં આવ્યો હતો. તેમાં હુર બિન યઝીદ રિયાહી પણ હતા. જે પોતે પણ હજાર સિપાહીઓના સિપેહસાલાર હતા. બીજી રિવાયતમાં છે કે હુર બિન યઝીદ રિયાહી અલગથી એક હજાર સવારોની સાથે કુફાથી ચાલ્યા હતા.

અબુ મિખ્નફે આ બંને અસદી વ્યક્તિઓથી રિવાયત કરી છે કે રસ્તાની વચ્ચે ઝોહરના સમયે અચાનક એક વ્યક્તિએ તકબીરની અવાજ કહી. ઇમામ હુસૈન(અલ.)એ પણ તકબીર કહી અને ફરમાવ્યું : તમે કેમ તકબીર કહી ? તે વ્યક્તિએ કહ્યું : મને ખજૂરના ઝાડો દેખાઇ રહ્યા છે. અસદી ખાનદાનના આ બે વ્યક્તિઓએ કહ્યું અહીં ખજૂરના ઝાડ નથી. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમને

શું દેખાઈ રહ્યું છે. તેમણે કહ્યું : આ દુશ્મનના લશ્કરનો અગ્રેસર ગિરોહ છે અને આ તેમના ઘોડાઓની કાનની કડી છે. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું પણ આ જ જોઈ રહ્યો છું. ત્યાર પછી ફરમાવ્યું : શું અહિયાં કોઈ આશ્રયસ્થાન છે કે આપણે ત્યાં ચાલ્યા જઇએ. આપણે આશ્રયસ્થાનની પાછળ અને દુશ્મન સામે હોય તો આપણે એક તરફથી જ તેમનો મુકાબલો કરીએ.

આપના સહાબીઓએ કહ્યું : હાં, ડાબી તરફ એક મંઝિલ છે જેને ઝુહસમ કહે છે. જેથી ઇમામ હુસૈન(અલ.) રસ્તાની ડાબી બાજુ ઝુહસમ તરફ રવાના થઈ ગયા, દુશ્મનનું લશ્કર પણ તે મંઝિલ તરફ જ આગળ વધી રહ્યું હતું. પરંતુ ઇમામ હુસૈન(અલ.) અને આપના સાથીઓ તેમના પહેલાં આ મંઝિલ પર પહોંચી ગયા.

(૧૮) **ઝૂહસમ** : અહમદ બિન સહલનું કહેવું છે કે આ મુલાકાત ઝોબાલા મંઝિલ પર થઈ હતી.(અલ-બદાઅ વત્તારીખ ભાગ-૬ પેજ-૧૦)

૨૭ ઝિલ્હજ, રવિવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા અને અહીં પડાવ નાખવાનો હુકમ આપ્યો. ઝોહરના સમયે હજાર સિપાહીઓની સાથે હુર બિન યઝીદ રિયાહી પણ આ મંઝિલ પર પહોંચી ગયા અને ઇમામ હુસૈન(અલ.)ના તંબુઓની સામે પડાવ નાખ્યો.

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના સહાબીઓને ફરમાવ્યું : તેમને અને તેમના ઘોડાઓને પણ પાણી પીવડાવો. આપ(અલ.)ના સહાબીઓએ હુકમની તાબેદારી કરી અને દુશ્મનના લશ્કરને અને તેમના ઘોડાઓને પાણી પીવડાવ્યું. (તેનું કારણ આ હતું કે ઇમામ હુસૈન અલ.એ પહેલા

શરાફ મંઝિલ પર પોતાના જુવાનોને પાણી ભરી લેવાનો હુકમ આપ્યો હતો.)

અલી બિન તઆન કહે છે : હું પણ હુર બિન યઝીદ રિયાહીની સાથે હતો, મોડેથી તેમની પાસે પહોંચ્યો હતો. જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ મને અને મારા ઘોડાને પ્યાસની સ્થિતિમાં કમજોર જોયા તો ફરમાવ્યું :

اِنِخِ الرَّاوِيَة

રાવિયા અમારા ત્યાંની ભાષામાં પાણી ભરવાની મશકને કહે છે. હું આપની વાત ન સમજી શક્યો. આપ(અલ.)એ બીજી વખત ફરમાવ્યું : ઊંટને બેસાડો.

(રાવિયાથી ઇમામ હુસૈન(અલ.)નો મકસદ તે ઊંટ હતું જેના પર પાણીની મશક રાખેલી હતી. હિજાઝ ઊંટને રાવિયા કહે છે અને અલી બિન

તઆન ઇરાકી હતો અને ઇરાકવાળાઓ મશ્કને રાવિયા કહે છે. એટલા માટે તે ઇમામનો મતલબ ન સમજી શક્યો.)

મેં ઊંટને જમીન પર બેસાડ્યું જેના પર પાણીની મશ્કો રાખેલી હતી.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : લો, પાણી પીઓ, પરંતુ પ્યાસની સખ્તીના કારણે મારા હાથથી મશ્કનું મોઢું છુટી ગયું અને હું પાણી ન પી શક્યો. આપે ફરમાવ્યું : મશ્કનો આગળનો ભાગ સહી તરીકાથી અને બરાબર પકડો. પણ મારાથી આ પણ ન થઈ શક્યું. ઇમામ હુસૈન(અલ.) મારી પાસે આવ્યા અને મશ્કની ઉપરનો ભાગ બરાબર પકડ્યો એટલે સુધી કે હું અને મારો ઘોડો પાણીથી સંતૃપ્ત થઈ ગયા.

અહિયાં ખવારીઝમીએ થોડોક વધારો કર્યો છે. દાખલા તરીકે ઇમામ હુસૈન(અલ.)એ તેનાથી

માલુમ કર્યું કે તમે કોણ છો ? તેમણે કહ્યું : અમે અમીર અબ્દુલ્લાહ બિન ઝિયાદના દોસ્ત છીએ. આપે ફરમાવ્યું : તમારો સરદાર કોણ છે? તેણે કહ્યું : હુર બિન યઝીદ રિયાહી. આપે ફરમાવ્યું : હુરને પુછો ! તે અમારી મદદ માટે આવ્યા છે અથવા જંગ કરવા માટે? તેણે કહ્યું : અમે આપનો રસ્તો રોકવા માટે આવ્યા છીએ. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: લાહવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહિલ અલીય્યિલ અઝીમ. (મકતલુલ હુસૈન અલ. ખવારીઝમી. ભાગ-૧ પેજ-૨૩૦)

ઝોહરનો સમય થઈ ગયો. ઇમામ હુસૈન(અલ.)એ હજ્જાજ બિન મસરૂક જઅફીને (હજ્જાજ બિન મસરૂક જઅફી ઇમામઅલ.ના સહાબી હતા. કરબલામાં શહીદ થયા. તેમના વિશે આગળ વર્ણન કરીશું.) ફરમાવ્યું : અઝાન આપો! તેમણે અઝાન આપી. નમાઝ કાયમ કરવા માટે આપે રિદા

પહેરી તંબુથી બહાર આવ્યા અને અલ્લાહની હમ્દ-તારીફ પછી ફરમાવ્યું : અય લોકો હું અલ્લાહની સામે કસૂરવાર નથી. હું પોતે પોતાના મતથી તમારી પાસે નથી આવ્યો. બલકે તમે મને પત્ર લખીને બોલાવ્યો છે. તમારા એલચી મારી પાસે આવ્યા અને મારાથી આ દરખાસ્ત કરી કે હું તમારી પાસે આવું. તમે કહ્યું કે અમારો કોઈ ઇમામ નથી. શક્ય છે અલ્લાહ આપના ઝરીઆથી અમારી સુધારણા કરે. હવે જો તમે તમારા અહદ, વાયદા પર કાયમ છો તો હું તમારા શહેર જઇ રહ્યો છું. નહીં તો હું અહિયાંથી જ પાછો ફરૂં છું.

આ લશ્કરે માથું ઝુકાવીને ચુપકીદી અપનાવી વિચારોમાં ડુબી ગયા. ઇમામ હુસૈન(અલ.)એ મોઅઝ્ઝિનને ઇકામતનો હુકમ આપ્યો. આપ(અલ.)એ હુરને ફરમાવ્યું : શું તમારા સાથીઓને તમે નમાઝ પઢાવશો ? હુરે જવાબ

આપ્યો ના, અમે આપની ઇમામતમાં નમાઝ અદા કરીશું. ઇમામ હુસૈન(અલ.)એ ઝોહરની નમાઝ પઢાવી અને પોતાના કિયામની જગ્યા પર પાછા ફર્યા. હુર બિન યઝીદ પણ પોતાના ખાસ તંબુમાં ચાલ્યો ગયો. આ સખત તડકામાં દરેક સવાર પોતાના ઘોડાની લગામ પકડીને તેના છાંયડામાં બેઠો હતો. એટલે સુધી કે અસરનો સમય આવી ગયો. ઇમામ હુસૈન(અલ.) એ અસરની નમાઝનું એલાન કર્યું. અસરની નમાઝ પછી આપે લોકોની તરફ મોઢું ફેરવી ઉભા થયા અને અલ્લાહની હમ્દ-પ્રશંસા બાદ ફરમાવ્યું : લોકો! અલ્લાહથી ડરો ! પરહેઝગાર બની જાઓ અને હકને તે વ્યક્તિઓના ઇખ્તિયારમાં આપો જે તેના પાત્ર છે. આ રીતે અલ્લાહને ખુશ કરો. આ વિષયમાં અમે એહલેબયત તમારા વલી બનવા માટે તે લોકો કરતાં વધુ હકદાર છીએ જે તેનો દાવો કરે છે. તેઓ તમારી

સાથે ન્યાયથી નથી વર્તતા અને તમારા હકમાં ઝુલ્મ કરે છે. જો તમે અમારા માટે આવા હકનો એકરાર નથી કરતા અને અમારી ફરમાંબરદારી નથી કરવા ચાહતા અને તમારા પત્રો અને વાતમાં સમાનતા નથી તો હું અહીયાંથી જ પાછો ફરી જઈશ.

હુર બિન યઝીદે કહ્યું : જે પત્રોનો આપ ઝિક્ર કરો છો મને તેની જાણ નથી. ઇમામ હુસૈન(અલ.)એ ઉકબા બિન સમઆનથી (ઉકબા બિન સમઆન ઇમામ હુસૈન અલ.ની પત્ની રૂબાબ બિન્તે ઉમરઉલ કૈસના ગુલામ હતા. - અબ્સારૂલ ઐન પેજ-૭) ફરમાવ્યું : તે બંને થેલા ઉઠાવીને લાવો જેમાં કુફાવાળાઓના પત્રો છે. ઉકબા તે થેલા લાવ્યા જે પત્રોથી ભરેલા હતા અને હુરની સામે રાખી દીધા. હુરે કહ્યું : અમે પત્ર લખવાવાળાઓમાંથી છીએ. અમને હુકમ આપવામાં

આવ્યો છે કે અમે આપનો મુકાબલો કરી આપને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે હાજર કરીએ. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમારા માટે મોત આનાથી બેહતર છે. ત્યાર પછી પોતાના સહાબીઓને ફરમાવ્યું : ઉભા થાઓ, સવાર થઈ જાઓ. તેઓ અને એહલેબયત(અલ.) સવાર થઈ ગયા. ફરમાવ્યું : પાછા ફરો. પરંતુ પાછા ફરવાનો ઇરાદો કર્યો તો હુર અને તેના સિપાહીઓએ રસ્તો રોકી લીધો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તારી માં તારા ગમમાં બેસે, શું ચાહો છો ?

હુરે કહ્યું : આ સમયે જો આપના સિવાય કોઈ બીજો આ વાત કહેત તો હું હરગિઝ તેને માફ ન કરત. પરંતુ અલ્લાહની કસમ! હું આપની "મા"નું નામ એહતેરામની સાથે જ લઉં છું.

હુર બિન યઝીદ ઇમામ હુસૈન(અલ.)ના જવાબમાં બેઅદબી કરી શકતા હતા અને અપમાન કરી શકતા હતા. પરંતુ તેમણે બેઅદબી ન કરી અને ઇમામ(અલ.)ના ઇલાહી હોદ્દાએ તેમને અપમાનથી રોક્યા. શાયદ આ જ અદબ અને એહતેરામના કારણે આપને હિદાયત અને નજાત મળી. (મકતલે હુસૈન-ખવારીઝમી ભાગ-૧ પેજ-૨૩૩)

ઇમામ હુસૈન(અલ.)એ ફરી ફરમાવ્યું : શું ચાહો છો? હુરે કહ્યું : હું આપને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે લઈ જવા ચાહું છું. આપે ફરમાવ્યું : અલ્લાહની કસમ હું તમારી સાથે જવાનો નથી. હુરે કહ્યું : અલ્લાહની કસમ આપને અહિયાંથી ક્યાંય પણ નહીં જવા દઇએ. ઇમામ હુસૈન(અલ.)એ પણ ત્રણ વખત આ જ વાત કહી અને હુરે પણ આ જ વાક્ય રીપીટ કર્યું.

હુરે કહ્યું : મને આપની સાથે જંગ કરવાનો હુકમ નથી આપવામાં આવ્યો પરંતુ આ હુકમ આપવામાં આવ્યો છે કે હું ત્યાં સુધી આપથી અલગ ન થાઉં જ્યાં સુધી આપને કુફા ન લઈ જાઉં. હવે જો આપ કુફા નથી જવા માંગતા તો એવો રસ્તો અપનાવો કે ન કુફા જતો હોય અને ન મદીના, જેથી હું ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને પત્ર લખી શકું અને જો આપ ચાહો તો યઝીદને પત્ર લખો. શક્ય છે આ કિસ્સો સુલેહ અને શાંતિથી ખતમ થઈ જાય. મારા નજીક આ એનાથી બેહતર છે કે હું આપથી જંગ કરું.

ઇમામ હુસૈન(અલ.) અઝીબ અને કાદસિયાની ડાબી બાજુવાળા રસ્તા પર ચાલી રહ્યા હતા. જ્યારે કે અઝીબ ત્યાંથી આડત્રીસ માઈલ પર હતું. હુર પણ આપની સાથે સાથે ચાલી રહ્યા હતા. (તારીખે તબરી ભાગ-૫ પેજ-૪૦૦)

ઉતબા બિન અબીલ એઝાર કહે છે : ઇમામ હુસૈન(અલ.) ઝુહસમ મંઝિલ પર ઉભા રહી અલ્લાહની હમ્દ, તારીફ અને રસૂલ(સલ.) પર દુરૂદ મોકલ્યા બાદ ફરમાવ્યું :

اِنَّهُقَدْنَزَلَمِنَالْاَمْرِمَاقَدْتَرَوْنَوَاَنَّالدُّنْيَاقَدْتَغَيَّرَتْوَتَنَكَّرَتْوَاَدْبَرَمَعْرُوْفُهاوَاسْتَمَرَّتْجِدّاً،فَلَمْيَبْقَمِنْهااِلَّاصَبابَةٌكَصبابَةِالْاِنَاءِوَخَسِيْسُعَيْشٍكَالْمَرْعىٰالْوَبِيْلِ،اَلَاتَرَوْنَاَنَّالْحَقَّلَايُعْمَلُبِهوَاَنَّالْبَاطِلَلَايُتَنَاهىٰعَنْه،لِيَرْغَبَالْمُؤْمِنُفِيلِقَاءِاللّٰهِمُحِقّاًفَاِنِّيلَااَرَىالْمَوْتَاِلَّاسَعَادَةًوَلَا الْحَيَاةَمَعَالظَّالِمِيْنَاِلَّابَرَماً

"જે કંઈ પેશ આવ્યું તે તમે પોતાની આંખોથી જોઈ રહ્યા છો, દુનિયા બદલાઇ ચુકી છે. લોકોએ નેકીથી પીઠ ફેરવી લીધી. કોઈ ભલાઈ બાકી નથી રહી સિવાય કે તળિયે જામતો કાંપ, જેવી રીતે વાસણમાં થોડુંક પાણી બાકી રહે છે. જેને ફેંકી

દેવામાં આવે છે. જિન્દગી નાપસંદ ચરાગાહ (ગૌચરની જગ્યા)ની જેમ ગૌણ (પસ્ત) થઈ ગઈ છે. શું તમે નથી જોતા કે લોકો હક પર અમલ નથી કરતા અને બાતિલથી પરહેઝ નથી કરતા? આવી સ્થિતિમાં મોમિનને અલ્લાહની મુલાકાતનો શોખ હોવો જ જોઇએ. હું મોતને ખુશનસીબી અને ઝાલિમોની સાથે જીવવાને શરમજનક સમજું છું."(તારીખે તબરી ભાગ-૫ પેજ-૪૦૩)

આ ફસીહ (છટાદાર) ખુત્બા પછી ઝુહૈર બિન કૈન ઉભા થયા અને અન્સાર (મદદગારો) તરફ મોઢું કરી કહ્યું : તમે લોકો કંઈ બયાન કરશો અથવા હું બયાન કરું? બધાએ એકમત થઈને કહ્યું : આપ જ બયાન કરો.

ઝુહૈર બિન કૈને અલ્લાહની હમ્દ-તારીફ પછી ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું : અમે આપના છટાદાર અને ઉચ્ચ કલામને સાંભળ્યું. ફરઝંદે રસૂલ

અલ્લાહની કસમ જો અમે આ દુનિયામાં હંમેશા જીવંત રહી શકીએ અને દુનિયા અને તેમાં જે કંઈ છે તે બધુ અમારા ઇખ્તિયારમાં હોય તો પણ અમે આપની સાથે રહીને તલવારથી જંગના રસ્તાને અપનાવીશું. (અબસારૂલ ઐન-હાલાતે ઝુબૈર પેજ-૯૬)

હુર બિન યઝીદ નિરંતર ઇમામ હુસૈન(અલ.)ની સાથે ચાલી રહ્યા હતા. જ્યાં પણ સમય મળે હુર ઇમામ હુસૈન(અલ.)થી કહેતા : અલ્લાહના માટે પોતાની જાનનું રક્ષણ કરો. મને આ યકીન છે કે જો આપ(અલ.) જંગ કરશો તો કતલ થઈ જશો.

આપ(અલ.)એ ફરમાવ્યું : તમે મને મોતથી ડરાવો છો ? જો આ લોકો મને કતલ કરી નાખશે તો શું તમે મોતથી બચી જશો ? હું તમને એક જ વાત કહું છું જે ઔસ કબીલાના એક વ્યક્તિએ

રસુલુલ્લાહ(સલ.)ની મદદ કરતી વખતે પોતાના પીતરાઈ ભાઈને કહી હતી.

سَأَمْضِيوَمابِالْمَوْتِعَارٌعلَيالْفتىٰ

اِذَامَانوىٰحَقّاًوَجَاهدَمُسْلِماً

وَوَاسَيالرِّجَالَالصَّالِحِيْنَبِنَفْسِه

وَفَارَقَمَثْبُوراًوَخَالفَمُجْرِماً

فَاِنْعِشْتُلَمْاَنْدَمْوَاِنْمِتُّلَمْاَلَمْ

كَفَىٰبِكَذُلّاًاَنْتَعِيْشَوَتُرْغَماً

"હું જઈ રહ્યો છું અને મૃત્યુ જવાન માટે શરમજનક નથી. પરંતુ જ્યારે એની નિય્યત હક હોય અને નિખાલસતાથી જંગ કરે અને નેક લોકોની રૂહની મદદ કરે છે અને મરી જાય છે તો લોકો તેમનો ગમ મનાવે છે અને દુરાચારી દુશ્મનીના

કારણે ખુશ થાય છે. પછી જો હું જીવતો રહ્યો તો પસ્તાવો નહીં થાય અને જો મરી ગયો તો મારી નિંદા કરવામાં નહીં આવે. જો તમે જીવતા રહ્યા તો ઝિલ્લત અને નાકામી તમારી તકદીર બની જશે."

જ્યારે હુરે ઇમામ હુસૈન(અલ.)ની ઝબાનથી આ શેઅર સાંભળ્યા તો આપથી ફાસલો ઇખ્તિયાર કર્યો અને પોતાના સાથીઓની સાથે ઇમામ હુસૈન(અલ.)ના રસ્તાથી અલગ રસ્તો અપનાવ્યો. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૪૮)

(૧૯) **બૈઝા** : બૈઝા વાકેસા અને અઝીબની વચ્ચે ઝરણું છે. (મરાસેદુલ અત્તેલાઅ ભાગ-૧ પેજ-૨૪૪)

આ મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.)એ હુર બિન યઝીદના સાથીઓને સંબોધન કર્યું અને અલ્લાહની હમ્દ વ તારીફ પછી ફરમાવ્યું :

أَيُّهَا النَّاسُ، إِنَّ رَسُولَ اللّٰهِ قَالَ :

مَنْ رَأَى سُلْطَاناً جَائِراً مُسْتَحِلاًّ لِحَرَامِ اللّٰهِ نَاكِثاً عَهْدَهُ مُخَالِفاً لِسُنَّةِ رَسُولِ اللّٰهِ يَعْمَلُ فِي عِبَادِ اللّٰهِ بِالإِثْمِ وَالْعُدْوَانِ فَلَمْ يُغَيِّرْ عَلَيْهِ بِفِعْلٍ وَلاَ قَوْلٍ، كَانَ حَقّاً عَلَى اللّٰهِ أَنْ يُدْخِلَهُ مُدْخَلَهُ، أَلاَ وَإِنَّ هٰؤُلاَءِ قَدْ لَزِمُوا طَاعَةَ الشَّيْطَانِ وَتَرَكُوا طَاعَةَ الرَّحْمٰنِ وَأَظْهَرُوا الْفَسَادَ وَعَطَّلُوا الْحُدُودَ وَاسْتَأْثَرُوا بِالْفَيْءِ وَأَحَلُّوا حَرَامَ اللّٰهِ وَحَرَّمُوا حَلاَلَهُ وَأَنَا أَحَقُّ مِمَّنْ غَيَّرَ، وَقَدْ أَتَتْنِي كُتُبُكُمْ وَقَدِمَتْ عَلَيَّ رُسُلُكُمْ بِبَيْعَتِكُمْ أَنَّكُمْ لاَ تُسَلِّمُونِي وَلاَ تَخْذُلُونِي، فَإِنْ تَمَمْتُمْ عَلَيَّ بَيْعَتَكُمْ تُصِيبُوا رُشْدَكُمْ، فَأَنَا الْحُسَيْنُ بْنُ عَلِيٍّ وَابْنُ فَاطِمَةَ بِنْتِ رَسُولِ اللّٰهِ نَفْسِي مَعَ أَنْفُسِكُمْ، وَأَهْلِي مَعَ أَهْلِيكُمْ وَلَكُمْ فِيَّ أُسْوَةٌ، وَإِنْ لَمْ تَفْعَلُوا وَنَقَضْتُمْ عَهْدَكُمْ وَخَلَعْتُمْ بَيْعَتِي مِنْ أَعْنَاقِكُمْ فَلَعَمْرِي مَا هِيَ لَكُمْ بِنُكْرٍ لَقَدْ فَعَلْتُمُوهَا بِأَبِي وَأَخِ

يُوَابْنَعَمِيّمُسْلِمٍ، فَالْمَغْرُوْرُمَنْاغْتَرَّبِكُمْفَحَظَّكُمَاخْطَأْتُمْوَنَصِيْبَ
كُمْضَيَّعْتُمْوَمَنْنَكَثَفَاِنَّمَايَنْكُثُعَلَيْنَفْسِهٖوَسَيُغْنِيَاللّٰهُعَنْكُمْوَالسَّلَا
مُعَلَيْكُمْوَرَحْمَةُاللّٰهِوَبَرَكَاتُهٗ۔

અય લોકો ! રસૂલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું છે કે જે વ્યક્તિ ઝાલિમ બાદશાહને અલ્લાહની હરામ કરેલી વસ્તુઓને હલાલ કરાર દેતા, અલ્લાહના વાયદાને તોડતા, સુન્નતે રસૂલ(સલ.)ની મુખાલેફત કરતા અને અલ્લાહના બંદાઓ પર ઝુલ્મ કરતા જુએ અને ઝબાન કે અમલથી તેનો વિરોધ ન કરે તો તેનું ઠેકાણું જહન્નમ છે. બની ઉમય્યાએ શયતાનના હુકમના આધિન અલ્લાહની ફરમાંબરદારીથી મોં ફેરવી લીધું છે. ફસાદ ફેલાવી રહ્યા છે. અલ્લાહની હદોનો કોઈ ખ્યાલ નથી કરતા, બયતુલ માલને પોતાનાથી ખાસ કરી લીધો છે.

અલ્લાહના હલાલને હરામ અને હરામને હલાલ સમજી લીધું છે. તેમને આ બુરાઇઓથી રોકવા માટે હું પોતાને લાયક સમજું છું.

તમે મારી પાસે એલચી અને પત્રો મોકલ્યા અને આ કહેવાડયું કે અમે આપની બયઅત કરી લીધી અને અમે આ ઇન્કિલાબમાં આપને એકલા નહીં છોડીએ. હવે જો તમે પોતાના વાયદા પર સાબિત અને કાયમ છો કે આ જ સીધો રસ્તો છે. તો હું અલી(અલ.) અને ફાતેમા(સલા.)નો ફરઝંદ હુસૈન, મારો નફ્સ તમારા નફ્સની સાથે છે અને મારૂ ખાનદાન તમારા ખાનદાન સાથે છે. હું તમારો રહેબર છું. જો તમને જરૂર ન હોય અને પોતાના વાયદા પર સાબિત કદમ ન રહો અને વાયદો તોડી નાખો, મારી બયઅતથી ફરી જાવ છો તો કસમ મારી જાનની કે આ તમારાથી અશક્ય નથી. કારણ કે તમે મારા વાલિદ, મારા ભાઈ અને મારા

પિતરાઈ ભાઈ મુસ્લિમ સાથે પણ આવો જ વર્તાવ કર્યો છે. દગો ખાશે તે વ્યક્તિ જે તમારા ધોકામાં આવી જાય, તમે તમારી કિસ્મતથી મોં ફેરવી લીધું અને પોતાના ફાયદાથી હાથ ઉઠાવી લીધો. જે વ્યક્તિ વાયદો તોડે છે તો તેને વાયદો તોડવાનું નુકસાન ઉઠાવવું પડે છે. અલ્લાહતઆલા નજીકમાં જ મને તમારાથી બેપરવા કરી દેશે. વસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહ (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૮૪)

(૨૦) રહીમા : રહીમા એક ઝરણું છે જે ખફીય્યાથી ત્રણ માઇલના અંતર પર કુફાના નજીક શામના ત્રણ રસ્તા પર આવ્યું છે. (મોઅજમુલ બુલદાન ભાગ-૩ પેજ-૧૦૯)

રહીમા મંઝિલ પર કુફાવાળાઓમાંથી અબુ હરમ ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યો અને અરજ કરી: ફરઝંદે રસૂલ(સલ.) શું કારણ છે

કે આપ(અલ.) પોતાના નાના ના હરમથી બહાર આવ્યા.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય અબુ હરમ! બની ઉમય્યાએ મારી બેહુરમતી કરી. મેં સબ્ર કર્યું. મારો માલ છીનવી લીધો મેં સહન કર્યું. હવે તેઓ મારૂં લોહી વહાવવા ઇચ્છે છે. એટલે હું શાંતિનું મકામ અલ્લાહના હરમથી નીકળી આવ્યો છું. અલ્લાહની કસમ! આ લોકો મને કતલ કરશે અને જ્યારે તેઓ આવું કરશે તો અલ્લાહ તેમને રૂસ્વાઈનો પોશાક પહેરાવશે અને ધારદાર તલવાર તેમના માટે ઉપ્લબ્ધ કરશે અને તેમના પર એવા વ્યક્તિને પ્રભુત્વ આપશે જે તેમને ઝલીલ અને રૂસ્વા કરશે.

(૨૧) અઝીબુલ હજાનાત : અઝીબ એક વાદી છે જે બની તમીમ તરફ નિસ્બત આપવામાં આવે છે. તે

કાદસિયાથી છ કિલો મીટરના અંતર પર છે. (મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૨ પેજ-૯૨૫)

૨૮ ઝિલ્હજ, સોમવારના દિવસે ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર પહોંચ્યા કે અચાનક ચાર સવારો નાફેઅ બિન હિલાલ, મુજમ્મઅ બિન અબ્દુલ્લાહ, અમ્ર બિન ખાલિદ અને તિરિમ્મા આવ્યા. તિરિમ્માહ બિન અદી તેમના રહેબર હતા. જ્યારે આ લોકો ઇમામ હુસૈન(અલ.)ની સેવામાં હાજર થયા તો હુરે તેમને સંબોધીને કહ્યું : આ લોકો કુફાથી આવ્યા છે, તેમને પકડીને કુફા પાછા મોકલી દઈશ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું તમને આ કામની રજા નહીં આપું. જેવી રીતે તમારી તકલીફોથી હું પોતાનું રક્ષણ કરીશ, એવી જ રીતે તેમનું પણ રક્ષણ કરીશ. કારણ કે આ મારા મદદગારો છે. બિલકુલ એવા જ છે જેવી રીતે મારા

તે સહાબીઓ છે જે મદીનાથી મારી સાથે આવ્યા છે. જો તમે પોતાના તે વાયદાના પાબંદ છો જે મારી સાથે કર્યો છે તો તેમને છોડી દો, નહીં તો જંગ કરવા માટે તૈયાર થઈ જાઓ. હુરે તેમનાથી ઉપેક્ષા કરી.

ઇમામ હુસૈન(અલ.)એ તેમને ફરમાવ્યું : મને કુફાની સ્થિતિ બતાવો. મુજમ્મએ કહ્યું : કુફાના ઉમરાવો (સજ્જનો)ને મોટી લાંચ આપવામાં આવી છે અને તેમની લાલચને માલથી ભરી દેવામાં આવી છે જેથી તેમના દિલ બની ઉમય્યા માટે નરમ થઈ જાય. એટલા માટે જાહેરમાં તે આપના દુશ્મન છે. આમ તેઓ આપની સાથે છે પરંતુ કાલે આપના મુકાબલામાં તલવાર ખેંચીને આવશે.

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)એ પોતાના એલચી કૈસ બિન મુસહ્હર સયદાવી વિશે સવાલ કર્યો. તેમણે કહ્યું : સયદાવીને હસીન બિન નમીરે

ગિરફ્તાર કરીને ઇબ્ને ઝિયાદની પાસે મોકલી દીધા હતા. તેણે કૈસને કહ્યું કે તે આપના વાલિદને મિમ્બર પર બુરૂભલું કહે. પરંતુ કૈસે મિમ્બરથી આપના વાલિદ પર દુરૂદ મોકલ્યું અને ઇબ્ને ઝિયાદ અને તેના બાપ પર લઅનત મોકલી અને લોકોને આપની મદદ કરવાની દઅવત આપી છે અને તેમને આપના આવવાની ખબર આપી છે. ઇબ્ને ઝિયાદના હુકમથી તેમને દારૂલ અમારહની છતથી ફેંકીને શહીદ કરવામાં આવ્યા.

આ સાંભળી ઇમામ હુસૈન(અલ.)ની આંખોમાં આંસુ આવી ગયા અને આપે આ આયત પઢી :

فَمِنْهُمْ مَّنْ قَضٰى نَحْبَهٗ وَمِنْهُمْ مَّنْ يَّنْتَظِرُ وَمَا بَدَّلُوْا تَبْدِيْلًا

(સૂ. અહઝાબ આ-૨૩)

"મોઅમેનીનમાંથી કેટલાક લોકોએ અલ્લાહથી જે કાંઈ વાયદો કર્યો હતો તે સાચો કરી દેખાડ્યો. પછી તેઓમાંથી કેટલાકે પોતાનું વચન પુર્ણ કરી દેખાડ્યું અને કેટલાક રાહ જોઈ રહ્યા છે અને તેમણે (પોતાના નિશ્ચયમાં) કાંઈ ફેરફાર કર્યો નથી."

અને ફરમાવ્યું : અય અલ્લાહ ! જન્નતને અમારૂં અને અમારા શીઆઓનું ઠેકાણું કરાર દે, તેમને અને અમને પોતાની રેહમતના છાંયડામાં જગ્યા આપ. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૧૪૯)

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)એ પોતાના સહાબીઓને સંબોધીને ફરમાવ્યું : તમારામાંથી કોણ આ રસ્તા સિવાય બીજા રસ્તાથી વાકેફ છે ? તિરિમ્માહે કહ્યું : હાં, ફરઝંદે રસૂલ(સલ.) હું રસ્તાનો જાણકાર છું. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું :

ચાલો આગળ આગળ ચાલો. તિરિમ્માહ ઇમામ હુસૈન(અલ.)ની આગળ અને ઇમામ હુસૈન(અલ.) તેમની પાછળ પાછળ ચાલ્યા અને તિરમ્માહે નીચેના શેઅર (રજઝ) પઢવાનું શરૂ કર્યું.

يَانَاقَتِيلَاتَدْعِرِىْمِنْرَجْزِى

وَاَمْضِيبِنَاقَبْلَطُلُوْعِالْفَجْرِ

بِخَيْرِفِتْيَانِوَخَيْرِسَفَرِ

آلِرَسُولِاللّٰهِآلِالْفَخْرِ

السَّادَةِالْبِيْضِالْوُجُوهِالزُّهْرِ

الطَّاعِنِيْنَبِالرِّمَاحِالسَّمْرِ

الضَّارِبِيْنَبِالسُّيُوفِالْبُتْرِ

حِتّٰيتحلِّيبِكَرِيْمِالْفَخْرِ

اَلْمَاجِدِ الْجِدِّ رَحِيْبِ الصَّدْرِ

اَثَابَهُ اللّٰهُ لِغَيْرِ اَمْرِ

عَمَّرَهُ اللّٰهُ بَقَاءَ الدَّهْرِ

يَا مَالِكَ النَّفْحِ مَعاً وَالضُّرِّ

اَيِّدْ حُسَيْنَا سَيِّدِيْ بِالنَّصْرِ

عَلَى الطُّغَاةِ مِنْ بَقَايَا الْكُفْرِ

عَلَى اللَّعِيْنِ نِسْلِ لَيْثِ صَخْرٍ

يَزِيْدُ لَازَ الْخَلِيْفَا الْخُمْرِ

وَابْنَ زِيَادٍ عُمْرِ بْنَا الْعُمَّرِ

"અય મારા ઊંટ તુ ન ડર, સવાર થતા પહેલાં અમને પહોંચાડી દે, મારા સાથીઓ બેહતરીન સવાર અને નેક મુસાફરો છે. રસૂલ(સલ.)નું

ખાનદાન, ગર્વ અને ઇઝ્ઝતવાળું ખાનદાન છે. તેઓ નુરાની ચહેરાવાળા અને ચમકતી પેશાનીવાળા સરદાર છે. તે ઘઉં રંગના નેઝાવાળા છે. ચમકતી તલવાર ચલાવનારા છે. એટલે સુધી કે તુ ફઝીલતવાળા જવાંમર્દની પાસે ઉતરે, જેઓ મહાન, મોટા દિલના છે. અલ્લાહ તેમને બેહતરીન બદલો અર્પણ કરે. જ્યાં સુધી જમાનો બાકી છે. અલ્લાહ તેમને જીવતા અને સલામત રાખે. અય અલ્લાહ! નફો અને નુકસાન તારા ઇખ્તિયારમાં છે. મારા સરદાર ઇમામ હુસૈન(અલ.)ને ગુમરાહો અને કુફ્ફના પસ્ત લોકો પર કામયાબી અતા કર. યઝીદ હંમેશા શરાબ પીએ છે. એવો જ ઇબ્ને ઝિયાદ નાલાયક ઇબ્ને નાલાયક છે." (બિહારૂલ અનવાર ભાગ-૪૪ પેજ-૩૪૮)

તિરિમ્માહે કહ્યું : આપના મદદગારોની સંખ્યા ઘણી ઓછી છે. હુરનું સૈન્ય જ આપ પર

પ્રભુત્વ પામી લેશે. મેં કુફાથી રવાના થવાને એક દિવસ પહેલાં શહેરની બહાર ઘણા લોકોને જોયા, મેં પુછ્યું : આ કોણ છે ? કહ્યું : આ એક સૈન્ય છે જે ઇમામ હુસૈન(અલ.)ની સાથે જંગ કરવા માટે પોતાના હથિયાર તૈયાર કરી રહ્યું છે. આ પહેલાં આટલું મોટું સૈન્ય મેં જોયું ન હતું. હું આપને અલ્લાહની કસમ આપુ છું કે જ્યાં સુધી થઈ શકે આ લોકોથી બચો અને જો એવી જગ્યાએ રહેવા ચાહો છો કે જે આપના માટે મોરચો કરાર પામે અને આપ ત્યાં સુધી સુરક્ષિત રહી શકો તો થોડુંક વિચારો. જેથી કોઈ ઉકેલ નીકળી આવે. આપ મારી સાથે ચાલો જેથી આપને આજા પહાડપર લઈ જાઉં. ("આજા" એક પહાડનું નામ છે. જ્યાં તય કબીલો રહેતો હતો અને આ મંઝિલ ફીદના પશ્ચિમમાં છે.- મરાસિદુલ ઇત્તેલાઅ ભાગ-૧ પેજ-૨૮) અલ્લાહની કસમ! આ પહાડ અમારો મોરચો (મુકાબલાની

જગ્યા) હતો. અહીં અમે ગસ્સાન, હુમૈર અને નોઅમાન બિન મુન્ઝિરના બાદશાહોથી સુરક્ષિત રહેતા હતા. અલ્લાહની કસમ! અમે ક્યારેય તસ્લીમ નથી થયા અને કદી પણ ઝલીલ નથી થયા, આજા પહાડ પર રહેવાવાળા તય અને સલમા કબીલાની પાસે એલચી મોકલો. દસ દિવસની અંદર અંદર તય કબીલો સવાર અને પગપાળા આપની પાસે આવશે અને જ્યાં સુધી આપ ચાહશો અમારી પાસે રહેશે અને ખુદા ન ખ્વાસ્તા કોઈ ઘટના પેશ આવે તો હું આપથી વાયદો કરૂં છું કે તાઇ કબીલાના દસ હજાર આદમી આપના તરફથી જંગ કરશે અને જ્યાં સુધી જીવતા રહેશે ત્યાં સુધી આપના કોઈ પણ માણસને તકલીફ નહીં પહોંચે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ તમને અને તમારા કબીલાને નેક બદલો આપે. અમે અને આ ગિરોહ એટલે કે હુરના લશ્કરે સુલેહ

કરી લીધી છે. હું તેનાથી ફરી નથી શકતો અને આ પણ ખબર નથી કે અમારૂં અને તેમનું શું થશે ? (કામિલ ઇબ્ને અસીર ભાગ-૮ બેજ-૫૦)

તિરિમ્માહ બિન અદી કહે છે : મેં ઇમામ હુસૈન(અલ.)ને વિદાય કરતા કહ્યું : અલ્લાહ આપને જિન્નાત અને ઇન્સાનોના શરથી બચાવે. હું મારા ઘરવાળાઓ માટે કુફાથી ખાવા, પીવાનો સામાન લાવ્યો છું અને તેમના રોટી, કપડાં મારી પાસે છે. હું તેમને આ સામાન પહોંચાડીને આપની પાસે આવું છું. જો આપની સેવામાં હાજર થયો તો જરૂર આપની મદદ કરીશ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ તમારી મગફેરત કરે. જો અમારી મદદનો ઇરાદો છે તો જલ્દી કરો. તિરિમ્માહ કહે છે કે હું સમજી ગયો કે આપને મારી મદદની જરૂર છે. હું મારા ઘરવાળાઓ પાસે ગયો અને તેમને વસીય્યત કરી અને પાછા

ફરવા માટે ઘણી જલ્દી કરી. મારા ઘરવાળાઓ આ ઉતાવળનું કારણ જાણવા લાગ્યા. મેં મારો ઇરાદો જાહેર કર્યો અને બની સઅલના રસ્તાથી પાછો ફર્યો. અહિયાં સુધી કે અઝીબુલ હજાનાત સુધી પહોંચી ગયો. અહીં સમાઆ બિન બદરની મુલાકાત કરી. તેણે મને ઇમામ હુસૈન(અલ.)ના શહીદ થવાની ખબર આપી તો હું પાછો ફર્યો. (નફસુલ મહમુમ પેજ-૧૯૫, આ રિવાયતથી ખબર પડે છે કે તિરિમ્માહ ઇમામ હુસૈન(અલ.)ની શહાદત વખતે કરબલામાં ન હતા.)

(૨૨) કુતકતાનિયા : કુતકતાનિયા કુફાની નજીક એક જગ્યા છે. જ્યાંથી રહીમા લગભગ ૨૨ કિલોમીટર ના અંતર પર છે.(મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૩૮૪)

ઇમામ હુસૈન(અલ.) અઝીબુલ હજાનાતથી રવાના થયા. હુર બિન યઝીદ રિયાહી

પણ આપની સાથે હતા. ૨૯ ઝિલ્હજ, મંગળવારના દિવસે આપ કુતકતાનિયા પર પહોંચ્યા. શૈખ સુદૂક(રહ.)ની કિતાબ અમાલીમાં છે કે ઇમામ હુસૈન(અલ.)એ આ મંઝિલ પર ઉબૈદુલ્લાહ બિન હુર જઅફીથી મુલાકાત કરી. પરંતુ પ્રખ્યાત કથન આ છે કે આ મુલાકાત "કસ્ર બની મકાતિલ" પર થઈ હતી. જેનું વર્ણન આગળ આવશે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૮૬)

(૨૩) કસ્રે બની મકાતિલ : આ કસ્ર મકાતિલ બિન હસ્સાન બિન સઅલબા તરફ નિસ્બત આપવામાં આવે છે. આ જગ્યા અયનુત તમ્ર અને કુતકતાનિયાની વચ્ચે છે. ઈસા બિન અબ્દુલ્લાહે તેને ધ્વસ્ત કરીને ફરી બાંધકામ કર્યું. (મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૩૭૪)

૨૯ ઝિલ્હજ, મંગળવારના દિવસે ૬૦ હિજરીના ઇમામ હુસૈન(અલ.) આ મંઝિલ પર

પહોંચ્યા. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૮૬)

આ મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.)એ એક તંબુ જોયો. જેના કિનારે એક ઘોડો ઉભો હતો, પુછ્યું: આ તંબુ કોનો છે ? લોકોએ બતાવ્યું: ઉબૈદુલ્લાહ બિન હુર જઅફીનો છે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબોહુ પેજ-૧૮૬)

ઇમામ હુસૈન(અલ.)એ હજ્જાજ બિન મસરૂક જઅફીને તેમની પાસે મોકલ્યા, ઉબૈદુલ્લાહ બિન હુર જઅફીએ હજ્જાજ બિન મસરૂકને પુછ્યું : શું પૈગામ લાવ્યા છો ? હજ્જાજ બિન મસરૂકે કહ્યું : જો તમે કબૂલ કરો તો હું તોહફો અને ઇઝ્ઝત લઈને આવ્યો છું. આ હુસૈન(અલ.) છે. તમને પોતાની મદદ માટે બોલાવે છે. જો તમે એમની મદદ કરશો તો અજર મળશે અને જો માર્યા ગયા તો શહાદત નસીબ થશે.

ઉબૈદુલ્લાહ બિન હુરે કહ્યું : ખુદાની કસમ ! જ્યારે હું કુફાથી ચાલ્યો હતો તો તે સમયે મેં ઘણા બધાને જોયા હતા કે ઇમામ હુસૈન(અલ.)સાથે જંગના ઇરાદાથી બહાર નીકળી રહ્યા હતા. તેમના શીઆઓને કચડી નાખવામાં આવ્યા છે. જેનાથી મને યકીન થઈ ગયું કે તેઓ માર્યા જશે અને આ કારણથી કે હું તેમની મદદ નથી કરી શકતો ન હું તેમને મળવા ચાહુ છું અને ન તેઓ મારાથી મુલાકાત કરે.

હજ્જાજ બિન મસરૂક ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પાછા ફર્યા અને આપની સામે ઉબૈદુલ્લાહ બિન હુર જઅફીનો જવાબ નકલ કર્યો. આપ(અલ.) ઉભા થયા અને એક જમાતની સાથે ઉબૈદુલ્લાહના ખયમાની તરફ રવાના થયા. જ્યારે તેની પાસે પહોંચ્યા તો તેણે આપ(અલ.)ને ઓશીકાની પાસે જગ્યા આપી. ઉબૈદુલ્લાહ બિન હુર

કહે છે કે મેં ઇમામ હુસૈન(અલ.) જેવા કોઈને ન જોયા. જ્યારે આપ મારા ખયમા તરફ આવી રહ્યા હતા તો એટલા ખુબસુરત લાગી રહ્યા હતા કે મેં કોઈને પણ આટલા ખુબસુરત જોયા ન હતા. મારા દિલમાં એવી નરમાશ આવી ગઈ હતી કે આજ સુધી કોઈના માટે આવી નરમાશ આવી ન હતી. જ્યારે મેં ઇમામ હુસૈન(અલ.)ને રસ્તા પર જોયા તો જુવાન છોકરાઓ આપની ચારેય તરફ એવા ઘેરેલા હતા જેવી રીતે દિવાની આસપાસ પતંગિયા, મેં આપની દાઢી પર નજર કરી તો બિલકુલ કાળી હતી. મેં કહ્યું : આપના વાળ જ આટલા કાળા છે અથવા ખિઝાબ કર્યો છે ?

ફરમાવ્યું : અય હુરના દીકરા, હું તો બુઢો થઈ ચુકયો છું. હું સમજી ગયો કે ખિઝાબ કર્યો છે. ઇમામ હુસૈન(અલ.) ઉબૈદુલ્લાહના ખયમામાં આવ્યા અને અલ્લાહની હમ્દ અને વખાણ પછી

ફરમાવ્યું : અય હુરના દીકરા ! તમારા શહેરવાળાઓએ મને આવા પત્રો લખ્યા છે કે તેઓ મારી મદદ કરશે અને મને દરખાસ્ત કરી છે કે હું તેમની પાસે આવું, પરંતુ તેમણે જે વાયદો કર્યો હતો તેનાથી ફરી ગયા છે અને તમે ઘણા ગુનેહગાર છો. શું તૌબા દ્વારા આ ખરાબ અમલોને ધોવા નથી માંગતા ?

ઉબૈદુલ્લાહે કહ્યું : અય ફરઝંદે રસુલ(સલ.) આટલા ગુનાહોનો ઇલાજ કઈ રીતે શક્ય છે ?

આપ(અલ.)એ ફરમાવ્યું : પોતાના રસુલ(સલ.) નવાસાની મદદ કરો. ઉબૈદુલ્લાહે કહ્યું : અલ્લાહની કસમ! હું જાણુ છું કે જે આપની પૈરવી કરશે તે કયામતના દિવસે કામયાબ થશે. પરંતુ મારી મદદ આપને દુશ્મનોના હાથોથી કતલ થવાથી નહીં બચાવી શકે. કુફામાં કોઈ પણ આપનો મદદગાર નથી. હું આપની મદદ નહીં કરૂં. કારણ કે

મારૂં નફ્સ મરવા પર રાજી નથી. (આ વ્યક્તિના જવાબને ઝુહૈર બિન કૈનના જવાબથી "કે બંનેએ સફરના દરમિયાન ઇમામ હુસૈન અલ.ની મુલાકાત કરી હતી." સરખામણી કરો. જેથી આ ખબર પડી જાય કે કામયાબી અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કરવું સ્વયં ઇન્સાનના ઇખ્તિયારમાં છે. ઉબૈદુલ્લાહે કહ્યું : હું જાણુ છું કે આપની મદદથી મને કામયાબી પ્રાપ્ત થશે. પરંતુ મારો નફ્સ મરવા પર રાજી નથી. જ્યારે ખવારીઝમીના લખ્યા મુજબ ઝુહૈર બિન કૈન કહે છે કે જો હું આપની સાથે અલ્લાહના રસ્તામાં માર્યો જાઉં તો પણ કતલ થવાને પસંદ કરીશ.-મકતલુલ હુસૈન ખવારીઝમી ભાગ-૧ પેજ-૨૪૭) પરંતુ મારો ઘોડો "જેને મુલહકા કહે છે" આપને આપી રહ્યો છું. અલ્લાહની કસમ આ ઘોડાની સાથે મેં જે ચીજ પ્રાપ્ત કરવા માંગી તે

મળી ગઈ અને મુકાબલામાં સૌથી આગળ લઈ ગયો છું.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : જો તમે અમારી મદદ નથી કરી શકતા તો અમને તમારા ઘોડાની જરૂરત નથી અને મને ગુમરાહોની મદદની જરૂરત નથી. પરંતુ હું તમને આ નસીહત કરૂં છું કે અહિયાંથી એટલી દૂર ચાલ્યા જાઓ કે જ્યાંથી અમારી ફરીયાદ ન સાંભળી શકો અને અમારી જંગ ન જોઈ શકો. ખુદાની કસમ! જો કોઈ અમારી અવાજ સાંભળે અને અમારી મદદ ન કરે તો અલ્લાહ તેને આગમાં નાખી દેશે. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૮૯)

અમ્ર બિન કૈસ

અમ્ર બિન કૈસ મશરિકી કહે છે કે હું મારા પિતરાઇ ભાઈની સાથે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયો તે સમયે આપ કસ્ર બની મકાતિલમાં હતા. મેં આપ(અલ.)ને સલામ કરી. મારા પિતરાઈ ભાઈએ ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું : મને આપની દાઢી ઘણી કાળી દેખાઈ રહી છે. આ કાળાશ ખુદ આપના વાળોનો રંગ છે?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : ખિઝાબ છે. અમે બની હાશિમના વાળ જલ્દી સફેદ થાય છે. પછી માલૂમ કર્યું, શું તમે અમારી મદદ કરશો ? મેં કહ્યું : હું બાલ-બચ્ચાવાળો છું. લોકોનો ઘણો માલ મારી પાસે છે અને હું નથી જાણતો કે નતીજો શું આવશે અને મને આ પણ પસંદ નથી કે લોકોની

અમાનતો બરબાદ કરું. મારા પિતરાઈ ભાઈએ પણ આ જ જવાબ આપ્યો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમે અહિયાંથી ચાલ્યા જાઓ. કારણે કે જે પણ અમારી ફરિયાદ સાંભળશે અથવા અમને જોશે અને અમારી અવાજ પર લબ્બૈક નહીં કહે અને મદદ નહીં કરે અલ્લાહ તેને ઊંધા મોં જહન્નમમાં નાખી દેશે. (સવાબુલ આમાલ વ ઇકાબુલ આમાલ પેજ-૩૦૮)

(૨૪) નયનવા : નયનવા કુફાના નજીક એક ઇલાકો છે તેનો જ ભાગ કરબલા છે. જ્યાં ઇમામ હુસૈન(અલ.) શહીદ કરવામાં આવ્યા. (મોઅજમુલ બુલદાન પેજ-૩૩૯)

ઉકબા બિન સમ્આન કહે છે : રાતના છેલ્લા ભાગમાં ઇમામ હુસૈન(અલ.)એ હુકમ આપ્યો કે કસ્રે બની મકાતિલથી પાણી ભરીને નીકળો. જ્યારે અમે ત્યાંથી રવાના થયા અને એક કલાક

જેટલી મુસાફરી કરી. ઇમામ હુસૈન(અલ.) સવારી પર સૂઈ ગયા હતા. થોડીક વાર પછી "ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઊન વલ્હમ્દો લિલ્લાહી રબ્બિલ આલમીન." કહેતા કહેતા જાગૃત થયા અને બે ત્રણ વાર આ શબ્દો પઢ્યા.

અલી ઇબ્નુલ હુસૈન(અલ.)એ પોતાના વાલિદને સંબોધીને કહ્યું : બાબા જાન ! હું આપ પર કુરબાન થઈ જાઉં. આપે અલ્લાહની હમ્દ અને આયતે ઇસ્તરજાઅ પઢી. તેનું શું કારણ છે ? આપ(અલ.)એ ફરમાવ્યું : દીકરા સફર દરમિયાન મને ઊંઘ આવી ગઈ હતી. (ખવારીઝમીએ આ જ ખ્વાબના વિષયમાં કહ્યું છે કે આ સઅલબિયા મંઝિલમાં જોયું હતું.-મકતલુલ હુસૈન અલ. ખવારીઝમી ભાગ-૧ પેજ-૨૨૬)

મેં ખ્વાબમાં જોયું કે એક માણસ ઘોડા પર સવાર છે અને કહી રહ્યો છે આ લોકો મોતની તરફ

જઈ રહ્યા છે અને મોત તેમની તરફ આવી રહી છે. હું સમજી ગયો કે આ અમને અમારી મોતની ખબર આપી રહ્યો છે.

અલી ઇબ્નુલ હુસૈન(અલ.)એ કહ્યું : બાબા જાન ! અલ્લાહ આપથી દરેક પ્રકારની મુસીબતને દૂર રાખે. શું આપણે હક પર નથી ? ઇમામ(અલ.)એ ફરમાવ્યું : કસમ છે તે જાતની જેની તરફ બધાએ પાછા ફરવાનું છે. આપણે હક પર છીએ. અલી ઇબ્નુલ હુસૈને કહ્યું : જો આપણે હક પર છીએ તો મોતની પરવા નથી.

આપ(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ તમને આવો જ નેક બદલો આપે. જેવી રીતે એક બાપ પોતાના દીકરાને નેક બદલો આપે છે. (તારીખે તબરી ભાગ-૫ પેજ-૪૦૭)

જ્યારે સવાર પડી તો ઇમામ હુસૈન(અલ.) ઘોડાથી ઉતર્યા અને સવારની નમાઝ અદા કરીને

જલ્દીથી ઘોડા પર સવાર થઈ ગયા અને સહાબીઓ અને મદદગારો સાથે રવાના થયા, હુર ઇચ્છતા હતા કે આપને કુફા તરફ લઈ જાય પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ સખ્તીથી વિરોધ કર્યો. અહિયાં સુધી કે ચાશ્તના સમયે નયનવાની સરજમીન પર પહોંચ્યા. અચાનક દૂરથી એક હથિયારબંધ સવાર દેખાયો તે કુફાથી આવી રહ્યો હતો. બધા ઊભા થઈ તેને જોવા લાગ્યા. તેણે નજીક આવીને હુર અને તેના સાથીઓને સલામ કરી. ઇમામ હુસૈન(અલ.) અને આપના સાથીઓ તરફ ધ્યાન ન આપ્યું. ત્યાર પછી તેણે હુરને એક પત્ર આપ્યો જે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે લખ્યો હતો. તેનો વિષય આ હતો : જ્યારે મારો પત્ર તમને મળે અને મારો એલચી તમારી પાસે આવે તો હુસૈન(અલ.)ના બધા રસ્તા બંધ કરી દેશો અને એવી જગ્યા ઉતરવા પર મજબુર કરી દેશો જ્યાં પાણી અને મોરચો ન હોય.

મેં એલચીને કહી દીધું છે કે તે તમારાથી અલગ ન થાય. અહીં સુધી કે મારી પાસે આ ખબર લાવે કે તમે મારા હુકમની તાબેદારી કરી છે. વસ્સલામ. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પેજ-૫૧)

ઇબ્ને નુમાએ જાબિર બિન અબ્દુલ્લાહ સમ્આનથી નકલ કર્યું છે કે જ્યારે અમે નયનવા પહોંચ્યા તો કન્દહ કબીલાનો એક આદમી જેનું નામ માલિક બિન બશીર હતું આવ્યો. (મુસીરૂલ અહઝાનમાં આ વ્યક્તિનું નામ માલિક બિન બશીર આવ્યું છે. પરંતુ નફસુલ મહમુમમાં માલિક બિન નસીર છે.) હુર માટે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો પત્ર લાવ્યો.આ પત્ર લાવવાવાળાને અબુશ શઅશા કન્દીએ જોયો અને કહ્યું : આ તો કોઈ ઓળખીતો લાગે છે. કહ્યું : તુ માલિક બિન નસીર તો નથી ? તેણે કહ્યું : હાં, તે પણ કન્દહ કબીલાથી હતો.

અબુશ શઅશાએ કહ્યું : તારી "મા" તારા ગમમાં બેસે, શું લાવ્યો છે ? તેણે કહ્યું : શું લાવ્યો છું? પોતાના ઇમામનું ફરમાન પહોંચાડયું છે અને પોતાની બયઅતનો હક અદા કર્યો છે. અબુશ શઅશાએ કહ્યું : તેં તારા પરવરદિગારની નાફરમાની કરી છે. તેં તારા ઇમામની પૈરવી તે ખબર આપીને કરી જે તારી હલાકતનું કારણ છે. તેં ઝિલ્લત અને દોઝખને ખરીદી છે. તારો ઇમામ ઘણો ખરાબ ઇમામ છે. અલ્લાહતઆલાનું ફરમાન છે :

وَجَعَلْنَاهُمْ أَئِمَّةً يَدْعُونَ إِلَى النَّارِ وَيَوْمَ الْقِيَامَةِ لَا يُنصَرُونَ

(સૂ. કસસ-૪૧)

"અને અમે તેમને ઇમામ કરાર દીધા છે જેઓ જહન્નમ તરફ દઅવત આપે છે અને કયામતના દિવસે તેમની મદદ કરવામાં નહીં

આવે." તારો ઇમામ આ લોકોમાંથી જ છે. (નફસુલ મહમૂમ પેજ-૨૦૪)

હુર ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા અને આપને તે પત્ર સંભળાવ્યો. આપે ફરમાવ્યું : અમને નયનવા અથવા ગાઝરીયા અથવા શફીય્યામાં ઉતરવા દો. (ગાઝરીયા એક ગામ છે જેને બની અસદના ગાઝરીયા તરફ નિસ્બત આપવામાં આવે છે. શફીય્યા બની અસદનો એક કુંવો છે.-મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૯૨ / અમુકનું કહેવું છે કે શફીય્યા કરબલાના નજીક એક પ્રખ્યાત શહેરનું નામ છે જેને આજ કલ "શિફાસા" કહે છે. -જિલાઉલ ઉયૂન શબ્બર ભાગ-૨ પેજ-૧૫૯) હુરે કહ્યું : આ શક્ય નથી. કારણ કે ઉબૈદુલ્લાહે આ પત્રમાં લખ્યું છે કે તેણે મારી દેખરેખ માટે જાસુસ નક્કી કર્યા છે. ઝુહૈરે કહ્યું : ફરઝંદે રસુલ(સલ.)! આ પછી સ્થિતિ વધારે

સખત થઈ જશે. એટલા માટે આ લોકો સાથે હમણાં જંગ કરવી આસાન છે. કસમ છે મારી જાનની આ પછી એટલું લશ્કર આવી જશે કે જેનાથી જંગ કરવી આપણી તાકાત નથી.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું આ ગિરોહ સાથે જંગની શરૂઆત કરીશ નહીં. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨ પેજ-૮૪)

ઝુહૈરે કહ્યું : અહીં નજીકમાં કુરાતની પાસે એક ગામ છે. ત્યાં પડાવ નાખવા માટે ટેકરીઓ પણ છે અને તેની ત્રણ તરફ કુરાત છે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ ગામનું શું નામ છે ? કહ્યું : તેને અકર કહે છે. ઇમામ(અલ.)એ ફરમાવ્યું : હું અકરથી અલ્લાહની પનાહ ચાહું છું. (અકર બાબુલના એક પ્રદેશને કહે છે. આ કરબલાની નજીક છે. રિવાયતમાં છે કે જ્યારે ઇમામ હુસૈન અલ. કરબલા પહોંચ્યા અને

ઉબૈદુલ્લાહની ફોજે આપને ઘેરી લીધા તો આપે પોતાના સહાબીઓથી માલુમ કર્યું. આ ગામનું શું નામ છે ? તેમણે જવાબ આપ્યો તેને અકર કહે છે. ફરમાવ્યું : હું અકરથી અલ્લાહની પનાહ ચાહું છું. પછી આપ સલ.એ માલુમ કર્યું : આ સરજમીનને શું કહેવાય છે જ્યાં હમણાં આપણે છીએ ? કહ્યું : કરબલા, ઇમામ અલ.એ ફરમાવ્યું : કર્બ અને બલાની જમીન.-મોઅજમુલ બુલદાન ભાગ-૪ પેજ-૪૪૫) ત્યાર પછી આપે હુરને સંબોધીને ફરમાવ્યું : આપણે થોડુંક આગળ વધવું જોઇએ. આ રીતે આપે હુર અને પોતાના સાથીઓની સાથે થોડોક રસ્તો પસાર કર્યો અહીં સુધી કે કરબલા પર પહોંચ્યા. (મકતલુલ હુસૈન અલ. મુકર્રમ પેજ-૧૯૧)

પ્રકરણ : ૭ : કરબલામાં પ્રવેશ

કરબલા તે સરજમીન છે જ્યાં ઇમામ હુસૈન (અલ.)શહીદ કરવામાં આવ્યા હતા. આ જગ્યા કુફાની નજીક રણ પ્રદેશમાં ફુરાતની બાજુમાં છે. (મરાસિદુલ ઇત્તેલાઅ,ભાગ ૩,પાના-૧૧૫૪)

બે મોહર્રમ, ૬૧ હીજરી ગુરૂવારના દિવસે ઇમામ હુસૈન (અલ.) કરબલાની જમીન પર પહોંચ્યા.(અલ ઇમામ હુસૈન વ અસ્હાબુહુ, અલબદાઅ વત્તારીખ, ભાગ-૬)

અબુ ઇસ્હાક ઇસ્ફરાઇનીના મકતલની કીતાબમાં લખ્યું છે કે ઇમામ હુસૈન (અલ.) પોતાના સહાબીઓ સાથે સફર કરતા કરતા એક શહેર સુધી પહોંચ્યા. ઈમામ (અલ.)એ તે શહેરના રહેવાસીઓને તે શહેરનું નામ પૂછ્યું: લોકોએ જવાબ આપ્યો કે તેને શત્તે ફુરાત કહેવાય છે.

ઇમામ (અલ.)એ ફરમાવ્યું તેનું બીજું પણ કોઇ નામ છે ? લોકોએ કહ્યું કે તેને કરબલા પણ કહેવામાં આવે છે. આ સાંભળી ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહની કસમ ! આ કરબ અને બલા (તકલીફ અને મુસીબત)ની જમીન છે. પછી ફરમાવ્યું: આ જમીનની એક મુઠ્ઠી માટી મને આપો. માટી લઇને સૂંઘી અને થોડીક માટી પોતાના ખિસ્સામાંથી કાઢી અને ફરમાવ્યું આ માટી જીબ્રઇલ (અલ.) મારા નાના માટે અલ્લાહ પાસેથી લાવ્યા હતા અને ફરમાવ્યું હતું કે આ માટી ઇમામે હુસૈન (અલ.)ની તુરબત છે. ત્યારબાદ કરબલાની માટીને જમીન પર નાખી દીધી અને ફરમાવ્યું કે આ બંને માટીની સુગંધ સરખી છે.

સીબ્તે ઇબ્ને જવઝીની કીતાબ તઝકીરામાં લખેલું છે કે ઇમામ હુસૈન(અલ.) જ્યારે તે શહેર પાસે પહોંચ્યા આપે ફરમાવ્યું: આ જમીનનું શું નામ

છે? લોકોએ કહ્યું : કરબલા! આ સાંભળીને ઈમામ રડ્યા અને ફરમાવ્યું: કરબો બલા. પછી આપે ફરમાવ્યું: મને ઉમ્મે સલમાએ ખબર આપી છે કે જીબ્રઇલ(અલ.) રસુલ અકરમ(સલ.)ની ખીદમતમાં હાજર હતા અને તમે મારી પાસે હતા. તે સમયે તમે રોવા લાગ્યા. રસુલ અકરમ(સલ.)એ ફરમાવ્યું: અય ઉમ્મે સલમા ! મારા દીકરાને છોડી દો. મેં તમને છોડી દીધા. પછી રસુલુલ્લાહ(સલ.)એ તમને પોતાની બાજુમાં બેસાડી દીધા. જીબ્રઇલ (અલ.)એ કહ્યું: યા રસુલલ્લાહ ! શું તમે હુસૈન(અલ.)ને ચાહો છો ? આપ(સલ.)એ ફરમાવ્યું બેશક, હું તેમની સાથે મોહબ્બત કરૂં છું. આ સાંભળી જીબ્રઈલ(અલ.)એ કહ્યું કે તમારી ઉમ્મત તેમને કતલ કરી નાખશે. જો તમે ચાહો તો હું તમને તે જમીન બતાવી શકું છું જ્યાં તેમને શહીદ કરવામાં આવશે. રસુલે અકરમ (સલ.)એ ફરમાવ્યું કે અય જીબ્રઈલ ! મને તે

જમીન બતાવો. ત્યારે જીબ્રઇલ (અલ.)એ કરબલાની જમીન દેખાડી.

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને કહેવામાં આવ્યું કે આ કરબલાની જમીન છે તો ઇમામ(અલ.)એ તે માટીને સૂંઘી અને ફરમાવ્યું: આ તે જ જમીન છે જેના વિશે જીબ્રઈલ (અલ.)એ મારા નાના રસુલ અકરમ(સલ.)ને ફરમાવ્યું હતું કે મને આ જગ્યાએ કતલ કરવામાં આવશે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબુહ, પાન-૧૯૭)

સય્યદ ઇબ્ને તાઉસ કહે છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) આ જમીન પર પહોંચ્યા તો પૂછ્યું : આ જમીનનું શું નામ છે? તેમને કહેવામાં આવ્યું કે તેનું નામ કરબલા છે. આ સાંભળી ઈમામ(અલ.)એ પોતાના સહાબીઓને ફરમાવ્યું: તમે અહીં ઊતરી જાવ. આપણી મંઝિલ(અંતિમ સ્થળ) આ જ છે. રસુલ અકરમ(સલ.)એ મને જણાવ્યું છે કે અહીં

આપણું ખૂન વહાવવામાં આવશે અને અહીં જ આપણી કબરો બનશે. (અલ્લુહુફ,પાના- ૩૫)

બીજી એક રીવાયતમાં બયાન થયું છે કે ઈમામ હુસૈન(અલ.)એ તે જમીનનું નામ કરબલા સાંભળ્યા પછી ફરમાવ્યું : ઊભા રહો અને આગળ ન વધો. અહીંયા આપણા ઊંટો બેસશે, અહીં આપણું ખૂન વહાવવામાં આવશે. અલ્લાહની કસમ ! અહીં અમારૂં અપમાન કરવામાં આવશે. અમારા બાળકોને તલવારથી શહીદ કરવામાં આવશે અને આ જ જમીન પર અમારી કબરોની ઝિયારત કરવામાં આવશે. મારા નાના રસુલુલ્લાહ (સલ.)એ જે વાયદો કર્યો છે તે પૂરો થઇને રહેશે. (અલ-ઇમામુલ હુસૈન અલ. વ અસ્હાબુહ, પાના-૧૯૮, આ વાક્ય ઇસ્બાતુલ હુદાત,ભાગ-૨,પાના- ૫૮૬ પર વર્ણન થઈ છે.)

ત્યાર બાદ અમારા સાથીઓ ઊતરી ગયા અને સામાન ઊતારી લીધો. બીજી બાજું હુર અને તેમના લશ્કરે ઇમામના ખૈમાઓની સામે પોતાના ખૈમા નાખ્યા. (કશ્કુલ ગુમ્મહ, ભાગ-૨, પાના- ૪૭)

બીજી મોહર્રમે હુરે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદને પત્ર લખ્યો અને તેને ખબર આપી કે ઇમામ હુસૈન(અલ.) કરબલામાં દાખલ થઈ ગયા છે. (કશ્કુલ ગુમ્મહ, ભાગ-૨, પાના- ૪૭)

ઇમામ હુસૈન(અલ.)ની દુઆ

ઇમામ હુસૈન (અલ.)એ પોતાના ભાઇઓ તથા એહલેબૈત (અલ.)ને ભેગા કર્યા અને તેમને જોઈને રડ્યા અને ફરમાવ્યું: અય અલ્લાહ ! અમે તારા રસુલ મુહમ્મદ(સલ.) ની ઇતરત છીએ. અમને અમારા જદના હરમથી કાઢી મૂકવામાં આવ્યા છે. બની ઉમય્યાએ અમારા હકમાં ઝુલ્મ કર્યો છે. અય અલ્લાહ ! અમને અમારો હક પાછો અપાવ અને અમને ઝાલીમોની સામે કામયાબી આપ. (મકતલુલ હુસૈન, મુકર્રમ, પાના- ૧૯૩)

ઉમ્મે કુલસુમે ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું: અય ભાઇ! આ જમીન પર મારી અજીબ હાલત થઇ રહી છે.

દુ:ખ અને ગમના વાદળો મારા દીલ પર છવાઇ ગયા છે. ઇમામ હુસૈન (અલ.)એ તેમની

બહેનને દિલાસો આપ્યો. (વકાએઉલ અય્યામ, ખ્યાબાની, પાના- ૧૭૧)

કરબલાની જમીન પર આવ્યા પછી ઈમામ(અલ.)એ પોતાના સહાબીઓને ફરમાવ્યું:

اَلنَّاسُ عَبِيدُ الدُّنْيَا وَالدِّينُ لَعِقٌ عَلَى أَلْسِنَتِهِمْ يَحُوطُونَهُ مَا دَرَّتْ مَعَايِشُهُمْ فَإِذَا مُحِّصُوا بِالْبَلَاءِ قَلَّ الدَّيَّانُونَ

બિહારૂલ અન્વાર, ભાગ-૪૪, પાના- ૨૮૩ અને ભાગ- ૭૫, પાના-૧૧૬

લોકો દુનિયાના ગુલામ છે અને દીનને સ્વાદિષ્ટ વસ્તુની જેમ સમજે છે. જ્યાં સુધી તેમને તેનો સ્વાદ સારો લાગે છે ત્યાં સુધી તેને પકડી રાખે છે અને જ્યારે પરીક્ષાથી પસાર થવું પડે છે તો દીનદારોની સંખ્યા ઘણી ઓછી થઇ જાય છે.

ઈમામ હુસૈન(અલ.)નો કૂફાવાસીઓને પત્ર

ઇમામ હુસૈન(અલ.)એ કલમ અને કાગળ માંગ્યો અને કુફાના તે સરદારોને સંબોધીને પત્ર લખ્યો કે જેમના વિશે તેમને યકીન હતું કે તેઓ તેમના અભિપ્રાય પર બાકી રહેશે.

بِسۡمِاللّٰہِالرَّحۡمٰنِالرَّحِیۡم

આ પત્ર હુસૈન ઇબ્ને અલી(અલ.) તરફથી સુલેમાન ઇબ્ને સુરદ, મુસય્યબ ઇબ્ને નજ્બા, રીફાઆ બિન શીદાદ, અબ્દુલ્લાહ બિન વાલી અને મોમીનોના એક સમૂહને છે. તમે બધા જાણો છો કે રસુલ અકરમ(સલ.)એ પોતાની જીંદગીમાં ફરમાવ્યું હતું: જે માણસ ઝાલીમ બાદશાહને જુએ કે તે અલ્લાહની હરામ કરેલી વસ્તુઓને હલાલ અને હલાલ કરેલી વસ્તુઓને હરામ બનાવી રહ્યો છે, વાયદાને તોડીને સુન્નતનો વિરોધ કરી રહ્યો છે અને અલ્લાહના બંદાઓ

પર ઝુલ્મ કરી રહ્યો છે અને જો કોઈ માણસ પોતાની વાતો અને અમલથી આ ઝાલીમ બાદશાહનો વિરોધ ન કરે તો લાયક છે કે અલ્લાહતઆલા આ માણસ માટે એ જ અઝાબ નક્કી કરે જે પેલા ઝાલીમ બાદશાહ માટે નક્કી કર્યો છે.

તમે બધા જાણો છો અને બની ઉમય્યાને ઓળખો છો કે તેઓ શૈતાનની પૈરવી કરીને અલ્લાહની ઇતાઅતથી મોઢું ફેરવી લીધું છે. તેઓ જમીન પર ફસાદ કરી રહ્યા છે અને અલ્લાહની હદોને પાયમાલ કરી રહ્યા છે. તેમણે અલ્લાહની હલાલ કરેલી વસ્તુઓને હરામ અને હરામ કરેલી વસ્તુઓને હલાલ સમજી લીધી છે.

તમારા પત્રો મને મળ્યા. તમારા સંદેશવાહક મારી પાસે પહોંચ્યા અને તેમણે મને કહ્યું કે તમે મારી બયઅત કરી લીધી છે અને જંગના મૈદાનમાં ક્યારેય તમે મને એકલા નહીં છોડો અને કદી પણ મને

દુશ્મનના હવાલે નહીં કરો. હવે જો તમે તમારા વચન અને બયઅત પર મક્કમ અને અડગ છો “કે એ જ સીધો રસ્તો છે” તો હું તમારી સાથે અને મારૂં ખાનદાન તમારા ખાનદાન સાથે છે અને હું તમારો રેહબર અને ઇમામ છું અને જો તમે તમારો વાયદો તોડી નાખ્યો અને મારી બયઅતથી બહાર નીકળી ગયા તો મારી જાનની કસમ ! મને તેના પર આશ્ચર્ય નથી કેમકે તમે મારા વાલીદે મોહતરમ, મારા ભાઇ અને મારા પિતરાઇ ભાઇ (ચાચાના દીકરા) જનાબે મુસ્લીમ(અલ.) સાથે જે કર્યું છે તે હું જાણું છું. જે માણસ તમારા ધોકામાં આવી જાય એ બિનઅનુભવી છે. તમે તમારા નસીબથી મોઢું ફેરવો છો અને મારી સાથે ન હોવાના કારણે તમારો ફાયદો તમે ખોઇ નાખ્યો છે. વાયદાને તોડનાર અને દગાબાજને તેનું પરિણામ ભોગવવું પડશે. નજીકમાં અલ્લાહતઆલા મને તમારાથી બેનિયાઝ કરી દેશે.

وَالسَّلَامُ عَلَيْكُمْ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُه

ઇમામ(અલ.)એ પત્રને બંધ કર્યો, મોહર લગાવી અને કૈસ બિન મુસહર સૈદાવીનેઆપ્યો (અમે પહેલા બયાન કરી ચૂક્યા છીએ કે કૈસ બિન મુસહરને ઇમામ હુસૈન (અલ.)એ બત્નુરરમ્માથી મોકલ્યા હતા. પરંતુ આ વાક્યથી એવું લાગે છે કે કૈસને ઇમામ (અલ.)એ કરબલાથી કુફા મોકલ્યા હતા. આ અશક્ય નથી કે ઉપરોક્ત મંઝિલથી અબ્દુલ્લાહ ઇબ્ને યક્તીરને અને કરબલાથી કૈસ ઇબ્ને મુસહરને કુફા મોકલ્યા હોય.) જેથી તે પત્ર કુફા લઇ જાય. જ્યારે ઇમામ(અલ.)ને કૈસના શહીદ થવાની ખબર મળી તો રડ્યા અને ફરમાવ્યું: અય અલ્લાહ ! અમને તથા અમારા શીયાઓને તારી પાસે ઉચ્ચ દરજ્જો આપ અને અમને તેમની સાથે તારી રેહમતના સાયામાં રાખ. બેશક તું દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. (બિહાર, ભાગ-૪૪, પાના-૩૮૧)

ઇમામ(અલ.)ના અન્સારનું પોતાના વિચારોને રજૂ કરવું

ત્યારબાદ ઇમામ હુસૈન (અલ.)એ અલ્લાહની પ્રશંસા અને વખાણ કર્યા અને મુહમ્મદ અને આલે મુહમ્મદ (અલ.)પર દુરૂદ મોકલી અને તે જ ખુત્બો જે અમે મન્ઝીલે ઝુ હસમમાં વર્ણન કર્યો છે ઇમામે આપ્યો. (તબ્રી લખે છે કે ઇમામ હુસૈન (અલ.)એ આ ખુત્બો "ઝુ હસમ" માં આપ્યો હતો. અમુક લોકો કહે છે કે કરબલામાં દાખલ થયા પછી આપ્યો હતો.)

ઇમામ હુસૈન (અલ.)ના ખુત્બો આપ્યા પછી ઝુહૈર ઊભા થયા અને કહ્યું: અય રસુલ(સલ.)ના ફરઝંદ! અમે તમારી વાત સાંભળી. જો દુનિયા હંમેશા બાકી રહેત અને અમે પણ આ દુનિયામાં હંમેશા રહેવાના હોત તો પણ અમે તમારી સાથે આ

ઇન્કિલાબ લાવવાને અને તમારા પર જાન કુરબાન કરવાને આ દુનિયામાં હંમેશા રહેવા કરતા અગ્રતા આપત.

ત્યાર બાદ બુરૈર ઊભા થયા (બુરૈર બિન ખુઝૈર અમીરૂલ મુઅમીનીન (અલ.)ના સહાબી હતા. તાબેઇનમાંથી હતા. શહેરમાં ઝોહ્દ અને ઇતાઅતમાં પ્રખ્યાત હતા. કબીલએ હમદાનમાં તેમનું ઘણું માન હતું. વસીલતુદ્દારૈન,પાના-૧૦૬) અને કહ્યું: અય રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદ! અલ્લાહતઆલાએ તમારા વસીલાથી અમારા પર એહસાન કર્યો કે અમે તમારી સાથે રહીને જેહાદ કરીએ અને અમારૂં બદન આપનો ધ્યેય પ્રાપ્ત કરવા માટે ટુકડે ટુકડા થાય અને ક્યામતના દિવસે તમારા જદ અમારી શફાઅત કરનાર બને. (અલ્લુહુફ,પાના-૩૨)

પછી નાફેઅ બિન હીલાલ પોતાની જગ્યાએથી ઊભા થયા અને કહ્યું: અય રસુલુલ્લાહ (સલ.)ના ફરઝંદ! તમે જાણો છો કે તમારા જદ રસુલુલ્લાહ(સલ.) પણ પોતાની મોહબ્બત બધાના દીલોમાં નહોતા ઉતારી શક્યા. જેથી તેમની ઈચ્છા પછી પણ બધાએ આપનો હુકમ ન માન્યો. કેમ કે લોકો દરમિયાન એવા મુનાફિકો હતા જે મદદ કરવાનું વચન તો આપતા હતા પરંતુ દીલમાં બેવફાઇની નીય્યત રાખતા હતા. આ લોકો સામે તો મધથી વધારે મીઠા અને પાછળ ઝેરથી વધારે કડવા હતા. અલ્લાહતઆલાએ આપના જદ રસુલુલ્લાહ (સલ.)ને પણ પોતાની રેહમતમાં બોલાવી લીધા. તમારા પિતા અલી (અલ.) સાથે પણ આમ જ થયું. અમુક લોકો આપની મદદ માટે ઊભા થયા અને નાકેસીન, કાસેતીન અને મારેકીન સાથે જંગ કરી. થોડા સમય પછી તેઓ પણ

અલ્લાહની રેહમતમાં પહોંચી ગયા. આજે તમે અમારા દરમિયાન છો જેમણે વચનનું ભંગ કર્યું અને બયઅત તોડી નાખી તેઓ નુકસાનમાં રહ્યા અને અલ્લાહતઆલા આપને તેમનાથી બેનિયાઝ કરશે. તમે અમને પૂર્વ અથવા પશ્ચિમમાં જ્યાં ઇચ્છો ત્યાં લઇ જાવ. અલ્લાહની કસમ ! અમે તેની કઝાથી નથી ડરતા અને અલ્લાહની મુલાકાતથી નારાજ નથી. અમે દીલની બસીરત સાથે તે માણસને ચાહીએ છીએ જે તમને ચાહે છે અને તમારી સાથે મિત્રતા અને મોહબ્બત રાખે છે અને જે તમારો દુશ્મન છે તેને અમે દુશ્મન સમજીએ છીએ. (મકતલુલ હુસૈન, મુકરીમ, પાના-૧૯૪)

ઇમામ હુસૈન (અલ.)ના નામે ઉબૈદુલ્લાહનો પત્ર

જ્યારે ઉબૈદુલ્લાહને ઇમામ હુસૈન (અલ.)ની કરબલામાં પહોંચવાની જાણ થઈ તો ઉબૈદુલ્લાહે ઇમામ હુસૈન(અલ.)ને આ રીતે પત્ર લખ્યો કે મને ખબર પડી છે કે તમે કરબલામાં ખૈમા નાખ્યા છે અને અમીરૂલ મુઅમેનીન યઝીદે મને લખ્યું છે કે હું તમને અલ્લાહતઆલા પાસે મોકલ્યા વગર ન આરામની ઊંઘ લઈશ અને ન પેટ ભરીને ખાઇશ સિવાય કે તમે મારા અને યઝીદ ઇબ્ને મુઆવિયાના હુકમની સામે તસલીમ થઇ જાવ.

વસ્સલામ

ઇમામ હુસૈન(અલ.)એ આ પત્ર વાંચીને ફેંકી દીધો અને ફરમાવ્યું: તે લોકો ક્યારેય કામયાબ

નથી થતા જેઓ ખાલીકને નારાજ કરીને મખલૂકને ખુશ કરે છે. ઉબૈદુલ્લાહના કાસીદે કહ્યું: અય અબુ અબ્દીલ્લાહ ! પત્રનો જવાબ શું આપું? ઇમામ(અલ.) એ ફરમાવ્યું: તેનો જવાબ નથી આપી શકાતો. કેમકે ઉબૈદુલ્લાહ માટે અલ્લાહનો અઝાબ નિશ્ચિત છે. કાસિદ(સંદેશવાહક) ઉબૈદુલ્લાહ પાસે ગયો અને ઇમામ હુસૈન (અલ.)નો જવાબ સંભળાવ્યો: ઉબૈદુલ્લાહ ઘણો પરેશાન થઇ ગયો. તેણે ઉમર બિન સઅદ તરફ જોયું અને તેને ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાનો હુકમ આપ્યો.

ઘણા સમયથી ઉમર બિન સઅદ રેય શહેરના ગવર્નર બનવાના સપના જોતો હતો. તેને આ હોદ્દો મેળવવાની ઘણી લાલચ હતી. જ્યારે તેણે ઉબૈદુલ્લાહથી ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા બાબત માફી ચાહી તો ઉબૈદુલ્લાહે તેને કહ્યું: જો તું ઈમામ હુસૈન(અલ.) સાથે જંગ ન કરવા ચાહતો

હોય તો પછી 'રેય' ની ગવર્નરપદનો પરવાનો(આદેશ પત્ર) મને પાછો આપી દે.

આ બનાવથી થોડીકવાર પહેલા જ ઉબૈદુલ્લાહે ઉમર બિન સઅદને હુકમ આપ્યો હતો કે ૪૦૦૦ સૈનિકો લઇને 'રેય' તરફ નીકળી જાય. કેમકે ત્યાં દેલ્મીયાન લોકોએ વર્ચસ્વ જમાવી લીધું હતું. ઇબ્ને ઝિયાદે 'રેય' ના ગવર્નર બનવાનો પરવાનો ઉમર ઇબ્ને સઅદના નામે લખી દીધો હતો. ઉમર ઇબ્ને સઅદ પણ ત્યાં જવા માટે તૈયાર થઇ ગયો હતો અને તે દરમિયાન ઇબ્ને ઝિયાદને આ ખબર પહોંચી કે ઇમામ હુસૈન(અલ.) કુફા તરફ આવી રહ્યા છે. તેથી તેણે ઉમર ઇબ્ને સઅદને બોલાવ્યો અને તેને કહ્યું: તું ઇમામ હુસૈન(અલ.) તરફ જા અને ત્યાંનું કામ સમાપ્ત થયા પછી રેય તરફ જવા માટે નીકળજે.

આ જ કારણ હતું કે ઉમર બિન સઅદ નહોતો ચાહતો કે રેયની હુકૂમત તેના હાથથી ચાલી જાય.

તેણે ઇબ્ને ઝિયાદને કહ્યું: આજે મને વિચારવાનો સમય આપો. તારીખમાં લખેલું છે કે આ બાબત પર (ઈમામ હુસૈન (અલ.) સાથે જંગ કરવી કે નહીં) ઉમર બિન સઅદે આખી રાત વિચાર્યું અને પોતાને કહ્યું:

أَأَتْرُكُ مُلْكَ الرَّيِّ وَالرَّيُّ رَغْبَتِي

أَمْ أَرْجِعُ مَذْمُوماً بِقَتْلِ حُسَيْنٍ

وَفِي قَتْلِهِ النَّارُ الَّتِي لَيْسَ دُونَهَا

حِجَابٌ وَمُلْكُ الرَّيِّ قُرَّةُ عَيْنِي

શું હું રેયની હુકૂમતને છોડી દઉં જ્યારે કે એ તો મારી આરઝુ છે અથવા એ કે ઇમામ હુસૈન(અલ.)ને કતલ કરીને મખલૂકે ખુદાની લઅનત અને ટીકાનો પાત્ર બની જાઉં અને

ઇમામ હુસૈન (અલ.)ને કતલ કરવાથી જહન્નમ નિશ્ચિત છે.

પણ રેયની હુકૂમત મારી આંખોની ઠંડક છે. (મકતલુલ હુસૈનઅલ. મુકર્રમ પેજ-૧૯૭)

ત્યારબાદ ઉમરે સઅદે આ વાતને તેના ખાસ દોસ્તો અને સાથીઓ સામે સલાહ લેવા માટે રજૂ કરી. બધાએ તેને હુસૈન ઇબ્ને અલી(અલ.) સાથે જંગ કરવાની મનાઈ કરી. તેનો ભાણેજ હમ્ઝા ઇબ્ને મુગૈરાએ તેને કહ્યું: તમને અલ્લાહની કસમ આપું છું કે આવું કામ ન કરો. કેમકે હુસૈન(અલ.) સાથે જંગ કરવી અલ્લાહની નાફરમાની છે અને કત્એ રહમ(રીશ્તો તોડવો) છે. અલ્લાહની કસમ ! આખી દુનિયા તમારી પાસે હોય અને જો તમારી પાસેથી લઈ લેવામાં આવે તો આ તેના કરતા બેહતર છે કે તમે દુનિયાથી જાવ અને તમારી ગરદન પર હુસૈન (અલ.)નું ખૂન હોય. ઉમર બિન સઅદે કહ્યું: ઇન્શાલ્લાહ હું તમારી સલાહ પ્રમાણે જ કરીશ અને હુસૈન બિન અલી(અલ.)ને કતલ નહીં કરું.

અમ્માર ઇબ્ને અબ્દુલ્લાહ

અમ્માર ઇબ્ને અબ્દુલ્લાહે પોતાના વાલીદથી રીવાયત વર્ણન કરી છે કે તે વખતે હું ઉમર બિન સઅદ પાસે પહોંચ્યો જ્યારે તે કરબલા તરફ જવા માટે નીકળી રહ્યો હતો.

તેણે મને કહ્યું : મને અમીરે(યઝીદ) હુકમ આપ્યો છે કે હું હુસૈન(અલ.) તરફ જાઉં. મેં તેને કહ્યું કે આ ઇરાદાથી રોકાઈ જા અને આવું ના કર. જ્યારે હું તેની પાસેથી નીકળ્યો ત્યારે એક માણસ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો: ઉમર ઇબ્ને સઅદે લોકોને ઈમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાની દઅવત આપી છે. હું તેની પાસે ફરીથી ગયો ત્યારે તે બેઠો હતો. ઉમર બિન સઅદે મને જોઈને મારાથી મોઢું ફેરવી લીધું. હું સમજી ગયો કે તે જંગ માટે જવા ઈચ્છે છે એટલે હું પાછો આવી ગયો.

ઉમર બિન સઅદ ઇબ્ને ઝિયાદની પાસે ગયો અને કહ્યું: મને આટલી મોટી જવાબદારી સોંપી છે અને તેના બદલામાં મને રેયની હુકૂમત આપી છે આ બાબતની લોકોને પણ ખબર છે. પરંતુ મારે તમને એક વાત કહેવી છે કે આ જંગમાં મને કુફાના અમુક અગ્રણી અને મોટી વ્યક્તિઓની જરૂર છે. તમે તેમને બોલાવો જેથી ફોજ આ કામમાં મારો સાથ આપે. ત્યાર બાદ તેણે કુફાની અમુક મોટી વ્યક્તિઓના નામો બતાવ્યા. આ સાંભળીને ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે કહ્યું: આ બાબતમાં અમે તારી સલાહ નહીં લઇએ કે અમે કોને મોકલીશું. જો તું આ સમુહની જવાબદારી લઇ શકે છે જે તારી સાથે છે તો ઠીક છે નહીં તો રેયની હુકૂમતને ભૂલી જા. ઉમર બિન સઅદે જ્યારે ઉબૈદુલ્લાહનું આવું વલણ જોયું તો કહ્યું હું જરૂર કરબલા જઇશ. (તારીખે તબરી,ભાગ-૫,પાના ૪૦૯)

ત્રણ મોહર્રમ

ઇમામ હુસૈન(અલ.) બીજી મોહર્રમના કરબલા પહોંચ્યા અને તેના એક દિવસ પછી એટલે કે ત્રીજી મોહર્રમના ઉમરે સઅદ ૪૦૦૦ સિપાહીઓ સાથે કરબલા પહોંચ્યો. (ઇરશાદે શૈખ મુફીદ,ભાગ-૭, પાના ૮૪) અમુક લોકોએ લખ્યું છે કે ઉમર બિન સઅદનો કબીલો 'બનુ ઝહેરા' તેની પાસે આવ્યો અને તેને કહ્યું અમે તમને અલ્લાહની કસમ આપીએ છીએ કે આવું ન કરો અને ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ માટે ન જાવ. કેમકે તેનાથી અમારા અને બની હાશીમ દરમિયાન દુશ્મની પેદા થશે.

તેમની વાતનો ઉમરે સઅદના દીલ પર અસર થયો અને તરત જ તે ઇબ્ને ઝિયાદ પાસે ગયો અને પોતાનું રાજીનામું આપી દીધું. પરંતુ

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે તેનું રાજીનામું ન સ્વીકાર્યું જેથી તે મજબૂર થઇ ગયો. (તબકાત ઇબ્ને સઅદ તરજુમએ ઇમામ હુસૈન અલ.,પાના ૬૯)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઉમર બિન સઅદના બે દીકરા હતા. તેમાંથી એક દીકરાનું નામ હફ્સ હતું જે પોતાના બાપને ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે પ્રોત્સાહન આપતો હતો અને તે બાબતે ઉત્તેજિત કરતો હતો. પરંતુ બીજો દીકરો ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાનો સખત વિરોધી હતો. છેવટે હફ્સ પણ પોતના બાપ સાથે કરબલા ગયો.(અલ ઇમામુલ હુસૈન વ અસ્હાબુહુ, પાના ૨૨૨)

કરબલાની જમીન ખરીદવી

ત્રીજી મોહર્રમની જે ઘટનાઓ બયાન થઇ છે તેમાંથી એક આ છે કે ઇમામ હુસૈન (અલ.)એ નયનવા અને ગાઝરીયાના લોકો પાસેથી કરબલાની જમીન ૬૦,૦૦૦ દીરહમમાં ખરીદી જ્યાં હાલમાં આપનો રોઝો મુબારક છે અને તેમને ફરમાવ્યું કે જે લોકો મારી કબ્રની ઝિયારત માટે આવે તમે તેમને માર્ગદર્શન આપજો અને મારા ઝાએરને ત્રણ દિવસ સુધી તમારા મેહમાન રાખજો. (મજમઉલ બહરૈન, ભાગ ૫, પાના ૪૬૧ લુગતે કરબલા)

ઈમામ હુસૈન(અલ.)ના અન્સારની હોશિયારી

ઉમર બિન સઅદે કરબલા પહોંચીને અઝરહ બિન કૈસ અહમસીને ઇમામ હુસૈન (અલ.) પાસે મોકલ્યો જેથી તે ઈમામ(અલ.)ને સવાલ કરે કે તેઓ અહીં શા માટે આવ્યા છે અને તેમનો શું ઈરાદો છે ? અઝરહ એ લોકોમાંથી હતો જેણે ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખીને કૂફા આવવાની દાવત આપી હતી. તેથી તેને ઈમામ હુસૈન(અલ.) સામે આવવાની શરમ આવતી હતી. જેથી ઉમરે સઅદે કૂફાના તમામ બુઝુર્ગો કે જેમણે ઈમામ હુસૈન(અલ.)ને પત્ર લખીને કૂફા આવવાની દાવત આપી હતી તેમને આ કામ સોંપ્યું. પરંતુ તેમનામાંથી કોઇએ પણ આ જવાબદારી કબૂલ ન કરી. છેવટે કસીર ઇબ્ને અબ્દુલ્લાહ જે ઘણો જ ઉદ્ધત અને બેશરમ માણસ હતો તે ઊભો થઇને

કહેવા લાગ્યો હું હુસૈન(અલ.) પાસે જઇશ અને જો તમે ચાહો તો હું તેમને કતલ પણ કરી નાખીશ.

ઉમરે સઅદે કહ્યું: હજી સુધી મારો આવો કોઇ ઇરાદો નથી. માત્ર તું તેમની પાસે જઇને આ સવાલ કર કે આ જમીન પર આવવાનો તમારો શું મકસદ છે ? કસીર બિન અબ્દુલ્લાહ જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના ખૈમા તરફ આવતો હતો ત્યારે ઇમામ હુસૈન (અલ.)ના અન્સારમાંથી અબુ સમામા સાએદીએ કસીર બિન અબ્દુલ્લાહને જોયો. તેઓ તરત જ ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં પહોંચ્યા અને કહ્યું કે આ વ્યક્તિ જે આવી રહ્યો છે તેનાથી વધારે ખરાબ માણસ આ જમીન પર બીજું કોઈ નથી.

ત્યાર બાદ અબુ સમામાએ કસીર બિન અબ્દુલ્લાહનો રસ્તો રોક્યો અને કહ્યું: તારી તલવારને મૂકી દે પછી ઇમામ(અલ.)ની પાસે જા.

કસીરે કહ્યું: અલ્લાહની કસમ ! હું આવું ક્યારેય નહીં કરૂં. હું માત્ર સંદેશ પહોંચાડનાર છું. જો મને જવા દેશો તો હું મારો સંદેશ પહોંચાડીશ નહીંતર પાછો ચાલ્યો જઇશ.

અબુ સમામાએ કહ્યું: ઠીક છે. તો મારો હાથ તારી તલવાર પર રહેશે અને તું તારો સંદેશ પહોંચાડી દેજે. કસીર બિન અબ્દુલ્લાહે કહ્યું: અલ્લાહની કસમ ! હું તમને આ કામની રજા નહીં આપું. અબુ સમામાએ કહ્યું: તો પછી તું મને તારો પૈગામ બતાવ હું ઈમામ (અલ.)ની ખીદમતમાં પહાંચાડી દઇશ કેમકે તું ઘણો જ ખરાબ માણસ છે અને હું તને ઇમામ હુસૈન(અલ.) સુધી નહીં જવા દઉં.

આ શાબ્દિક સંઘર્ષ પછી કસીર બિન અબ્દુલ્લાહ પાછો ચાલ્યો ગયો અને ઉમર બિન સઅદને પરિસ્થિતિની જાણ કરી. તો ઉમર બિન

સઅદે કુર્રા બિન કૈસ હન્ઝલીને બોલાવ્યો અને કહ્યું: અય કુર્રા ! તમે હુસૈન(અલ.)ની મુલાકાત કરો અને તેમને આ સરજમીન પર આવવાનું કારણ પૂછો.

કુર્રા આવ્યો. ઇમામ હુસૈન (અલ.)એ પોતાના અસ્હાબને ફરમાવ્યું: શું તમે આ માણસને ઓળખો છો? હબીબ ઇબ્ને મઝાહીરે કહ્યું: હા, આ તમીમી છે. હું તેને સારા વિચારોવાળો, ભલો અને નેક ઈન્સાન સમજતો હતો. હું તો આ વિચારી પણ નહોતો શક્તો કે તે અહીં આવશે! કુર્રા બિન કૈસ ઈમામ હુસૈન(અલ.) પાસે આવ્યો. તેમને સલામ કરી અને પોતાનો સંદેશ પહોંચાડયો. ઇમામ હુસૈન (અલ.)એ ફરમાવ્યું: તમારા શહેરના લોકોએ મને પત્ર લખીને બોલાવ્યો છે અને જો મારૂં આવવું તમને પસંદ ન હોય તો હું પાછો ચાલ્યો જાઉં. કુર્રા જ્યારે પાછો જવા લાગ્યો તો હબીબ બિન મઝાહીરે તેને કહ્યું: અય કુર્રા! અફસોસ છે તારા ઉપર કેમ

ઝાલીમો તરફ પાછો જઇ રહ્યો છે ? એમની મદદ કરો કે જેમના નાના ના વસીલાથી તમને હિદાયત મળી છે અને સીધા રસ્તા પર આવ્યા છો.

કુર્રા બિન કૈસે કહ્યું : પહેલા હું આ સંદેશનો જવાબ ઉમર બિન સઅદ સુધી પહોંચાડી દઉં પછી આ બાબત પર વિચાર કરીશ. તે ઉમર બિન સઅદ પાસે પાછો ચાલ્યો ગયો અને તેને સ્થિતિની જાણ કરી. ઉમર બિન સઅદે કહ્યું: આશા છે કે અલ્લાહ મારા માટે એવો રસ્તો પેદા કરશે કે જેથી મારે હુસૈન(અલ.)સાથે જંગ નહીં કરવી પડે. (તારીખે તબરી, ભાગ-૫, પાના ૪૧૦)

ઉમર બિન સઅદનો પત્ર

હીસાન બિન ફાએદ કહે છે કે હું ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદ પાસે હતો. તેને ઉમર બિન સઅદનો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું: જ્યારે હું પોતાના લશ્કર સાથે હુસૈન(અલ.)ના મુકાબલામાં જઇને ઉતર્યો તો તેમની પાસે એક સંદેશવાહક મોકલ્યો અને આ સરજમીન પર તેમનું આવવાનું કારણ જાણવા ઇચ્છયું. તેમણે જવાબ આપ્યો કે કુફાવાળાઓએ મને અનેક પત્રો લખ્યા, પોતાના પ્રતિનિધીઓ મારી પાસે મોકલ્યા અને મને બોલાવ્યો છે. જો તમે મારા આવવાથી નારાજ છો તો હું પાછો ચાલ્યો જઇશ. ઉબૈદુલ્લાહે જ્યારે ઉમર બિન સઅદનો પત્ર વાંચ્યો તો કહ્યું :

الآنوقدعُلِقَتْمَخَالِبُنابه

يَرْجُوالنَّجَاةوَلَاتَحِيْنَمَنَاص

(તારીખે તબરી, ભાગ-૫, પાના ૪૧૧)

હવે જ્યારે અમારા પંજામાં ફસાઈ ગયા છે નજાતની આશા રાખે છે. પરંતુ આ હાલતથી ભાગવાનો કોઇ રસ્તો નથી.

પત્રનો જવાબ

ઉબૈદુલ્લાહે ઉમરે સઅદને લખ્યું કે તમારો પત્ર મળ્યો અને પરિસ્થિતીની જાણ થઇ. હુસૈન(અલ.)ને કહો કે તે પોતે અને તેમના સાથીઓ યઝીદની બયઅત કરે. જો તેમણે બયઅત કરી લીધી તો પછી હું મારા વિચારો જણાવીશ.

જ્યારે ઉમર બિન સઅદને પત્ર મળ્યો તો કહ્યું: મને એવું લાગે છે કે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ શાંતિ અને આરામ નથી ચાહતો. (તારીખે તબરી, ભાગ-૫૫, પાના ૪૯)

ઉમર બિન સઅદે ઇબ્ને ઝિયાદના પત્રની ઇમામ હુસૈન(અલ.)ને જાણ ન કરી. કેમકે તે જાણતો હતો કે ઈમામ હુસેન(અલ.) ક્યારેય યઝીદની બયઅત નહીં કરે. (બિહારૂલ અન્વાર, ભાગ-૪૪, પાના ૩૮૫)

ઉમરે સઅદને કરબલા મોકલ્યા પછી પણ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ હજી એક ઘણું મોટું લશ્કર મોકલવાના વિચારમાં હતો. અમુક લોકોએ લખ્યું છે કે કુફાવાળાઓ ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાનું પસંદ નહોતા કરતા. એટલા જ માટે જેને પણ ઈમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા મોકલતા હતા તે પાછો આવી જતો હતો. ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે સુવૈદ બિન અબ્દુર્રહમાનને હુકમ આપ્યો કે જંગથી ભાગી જનારાઓની તપાસ કરે અને જંગથી પીઠ ફેરવનારાઓને તેની પાસે હાજર કરે. તેણે એક શામના રહેવાસીને જો કે તે છાવણીથી કોઇ મહત્ત્વના કામ માટે કૂફા આવ્યો હતો પકડીને ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદની પાસે હાજર કરી દીધો. ઉબૈદુલ્લાહે તેને કાંઈ પણ સવાલ કે પૂછપરછ કર્યા વગર તેની ગરદન ઉડાડી દેવાનો હુકમ આપ્યો. જેથી બીજાઓ માટે ઇબરત (બોધપાઠ) બની જાય. લખ્યું છે કે તે શામી પોતાનો વારસો લેવા માટે કૂફા આવ્યો હતો. (અખ્બારુત્તીવાલ,પાના ૨૫૩)

પ્રકરણ : ૮ : ઉબૈદુલ્લાહ બિન ઝીયાદ નુખૈલહના મકામ પર

ઉબૈદુલ્લાહ પોતે પણ કુફાથી નુખૈલહ તરફ નીકળ્યો.નુખૈલહ કુફાથી નજીક અને શામ તરફ એક જગ્યા છે ત્યાંથી બહાર જવા માટે ફૌજ ભેગી થતી હતી. ઉપરાંત તેણે એક બીજા માણસને હસીન બિન તમીમ પાસે મોકલ્યો જે તે સમયે કાદસીયામાં હતો. તે(હસીન) પોતાના ૪૦૦૦ના લશ્કર સાથે નુખૈલહ આવી ગયો. ત્યાર બાદ ઉબૈદુલ્લાહે કસીર બિન શબાબ હારસી, મુહમ્મદ બિન અશઅસ, કઅકાઅ બિન સુવૈદા અને અસ્માઅ બિન ખારીજાને બોલાવ્યા અને કહ્યું: કુફામાં ફરો અને લોકોને મારી અને યઝીદની ઈતાઅત માટે હુકમ કરો. તેમને મારી નાફરમાની અને ફીત્નો કરવાથી ડરાવો. તે લોકોને છાવણીમાં બોલાવો. આ ચાર માણસોએ હુકમ પ્રમાણે અમલ કર્યો. તેમાંથી ત્રણ નુખૈલહમાં ઉબૈદુલ્લાહ પાસે પાછા

આવી ગયા અને કસીર બિન શહાબ કુફામાં જ રોકાઇ ગયો અને ગલીઓમાં ફરી ફરીને લોકોને ફૌજી કેમ્પ તરફ જવા માટે પ્રોત્સાહન આપતો હતો અને ઇમામ હુસૈન (અલ.)ની મદદ કરવાથી ડરાવતો હતો. (અન્સાબુલ અશરાફ, ભાગ-૩, પાના ૧૭૮)

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે પોતાના અને ઉમર બિન સઅદ દરમિયાન ઘોડેસવાર સૈનિકોની એક ટુકડી તૈયાર કરી. જેથી જરૂરતના સમયે તેમની મદદ લઇ શકાય. ઉબૈદુલ્લાહે જ્યારે નુખૈલહમાં પોતાની લશ્કરી છાવણી સાથે પડાવ નાખ્યો હતો ત્યારે અમ્માર બિન સલામા નામના શખ્સે ઉબૈદુલ્લાહને મારીને તેનું નામોનિશાન મીટાવી દેવાનો અને તેના અસ્તિત્વથી જમીનને પાક કરવાનો ઇરાદો કર્યો. પરંતુ તે કામયાબ ન થઈ શક્યો એટલે કરબલા ચાલ્યો ગયો અને ઇમામ હુસૈન (અલ.)ની મદદમાં શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. (અન્સાબુલ અશરાફ, ભાગ-૩, પાના ૧૮૦)

ચાર મોહર્રમ

મરહુમ ખ્યાબાનીએ વકાએઉલ અય્યામમાં ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદનું કુફામાં મીમ્બર પર જવું અને લોકોને ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે ઉશ્કેરવાના કીસ્સાને ચોથી મોહર્રમના કીસ્સાઓમાં વર્ણન કર્યો છે.ચોથી મોહર્રમનાઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે લોકોને મસ્જિદે કુફામાં ભેગા કર્યા અને મીમ્બર પર જઇને કહ્યું: અય લોકો ! તમે અબુ સુફ્યાનના ખાનદાનને સારી રીતે ઓળખો છો. તમે તેમને એવા જ પામ્યા જેવી રીતે તમે ચાહતા હતા. તમે બધા સારી રીતે જાણો છો કે યઝીદ સારા અખ્લાકવાળો છે. પોતાની પ્રજા પર એહસાન કરે છે.

તે જે કાંઈ લોકોને બક્ષીસ આપે છે તે હક છે. તેના બાપ(મુઆવીયા) પણ આવા જ હતા. તેણે

મને હુકમ આપ્યો છે કે તમને વધુમાં વધુ બક્ષિસ અને ભેટ સોગાદ આપું. તમને આપવા માટે થોડાક પૈસા મારી પાસે મોકલ્યા છે. એટલા માટે કે તમારા દરમિયાન વહેંચું અને તેના દુશ્મન હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે મોકલું. (ત્યારબાદ ધમકીભર્યા શબ્દોમાં કહે છે) યાદ રાખો ! બધા કાન ખોલીને સાંભળી લો યઝીદની ઇતાઅત કરો.

ત્યાર બાદ તે મીમ્બર પરથી ઉતરી ગયો અને શામના લોકો માટે પણ બક્ષિસ નક્કી કરી (આનાથી ખબર પડે છે કે ઈમામ હુસૈન અલ. સાથે જંગ કરવામાં શામીઓ પણ ભાગીદાર હતા.) અને શહેરમાં આ એલાન કરાવવાનો હુકમ આપ્યો કે લોકો મોરચા પર જવા માટે તૈયાર થાય. આટલું કહીને તે પોતે અને તેના સાથીઓ નુખૈલહ તરફ નીકળ્યા.

તેણે હસીન બિન નુમૈર, હીજાર બિન અબ્હર, શીસ બિન રબઇ અને શીમ્ર બિન ઝિલજવશનને કરબલા તરફ મોકલ્યા. જેથી ઈમામ હુસૈન(અલ.) સાથેની જંગમાં તેઓ ઉમર બિન સઅદની મદદ કરે. (અખ્બારૂ ત્તિવાલ, પાના ૨૫૪)

ઉમર બિન સઅદના કરબલા ગયા પછી સૌથી પહેલા શીમ્ર બિન ઝિલજવશને એલાન કર્યું કે તે ૪૦૦૦ અનુભવી સિપાહીઓ સાથે ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે તૈયાર છે. પછી યઝીદ બિન રકાબ કલ્બી ૨૦૦૦ સૈનિકો સાથે, હસીન બિન નુમૈર ૪૦૦૦ સૈનિકો સાથે, મઝાયીર બિન રહીના માઝની ૩૦૦૦ સૈનિકો સાથે અને નસર બિન હરસા ૨૦૦૦ સૈનિકો સાથે ઈમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે તૈયાર થયા. આ રીતે કુલ વીસ હજારની ફૌજ થઇ ગઇ. (બિહારૂલ અન્વાર, ભાગ-૪૪, પાના ૩૮૬)

પાંચ મોહર્રમ

શીસ બિન રબીઇ રસુલ અકરમ (સલ.)ના સમયમાં હતો અને સજ્જાહનો કે જેણે નબુવ્વતનો દાવો કર્યો હતો તેનો મુઅઝ્ઝીન હતો. પછી તે મુસલમાન થઇ ગયો હતો. જંગે સીફ્ફીનમાં હઝરત અલી(અલ.)થી જુદા થઇ ગયો અને ખવારિજ સાથે જોડાઇ ગયો હતો. ત્યારબાદ તૌબા કરી અને ફરીથી ઇમામ હુસૈન (અલ)ના કાતિલોમાંથી થઇ ગયો. મદાઇની કહે છે કે તે કુફામાં શામની ફૌજનો અફસર હતો. અજલી કહે છે કે અલી(અલ.)ના કત્લમાં પણ તેનો હાથ હતો અને જે લોકોએ પત્ર લખીને ઈમામ હુસૈન(અલ.)ને કુફા આવવાની દાવત આપી હતી તેમાંથી એક આ પણ હતો. (વસીલતુદ દારૈન, પાના-૮૯)

પાંચ મોહર્રમ, રવિવારના દિવસે ઉબૈદુલ્લાહે શીસ બિન રબઇની શોધ માટે એક માણસને મોકલ્યો કે તે દારૂલ અમારહમાં હાજર થાય. શીસ બિન રબઇએ એટલા માટે બીમાર હોવાનો ઢોંગ કર્યો હતો કે કરબલાના ફીત્નાથી તેને માફ કરવામાં આવે. પરંતુ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે તેની પાસે સંદેશ મોકલ્યો કે તમે તે લોકોમાંથી ન થઇ જશો જેમના વિશે કુરઆને મજીદ ફરમાવે છે : જ્યારે મોમીનોથી મુલાકાત થાય છે તો કહે છે કે અમે ઇમાન લાવ્યા છીએ અને જ્યારે પોતાના દોસ્તો અને શૈતાનોથી મળે છે તો કહે છે અમે હકીકતમાં તમારી સાથે છીએ. મોમીનો સાથે તો મશ્કરી કરીએ છીએ. (સુરે બકરહ, આ-૧૪) તેણે યકીન અપાવ્યું કે અમારા હુકમ સામે સર ઝુકાવો છો અને અમારી ઇતાઅત કરો છો તો અમારી પાસે આવો.

શીસ બિન રબઇ રાતના સમયે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદની પાસે આવ્યો જેથી તેના ચહેરાથી બીમાર છે કે સારો તે ઉબૈદુલ્લાહને ખબર ન પડે. ઇબ્ને ઝિયાદે તેનું સ્વાગત કર્યું અને પોતાની પાસે બેસાડયો અને કહ્યું કે તમારે કરબલા જવું જોઇએ. શીસ ઇબ્ને રબીઇએ કહ્યું: ઠીક છે, ઉબૈદુલ્લાહે તેને હજાર સૈનિકો સાથે કરબલા મોકલ્યો. (અવાલીમુલ ઉલુમ, ૧૭/૨૩૭)

ત્યાર બાદ ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે હુર બિન કૈસને પાંચસો સવારો સાથે પુલે સીરાતપર ઉભો રાખ્યો અને કહ્યું: જે માણસ કુફાથી ઇમામ હુસૈન(અલ.)ની મદદના ઇરાદાથી નીકળે તો તેને ન જવા દેશો. આમીર બિન અબી સલામા જેઓ ઇમામ હુસૈન (અલ.) પાસે જવા માંગતા હતા ઝહ્ર બિન કૈસની સામેથી પસાર થયા. ઝહ્ર બિન કૈસે તેમને કહ્યું: હું તમારા ઇરાદાને જાણું છું. તમે ઈમામ

હુસૈન(અલ.)ની મદદ માટે જવા માંગો છો. હું તમને હુકમ કરૂં છું કે પાછા ફરી જાવ. પરંતુ આમીર બિન અબી સલામાએ ઝહર અને તેના સિપાહીઓ પર હુમલો કર્યો અને ફૌજને ચીરીને નીકળી ગયા અને કોઇનામાં હિમ્મત ન થઈ કે તેમનો પીછો કરે.

આમીર કરબલા પહોંચીને ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. આમીર હઝરત અલી ઇબ્ને અબી તાલીબ(અલ.)ના સહાબી હતા અને જુદી જુદી જંગોમાં આપની સાથે રહીને જંગ કરી હતી. (મકતલુલ હુસૈન અલ., મુકર્રમ, પાના ૧૯૯)

ઉમર બિન સઅદના લશ્કરની સંખ્યા

ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે જે લશ્કર ઉમર બિન સઅદ સાથે કરબલામાં આવ્યું હતું તેમની સંખ્યા વિશે મતભેદ છે.

પરંતુ આ નુક્તાને યાદ રાખવો જોઇએ કે તે સમયની હુકૂમત તરફથી મળતી મદદ, પગાર, કપડા, હથિયાર અને જંગનો સામાન લેનારાઓની સંખ્યા ત્રીસ હજાર હતી.

મુફઝ્ઝલ બિન ઉમરે ઇમામે સાદીક(અલ.)થી રિવાયત વર્ણન કરી છે કે ઈમામ સાદીક(અલ.)એ ફરમાવ્યું : હુસૈન ઇબ્ને અલી(અલ.) પોતાના ભાઇ હસન(અલ.) પાસે ગયા અને તેમને જોઇને રોવા લાગ્યા. ઈમામ હસન (અલ.)એ તેમને રોવાનું કારણ પૂછયું. ઈમામ હુસૈન(અલ.)એ કહ્યું કે આપ પર આવનાર

મુસીબતોને કારણે રોઇ રહ્યો છું. હસન(અલ.)એ ફરમાવ્યું : મને ઝહેરથી કતલ કરવામાં આવશે પરંતુ અય અબુ અબ્દિલ્લાહ તમારી મુસીબત જેવો કોઇ દિવસ નથી. એવા ત્રીસ હજાર માણસો જે રસુલ અકરમ (સલ.)ના ઉમ્મતી અને મુસલમાન હોવાનો દાવો કરતા હશે તેઓ તમને કતલ કરશે. એહલે હરમનું અપમાન કરીને તેમને અસીર કરશે અને તેમનો માલ લૂંટી લેશે. તે સમયે અલ્લાહતઆલા બની ઉમય્યા પર લઅનત કરશે, આસમાનથી લોહીનો વરસાદ થશે અને દરેક વસ્તુ એટલે સુધી કે માછલીઓ પણ તમારા પર રડશે. (અલ્લુહુફ,પાના-૧૧)

છ મોહર્રમ

૬ મોહર્રમે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદે ઉમર બિન સઅદને એક પત્ર લખ્યો કે મેં સવાર અને પગપાળા ઘણી બધી ફૌજ અને જંગની બીજી જરૂરી સાધન સામગ્રી તમને આપી છે. ઉપરાંત હું ખાસ એ વાતની તાકીદ કરું છું કે જંગનો રાત દિવસનો રીપોર્ટ અમને જરૂર જણાવશો. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૪, પાના – ૩૮૭)

દુશ્મનના લશ્કરની હાલત

જ્યારે લોકોને ખબર પડી કે ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવી અલ્લાહ અને તેના રસુલ(સલ.) સાથે જંગ કરવા બરાબર છે તો અમુક લોકો રસ્તામાંથી જ ફૌજથી જુદા થઇને ભાગી ગયા. લખ્યું છે કે એક સેનાપતિ કુફાથી હજાર સૈનિકો સાથે નીકળ્યો હતો. પરંતુ કરબલા પહોંચતા સુધી તેની પાસે ફક્ત ત્રણસો સૈનિકો રહી ગયા હતા અને બાકીના સૈનિકો તે જંગ પર અકીદો ન રાખવાના કારણે જંગને છોડીને ચાલ્યા ગયા હતા. (હયાતુલ ઇમામ હુસૈન અલ., ભાગ ૩, પાના - ૧૧૮)

ઈમામ હુસૈન (અલ.)નો મોહંમદ બિન હનફીયાના નામે પત્ર

ઇમામ મહંમદ બાકિર(અલ.) ફરમાવે છે: ઇમામ હુસૈન(અલ.)એ કરબલાથી મોહંમદ બિન હનફીયાના નામે એક પત્ર લખ્યો જેનો વિષય આ હતો :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ مِنَ الْحُسَيْنِ بْنِ عَلِيٍّ اِلٰى مُحَمَّدِ بْنِ عَلِيٍّ وَمَنْ قِبَلَهُ مِنْ بَنِيْ هَاشِمٍ، اَمَّا بَعْدُ فَكَأَنَّ الدُّنْيَا لَمْ تَكُنْ وَكَأَنَّ الْآخِرَةَ لَمْ تَزَلْ وَالسَّلَام

(કામિલુઝ ઝિયારાત, પાના - ૭૫)

આ હુસૈન ઇબ્ને અલી (અલ.)નો પત્ર મોહંમદ બિન અલી અને બની હાશીમના લોકો માટે છે. (અલ્લાહતઆલાના વખાણ પછી) સમજો કે દુનિયાનું અસ્તિત્વ જ ન હતું અને આખેરત હંમેશાથી હતી અને છે... વસ્સલામ

ઇમામ હુસૈન(અલ.)ની મદદ અને બની અસદ

આજના દિવસે (છ મોહર્રમ) હબીબ ઇબ્ને મઝાહિરે ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું: અય રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદ ! અહીંથી થોડીક દૂર બની અસદ રહે છે. જો આપની રજા હોય તો હું તેમની પાસે જાઉં અને તેમને તમારી પાસે હાજર થવા માટે દાવત આપું. શક્ય છે કરબલામાં બની અસદના આવવાના કારણે અલ્લાહતઆલા આપને દુશ્મનોના શરથી સુરક્ષિત રાખે.

ઇમામ હુસૈન (અલ.)એ રજા આપી. હબીબ ઇબ્ને મઝાહિર રાતના સમયે બહાર નીકળ્યા અને બની અસદ પાસે જઈને કહ્યું :

હું તમારા માટે બેહતરીન તોહફો લાવ્યો છું. હું તમને રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદની મદદ

કરવા માટે દાવત આપું છું. તેમની પાસે એવા મદદગાર અને પોતાની જાન કુરબાન કરનાર સાથીઓ છે કે તે બધા જ હજાર લડવૈયાથી બેહતર છે. તેઓ ક્યારેય ઈમામ હુસૈન (અલ.)ને એકલા નહીં છોડે અને તેમને દુશ્મનને નહીં સોંપી દે. ઉમર બિન સઅદે મોટા લશ્કર સાથે તેમને ઘેરી લીધા છે. અય બની અસદ ! તમે મારી કૌમ અને કબીલામાંથી છો એટલા માટે હું તમને નેકીના રસ્તા તરફ હીદાયત કરૂં છું. આજે મારી વાત માની લો અને તેમની મદદ માટે ચાલો. દુનિયા અને આખેરતમાં તમે વિજેતા બની જશો. હું કસમ ખાઉં છું કે જો તમારામાંથી એક માણસ અલ્લાહના રસ્તામાં રસુલુલ્લાહ(સલ.)ની દીકરીના દીકરા સાથે શહીદ થાય અને અલ્લાહ પાસે સવાબ હાસીલ કરવાની ઉમ્મીદ રાખતો હોય તો જન્નતમાં તે રસુલુલ્લાહ(સલ.) સાથે હશે.

તે સમયે બની અસદમાંથી અબ્દુલ્લાહ બિન બશીર ઊભો થયો અને કહ્યું: સૌ પ્રથમ હું આ દાવતને કબૂલ કરૂં છું. પછી તેણે આ રજ્ઝ પઢયા :

قَدْعَلِمَالْقَوْمُإِذْتَوَاكَلُوا

وَاَحْجَمَالْفُرْسَانُإِذْتَنَاقَلُوا

اَنِّيشُجَاعٌبطَلٌمُقَاتِلُ

كَأَنِّيلَيْثُعَرِيْنٍبَاسِلُ

(જ્યારે આ લોકો જંગ માટે તૈયાર થાય છે અને જંગનો ભાર અને સખતીથી ગભરાય છે ત્યારે તેઓ મને જુએ છે અને જાણી લે છે કે હું ગારના સિંહની જેમ બહાદુર અને હિંમ્મતવાન છું.)

ત્યાર બાદ કબીલાના બીજા નવ માણસો ઊભા થયા અને ઇમામ હુસૈન(અલ.)ની મદદ માટે નીકળ્યા. પરંતુ આ દરમિયાન એક માણસે આ વાત

ઉમર બિન સઅદને જણાવી દીધી. તેણે અરઝકની આગેવાનીમાં બની અસદ તરફ ૪૦૦ સૈનિકો મોકલ્યા. ઇબ્ને સઅદના સૈનિકોએ રાતના અંધારામાં ફુરાતના કિનારે તેમનો રસ્તો બંધ કરી દીધો. જ્યારે કે ઇમામ હુસૈન (અલ.)થી વધારે દૂર ન હતા. બની અસદવાળા ઇબ્ને સઅદના ફોજીયો સાથે લડી પડયા. હબીબ ઇબ્ને મઝાહીરે અરઝકને કહ્યું : અલ્લાહ તને સમજે. તું શા માટે આ ઝુલ્મને તારી ગરદન પર લે છે ? તારી જગ્યા બીજો કોઇ લઇ લેશે. જ્યારે બની અસદનો કબીલો સમજી ગયો કે આ સમૂહનો મુકાબલો નથી થઇ શકતો તો તેઓ રાતના અંધારામાં વિખેરાઇ ગયા અને પોતાના કબીલા પાસે પાછા ગયા અને રાત્રે જ તે જગ્યાએથી ચાલ્યા ગયા જેથી ઇબ્ને સઅદ તેમના ઉપર અચાનક રાત્રે હુમલો ન કરે.

હબીબ ઇબ્ને મઝાહિર ઇમામ હુસૈન (અલ.)ની ખીદમતમાં હાજર થયા અને કીસ્સો બયાન કર્યો. આપે કહ્યું:

لَاحَوْلَوَلَاقُوَّةَإِلَّابِاللهِ

(બિહાર, ભાગ,૪૪, પાના – ૩૮૬)

સાત મોહર્રમ

૭ મોહર્રમે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે ઉમર બિન સઅદને એક પત્ર લખ્યો કે ફૌજને ફુરાત પર લગાવી દો. જેથી હુસૈન(અલ.) અને તેમના સાથીઓ પર પાણી બંધ કરી દઇએ અને તેમને એક ટીપું પણ પાણી પીવાની રજા આપવામાં ન આવે. જેવી રીતે ઉસ્માન બિન અફ્ફાનને પાણી આપવામાં નહોતું આવ્યું. (અન્સાબુલ અશરાફ, ભાગ ૩, પાના - ૧૮૦)

ઇબ્ને ઝિયાદના હુકમ પર અમલ કરીને ઉમર બિન સઅદે પાંચસો સવાર ફોજીઓ ફુરાતના ઘાટ પર લગાવી દીધા અને તે લોકોએ ઇમામ હુસૈન(અલ.) અને આપના અન્સાર અને અસ્હાબ પર પાણી બંધ કરી દીધું. આ અમાનવીય (ગેરઈન્સાની) વર્તન ઇમામ હુસૈન(અલ.)ની શહાદતના ત્રણ દિવસ પહેલા કરવામાં આવ્યું. આ દરમિયાન અબ્દુલ્લાહ બિન હસીન અઝ્દીએ જે બજીલા કબીલાનો હતો તેણે ચીસ

પાડીને કહ્યું: અય હુસૈન ! હવે તમે આ આસમાની રંગનું પાણી નહીં જોઈ શકો. અલ્લાહની કસમ તેનું એક ટીપું પણ નહીં પી શકો અને પ્યાસા મરી જશો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અય અલ્લાહ ! આ માણસને પ્યાસની હાલતમાં મૌત આપ અને તારી રેહમતથી તેને દૂર રાખ. હમીદ બિન મુસ્લીમ કહે છે: અલ્લાહની કસમ! આ ચર્ચા પછી હું તે માણસને જોવા માટે ગયો. તે બીમાર હતો. કસમ તે અલ્લાહની જેના સિવાય કોઇ પરવરદીગાર નથી મેં જોયું કે ઉબૈદુલ્લાહ બિન હસીને એટલું પાણી પી લીધું કે તેનું પેટ ફુલી ગયું હતું. પરંતુ તો પણ તે પ્યાસ પ્યાસ કહીને ચીસો પાડતો હતો. ફરીથી પાણી પીધું તો પણ તેની તરસ ન છીપાઈ અને તે જ હાલતમાં મરી ગયો. (ઇરશાદે મુફીદ, ભાગ ૨, પાના - ૮૬)

યઝીદ બિન હસીન હમદાની અને ઉમર બિન સઅદની મુલાકાત

જ્યારે પ્યાસનું સહન કરવું ખાસ કરીને બાળકો માટે અસહ્ય થઇ ગયું તો ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબમાં યઝીદ બિન હસીન હમદાની જે ઝોહ્દ અને ઇબાદતમાં પ્રખ્યાત હતા ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા અને કહ્યું કે મને રજા આપો. હું ઉમર બિન સઅદની પાસે જાઉં અને તેની સાથે પાણીની બાબતમાં વાતચીત કરૂં. કદાચ તેનો ઇરાદો બદલાઈ જાય.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: તમને રજા છે. જેથી તે ઉમર બિન સઅદના ખૈમામાં સલામ કર્યા વગર પહોંચી ગયા. ઉમર બિન સઅદે કહ્યું: અય હમદાની! તમે કેમ મને સલામ ન કરી ? શું હું મુસલમાન નથી ? શું હું અલ્લાહ અને તેના રસુલને નથી ઓળખતો અને નથી માનતો ?

હમદાનીએ કહ્યું: જો તમે પોતાને મુસલમાન સમજો છો તો પછી રસુલુલ્લાહ(સલ.) ની ઇતરત વિરૂદ્ધ શા માટે ઊભા થયા ? શું કામ તેમની સામે બગાવત કરી અને તેમને કતલ કરવાનો ઇરાદો કર્યો છે ? શા માટે આ ફુરાતનું પાણી તેમના ઉપર બંધ કરી દીધું છે જે પાણી રણપ્રદેશના જાનવરો પણ પીએ છે તેમને પીવાની રજા નથી !? પછી તેઓ પ્યાસા કેમ ન મરી જાય ! આટલો બધો અત્યાચાર કર્યા પછી પણ તમે એવું વિચારો છો કે અલ્લાહ અને તેના રસુલ(સલ.)ને ઓળખો છો અન તેમને માનો છો ?

ઉમરે સઅદે પોતાનું માથું ઝૂકાવીને કહ્યું: અય હમદાની! હું જાણું છું કે આ પરિવારને તકલીફ પહોંચાડવી હરામ છે પરંતુ ઉબૈદુલ્લાહે મને આ કામ કરવા પર મજબૂર કર્યો છે.

હું એવી કટોકટીવાળી સ્થિતિથી પસાર થઇ રહ્યો છું કે મને સમજમાં નથી આવતું કે હું શું કરૂં? શું

હું 'રેય' ની હુકૂમતને છોડી દઉં ? એવી હુકૂમત જેને મેળવવાના શોખમાં હું તડપી રહ્યો છું અને રાતદિવસ તેના સપના જોઉં છું ? અથવા હુસૈન(અલ.)ના લોહીથી પોતાના હાથો રંગીન કરી દઉં જ્યારે કે હું જાણું છું કે આની સજા જહન્નમ છે. પરંતુ 'રેય' ની હુકૂમત મારી આંખોનું નુર છે. અય હમદાની! હું મારામાં એટલી કુરબાની આપવાની ભાવના નથી જોતો કે 'રેય' ની હુકૂમતને જતી કરૂં. યઝીદ બિન હસીન હમદાની પાછા આવી ગયા અને ઇમામ હુસૈન(અલ.)ને આખો કીસ્સો બયાન કર્યો અને કહ્યું: ઉમર બિન સઅદ 'રેય' ની હુકૂમત મેળવવા આપને કતલ કરવા માટે તૈયાર થઇ ગયો છે. (કશ્કુલ ગુમ્મહ, ભાગ ૨, પાના ૪૭)

પ્રકરણ : ૯ : ઇમામ હુસૈન (અલ) અને ઉમર બિન સઅદની મુલાકાત

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના અન્સારમાંથી અમ્ર બિન કરઝા અન્સારીને ઉમર બિન સઅદ પાસે મોકલ્યા અને આ સંદેશ આપ્યો કે રાતના સમયે બંને ફોજો દરમિયાન મારી મુલાકાત માટે આવી જાવ. ઉમરે સઅદે ઈમામ હુસૈન(અલ.)ની વાત કબૂલ કરી લીધી. રાતના સમયે ઇમામ હુસૈન(અલ.) પોતાના વીસ સહાબીઓ સાથે અને ઉમરે સઅદ પણ પોતાના વીસ ફોજીઓ સાથે નક્કી કરેલી જગ્યા પર પહોંચી ગયા.

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના સહાબીઓમાંથી અબ્બાસ બિન અલી(અલ.) અને અલી અકબર(અલ.) સિવાય બધાને પાછા મોકલી દીધા. એવી જ રીતે ઉમર બિન સઅદે પણ પોતાના

દીકરા અને ગુલામને પોતાની પાસે રાખ્યા અને બાકીના સૈનિકોને પાછા મોકલી દીધા. પહેલા ઇમામ હુસૈન(અલ.)એ ચર્ચાની શરૂઆત કરી ફરમાવ્યું: અય સઅદના દીકરા! શું તું મારી સાથે જંગ કરીશ ? શું તને અલ્લાહનો ડર નથી જેની પાસે તારે પાછા ફરીને જવાનું છે? હું જેનો ફરઝંદ છું તેને તમે સારી રીતે જાણો છો. તો પણ શું તમે તે સમૂહને છોડીને અમારી સાથે નહીં થઇ જાવ ? તેનાથી તમને અલ્લાહની કુરબત નસીબ થશે.

ઉમર બિન સઅદે કહ્યું: જો હું આ સમૂહથી અલગ થઇ જઇશ તો આ લોકો મારૂં ઘર સળગાવી દેશે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: હું તારૂં ઘર બનાવી દઇશ.

ઉમર બિન સઅદે કહ્યું: હું ડરૂં છું કે આ લોકો મારા માલ અને દૌલત પર કબજો કરી લેશે.

ઇમામે ફરમાવ્યું: હું તને તે માલથી પણ વધારે ઉત્તમ માલ આપીશ જે હીજાજમાં છે. બીજી રિવાયતમાં ઇમામ હુસૈન (અલ.)એ ફરમાવ્યું: હું તને મોટો બગીચો આપીશ. તે ઘણું જ મોટુ ખેતર હતું જેમાં ઘણી બધી ખજૂરો અને સારા પ્રમાણમાં ખેતી હતી. મુઆવિયા તેને દસ લાખ દીનારમાં ખરીદવા માટે તૈયાર હતો. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ તે ખેતર નહોતું વેચ્યું.

ઉમર બિન સઅદે કહ્યું: મને ડર લાગે છે કે ઇબ્ને ઝિયાદ કુફામાં મારા કુટુંબના માણસોને કતલ કરી નાખશે.

ઇમામ હુસૈન(અલ.) સમજી ગયા કે તે હવે પોતાનો રસ્તો નહીં બદલે. તેથી આ શબ્દો ફરમાવતા ઊભા થયા કે તને શું થઇ ગયું છે ? નજીકમાં અલ્લાહતઆલા તને મૌત આપશે અને કયામતના દિવસે તારી મગફેરત નહીં કરે.

અલ્લાહની કસમ ! હું જાણું છું કે તું ઇરાકના ઘઉં વધારે દિવસ સુધી નહી ખાઈ શકે.

આ સાંભળી ઉમર બિન સઅદે મજાક કરતા કહ્યું: જવ મળી જશે તો પણ પૂરતું છે! (બીહારૂલ અન્વાર,ભાગ ૪૪, પાના ૩૮૮) (એટલે કે ઉમર બિન સઅદ મહેણું મારે છે કે મને ઘઉંનો દાણો ખાવાનો નહી મળે તો કાંઈ વાંધો નહી. તેનાથી નીચી ક્વોલીટીનો જવનો દાણો પણ મળી જશે તો તે પણ મારા માટે પૂરતો છે. અનુવાદક)

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇમામ હુસૈન (અલ.)એ ઉમર બિન સઅદને કહ્યું: તું મને કતલ કરે છે અને સાથે એવું અનુમાન કરે છે કે ઉબૈદુલ્લાહ તને 'રેય' અને 'ગુરગાન' શહેરની હુકૂમત આપી દેશે ? અલ્લાહની કસમ તને તે હુકૂમત ક્યારેય નસીબ નહી થાય. આ તો એક ખોટો વાયદો છે જે તને આપવામાં આવ્યો છે. તારી વર્ષો

જૂની ઇચ્છા ક્યારેય પૂરી નહીં થાય. હવે તું જે ચાહે તે કર. પણ આ વાત યાદ રાખજે કે મારા પછી તને દુનિયા અને આખેરતમાં કોઇ ખુશી નહી મળે. હું જોઇ રહ્યો છું કે કુફામાં તારૂં સર નેઝા પર ફેરવવામાં આવી રહ્યું છે અને તેના પર બચ્ચાઓ માટીના ઢેફા અને પથ્થર મારી રહ્યા છે. (સફીનતુલ બિહાર, ભાગ ૨, પાના - ૨૭૦ ઉમર શબ્દ)

જૂઠ અને તોહમત

ઉક્બા બિન સમઆન ઇમામ હુસૈન(અલ.)ના પત્ની જનાબે રૂબાબના ગુલામ હતા. આશુરાના દિવસે ઇબ્ને સઅદની ફૌજ તેમને પકડીને ઇબ્ને સઅદ પાસે લઇ ગઇ. તેણે ગુલામ સમજીને તેમને આઝાદ કરી દીધા. જેથી આશુરાના અમુક કીસ્સાઓ તેમનાથી વર્ણન થયા છે.

ઉક્બા બિન સમઆન કહે છે કે હું મદીનાથી મક્કા સુધી અને મક્કાથી ઇરાક સુધી ઇમામ હુસૈન(અલ.) સાથે સફર કરતો હતો. મદીના અને મક્કાના રસ્તા દરમિયાન, ઇરાકમાં અને ફૌજ સાથે મુકાબલો કરતી વખતે અને આપની શહાદત સુધી કોઇ પણ જગ્યાએ એક ક્ષણ માટે પણ હું ઈમામથી અલગ નથી થયો. ઈમામ(અલ.)એ જે વાત કહી તે મેં સાંભળી. અલ્લાહની કસમ ! જે લોકો કહે છે અને

અનુમાન કરે છે કે આપે ફરમાવ્યું: રહેવા દો હું યઝીદની બયઅત કરી લઉ છું અથવા મને ઇસ્લામની સરહદોમાંથી કોઇ સરહદ પર મોકલી દો. ઇમામ હુસૈન (અલ.)એ આવી કોઇ વાત નથી કહી. હાં એમ જરૂર ફરમાવ્યું કે મને છોડી દો જેથી હું આ વિશાળ જમીન પર લોકોના વિચારો અને તેમનો મત જાણી શકું. (તારીખે તબરી, ભાગ ૫, પાના - ૪૧૩, કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના - ૫૪ ઉપરોક્ત રિવાયતથી આપણે આ નતીજા પર પહોંચીએ છીએ કે ઇબ્ને સઅદનો આ પત્ર ઇમામ હુસૈન(અલ.) પર તોહમત છે.)

અમુક લોકોએ લખ્યું છે કે ઇબ્ને સઅદે કોઇને ઉબૈદુલ્લાહ પાસે મોકલ્યો અને કહેવડાવ્યું કે જો કોઇ દેલમી એટલે કે અજનબી તમારી પાસે આ વસ્તુઓની માંગણી કરે

અને તમે કબૂલ ન કરો તો તેના પર ઝુલ્મ કરશો. (મકાતિલુત્તાલિબીન, પાના - ૧૧૪) (એટલે કે ઈમામ હુસૈન(અલ.)એ તમારી પાસે ઉપરોક્ત વસ્તુઓની માંગણી કરી અને તમે તેને કબૂલ ન કરો તો આ તેમના પર ઝુલ્મ કહેવાશે.)

ઉબૈદુલ્લાહનો જવાબ

ઉબૈદુલ્લાહે પોતાના સાથીઓને આ પત્ર વાંચી સંભળાવ્યો અને કહ્યું: ઇબ્ને સઅદ પોતાના કુટુંબીજનોની ચિંતામાં પડેલો છે.

આ સાંભળીને શીમ્ર બિન ઝીલ જવશન પોતાની જગ્યાએથી ઊભો થયો અને બોલ્યો: શું તમે ઇબ્ને સઅદની આ ચાલને સહન કરશો ? હુસૈન(અલ.) તમારી જમીન પર તમારી પાસે આવી ગયા છે !

અલ્લાહની કસમ! જો તેઓ આ જમીન પરથી તમારી બયઅત કર્યા વિના નીકળી ગયા તો તેઓ દિવસેને દિવસે વધારે મજબૂત થતા જશે અને પછી તમે તેમને પકડી નહીં શકો. તેમની આ વાતને કબૂલ ન કરો કેમકે તેમાં તમારી હાર છે. જો ઇમામ હુસૈન(અલ.) અને આપના અસ્હાબ અને અન્સાર તારા હુકમની સામે સર ઝુકાવી દે તો પછી તને આ અધિકાર છે કે તેમને માફ કરો અથવા સજા આપો.

શીમ્રની વાત સાંભળીને ઈબ્ને ઝિયાદે કહ્યું: આ સારી સલાહ છે અને મારો પણ આ જ મત છે. અય શીમ્ર ! તું મારો પત્ર લઇને ઇબ્ને સઅદ પાસે જા. જેથી તે હુસૈન(અલ.) અને તેમના અસ્હાબને સંભળાવે. જો તેઓ મારા હુકમની સામે આનાકાની કરે તો તેમની સાથે જંગ કરજે અને જો ઉમર બિન સઅદ તેમનાથી જંગ કરવામાં ખચકાટ અનુભવે તો ફોજની સરદારી તારા હાથમાં લઇ લેજે અને ઇબ્ને સઅદની ગરદન ઉડાવી દેજે અને તેનું સર મારી પાસે મોકલી દેજે.

બીજી રીવાયતમાં આવ્યું છે કે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદે હુવૈરા બિન યઝીદ તમીમીને કહ્યું કે તમે ઇબ્ને સઅદ પાસે મારો પત્ર લઇને જાવ. પછી જો તેણે તે જ સમયે જંગ શરૂ કરી તો મારો આ જ મકસદ છે અને જો જંગ શરૂ ન કરી તો તેને પકડીને કૈદ કરી દેજે અને શહર બિન હવશબને લશકરનો અમીર બનાવી દેજે. (મકતલુલ હુસૈન અલ. ખ્વારઝમી, ભાગ ૧, પાના - ૨૪૫)

ઉમર બિન સઅદને પદભ્રષ્ટ કરવાની ધમકી

ત્યાર બાદ ઇબ્ને ઝિયાદે ઉમર બિન સઅદને એક પત્ર લખ્યો: મેં તમને હુસૈન(અલ.) પાસે એટલા માટે નથી મોકલ્યા કે તમે તેમને મુસીબતોથી બચાવો અને આ બાબતને વધારે લંબાવો. તેમને સલામતી અને આઝાદીની ઉમ્મીદ અપાવો અને તેમની વાતને વ્યાજબી બતાવીને તેમની સાથે સહમત થઈ જાવ અને મધ્યસ્થી બનીને મારી પાસે તેમની સીફારીશ કરો. જો હુસૈન(અલ.) અને તેમના અસ્હાબ મારા હુકમની સામે પોતાના સરને ઝુકાવી દે તો તેમને મારી પાસે મોકલી દો અને જો મારા હુકમનું પાલન ન કરે તો પોતાની ફૌજ સાથે તેમના પર હુમલો કરીને તેમને કતલ કરી દો અને તેમના બદનના ટુકડે ટુકડા કરી દો કે આ લોકો તેના જ લાયક છે.

ઇમામ હુસૈન(અલ.)ના કતલ કર્યા પછી તેમની લાશને પામાલ કરવાથી તેમને કોઇ જાતનું નુકસાન નહીં પહોંચે પણ જે મેં કહ્યું છે તેના પર અમલ કર અને જો તેં મારા હુકમનું પાલન કર્યું તો તને ઇનામ આપીશ અને જો મારા હુકમને ન માન્યો અને મારા હુકમની અવગણના કરી તો તું લશ્કરથી અલગ થઇ જા અને સેનાપતિના હોદ્દાને શીમ્ર બિન ઝિલ જવશનને સોંપી દે કે અમે તેને આ જ હુકમ આપ્યો છે. વસ્સલામ. (અઅલામુલ વરા, પાના – ૨૩૩)

નવ મોહર્રમ

શીમ્ર ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસેથી પત્ર લઈને કુફાની છાવણી નુખૈલહથી નીકળ્યો અને ૯ મોહર્રમ ગુરૂવારના દિવસે ઝોહરથી પહેલા કરબલા પહોંચી ગયો (અલ ઇમામુલ હુસૈન વ અસ્હાબુહુ, પાના - ૨૪૫) અને ઇબ્ને સઅદને ઉબૈદુલ્લાહનો પત્ર સંભળાવ્યો. ઇબ્ને સઅદે કહ્યું: અફસોસ છે તારા ઉપર, અલ્લાહ તને નાબુદ કરે. તું કેટલો ખરાબ સંદેશ મારા માટે લાવ્યો છે. અલ્લાહની કસમ ! તેં ઉબૈદુલ્લાહને તે બાબતથી રોક્યો જે મેં તેને લખી હતી અને તેં કામને બગાડી નાખ્યું. મને આશા હતી કે આ મામલો સુલેહ અને શાંતિ સાથે પૂરો થઇ જશે. અલ્લાહની કસમ ! હુસૈન કદી પણ તસલીમ થવાના નથી. કેમ કે તેમના શરીરમાં તેમના વાલીદની રૂહ છે.

શીમ્રે ઉમરે સઅદને કહ્યું: હવે મને જણાવો કે તમે શું કરવા માંગો છો ? અમીરના હુકમની ઇતાઅત કરીને તેમના દુશ્મન સાથે જંગ કરશો કે પછી સેનાપતિના હોદ્દાથી હટી જાવ છો ? જો તમારી હોદ્દો છોડી દેવાની ઈચ્છા હોય તો પછી હું લશ્કરના સેનાપતિનો હોદ્દો સંભાળુ છું.

ઉમરે સઅદે શીમ્રને કહ્યું: ફોજની સરદારી હું તને હરગીઝ નહીં સોંપું. હું તને તેના લાયક નથી સમજતો. એ કામ તો હું જ કરીશ. હા, તમે પગપાળા લશ્કરના સેનાપતિ જરૂર છો. છેવટે ૯ મોહર્રમ ગુરૂવારના દિવસે ઇબ્ને સઅદે પોતાને જંગ માટે તૈયાર કરી લીધો. (ઇરશાદે શૈખ મુફીદ, ભાગ ૨, પાના – ૮૯)

ઇમામ સાદીક(અલ.) ફરમાવે છે: તાસુઆ (નવ મોહર્રમ)ના રોજ ઈબ્ને સઅદની ફૌજે ઇમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબ પર પહેરો

લગાવી દીધો. શામ અને કુફાની ફૌજે ચારે બાજુથી ઈમામ હુસૈન(અલ.)ને ઘેરી લીધા. ઇબ્ને મરજાના અને ઇબ્ને સઅદે પોતાની મોટી ફૌજ પર ખુશી મનાવી. ૯ મોહર્રમના દિવસે તેણે ઇમામ હુસૈન (અલ.)ને એકલા જોયા અને લાચાર સમજયા કે હવે ઇરાકવાળાઓમાંથી કોઇ પણ તેમની મદદ માટે નહીં આવે.

ઇમામ સાદીક (અલ.)એ ફરમાવ્યું: મારા વાલીદ તેમના પર કુરબાન થઈ જાય કે જેમને લાચાર અને ગરીબ છોડી દેવામાં આવ્યા અને કમજોર કરી દેવામાં આવ્યા. (સફીનતુલ બિહાર, ભાગ ૨, પાના - ૧૨૩, તીસ્અ શબ્દ)

અમાનનામુ (સુરક્ષા પત્ર)

જ્યારે શીમ્રે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ પાસેથી ઇબ્ને સઅદ સુધી પહોંચાડવા માટે પત્ર લીધો તો તેણે અને અબ્દુલ્લાહ બિન અબીલ મહલ (ઉમ્મુલ બનીનના ભત્રીજા)એ ઉબૈદુલ્લાહને કહ્યું : અય અમીર અમારો ભાણેજ (હઝરત અબ્બાસ અલ.) હુસૈન(અલ.) સાથે છે. જો યોગ્ય લાગે તો તેમની સુરક્ષા માટે એક પત્ર લખી દો. ઉબૈદુલ્લાહે તેમની વાતને કબૂલ કરી લીધી અને પોતાના સેક્રેટરીને સુરક્ષા પત્ર લખવાનો હુકમ આપ્યો.

સુરક્ષા પત્રનો અસ્વીકાર

અબ્દુલ્લાહ ઇબ્ને અબીલ મહલે પોતાના ગુલામ “કીઝમાન” ના હસ્તે સુરક્ષા પત્ર કરબલા મોકલી દીધો. (ખ્વારઝમીએ આ ગુલામનું નામ ઇરફાન લખ્યું છે. - મક્તલુલ હુસૈન અલ. ખ્વારઝમી, પાના - ૨૪૫, ભાગ ૧) કરબલા પહોંચીને તેણે ઉમ્મુલ બનીનના દીકરાઓની સામે આ પત્ર વાંચી સંભળાવ્યો અને કહ્યું: આ સુરક્ષા પત્ર તમારા સગા અબ્દુલ્લાહ બિન અબીલ મહલે મોકલ્યો છે. જનાબે ઉમ્મુલ બનીનના દીકરાઓએ (હઝરત અબ્બાસ(અલ.) અને તેમના ભાઈઓ) જવાબ આપ્યો કે તેમને અમારા સલામ પહોંચાડીને કહેજો કે અમને તમારા સુરક્ષા પત્રની કોઈ જરૂર નથી. અલ્લાહની આપેલી અમાન સુમૈયાના દીકરા

અબ્દુલ્લાહની અમાનથી બેહતર છે. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના - ૫૬)

એવી જ રીતે શીમ્ર ઇમામ હુસૈન(અલ.)ના ખૈમાઓ પાસે આવ્યો અને અલી ઇબ્ને અબી તાલીબ (અલ.)ના ફરઝંદો અબ્બાસ, અબ્દુલ્લાહ, જાફર અને ઉસ્માન જે ઉમ્મુલ બનીનથી હતા તેમને બોલાવ્યા. તેઓ ખૈમાથી બહાર આવ્યા. શીમ્રે તેમને કહ્યું: મેં તમારા માટે ઉબૈદુલ્લાહ પાસેથી સુરક્ષા પત્ર લઇ લીધો છે. બધાએ જ સર્વાનુમતે એકસાથે કહ્યું: અલ્લાહતઆલા લઅનત કરે તારા પર અને તારા અમાનનામા પર. અમને અમાન આપવામાં આવે અને ફરઝંદે ફાતેમા બીન્તે રસુલ(સલ.)ને અમાન આપવામાં ન આવે ! (અન્સાબુલ અશરાફ, ભાગ ૨, પાના - ૧૮૪)

જંગનું એલાન

સુરક્ષા પત્રને રદ કર્યા પછી ઉમર બિન સઅદે જોરથી બૂમ પાડીને કહ્યું: અય અલ્લાહના લશ્કર સવાર થઇ જાવ. ખુશી મનાવો કે તમે જન્નતમાં જઇ રહ્યા છો !! જે ફોજીઓ સવાર હતા તેઓ અસર પછી જંગ માટે નીકળ્યા. ઇમામ હુસૈન(અલ.) પોતાના ખૈમાની સામે બેઠા છે. હાથમાં તલવાર છે અને ઝાનુ પર પોતાનું માથું રાખ્યું છે. તે દરમિયાન જનાબે ઝયનબે કુબરા(અલ.) રડતા રડતા ભાઇની પાસે આવ્યા અને કહ્યું:

ભાઇ, આ શોરબકોર તમે નથી સાંભળી રહ્યા જે દરેક ક્ષણે નજીક આવી રહ્યો છે.

ઇમામ હુસૈન(અલ.)એ પોતાનું સર મુબારક ઉઠાવીને ફરમાવ્યું: બહેન મેં અત્યારે સ્વપનામાં રસુલ અકરમ(સલ.)ને જોયા. તેઓ ફરમાવી રહ્યા હતા કે તમે અમારી પાસે આવવા માંગો છો. આ વાત

સાંભળીને જનાબે ઝયનબ(અલ.) બેચેન થઇ ગયા અને રોવા લાગ્યા.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: બહેન રોવાની જગ્યા નથી. અલ્લાહ તમારા ઉપર રહેમ કરે. તમે શાંત થઇ જાવ. તે દરમિયાન અબ્બાસ ઇબ્ને અલી(અલ.) આવ્યા અને કહ્યું : ભાઈ, આ દુશ્મનની ફૌજ છે જે અમારા ખૈમાઓથી નજીક આવી ગઇ છે.

ઇમામ હુસૈન(અલ.) ઊભા થયા અને ફરમાવ્યું: મારા ભાઈ અબ્બાસ! તમારા પર કુરબાન થઈ જાઉં. તમે ઘોડા પર સવાર થઇ જાવ અને તેમને પૂછો કે તમે શું ઇચ્છો છો અને શા માટે અહીં આવ્યા છો?

હઝરત અબ્બાસ(અલ.) વીસ સવારો સાથે કે જેમાં ઝુહૈર બિન કૈન અને હબીબ બિન મઝાહીર પણ હતા દુશ્મનની ફૌજની નજીક ગયા અને તેમને સવાલ કર્યો કે શું બાબત છે ? તમે શા માટે અહીં આવ્યા છો ?

તેમણે જવાબ આપ્યો કે અમીર (ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ)નો હુકમ છે કે તમને જણાવી દઈએ કે તમે અમીરના હુકમનું પાલન કરો (તેમની સામે તસ્લીમ થઈ જાવ અને બયઅત કરી લો) અથવા જંગ માટે તૈયાર થઈ જાવ.

અબ્બાસ(અલ.)એ ઉમરે સઅદના લશ્કરને સંબોધીને ફરમાવ્યું: પોતાની જગ્યાથી આગળ ન વધશો અને ઊતાવળ ન કરશો. હું હમણા જ અબુ અબ્દીલ્લાહ(અલ.)ની સેવામાં તમારો સંદેશ પહોંચાડું છું. દુશ્મનના લશ્કરે આ વાતને કબૂલ કરી લીધી. ફક્ત અબ્બાસ ઇબ્ને અલી(અલ.) ઇમામ હુસૈન(અલ.)ની પાસે ગયા અને પરિસ્થિતિને બયાન કરી. તે દરમિયાન અન્ય વીસ માણસો ઉમર બિન સઅદની ફૌજને નસીહત કરી રહ્યા હતા અને ઇમામ હુસૈન(અલ.) સાથે યુદ્ધ કરવાની મનાઇ કરી રહ્યા હતા અને તેમને ખૈમાઓ તરફ આગળ વધવાથી રોકી રહ્યા હતા. (ઇરશાદે શૈખ મુફીદ, ભાગ ૧, પાના – ૮૯)

હબીબ ઇબ્ને મઝાહીર અને ઝુહૈર બિન કૈનની નસીહત

હબીબ બિન મઝાહીરે ઝુહૈર બિન કૈનને કહ્યું: દુશ્મનના આ લશ્કરને આપણે કાંઈ નસીહત કરવી જોઈએ અને તેમને હકીકતથી આગાહ કરવા જોઈએ. તમે આ કામમાં પહેલ કરો છો અથવા હું કાંઈ કહું.

ઝુહૈરે કહ્યું: તમે આ કૌમને નસીહત કરો.

હબીબે દુશ્મનની ફૌજને સંબોધીને કહ્યું: જાણી લો કે તમે ઘણા જ ખરાબ લોકો છો.

તમે તે લોકો છો કે જ્યારે કયામતના દિવસે અલ્લાહની સામે હાજર થશો ત્યારે ઇતરતે રસુલ(સલ.) અને તેમના એહલેબૈત અને તેમની સંતાનનું લોહી તમારી ગરદન પર હશે.

ઉઝા બિન કેસે(દુશ્મનનો ફોજી) કહ્યું: અય હબીબ ! તમે જેટલા ચાહો તમારા પોતાના વખાણ કરો. ઝુહૈરે કહ્યું: અય ઉઝરા ! અલ્લાહતઆલાએ

એહલેબૈત(અલ.)થી બધી જ ગંદકી અને નાપાકીને દૂર રાખી છે અને તેમને પાક રાખ્યા છે. માટે અલ્લાહથી ડરો કે હું તમારી ભલાઈ ચાહું છું. હું તમને અલ્લાહની કસમ આપું છું કે તે લોકોમાંથી ન થઇ જાવ જેઓ ગુમરાહોના મદદગાર છે અને તેમની ખુશી માટે પવિત્ર અને સારા ઇન્સાનોને કતલ કરી રહ્યા છો. (નફસુલ મહમુમ, પાના-૨૨૬)

ઉઝરાએ કહ્યું: અય ઝુહૈર ! તમે તો પહેલા ક્યારેય આ ખાનદાન(અહલેબૈત)ના દોસ્ત ન હતા. બલકે ઉસમાન(ત્રીજા ખલીફા) સાથે હતા. ઝુહૈરે કહ્યું : હું અત્યારે તેમનો સાથ આપીને તમને કહી રહ્યો છું કે હું આ ખાનદાનની પયરવી કરનાર છું. અલ્લાહની કસમ! મેં તેમને પત્ર નથી લખ્યો. કોઇ સંદેશવાહક તેમની પાસે નથી મોકલ્યો અને ન તેમને મદદનું વચન આપ્યું છે. બલકે રસ્તા દરમિયાન મારી તેમની સાથે મુલાકાત થઇ છે. હાં, જ્યારે મેં તેમને જોયા ત્યારે

મને રસુલ અકરમ(સલ.) અને તેમની દ્રષ્ટિમાં ઇમામ હુસૈન (અલ.)નું મકામ યાદ આવી ગયું અને જ્યારે મને આ વાતનું યકીન થઇ ગયું કે દુશ્મન તેમના પર રહેમ નહીં કરે તો મેં નક્કી કરી લીધું કે હું મારી જાન તેમના પર કુરબાન કરીશ. જેથી હું અલ્લાહ અને તેના રસુલ(સલ.) અને તેમના હક્કોની હિફાઝત કરી શકું જેના પ્રત્યે તમે બેદરકાર બની ગયા છો. (અન્સાબુલ અશરાફ, ભાગ 3, પાના-૧૮૪)

હઝરત ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: જો શક્ય હોય તો તેમની પાસેથી કાલ સુધીનો સમય લઇ લો જેથી આપણે આખી રાત અલ્લાહની ઇબાદત કરીએ અને તેની બારગાહમાં નમાઝ પઢીએ. (અઅલામુલ વરા, પાના-૨૩૪) અલ્લાહતઆલા જાણે છે કે નમાઝ અને તિલાવતે કુરઆનનો મને કેટલો શોખ છે. (અલમલહુફ, પાના-૩૮)

પ્રકરણ : ૧૦ : ઇબાદત માટે એક રાતની ફુરસદ

અબ્બાસ(અલ.) ફરીથી દુશ્મનની ફૌજ પાસે આવ્યા અને તેમની પાસે ઇબાદત અને નમાઝ માટે એક રાતનો સમય માંગ્યો. ઉમર બિન સઅદ એક રાતનો સમય આપવાની બાબતમાં શંકામાં હતો. છેવટે તેણે પોતાના સૈનિકોને પૂછયું કે આ બાબતમાં આપણે શું કરીએ ? શું તેમને એક રાતની ફુરસદ આપવી જોઈએ ?

ઉમર બિન હીજાજે કહ્યું: સુબ્હાનલ્લાહ! જો કોઈ એહલે દૈલમ (અજાણ્યો) અને કાફીર પણ તમારી પાસે ફુરસદ માંગે તો તેમને ફુરસદ આપવી જોઈએ. કૈસ બિન અશઅસે કહ્યું: તેમને મોહલત આપો. મારી જાનની કસમ તેઓ સવારે જરૂર તમારી સાથે જંગ કરશે.

ઇબ્ને સઅદે કહ્યું: અલ્લાહની કસમ જો મને ખબર પડી જાય કે તેઓ મારી સાથે જરૂર જંગ કરશે તો હું ચોક્કસ તેમને કુરસદ નહીં આપું. (મકતલુલ હુસૈન અલ.,મુકર્રમ, પાના-૨૧૨) ટૂંકમાં એ કે ઇબ્ને સઅદનો સંદેશવાહક અબ્બાસ(અલ.) પાસે આવ્યો અને કહ્યું: અમે તમને કાલ સુધીની કુરસદ આપીએ છીએ અને જો તમે લોકો તસ્લીમ થઇ ગયા તો અમે તમને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે મોકલી દઇશું અને જો મોઢું ફેરવશો, તસ્લીમ નહીં થાવ તો તમને નહી છોડીએ. (ઇરશાદે શૈખ મુફીદ, ભાગ ૨, પાના-૯૧)

આશુરની રાત્રે ઇમામ હુસૈન(અલ.)નો ખુત્બો

સુર્યાસ્તના સમયે ઇમામ હુસૈન (અલ.)એ પોતાના અસ્હાબ અને અન્સારને ભેગા કર્યા. ઇમામ ઝૈનુલ આબેદીન(અલ.) ફરમાવે છે હું મારા વાલીદની સેવામાં હાજર થયો. જેથી આપનો ખુત્બો સાંભળું. જો કે હું બીમાર હતો. તેમણે પોતાના અસ્હાબને સંબોધીને ફરમાવ્યું:

હું અલ્લાહની પ્રસંશા કરૂં છું શ્રેષ્ઠ વખાણ, ખુશી અને ગમમાં તેની પ્રસંશા કરૂં છું.

અય અલ્લાહ ! હું તારા વખાણ કરૂં છું કે તેં અમને નબુવ્વતના વસીલાથી ઇઝ્ઝત અર્પણ કરી. અમને કુરઆનનું ઈલ્મ, શિક્ષણ આપ્યું અને દીનની સમજૂતીનું જ્ઞાન આપ્યું. સાંભળનારા કાન, જોનારી આંખો અને ગ્રહણ કરનાર દીલ આપ્યું. અલ્લાહતઆલા અમને પોતાના શુક્રગુઝાર બંદાઓમાંથી બનાવી દે.

હું મારા અસ્હાબથી વધારે વફાદાર અને બેહતર અસ્હાબ નથી જાણતો અને મારા એહલેબૈત(અલ.)થી વધારે નેક, આજ્ઞાંકિત (ફરમાબરદાર) અને સીલએ રહેમ કરનારા નથી જાણતો. અલ્લાહતઆલા તમને સર્વેને શ્રેષ્ઠ બદલો આપે. હું જાણું છું કે કાલે આ દુશ્મનો સાથે આપણી જંગ થશે. હું તમને બધાને રજા આપું છું અને તમારા બધાથી મારી બયઅતને ઉઠાવી લઉં છું. હવે તમે રાતના અંધારામાં જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જાવ. એટલું જ નહીં તમારામાંથી દરેક મારા એહલેબૈતમાંથી એક એકનો હાથ પકડીને ગામડાઓ અને શહેરો તરફ ચાલ્યા જાય. જેથી અલ્લાહતઆલા તમારા માટે આનંદ અને ખુશીનો રસ્તો ખોલે. આ લોકો મારા લોહીના પ્યાસા છે. જો હું તેમના હાથમાં આવી ગયો તો પછી તેમને તમારાથી કોઇ કામ નથી. (કામિલ ઇબ્ને અસીર, ભાગ ૪, પાના-૫૭)

ઇમામ હુસૈન(અલ.)ના અન્સારનો જવાબ

ઇમામ(અલ.)ના ભાઇઓ, દીકરાઓ, ભત્રીજાઓ અને ભાણેજોએ કહ્યું કે શું અમે તમને એટલા માટે છોડી દઇએ કે તમારા પછી જીવતા રહી શકીએ ? અલ્લાહ અમને એ દિવસ ન બતાવે. સૌ પ્રથમ અબ્બાસ બિન અલી(અલ.)એ આ વાત કહી. ત્યાર બાદ બીજા સહાબીઓએ તેમની પેરવી કરતા આ જ પ્રકારના અર્થમાં અમુક વાક્યો કહ્યા.

ઇમામ હુસૈન (અલ.)એ જનાબે અકીલ (અલ.)ના ફરઝંદોને સંબોધીને કહ્યું: તમારા માટે મુસ્લીમ બિન અકીલ (અલ.)નું શહીદ થવું પૂરતુ છે. હવે હું તમને રજા આપું છું કે તમે લોકો ચાલ્યા જાવ.

તેમણે કહ્યું: સુબ્હાનલ્લાહ! લોકો શું કહેશે કે અમે અમારા આકા અને અમારા પીતરાઇ

ભાઇઓને, બેહતરીન ઇન્સાનોને દુશ્મનો દરમિયાન એકલા છોડી દીધા ? તેમના તરફથી દુશ્મનો પર તીર ન ચલાવ્યા અને દુશ્મનો પર નેઝા અને તલવારથી હુમલા ન કર્યા. ના, અલ્લાહની કસમ અમે આવું કદીપણ નહી કરીએ. બલકે પોતાની જાન,માલ અને પત્ની બાળકોને પણ તમારા પર કુરબાન કરી દઇશું. તમારા તરફથી જંગ કરીશું અને જ્યાં તમે જશો તમારી સાથે જઇશું. તમારા પછી જીવંત રહેવું બેકાર છે.

ત્યાર બાદ મુસ્લીમ બિન ઔસજા ઊભા થયા અને કહ્યું: અમે તમને એકલા છોડીને અલ્લાહની સામે શું બહાનું રજુ કરીશું ? અલ્લાહની કસમ ! હું આ નેઝાથી દુશ્મનોના સીનાઓને ચાળણી બનાવી દઇશ(ઝખ્મી કરી નાખીશ) અને ત્યાં સુધી તેમના ઉપર હુમલો કરતો રહીશ જ્યાં સુધી તલવાર મારા કબજામાં છે અને જો મારા

હાથમાં હથિયાર પણ નહીં હોય તો હું તેમના પર પથ્થરોનો વરસાદ વરસાવીશ. અલ્લાહની કસમ ! હું તમારો સાથ ત્યાં સુધી નહીં છોડું કે અલ્લાહ પોતે ગવાહ બની જાય કે મેં તમારા પ્રત્યે રસુલુલ્લાહ(સલ.)ની ગેરહાજરીમાં તેમની આલની અને તેમના ખાનદાનની હીફાઝત કરી છે. અલ્લાહની કસમ ! જો મને ખબર પડી જાય કે હું મારવામાં આવું અને ત્યાર બાદ ફરીથી જીવંત કરવામાં આવું અને ત્યાર બાદ મને સળગાવી દેવામાં આવે અને ફરીથી જીવંત કરવામાં આવું અને ત્યાર બાદ મારી લાશને પાયમાલ કરવામાં આવે અને મારી સાથે સીત્તેર વખત આવું જ કરવામાં આવે તો પણ હું તમારો સાથ નહી છોડું. ત્યાં સુધી કે તમારા પર મારી જાન કુરબાન કરી દઉં અને હું આમ શા માટે ન કરૂં કે એક વખત

કતલ થયા પછી હંમેશાની ઈઝ્ઝત અને કામયાબી મળી જશે.

પછી ઝુહૈર બિન કૈન ઊભા થયા અને કહ્યું: અલ્લાહની કસમ ! મને આ વાત પસંદ છે કે હું કતલ કરવામાં આવું, ત્યાર બાદ ફરીથી જીવંત કરવામાં આવું અને આવું હજાર વખત થાય ત્યાં સુધી કે અલ્લાહતઆલા તમને અને તમારા એહલેબૈતને કતલ થવાથી બચાવી લે.

ઝુહૈર પછી અસ્હાબમાંથી એક ગિરોહ ઊભો થયો અને તેમણે પણ ઝબાન પર આ જ પ્રકારના હિંમત અને બહાદુરીભર્યા શબ્દો કહ્યા. ઇમામ હુસૈન(અલ.)એ તેમના હકમાં દુઆએ ખૈર કરી અને પોતાના ખૈમામાં પાછા આવી ગયા. (ઇરશાદે શેખ મુફીદ, ભાગ ૨, પાના ૯૨)

મુહમ્મદ બિન બશીર

શબે આશુર ઈમામ હુસૈન(અલ.)ના એક સહાબી મુહમ્મદ બિન બશીરને ખબર મળી કે રેયની સરહદ પર તેમના દીકરાને ગીરફતાર કરવામાં આવ્યો છે. આ વાત સાંભળી તેમણે કહ્યું કે હું મારા દીકરાની અને મારી મુસીબતનો અજર અલ્લાહ પાસે માંગુ છું. મને આ પસંદ નથી કે મારો દીકરો કેદી બને અને ત્યાર બાદ હું જીવતો રહું.

ઇમામ હુસૈન(અલ.)એ તેમની વાત સાંભળીને ફરમાવ્યું: અલ્લાહ તમારી મગફેરત કરે. મેં તમારા ઉપરથી મારી બયઅત ઉઠાવી લીધી છે. તમે જાવ અને તમારા દીકરાને કેદખાનાથી છોડાવવાનો પ્રયત્ન કરો. મુહમ્મદ બિન બશીરે કહ્યું: મને જંગલી જાનવરો ફાડી ખાય જો હું જીવતો રહીને તમારાથી જુદા થઇ જાઉં.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: તમે તમારા આ કપડાને તમારા દીકરાને આપી દો જે તમારી પાસે છે. જેથી તે તેનો ઉપયોગ કરીને પોતાના ભાઇને કૈદથી છોડાવવાનો પ્રયત્ન કરે. લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)એ તેને પાંચ એવા કીમતી કપડા આપ્યા હતા કે જેમાંથી દરેકની કીંમત એક એક હજાર દીનાર હતી. (અલ-મલહુફ, પાના ૩૯)

મૌત મધથી વધારે મીઠી

કાસીમ બિન હસન(અલ.)એ ઇમામ હુસૈન(અલ.)ને સવાલ કર્યો : શું શહીદોની યાદીમાં મારૂં પણ નામ છે?

ઇમામ હુસૈન(અલ.)એ પ્રેમથી ફરમાવ્યું: દીકરા પહેલા મને એ બતાવો કે તમારી નજરમાં મૌત કેવી છે ? જનાબે કાસીમ(અલ.)એ જવાબ આપ્યો : ચચાજાન મારી નજરમાં મૌત મધથી પણ વધારે મીઠી છે.

ઈમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: તમારા કાકા તમારા પર કુરબાન થાય. તમારો નાનો ભાઈ અસગર ત્યારે શહીદ થશે જ્યારે પાણી અથવા દૂધ ન મળવાના કારણે ઝબાન સુકાઇ જશે અને હું હાથ પર ઉઠાવીને પાણી તલબ કરીશ. તે સમયે ઝાલીમ

તીરથી તેને શહીદ કરી દેશે. (અહીં અમે અનુવાદમાં થોડોક ફેરફાર કર્યો છે.-ઉર્દુ અનુવાદક)

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ફરમાવે છે: આ વાત સાંભળીને કાસીમ(અલ.) ખૂબ જ રડ્યા અને તેમની સાથે અમે બધા પણ રોવા લાગ્યા. જેથી ખૈમામાં શોરબકોર થઇ ગયો.

શહાદત સુધી

ઇમામ ઝૈનુલ આબેદીન(અલ.)થી વર્ણન થયું છે કે આપ (અલ.)એ ફરમાવ્યું: જ્યારે મારા વાલીદે તેમના સહાબીઓને કહ્યું કે મેં તમારાથી મારી બયઅતને ઉઠાવી લીધી છે. તમે આઝાદ છો. આ સાંભળીને બધા જ અસ્હાબ અને અન્સારે પોતાના છેલ્લા શ્વાસ સુધી, ઈમામ હુસૈન(અલ.) સાથે વફાદાર રહેવાનું અને તેમના પર પોતાની જાન કુરબાન કરવાનો વાયદો આપ્યો ત્યારે ઈમામ(અલ.)એ તેમના માટે ખૈર અને ભલાઇની દુઆ કરી અને ફરમાવ્યું: તમે બધા તમારૂં માથું ઊંચુ કરો અને જન્નતમાં પોતાનું મકામ જોઇ લો. ઇમામ હુસૈન(અલ.)ના દરેક સહાબીએ સર ઉઠાવીને પોતાનું સ્થાન જન્નતમાં જોઇ લીધું. આપે દરેકને જન્નતમાં તેમનું ઉચ્ચ મકામ બતાવ્યું. (ખરાઇજ,

ભાગ-૨, પાના-૮૪૮) ઈમામ હુસૈન(અલ.)ના આ મોઅજીઝા પછી તેમના અસ્હાબ ખૂબ જ ઉત્સાહ, ખુશી અને ગર્વ સાથે નેઝાઓ અને તલવારોના સ્વાગત માટે આગળ વધ્યા. જેથી જન્નતમાં જલ્દી પોતાની જગ્યા પર પહોંચી જાય.

ખંદક

ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓએ આશુરની રાત્રે ખૈમાઓની ચારે તરફ ખંદક ખોદી હતી. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: ખૈમાની પાછળ જે કોલસા અને લાકડા પડયા છે તેને ખંદકમાં નાખીને આગ લગાડી દો. જેથી દુશ્મન ખૈમાઓ સુધી ન પહોંચી શકે. ફક્ત એક બાજુથી રસ્તો ખુલ્લો રાખવામાં આવ્યો હતો જ્યાં ઇમામ(અલ.)ના અન્સાર નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ તદબીર ઇમામ હુસૈન(અલ.) માટે ઘણી લાભદાયી હતી. (અલ ઇમામુલ હુસૈન વ અસ્હાબુહ, પાના-૨૫૭)

(ઈમામ હુસૈનઅલ.એ ખૈમાની આસપાસ બીબીઓ અને બાળકોની હિફાઝત માટે ખંદક ખોદી હતી કે દુશ્મન ગમે ત્યારે અચાનક પાછળથી

આવીને તેમના પર હુમલો ન કરી દે. અઝાદારો ! જરાક વિચાર કરો કે જ્યારે શામે ગરીબામાં ખૈમાઓને આગ લગાડવામાં આવી ત્યારે બીબીઓ અને બાળકો કેવી રીતે જાન બચાવીને ફક્ત એક રસ્તાથી ત્યાંથી બહાર નીકળ્યા હશે !! કેમકે ખૈમાની ત્રણ બાજુ તો ખંદક ખોદવામાં આવી હતી !! - અનુવાદક)

ઇમામ હુસૈન(અલ.) ખૈમાથી બહાર આવ્યા કે ખૈમાઓને એકબીજાની નજીક રાખવામાં આવે. એક ખૈમાની દોરી બીજા ખૈમાની દોરી સાથે બાંધી દેવામાં આવે. દુશ્મનને પોતાની સામે રાખો જમણી બાજુ, ડાબી બાજુ અને પાછળ ખૈમા કરાર દો, એટલે કે ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબની ત્રણેય દિશામાં ખૈમા હોય અને તેઓ માત્ર સામેની તરફથી દુશ્મનનો મુકાબલો કરે ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.) અને આપના અન્સાર પોતાની

જગ્યાએ પાછા આવી ગયા અને આખી રાત નમાઝ, દુઆ, ઇસ્તગફાર અને અલ્લાહની બારગાહમાં આજીજી અને રોવામાં પસાર કરી અને આશુરાની રાતે એક ક્ષણ માટે પણ કોઇ સૂતુ ન હતું. (અલ અન્સાબુલ અશ્રાફ,ભાગ ૩, પાના-૧૮૬)

ઇમામ ઝયનુલ આબેદીન(અલ.) ફરમાવે છે: આશુરની રાતે હું મારા વાલીદ પાસે બેઠો હતો. મારા ફોઇ ઝયનબ(સલા.) પણ મારી સાથે હતા. મારી સેવાચાકરી કરી રહ્યા હતા.

અચાનક મારા વાલીદે મોહતરમ ઊભા થયા અને બીજા ખૈમામાં ચાલ્યા ગયા. ત્યાં હઝરત અબુઝર ગિફારીનો ગુલામ “જોન” આપની સેવામાં હાજર હતો (બિલાઝરીએ તેનું નામ અન્સાબુલ અશ્રાફમાં “હવા” વર્ણન કર્યું છે, અમે ઉપર જે નામ વર્ણન કર્યું છે તે કિતાબ ઇરશાદથી છે.) અને

આપની તલવાર સજાવી રહ્યો હતો. તે સમયે મારા વાલીદે મોહતરમે આ અશ્આર પઢી રહ્યા હતા.

يَادَهْرُ اُفٍّ لَكَ مِنْ خَلِيْلٍ

كَمْ لَكَ بِالْأَشْرَافِ وَالْاَصِيْلِ

مِنْ صَاحِبٍ وَطَالِبٍ قَتِيْلٍ

وَالدَّهْرُ لَا يَقْنَعُ بِالْبَدِيْلِ

وَإِنَّمَا الْأَمْرُ إِلَى الْجَلِيْلِ

وَكُلُّ حَيٍّ سَالِكٍ سَبِيْلِي

(અફસોસ છે અય જમાના તારા ઉપર ! તું કેટલો ખરાબ દોસ્ત છે. સવાર સાંજ બધા લોકો કતલ થાય તેવી તને ઇચ્છા રહે છે. જમાનો કોઇની જગ્યાએ બીજાને કબૂલ નથી કરતો. દરેક મામલો

અલ્લાહના હાથમાં છે. દરેક મૌત તરફ આગળ વધી રહ્યો છે.)

મારા વાલિદે બુઝુર્ગવારે આ અશ્આર બે થી ત્રણ વખત પઢ્યા. હું તેમના મકસદને સમજી ગયો તેથી મને રોવું આવી ગયું. પરંતુ મેં પોતાના ઉપર સંયમ રાખ્યો અને ચૂપ રહ્યો. હું સમજી ગયો કે બલા નાઝિલ થઇ ચૂકી છે. પરંતુ જ્યારે મારી ફોઇ ઝૈનબે આ અશ્આર સાંભળ્યા તો તે પોતાના પર કંટ્રોલ ન રાખી શક્યા. તેમની આંખોમાં આંસુ આવી ગયા. એટલા જ માટે ઊભા થયા અને ચાલવા લાગ્યા. તેમનું દીલ ગમથી ભરાઈ ગયું અને એ રીતે ચાલતા હતા કે ચાદર જમીન પર ઘસડાતી હતી. તેઓ મારા વાલીદ પાસે પહોંચી ગયા અને કહેવા લાગ્યા કે અય મારા ભાઈ! ખુદા કરે હું મરી ગઇ હોત. મારૂં જીવન પુરૂં થઇ ગયું હોત. અય દુનિયાથી જનારાઓના વારસદાર,

લાચાર અને કમજોરોના આશ્રયસ્થાન ! આજે મારી મા ફાતેમા(સલા.), મારા પિતાજી અલી(અલ.) અને મારા ભાઇ હસન(અલ.) મારી સાથે નથી.

ઇમામ હુસૈન (અલ.)એ બહેન તરફ જોયું અને ફરમાવ્યું: બહેન સબર કરો. તેમની આંખોમાં આંસુ હતા. આપે ફરમાવ્યું જો પક્ષીને તેની હાલત પર છોડી દેત તો તે આરામ કરી લેત.

મારા ફોઈ ઝયનબ(સલા.)એ સવાલ કર્યો : શું આપને ઝુલ્મ અને અત્યાચાર સાથે કતલ કરવામાં આવશે? આ સાંભળીને મારૂં દીલ ટુકડે ટુકડા થઇ ગયું. આ કહીને આપે પોતાના ચહેરા પર તમાચો માર્યો અને ગીરેબાન ચાક કર્યો અને બેહોશ થઇને પડી ગયા.

ઇમામ હુસૈન(અલ.) ઊભા થયા અને તેમને હોશમાં લાવ્યા અને ફરમાવ્યું: બહેન, અલ્લાહને યાદ કરો અને સબર કરો અને જાણી લો કે એક

દિવસ બધા જ જમીનવાળાઓને મૌત આવશે અને આસમાનવાળાઓ પણ નહીં રહે. દરેક વસ્તુ નાશ પામશે. ફક્ત અલ્લાહ રહેશે જેણે પોતાની કુદરતથી મખલૂકને પેદા કરી અને પછી તેમને ફરીથી સજીવન કરશે. તે અલ્લાહ એક છે, એકલો છે. મારા પિતાજી, મારા માતાજી અને મારા ભાઇ મારાથી શ્રેષ્ઠ હતા તેઓ પણ દુનિયાથી ચાલ્યા ગયા. મારા અને દરેક મુસલમાન માટે જરૂરી છે કે તે રસુલ(સલ.)ને પોતાના જીવન માટે નમૂનો સમજે અને બલા તથા મુસીબત વખતે સભાન રહે.

અલી ઇબ્નીલ હુસૈન(અલ.) ફરમાવે છે: જ્યારે કોઇને હોશ આવ્યો તો મારા વાલિદે તેમને મારી પાસે બેસાડી દીધા. (ઇરશાદ શૈખ મુફીદ, ભાગ ૨, પાના-૯૩)

એક સમૂહનું ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ જવું

લખ્યું છે કે કૂફાના ત્રીસ માણસો જે ઉમર બિન સઅદના લશ્કરમાંથી હતા તેમણે ઉમરે સઅદને કહ્યું: રસુલ(સલ.) ના દીકરી ફાતેમા(અલ.)ના ફરઝંદે જંગથી બચવા માટે જે ત્રણ વાતો તમારી સમક્ષ રજૂ કરી હતી તેમાંથી તમે શા માટે એક પણ વાત કબૂલ ન કરી ? આ વિરોધ ઉઠાવ્યા પછી તેઓ ઇબ્ને સઅદના લશ્કરથી નીકળીને ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા. (અલ અકદુલ ફરીદ, ભાગ ૪, પાના-૧૬૮)

બુરૈર અને હરબે સબીઇ

ઝહ્હાક બિન અબ્દુલ્લાહ મશરીકી કહે છે: રાત થઇ તો ઇમામ હુસૈન(અલ.) અને આપના સહાબીઓએ આખી રાત નમાઝ, દુઆ, ઇસ્તેગફાર, અલ્લાહની યાદ અને રોવામાં પસાર કરી. ઇબ્ને સઅદે આશુરની રાતે જે સો ઘોડે સવારોને ઈમામ હુસૈન(અલ.)ના પહેરા માટે રાખ્યા હતા તેઓ જ્યારે રાતની શરૂઆતમાં અમારા ખૈમાઓ પાસેથી પસાર થયા ત્યારે ઇમામ હુસૈન (અલ.) આ આયતની તિલાવત કરી રહ્યા હતા :

وَلَا يَحْسَبَنَّ الَّذِينَ كَفَرُوا أَنَّمَا نُمْلِي لَهُمْ خَيْرٌ لِّأَنفُسِهِمْ ۚ إِنَّمَا نُمْلِي لَهُمْ
لِيَزْدَادُوا إِثْمًا ۚ وَلَهُمْ عَذَابٌ مُّهِينٌ ۞ مَّا كَانَ اللَّهُ لِيَذَرَ الْمُؤْمِنِينَ عَلَىٰ مَا أَنتُمْ
عَلَيْهِ حَتَّىٰ يَمِيزَ الْخَبِيثَ مِنَ الطَّيِّبِ

જેઓ કાફીર થઇ ગયા છે તેઓ એવું અનુમાન ન કરે કે અમે તેમને જે ફુરસદ આપી છે તે તેમના હકમાં બેહતર છે. બલકે અમે તેમને એટલા માટે આ ફુરસદ આપી છે કે તેઓ વધારે ગુનાહ કરી લે. તેમના માટે રૂસ્વા(બદનામ) કરનારો અઝાબ છે. અલ્લાહતઆલા મોમીનોને આવી હાલતમાં નથી છોડી શક્તો જ્યાં સુધી નાપાકને પાકથી જુદા ન કરી દે. (સુરે આલે ઇમરાન-૧૭૮,૧૭૯)

ઇબ્ને સઅદના ૧૦૦ સિપાહીઓ જે આશુરની રાતે ચોકીદારી કરી રહ્યા હતા તેમાંથી એકે કહ્યું: કાબાના રબની કસમ ! અમે તે પાક લોકો છીએ જે તમારામાંથી જ જુદા થયા છીએ. આ સાંભળીને ઝહ્હાક બિન અબ્દુલ્લાહ કે જેઓ ઈમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાંથી હતા કહે છે કે મેં તે માણસને ઓળખી લીધો.

તેણે(ઝહ્હાક બિન અબ્દુલ્લાહ) ઈમામના બીજા એક સહાબી બુરૈર બિન ખુઝૈરને કહ્યું : શું તમે આ માણસને ઓળખો છો ? બુરૈરે કહ્યું: ના, હું તેને ઓળખતો નથી.

તેથી ઝહ્હાક બિન અબ્દુલ્લાહે તે માણસની ઓળખાણ આપતા કહ્યું: આ અબુ હર્બ સબીઇ છે જેનું નામ અબ્દુલ્લાહ બિન શહર છે. તે જોકર(હસી મજાક કરનાર અને બીજાને હસાવનાર) છે અને બહાદુર માણસ છે. સઇદ બિન કૈસે એક ગુનાહના કારણે તેને કૈદ કરી દીધો હતો.

બુરૈર બિન ખુઝૈરે હર્બ બિન સબીઇને કહ્યું: અય ફાસીક! શું તું એમ વિચારે છે કે અલ્લાહે તને પાક લોકોના સમુહમાં રાખ્યો છે ? તેણે(હર્બ બિન સબીઇ) બુરૈર બિન ખુઝૈરને પૂછ્યું: તમે કોણ છો? કહ્યું: હું બુરૈર બિન ખુઝૈર છું.

હર્બ બિન સબીઇએ કહ્યું: અય બુરૈર ! અલ્લાહની કસમ આ વાત મારા માટે ઘણી જ અસહ્ય છે કે તમે મારા હાથથી હલાક થાવ.

બુરૈરે કહ્યું: શું તમે તે ગુનાહોથી તોબા કરીને અલ્લાહ તરફ પાછા આવી શકો છો જે તમે કરી ચૂક્યા છો ? અલ્લાહની કસમ અમે પવિત્ર લોકોમાંથી છીએ અને તમે બધા નજીસ છો.

તેણે(હર્બ બિન સબીઇ)કહ્યું: હું ગવાહી આપું છું કે તમારી વાત સાચી છે. ઝહ્હાક ઇબ્ને અબ્દુલ્લાહે કહ્યું: અફસોસ છે તારા ઉપર,(જ્યારે તું જાણે છે કે અમે સાચા અને પવિત્ર છીએ તો) આ મઅરેફતનો તને શું ફાયદો ? તેણે(હર્બ બિન સબીઇ) કહ્યું: તારા(ઝહ્હાક) પર કુરબાન થઇ જાઉં! તો પછી યઝીદ બિન અઝા જેણે અત્યાર સુધી મારો સાથ આપ્યો છે(મારો દોસ્ત છે) તેની દોસ્તીનો હક કેવી રીતે ચૂકવું ?

બુરૈરે કહ્યું: તમે(હર્બ બિન સબીઇ) મૂર્ખ અને અજ્ઞાન છો. પછી તે પાછો ચાલ્યો ગયો. તે રાતે અઝરા બિન કૈસ અહમસી અને તેના સવારો અમારા સંરક્ષક અને મુહાફિઝ હતા. (અલ બિદાયતુ વન્નીહાયતુ, ભાગ ૮, પાના-૧૯૨)

પ્રકરણ : ૧૧ : નાફેઅ બિન હીલાલ અને ઇમામ હુસૈન(અલ.)

અડધી રાત્રે ઇમામ હુસૈન (અલ.) બહાર નીકળ્યા. ખૈમા અને આજુબાજુની ટેકરીઓનું નિરીક્ષણ કર્યું. નાફેઅ બિન હીલાલ પણ બહાર આવ્યા અને ઈમામ હુસૈન (અલ.)ની પાછળ પાછળ ચાલવા લાગ્યા. ઈમામ(અલ.)એ નાફેઅને પૂછ્યું: તમે મારી પાછળ પાછળ શા માટે આવી રહ્યા છો ?

નાફેએ કહ્યું: અય રસુલુલ્લાહ (સલ.)ના ફરઝંદ! મેં જોયું કે તમે દુશ્મનના લશ્કર તરફ જઇ રહ્યા છો તેથી મને તમારી જાન જોખમમાં હોય એમ લાગ્યું. તેથી તમારી પાછળ પાછળ આવ્યો.

ઇમામ હુસૈન (અલ.)એ ફરમાવ્યું: હું ચાહું છું કે અહીં આજુબાજુની જગ્યાનું નિરીક્ષણ કરી લઉં

જેથી અનુમાન કરી શકાય કે દુશ્મન ક્યાંથી હુમલો કરી શકે છે.

નાફેઅ કહે છે: ઈમામ (અલ.) પાછા આવ્યા અને મારો હાથ પકડીને ફરમાવ્યું: અય નાફેઅ ! અલ્લાહની કસમ ! આ એવો વાયદો છે જે પૂરો થઇને રહેશે.

ત્યાર બાદ મને ફરમાવ્યું: આ બે પર્વતો દરમિયાન જે રસ્તો છે તેને તમે જુઓ છો? રાતના અંધારામાં તમે ત્યાંથી નીકળી જાવ અને પોતાની જાન બચાવી લો.

આ વાત સાંભળીને નાફેઅ ઇમામ હુસૈન (અલ.)ના કદમોમાં પડી ગયા અને આંખોમાં આંસુ સાથે કહ્યું : યા ઈમામ ! જો હું આમ કરૂં તો મારી મા મારા માતમમાં રડે. અલ્લાહે મારા પર એહસાન કર્યો છે કે હું આપની છત્રછાયામાં શહાદત પ્રાપ્ત કરીશ.

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.) હઝરત ઝયનબ (સલા.)ના ખૈમામાં દાખલ થયા. નાફેઅ કહે છે કે હું ખૈમાની બહાર ઈમામ (અલ.)ની રાહ જોતો હતો. મેં સાંભળ્યું કે જનાબે ઝયનબ (સલા.)એ ઇમામ હુસૈન (અલ.)ને કહ્યું: અય મારા ભાઈ ! શું તમે તમારા મદદગારોની પરીક્ષા કરી લીધી છે ? ક્યાંક એવું ન બને કે કાલે દુશ્મનોની વચ્ચે તેઓ તમને એકલા મૂકી દે. શું તમે જાણો છો કે તેઓ તમને કાલે એકલા નહી મૂકી દે ?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: તેઓ શહાદતના એવા ઉત્સુક છે જેવી રીતે એક નાનું બાળક પોતાની માની છાતી સાથે પ્રેમ રાખે છે. નાફેઅ કહે છે: આ વાત સાંભળીને (જનાબે ઝયનબ(સલા.)ની બેચેની અને પોતાના ભાઈ સાથેની મોહબ્બતને જોઈને) હું તરત જનાબે હબીબ ઇબ્ને મઝાહીર પાસે ગયો. તેમને ભાઈ

બહેનની વાતચીતનો આખો કીસ્સો બયાન કર્યો. હબીબે કહ્યું: જો હું ઇમામના હુકમની રાહ ન જોતો હોત તો અત્યારે જ દુશ્મન પર હુમલો કરી દેત.

નાફેઅ કહે છે: મેં હબીબ ઈબ્ને મઝાહીરને કહ્યું: અત્યારે ઇમામ હુસૈન(અલ.) પોતાની બહેન પાસે છે. શું આ શક્ય છે કે આપણે બધા સહાબીઓને હમણા જ ભેગા કરીને તેમની પાસે જઈએ અને તેમને આપણા દીલોમાં તેમના પર જાન કુરબાન કરવાનો જે ઈશ્ક છે તેનું યકીન અપાવીએ. જેથી બીબીઓને દીલાસો મળી જાય.

હબીબે ઇમામ હુસૈન (અલ.)ના અન્સારને એક અવાજ આપી. બધા તરત જ આવી ગયા અને એહલેબૈત(અલ.)ના ખૈમાઓ પાસે ઊભા થઇને કહ્યું: અય શાહઝાદીઓ ! આ અમારી તલવારો છે. અમે કસમ ખાધી છે કે તમારા દુશ્મનો સાથે જંગ કર્યા

વગર તેને મ્યાનમાં નહીં મુકીએ અને અમારા આ ભાલાઓને દુશ્મનોના સીનાઓમાં ઊતારી દઇશું.

અમારી અવાજ સાંભળીને એહલે હરમે કહ્યું: અય પાક ફીતરતવાળા જુવાનો! રસુલ (સલ.)ની દીકરીઓ અને અમીરૂલ મુઅમેનીન (અલ.)ની દીકરીઓની હીફાઝત કરો. આ સાંભળીને બધા જ સહાબીઓ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા. (મકતલુલ હુસૈન, મુકર્રમ,પાના-૨૧૮)

એક સપનું

સેહરીના સમયે ઇમામ હુસૈન(અલ.)ને એક ઝોંકુ આવી ગયું. આંખો ખુલી અને ફરમાવ્યું: અય મારા મદદગારો તમે જાણો છો મેં અત્યારે સ્વપ્નમાં શું જોયું છે?

અસ્હાબે કહ્યું: અય રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદ તમે શું સ્વપ્ન જોયું છે?

ઈમામ(અલ.)એ ફરમાવ્યું : મેં સપનામાં અમુક કુતરાઓને જોયા છે. જે મારા પર હુમલો કરીને મને ઝખ્મી કરવા માંગે છે. તેમના દરમિયાન મેં એક બીજા કૂતરાને જોયો જે અન્ય કૂતરાઓ કરતા જંગલી અને વધારે ક્રૂર છે. હું સમજુ છું કે તે કોઇ કોઢની બીમારીવાળો માણસ છે જે મને કતલ કરશે. આ સપના પછી મેં મારા નાના રસુલુલ્લાહ(સલ.)ને જોયા. તેમના અમુક સહાબીઓ

પણ તેમની સાથે હતા. આપ(અલ.)એ મને ફરમાવ્યું: દીકરા તમે મુહમ્મદ(સલ.)ની આલના શહીદ છો. આસમાનવાળાઓ તમારા આવવાથી ખુશ છે. ઇફતારના સમયે તમે મારી પાસે પહોંચી જશો. જલ્દી કરો અને વાર ન લગાડો. આ એક ફરીશ્તો છે જે આસમાનથી નીચે આવી ગયો છે જેથી તમારૂં લોહી લીલા રંગની બોટલમાં ભેગું કરે.

ઈમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું કે આ સપનું એ વાતની દલીલ છે કે મારી મૌત નજીક છે અને આ ફાની દુનિયાથી સફર કરવાનો સમય નજીક આવી ગયો છે. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૩)

આશુરાનો દિવસ

સવારની નમાઝ ઇમામ હુસૈન (અલ.)એ પોતાના સહાબીઓ સાથે પઢી અને આસમાન તરફ હાથ ઊઠાવીને ફરમાવ્યું:

اللَّهُمَّ أَنْتَ ثِقَتِي فِي كُلِّ كَرْبٍ وَرَجَائِي فِي كُلِّ شِدَّةٍ وَأَنْتَ لِي فِي كُلِّ أَمْرٍ نَزَلَ بِي ثِقَةٌ وَعُدَّةٌ، كَمْ مِنْ هَمٍّ يَضْعُفُ فِيهِ الْفُؤَادُ وَتَقِلُّ فِيهِ الْحِيلَةُ وَيَخْذُلُ فِيهِ الصَّدِيقُ وَيَشْمُتُ فِيهِ الْعَدُوُّ أَنْزَلْتُهُ بِكَ وَشَكَوْتُهُ إِلَيْكَ رَغْبَةً مِنِّي إِلَيْكَ عَمَّنْ سِوَاكَ فَفَرَّجْتَهُ وَكَشَفْتَهُ فَأَنْتَ وَلِيُّ كُلِّ نِعْمَةٍ وَصَاحِبُ كُلِّ حَسَنَةٍ وَمُنْتَهَى كُلِّ رَغْبَةٍ۔

અય અલ્લાહ! મુશ્કેલીઓમાં તું જ મારો સહારો છે અને સખ્તીઓ અને પરેશાનીઓમાં તું જ મારી ઉમ્મીદ છે. જે કાંઇ મારા ઉપર આવી રહ્યું છે તેમાં તું મારૂં આશ્રયસ્થાન છે. અય મારા પરવરદીગાર ! કેટલા બધા ગમો છે જેનાથી દીલો તૂટી ગયા છે અને કોઇ જાતની તદબીર અને યુક્તિ

કામ નથી આવતી. દોસ્તોની કોઇ ઇઝ્ઝત નથી. દુશ્મનોના મહેણા છે. હું ફક્ત તારી પાસે જ ફરીયાદ કરૂં છું કે તારાથી ઉમ્મીદ રાખવાથી બીજાઓની મોહતાજી નથી રહેતી. તો પછી અય મઅબુદ ! બંધ દરવાજાઓને ખોલી નાખ અને ઉમ્મીદની કિરણ બતાવી દે કે તું જ દરેક નેઅમતનો માલીક છે અને બધી જ ભલાઇઓ તારાથી જ ખાસ છે અને તું જ ઉમ્મીદોનું કેન્દ્ર છે.

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.) ઊભા થયા, ખુત્બો આપ્યો અને અલ્લાહના વખાણ પછી અસ્હાબને ફરમાવ્યું કે અલ્લાહે મને અને તમને શહાદતનો હુકમ આપ્યો છે. એટલા માટે તમે સબર કરો. (ઇસ્બાતુલ વસીય્યહ, પાના-૧૨૬, મુખ્તસર તારીખ ઇબ્ને અસાકીર, ભાગ ૭, પાના-૧૪૬ અને ઇસ્બાતુલ હુદાત, ભાગ ૨, પાના ૫૮૩ પર આ જ વાતને ઇમામ સાદીક(અલ.)થી વર્ણન કરી છે.)

ઈમામ હુસૈન(અલ.)ના અન્સારોની સંખ્યા

આશુરાના દિવસે ઇમામ હુસૈન(અલ.)ના ૩૨ ઘોડે સવાર અને ૪૦ પગપાળા (કુલ મળીને ૭૨) અન્સાર હતા. મુહમ્મદ ઇબ્ને અબી તાલીબથી વર્ણન થયું છે કે પગપાળા અન્સાર ૮૨ હતા. સય્યદ ઇબ્ને તાઉસે ઇમામ મુહમ્મદ બાકીર(અલ.)થી બયાન કર્યું છે કે ઇમામ હુસૈન (અલ.)ના અન્સાર ૧૪૫ હતા જેમાંથી ૪૫ સવાર અને ૧૦૦ પગપાળા હતા.(મશહૂર છે કે આપના ૭૨ અન્સાર હતા.) (બીહારૂલ અન્વાર, ભાગ ૫, પાના ૪)

ઝુહૈર બિન કૈનને લશ્કરની જમણી બાજુ અને હબીબ બિન મઝાહીરને લશ્કરની ડાબી બાજુ નિયૂક્ત કર્યા અને અલમ પોતાના ભાઇ અબ્બાસને સોંપ્યો. ખૈમાઓને પોતાની પીઠ પાછળ રાખ્યા (ઈમામના સહાબીઓ ખૈમાની આગળ હતા) અને ફરમાવ્યું કે જે ખંદક ખોદવામાં આવી છે તેને કોલસા અને લાકડીઓથી ભરીને આગ લગાવી દો જેથી દુશ્મન પાછળથી હુમલો ન કરી શકે.

ઇબ્ને સઅદનું લશ્કર

ઉમર ઇબ્ને સઅદે પણ અબ્દુલ્લાહ ઇબ્ને ઝુહૈર અઝ્દીને મદીનાવાસીઓના નાના લશ્કરનો વડો બનાવ્યો અને કૈસ બિન અશઅસને રબીઆ અને કુન્દાના કબીલાવાળાઓનો સેનાપતિ નિમણૂક કર્યો. (ઇરશાદે શૈખ મુફીદ, ભાગ ૨, પાના-૯૫, આ વાત અશક્ય લાગે છે કે મદીનાના લોકોએ ઉબૈદુલ્લાહના લશ્કરમાં ભાગ લીધો હોય. પરંતુ આ શક્ય છે કે મદીનાના અમુક લોકો કૂફા આવીને વસી ગયા હોય કેમકે કૂફા તે શહેર હતું જ્યાં વિવિધ જગ્યાના લોકો આવીને વસી ગયા હતા.) મઝહજી અને અસદી સૈન્યને અબ્દુલ્લાહ બિન અબી સૈરા જઅફીના નેતૃત્વ હેઠળ રાખ્યા. તમીમી અને હમદાનીના રહેવાસીઓની સરદારી હુર બિન યઝીદ રીયાહીને સોંપી. ઉપરોક્ત તમામ જૂથોએ ઇમામ

હુસૈન (અલ.) સાથે જંગ કરી પરંતુ તેમાંથી ફક્ત હુર બિન યઝીદ રિયાહીએ તૌબા કરીને ઇમામ હુસૈન(અલ.) સાથે થઇ ગયા અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો.

હોદ્દાઓની આ વહેંચણી (જેમાં કૌમી જઝ્બો વધારે અસરકારક હતો) પછી ઉમર બિન સઅદે અમ્ર બિન હિજાજ ઝુબૈદીને લશ્કરની જમણી બાજુ અને શીમ્ર બિન ઝીલ જવશનને લશ્કરની ડાબી બાજુ નિયુક્ત કર્યો અને ઉરવા બિન કૈસને સવારોનો અને શીસ બિન રબીઇને પગપાળા સૈન્યનો સેનાપતિ બનાવ્યો અને પરચમ પોતાના ગુલામ દરીદને આપ્યો. (તારીખે કામિલ ઇબ્ને અસીર, ૪,પાના-૬૦)

ઉમર બિન સઅદનું લશ્કર ખૈમાઓ તરફ આવ્યું અને ઇમામ હુસૈન(અલ.)ના ખૈમાઓને ઘેરી લીધા. પરંતુ ખૈમાઓની ચારે તરફ ખંદક હતી જે

ઇમામ હુસૈન(અલ.)ના હુકમથી ખોદવામાં આવી હતી અને આપના જ હુકમથી તેમાં આગ સળગાવવામાં આવી હતી. જ્યારે લશ્કર ખૈમા તરફ આવ્યું ત્યારે શીમ્ર (લઅનતુલ્લાહ અલયહ) કહ્યું: અય હુસૈન(અલ.) શું કયામત આવતા પહેલા જ જહન્નમની આગની વ્યવસ્થા કરી લીધી ? ઇમામ હુસૈન (અલ.) એ ફરમાવ્યું : આ કોણ છે ? શું આ શીમ્ર બિન ઝીલ જવશન છે? સહાબીઓએ કહ્યું: હાં. ઇમામ હુસૈન(અલ.)એ શીમ્રને શાંતિથી જવાબ આપ્યો: અય બકરી ચરાવનારી સ્ત્રીના દીકરા ! તું જહન્નમના અઝાબ અને આગમાં બળવાને લાયક છે.

મુસ્લીમ બિન ઔસજાએ ચાહ્યું કે એક તીરથી શીમ્રનો કીસ્સો પૂરો કરી નાખે. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ તેમને રોક્યા. મુસ્લીમ બિન ઔસજાએ કહ્યું કે યા ઈમામ ! મને રજા આપો કે

આ ફાસીક અને ઝાલીમોના સરદારનું કામ હમણા જ તમામ કરી નાખું. હમણા સારો મોકો છે.

ઈમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: તમે આમ ન કરો. મને આ પસંદ નથી કે હું આ ગિરોહ સાથે જંગ કરવામાં પહેલ કરૂં. (ઇરશાદે શૈખ મુફીદ, ભાગ ૨, પાના ૯૨)

ઇમામ હુસૈન (અલ.)નો ખુત્બો

ઇમામ હુસૈન(અલ.)એ પોતાનો ઘોડો માંગ્યો. આપ તેના પર સવાર થયા અને બુલંદ અવાજમાં ખુત્બો આપ્યો જેને લશ્કરના મોટા ભાગના લોકોએ સાંભળ્યો.

أَيُّهَا النَّاسُ اِسْمَعُوا قَوْلِي وَلَا تَعْجَلُوا حَتَّى أَعِظَكُمْ بِمَا هُوَ حَقٌّ لَكُمْ عَلَيَّ وَحَتَّى أُعْتَذِرَ إِلَيْكُمْ مِنْ مَقْدَمِي عَلَيْكُمْ فَإِنْ قَبِلْتُمْ عُذْرِي وَصَدَقْتُمْ قَوْلِي وَأَعْطَيْتُمُونِي النَّصَفَ مِنْ أَنْفُسِكُمْ كُنْتُمْ بِذَلِكَ أَسْعَدَ وَلَمْ يَكُنْ لَكُمْ عَلَيَّ سَبِيلٌ وَإِنْ لَمْ تَقْبَلُوا مِنِّي الْعُذْرَ وَلَمْ تُعْطُوا النَّصَفَ مِنْ أَنْفُسِكُمْ ”

فَأَجْمِعُوا أَمْرَكُمْ وَشُرَكَاءَكُمْ ثُمَّ لَا يَكُنْ أَمْرُكُمْ عَلَيْكُمْ غُمَّةً ثُمَّ اقْضُوا إِلَيَّ وَلَا تُنْظِرُونَ

(સુરે યુનુસ ૭૧)

إِنَّ وَلِيِّيَ اللّٰهُ الَّذِي نَزَّلَ الْكِتَابَ وَهُوَ يَتَوَلَّى الصَّالِحِينَ

(સુરે અઅરાફ ૧૯૬)

અય લોકો! મારી વાત સાંભળો જંગ કરવામાં ત્યાં સુધી ઊતાવળ ન કરો જ્યાં સુધી હું આ વાતની તમને નસીહત ન કરી દઉં જેનું બયાન કરવું મારા પર જરૂરી છે અને હું તમારી સામે હકીકતને બયાન કરૂં છું. જો ઇન્સાફથી કામ લેશો તો તમે કામયાબ થશો અને જો કબૂલ નહીં કરો, હક અને ઇન્સાફના રસ્તાથી હટી જશો અને પોતાના નફસની ઇચ્છાઓ પર અમલ કરશો અને અમારી સાથે જંગ કરશો તો તે અલ્લાહ મારો આકા અને મૌલા છે જે અલ્લાહે કુરઆન નાઝિલ કર્યું છે અને નેકી કરનારાઓના ઈખ્તીયારમાં આપી દીધું છે.

એહલે હરમ ઇમામ હુસૈન (અલ.)નો આ ખુત્બો સાંભળીને રોવા લાગ્યા. ઈન્સાનનું દીલ પીગળાવી દે તેવી રોવાની અવાજો બુલંદ થઇ તો આપ(અલ.)એ અબ્બાસ અને અલી

અકબર(અલ.)ને ફરમાવ્યું: ખૈમામાં જઇને એહલે હરમને દિલાસો આપો. સાથે ફરમાવ્યું: મારી જાનની કસમ હજી તેઓ વધારે રડશે.

એહલેબૈત(અલ.)ની રૂદનની અવાજો બંધ થઇ ગઇ તો ઈમામ (અલ.)એ અલ્લાહની પ્રશંસા કરી અને ઘણા જ છટાદાર શબ્દોમાં અલ્લાહને યાદ કર્યા. અલ્લાહના રસુલ (સલ.), ફરીશ્તા અને અંબિયા (અલ.) પર દુરૂદ મોકલી અને પોતાનો ખુત્બો ચાલુ રાખતા ફરમાવ્યું:

અય લોકો ! મારા પૂર્વજોને યાદ કરો. જરાક વિચારો કે હું કોણ છું. હોશિયાર થઇ જાવ. પોતાની જાતને ઠપકો આપો અને વિચારો શું મને કતલ કરવું અને મારી ઈઝ્ઝત અને આબરૂને પાયમાલ કરવી તમારા માટે યોગ્ય છે ? શું હું તમારા નબીની દીકરીનો દીકરો, રસુલ(અલ.)ના વસીનો ફરઝંદ અને આપ (સલ.)ના કાકાના

દીકરાનો દીકરો નથી? શું હું તેમની આંખનો તારો અને ખૂબ જ લાડલો નથી જે સૌ પ્રથમ ઇમાન લાવ્યા અને રસુલ (સલ.)ની તે વાતોને સમર્થન આપ્યું જે અલ્લાહ તરફથી લાવ્યા હતા.

શું સય્યદુશ્શોહદા હઝરત હમ્ઝા(અલ.) મારા કાકા નથી ? શું જાફરે તૈયાર કે જેમને અલ્લાહતઆલાએ બે પાંખો આપી જેનાથી જન્નતમાં ઊડે છે તે મારા કાકા નથી ?!

શું તમે નથી જાણતા કે રસુલે અકરમ (સલ.)એ મારા અને મારા ભાઇ વિશે ફરમાવ્યું છે કે આ બંને જન્નતના જવાનોના સરદાર છે ?

જો તમને મારી વાતોની સચ્ચાઇ વિશે શંકા હોય તો જાણી લો કે જ્યારથી મને ખબર છે કે અલ્લાહતઆલા જૂઠાઓને પસંદ નથી કરતો અને અલ્લાહ તેમને દુશ્મન જાણે છે તો તે દિવસથી હું જાણી જોઇને કે ભૂલથી ક્યારેય ખોટું નથી બોલ્યો.

તમારા દરમિયાન એવા લોકો છે જે સાચું બોલવામાં અને સાચી વાત કહેવામાં પ્રખ્યાત છે તેઓ મારી વાતની ગવાહી આપે છે. તમે જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારી, અબુ સઇદ ખુદ્રી, સુહૈલ બિન સઅદ સાઇદી, ઝૈદ બિન અરકમ અને અનસ બિન માલીકને પૂછી જુઓ. તેઓ તમને બતાવશે કે રસુલે અકરમ(સલ.)થી શું સાંભળ્યું છે તેનાથી મારી વાતો સાબિત થઈ જશે. શું આ ગવાહ અને સાક્ષીઓ તમને મારૂં લોહી વહાવવાથી નથી રોકતી? (હયાતુલ ઇમામીલ હુસૈન, ભાગ ૩, પાના ૧૮૪)

શીમ્ર સાથે વાતચીત

આ મોકા પર શીમ્ર બિન ઝીલ જવશને કહ્યું: જો સાચી વાત આ જ છે જે તમે બયાન કરી તો મેં ક્યારેય યકીન અને પાક્કા અકીદા સાથે અલ્લાહની ઇબાદત નથી કરી.

હબીબ ઇબ્ને મઝાહીરે કહ્યું: અલ્લાહની કસમ! હું જાણું છું તું શંકાસ્પદ અને ડગુમગુ અવસ્થામાં અલ્લાહની ઇબાદત કરે છે. હું ગવાહી આપું છું કે તું સાચું કહે છે અને તું નથી સમજતો કે ઇમામ(અલ.) શું ફરમાવે છે. અલ્લાહે તારા દીલ પર ગફલતની મહોર લગાવી દીધી છે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: શું આ વાતમાં કોઈ શક છે કે હું ફાતેમા બિન્તે રસુલ(સલ.)નો દીકરો છું ? અલ્લાહની કસમ ! પૂર્વથી પશ્ચિમ સુધી મારા સિવાય બીજું કોઈ

રસુલુલ્લાહ(સલ.)ની દીકરીનો દીકરો નથી. અફસોસ છે તમારા પર. શું મેં તમારામાંથી કોઇને કતલ કર્યો છે કે તમે મારાથી તેના લોહીનો બદલો લેવા માંગો છો?

તેમની પાસે આ વાતનો કોઇ જવાબ ન હતો. બધા જ ચૂપ હતા. ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)એ બુલંદ અવાજથી ફરમાવ્યું અય શીસ બિન રબીઇ, અય હીજાર બિન અબ્હર, અય કૈસ બિન અશઅસ, અય યઝીદ બિન હારીસ, શું તમે મને પત્ર નહોતા લખ્યા કે ફળો પાકી ચૂક્યા છે. જો તમે આવશો તો સશસ્ત્ર લશ્કર તમારી સેવામાં હાજર છે.

કૈસ બિન અશઅસે કહ્યું: અમને ખબર નથી કે તમે શું કહો છો. પરંતુ જો તમે તમારા કાકાના ખાનદાનની સામે તસ્લીમ છો તો તમારા માટે ઘણું જ સારૂ છે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહની કસમ! હું તુચ્છ અને પસ્ત લોકોની જેમ તમારી બયઅત નહીં કરૂં અને ગુલામોની જેમ તમારો મુકાબલો કરવાથી નહીં ભાગું. (ઇરશાદ શૈખ મુફીદ, ભાગ ૨, પાના-૯૭) ત્યાર બાદ ફરમાવ્યું : અય અલ્લાહના બંદાઓ! હું મારા અને તમારા ખુદાથી પનાહ માંગું છું. પરંતુ આ વિદ્રોહિઓ અને બળવાખોરોથી મને ઘણી જ નફરત છે જેઓ ક્યામતના દિવસ પર ઇમાન નથી રાખતા. તેમના તકલીફ પહોંચાડવાથી પણ હું અલ્લાહની પનાહ માંગું છું. ત્યાર બાદ પોતાના ઘોડાને જમીન પર બેસાડ્યો અને ઉક્બા બિન સમ્આનને કહ્યું કે આ ઘોડાના પગ બાંધી દો. (ઇરશાદ શૈખ મુફીદ,ભાગ,૨, પાના-૯૭)

ઇબ્ને અબી જુવૈરીયા અને તમીમ બિન હસીન

તે દરમિયાન ઇબ્ને અબી જુવૈરિયા પોતાના ઘોડા પર સવાર થઇને ઉમર બિન સઅદના લશ્કરથી નીકળ્યો અને ઇમામ હુસૈન (અલ.)ના ખૈમાઓની પાસે આવ્યો. ખૈમાની આસપાસ ખંદકમાં સળગતી આગ જોઇને કહેવા લાગ્યો: અય હુસૈન(અલ.) અને અય અસ્હાબે હુસૈન(અલ.)! દુનિયામાં જ આ આગનો સ્વાદ ચાખવો તમને મુબારક થાય જે તમે પોતે જ સળગાવી છે.

ઇમામ હુસૈન(અલ.)એ પૂછ્યું કે આ કોણ છે? લોકોએ જવાબ આપ્યો કે આ ઇબ્ને અબી જુવૈર છે.

ઇમામ હુસૈન(અલ.)એ દુઆ કરી: અય અલ્લાહ! આ શખ્સને દુનિયામાં જ આગની મજા ચખાડી દે. હજી ઇમામ હુસૈન (અલ.)ની દુઆ ખતમ ન થઇ હતી અને તેના ઘોડાએ તેને આગમાં ફેંકી દીધો.

થોડીકવાર પછી ઉમર બિન સઅદના લશ્કરમાંથી તમીમ બિન હસીન ફઝારી નજીક આવ્યો અને મોટા અવાજે બોલ્યો: અય હુસૈન(અલ.) અને અસ્હાબે હુસૈન(અલ.) ! શું તમે ફુરાતને વહેતી નથી જોઇ કેવી રીતે સાંપની જેમ વાંકી ચૂકી થઇને વહી રહી છે. અલ્લાહની કસમ તમે મરતા દમ સુધી તેનું એક ટીપું પાણી પણ નહીં પી શકો.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: આ કોણ છે? લોકોએ કહ્યું કે તમીમ બિન હસીન છે. ઇમામ (અલ.)એ ફરમાવ્યું: આ અને તેનો બાપ જહન્નમી છે. અય અલ્લાહ ! તેને પ્યાસની હાલતમાં મૌત આપ. લખ્યું છે કે તમીમ પર તે જ સમયે સખત પ્યાસનો ગલબો આવી ગયો. ખૂબ જ તરસના કારણે ઘોડા પરથી ઝમીન પર પડી ગયો અને ચાર પગવાળા જાનવરોના પગ નીચે કચડાઈને મરી ગયો. (જીલાઉલ ઉયુન શબ્બર,ભાગ ૨, પાના-૧૭૩)

અબ્દુલ્લાહ ઇબ્ન હૌઝહ

ઇબ્ને સઅદના અમુક સિપાહીઓ ઇમામ હુસૈન(અલ.) તરફ નીકળ્યા. તેમાંથી અબ્દુલ્લાહ બિન હૌઝી તમીમીએ બૂમો પાડીને કહ્યું: શું તમારામાં હુસૈન છે? ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબે જવાબ આપ્યો : આ અમારા આકા અને મૌલા ઇમામ હુસૈન(અલ.) છે. તારે તેમનું શું કામ છે ? તેણે કહ્યું: અય હુસૈન ! હું તમને આગની બશારત આપું છું.

ઇમામ હુસૈન (અલ.)એ ફરમાવ્યું: તું જૂઠો છે. હું અલ્લાહની બારગાહમાં બક્ષાએલો, શફાઅત કરનાર અને ઈતાઅતગુઝાર બંદો બનીને જઇશ. તું કોણ છે ? તેણે કહ્યું હું ઇબ્ને હૌઝહ છું.

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના હાથ એટલા બુલંદ કર્યા કે આપ(અલ.)ની બગલની સફેદી જાહેર

થઇ ગઇ. પછી ફરમાવ્યું અય અલ્લાહ! તેને જહન્નમની આગમાં બાળી નાખ.

ઈમામ(અલ.)ની વાત સાંભળીને તેને ગુસ્સો આવી ગયો. અચાનક તેનો ઘોડો ભાગ્યો. ઇબ્ને હૌઝહ જમીન પર પછડાયો અને તેનો પગ ઘોડાની રિકાબમાં ફસાઇ ગયો અને તેના શરીરને એટલી દૂર સુધી જમીન પર ઘસેડયું કે તેના શરીરનો અમુક ભાગ જુદા થઇ ગયો અને અમુક ભાગ ઘોડાની રિકાબમાં ફસાએલો રહી ગયો. છેવટે એક પથ્થર સાથે અથડાઇને તેનું શરીર આગની ખંદકમાં પડી ગયું અને દુનિયામાં જ આગની મજા ચાખી લીધી.

દુઆ કબૂલ થતાની સાથે જ ઇમામ(અલ.)એ શુક્રનો સજદો કર્યો અને હાથોને બુલંદ કરીને ફરમાવ્યું: અય અલ્લાહ ! અમે તારા મુકર્રબ(સૌથી નજીકના) બંદાઓમાંથી છીએ. તારા

રસુલ(સલ.)ના એહલેબૈત(અલ.) અને તેમની સંતાન છીએ. ઝાલીમોથી તું અમારો હક લઇ લે. નિ:શંક તું સાંભળનાર અને સૌથી વધારે તારી મખલૂકથી નજીક છે.

ઉમરે સઅદના લશ્કરમાંથી બીજા એક માણસે કે જેનું નામ મુહમ્મદ બિન અશઅસ હતું તેણે કહ્યું: તમારા અને રસુલ(અલ.)ના દરમિયાન શું સગપણ છે?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અય અલ્લાહ ! મુહમ્મદ બિન અશઅસ કહે છે કે મારા અને તારા રસુલ દરમિયાન(સલ.) કોઇ સગપણ નથી. આજથી તેને ઝલીલ અને બદનામ કરી દે. જેથી હું તેની હાલત મારી આંખોથી જોઇ લઉં.

ઇમામ હુસૈન(અલ.)ની દુઆ કબૂલ થઇ. મુહમ્મદ બિન અશઅસ ટોઇલેટ માટે પોતાના ઘોડા પરથી નીચે ઊતર્યો અને તે જ સમયે વીંછીએ તેને

ડંખ માર્યો અને તે નજીસ કપડા સાથે તે જગ્યા પર જહન્નમ વાસીલ થયો. (ઇરશાદ શૈખ મુફીદ, ૨/૧૦૨, ખ્વારઝમીએ હાકીમ જશ્મીથી વર્ણન કર્યું છે કે મુહમ્મદ બિન અશઅસ તે જ દિવસે હલાક થયો. પછી લખે છે આ વાત સાચી નથી. બલકે મુહમ્મદ બિન અશઅસ મુખ્તારના જમાના સુધી જીવતો રહ્યો અને મુખ્તારે તેનો કીસ્સો તમામ કર્યો. આ જ કારણથી તે ઘરમાં કૈદ થઇ ગયો હતો. મકતલુલ હુસૈન(અલ.) ખ્વારઝમી,ભાગ ૧, પાના-૩૪૯)

મસરૂકની સાવચેતી

મસરૂક બિન વાએલ હઝરમી કહે છે હું ઇબ્ને સઅદના લશ્કરમાં સહુથી આગળ રહેવાની કોશીષ કરતો હતો. એટલા માટે કે ઈમામ હુસૈન(અલ.)નું સર મને પહેલા મળી જાય અને તેને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ પાસે લઇ જાઉં અને ઇનામ મેળવું. પરંતુ જ્યારે મેં જોયું કે ઇબ્ને હૌઝહને ઈમામ હુસૈન(અલ.)ની બદદુઆ લાગી અને તે જ ઘડીએ તે હલાક થઈ ગયો ત્યારે મારી અક્કલ ઠેકાણે આવી ગઇ કે અલ્લાહની નજીક આ ખાનદાનની ઘણી જ અઝમત છે. એટલા માટે ઇબ્ને સઅદના લશ્કરને છોડીને પાછો ચાલ્યો આવ્યો અને પોતાના દીલમાં કહ્યું: આ ખાનદાનમાં જે વસ્તુઓ મેં જોઇ છે તેના કારણે હું તેમની સાથે જંગ નહીં કરૂં. (કામિલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૬૬)

ઝુહૈર બિન કૈનનો ખુત્બો

ઝુહૈર બિન કૈન ઘોડા પર સવાર થઈને અને જંગના કપડા પહેરીને દુશ્મનના સૈન્ય પાસે ગયા. દુશ્મનના લશ્કરને સંબોધીને કહ્યું: અય કુફીયો! અલ્લાહના અઝાબથી ડરો. એક મુસલમાનનો બીજા મુસલમાન પર આ હક છે કે તે પોતાના ભાઇને નસીહત કરે અને જ્યાં સુધી આપણા દરમિયાન યુદ્ધ શરૂ નથી થયું, ત્યાં સુધી આપણે એકબીજાના ભાઇભાઇ છીએ અને આપણા બધાનો એક જ દીન છે. હાં, જ્યારે જંગનો સમય આવી જશે ત્યારે તમે એક ઉમ્મત અને અમે બીજી ઉમ્મત થઇ જઇશું. અલ્લાહતઆલાએ પોતાના રસુલ(સલ.) દ્વારા આપણી પરીક્ષા કરી. જેથી આપણને પારખવામાં આવે. હું તમને આ ખાનદાનની મદદ અને યઝીદ અને ઉબૈદુલ્લાહનો સાથ છોડવાની દાવત આપું છું. કેમકે તમે તેમની હુકૂમતમાં અપરાધ, બેહીસાબ ઝુલ્મ, કુરઆનના કારીઓને કતલ કરવા

અને ફાંસી પર ચઢાવવા સિવાઇ બીજું કાંઈ નથી જોયું. તેનો સ્પષ્ટ પુરાવો હુજ્ર બિન અદી અને તેમના સાથીઓનું કતલ થવું છે.

ઉમર બિન સઅદે ઝુહૈરને ખરાબ શબ્દો કહ્યા અને ઉબૈદુલ્લાહના વખાણ કરતા તેના માટે દુઆ કરી અને કહ્યું: આપણે અહીંથી હુસૈન(અલ.) અને તેમના સાથીઓને કતલ કર્યા વગર નહીં જઇએ અથવા તેમને ઉબૈદુલ્લાહ પાસે લઇ જઇશું.

ઝુહૈરે લશ્કરને સંબોધીને કહ્યું: અય અલ્લાહના બંદાઓ! ઇબ્ને ઝિયાદની મદદ ન કરો. ફાતેમા (સલા.)ના ફરઝંદ મોહબ્બત અને મદદના હકદાર છે. જો તમે તેમની મદદ નથી કરી શકતા તો કમસે કમ તેમના લોહીથી પોતાના હાથને ન રંગો. તેમને આઝાદ છોડી દો. યઝીદ જે ચાહશે તેમની સાથે ફૅંસલો કરશે. મારી જાનની કસમ ! યઝીદ

હુસૈન(અલ.)ને કતલ કર્યા વગર પણ તમારાથી રાજી થઇ જશે.

તે દરમિયાન શીમ્રે ઝુહૈર તરફ તીર માર્યું અને કહ્યું ચુપ થઇ જાઓ. અલ્લાહ તારી ઝબાનને બંધ કરે. તેં અમને ઘણી તકલીફ પહોંચાડી છે.

ઝુહૈરે શીમ્રના જવાબમાં કહ્યું: અય મૂર્ખ અને ગામડિયા! મેં તને કાંઇ કહ્યું ? હું તો આ લશ્કરના સિપાહીઓ સાથે વાત કરૂં છું. તું તો માત્ર એક જાનવર છે. હું નથી સમજતો કે તને અલ્લાહની કીતાબની બે આયતો પણ યાદ હોય ! તને ક્યામતના દિવસે બદનામી, ઝીલ્લત અને અલ્લાહના દુ:ખદાયક અઝાબની બશારત થાય.

શીમ્રે કહ્યું: એક કલાક પછી અલ્લાહ તને અને તારા ઇમામને કતલ કરશે.

ઝુહૈરે કહ્યું: તું મને મૌતથી ડરાવે છે ? અલ્લાહની કસમ! ઇમામ હુસૈન(અલ.) સાથે શહીદ થવું

મારી નજરમાં તારી સાથે હંમેશાની જીંદગી કરતા બહેતર છે. ત્યાર બાદ ઝુહૈરે બીજા લોકોને સંબોધીને કહ્યું: અય અલ્લાહના બંદાઓ! તમે આ ખરાબ સીફતોવાળા માણસના દગામાં ન આવી જાવ. અલ્લાહની કસમ ! આ સમુહને રસુલુલ્લાહ(સલ.)ની શફાઅત ક્યારેય નહીં મળે જે તેમના જવાન દીકરાઓ અને એહલેબૈત(અલ.)નું ખૂન વહાવશે અને તેમના અન્સારને કતલ કરશે. (કામીલ ઇબ્ને અસીર,ભાગ ૪, પાના-૬૩)

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)ના અન્સારમાંથી એક વ્યક્તિ મોટા અવાજે બોલ્યો: અય ઝુહૈર! તમે પાછા આવી જાવ. ઇમામ હુસૈન(અલ.) ફરમાવે છે: મારી જાનની કસમ તમે આજે મોમીને આલે ફીરઔનની જેમ નસીહત કરી. તમે આ ગુમરાહોને નસીહત કરીને તમારી જવાબદારી પૂરી કરી અને તેમને સેરાતે મુસ્તકીમની દાવત પણ આપી. જેથી તેમને કોઈ ફાયદો થાય. (નફસુલ મહમુમ, પાના-૨૪૩)

પ્રકરણ : ૧૨ : ખુત્બએ બુરૈર

બુરૈર બિન ખુઝૈરે કુફ્ફાના લશ્કર સાથે વાતચીત કરવા માટે ઇમામ હુસૈન(અલ.)ની પાસે રજા માંગી. આપ(અલ.)એ તેમને રજા આપી. તેઓ કુફ્ફાના લશ્કર પાસે ગયા અને કહ્યું:

અય લોકો! અલ્લાહે રસુલ(સલ.)ને મોકલ્યા અને તેમણે લોકોને તોહીદની દાવત આપી. તેઓ બશીર(ખુશખબર આપનારા) અને નઝીર(ડરાવનારા) હતા. તેઓ લોકોને જન્નતની ખુશખબર આપતા હતા અને જહન્નમથી ડરાવતા હતા. તેઓ લોકોના જીવનપથ માટે માર્ગદર્શન આપનાર સળગતી મશાલ હતા. આ ફુરાતનું પાણી છે તેને રણના જાનવરો પણ પીએ છે. પરંતુ આ જ પાણી તમે ફાતેમા બીન્તે રસુલ(સલ.)ના ફરઝંદને પીવા નથી દેતા. શું આ રસુલ(સલ.)નો અજ્ર છે?

શું આ અજ્રે રીસાલત છે? (એટલે કે અલ્લાહતઆલાએ કુરઆને મજીદમાં રસુલે અકરમ(સલ.)ના સગાઓ (એહલેબૈત) સાથે મોહબ્બતને અજ્રે રીસાલત જણાવ્યું છે અને તમે રસૂલ(સલ.)ના દીકરા અને દીકરીઓને પાણી પણ નથી પીવા દેતા ! જ્યારે કે આ પાણીને રણના પશુઓ પણ પીએ છે.)

મુહમ્મદ બિન અબી તાલીબ નામનો રાવી બયાન કરે છે કે દુશ્મનનું લશ્કર પોતાની સવારીઓ પર સવાર થયું. ઇમામ હુસૈન(અલ.) પણ પોતાના અસ્હાબ સાથે ઘોડાઓ પર સવાર થયા. બુરૈર આ બધાથી આગળ આગળ હતા. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય બુરૈર ! તમે દુશ્મનના લશ્કર સાથે વાત કરો.

બુરૈર આગળ વધ્યા અને કહ્યું: અય લોકો ! તકવા અને પરહેઝગારી અપનાવો.

તમારી સામે આલે રસુલ(સલ.) છે. આ રસુલ અકરમ(સલ.)ના દીકરા, દીકરીઓ અને એહલે હરમ છે.તેમની સાથે તમે આ કેવો અમાનવીય અને ક્રૂર વર્તાવ કરો છો અને તેમના માટે આ કેવો નિર્ણય લીધો છે ?

તેમણે જવાબ આપ્યો: અમે તેમને ઉબૈદુલ્લાહ બિન ઝિયાદને સોંપી દઇશું. જેથી તે તેમના વિશે ફૈંસલો કરે.

બુરૈરે કહ્યું: શું આ વાત તમને મંજુર નથી કે તેઓ જ્યાંથી આવ્યા છે ત્યાં જ પાછા ચાલ્યા જાય? અય કુફાવાળાઓ! અફસોસ છે તમારા ઉપર. શું તમે તમારા પત્રો અને વચનને ભૂલી ગયા છો ? અલ્લાહ તમારાથી બદલો લે. તમે રસુલ(સલ.)ના એહલેબૈતને બોલાવો છો, તેમના પર કુરબાન થવાનું વચન આપો છો અને જ્યારે તેઓ તમારી પાસે આવે છે તો તેમને ઉબૈદુલ્લાહને સોંપી દો છો?

અને તેમના પર ફુરાતનું પાણી પણ બંધ કરી દો છો? રસુલુલ્લાહ(સલ.)ના ઈઝ્ઝત અને એહતરામનો તમે શું ખ્યાલ રાખ્યો છે ? તમને શું થઇ ગયું છે ? કયામતના દિવસે અલ્લાહતઆલા તમને તરસ્યા રાખે. તમે ઘણા જ ખરાબ લોકો છો.

બુરૈરે કહ્યું: હું અલ્લાહનો શુક્ર અદા કરૂં છું કે તેણે મને તમારા પ્રત્યે મારી વિવેકબુદ્ધિ અને સમજદારીમાં વધારો કરી દીધો છે. અય મારા પરવરદીગાર ! હું તારી બારગાહમાં દુશ્મનોના આ અમલથી ખૂબ જ નફરત કરૂં છું. અય અલ્લાહ ! આ લોકોમાં તારો ડર અને ભય ફેલાવી દે અને જ્યારે તેઓ તારી બારગાહમાં પહોંચે તો તેમના પર તારો અઝાબ નાઝીલ ફરમાવ. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૫)

શોરબકોર અને અવાજ

જ્યારે ઉમર બિન સઅદે ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા માટે પોતાની ફૌજને તૈયાર કરી લીધી અને પોતાના લશ્કરી ધ્વજને જમીનમાં નાખ્યો. અને જમણી અને ડાબી બાજુના સૈન્યને વ્યવસ્થિત કરી ચૂક્યો ત્યારે સૈન્યના મધ્ય ભાગમાં જે સૈનિકો હતા તેમને કહ્યું: તમે તમારી જગ્યા પર મક્કમ રહો અને હુસૈન(અલ.)ને ચારે તરફથી ઘેરી લો. તે સમયે ઇમામ હુસૈન(અલ.) કુફાના લશ્કરની સામે ઊભા થયા અને ફરમાવ્યું: ચૂપ થઇ જાવ. પરંતુ તેઓ શાંત ન થયા. આપ(અલ.)એ તેમને ફરમાવ્યું:

وَيْلَكُمْ مَا عَلَيْكُمْ أَنْ تُنْصِتُوا إِلَيَّ فَتَسْمَعُوا قَوْلِي، وَإِنَّمَا أَدْعُوكُمْ إِلَى سَبِيلِ الرَّشَادِ، فَمَنْ أَطَاعَنِي كَانَ مِنَ الْمُرْشِدِينَ، وَمَنْ عَصَانِي كَانَ مِنَ الْمُهْلَكِينَ، وَكُلُّكُمْ عَاصٍ لِأَمْرِي غَيْرُ مُسْتَمِعٍ لِقَوْلِي، قَدْ انْخَزَلَتْ طَعَطَيا

تِكُمْ مِنَا لْحَرَامِ وَمُلِئَتْ بُطُونُكُمْ مِنَا لْحَرَامِ، فَطَبَعَ اللهُ عَلَى قُلُوبِكُمْ

وَيْلَكُمْ أَلَا تُنْصِتُونَ؟ أَلَا تَسْمَعُونَ،

અલ્લાહતઆલા તમારૂં મગજ ઠેકાણે લાવે. જો તમે મારી વાત સાંભળશો તો તમારૂં શું બગડી જશે ? હું તમને સીરાતે મુસ્તકીમ તરફ બોલાવું છું. જે મારી ઇતાઅત કરશે તે હીદાયત પામશે અને જે મારી નાફરમાની કરશે તે હલાક થશે. તમે બધા મારા હુકમનું ઉલ્લંઘન કરો છો અને મારી વાતોને સાંભળતા નથી. એટલા માટે કે તમારા પેટ હરામથી ભરેલા છે અને તમારા દીલો પર બદબખ્તી અને કમનસીબીની મોહર લાગી ગઇ છે. અફસોસ છે તમારા ઉપર શું તમે ચૂપ નહીં થાવ અને મારી વાત નહીં સાંભળો?

આ વાત સાંભળીને ઉમર બિન સઅદના સાથીઓએ એકબીજાને ઠપકો આપ્યો અને કહેવા લાગ્યા કે ઈમામ હુસૈન(અલ.)ની વાત સાંભળો.

ઇમામ હુસૈન (અલ.)નો બીજો ખુત્બો

જ્યારે દુશ્મનનું લશ્કર ચૂપ થઇ ગયું ત્યારે ઇમામ(અલ.)એ ફરમાવ્યું: અય લોકો ! અલ્લાહ તમને હલાક કરે અને મુસીબતોમાં નાખે. શું તમને યાદ નથી કે તમે અમને આજીજી કરીને ન્યાય અને મદદ માટે બોલાવ્યા હતા જેથી અમે તમારી મદદ માટે પહોંચીએ અને અમે જલ્દીથી તમારી મદદ માટે પહોંચી ગયા તો તમે તે જ તલવારને અમારી સામે લઇને આવ્યા જે તલવાર અમે તમારા હાથમાં આપી હતી અને તમે તે જ આગને અમારા માટે સળગાવી જે અમે અમારા અને તમારા દુશ્મનો માટે સળગાવી હતી ? તમને શું થઈ ગયું છે કે તમે પોતાના જ દોસ્તો સાથે જંગ અને પોતાના દુશ્મનોની મદદ માટે ઊભા થઇ ગયા છો ? જ્યારે કે તેઓ તમારા દરમિયાન ન ન્યાય કરે છે અને ન

તમે તેમની પાસેથી કોઇ ભલાઇની આશા રાખી શકો છો અને આ વાત પણ યાદ રહે કે અમે તમારી સાથે કોઈ એવું કામ નથી કર્યું કે જેના બદલામાં અમારી સાથે આવી દુશ્મની કરવામાં આવે અને અમારા પર હુમલો કરવામાં આવે. અલ્લાહ તમારી પાસેથી બદલો લે. તમે અમને તે સમયે શા માટે હેરાન કર્યા જ્યારે તલવારો મ્યાનમાં હતી અને દીલોને શાંતિ હતી. તે સમયે તમે માખીઓની જેમ ફીત્નાઓ તરફ ભાગ્યા અને પતંગિયાની જેમ એકબીજાની જાનની ચિંતામાં પડી ગયા.

અય કનીઝની સંતાનો, બચેલા જૂથો, અય અલ્લાહની કીતાબથી મોઢું ફેરવનારાઓ અને અલ્લાહની આયતોમાં ફેરફાર કરનારાઓ, સુન્નતે રસુલ(સલ.)ને ભૂલી જનારાઓ, અંબિયા(અલ.)ની ઔલાદ અને તેમના અવસિયાની ઇતરતને કતલ કરનારાઓ, જેમના વંશ અને વારસાની કોઈ ખબર

ન હોય તેને સારા ખાનદાન અને કુળ સાથે જોડનારાઓ, અય મોમીનોને તકલીફ પહોંચાડનારાઓ અને કુરઆનના ટુકડે ટુકડા કરનારાઓ, અય કાફીરોનો ઢંઢેરો પીટનારાઓ અલ્લાહ તમને નાબૂદ કરે.

અલ્લાહની કસમ ! બેવફાઈ, વિશ્વાસઘાત અને વચનભંગ તમારી આદત છે. મક્કારી, ચાલાકી અને બેવફાઇ તમારા લોહીમાં ભળેલી છે. તમારો જન્મજાત સ્વભાવ તેનાથી ઘડાયેલો છે. તે જ પ્રમાણે તમારૂં પાલનપોષણ થયું છે. તમે સૌથી ખરાબ ફળ છો. પોતાના માળી માટે ગળાનું હાડકુ છો, તમે નેક ઈન્સાનો માટે નહી, બલકે ડાકુઓ અને લૂટારાઓ માટે સારા છો.

અલ્લાહ લઅનત કરે તે કરારભંગ કરનારા લોકો પર જેમણે મજબૂત અને પાકા વાયદા કરીને તોડી નાખ્યા. તમે અલ્લાહને પોતાનો જામીન અને

વાલી બનાવ્યો હતો. અલ્લાહની કસમ તે વચનભંગ કરનાર તમે જ છો. આજે ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે મારી સમક્ષ બે વિકલ્પ રજૂ કર્યા છે કે હું તેમાંથી કોઈ એકની પસંદગી કરૂં. પહેલું તે મને તલવારથી કતલ કરી નાખે, મારા ટુકડે ટુકડા કરી નાખે અથવા હું અપમાનિત અને ઝલીલ થઈને તેની સામે તસલીમ થઈ જાઉં અને તેની બયઅત કરી લઉં. પરંતુ હું ક્યારેય ઝીલ્લત અને અપમાનને કબૂલ નહીં કરૂં. કેમકે અલ્લાહ અને તેના રસુલ(સલ.) અને મોઅમીનો ક્યારેય ઝીલ્લતને કબૂલ નથી કરતા. અમારી તરબીયત કરનાર નેક અને પાક ઇન્સાનો, બુદ્ધિશાળી તથા સ્વાભિમાની છે. અમે ક્યારેય નીચ અને લંપટની સામે નહીં ઝુકીએ. હું મારા આ થોડાક સાથીઓ સાથે તમારી સાથે જંગ કરીશ. પછી ભલે મને મદદગારોએ એકલો મૂકી દીધો છે.

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)એ અમુક અશ્આર પઢયા:

فَإِنْ نَهْزِمْ فَهَزَّامُوْنَ قِدَماً

وَإِنْ نُهْزَمْ فَغَيْرُ مُهْزَمِيْنَا

وَمَا إِنْ طِبُّنَا جُبْنٌ وَلَكِنْ

مَنَايَانَا وَدَوْلَةُ آخَرِيْنَا

(જો અમારી જીત થાય છે તો આ કોઇ મોટી વાત નથી. અમે તો ઘણા સમયથી જીતીએ છીએ અને જો અમે હારીએ તો પણ અમારી હાર નથી. ડરવું અમારા સ્વભાવમાં નથી. પરંતુ દીન માટે શહીદ થવું અને બીજાઓ માટે કુરબાની આપવી અમારી આદત છે.)

અય કાફીરો! અલ્લાહની કસમ મારી શહાદતના થોડાક દિવસ પછી એટલી જ વારમાં

જેટલી વારમાં એક સવાર પોતાના ઘોડા પર સવાર થાય છે જમાનો તમને ઘંટીના પથ્થરની જેમ કચડી નાખશે અને તમને ડર અને ભયના દરિયામાં ડૂબાડી દેશે. આ વચન મારા પિતાને મારા નાના તરફથી મને આપવામાં આવ્યું છે. એક વખત ફરીથી પોતાના અને પોતાના સાથીઓના નિર્ણય પર વિચાર કરી લો. જેથી તમે જમાનાના ઝુલ્મથી સુરક્ષિત રહી શકો. મેં તો મારો મામલો અલ્લાહને સોંપી દીધો છે. હું તો જાણું છું કે અલ્લાહની વિશાળ કુદરત અને તાકાત વગર જમીન પર કોઇ વસ્તુ હલી શકતી નથી.

અય અલ્લાહ ! આ કૌમને આસમાનના વરસાદથી વંચિત કરી દે. તેમના પર દુકાળની આફતો નાઝીલ કર અને તેમના પર સકફીના ગુલામને (હજ્જાજ બિન યુસુફ) સવાર કરી દેજે જે તેમને ઝેરના પ્યાલા પીવડાવે. મારો તથા મારા ખાનદાન,મારા એહલેબૈત, મારા અસ્હાબ અને મારા

શીયાઓના કત્લનો તેમની પાસેથી બદલો લે. આ લોકોએ અમને જૂઠલાવ્યા, અમને નિ:સહાય છોડી દીધા. અમને એકલા મૂકી દીધા. અય અલ્લાહ ! ફક્ત તું જ અમારો મદદગાર છે. અમે તને જ મોહબ્બત કરીએ છીએ. તારા પર જ ભરોસો કરીએ છીએ અને તારી તરફ જ અમારે પાછા ફરવાનું છે. (બીહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના ૭૯)

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: ઉમર બિન સઅદ ક્યાં છે ? તેને બોલાવો. ઉમર બિન સઅદ ઈમામની મુલાકાત કરવા નહોતો માંગતો. પરંતુ દીલથી ઇચ્છા ન હોવા છતાં ઇમામ(અલ.) પાસે આવ્યો. ઈમામ(અલ.)એ ફરમાવ્યું : તું મને કતલ કરીશ ? શું તું એમ વિચારે છે કે ઉબૈદુલ્લાહ ઇબ્ને ઝિયાદ તને રેય અને ગુરગાન શહેરની હુકૂમત આપી દેશે ? અલ્લાહની કસમ ! તારી આ ઇચ્છા ક્યારેય પૂરી નહીં થાય. આ ફક્ત એક ખોટો વાયદો છે જે તને કરવામાં આવ્યો છે. તારે જે કરવું હોય તે કર. મારા પછી ન તું દુનિયામાં ખુશ રહીશ

અને ન આખેરતમાં ખુશ રહીશ. હું જોઇ રહ્યો છું કે કુફામાં તારૂં સર નેઝા પર રાખવામાં આવ્યું છે અને બાળકો તેને નિશાન બનાવીને પથ્થર મારી રહ્યા છે.

ઉમર બિન સઅદે ગુસ્સામાં પોતાનું મોઢું ફેરવી લીધું અને પોતાની ફૌજને કહ્યું : તમે કઇ વસ્તુની રાહ જુઓ છો? બધા એકસાથે મળીને આ લોકો પર હુમલો કરો. મારી નજરમાં આ લોકોની કિંમત એક કોળિયાથી વધારે નથી. (ઇતિહાસમાં આ વાત બયાન નથી થઈ કે ઇમામ હુસૈન(અલ.) કેટલી વખત મૈદાનમાં આવ્યા અને કુફાની ફૌજ સાથે વાતચીત કરી. અમે અહીં ઈમામ હુસૈન(અલ.) ના ત્રણ ખુત્બા વર્ણન કર્યા છે. પરંતુ આ વાત સ્પષ્ટ નથી કે આ એક જ ખુત્બો છે અને ઇતિહાકારોએ તેના ટુકડા કરીને વર્ણન કર્યો છે અથવા આપ(અલ.)એ અનેક ખુત્બા આપ્યા હતા. આ ખુત્બાઓની સંખ્યા અમુક રાવીઓએ ત્રણથી વધારે બતાવી છે. - વસીલતુદ્દારૈન,પાના-૨૯૮)

ઇમામ હુસૈન (અલ.)નો એક બીજો ખુત્બો

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.) લશ્કરની સામે આવ્યા. જોયું કે પૂરની જેમ લશ્કર જોશ અને જુસ્સામાં છે. ઉમર બિન સઅદ તરફ જોયું કે તે કુફાના ધનિકો અને પૈસાદારો દરમિયાન ઊભો છે. ઇમામ(અલ.)એ ફરમાવ્યું: પ્રશંસા કરૂં છું તે અલ્લાહની જેણે દુનિયાને પેદા કરી અને તેને વિનાશ અને પતનનું કેન્દ્ર બનાવી અને દુનિયાવાળાઓને જુદી જુદી પરિસ્થિતિમાં રાખ્યા. જે દુનિયાના દગામાં આવી ગયો તે મૂર્ખ છે, જે દુનિયાનો આશિક બની ગયો તે બદનસીબ છે. યાદ રાખો ! દુનિયાથી દગો ન ખાજો. કેમ કે દુનિયાએ દરેક તે માણસની ઉમેદને તોડી છે જે તેના તરફ આકર્ષત થયો અને તેની સામે ઝુકી ગયો. તે માણસની આશાને નિરાશામાં બદલી નાખી જેણે

તેનાથી દીલ લગાવ્યું. હું જોઉં છું કે તમે જે કામ કરવા માટે ભેગા થયા છો તેનાથી તમે અલ્લાહને ઘણો જ ક્રોધિત અને નારાજ કર્યો છે. તેણે તમારા પરથી પોતાની રેહમતની નજર હટાવી લીધી છે. પોતાનો અઝાબ તમારા પર નાઝીલ કર્યો અને પોતાની રહમતથી તમને દૂર કરી દીધા છે. આપણો અલ્લાહ કેટલો સારો પરવરદીગાર છે અને તમે કેટલા ખરાબ બંદાઓ છો કે તેની ઇતાઅત(આજ્ઞાપાલન)નું વચન આપ્યું, તેના રસુલ(સલ.) પર ઇમાન લાવ્યા. પરંતુ તેમની સંતાન પર ઝુલ્મ કર્યો અને હવે તેમને પણ કતલ કરવાનો ઇરાદો રાખો છો. શૈતાન તમારા પર સવાર થઇ ગયો છે. તમે અલ્લાહને ભૂલી ગયા છો. અલ્લાહ તમને નાબૂદ કરે અને તમારી ઉમેદોને તોડી નાખે. ત્યારે ઉમરે સઅદે(લઅનતુલ્લાહી અલયહ) કૂફાના લોકો તરફ મોઢું કરીને કહ્યું:

અલ્લાહ તમને સમજે તેમની સાથે વાત કરો. અલ્લાહની કસમ ! આ તે બાપનો દીકરો છે જો આખો દિવસ પ્રવચન આપે તો પણ પ્રવચન કરવાથી લાચાર નહીં થાય.

ત્યાર બાદ શીમ્ર આગળ આવ્યો અને કહ્યું: અય હુસૈન! આ તમે શું કહી રહ્યા છો ? તમે અમને સમજાવો જેથી અમે સમજી શકીએ. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: હું કહું છું કે તમે અલ્લાહથી ડરો! મને કતલ ન કરો. કેમકે મને કતલ કરવું અને મારૂં અપમાન કરવું જાએઝ નથી. હું તમારા રસુલ(સલ.)ની દીકરીનો દીકરો છું. મારા નાની હઝરત ખદીજા (સલા.) તમારા રસુલ(સલ.)ના પત્ની છે.

શક્ય છે તમે પણ આ હદીસ સાંભળી હોય કે હસન(સલ.) અને હુસૈન(સલ.) જન્નતના જવાનોના સરદાર છે. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૫)

હુર બિન યઝીદ

આ હુર બિન યઝીદ બિન નાજીયા બિન ઇતાબ છે. તેઓ જાહેલીયતના જમાનામાં તથા ઈસ્લામના આવ્યા પછી પણ તેમના સારા અખ્લાકના કારણે માનનીય રહ્યા છે. તેમના દાદા “ઇતાબ” હીરાના બાદશાહ નઅમાન બિન મન્ઝરના મિત્ર હતા. હુર “અહવસ” શાએર કે જે રસુલ અકરમ (સલ.)ના સહાબી હતા તેમના પિતરાઇ ભાઇ હતા અને શૈખ હુર્રે આમુલી (શીયાના મહાન આલીમે દીન જેમણે વસાએલુશ્શીયા નામની કીતાબ લખી છે તેમનો વંશ આ હુર બિન યઝીદ સુધી પહોંચે છે. (વસીલતુદ દારૈન, પાના-૧૨૭)

ઇમામ હુસૈન (અલ.) ઘોડા પરથી નીચે ઉતર્યા અને ઉક્બા બિન સમઆનને હુકમ આપ્યો કે ઘોડાને બાંધી દે. તે જ સમયે ઉમરે સઅદનું લશ્કર

જંગ માટે ઈમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબ તરફ આગળ વધ્યું.

હુર બિન યઝીદ રિયાહીએ જ્યારે લોકોને યુદ્ધ માટે તૈયાર જોયા તો ઉમર બિન સઅદ પાસે ગયા અને કહ્યું: શું તમે સાચે જ ઈમામ હુસૈન (અલ.)સાથે જંગ કરશો ?

ખ્વારઝમી વર્ણન કરે છે કે જ્યારે ઈમામ હુસૈન(અલ.)એ આ અવાજ બુલંદ કરી

اَمَامِنْمُغِيْثٍيُغِيْثُنِلِوَجْهِاللّٰهِتعالیٰاَمَامِنْذَابٍّيَذُبُّعَنْحَرَمِرَسُوْلِاللّٰهِ:

અને જ્યારે જનાબે હુરે ઇમામ હુસૈન(અલ.)ના ઇસ્તેગાસાની અવાજ સાંભળી તો પરેશાન થઇ ગયા. તેમની આંખોમાં આંસુ આવી ગયા અને તે જ હાલતમાં ઉમરે સઅદ પાસે ગયા. (મક્તલુલ હુસૈન(અલ.), ખ્વારઝ્મી, ભાગ ૨, પાના-૯)

તેણે કહ્યું ચોક્કસ. અલ્લાહની કસમ ! એવી લડાઇ થશે કે જેમાં માથુ અને હાથ ઉડતા દેખાશે.

હુરે કહ્યું: ઈમામ હુસૈન(અલ.)એ જે કાંઈ ખુત્બામાં ફરમાવ્યું તે તમારા માટે પૂરતુ નથી ? ઉમર બિન સઅદે કહ્યું: જો મારી પાસે અધિકાર હોત તો હું કબૂલ કરી લેત. પરંતુ તમારો અમીર ઉબૈદુલ્લાહ કબૂલ નહીં કરે.

હુર સાથે તેમના કબીલાનો એક વ્યક્તિ કુર્રહ બિન કૈસ પણ હતો. હુર બિન યઝીદે તેને કહ્યું: અય કુર્રહ ! શું તમે તમારા ઘોડાને પાણી પીવડાવ્યું છે ? તેણે કહ્યું: નહીં, કુર્રહ કહે છે મને એવું લાગ્યું કે તેઓ ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવાથી બચી રહ્યા છે. જો તેઓ મને પોતાનો ઇરાદો બતાવી દેત તો હું પણ તેમનું અનુસરણ કરત અને તેમની સાથે થઈ જાત.

જનાબે હુર ધીરે ધીરે ઇમામ હુસૈન(અલ.)ના ખૈમાઓથી નજીક થવા લાગ્યા. એક માણસે (મુહાજીર બિન ઔસ) હુરને કહ્યું: હું તમારી આ કેવી હાલત જોઇ રહ્યો છું ?

જનાબે હુરે કહ્યું : અલ્લાહની કસમ ! હું પોતાને જન્નત અને જહન્નમ દરમિયાન જોઇ રહ્યો છું. અલ્લાહની કસમ ! હું જન્નતનો જ રસ્તો અપનાવીશ. પછી ભલે મારા શરીરના ટુકડે ટુકડા કરીને તેને આગમાં કેમ બાળી ન નાખવામાં આવે.

ત્યાર બાદ તેમણે પોતાના ઘોડાને દોડવાનો હુકમ આપ્યો અને ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા. (હુર બિન યઝીદ સાથે તેમનો તુર્ક ગુલામ પણ હતો. મક્તલુલ હુસૈન(અલ.) ખ્વારઝમી, ભાગ ૨, પાના-૧૦)

અને કહ્યું : અય રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદ ! હું આપ પર કુરબાન થઇ જાઉ.મેં તમને

તકલીફ પહોંચાડી અને આ જગ્યાએ તમારા કાફલાને ઉતરવા માટે મજબૂર કર્યા. મને યકીન ન હતું કે આ લોકો તમારી સાથે આવો વર્તાવ કરશે અને તમારી વાત નહીં માને. નહીંતર હું ક્યારેય આવું ન કરત. હું અલ્લાહની બારગાહમાં તૌબા કરૂં છું. શું મારી તૌબા કબૂલ થઇ જશે ?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહ જરૂર તમારી તૌબા કબૂલ કરશે. તમે ઘોડા પરથી નીચે ઉતરો.

હુર બિન યઝીદે કહ્યું: હું તમારા માટે સવાર થયો છું. તો ઉતરવાથી બેહતર છે કે આ ઘોડા પર જ સવાર થઇને હું તમારા દુશ્મનો સાથે લડીશ અને પછી જ નીચે આવીશ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહ તમારી મગફેરત કરે. તમારી જે ઈચ્છા હોય તે પ્રમાણે કરો. ત્યાર બાદ જનાબે હુર કુફાની ફૌજ

સામે આવ્યા અને લશ્કરને સંબોધીને કહ્યું: અય કુફાવાળાઓ ! તમારી માઓ તમારા ગમમાં રડે. તમે અલ્લાહના આ સાલેહ અને નેક બંદાને બોલાવ્યા અને વાયદો આપ્યો કે અમે આપના રસ્તામાં અમારી જાન કુરબાન કરીશું અને હવે તેમની વિરૂદ્ધ તલવાર કાઢી છે અને ચારે બાજુથી તેમને ઘેરી લીધા છે ! તમે એમને છોડતા પણ નથી કે તેઓ આ વિશાળ જમીન પર બીજી કોઇ જગ્યાએ ચાલ્યા જાય. કૈદીની જેમ તેઓ તમારા બંધનમાં જકડાયેલા છે. તમે ઈન્સાનીયતની કેટલી નીચી હદ સુધી પહોંચી ગયા છો કે તેમના પર અને તેમના એહલેબૈત પર પાણી પણ બંધ કરી દીધું છે જ્યારે કે આ જ પાણીને યહુદીઓ અને ઇસાઇઓ પીએ છે. એટલે સુધી કે જાનવરો પણ તે પાણીમાં નહાય છે અને રસુલ(સલ.)ની ઓલાદ, તમારા મહેમાન પ્યાસના કારણે તડપી તડપીને જાન દઈ

રહ્યા છે. રસુલુલ્લાહ(સલ.)ની ઇતરતનું તમે કોઇ જાતનું માન ન રાખ્યું ! અલ્લાહ કયામતની પ્યાસના દિવસે તમને સૈરાબ ન કરે.

તે વખતે લશ્કરના એક સમૂહે સાથે મળીને જનાબે હુર પર તીરોથી હુમલો કર્યો. તેઓ ઇમામ હુસૈન(અલ.) પાસે આવી ગયા અને તેમની સામે ઊભા થઇ ગયા. (અઅલામુલ વરા, પાના-૨૩૮)

ગૈબી અવાજ

લખ્યું છે કે હુરે ઇમામ હુસૈન(અલ.)ને કહ્યું: જ્યારે ઉબૈદુલ્લાહે મને તમારા તરફ મોકલ્યો અને હું મહેલથી બહાર આવ્યો ત્યારે મેં એક અવાજ સાંભળી કે કોઇ મને અવાજ આપી રહ્યું હતું કે અય હુર ! તમે ખુશ થાવ, તમારા માટે બશારત છે કે તમે નેકીની તરફ જઈ રહ્યા છો.

હુર કહે છે મેં પાછળ ફરીને જોયું તો મને ત્યાં કોઇ ન દેખાયું. મેં પોતાના દીલમાં કહ્યું: આ કેવી બશારત છે કે હું મારા આકા અને મૌલા હુસૈન (અલ.) સાથે જંગ માટે જઇ રહ્યો છું. મને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે હું મારા ઈમામનો મદદગાર અને તેમનો મોહીબ બનીશ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય હુર ! નેક રસ્તા તરફ તમારી હીદાયત થઇ છે. (બીજી

રીવાયતમાં આ રીતે બયાન થયું છે કે હુરે કહ્યું: મૌલા મેં મારા વાલીદને સ્વપ્નમાં જોયા કે તેઓ મને કહી રહ્યા છે આ દિવસોમાં તું ક્યાં છે ? મેં કહ્યું કે હું એટલા માટે બહાર નીકળ્યો છું કે હુસૈન(અલ.)ના રસ્તાને રોકું તો તેઓ મારાથી નારાઝ થયા અને કહ્યું : અય હુર ! તું રસુલુલ્લાહ(સલ.)ના ફરઝંદ સાથે કેવો વર્તાવ કરી રહ્યો છે ? જો જહન્નમમાં જવા માંગતો હોય તો તેમની સાથે જંગ કર અને જો તું ઈચ્છતો હોય કે તેમના નાના તારી શીફાઅત કરે અને તેમની સાથે તને બોલાવવામાં આવે તો ઈમામ હુસૈન(અલ.)ની મદદ કર. - વસીલતુદ્દારૈન,પાના-૧૨૭)

હુમલાનો આદેશ

અમ્ર બિન હજ્જાજે કુફાની ફૌજને કહ્યું: અય નાદાનો! તમે જાણો છો કોની સાથે યુદ્ધ લડી રહ્યા છો ? આ કુફાના બહાદુર અને ઘણા જ હિંમતવાન માણસો છે. તમે તેમની સાથે જંગ કરી રહ્યા છો જેમણે પોતાની જાતને મૌત માટે તૈયાર કરી લીધા છે. તેમની સંખ્યા ઓછી છે પરંતુ તેમ છતાં તમારામાંથી કોઈ એકલો તેના મુકાબલા માટે ન જાય. આ લોકો થોડાક જ સમયના મહેમાન છે. અલ્લાહની કસમ! આ લોકો ત્યારે જ કતલ થશે જ્યારે તમે તેમના ઉપર પથ્થરનો વરસાદ વરસાવશો.

ઉમર બિન સઅદે કહ્યું: તું સાચું કહે છે. તારો મત સાચો છે. કોઇને મોકલીને કુફાની ફૌજને આ સંદેશ પહોંચાડી દે કે તેમના મુકાબલામાં કોઇ

એકલો ન જાય. (ઇરશાદ, શૈખ મુફીદ, ભાગ ૨, પાના-૧૦૩)

ત્યારે ઇમામે હુસૈન(અલ.)એ પોતાની દાઢી મુબારક પકડીને ફરમાવ્યું: અલ્લાહતઆલા યહુદી કૌમ પર ત્યારે ગુસ્સે થયો જ્યારે તેમણે તેના માટે દીકરો માન્યો અને ઇસાઇયો પર ત્યારે ગુસ્સે થયો જ્યારે તેમણે અલ્લાહને ત્રણ ખુદાઓમાંથી એક માન્યો અને હવે આ બાબતમાં અલ્લાહના ગુસ્સાની ચરમસીમા છે કે આ લોકો અલ્લાહના રસુલની દીકરીના દીકરાને કતલ કરવા પર સહમત થઇ ગયા છે. અલ્લાહની કસમ ! આ લોકો મારી પાસે જે વસ્તુની આશા રાખે છે (તેમની બયઅત કરવાની અને તેમની સામે તસ્લીમ થઇ જવાની) તે ક્યારેય હું પૂરી નહીં કરૂં. એટલે સુધી કે હું લોહીથી રંગાએલો અલ્લાહની મુલાકાત માટે જઇશ. (અલ્લુહુફ, પાના-૪૨)

ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓની શહાદત

ઉમરે સઅદ ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબ પાસે આવ્યો અને “ઝુવૈદ” (અમુક લોકોએ ઉમર બિન સઅદના આ ગુલામનું નામ “દુરૈદ” લખ્યું છે. - મકતલુલ હુસૈન(અલ.),ખ્વારઝમી, ભાગ ૨, પાના-૮) (પોતાના ગુલામ)ને અવાજ આપીને કહ્યું: પરચમ નજીક લાવો. ત્યાર બાદ ઉમરે સઅદે તીર કમાનમાં લગાવ્યું અને હુસૈન(અલ.)ના સહાબીઓ તરફ મારતા કહ્યું: ગવાહ રહેજો કે સૌ પ્રથમ મેં તેમના તરફ તીર ફેંક્યું છે. ઉમરે સઅદના તીર ફેંકતાની સાથે જ તેના લશ્કરના દરેક માણસે તીર વરસાવવાનું શરૂ કરી દીધું. જેના કારણે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાંથી કોઇ પણ એવું બાકી ન રહ્યું જે ઘાયલ ન થયું હોય અને આ

હુમલામાં ઇમામ હુસૈન(અલ.)ના ૫૦ સહાબી શહીદ થઇ ગયા. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૧૨)

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: આ તીરો સહુ પ્રથમ દુશ્મનના લશ્કર તરફથી આવ્યા છે. હવે તમે ઊભા થાવ અને મૌત તરફ આગળ વધો. તેના સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. અલ્લાહ તમારી મગફેરત કરશે.

આપના અસ્હાબમાંથી એક સમુહે થોડીકવાર સુધી જંગ કરી. છેવટે તેમણે પણ શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. (અલ મલહુફ, પાના-૪૨)

પ્રકરણ : ૧૩ : પ્રથમ હુમલામાં શહીદ થનાર સહાબીઓ

પ્રથમ હુમલામાં શહીદ થનાર ઈમામ હુસૈન(અલ.)ના અસ્હાબની સંખ્યા ઇબ્ને શહર આશુબે ૪૦ બયાન કરી છે અને તેમાંથી ૨૮ના નામ લખીને કહે છે કે તેમાંથી ૧૦ ઇમામ હુસૈન(અલ.)ના ગુલામ હતા અને બે અમીરૂલ મુઅમીનીન(અલ.)ના ગુલામ હતા. (મનાકિબ ઇબ્ને શહરે આશુબ, ભાગ ૪, પાના-૧૧૩)પરંતુ અમે અહીં તે દરેક સહાબીના ટૂંકમાં હાલાત બયાન કરીએ છીએ અને તેમના નામ સમાવીની કીતાબ અબ્સારૂલએૈનથી વર્ણન કરીએ છીએ. અલબત્ત તેમાંથી અમુક એવા પણ હતા જેમના વિશે ઇતિહાસકારોએ લખ્યું છે કે તેઓ પ્રથમ હુમલામાં શહીદ નહોતા થયા અને મતભેદની જગ્યાઓ પણ વર્ણન કરી દીધી છે.

(૧) અદહમ બિન ઉમય્યા

આ માણસ બસરાના તે શીયાઓમાંથી છે જે મારીયાના (મારીયા બસરાના શીયાઓમાંથી એક સ્ત્રી હતી. ત્યાંના શીયા મારીયાના ઘરે ભેગા થયા હતા.) ઘરમાં ભેગા થયા હતા. તેઓ યઝીદ બિન સબીત સાથે બસરાથી મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૪)

(૨) ઉમય્યા બિન સઅદ

તેઓ અમીરૂલ મુઅમેનીન(અલ.)ના સહાબી, તાબેઇ અને કુફાના રહેવાસી હતા. જ્યારે તેમને ખબર પડી કે ઇમામ હુસૈન (અલ.) કુફા તરફ આવી રહ્યા છે તો તરત જ ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં પહોંચ્યા જ્યારે બંને ફૌજ દરમિયાન વાતચીત ચાલી રહી હતી અને

લડાઇ હજુ શરૂ થઇ ન હતી. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૭)

(૩) બુશ્ર બિન ઉમર

તેઓ તાબેઇનમાંથી હતા. જંગોમાં તેમના દીકરાઓની બહાદુરી પ્રખ્યાત છે. આ પણ તે સમયે આવ્યા જ્યારે બંને લશ્કર દરમિયાન હજી જંગ શરૂ નહોતી થઈ. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૩)

(૪) જાબીર બિન હીજાજ

જાબીર ઇમામ હુસૈન(અલ.)ના બહાદુર સહાબીઓમાંથી હતા. તેમને આશુરાના દિવસે ઝોહરથી પહેલા શહાદત પ્રાપ્ત થઇ. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૨)

(૫) હુબાબ બિન આમીર

તેઓ કુફાના રહેવાસી હતા. મુસ્લીમ બિન અકીલના હાથ પર બયઅત કરી સફર દરમિયાન

ઇમામ હુસૈન(અલ.)સાથે જોડાઈ ગયા હતા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૩)

(૬) જબ્લા બિન અલી

કુફ્રાના બહાદુર વ્યક્તિઓમાંથી એક હતા. શરૂઆતથી જનાબે મુસ્લીમ(અલ.) સાથે રહ્યા. પછી ઇમામ હુસૈન(અલ.) પાસે આવી ગયા. (વસીલએ દારૈનમાં લખ્યું છે કે તેમણે મૈદાનમાં આવીને જંગ કરી અને શહાદત મેળવી. પાના-૧૧૭)

(૭) જનાદાહ બિન કઅબ

મક્કાથી જ ઇમામ હુસૈન(અલ.) સાથે હતા અને તેઓ પોતાના પત્ની બાળકો લઇને ઇમામ હુસૈન(અલ.) સાથે કરબલા આવ્યા હતા. (અબ્સારૂલ ઐન, પાના-૧૨૪)

(૮) જુન્દુબ બિન હુજૈર કુન્દી

આ આદરણીય, પ્રખ્યાત શીયા તથા અમીરૂલ મુઅમેનીન(અલ.)ના સહાબી હતા.

રસ્તામાં ઇમામ હુસૈન(અલ.)ની સેવામાં હુરની મુલાકાત પહેલા પહોંચ્યા અને કરબલા આવ્યા. ઈતિહાસકારોએ લખ્યું છે કે તેઓ જંગની શરૂઆતમાં જ શહીદ થયા. અમુક લોકોએ લખ્યું છે કે તેઓ પોતાના વાલીદની સાથે જંગની શરૂઆતમાં શહીદ થયા. પરંતુ આ વાત સાબિત નથી. (અબ્સારૂલ ઐન, પાના-૯૪)

(૯) જ્વીન બિન માલીક

આ શીયા હતા અને તેમનો સંબંધ બની તમીમ સાથે હતો. એટલા જ માટે પોતાના કબીલા બની તમીમ સાથે ઇમામ હુસૈન(અલ.) વિરૂદ્ધ જંગ કરવા માટે આવ્યા હતા. પરંતુ જ્યારે ઇબ્ને સઅદે ઇમામ હુસૈન(અલ.)ની શરતો કબૂલ ન કરી તો જનાબે હુર અને તેમના જેવી બીજી વ્યક્તિઓની જેમ કુફાના લશ્કરથી જુદા થઇ ગયા અને રાતના સમયે (અબ્સારૂલ ઐન, પાના-૧૦૪) ઇમામ

હુસૈન(અલ.) પાસે પહોંચી ગયા. (ઉમર બિન સઅદના લશ્કરમાંથી લગભગ ૩૦ સૈનિકો શબે આશુર ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા હતા.)

(૧૦) હારીસ બિન નબહાન

તેમના પિતા નબહાન હઝરત હમ્ઝા બિન અબ્દુલ મુત્તલીબ(અલ.)ના ગુલામ હતા. તેઓ બહાદુર સવાર હતા અને તેમના દીકરા હારીસ હઝરત અલી(અલ.),ઇમામ હસન(અલ.) અને ઇમામ હુસૈન(અલ.)ના મદદગાર હતા અને તેઓ કરબલા પહોંચીને શહાદતના દરજ્જો પ્રાપ્ત કર્યો. (અન્સારૂલ ઐન, પાના-૧૧૩)

(૧૧) હારીસ બિન ઇમરઉલ કૈસ

તેઓ પ્રખ્યાત બહાદુર હતા. વિવિધ જંગોમાં તેમણે ખ્યાતિ મેળવી હતી. ઉમર બિન સઅદના લશ્કર સાથે કરબલા આવ્યા હતા. તેમણે

(એટલે ઉમર બિન સઅદ અને તેના લશ્કરે) ઇમામ હુસૈન(અલ.)ની વાત નહોતી માની. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૩) એટલા માટે ઇમામ હુસૈન(અલ.)સાથે જોડાઈ ગયા.

(૧૨) હજ્જાજ બિન બદર

તેઓ બસરાના રહેવાસી હતા અને તે જ વ્યક્તિ છે જેઓ બસરાથી કરબલા ઈમામ હુસૈન(અલ.) પાસે તેમના પત્રોના જવાબ લઈને આવ્યા હતા. આ પત્ર આપ(અલ.)એ મસઉદ બિન ઉમરને લખ્યો હતો. હજ્જાજ બિન બદર છેલ્લે સુધી ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહ્યા. એટલે સુધી કે આશુરાના દિવસે ઝોહરના સમયે શહીદ થયા. અમુક લોકોએ તેમની શહાદત ઝોહર પછીની લડાઇમાં લખી છે. (અબ્સારૂલ ઐન, પાના-૧૨૨)

(૧૩) હલ્લાસ બિન અમ્ર

આ સહાબી અને તેમના ભાઇ નોઅમાન અમીરૂલ મુઅમીનીન(અલ.)ના સહાબીઓમાંથી છે. હલ્લાસ કુફામાં અમીરૂલ મુઅમીનીન(અલ.)ના લશ્કરના સેનાપતિ હતા. પ્રથમ તેઓ ઉમર બિન સઅદના સૈન્ય સાથે કરબલા આવ્યા હતા. પરંતુ જ્યારે ઉમર બિન સઅદે ઇમામ હુસૈન(અલ.)ની શરતો કબૂલ ન કરી તો રાતના સમયે ઇમામ સાથે થઇ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૯)

(૧૪) ઝાહીર બિન અમ્ર

તેઓ ઘણા જ હિંમતવાન, અનુભવી અને બહાદુરીમાં પ્રખ્યાત હતા. એહલેબૈત (અલ.)ના પ્રખ્યાત શીયાઓમાંથી હતા. તેઓ અમ્ર બિન અલ હુમ્કના દોસ્ત હતા. જ્યારે ઝિયાદ બિન અબીએ અમ્ર બિન અલ હુમ્કને શોધવાનું શરૂ કર્યું તો ઝાહીર તેમની સાથે હતા. આ બંને દોસ્તો અકીદા અને

અમલમાં અહેલેબૈત(અલ.)ની સાથે હતા. જ્યારે મુઆવિયા અમ્રની શોધમાં હતો ત્યારે તે ઝાહીરની શોધમાં પણ હતો. છેવટે અમ્ર બિન અલહુમ્ક મુઆવિયાના હાથે શહીદ થયા અને ઝાહિર છૂપાઈ ગયા. સન ૬૦ હીજરીમાં મનાસિકે હજ પૂરા કર્યા પછી ઇમામ હુસૈન (અલ.) સાથે મુલાકાત કરી અને આપની સાથે કરબલા પહોંચી ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૩)

(૧૫) ઝુહૈર બિન સલીમ

જ્યારે કુફાનું લશ્કર ઇમામ હુસૈન(અલ.) સાથે જંગ કરવા તૈયાર થયું ત્યારે જે લોકો શબે આશુર ઇમામ હુસૈન(અલ.)ની સેવામાં હાજર થયા હતા તેમાંથી એક આ સહાબી પણ હતા. શહાદતનો જામ પીવા માટે ઈમામના આશીકોની જેમ ઘણા જ ઉત્સાહ સાથે લડયા અને પ્રથમ હુમલામાં જ શહીદ થઇ ગયા. શહાદત ઉપરાંત તેમને બીજો પણ શરફ

એ પ્રાપ્ત થયો કે ઝિયારતે નાહીયામાં સહુ પ્રથમ તેમનું નામ વર્ણન કરવામાં આવ્યું છે. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૯)

(૧૬) સાલીમ

આ આમીરના ગુલામ હતા. તેઓ બસરામાં રહેતા હતા. અને આમીર આ શહેરના શીયાઓમાં ગણાતા હતા. જ્યારે યઝીદ બિન સબીત પોતાના દીકરાઓ અને અન્ય લોકો સાથે મક્કામાં ઈમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા ત્યારે આ બંને પણ તેમની સાથે ઇમામ હુસૈન(અલ.)ના લશ્કરમાં જોડાઈ ગયા અને તેમની સાથે કરબલા પહોંચ્યા. (તન્કીહુલ મકાલ, ભાગ ૧, પાના-૪૫૨)

(૧૭) સાલીમ બિન અમ્ર

તેઓ શીયા અને કુફ્રાના રહેવાસી હતા. જ્યારે બંને સમૂહ દરમિયાન વાતચીત ચાલી રહી હતી ત્યારે કરબલા પહોંચ્યા અને ઇમામ

હુસૈન(અલ.)ના સહાબીઓ સાથે જોડાઈ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧)

(૧૮) સવાર બિન અબી હમીર

આ સહાબી પણ જંગ થતા પહેલા ઇમામ હુસૈન(અલ.) અને તેમના અસ્હાબ સાથે જોડાઈ ગયા. તેઓ પહેલા જ હુમ્લામાં ઝખ્મી થયા. કુફાની ફૌજ તેમને કૈદી બનાવીને ઇબ્ને સઅદ પાસે લઇ ગઇ. ઉમર બિન સઅદ તેમને શહીદ કરવા માંગતો હતો. પરંતુ કુફાના લશ્કરમાં તેમના અમુક સગાવ્હાલા હતા. તેમણે ઇબ્ને સઅદથી તેમને આઝાદ કરાવી દીધા.

તેઓ જંગમાં ઝખ્મી તો થયા જ હતા. પરંતુ છ મહીના પછી શહીદ થઇ ગયા. ઝિયારતે નાહિયામાં માસુમ(અલ.) ફરમાવે છે :

السَّلَامُ عَلَى الْجَرِيحِ الْمَأْسُورِ سَوَّارِ بْنِ أَبِي حُمَيْرٍ الْفَهْمِيِّ

(મક્તલુલ હુસૈન,મુકર્રમ, પાના-૨૫૪)

(૧૯) શબીબ બિન અબ્દુલ્લાહ

તેઓ બહાદુર હતા. સૈફ અને માલીકના દીકરાઓ સાથે ઇમામ હુસૈન(સલ.)સાથે જોડાઈ ગયા હતા અને આશુરાના દિવસે પહેલા જ હુમલામાં શહીદ થઇ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૭૯)

(૨૦) આઇઝ બિન મજ્મઅ

તેઓ પોતાના પિતા મજ્મઅ સાથે રસ્તામાં જ ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા. હુર બિન યઝીદ તેમને છોડવા નહોતા માંગતા. પરંતુ ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું: આ મારા સહાબી છે અને તેમને ન રોકો. તેઓ ઇમામ(અલ.)ના લશ્કરમાં શામીલ થઈ ગયા. તેમને રસ્તો બતાવનાર તીરીમ્માહ હતા. સાહિબે હદાઇકે તેમને પ્રથમ હુમલામાં શહીદ થનારાઓમાં ગણ્યા છે. બીજા

ઈતિહાસકારોએ લખ્યું છે કે બાપ દીકરા બંને જંગની શરૂઆતમાં પહેલા હુમલામાં જ શહીદ થયા. (અબ્સારૂલ ઐન,પાના-૮૬)

(૨૧) આમીર બિન મુસ્લીમ

બસરાના શીયા હતા. તેઓ પોતાના ગુલામ સાલીમ અને યઝીદ બિન સબીતની સાથે બસરાથી મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા. (અબ્સારૂલ ઐન,પાના-૧૧૧)

(૨૨) અબ્દુલ્લાહ બિન બશીર

તેઓ ઘણા જ પ્રખ્યાત બહાદુર હતા. તેમને હકના હિમાયતી ગણવામાં આવતા હતા. જંગોમાં તેમનું અને તેમના વાલીદનું નામ ખૂબ જાણીતું છે. અબ્દુલ્લાહ ઇબ્ને બશીર ઇબ્ને સઅદના લશ્કરની સાથે કરબલા આવ્યા હતા અને જંગ શરૂ થતા પહેલા ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા અને

આશુરના દિવસે ઝોહરથી પહેલા પ્રથમ હુમલામાં શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૧)

(૨૩) અબ્દુલ્લાહ ઇબ્ને યઝીદ

તેઓ પોતાના પિતા સાથે મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા અને પછી આપની જ સાથે કરબલા આવ્યા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૧)

(૨૪) ઉબૈદુલ્લાહ ઇબ્ને યઝીદ

આ પણ પોતાના ભાઇ યઝીદ બિન સબીત અને બસરાવાળાઓ સાથે ઇમામ હુસૈન(અલ.)ના લશ્કર સાથે જોડાઈ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૦)

(૨૫) અબ્દુર્રહમાન ઇબ્ને અબ્દુર રબ

તેઓ રસુલે અકરમ (સલ.)ના સહાબી અને અમીરૂલ મુઅમેનીન (અલ.)ના મુખ્લીસ સહાબીઓમાંથી હતા. જ્યારે મૈદાને રહ્બામાં

અલી(અલ.)એ લોકોને કહ્યું કે જે માણસ ગદીરે ખુમમાં હાજર હતો અને જેણે ગદીરની હદીસ સાંભળી હતી તે ઊભો થઇ જાય અને ગવાહી આપે ત્યારે બીજા લોકો સાથે આ સહાબી પણ ઊભા થયા અને કહ્યું: અમે રસુલે અકરમ(સલ.)થી સાંભળ્યું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: અલ્લાહ અઝ્ઝ વ જલ્લ મારો વલી છે અને હું મોઅમીનોનો વલી છું. તો પછી જેનો હું મૌલા છું તેના અલી(અલ.) મૌલા છે. અય અલ્લાહ! અલીના દોસ્તને તું દોસ્ત રાખ અને તેના દુશ્મનને તું દુશ્મન રાખ. હઝરત અલી(અલ.)એ તેમની તરબીયત કરી હતી. તેમને કુરઆનની તાલીમ આપી હતી. તેઓ મક્કાથી ઇમામ હુસૈન(અલ.) સાથે હતા અને તેમની સાથે જ કરબલા આવ્યા હતા. (અબ્સારૂલ ઐન, પાના-૯૩)

(૨૬) અબ્દુર્રહમાન ઇબ્ને મસઉદ

આ સહાબી અને તેમના પિતા મશહૂર શીયાઓમાંથી હતા અને બહાદુરીમાં પણ ઘણા પ્રખ્યાત હતા. તેઓ ઉમર બિન સઅદ સાથે કરબલા આવ્યા. જંગ શરૂ થતા પહેલા ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા. આપને સલામ કરી અને પછી આપ(અલ.)ની સાથે રહ્યા. પહેલા જ હુમલામાં શહીદ થઇ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૨)

(૨૭) ઉમર બિન ઝબીઆ

અમુક લેખકોએ તેમનું નામ અમ્ર બિન ઝબ્આ લખ્યું છે.السَّلاَمُعلٰيعمَرو (વસીલએ દારૈન, પાના-૧૭૭)

આ ઘણા જ ઝડપી સવાર હતા. ઉમર બિન સઅદ સાથે કરબલા આવ્યા અને પછી ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાં શામીલ થઈ ગયા.

“ઇસાબા” માં ઇબ્ને હજર લખે છે: અમ્ર જંગોમાં પોતાનું નામ પ્રખ્યાત કરનાર બહાદુર હતા. તેમણે રસુલે અકરમ (સલ.) ને જોયા હતા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૩)

(૨૮) અમ્માર બિન હીસ્સાન

તેઓ મુખ્લીસ શીયા અને જાણીતા બહાદુર હતા. તેમના પિતાજી હસ્સાન અમીરૂલ મુઅમેનીન(અલ.)ના સહાબી હતા. જંગે જમલ અને જંગે સીફ્ફીનમાં આપ(અલ.)ની હિમાયતમાં લડીને શહીદ થયા. અમ્માર મક્કાથી ઇમામ હુસૈન(અલ.) સાથે હતા અને આશુરાના દિવસ સુધી તેમનાથી જુદા નહોતા થયા. તેમણે પહેલા જ હુમલામાં શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૩)

(૨૯) અમ્માર બિન સલામા

રસુલુલ્લાહ(સલ.)ના અસ્હાબ અને અલી(અલ.)ના મદદગારોમાંથી હતા. જંગે જમલમાં જતી વખતે તેમણે અલી(અલ.)ને પૂછયું: જ્યારે તમે રસુલુલ્લાહ(સલ.)ના અસ્હાબના મુકાબલામાં જશો તો શું કરશો ? અલી(અલ.)એ જવાબ આપ્યો : હું લોકોને અલ્લાહ અને તેના રસુલ(સલ.) તરફ દાવત આપીશ અને જો તેઓ મોઢું ફેરવશે તો તેમની સાથે જંગ કરીશ. અમ્મારે કહ્યું: જે વ્યક્તિ પણ લોકોને અલ્લાહની તરફ બોલાવે છે તે ક્યારેય હારતો નથી. અમ્માર બિન સલામા કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની સેવામાં હાજર થયા અને પહેલા હુમલામાં શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૭૯)

(૩૦) કાસિમ બિન હબીબ અલ - અઝ્દી

આ કુફાના શીયાઓમાંથી હતા. ઉમર બિન સઅદના લશ્કર સાથે કરબલા આવ્યા અને જંગથી પહેલા ઇમામ હુસૈન(અલ.)ના ખૈમામાં આવી ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૯)

(૩૧) કાસીમ બિન ઝુહૈર

તેઓ જંગે સીફ્ફીનમાં હઝરત અલી (અલ.)ની ફૌજના સેનાપતિ હતા. જંગે જમલ અને નહેરવાનમાં પણ હતા. તેમના વિશે ઝિયારતમાં આ રીતે બયાન થયું છે :

السلامقاسطوكردوسابنيزهيرالتغلبي

(વસીલએ દારૈન, પાના-૧૭૪)

અમીરૂલ મુઅમેનીન(અલ.)ના અસ્હાબ અને ઇમામ હુસૈન(અલ.)ના અન્સારમાંથી હતા. કુફામાં રહેતા હતા. તેમણે ઘણી બધી જંગોમાં ખાસ કરીને

જંગે સીફ્ફીનમાં ભાગ લીધો હતો. જ્યારે ઇમામ હુસૈન(અલ.) કરબલા આવ્યા તો રાતના સમયે તેઓ ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૪)

(૩૨) કીરદૌસ બિન ઝુહૈર

તેઓ હઝરત અલી (અલ.)ના સહાબી હતા. રાતના સમયે પોતાના ભાઇ સાથે કરબલામાં ઇમામ હુસૈન(અલ.)સાથે શામીલ થઈ ગયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૪)

(૩૩) કીનાના બિન અતીક

ઇબ્ને હજરે અસાબહમાં લખ્યું છે કે કીનાના જંગે ઓહદમાં હતા અને તેમના પિતાજી અતીક રસુલ(સલ.)ના સવાર હતા. (વસીલતુદ્દારૈન, પાના-૧૮૪)

આપ કુફાના પહેલવાનો, બા તકવા અને પરહેઝગારો તથા કુરઆનના કારીઓમાંથી એક

હતા. કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની ખીદમતમાં હાજર થયા અને પહેલા હુમલામાં શહીદ થયા. અમુક લોકોએ તેમની શહાદત પહેલા હુમલા પછી લખી છે. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૪)

(૩૪) મુસ્લીમ બિન કસીર

કુફાના તાબેઇન અને અમીરૂલ મુઅમેનીન(અલ.)ના સહાબીઓમાંથી હતા. ઈસ્લામની કોઈ એક જંગમાં તેમનો પગ ઝખ્મી થઈ ગયો હતો અને તેના કારણે ચાલતી વખતે લંગડાતા હતા કદાચ એટલા જ માટે તેમને અઅરજ કહે છે. જ્યારે ઇમામ હુસૈન(અલ.) કરબલામાં આવ્યા ત્યારે તેઓ કુફાથી કરબલા તરફ નીકળ્યા અને ઈમામ(અલ.)ની સાથે શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૮)

(૩૫) મસઉદ બિન હીજાજ

તેઓ અને તેમના દીકરા પ્રખ્યાત શીયા અને બહાદુરીમાં જાણીતા હતા. જંગ શરૂ થતા પહેલા કરબલા આવ્યા અને ઇમામ હુસૈન (અલ.)ની સેવામાં હાજર થયા અને આપની સાથે રહ્યા એટલે સુધી કે પહેલા જ હુમલામાં શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૨)

(૩૬) મુકસિત બિન ઝુહૈર

તેઓ તથા તેમના ભાઇ અમીરૂલ મુઅમેનીન(અલ.)ના ખાસ સહાબીઓમાંથી હતા અને આપ(અલ.) પર પોતાની જાન કુરબાન કરનાર હતા. જંગે જમલ, જંગે સીફ્ફીન અને જંગે નહેરવાનમાં પણ તેઓ ઈમામ(અલ.)ની સાથે હતા. જ્યારે ઇમામ હુસૈન (અલ.) કરબલા પહોંચ્યા તો તેઓ રાતના સમયે આપની ખીદમતમાં હાજર થયા અને શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૧૪)

(૩૭) નસ્ર બિન અબી નૈઝ

મુબર્રદે કામિલમાં તેમને અજમના બાદશાહની અવલાદ જણાવ્યા છે કે જેઓ ઇસ્લામના આશિક થઇ ગયા હતા અને બાળપણમાં રસુલુલ્લાહ(સલ.)ના હાથ પર ઇમાન લાવ્યા હતા. (વસીલદ્દારૈન, પાના-૧૯૯)

તેમના પિતા અજમના શાહઝાદાઓમાંથી અથવા નજાશીની અવલાદમાંથી હતા. તેમના દીકરા "નસ્ર" હઝરત અલી(અલ.) અને ઇમામ હસન(અલ.) પછી ઇમામ હુસૈન (અલ.)ની સેવામાં રહ્યા. તેઓ ઈમામની સાથે મદીનાથી મક્કા અને ત્યાંથી કરબલા આવ્યા અને શહીદ થયા. આ પ્રથમ સવાર હતા પરંતુ તેમણે પોતાના ઘોડાને છોડી દીધો હતો. તેઓ પ્રથમ હુમલામાં શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૫૪)

(૩૮) નઅમાન બિન અમ્ર અર રાસ્બી

આ અને તેમના ભાઇ, અમીરૂલ મુઅમેનીન(અલ.)ના અસ્હાબમાંથી હતા. કુફામાં રહેતા હતા. જ્યારે ઉમરે સઅદે ઇમામ હુસૈન(અલ.)ની વાત ન માની તો રાતના સમયે તેઓ ઇમામ હુસૈન(અલ.)ની સેવામાં હાજર થયા અને તેમનો સાથ આપીને શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૧૦૯)

(૩૯) નઇમ બિન અજલાન

આ અને તેમના બંને ભાઇ નસ્ર અને નોઅમાન, ત્રણેય અમીરૂલ મુઅમેનીન(અલ.) ના સહાબીઓમાંથી ગણાતા હતા. જંગે સીફ્ફીનમાં ઈમામ(અલ.)ની સાથે હતા. અરબના બહાદુરો તથા કવિઓમાં તેમની ગણતરી થતી હતી. નસ્ર અને નોઅમાનનો ઇન્તેકાલ થઇ ગયો હતો. જ્યારે ઈમામ હુસૈન(અલ.) ઈરાક આવ્યા ત્યારે નઈમ કુફામાં હતા. તેઓ આપ(અલ.)ની સેવામાં હાજર થયા.

આશુરના દિવસે જંગનો ઇરાદો કર્યો અને પહેલા હુમલામાં શહીદ થયા. (અબ્સારૂલ ઐન, પાના-૯૪)

(૪૦) ઝુહૈર બિન બશર અલ-ખસ્અમી

મનાકિબના લેખકે તેમનું વર્ણન પ્રથમ હુમલાના શહીદોમાં કર્યું છે. (મનાકિબ ઇબ્ને શહરે આશુબ, પાના-૧૧૩, ભાગ ૪) પરંતુ બીજી કિતાબોમાં તેમનું નામ નથી જોવા મળતું.

કરબલામાં અલ્લાહની મદદ નાઝીલ થવી

ઇમામ સાદીક(અલ.)થી વર્ણન થયું છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: મેં મારા પિતાજીથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું: જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓનો ઉમર બિન સઅદની ફોજ સાથે મુકાબલો થયો અને જંગની જ્વાળાઓ ભડકી ઉઠી ત્યારે અલ્લાહના હુકમથી આસમાનના ફરીશ્તાઓ ઈમામ હુસૈન(અલ.) પર નાઝીલ થયા અને તેમને બે બાબતોમાંથી એકની પસંદગી કરવાનો ઈખ્તીયાર આપ્યો. તેમને કહેવામાં આવ્યું કે તમે દુશ્મનો પર કામયાબી મેળવવાનું પસંદ કરશો કે પછી શહાદત અને અલ્લાહની મુલાકાત પસંદ કરો છો? તો ઈમામ હુસૈન(અલ.)એ અલ્લાહની મુલાકાત અને શહાદતને પસંદ કરી. (બિહારૂલ અન્વાર, ભાગ ૪૫, પાના-૧૨ આ હદીસ થોડાક ઈખ્તેલાફ સાથે અબ્દુલ મલિક બિન અઅયનના વાસ્તાથી ઇમામ સાદીક (અલ.)થી નકલ થઇ છે.)

મદદ માટેની ફરીયાદ

ઇમામ હુસૈન(અલ.)એ અવાજ બુલંદ કરી :

اَمَامِنْمُغِيْثٍيُغِيْثُنَالِوَجْهِاللهِ؟اَمَامِنْذَابٍّيَذُبُّعَنْحَرَمِرَسُوْلِاللهِ

(અલ-મલહૂફ પા-૪૯)

શું કોઇ ફરીયાદ સાંભળનારો છે જે અલ્લાહ માટે અમારી મદદ કરે? શું કોઇ બચાવ કરવાવાળો છે જે રસુલ(સલ.)ના હરમનું રક્ષણ કરે?

પ્રકરણ : ૧૪ : અન્ય શહીદો

ઇમામ હુસૈન(અલ.)ના જે સહાબીઓના નામ અમે પહેલાં વર્ણન કરી ચુકયા છીએ તે પ્રથમ હુમલામાં શહીદ થયા. ત્યાર પછી બીજા સહાબીઓ અને આપના અહલેબયતમાંથી બની હાશિમની કુરબાનીની વારી આવે છે. તેમનામાંથી દરેક જંગના મૈદાનમાં ગયા. તલવારો અને ભાલાઓનો મુકાબલો કર્યો. શહાદત પામી અને અલ્લાહથી મુલાકાત માટે પહોંચી ગયા અને અલ્લાહની રહમતમાં આરામ ફરમાવ્યો. હવે અમે સહાબીઓ અને ત્યાર બાદ આપના અહલેબયત(અલ.)નો ક્રમવાર ઝિક્ર કરીશું.

(૧) અબ્દુલ્લાહ બિન ઉમૈર

તેમનું ઉપનામ ઉમ્મે વહબ હતું. બની અલીમ કબીલાથી હતા. પત્ની ઉમ્મે વહબ બિન્તે અબ્દ હતી. (વસીલતુદ્દારૈન પા-૧૬૮)

આ વહબના વાલિદ અને શરીફ તથા બહાદુર વ્યક્તિ હતા અને કુફામાં "બિઅરૂલ જઅદ" હમદાનની નજીક તેમનું ઘર હતું. આપની પત્ની ઉમ્મે વહબ હતી. એક દિવસ આપ કુફાની લશ્કરી છાવણી નુખૈલહ પહોંચ્યા. જોયું કે લશ્કર કરબલા તરફ રવાના થવાનું છે. તેમણે પુછ્યું આ કોની સાથે જંગની તૈયારીઓ છે? બતાવવામાં આવ્યું કે ફરઝંદે ફાતેમા બિન્તે રસુલ(સલ.) ઇમામ હુસૈન(અલ.)ની સાથે છે.

અબ્દુલ્લાહ બિન ઉમૈરે કહ્યું : ખુદાની કસમ! હું મુશરિકોની સાથે જંગનો ઇચ્છુક છું. જે લોકો પોતાના રસુલ(સલ.)ની દીકરીના દીકરા સાથે જંગ

કરી રહ્યા છે મારી નજરમાં તેમની સાથે જંગ કરવામાં એટલો જ સવાબ છે જેટલો મુશરિકો સાથે જંગ કરવામાં છે. ત્યાર પછી તે પોતાની પત્ની પાસે આવ્યા. તેમને પણ આ કિસ્સાથી વાકેફ કર્યા. પોતાનો ઇરાદો પણ બતાવી દીધો. તેમની પત્નીએ કહ્યું : આપે સહી ફેંસલો કર્યો. ખુદા આપને બેહતરીન રસ્તો અને સારા વિચારો તરફ માર્ગદર્શન આપે. જે ઇરાદો કર્યો છે તેને અંજામ આપો અને મને પણ પોતાની સાથે લઈ ચાલો. સાંજના સમયે પોતાની પત્ની સાથે નીકળ્યા. અહીં સુધી કે કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં પહોંચ્યા.

જ્યારે ઉમર બિન સઅદે ઇમામ હુસૈન(અલ.)ની તરફ તીર ફેંક્યું અને તેના લશ્કરે હુસૈની ખિયામ પર તીર વરસાવવાનું શરૂ કર્યું તો ઝિયાદ બિન અબીહનો ગુલામ "યસાર" અને

ઉબૈદુલ્લાહ બિન ઝિયાદનો ગુલામ "સાલિમ" મૈદાનમાં આવ્યા અને ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓને મુકાબલા માટે બોલાવ્યા. હબીબ ઇબ્ને મઝાહિર અને બુરૈર બિન ખુઝૈર મૈદાનમાં જવા માટે પોતાની જગ્યાથી ઉભા થયા. ઇમામ હુસૈન(અલ.)એ તેમને રોક્યા. અબ્દુલ્લાહ બિન ઉમૈર ઉઠ્યા અને આપ(અલ.)થી રજા માંગી. આપે એક નજર તેમને જોયા તો એક ઘઉંવર્ણા, ઉંચુ કદ, મજબૂત બાજુ અને વિશાળ છાતીવાળા પામ્યા. ફરમાવ્યું : હું સમજુ છું કે તમે તમારા મુકાબિલને પરાજિત કરી દેશો. જો તેમના મુકાબલા માટે જવા ઇચ્છો છો તો જાઓ.

અબ્દુલ્લાહ બિન ઉમૈર મેદાનમાં ગયા. સાલિમ અને યસાર કે જે મૈદાનમાં ઉભા હતા તેમના નસબ (વંશ) વિષે સવાલ કર્યો. તેમણે પોતાની ઓળખાણ આપી. તે બંનેએ કહ્યું : અમે તમને ઓળખીએ છીએ. પછી તેમણે ઝુહૈર અથવા

હબીબ અથવા બુરૈરને મુકાબલા માટે બોલાવ્યા. યસાર સાલિમથી થોડોક આગળ ઉભો હતો. અબ્દુલ્લાહ બિન ઉમૈરે કહ્યું : તને લોકો સાથે જંગ કરવામાં સંકોચ થાય છે. જે પણ તારા મુકાબલામાં આવશે તે બેશક તારાથી બેહતર હશે. આ કહીને તેના પર હુમલો કર્યો અને તેને કતલ કરી દીધો. જ્યારે તેઓ લડાઈમાં વ્યસ્ત હતા ત્યારે સાલિમે તેમના પર હુમલો કર્યો. ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓએ અવાજ આપી કે સાલિમથી બચો ! તેમણે મહત્વ ન આપ્યું સાલિમે તલવારથી વાર કર્યો જેને અબ્દુલ્લાહ બિન ઉમૈરે હાથથી રોક્યો જેથી આપની ડાબા હાથની આંગળીઓ કપાઈ ગઇ. પરંતુ તેમણે સાલિમને છોડ્યો નહીં અને તલવાર ચલાવીને તેને કતલ કરી દીધો. પોતાના બે મુકાબિલને કતલ કર્યા પછી તેમણે ઇમામ હુસૈન(અલ.)ની તરફ જોઈ આ રજઝ પઢ્યા :

اِنْتُنْكِرُوْنِيْفَاَنَااِبْنُكَلْبٍ

حَسْبِيْبِبَيْتِيْفِيْعَلِيْمٌحَسْبِيْ

اِنِّيْاَمْرءٌذُوْمرةٍوَعَصَبٍ

وَلَسْتُبِالْخَوَارِعِنْدَالْحَرْبِ

اِنِّيْزَعِيْمُلِكُلِّاُمَّوَهَبِ

بِالطَّعْنِفِيْهِممَقْدَماًوَالضَّرْبِ

"જો તમે મને ઓળખવાથી ઇન્કાર કરો છો તો જાણી લો કે હું કલ્બ કબીલાથી છું. ઓળખાણ માટે આટલું કાફી છે કે મારૂં ઘર ઉલૈમ કબીલામાં છે. હું મર્દ છું મારી તાકાત તલવારથી પુછો, મુશ્કેલીના સમયે હું લાચાર નથી થતો. અય ઉમ્મે વહબ. હું આ અહદ કરૂં છું કે હું દુશ્મન તરફ ભાલા અને તલવાર સાથે આગળ વધીશ."

અબ્દુલ્લાહ બિન ઉમૈરની પત્ની ઉમ્મે વહબે ખૈમાની લાકડી ઉઠાવી અને પોતાના પતિની નજીક આવીને કહ્યું : મારા મા-બાપ આપ પર ફિદા થઈ જાય. રસૂલ(સલ.)ની સંતાન તરફથી મુકાબલો કરો. અબ્દુલ્લાહ બિન ઉમૈરે તેમને પાછા મોકલ્યા. ઉમ્મે વહબે પતિનો દામન પકડી લીધો અને કહ્યું : હું કદી પણ આપને છોડીશ નહીં. હું પણ આપની સાથે મરીશ. અબ્દુલ્લાહ બિન ઉમૈરનો જમણો હાથ મકતૂલોના લોહીના કારણે તલવારના હાથા સાથે ચોંટી ગયો હતો અને ડાબા હાથની આંગળીઓ કપાઈ ચુકી હતી જેથી પત્નીને પાછા ન મોકલી શક્યા.

ઇમામ હુસૈન(અલ.) તશરીફ લાવ્યા અને ફરમાવ્યું: અલ્લાહ તમે લોકોને બેહતરીન બદલો આપે. તમે સ્ત્રીઓ પાસે ચાલ્યા જાઓ. તેમની સાથે

રહો. અલ્લાહ તમારા પર રહેમ કરે. સ્ત્રીઓ પર જેહાદ નથી. તે પાછા ફરી ગયા.

અમ્ર બિન હજ્જાજે ઇમામ હુસૈન(અલ.)ના લશ્કરના મયમના (જમણી તરફ) પર હુમલો કર્યો. સહાબીઓએ મુકાબલો કર્યો. શીમ્રે મયસરા (ડાબી તરફ) પર હુમલો કર્યો પરંતુ સહાબીઓએ અડગતાથી મુકાબલો કર્યો અને નેઝાથી તેમના પર હુમલા શરૂ રાખ્યા.

અબ્દુલ્લાહ બિન ઉમૈર ઇમામ હુસૈન(અલ.)ના લશ્કરની ડાબી તરફ જંગ કરી રહ્યા હતા. તેમણે દુશ્મનના ઘણા બધા લોકોને મોતની મજા ચખાડી. આ દરમિયાન હાની બિન સબીલ હજરમી અને બુકૈર બિન હય્ય તમીમીએ તેમના પર હુમલો કર્યો અને તેમને શહીદ કરી દીધા. પછી સવારો અને પગપાળા સિપાહીઓની સાથે ઉમર બિન સઅદે ઇમામ હુસૈન અલયહિસ્સલામના

સાથીઓ પર હુમલો કર્યો. સખત જંગ શરૂ થઈ ગઈ. ઇમામ હુસૈન(અલ.)ના ઘણા સાથીઓ શહીદ થયા. જ્યારે મૈદાને જંગની ધૂળ હટી તો અબ્દુલ્લાહ બિન ઉમૈરની પત્ની શૌહરની લાશ પર પહોંચી અને માથા પાસે બેસીને તેમના રૂખ્સાર (ગાલ)ને સાફ કરીને કહ્યું : તમને જન્નત મુબારક થાય. જે અલ્લાહે તમને જન્નતમાં જગ્યા આપી છે તેનાથી જ દુઆ છે કે મને પણ આપની સાથી બનાવે. આ દરમિયાન શિમ્રે પોતાના ગુલામને કહ્યું : કે ખૈમાની લાકડી ઉઠાવી તેના માથા પર મારો. તેના મારથી ઉમ્મે વહબની ઉમ્મીદ પુરી થઈ ગઈ અને પોતાના શહીદ પતિ સાથે મળી ગઈ. (અબસારૂલ ઐન પેજ-૧૦૬)

(૨) સૈફ ઇબ્નુલ હારીસ

(૩) માલિક બિન અબ્દુલ્લાહ

આ બંને માદરી ભાઈ હતા. (માં એક, બાપ અલગ) તેમના વાલિદ હારિસ અને અબ્દુલ્લાહ

હતા. જે સુરૈઅ બિન જાબિરના દીકરા છે. જાબિરનો સંબંધ હમદાન કબીલાથી છે. (સીલતુદ દારૈન પેજ-૧૫૪)

આ બંને માદરી ભાઈ હતા. આશુરના દિવસે જ્યારે તેમણે ઇમામ હુસૈન(અલ.)ની સ્થિતિ જોઈ તો પોતાના ગુલામ શબીબ સાથે રડતાં રડતાં આપની ખિદમતમાં હાજર થયા.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : કેમ રડો છો ભાઈ? ખુદાની કસમ થોડી વાર પછી તમારી આંખો રોશન થઈ જશે.

તેમણે કહ્યું : અલ્લાહ અમને આપનો ફિદયો કરાર દે. અમે પોતાના હાલ પર નથી રડી રહ્યા. બલ્કે અમે આ જોઈને આંસુ વહાવી રહ્યા છીએ કે આ કોમે આપને ઘેરી લીધા છે અને જાનથી વધીને એવી કોઈ ચીજ અમારી પાસે નથી કે જેનાથી અમે આપ(અલ.)ની હિમાયત કરીએ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ મદદ અને અમારી સાથે આવવા પર અલ્લાહ તે બેહતરીન બદલો આપશે જે મુત્તકીનને આપે છે.

આ બંને ભાઈ ઉભા હતા અને હન્ઝલા બિન અસઅદ કુફાવાળાઓને નસીહત કરી રહ્યા હતા. સાથે લડી પણ રહ્યા હતા. એટલે સુધી કે શહાદત પામી. તે સમયે આ બંને ભાઇ કુફાની ફોજ તરફ વધ્યા અને ઇમામ હુસૈન(અલ.) તરફ જોઈને કહ્યું : અસ્સલામો અલયકુમ યબ્ન રસુલિલ્લાહ(સલ.) આપ અલયહિસ્સલામે ફરમાવ્યું : અલ્લાહની રહમત અને બરકત થાય તમારા પર. પછી સાથે સાથે રહીને જંગ કરી. એકબીજાની પાછળ પાછળ ચાલતા રહ્યા. અહીં સુધી કે શહાદત પામી. (અબસારૂલ ઐન પા-૭૮)

(૪) અમ્ર બિન ખાલિદ અસ્સયદાવી

અમ્ર બિન ખાલિદ કુફાના શરીફ આદમી અને અહલેબયત(અલ.)ના મુખલિસ હતા. તેમણે મુસ્લિમ બિન અકીલ(અલ.)ની સાથે ઇન્કિલાબમાં ભાગ લીધો. જ્યારે કુફાવાળાઓએ તેમને એકલા છોડી દીધા તો અમ્ર બિન ખાલિદ છુપાઈ જવા પર મજબુર થઈ ગયા. તેમને ખબર પડી કે ઇમામ હુસૈન(અલ.)ના કાસિદ કૈસ બિન મુસહ્હરને શહીદ કરી દેવામાં આવ્યા છે. જેથી પોતાના ગુલામ સઅદની સાથે ચાલ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે મળી ગયા. (વસીલતુદ દારૈન પા-૧૭૬)

(૫) સઅદ અમ્રના ગુલામ

આ અમ્ર બિન ખાલિદના રસ્તામાં ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઇ ગયા. આ શરીફ અને બુલંદ હિમ્મત માણસ હતા. કરબલામાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૬૮)

(૬) જાબિર બિન હારીસ

શક્ય છે કે આ જનાદહ બિન હર્સ હોય કે જેમને મુકર્રમે જાબિર અને સમાવીએ જબ્બાર અને વહયાન લખ્યું છે. પરંતુ આ સહી નથી. (અબસારૂલ ઐન પા-૮૪)

(૭) મુજમ્મઅ બિન અબ્દુલ્લાહ

મુજમ્મઅ બિન અબ્દુલ્લાહ તાબેઈન અને અમીરૂલ મોઅમેનીન(અલ.)ના સહાબીઓમાંથી હતા. જંગે સિફ્ફીનમાં શરીક થયા. તેમના વાલિદ અબ્દુલ્લાહ રસુલુલ્લાહ(સલ.)ના સહાબી હતા. (વસીલતુદ દારૈન પા-૧૯૨)

આ ચારેયે એક સાથે કુફાવાળાઓ પર હુમલો કર્યો. જ્યારે દુશ્મનના લશ્કરની વચ્ચે પહોંચી ગયા તો લશ્કરે તેમને ઘેરી લીધા અને ઇમામ હુસૈન(અલ.)ના અન્ય સાથીઓથી તેમને અલગ કરી દીધા. ઇમામ હુસૈન(અલ.)એ પોતાના

ભાઈ અબ્બાસ(અલ.)ને મોકલ્યા જેથી તલવારથી તેમને ઘેરાવથી કાઢે. પરંતુ આ લોકો સખત ઝખ્મી થઈ ચુકયા હતા. દુશ્મને વધુ હુમલો કરીને તેમને ખૂબ જ ઝખ્મી કરી દીધા અને આ હસ્તીઓ જેહાદ કરતા કરતા શહાદતના દરજ્જા પર પહોંચી ગયા. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૩૯)

ત્યાર પછી અમ્ર બિન હજ્જાજે પોતાના લશ્કર સાથે ઇમામ હુસૈન(અલ.)ના લશ્કરના(મયમના) પર, જમણી તરફ હુમલો કર્યો, તે આપ(અલ.)ની તરફ આવી રહ્યો હતો તો આ લોકોએ બે ઝાનુ બેસીને નેઝાથી દુશ્મનનો મુકાબલો કર્યો. એટલા માટે અમ્ર બિન હજ્જાજની ફોજ આગળ ન વધી શકી. જ્યારે તે પાછા ભાગ્યા તો હુસૈની સહાબીઓએ તેમના પર તીર વરસાવ્યા અને તેમનામાંથી અમુકને હલાક કર્યા અને અમુકને

ઝખ્મી કર્યા. (ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પા-૧૦૨)

(૮) બુરૈર બિન ખુઝૈર

જ્યારે સખત લડાઈ થઈ રહી હતી તો કુફાની ફૌજમાંથી યઝીદ બિન મઅકલ મૈદાનમાં આવ્યો અને બુરૈરને અવાજ આપીને કહ્યું : પોતાના હકમાં તમે અલ્લાહને કેવો પામ્યો? બુરૈરે જવાબ આપ્યો : ખુદાની કસમ! તેણે અમારા હકમાં સહી કર્યું છે અને તમને બુરાઈ અને શરના રસ્તા પર લગાવી દીધા છે.

યઝીદ બિન મઅકલે કહ્યું : તમે જૂઠ કહો છો. આ પહેલાં તો તમે જુઠ બોલતા ન હતા. હું ગવાહી આપુ છું કે તમે ગુમરાહોમાંથી છો.

બુરૈરે કહ્યું : હું તમારી સાથે મુબાહેલા કરવા ઇચ્છુ છું કે જુઠા પર અલ્લાહ લઅનત કરે અને જે

બાતિલ પર છે તેને જહન્નમમાં મોકલે, તુ મુબાહેલા કરવા તૈયાર છે ?

તેણે કબૂલ કર્યું : બંનેમાં જંગ થવા લાગી. બે વાર એક બીજાને લગાવ્યા. યઝીદ બિન મઅકલે બુરૈર પર હુમલો કર્યો. જેનાથી તેમને કોઈ નુકસાન ન પહોંચ્યું. તરત જ બુરૈરે તેના માથા પર તલવાર ચલાવી જે તેને અને માથાને ચીરતી મગજ સુધી પહોંચી ગઇ. યઝીદ બિન મકઅલ જમીન પર પડી ગયો. બુરૈરે જેવું તેના માથા પરથી તલવાર ખેંચી ત્યાં યઝીદી ફોજમાંથી રઝી બિન મુન્કઝે તેમના પર હુમલો કરી દીધો. ઘણા સમય સુધી બંનેમાં લડાઈ ચાલતી રહી. છેવટે બુરૈરે તેને જમીન પર ફેંક્યો અને તેના સીના પર સવાર થઈ ગયા. તેણે બુમો પાડીને કહ્યું : મારી મદદ કરવાવાળાઓ! ક્યાં છો ? મને બચાવો, કઅબ બિન જાબિર તેની મદદ માટે દોડ્યો. તેને કહેવામાં આવ્યું બુરૈર બિન ખુઝૈર તે

કારી છે જે કુફાની મસ્જિદમાં બેસીને અમને કુરઆનની તાલીમ આપતા હતા. પરંતુ તેણે પરવા ન કરી અને ભાલાથી બુરૈર પર હુમલો કર્યો જે બુરૈરની પીઠ પર વાગ્યો.

જ્યારે બુરૈરને ભાલાની તેજીનો એહસાસ થયો તો તે પોતે રઝી બિન મુન્કઝ પર પડી ગયા અને દાંતોથી તેની નાક ચબાવી નાખી. કઅબ બિન જાબિરે ભાલા પર જોર આપ્યું અને બુરૈરને રઝીના ઉપરથી હટાવી એક તરફ કર્યા અને તેમને તલવારથી શહીદ કરી દીધા. અલ્લાહની રહમતો અને બરકતો થાય તેમના પર. (કામિલ ઇબ્ને અસીર, ભાગ-૪ પા-૬૬)

અફીફ કહે છે : જાણે હું રઝીને જોઈ રહ્યો હતો કે તે પોતાની જગ્યાથી ઉભો થયો અને પોતાનો પોશાક સાફ કરતા કઅબ બિન જાબિરને

કહ્યું : અઝદીભાઈ તમે મારી એવી ખિદમત કરી છે કે જેને હું કદી ભૂલીશ નહીં.

યુસુફ બિન યઝીદ કહે છે : મેં અફીફને પુછ્યું આપે બુરૈરનો યઝીદ બિન મકઅલ સાથેનો મુબાહેલા જોયો હતો? અફીફે કહ્યું : હાં, મેં આંખોથી જોયો અને કાનોથી સાંભળ્યો છે.

કઅબ બિન જાબિર બુરૈરનો કાતિલ જ્યારે કરબલાથી પાછો ફર્યો તો તેની પત્ની અને તેની બહેને તેને કહ્યું : તેં ફાતેમાના દીકરાના દુશ્મનની મદદ કરી અને કુરઆનના મહાન કારી "બુરૈર"ને કતલ કરી ઘણો મોટો ગુનાહ કર્યો છે. અલ્લાહની કસમ અમે તારી સાથે વાત નહીં કરીશું. (નફસુલ મહમૂમ પા-૨૬૧)

કઅબનો કાકાનો દીકરો ઉબૈદુલ્લાહ તેના પર ગુસ્સે થયો અને કહ્યું : ખુદા તને હલાક કરે. તેં

બુરૈરને કતલ કર્યા છે તો ખુદાથી કઈ ઉમ્મીદ સાથે મુલાકાત કરીશ.

લખ્યું છે કે કઅબ પોતાના અમલ પર પરેશાન થયો. તેણે અમુક શેઅર કહ્યા અને તેમાં આ જુર્મ કરવાનું કબુલ્યું અને પોતાના ગમગીન હોવાનું જાહેર કર્યું છે.

(૯) અમ્ર બિન કરઝા બિન કઅબ અનસારી

તેમના વાલિદ રસુલ(સલ.)ના સહાબી અને અમીરૂલ મોઅમેનીન(અલ.)ના સહાબીઓમાંથી હતા. હઝરત અલી(અલ.)ની સાથે જંગોમાં ભાગ લીધો હતો. આપ(અલ.)એ તેમને ફારસનો ગવર્નર નિયુક્ત કર્યો હતો. ૫૧ હિજરીમાં ઇન્તેકાલ થયો. તેમના કેટલાક દીકરા છે. જેમાં સૌથી પ્રખ્યાત અમ્ર અને અલી છે. અમ્ર જંગ શરૂ થતા પહેલાં કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. આપે તેમને ઉમરે સઅદને સમજાવવા માટે

મોકલ્યા. આ સિલસિલો શિમ્રના આવતા સુધી શરૂ રહ્યો અને તેના આવવા પછી આ સિલસિલો કપાઈ ગયો. (વસીલતુદ દારૈન પા-૧૭૩)

અમ્રે આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.)થી રજા લીધી અને આ રજઝ પઢતા મૈદાનમાં આવ્યા :

قَدْعَلِمَتْكَتِيْبَهُالْاَنْصَارِ

اَنِّيْسَاَحْمِيْحَوْزَةَالذِّمارِ

ضَرْبَغُلامٍغَيْرِنَكْسٍشارِي

دُوْنَحُسَيْنٍمُهْجَتِيوَدارِى

અન્સારની ફોજ જાણે છે કે જેની જાનની જવાબદારી મારા ઉપર છે હું તેની હિમાયત, રક્ષણ કરતો રહીશ. મારા વાર(પ્રહાર) તે જવાનના વાર જેવા છે જે મૈદાનથી ભાગતો નથી. મારી જાન અને

માલ ઇમામ હુસૈન(અલ.) પર કુરબાન. ઇબ્ને નુમા કહે છે કે શેઅરનો છેલ્લો બંદ "એટલે કે મારી જાન અને માલ હુસૈન(અલ.) પર કુરબાન"માં ઉમરે સઅદ પર એતેરાઝ છે. કારણ કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ ઉમરે સઅદને આ ફરમાવ્યું હતું કે પોતાના ઇરાદાથી પાછો ફર, તો તેણે કહ્યું : મને મારા ઘરની ચિંતા છે. આપ(અલ.)એ ફરમાવ્યું : હું તને તેનો બદલો આપીશ. ઉમરે સઅદે કહ્યું: મને માલની ચિંતા છે. ઇમામ(અલ.)એ ફરમાવ્યું : હું હિજાજમાં તને પોતાના માલમાંથી આપીશ. તો પણ તેણે કોઈ રગબત ન દેખાડી.

લાંબો સમય સુધી અમ્ર જંગ કરતા રહ્યા. ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં આવ્યા અને આપને દુશ્મનથી બચાવવા માટે આપ(અલ.)ની સામે ઉભા થઈ ગયા. (નફસુલ મહમૂમ પા-૨૬૨)

ઇબ્ને નુમા કહે છે : તેમણે તીરો માટે પોતાના સીનાને ઢાલ બનાવ્યુ હતું અને ઇમામ હુસૈન(અલ.)ને કોઈ તીર વાગવા ન દીધું હતું. જ્યારે ખૂબ જ ઝખ્મી થઈ ગયા તો ઇમામ હુસૈન(અલ.)ને અરજ કરી : ફરઝંદે રસૂલ(સલ.)! શું મેં મારો વાયદો પૂરો કરી દીધો ?

આપ અલયહિસ્સલામે ફરમાવ્યું : હાં, તમે મારા પહેલાં જન્નતમાં જશો. રસૂલે ખુદા(સલ.)ની ખિદમતમાં મારા સલામ કહેશો અને કહેશો કે હું પણ તમારા પછી આવી રહ્યો છું.

અમ્ર આ ખુશખબર સાંભળી જમીન પર પડી ગયા અને જાન આપી. અલ્લાહ તેમના પર રેહમત નાઝિલ કરે.

પરંતુ તેમનો ભાઈ અલી જે ઉમર બિન સઅદ સાથે કરબલામાં આવ્યો હતો. જોયું કે તેના ભાઇ માર્યા ગયા છે. તો તે ઇબ્ને ઝિયાદની ફોજથી

બહાર નીકળ્યો અને અવાજ આપી : અય હુસૈન !આપે મારા ભાઇને દગો આપીને કતલ કરાવી દીધો. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મેં તેને ધોકો નથી આપ્યો. બલ્કે અલ્લાહે તેની હિદાયત કરી અને તમે ગુમરાહીમાં સપડાએલા છો.

તેણે કહ્યું : જો હું આપને કતલ ન કરૂં તો અલ્લાહ મને કતલ કરે અથવા આપના હાથથી માર્યો ન જાઉં. ત્યાર પછી તેણે આપ(અલ.) પર હુમલો કરી દીધો. નાફેઅ બિન હિલાલે નેઝો મારીને તેને જમીન પર ફેંકી દીધો. તેના દોસ્તોએ આગળ વધીને તેને મેદાનથી બહાર ખેંચી લીધો. તેના ઝખ્મોને પટ્ટી લગાવી તે સારો થઈ ગયો. (અબસારૂલ ઐન પા-૯૨)

(૧૦) સઅદ બિન હારીસ

(૧૧) અબુલ હુતુફ બિન હારિસ

સઅદ બિન હારિસ બિન સલમા અનસારી અને તેમના ભાઇ અબુલ હતૂફ ખારજીઓના હકમૈનના કિસ્સામાં મૌજૂદ હતા અને ઉમર બિન સઅદની સાથે ઇમામ હુસૈન(અલ.)થી જંગ કરવા કરબલા આવ્યા હતા. આશુરના દિવસે ઝોહર પછી જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓ શહીદ થઈ ગયા અને આપ(અલ.)ની સાથે ફકત સુવૈદ બિન અમ્ર અને બિશર, અમ્ર હઝરમી બાકી રહ્યા હતા અને તેમણે આલે રસુલ(સલ.)ના બાળકોના રડવાની અવાજ સાંભળી તો કહ્યું : "અલ્લાહ સિવાય કોઈનો હુકમ નથી અને જે તેની નાફરમાની કરે તે ઇતાઅત નથી." આ રસુલ(સલ.)ની દીકરીના દીકરા છે અને અમને કયામતના દિવસે તેમના નાનાથી શિફાઅતની ઉમ્મીદ છે. તો પછી અમે

તેમની સાથે કેવી રીતે જંગ કરીએ? જેથી તેઓ ઇમામ હુસૈન(અલ.)સાથે જોડાઇ ગયા. (વસીલતુદ દારૈન પા-૧૪૯)

આ બંને ઉમર બિન સઅદ સાથે કરબલા પહોંચ્યા અને જ્યારે આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.)એ "هَلْمِنْنَاصِرٍيَّنْصُرُنَا" "કોઈ મદદગાર છે જે અમારી મદદ કરે"ની અવાજ બુલંદ કરી અને આ અવાજ સાંભળીને બાળકો અને સ્ત્રીઓમાં રડવાની અવાજ બુલંદ થઈ. તો આ બંને આ દ્રશ્ય જોવાની તાકાત ન રાખી શક્યા અને તલવાર ખેંચીને ઇબ્ને ઝિયાદના લશ્કર પર હુમલો કર્યો અને જ્યાં સુધી શ્વાસ રહ્યો જંગ કરતા રહ્યા. અહીં સુધી કે શહાદતના દરજ્જા પર પહોંચ્યા. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૧૪૯) અમુક લોકોએ લખ્યું છે કે આ બંને ભાઇ ઇમામ હુસૈન(અલ.)થી

થોડાક પહેલાં અને અન્ય સહાબીઓ પછી શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૯૪)

(૧૨) નાફેઅ બિન હિલાલ

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અલ.)ના સહાબી હતા. શરીફ, બહાદુર, કારીએ કુરઆન અને હદીસ લખનાર હતા. જંગે સિફ્ફીન, જમલ અને નહરવાનમાં હઝરત અલી(અલ.)ના લશ્કરમાં રહી જંગ કરી. અમે પહેલાં બયાન કરી ચુકયા છીએ કે જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઇરાક આવ્યા તો નાફેઅ પોતાના ત્રણ સાથીઓ સાથે રસ્તામાં ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા.

જ્યારે અમ્ર બિન કરઝા શહીદ થઈ ગયા અને તેમનો બદલો લેવા માટે તેમનો ભાઈ મૈદાનમાં આવ્યો તો નાફેઅ બિન હિલાલે તેના પર હુમલો કરી ઝખ્મી કરી દીધો. તેના સાથીઓએ તેને બચાવવા માટે નાફેઅ બિન હિલાલ પર હુમલો કરી

દીધો. નાફેઅ તેમની સાથે લડી પડ્યા અને શેઅર પઢવાનું શરૂ કર્યું :

اِنْتُنْكِرُوْنِيْفَأَنَااِبْنُاالْجَمَلِي

دِيْنِيْعَلٰىدِيْنِحُسَيْنِابْنِعَلِيٍّ

"જો તમે મને નથી જાણતા તો હું મારી ઓળખાણ કરાવું છું. હું જમલી કબીલાથી છું અને મારો દીન અને મઝહબ તે જ છે જે હુસૈન ઇબ્ને અલી(અલ.)નો છે."

મઝાહિમ બિન હુરૈસ બોલ્યો : હું ફલાણાના દીન પર છું. નાફેઅ બિન હિલાલે કહ્યું : તુ શયતાનના દીન પર છે અને તેના પર હુમલો કર્યો. મઝાહિમ પાછો ફરવા માંગતો હતો. પરંતુ નાફેઅના વારે તેને મોહલત ન આપી અને તે ત્યાં જ હલાક થઈ ગયો.

અમ્ર બિન હજ્જાજે બુમો પાડી : તમે જાણો છો કે કોની સાથે જંગ કરી રહ્યા છો ? હુસૈન(અલ.)ના સાથીઓ સાથે જંગ કરવા માટે કોઇ એકલો મેદાનમાં ન જાય.

અબુ મિખનફ કહે છે : નાફેઅ બિન હિલાલે તીરો પર પોતાનું નામ લખીને તેને ઝેરમાં પીવડાવીને ચલાવ્યા અને ઉમર બિન સઅદના લશ્કરના બાર સિપાહીઓને કતલ અને ઘણા બધાને ઝખ્મી કરી દીધા. જ્યારે તીર ખતમ થઈ ગયા તો તેમણે નિયામથી તલવાર કાઢી અને આ કહીને હુમલો કર્યો :

أَنَا الهَزَبَرُ الجَمَلِي

أَنَا عَلٰى دِينِ عَلِيّ

"હું જમલી કબીલાનો બહાદુર છું અને હું અલી(અલ.)ના દીનનો તાબેદાર છું."

તેમને પરાજિત કરવા માટે દુશ્મનના લશ્કરે એકી સાથે હુમલો કરવાનો ઇરાદો કર્યો. જેથી તેમને ઘેરીને ચારેય તરફથી તેમના પર તીર અને પથ્થર વરસાવવા લાગ્યા. જેનાથી તેમના બાજુ તુટી ગયા. દુશ્મનની ફોજમાંથી શિમ્ર અને અમુક બીજા લોકો તેમને પકડીને ઉમર બિન સઅદની પાસે લાવ્યા.

ઉમર બિન સઅદે કહ્યું : નાફેઅ અફસોસ છે તમારા પર તમે પોતાના હકમાં આવું કેમ કર્યું ? નાફેએ કહ્યું : મારો પરવરદિગાર મારા ઇરાદાથી વાકેફ છે. તેમની દાઢીથી લોહી વહી રહ્યું હતું કે દુશ્મનોએ આપને કહ્યું : તમે નથી જોયું કે પોતાના હકમાં તમે શું કર્યું છે ?

નાફેએ કહ્યું : મેં તમારા બાર માણસોને કતલ કર્યા છે અને હું પોતાની નિંદા નથી કરતો. જો મારા બાજુ તુટયા ન હોત તો મને પકડી ન

શકતા. શિમ્રે ઉમરે સઅદને કહ્યું: આને કતલ કરી નાખો. ઉમર બિન સઅદે કહ્યું : તુ તેને લાવ્યો છે. કતલ કરવા માંગો છો તો કરી દો.

શિમ્રે નિયામમાંથી તલવાર કાઢી અને જ્યારે નાફેઅને કતલ કરવા ઇચ્છતો હતો તો નાફેઅ બિન હિલાલે કહ્યું : ખુદાની કસમ! જો તું મુસલમાન હોત તો અમારૂં લોહી પોતાની ગરદન પર લઈ અલ્લાહથી મુલાકાત કરવું આસાન ન હોત. હું અલ્લાહનો શુક્ર અદા કરૂ છું કે એણે મને સૌથી ખરાબ લોકોની જાળમાં કરાર દીધો. ત્યાર પછી શિમ્રે તેમને શહીદ કરી દીધા. અલ્લાહ તેમના પર રહેમ કરે. (અબસારૂલ ઐન પા-૮૭)

(૧૩) અબુશ શઅશા કન્દી

તેમનું નામ યઝીદ બિન ઝિયાદ છે. (ઝિયારતે નાહિયામાં છે : "અસ્સલામો અલા યઝીદ બિન મુહાજિર અલ-કન્દી." તે બહાદુર અને નેક

વ્યક્તિ હતા. ઇમામ હુસૈન(અલ.)ની હુર બિન યઝીદથી મુલાકાત થતાં પહેલાં જ ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઈ ગયા અને કરબલા પહોંચ્યા હતા. - વસીલતુદ દારૈન પા-૧૦૩) ઉમર બિન સઅદ સાથે કરબલામાં આવ્યા હતા. જ્યારે જંગ જામી ગઈ અને દુશ્મનોએ ઇમામ હુસૈન(અલ.)ની વાત કબૂલ ન કરી તો તેઓ ઇમામ હુસૈન(અલ.) પાસે આવી ગયા.

તે તીર ચલાવવામાં માહિર હતા. ઇમામ હુસૈન(અલ.)ની બાજુમાં બેસીને તેમણે દુશ્મનની તરફ સો તીર ચલાવ્યા. આપ અલયહિસ્સલામ ફરમાવતા હતા અય અલ્લાહ! એમના તીરોને નિશાના પર કરાર દે અને તેનો બદલો પોતાની જન્નતમાં કરાર દે. જ્યારે તેમના બધા તીર ખતમ થઈ ગયા તો ઉભા થતા કહ્યું : મેં ઉમરે સઅદની ફોજના પાંચ સિપાહીને ફિન્નાર કર્યા છે. ત્યાર પછી

દુશ્મનની ફોજ પર હુમલો કર્યો અને ઓગણીસ માણસને કતલ કરીને શહાદતના દરજ્જા પર પહોંચ્યા. જંગ કરતા કરતા આ રજઝ પઢી રહ્યા હતા :

أَنَايَزِيْدُوَأَبِيْمُهاجِرُ

اَشْجَعُمِنْلَيْثٍبَبِيْلٍخَادِرُ

يَارَبِّاِنِّيْلِلْحُسَيْنِنَاصِرُ

وَلِاِبْنِسَعْدٍتَارِكُوْهَاجِرُ

"હું યઝીદ બિન મુહાજિર છું. સિંહથી વધારે બહાદુર છું. અય અલ્લાહ! હું હુસૈન(અલ.)નો મદદગાર છું અને ઇબ્ને સઅદથી બેઝાર છું." (વસીલતુદ દારૈન પા-૧૦૩)

(૧૪) મુસ્લિમ બિન અવસજા

આપ નેક, ઇબાદતગુઝાર અને ઝાહિદ (દુનિયાથી દૂરી અપનાવનારા) હતા. રસુલ(સલ.)ના સહાબીઓમાંથી ગણાતા હતા. ઇસ્લામી જંગોમાં આપની બહાદુરીની લોકોની ઝબાન પર ચર્ચા રહેતી હતી. (અબસારૂલ ઐન પા-૬૧)

અમ્ર બિન હજ્જાજ જે ઉમર બિન સઅદના લશ્કરના મયસરા (ડાબી બાજુ)માં હતો તેણે ઇમામ હુસૈન(અલ.)ની ફોજના મયમના (જમણી બાજુ) પર હુમલો કર્યો, જ્યાં ઝુહૈર બિન કૈન સેનાપતિ હતા. અહીં એક કલાક સુધી જંગ શરૂ રહી. તેમાં મુસ્લિમ બિન અવસજા જમીન પર પડ્યા અને શહાદતના દરજ્જા પર પહોંચ્યા.

મુસ્લિમ બિન અવસજા કુફામાં મુસ્લિમ બિન અકીલના વકીલ હતા. રકમ ભેગી કરવી,

હથિયારો ખરીદવા અને લોકોથી બયઅત લેવાની જવાબદારી હતી. આશુરના દિવસે બહાદુરીથી લડતા લડતા આ રજઝ પઢી રહ્યા હતા :

اِنْتَسْأَلُوا عَنِّيْ فَاِنِّيْ ذُوْلَبَدٍ

مِنْ فَرْعِ قَوْمٍ مِنْ ذُرٰى بَنِيْ اَسَدٍ

فَمَنْ بَغَانِيْ حَائِرٌ عَنِ الرَّشَدِ

وَكَافِرٌ بِدِيْنِ جَبَّارٍ صَمَدِ

જો તમે મને જાણવા ઇચ્છો છો તો જાણી લો કે હું બહાદુર છું. બની અસદ કબીલાના ખાસ ગિરોહથી મારો સંબંધ છે. જે મારા પર ઝુલ્મ કરશે તે ખુશનસીબીથી દૂર થઈ જશે અને બેનિયાઝ, જબ્બાર ખુદાના દીનથી ફરી જશે.

જે લોકોએ કરબલાની જંગનું દ્રશ્ય પોતાની આંખોથી જોયું છે તે કહે છે કે જંગના મૈદાનની ધૂળ

બેસી ગઈ તો તેમણે જોયું કે મુસ્લિમ બિન અવસજા જમીન પર પડેલા છે. જિન્દગીની છેલ્લી ઘડીઓ હતી કે ઇમામ હુસૈન(અલ.) આપની પાસે પહોંચ્યા અને ફરમાવ્યું : ખુદા તમારા પર રેહમત નાઝિલ કરે અય મુસ્લિમ બિન અવસજા, ત્યાર પછી આ આયત તિલાવત ફરમાવી :

فَمِنْهُمْ مَّنْ قَضٰى نَحْبَهٗ وَمِنْهُمْ مَّنْ يَّنْتَظِرُ وَمَا بَدَّلُوْا تَبْدِيْلًا

પછી તેઓમાંથી કેટલાકે પોતાનું વચન પુરૂ કરી દેખાડયું અને તેઓમાંથી કેટલાક રાહ જોઇ રહ્યા છે અને તેમણે (પોતાના નિશ્ચયમાં) કાંઇ ફેરફાર કર્યો નથી. (સૂ. અહઝાબ-૨૩)

હબીબ ઇબ્ને મઝાહિર નજીક આવ્યા અને કહ્યું : આપનું શહીદ થવું મારા માટે સખત છે. હું આપને જન્નતની ખુશખબરી આપુ છું.

મુસ્લિમ બિન અવસજાએ કમજોર અવાજમાં કહ્યું : અલ્લાહ આપને નેક ખુશખબરી આપે.

હબીબ ઇબ્ને મઝાહિરે તેમને કહ્યું : જો હું પણ થોડીવારમાં આપની સાથે જોડાવવાનો ન હોત તો હું કહેત કે આપ મને પોતાનો વસી કરાર દો અને હું આપની વસીય્યતો પર અમલ કરત.

મુસ્લિમ બિન અવસજાએ કહ્યું : હું આપને તેમના "ઇમામ હુસૈન(અલ.)"ના વિષયમાં વસીય્યત કરૂં છું કે તેમના પર પોતાની જાન કુરબાન કરી દેજો. હબીબે કહ્યું : રબ્બે કાબાની કસમ હું આવું જ કરીશ. ત્યાર પછી મુસ્લિમ બિન અવસજાની રૂહ પરવાઝ થઈ ગઈ અને હકની રેહમતમાં આરામ કરવા લાગી. મુસ્લિમ બિન અવસજાની મોત પર તેમની કનીઝે ફરિયાદ કરી **"યા સય્યેદાહ યબ્ન અવસજાહ."**

ઉમર બિન સઅદના લશ્કરમાં અવાજ ગુંજવા લાગી કે અમે મુસ્લિમ બિન અવસજાને કતલ કરી દીધા. શીશ બિન રબઈ તે લોકો પાસે હતો. તેણે કહ્યું : તમારી માં તમારા પર રડે, તમે પોતાના હાથે પોતાને મારી નાખ્યો અને પોતાની ઝિલ્લતના અસબાબ પોતે તૈયાર કર્યા. આ સમયે ખુશી ન મનાવો કે તમે મુસ્લિમ બિન અવસજા જેવી વ્યક્તિને કતલ કરી છે.

ખુદાની કસમ મેં મુસલમાનોમાં તેમની ઘણી ઇઝ્ઝત જોઈ છે. મેં આઝરબાઇજાનના મૈદાનમાં તેમને જોયા હતા કે તેમણે અન્ય લોકોના પહોંચતા પહેલાં જ છ કાફિરોને હલાક કરી નાખ્યા હતા અને તમે આવા વ્યક્તિને કતલ કરીને ખુશી મનાવી રહ્યા છો ? લખ્યું છે કે મુસ્લિમ બિન અવસજાને મુસ્લિમ બિન અબ્દુલ્લાહ ઝબાની અને

અબ્દુર્રહમાન બિન અબી ખુશકારા બજલીએ શહીદ કર્યા છે. (નફસુલ મહમૂમ પા-૨૬૪)

(૧૫) હુર બિન યઝીદ રિયાહી

હુર પોતાની કોમમાં નેક વ્યક્તિ હતા. હકની અવાજ પર લબ્બૈક કહ્યું. ખુશીથી શહાદતનું સ્વાગત કર્યું અને ફરઝંદે રસુલ(સલ.)ની મદદ કરી. બહાદુરીથી જંગ કરીને આ રજઝ પઢી રહ્યા હતા :

إِنِّيَانَاالْحُرُّوَمُؤْوِيالضَّيْفِ

اَضْرِبُفِيأَعْرَاضِكُمْبِالسَّيْفِ

عَنْخَيْرِمَنْحَلَّبِلادَالْخَيْفِ

اَضْرِبُكُمْوَلاأَرَىمِنْحَيْفِ

"હું હુર છું, પોતાના મહેમાનનો મેઝબાન છું. હું તમારા પર પોતાની તલવારથી હુમલો કરીશ

અને ડરની જગ્યામાં રહેવાવાળાનો બચાવ કરીશ અને તમને કતલ કરવામાં મને ડર નથી."

હુર બિન યઝીદ અને ઝુહૈર બિન કૈન સાથે સાથે દુશ્મનથી લડી રહ્યા હતા.

પરંતુ ખવારીઝમીએ લખ્યું છે કે હુર બિન યઝીદ તૌબા કરીને ઇમામ હુસૈન(અલ.)ની પાસે આવ્યા અને અરજ કરી : ફરઝંદે રસૂલ(સલ.) સૌથી પહેલાં મેં આપનો રસ્તો રોક્યો છે. જેથી મને રજા આપો કે સૌથી પહેલાં હું આપ પર જાન કુરબાન કરૂં. ઉમ્મીદ છે કે કાલે કયામતમાં આપના નાનાની સાથે રહું. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહે તમારી તૌબા કબૂલ કરી દીધી છે. આથી જંગ માટે સૌથી પહેલાં હુર બિન યઝીદ ગયા. (મકતલુલ હુસૈન અલ. ખવારીઝમી ભાગ-૨ પા-૧૦) મકતલે અબી મિખનફમાં છે કે હુર(અલ.)એ પોતાના દીકરાને ફરમાવ્યું: દીકરા આગળ વધો

અને મારી સામે ફરઝંદે રસૂલ(સલ.) પર પોતાની જાન કુરબાન કરી દો.

હુરના દીકરાએ હુમલો કર્યો. સિત્તેર યઝીદીઓને જહન્નમ પહોંચાડ્યા અને શહીદ થયા. હુર આ જોઇને ખુશીથી ઝૂમી ઊઠ્યા અને પોતાના દીકરાને કહ્યું : તમામ તારીફ, વખાણ તે અલ્લાહ માટે છે જેણે તને આકા ઇમામ હુસૈન(અલ.)ના કદમો પર શહાદતથી નવાઝ્યો.

જ્યારે તેમનામાંથી કોઈ દુશ્મનના ઘેરાવમાં આવી જતો હતો તો બીજો તેને દુશ્મનના ઘેરાવથી કાઢતો હતો. આ બંને કલાક સુધી આ જ રીતે જંગ કરતા રહ્યા. લડાઈ દરમિયાન હુર બિન યઝીદનો ઘોડો ઝખ્મી થઈ ગયો. પરંતુ આપ આ જ રીતે જંગ કરતા રહ્યા અને શેઅર પઢતા રહ્યા. યઝીદ બિન સુફયાન કે જેને આપ સાથે જુની દુશ્મની હતી હસીન બિન નમીરના ફિતનામાં આવીને હુર બિન

યઝીદ પર હુમલો કર્યો. પરંતુ હુરે તેને મોકો ન આપ્યો અને તલવારથી તેના બે ટુકડા કરી દીધા. પછી અય્યુબ બિન શરહે હુરના ઘોડાને એક તીર માર્યું. ઘોડો પડી ગયો. મજબુરીમાં હુર ઘોડાથી ઉતરી ગયા અને પગપાળા લડવા લાગ્યા. ચાલીસ દુશ્મનોને ફિન્નાર કર્યા. તે સમયે ઇબ્ને સઅદની પગપાળા ફોજના સિપેહસાલારે હુર પર હુમલો કરી તેમને શહીદ કરી દીધા. ઇમામ હુસૈન(અલ.) તેમની તરફ દોડ્યા અને તેમને ખૈમાની તરફ ઉઠાવી લાવ્યા અને તેમની પાસે બેસી ચહેરા પરથી લોહી સાફ કર્યું અને ફરમાવ્યું: તમે આઝાદ છો જેવી રીતે તમારી માં એ તમારૂં નામ હુર રાખ્યું છે. તમે દુનિયા અને આખેરતમાં આઝાદ છો. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૨૨૧)

ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાં કોઈએ હુરના મરસિયામાં આ શેઅર કહ્યા :

لَنِعْمَالْحُرُّحُرُّيَنِيْرِياحِ

صَبُوْرٌعِنْدَمُشْتَبِكَالرِّمَاحِ

وَنِعْمَالْحُرُّاِذْنَادىٰحُسَيْنًا

وَجَادِبِنَفْسِهِعِنْدَالصَّبَاحِ

"બેહતરીન આઝાદ હતા તમે અય હુર જે બની રિયાહ કબીલાથી હતા. જ્યારે તેમને નેઝા વાગે છે તો અડગ રહે છે. બેહતરીન હુર છે જ્યારે કે તેમણે પોતાને ઇમામ હુસૈન(અલ.) પર કુરબાન કર્યા અને સવારના સમયે જાન આપી."

અમુક લોકોએ આ શેઅરને ઇમામ અલી ઇબ્નિલ હુસૈન(અલ.) તરફ નિસ્બત આપી છે. (મકતલુલ હુસૈન(અલ.) ખવારીઝમી ભાગ-૨ પા-૧૦) અને અમુકનું કહેવું છે કે આ શેઅર ખુદ ઇમામ

હુસૈન(અલ.)એ કહ્યાં હતા. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૨૪૫)

(૧૬) હબીબ ઇબ્ને મઝાહિર

અમુકે તેમને મઝાહિરની જગ્યાએ મુઝહ્હર લખ્યું છે.

રસૂલ(સલ.)ના સહાબીઓમાંથી હતા. કુફામાં રહેતા હતા. હઝરત અલી(અલ.)ના ચાહવાવાળા હતા. દરેક જંગમાં આપ(અલ.)ની સાથે રહ્યા અને તલવાર ચલાવી અને આપ(અલ.)થી ઇલ્મ પણ પ્રાપ્ત કર્યું છે. જે લોકો ખૂબ જ ઉત્સાહથી ઇમામ હુસૈન(અલ.)ની મદદ માટે દોડ્યા તેમાંથી એક છે. (નફસુલ મહમુમ પા-૩૦૨)

હબીબ ઇબ્ને મઝાહિર અને મુસ્લિમ બિન અવસજા કુફામાં ઇમામ હુસૈન(અલ.) માટે બયઅત લેતા હતા. અને જ્યારે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદ કુફા આવ્યો અને કુફાવાળાઓએ જનાબે મુસ્લિમને

એકલા છોડી દીધા તો હબીબ ઇબ્ને મઝાહિર અને મુસ્લિમ બિન અવસજાના ઘરવાળાઓએ તે બંનેને છુપાવી દીધા જેથી તેમને કોઈ તકલીફ ન પહોંચે. જ્યારે ઇમામ હુસૈન(અલ.) કરબલા પહોંચ્યા તો આ બંને ઇમામ હુસૈન(અલ.) તરફ રવાના થયા. રાતના રસ્તો પસાર કરીને ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા.

જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ ઉમરે સઅદના લશ્કર પાસે ઝોહરની નમાઝ અદા કરવાની મોહલત માંગી તો હસીન બિન તમીમે કહ્યું: આપની નમાઝ કબૂલ નહીં થાય.

હબીબ ઇબ્ને મઝાહિરે જવાબ આપ્યો કે તુ એવું વિચારે છે કે આલે રસુલ(સલ.)ની નમાઝ કબૂલ નહીં થાય અને જાહિલ તારી નમાઝ કબૂલ થશે ?

હસીન ઇબ્ને તમીમે તેમના પર નેઝાથી વાર કર્યો તો હબીબ ઇબ્ને મઝાહિરે પણ તેના પર હુમલો કર્યો અને તેના ઘોડાના મોં પર એક વાર લગાવ્યો. જેથી હસીન ઘોડા પરથી જમીન પર પડ્યો. તેના તરફદારોએ દોડીને તેને બચાવી લીધો. હબીબે બધા પર હુમલો કર્યો અને આ રીતે રજઝ પઢતા હતા :

أَنَا حَبِيْبٌ وَاَبِيْ مُظَهَّرُ

فَارِسُ هَيْجَاءٍ وَحَرْبٍ تَسْعَرُ

أَنْتُمْ أَعَدُّ عُدَّةً وَأَكْثَرُ

وَنَحْنُ أَوْفٰى مِنْكُمْ وَأَصْبَرُ

"હું હબીબ ઇબ્ને મુઝહ્હર છું. જંગની આગ સળગતી વખતે હું મર્દે મૈદાન છું. તમે સંખ્યામાં

વધારે છો અને અમે તમારાથી વધારે વફાદાર અને સબ્ર કરનારા છીએ."

ઘણા બધા દુશ્મનોને હલાક કર્યા. એટલે સુધી કે બુદૈલ ઇબ્ને સુરીમે તેમના પર તલવારથી હુમલો કર્યો અને એક વાર કર્યો, પછી એક તમીમીએ નેઝો માર્યો. હબીબ ઘોડાથી પડી ગયા. ઊભા થવા ચાહતા હતા કે હસીન બિન તમીમે તલવારથી માથા પર બીજો વાર કર્યો અને તમીમીએ માથું અલગ કરી દીધું. અલ્લાહ તેમના પર રહેમ કરે અને જન્નતમાં ઉચ્ચ મકામ અર્પણ કરે.

હસીન ઇબ્ને તમીમે તે તમીમીને કહ્યું : હબીબના કતલમાં હું તારી સાથે ભાગીદાર છું. તેણે કહ્યું : ફકત મેં કતલ કર્યા છે.

હસીન બિન તમીમે કહ્યું : હબીબનું માથું મને આપો. હું મારા ઘોડાની ગરદન પર

લટકાવીશ. જેથી લોકો જોઈ લે કે હબીબના કતલમાં હું પણ તારી સાથે ભાગીદાર છું. પછી હું તને આપી દઈશ. તુ ઉબૈદુલ્લાહ પાસે લઈ જઇશ અને ઇનામ લઈ લેજે. પરંતુ તેણે આ વાત ન માની.

તેમના રિશ્તેદારોએ બંને વચ્ચે ફેંસલો કરી દીધો. હસીન ઇબ્ને તમીમે પોતાના ઘોડાની ગરદન પર માથું લટકાવ્યું અને લશ્કરની વચ્ચે ફેરવીને તેને પાછું આપી દીધું.

કરબલાના બનાવ પછી તમીમીએ હબીબનું સર ઘોડાની ગરદનમાં લટકાવ્યું અને કુફા પહોંચીને ઉબૈદુલ્લાહની પાસે ગયો. હબીબ ઇબ્ને મઝાહિરના દીકરા કાસિમે જે તે સમયે નાબાલિગ હતા. પોતાના બાપના સરને જોયું અને તમીમીની પાછળ પાછળ ચાલ્યા. તમીમીએ પુછ્યું : તમે મારી પાછળ કેમ આવી રહ્યા છો ? કાસિમે કહ્યું : આ મારા બાપનું સર

છે. આ મને આપી દો. હું દફન કરીશ. તેણે કહ્યું: આમ કરવાથી અમીર નારાજ થશે. અને હું ઇનામ પ્રાપ્ત કરવા ચાહું છું. કાસિમે કહ્યું : અલ્લાહ આ ગુનાહના બદલામાં તેમને બદતરીન અઝાબ આપશે અને રડતા રડતા તેનાથી અલગ થઈ ગયા. એક મુદ્દત પછી કાસિમ ઇબ્ને હબીબ મુસઅબ બિન ઝુબૈરની ફોજમાં શામેલ થઈ ગયા અને પોતાના બાપનો કાતિલ કે જે ખૈમામાં સુતો હતો. ઝોહરના સમયે કતલ કરી દીધો. (અબસારૂલ ઐન પા-૫૯)

મોહંમદ બિન કૈસે વર્ણન કર્યું છે કે હબીબ ઇબ્ને મઝાહિરની શહાદત ઇમામ હુસૈન(અલ.) માટે ઘણી સખત હતી. તેનાથી આપનું દિલ તુટી ગયું. ફરમાવ્યું : અય અલ્લાહ મારા મદદગારોને અજર અર્પણ કર.

આ જ રીતે રિવાયતમાં આવ્યું છે કે આપ(અલ.)એ હબીબ ઇબ્ને મઝાહિરને ફરમાવ્યું :

અય હબીબ ! તમે કેટલા બેહતરીન અને પસંદીદા વ્યક્તિ હતા કે દરેક રાત અલ્લાહની આપેલી તૌફીકથી કુરઆન ખતમ કરી લેતા હતા. (નફસુલ મહમૂમ પા-૨૭૨)

ઉપરોક્ત વર્ણનથી ખબર પડે છે કે હબીબ ઇબ્ને મઝાહિરે ઝોહર પહેલાં શહાદત પામી છે.

છેલ્લી નમાઝ

ઝોહરની નમાઝનો સમય થયો તો આપના સહાબીઓમાંથી અબુ સમામા સયદાવીએ કહ્યું : અય અબુ અબ્દુલ્લાહ, હું આપ(અલ.) પર કુરબાન થઇ જાઉં, આ ગિરોહ અમારાથી નજીક થઈ ગયો છે. મારે આપથી પહેલાં કતલ થવું જોઇએ. હું ચાહું છું કે નમાઝથી ફારિગ થયા પછી અલ્લાહની મુલાકાત કરૂં. ઇમામ હુસૈન(અલ.)એ આસમાન તરફ જોયું અને ફરમાવ્યું : તમે નમાઝને યાદ રાખી છે. અલ્લાહતઆલા તમારૂં નામ નમાઝગુજારોમાં લખે.

ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)એ ઝુહૈર બિન કૈન અને સઅદ બિન અબ્દુલ્લાહને ફરમાવ્યું કે હું ઝોહરની નમાઝ પઢવા ચાહું છું. તમે સામે ઉભા થઈ જાઓ. અડધા સહાબીઓ સાથે ઇમામ હુસૈન(અલ.)એ નમાઝે ખૌફ અદા કરી. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૨૧)

(૧૭) સઈદ ઇબ્ને અબ્દુલ્લાહ હનફી

સઈદ ઇબ્ને અબ્દુલ્લાહ હનફી કુફાના પ્રખ્યાત શીઆઓમાંથી હતા. બહાદુર અને ઇબાદતગુજાર હતા. ત્રીજી વખત કુફાવાળાઓના પત્ર મક્કામાં ઇમામ હુસૈન(અલ.)ની પાસે લઈ ગયા હતા. ઇમામ હુસૈન(અલ.)એ આ પત્રનો જવાબ મુસ્લિમ બિન અકીલને મોકલતાં પહેલાં સઈદના હાથે જ રવાના કર્યો. મુસ્લિમ બિન અકીલ કુફા આવ્યા તો અબ્બાસ અને હબીબ ઇબ્ને મઝાહિર પછી સઈદ બિન અબ્દુલ્લાહે મદદ અને બયઅતનું

એલાન કર્યું. મુસ્લિમ બિન અકીલે તેમને ફરી પત્ર આપીને મક્કામાં ઇમામ હુસૈન(અલ.)ની પાસે મોકલ્યા. પછી સઈદ બિન અબ્દુલ્લાહ ઇમામ હુસૈન(અલ.)ની સાથે કરબલા આવ્યા અને શહીદ થયા. (વસીલતુદ દારૈન પા-૧૪૬)

સઈદ બિન અબ્દુલ્લાહ ઇમામ હુસૈન(અલ.)ની આગળ ઊભા થઈ ગયા. આપે નમાઝ અદા કરી. પરંતુ જ્યારે દુશ્મનો તરફથી તીરના વરસાદના કારણે જમીન પર પડી ગયા તો સઇદે કહ્યું : ખુદા આ ગિરોહ પર એવી જ લઅનત કર જેવી રીતે કોમે સમૂદ અને આદ પર કરી હતી અને પોતાના રસુલ(સલ.) પર રેહમત નાઝિલ ફરમાવ. આ પણ કહ્યું : પાળવાવાળા ! આ ઝખ્મ મેં તારા રસુલ(સલ.)ના દીકરાની મદદમાં તારાથી સવાબ પ્રાપ્ત કરવા માટે ખાધો છે. ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)ની તરફ જોઈને કહ્યું કે અય

ફરઝંદે રસૂલ(સલ.) શું મેં પોતાનો વાયદો પૂરો કર્યો છે?

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હાં, તમે જન્નતમાં મારી સામે હશો.

શહાદતના સમયે નેઝા અને તલવારના ઝખ્મો સિવાય તેર તીર તેમના શરીર પર લાગી ચુકયા હતા. જ્યારે ઇમામ હુસૈન(અલ) પોતાના સહાબીઓ સાથે નમાઝથી ફારિગ થયા તો ફરમાવ્યું: મારા મદદગારો ! આ જન્નત છે. જેના દરવાજા તમારા માટે ખોલી દેવામાં આવ્યા છે. આ જન્નતમાં નહેરો વહી રહી છે. ફળો પાકી ચુકયા છે. આ અલ્લાહના રસુલ(સલ.) અને અલ્લાહના રસ્તામાં શહીદ થવાવાળા તમારી રાહ જોઈ રહ્યા છે. જે તમને જન્નતની ખુશખબરી આપી રહ્યા છે. હવે તમે દીને ખુદા, દીને રસુલ(સલ.)ની હિમાયત અને હરમે રસુલ(સલ.)નો બચાવ કરો.

સહાબીઓએ ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં અરજ કરી : અમારી જાનો આપ(અલ.) પર કુરબાન અમારૂં લોહી આપ(અલ.)ના લોહીનું રક્ષણહાર, ખુદાની કસમ! જ્યાં સુધી અમારામાંથી એક પણ હયાત છે ત્યાં સુધી આપ(અલ.) અને આપના હરમને કોઈ તકલીફ નહીં પહોંચે. (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ, પા-૨૪૨, તનકીહુલ મકાન ભાગ-૨ પા-૨૮)

(૧૮) અબુ સમામા સાએદી

તેમનું નામ અમ્ર બિન અબ્દુલ્લાહ બિન કઅબ છે. તાબેઈનમાંથી છે. બહાદુર અને પ્રખ્યાત શીઆઓમાં ગણાતા હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન(અલ.)ના મદદગાર હતા. અમીરૂલ મોઅમેનીન(અલ.) પછી ઇમામ હસન(અલ.)ના સહાબીઓમાં શામેલ થયા અને કુફામાં રહેતા હતા.

જ્યારે મઆવિયા હલાક થયો તો તેમણે ઇમામ હુસૈન(અલ.)ને પત્ર લખ્યો અને આપ(અલ.)ને કુફા આવવાની દઅવત આપી. આપ મુસ્લિમ બિન અકીલ(અલ.)ના સિપેહસાલારોમાંથી એક હતા. (શેખ મુફીદ(રહ.) ફરમાવે છે કે જ્યારે મુસ્લિમ(અલ.) કુફા આવ્યા તો અબુ સમામાએ તેમને સહકાર આપ્યો અને મુસ્લિમે તેમને શીઆઓથી રકમ ભેગી કરવા પર નિયુક્ત કર્યા અને તે રકમથી હથિયાર ખરીદતા હતા. ઇરશાદે શેખ મુફીદ ભાગ-૨ પા-૪૬) અને તેમણે ઉબૈદુલ્લાહ બિન ઝિયાદના સિપાહીઓને સરકારી મહેલમાં ઘેરી લીધા હતા. જ્યારે લોકોએ મુસ્લિમ બિન અકીલ(અલ.) સાથે બેવફાઈ કરી તો અબુ સમામા સાએદી છુપી રીતે જિન્દગી પસાર કરી રહ્યા હતા. ઇબ્ને ઝિયાદના ચેલાઓ રાત દિવસ તેમની શોધમાં રહેતા હતા. નાફેઅ બિન હિલાલની

સાથે રસ્તામાં ઇમામ હુસૈન(અલ.)ની સાથે જોડાઈ ગયા અને આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.) નમાઝ પઢી ચુકયા તો આપને કહ્યું : અય અબા અબ્દિલ્લાહ, હું ચાહું છું કે હવે મારા દોસ્તો પાસે પહોંચી જાઉં અને મને આ પસંદ નથી કે હું જીવતો રહું અને આપ(અલ.)ને મકતૂલ જોઉં.

આપ(અલ.)એ તેમને રજા આપી અને ફરમાવ્યું : અમે પણ થોડી વાર પછી તમારી સાથે જોડાઈ જઇશું. પછી તેમણે કાફિરો સાથે સખત જંગ લડી. તેમનું બદન પણ ઝખ્મોથી ભરાઇ ગયું. આ દરમિયાન તેમના કાકાનો દિકરો કૈસ બિન અબ્દુલ્લાહ સાએદી કે જેને તેમનાથી જુની દુશ્મની હતી. તેમને શહીદ કરી દીધા. અબુ સમામા, હુર બિન યઝીદ રિયાહી પછી શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૬૯)

(૧૯) સલમાન બિન મુઝારીબ

ઝુહૈર બિન કૈનના કાકાના દીકરા હતા. તેમની સાથે હજમાં આવ્યા હતા. જ્યારે રસ્તામાં ઝુહૈર ઇમામ હુસૈન(અલ.)ની સાથે થઈ ગયા તો આપ પણ ઇમામ હુસૈન(અલ.)ની સાથે થઈ ગયા. કરબલા સાથે આવ્યા અને આશુરના દિવસે ઝોહરની નમાઝ પછી ઝુહૈર બિન કૈનની પહેલાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૦૦)

(૨૦) ઝુહૈર બિન કૈન બજલી

પોતાના કબીલામાં બહાદુર અને શરીફ વ્યક્તિ હતા. કુફામાં રહેતા હતા. જંગોમાં આપની બહાદુરી પ્રખ્યાત હતી. શરૂઆતમાં હઝરત ઉસ્માનના તરફદારોમાંથી હતા. ઇમામ હુસૈન(અલ.)ની સાથે મુલાકાત પછી અલ્લાહની તૌફીકથી પોતાના અકીદાથી મોં ફેરવી હઝરત અલી(અલ.)ના શીઆઓમાં શામેલ થઈ ગયા.

ઇમામ હુસૈન(અલ.) સાથે કરબલા આવ્યા. (અબસારૂલ ઐન પા-૯૫)

આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.) સાથે નમાઝ અદા કરી અને ઇમામ હુસૈન(અલ.)ની સામે આ રજઝ પઢ્યા.

اَقْدِمْ مُهْدَيْتَهَادِيًا مَهْدِيًّا

اَلْيَوْمَ تَلْقٰى جَدَّكَ النَّبِيَّا

وَحَسَنًا وَالْمُرْتَضٰى عَلِيًّا

وَذَا الْجَنَاحَيْنِ الْفَتٰى الْكَمِيَّا

وَاَسَدَ اللّٰهِ الشَّهِيْدَ الْحَيَّا

"અય હિદાયત પામેલા અને હાદી આગળ વધો, આજે આપ પોતાના નાના નબીએ અકરમ(સલ.) સાથે મુલાકાત કરશો. આ જ પ્રમાણે હસન મુજતબા(અલ.), અલીયે મુરતઝા(અલ.),

જઅફરે તૈયાર જેવા બહાદુર અને હમઝહ અલ્લાહના સિંહ જેવા બહાદુર જીવંત શહીદોથી મુલાકાત કરશો." (નફસુલ મહમૂમ પા-૨૭૭)

પછી મેદાનમાં આવ્યા, ઉમરે સઅદની ફોજ સાથે સખત જંગ કરી. એટલે સુધી કે દુશ્મનના એકસો વીસ વ્યક્તિઓને કતલ કર્યા. આપ ઇમામ હુસૈન(અલ.)ના તે વફાદાર સહાબીઓમાંથી હતા કે જેમણે ઇમામ(અલ.)ની પહેલાં તલવાર ચલાવીને શહાદત પામી. (નફસુલ મહમૂમ પા-૧૮૧)

બશીર બિન અબ્દુલ્લાહ શઅબી અને મુહાજિર બિન ઔસ તમીમીએ તેમના પર હુમલો કરીને શહીદ કરી દીધા. આપની શહાદત પછી ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : અય ઝુહૈર અલ્લાહ તમારા પર પોતાની રહેમ અને કરમ કરે અને તમારા કાતિલોને પોતાના હંમેશના અઝાબમાં

એવી જ રીતે નાખે જેવી રીતે મસખ થએલા લોકોને કર્યું છે. (બિહારૂલ અનવાર ભાગ-૫ પા-૨૫)

જ્યારે તેમની વફાદાર પત્નીને આ ખબર મળી કે ઝુહૈર બિન કૈને ઇમામ હુસૈન(અલ.)ની મદદ કરતા કરતા શહાદત પામી છે તો તેણે પોતાના ગુલામને કહ્યું : જાઓ અને તારા મૌલાને કફન આપો, ઝુહૈરના ગુલામે જ્યારે કતલગાહમાં ઇમામ હુસૈન(અલ.)ની લાશ બેકફન જોઈ તો પોતાના દિલમાં કહ્યું : હું મારા આકા ઝુહૈરને કફન આપું અને હુસૈન(અલ.)ને બેકફન રહેવા દઉં આ કઈ રીતે શક્ય છે? ખુદાની કસમ મારાથી ન થશે. જેથી તેણે ઇમામ હુસૈન(અલ.)ને તે કપડાનું કફન આપ્યું જે તેની પાસે હતું અને ઝુહૈરને કફનના કપડામાં દફન કર્યા. (તઝકેરતુલ ખવાસ પા-૧૪૫)

(૨૧) હજ્જાજ બિન મસરૂક અલ-જઅફી

આ અમીરૂલ મોઅમેનીન(અલ.)ના સહાબીઓ અને શીઆઓમાંથી હતા. કુફામાં રહેતા હતા. જ્યારે ઇમામ હુસૈન(અલ.)એ મક્કાનો ઇરાદો કર્યો તો હજ્જાજ બિન મસરૂક કુફાથી મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.)ની મુલાકાત પછી આપ(અલ.)ની જ સાથે રહ્યા. નમાઝના સમયે અઝાન આપતા હતા અને આશુરના દિવસે જ્યારે જંગની આગ ભડકતી હતી તો હજ્જાજ બિન મસરૂક જઅફી ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. જંગ માટે રજા માંગી, મૈદાનમાં ગયા, ઘણો લાંબો સમય જંગ કરી અને પછી ફરી ઇમામ હુસૈન(અલ.) પાસે આવ્યા અને લોહીમાં તરબોળ હતા. આ રજઝ પઢી રહ્યા હતા.

اَلْيَوْمَ اَلْقٰى جَدَّ كَالنَّبِيِّا

ثُمَّأَبَاكذاالنَّدٰيعَلِيًّا

ذاكالَّذِيْنَعْرِفُهَالْوَصِيًّا

"આજે હું આપના નાના નબીએ અકરમ(સલ.)ના દીદાર કરીશ. પછી આપના વાલિદ હઝરત અલીયે મુર્તઝા(અલ.)થી મુલાકાત કરીશ કે જેમને અમે રસૂલ(સલ.)ના વસી જાણીએ છીએ." (મકતલુલ હુસૈન(અલ.) મુકર્રમ પા-૨૫૪)

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : હું પણ તમારી સાથે જોડાઈ જઈશ અને તમારી મુલાકાત કરીશ. હજ્જાજ બિન મસરૂક ફરી વાર મેદાનની તરફ ચાલ્યા ગયા અને જંગ કરતા કરતા શહીદ થઈ ગયા. (અબસારૂલ ઐન પા-૮૯)

(૨૨) યઝીદ બિન મઅકલ જઅફી

આ એક બેહતરીન શાએર, બહાદુર શીઆ અને હઝરત અલી(અલ.)ના તે સહાબીઓમાંથી

હતા જે જંગે સિફ્ફીનમાં આપની સાથે હતા. તે મક્કામાં હજ્જાજ બિન મસરૂકની સાથે ઇમામ હુસૈન(અલ.)ની સાથે જોડાઈ ગયા. આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. જંગ માટે રજા માંગી, મૈદાનમાં ગયા અને આ રજઝ પઢી :

اَنَايَزِيْدُوَاَنَااِبْنُمَعْقَلِ

وَفِيْيَمِيْنِيْنَصْلُسَيْفٍمُصْقَلِ

اَعْلُوْبِهَاالْهَامَاتِوَسْطَالْقَسْطَلِ

عَنِالْحُسَيْنِالْمَاجِدِالْمُفَضَّلِ

اِبْنُرَسُوْلِاللّٰهِخَيْرُمُرْسَلِ

"મારૂં નામ યઝીદ છે. મઅકલનો દીકરો છું. મારા જમણા હાથમાં સયકલ થએલી(ચકચકિત) તલવાર છે. ધૂળ અને વંટોળમાં તેનાથી માથાઓને

ચીરી નાખીશ અને ફઝીલતવાળા હુસૈન(અલ.)નું રક્ષણ કરીશ. તે રસૂલ(સલ.)ના ફરઝંદ છે જેઓ રસુલોમાં સૌથી બેહતર છે."

અને એવી જંગ કરી કે દુશ્મનોના દાંત ખાટા કરી દીધા. તેઓના ઘણા બધાને કતલ કરીને શહાદત પામી. (અબસારૂલ ઐન પા-૯૧)

(૨૩) હન્ઝલા બિન અસઅદ શબામી

આપ શીઆઓના સરદાર અને બુઝુર્ગ વ્યક્તિઓમાંથી હતા. એક ફસીહ (છટાદાર પ્રવચન આપનારા), બહાદુર અને કુરઆનના કારી હતા. તેમનો એક દીકરો હતો જેનું નામ અલી હતું. ઇતિહાસમાં તેમનું વર્ણન છે. જ્યારે ઇમામ હુસૈન(અલ.) કરબલા પહોંચ્યા તો હન્ઝલા આપની સાથે જોડાઈ ગયા અને ઇમામ હુસૈન(અલ.)એ પોતાના પ્રતિનિધિ રૂપે ઉમર બિન સઅદ પાસે મોકલ્યા. આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.)ની

ખિદમતમાં હાજર થયા. જેહાદ માટે રજા માંગી અને ઇમામ હુસૈન(અલ.)ની બાજુમાં ઊભા થઈ ઉમરે સઅદની ફોજને સંબોધીને કહ્યું : અય લોકો! મને તમારા પરીણામની ચિંતા છે. કંઈ તમારો હાલ સમૂદ અને આદ કૌમની જેવો ન થઈ જાય. અય લોકો ! કયામતના દિવસે તમારી રૂસ્વાઈથી ડરૂ છું. જે દિવસે અલ્લાહ સિવાય કોઈ ન બચાવી શકશે અને જે ગુમરાહ થઈ ગયા છે તેને હિદાયત નસીબ ન થઈ શકશે.

અય લોકો ! હુસૈન(અલ.)ને કતલ ન કરો કે અલ્લાહ તમને પોતાના અઝાબમાં નાખી દેશે અને જૂઠી તોહમત લગાવનારા નુકસાનમાં રહેશે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમે આ ગિરોહને હકની દઅવત આપી. તેણે કબુલ ન કરી બલ્કે તમારા અને તમારા દોસ્તોનું લોહી વહાવવાનો ઇરાદો કરી લીધો. તમારા અને તમારા

નેક ભાઇઓના લોહીથી પોતાના હાથ રંગીન કર્યા છે. હવે આ અલ્લાહના અઝાબના હકદાર બની ગયા છે.

હન્ઝલા બિન અસઅદે અરજ કરી : આપ(અલ.)એ સાચુ ફરમાવ્યું. કુરબાન થઈ જાઉં. શું આપ રજા આપો છો કે હું મારા પરવરદિગારની મુલાકાત માટે જાઉં અને પોતાના ભાઇઓથી મળી જાઉં?

ઇમામ હુસૈન(અલ.)એ રજા આપીને ફરમાવ્યું: જાઓ તેની તરફ જે દુનિયા અને દુનિયાની તમામ વસ્તુઓથી બેહતર છે. તે દુનિયામાં કે જેની કોઈ હદ કે અંત નથી. તે બાદશાહતમાં જેનો ખાતેમો નથી. હન્ઝલાએ કહ્યું : "અસ્સલામો અલયક યા અબા અબ્દિલ્લાહ સલ્લલ્લાહો અલયક વ અલા એહલેબયતિક" હવે આપણી મુલાકાત જન્નતમાં થશે.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આમીન ! આમીન, ત્યાર પછી તેમણે ઉમરે સઅદના લશ્કર પર હુમલો કર્યો. દુશ્મનોએ પણ તેમના પર હુમલો કર્યો અને શહીદ કરી દીધા. રિઝવાનુલ્લાહે તઆલા અલયહી. (અબસારૂલ ઐન પા-૭૭)

(૨૪) આબિસ બિન અબી શબીબ

અમુક લોકોએ તેમનું નામ આબિસ બિન શબીબ લખ્યું છે. તઝલ્લુમુઝ ઝહરા પા-૧૯૨. પરંતુ અબસારૂલ ઐનના પા-૭૪ અને તન્કીહુલ મકાલ ભાગ-૨ પા-૧૧૨ પર આબિસ બિન અબી શબીબ લખ્યું છે. બની શાકિર કબીલો અહલેબયત(અલ.)નો ચાહવાવાળો હતો. ખાસ કરીને અમીરૂલ મોઅમેનીન(અલ.)ની સાથે ખૂબ નિખાલસ હતા. નસ્ર બિન મઝાહિમે પોતાની કિતાબ "વકઅતો સિફ્ફીન"માં વર્ણન કર્યું છે કે જંગે સિફ્ફીનમાં અમીરૂલ મોઅમેનીન(અલ.)એ ફરમાવ્યું:

જો બની શાકિરવાળાઓની સંખ્યા હજાર થઈ જાત તો અલ્લાહની ઇબાદતનો હક અદા થઈ જાત. બની શાકિર એવા બહાદુર હતા કે તેમને "ફિતયાનુસ સબાહ" (સવારના જુવાન) કહેતા હતા. અબુ મિખનફ લખે છે કે જ્યારે મુસ્લિમ બિન અકીલ(અલ.) કુફા આવ્યા તો મુખ્તારના ઘરે કિયામ કર્યો. શીઆઓ તેમની પાસે ભેગા થયા. મુસ્લિમે તેમની સામે ઇમામ હુસૈન(અલ.)નો પત્ર વાંચ્યો. પત્ર સાંભળીને બધા રડવા લાગ્યા. અઢાર હજારથી વધુ લોકોએ બયઅત કરી લીધી. આબિસ બિન શબીબ ઊભા થયા અને કહ્યું : હું આપને લોકોના વિશે તો કંઈ નથી કહી શકતો કે તેમના દિલમાં શું છે. હાં, પોતાના વિશે કહી શકુ છું કે મેં આપની દઅવતને કબુલ કરી લીધી છે. આપના દુશ્મનોથી જંગ કરીશ. આપની મદદમાં અલ્લાહની મુલાકાત સુધી તલવારથી લડીશ અને મારો

મકસદ ફકત અલ્લાહની રઝા પ્રાપ્ત કરવી છે. તેમના પછી હબીબ બિન મઝાહિર ઊભા થયા અને આબિસની વાતને સમર્થન આપ્યું. જ્યારે લોકોએ મુસ્લિમ બિન અકીલની બયઅત કરી લીધી તો તેમણે ઇમામ હુસૈન(અલ.)ને એક પત્ર લખ્યો જે આબિસ બિન શબીબ દ્વારા મક્કા પહોંચ્યો. (વસીલતુદ દારૈન પા-૧૫૮)

આપનો સંબંધ બની શાકિર કબીલાથી હતો. આ કબીલો હમદાનનો એક ગિરોહ છે. આબિસ શીઆઓના બુઝુર્ગ અને સરદાર વ્યક્તિઓમાંથી છે. બહાદુર, બેહતરીન વકતા, મોટા ઇબાદતગુઝાર અને નમાઝે શબના પાબંદ હતા.

આબિસ આશુરના દિવસે કહી રહ્યા હતા આજે અમે પોતાની કામયાબી, ખુશનસીબી માટે પૂરી કોશીષ કરવી જોઇએ. કેમ કે આજના પછી હિસાબ છે અમલ નથી. પછી ઇમામ

હુસૈન(અલ.)ની પાસે આવ્યા અને કહ્યું : અય અબા અબ્દિલ્લાહ! અલ્લાહની કસમ જમીન પર કોઈ પણ મને આપથી વધારે અઝીઝ અને પ્યારો નથી. જો મારી પાસે મારી જાન અને લોહીથી વધારે પ્યારી કોઈ ચીજ હોત તો તેને આપ પર કુરબાન કરી દેત અને આપને કતલ થવાથી બચાવી લેત. ત્યાર બાદ કહ્યું :

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا عَبْدِ اللهِ اَشْهَدُ اَنِّيْ عَلٰى هُدًى كَوَهُدٰى اَبِيْكَ

અય અબા અબ્દિલ્લાહ આપ પર સલામ, હું ગવાહી આપું છું કે હું આપ અને આપના વાલિદના રસ્તા પર અડગ છું. ત્યાર પછી તલવારથી દુશ્મનો પર હુમલો કર્યો.

રબીઅ બિન તમીમ કહે છે : મેં જોયું કે આબિસ મૈદાનની તરફ આવી રહ્યા છે. હું તેમને જાણતો હતો. જંગોમાં આપની સાથે અનુભવ હતો.

સૌથી વધારે બહાદુર હતા. જેથી મેં ઉમરે સઅદની ફોજને કહ્યું : આ સિંહોનો સિંહ છે. આ શબીબનો દીકરો છે. તેની સાથે જંગ માટે ન જશો. આબિસે વારંવાર મુકાબલાની ચેલેન્જ કરી. પરંતુ કોઈની હિંમત ન થઈ કે તેમની સાથે મુકાબલા માટે જાય.

ઉમર બિન સઅદે કહ્યું : આવી સ્થિતિ છે તો તેમના પર પથ્થરોથી હુમલો કરો. લશ્કરે આવું જ કર્યું. આબિસે આ જોઈને શરીરથી બખ્તર ઉતાર્યું અને માથાનો હેલ્મેટ પણ ઉતારી દીધો અને લશ્કર પર હુમલો કર્યો.

રબીઅ બિન તમીમ કહે છે : ખુદાની કસમ મેં જોયું કે તેમણે બસોથી વધારે ફોજીયોને હલાક કરી દીધા. પછી તેમના પર ચારેય તરફથી હુમલો કરીને શહીદ કરવામાં આવ્યા. મેં જોયું કે આબિસ બિન શબીબનું માથું અમુક લોકોના હાથમાં હતું અને તે એકબીજા સાથે લડી રહ્યા હતા. એક કહેતો હતો

મેં આબિસને કતલ કર્યા છે. બીજો કહે છે મેં કતલ કર્યા છે. ઉમર બિન સઅદે કહ્યું : ઝગડો ન કરો, ખુદાની કસમ આ વ્યક્તિને એક માણસે કતલ નહીં કર્યા હોય.

(૨૫) શોઝબ બિન અબ્દુલ્લાહ

આપ રિજાલે શીઆ (હદીસ નકલ કરનાર) અને બહાદુર વ્યક્તિઓમાંથી હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન(અલ.)થી હદીસ સાંભળીને યાદ કરી હતી. હદીસનો દર્સ આપતા હતા. શીઆ તેમની પાસે આવતા અને હદીસ યાદ કરતા હતા. આબિસ બિન શબીબ કુફાથી મક્કા આવ્યા અને આશુર સુધી ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહ્યા, જંગ શરૂ થઈ તો લડાઈમાં વ્યસ્ત રહ્યા. આબિસે શોઝબને બોલાવ્યા અને પુછ્યું શું તમે ઇમામ હુસૈન(અલ.)ની મદદ કરવા અને શહીદ થવા માટે તૈયાર છો. તેમણે કહ્યું: હું શહીદ થવા માટે તૈયાર છું અને બહાદુરોની જેમ

જંગ કરતાં કરતાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૭૬)

(૨૬) જાન બિન અબી માલિક

અબુ અલી પોતાની કિતાબ રિજાલમાં લખે છે કે તે નૌબાના રહેવાસી હતા. હઝરત અલી(અલ.)એ ૧૫૦ દીનારમાં ખરીદયા અને અબુઝરને આપ્યા. જ્યારે અબુઝરને ઉસમાનના હુકમથી રબઝહ તડીપાર કરવામાં આવ્યા તો તે પણ અબુઝરની સાથે રબઝહ ગયા અને જ્યારે ૩૩ હિજરીમાં અબુઝરનો ઇન્તેકાલ થઈ ગયો તો તે મદીના પાછા ફર્યા અને હઝરત અલી(અલ.)ની સાથે રહ્યા. પછી ઇમામ હસન(અલ.)ની સાથે રહ્યા અને ત્યાર બાદ ઇમામ હુસૈન(અલ.)ની સાથે મદીનાથી મક્કા અને ત્યાંથી કરબલા આવ્યા. (વસીલતુદ દારૈન પા-૧૧૫)

આપ અબુઝર ગિફારીના ગુલામ હતા. ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા અને જંગ કરવાની રજા માંગી. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : તમને અમારા તરફથી રજા છે. પરંતુ તમે અમારી પાસે રાહત માટે આવ્યા હતા પોતાને તકલીફમાં ન નાખો.

તેમણે કહ્યું : હું આરામમાં રહું અને આપ લોકોને તકલીફોમાં છોડી દઉં. આ વાત ખરી કે મારા શરીરની બુ સારી નથી અને ઉચ્ચ વંશથી નથી પરંતુ જ્યારે આપ જેવા ઇમામે મારી ખુશ્બુને બેહતરીન અને મારા બદનને પાક અને મારા ચહેરાના રંગને ગોરો કરી દીધો છે અને મને જન્નતની ખુશખબર આપો છો તો ખુદાની કસમ! હું આ સમયે આપ(અલ.)થી જુદા નહીં થઇશ. જ્યાં સુધી મારૂં કાળું લોહી આપના પાક લોહી સાથે

મિશ્રિત ન થઈ જાય. ત્યાર પછી આ રજઝ પઢવાનું શરૂ કર્યું :

كَيْفَ تَرَيَا لْفُجَّارُ ضَرْبَ الْأَسْوَدِ

بِالْمُشْرَفِيِّ الْقَاطِعِ الْمُهَنَّدِ

أَذُبُّ عَنْهُمْ بِاللِّسَانِ وَالْيَدِ

أَرْجُوا بِهَا الْجَنَّةَ يَوْمَ الْمَوْرِدِ

"ફાસિક લોકો ! હિન્દુસ્તાનના લોખંડથી બનેલી જલ્દી કાપનારી તલવારથી કાળા ગુલામનો જેહાદ કેવી રીતે જોઈ રહ્યા છો ? હું હાથ અને ઝબાનથી આલે રસુલ(સલ.)નું રક્ષણ કરૂં છું. ઉમ્મીદ છે કે કયામતના દિવસે મને જન્નત નસીબ થશે."

દુશ્મન સાથે બહાદુરીથી જંગ શરૂ કરી અને તેમનામાંથી પચ્ચીસને કતલ કરીને શહાદત પામી.

ઇમામ હુસૈન(અલ.) તેમની પાસે આવ્યા અને ફરમાવ્યું : અય અલ્લાહ! આનો રંગ ગોરો અને તેની ખુશ્બુ બેહતરીન બનાવી દે અને તેને નેકીઓની સાથે મહશૂર ફરમાવ અને તેમને મોહંમદ અને આલે મોહંમદ(સલ.)ના સમૂહમાં કરાર દે.

ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી રિવાયત બયાન કરવામાં આવી છે કે દરેક વ્યક્તિ પોતાના મકતૂલને મેદાનથી લઈ જતો અને દફન કરતો હતો. પરંતુ જાનનું કોઇ ન હતું જે તેમને મૈદાનથી ઉઠાવી લાવે. જેથી તેમનું ટુકડા થએલું બદન દસ દિવસ પછી જોવામાં આવ્યું તો તેમના બદનથી મુશ્ક જેવી ખુશ્બુ આવતી હતી. (નફસુલ મહમૂમ પા-૨૯૦)

(૨૭) અબ્દુર્રહમાન અલ અરહબી

તાબેઈનમાંથી હતા. બહાદુર, નિડર હતા. બાર રમઝાનના કૈસ બિન મુસહ્હરની સાથે કુફાવાળાઓના પત્ર લઈને મક્કામાં ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. ઇમામ હુસૈન(અલ.)એ અબ્દુર્રહમાનને મુસ્લિમ બિન અકીલની સાથે કુફા મોકલી દીધા. તે ફરી પાછા ગયા. ઇમામ હુસૈન(અલ.)ના મદદગારોમાંથી હતા. આશૂરના દિવસે આ મુસીબત જોઈને રજા માંગી. આપ(અલ.)એ રજા આપી. મૈદાનમાં આવ્યા અને આ રજઝ પઢતા પઢતા જંગ શરૂ કરી.

صَبْراً عَلَيَ الْاَسْيَافِ وَالْاَسِنَّةِ

صَبْراً عَلَيْهَا لِدُخُوْلِ الْجَنَّةِ

"હું તલવારો અને નેઝાઓ પર સબ્ર કરૂં છું અને આ સબ્ર હું જન્નતમાં દાખલ થવા માટે કરૂં છું."

અને શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૭૭, પરંતુ મનાકિબના લેખકે તેમનો ઝિક્ર પ્રથમ હુમલાના શહીદોમાં કર્યો છે. અસાબામાં વર્ણન થયું છે કે અબ્દુર્રહમાન બિન અલ્કદન બિન અરહબ સહાબી હતા. મુહાજિર હતા. દીનમાં ફઝીલત રાખતા હતા. (વસીલતુદ દારૈન પા-૧૬૪) પરંતુ તન્કીહુલ મકાલમાં તેમને તાબેઈનમાં ગણવામાં આવ્યા છે.)

(૨૮) તુર્કી ગુલામ

આપ ઇમામ હુસૈન(અલ.)ના ગુલામ અને કારીએ કુરઆન હતા. રજા માંગી મૈદાનમાં આવ્યા અને રજઝ પઢતા પઢતા જંગ કરી.

اَلْبَحْرُ مِنْطَعْنِيوَضَرْبِيصُطَلِي

وَالْجَوُّ مِنْسَهْمِيوَنَبْلِيمُتَلِي

اِذَاحُسامِيفِيَمِينِيَنْجَلِي

يَنْشَقُّ قَلْبُ الْحَاسِدِ الْمُبْجَلِ

"મારા નેઝા અને તલવાર ચલાવવાથી દરિયામાં આગ લાગી જાય છે. મારા તીરોના મારવાથી અવકાશ ભરાઈ જાય છે. જ્યારે મારા જમણા હાથમાં તલવાર ચમકે છે તો હસદ કરનારનું કલેજું ફાટી જાય છે."

દુશ્મનના ઘણાબધા ફોજીયોને કતલ કર્યા. અતિશય ઝખ્મોના કારણે જમીન પર પડી ગયા. ઇમામ હુસૈન(અલ.) તેમની પાસે આવ્યા અને રડ્યા, પોતાના ગાલ તેમના મોઢા પર રાખ્યા, ગુલામે આંખ ખોલીને જોયું અને ઇમામ હુસૈન(અલ.)ને પોતાની પાસે જોયા તો સ્મિત કર્યું અને જાન આપી. (બિહારૂલ અનવાર ભાગ-૫૫ પા-૩૦)

(૨૯) અનસ બિન હારિસ

આપ રસુલ(સલ.)ના સહાબી છે. બદર અને હુનૈનમાં રસુલ(સલ.)ની સાથે હતા. રસુલ(સલ.)થી અમુક હદીસો વર્ણન કરી છે. તેમાંથી એક આ હદીસ છે. રસુલ(સલ.)એ ફરમાવ્યું : આ મારો દીકરો હુસૈન(અલ.) કરબલાની સરજમીન પર કતલ થશે. જે વ્યક્તિ ત્યાં મૌજુદ હોય તેણે તેમની મદદ કરવી જોઇએ. (ઉસ્દુલ ગાબા ભાગ-૨ પા-૩૪૯)

આશુરના દિવસે તેમણે ઇમામ હુસૈન(અલ.)થી મદદ પ્રાપ્ત કરી. પોતાનો અમામો કમરથી બાંધ્યો અને એક કપડાથી પોતાની ભંવોને ઉપર કરીને બાંધી. ઇમામ હુસૈન(અલ.)એ તેમની આ સ્થિતિ જોઈને રડી પડ્યા અને ફરમાવ્યું : શુક્રન લિલ્લાહ લક યા શેખ. આપના માટે અલ્લાહનો શુક્ર છે અય શેખ.

તેઓ વૃદ્ધ હોવા છતાં અઢાર દુશ્મનોને હલાક કર્યા અને પછી પોતે પણ શહીદ થઈ ગયા. (મકતલુલ હુસૈન મુકર્રમ પા-૨૫૨)

(૩૦) અબ્દુલ્લાહ બિન ઉરવહ

(૩૧) અબ્દુર્રહમાન બિન ઉરવહ

આ બંને ભાઇઓના દાદા અમીરૂલ મોઅમેનીન(અલ.)ના સહાબી હતા. બંને કરબલામાં ઇમામ હુસૈન(અલ.)ની સાથે જોડાઈ ગયા. આશુરના દિવસે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. સલામ કરી અને કહ્યું : અમે આપની સામે દુશ્મન વિરૂદ્ધ જંગ કરીને આપના એહલે હરમનું રક્ષણ કરવા ચાહીએ છીએ.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : શાબાશી છે તમને, આ બંને ભાઈ ઇમામ હુસૈન(અલ.)ની નજીક રહીને દુશ્મનોથી જંગ કરતા રહ્યા. અહીં સુધી કે શહીદ થઈ ગયા. (અબસારૂલ ઐન પા-૧૦૪)

ઝિયારતે નાહિયામાં આવ્યું છે :

اَلسَّلٰامُ عَلٰى عَبْدِ اللّٰهِ وَ عَبْدِ الرَّحْمٰنِ اِبْنَا عُرْوَةَ بْنِ حِرَاقِ الْغِفَارِيِّيْنَ

(વસીલતુદ દારૈન પા-૧૬૫)

(૩૨) અમ્ર બિન જનાદહ

અમ્ર બિન જનાદહ અનસારી પોતાના વાલિદ જનાદહ બિન હારિસ અનસારીની શહાદત પછી ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા. તે સમયે તેમની ઉમર ૧૫ પરસથી વધારે ન હતી. ઇમામ હુસૈન(અલ.)એ તેમને રજા ન આપી અને ફરમાવ્યું : એના વાલિદ પ્રથમ હુમલામાં શહીદ થઈ ચુકયા છે શક્ય છે તેની માં આ કામથી ખુશ ન હોય.

છોકરાએ કહ્યું : મારી માંએ હુકમ આપ્યો છે કે હું મૈદાનમાં જાઉં. ઇમામ હુસૈન(અલ.)એ તેમની આ વાત સાંભળી તેમને રજા આપી.

મકતલુલ હુસૈન(અલ.) પા-૨૫૩, વસીલતુદ દારૈન પા-૧૪૪ અમુક તેમને મુસ્લિમ બિન અવસજાનો દીકરો સમજે છે અને કહે છે જ્યારે તે મૈદાનમાં આવ્યા તો આ રજઝ પઢી :

اَمیرِیُحسَینُونِعمَالاَمِیرِسُرُورُفُؤادِالبَشِیرِالنَّذِیر

عَلِیٌّوَفَاطِمَۃُوَالِدہٖھَلتَعلَمُونَلَھُمِنُنَظِیر

હુસૈન(અલ.) મારા અમીર છે અને કેટલા બેહતરીન અમીર છે. ખુશખબર આપવાવાળા અને ડરાવવાવાળા રસુલ(સલ.) માટે ખુશીનું કારણ છે. અલી(અલ.)અને ફાતેમા(સલા.) તેમના મા-બાપ છે. શું તમારી નજરોમાં એમના જેવું કોઈ છે?

તે મૈદાનમાં ગયા અને શહીદ થઈ ગયા. દુશ્મનોએ તેમનું સર કલમ કરીને ઇમામ હુસૈન(અલ.) તરફ ફેંક્યું. માં એ દીકરાનું સર ઉઠાવ્યું. તેને લોહી અને માટીથી સાફ કર્યું અને

લશ્કરના તે વ્યક્તિના માથા પર માર્યું જે તેમની પાસે ઉભો હતો. જેનાથી તે હલાક થઈ ગયો. ત્યાર પછી ખૈમામાં પાછી આવી. લાકડી ઉઠાવી અને એક કથન મુજબ તલવાર ઉઠાવી અને આ રજઝ પઢ્યા:

أَنَا عَجُوزٌ سَيِّدِي ضَعِيفَةٌ

خَاوِيَةٌ بَالِيَةٌ نَحِيفَةٌ

أَضْرِبُكُمْ بِضَرْبَةٍ عَفِيفَةٍ

دُونَ بَنِي فَاطِمَةَ الشَّرِيفَةِ

હું કમજોર અને ઝઇફ સ્ત્રી છું. કમજોર અને ઉમર રસીદહ છું. ફાતેમા(સલા.)ની સંતાનના રક્ષણ ખાતર વાર લગાવી રહી છું.

અને દુશ્મન પર હુમલો કર્યો અને બે વ્યક્તિઓને હલાક કરી દીધા. ત્યાર પછી ઇમામ

હુસૈન(અલ.)એ તેમને ખૈમામાં પાછા મોકલ્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫ પા-૨૮)

(૩૩) વાઝેહત તુર્કી

બહાદુર, કારીએ કુરઆન, તુર્કી હતા. જનાદહ બિન હારિસની સાથે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા હતા. હું વિચારૂ છું કે આ તે જ વ્યક્તિ હતા જેના વિશે મકાતિલવાળાઓએ (કરબલાનો ઇતિહાસ લખનારાઓએ) આ લખ્યું છે કે આશુરના દિવસે ઉમરે સઅદના લશ્કરના મુકાબલામાં પગપાળા ઊભા થયા, તલવારથી જંગ કરી અને રજઝ પઢ્યા, જમીન પર પડ્યા તો ઇમામ હુસૈન(અલ.)ને અવાજ આપી, મદદ માંગી. ઇમામ(અલ.) તેમની પાસે આવ્યા અને તેમની ગરદન નીચે હાથ રાખ્યો. તેમને ઘણી ખુશી થઈ કે મારા જેવો કોણ છે કે ફરઝંદે રસૂલ(સલ.)એ પોતાનો ચહેરો મારા ચહેરા પર રાખ્યો છે. ત્યાર

પછી અલ્લાહની રેહમતમાં પહોંચી ગયા. (અબસારૂલ ઐન પા-૮૫)

(૩૪) રાફેઅ બિન અબ્દુલ્લાહ

આપ પોતાના ગુલામ મુસ્લિમ બિન કસીરની સાથે તે સમયે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા જ્યારે આપ(અલ.) કરબલામાં દાખલ થયા. ઇબ્ને ઝિયાદના લશ્કર સાથે જંગ કરી, મુસ્લિમ બિન કસીરે ઝોહરની નમાઝ પછી જંગ કરી અને શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૦૮)

(૩૫) યઝીદ બિન સબીત

આપ અબુલ અસ્વદના સાથી અને બસરાના શીઆઓમાંથી હતા. પોતાની કોમના શરીફ અને સરદાર હતા. પોતાના બે દીકરાઓ સાથે બસરાથી મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે કરબલા ગયા અને દુશ્મનથી

જંગ લડીને શહીદ થયા. (નફસુલ મહમૂમ પા-૨૮૪)

(૩૬) બિકર બિન હય્યા

આપ ઉમરે સઅદના લશ્કર સાથે ઇમામ હુસૈન(અલ.)થી જંગ કરવા આવ્યા હતા. આશુરના દિવસે જ્યારે જંગની આગ ભડકી ઉઠી હતી ત્યારે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા, તૌબા કરી. દુશ્મનના લશ્કર સામે જંગ કરી અને ઇમામ હુસૈન(અલ.)ની સામે શહાદત પામી. (અબસારૂલ ઐન પા-૧૩)

(૩૭) ઝરગામા બિન માલિક

આપ કુફાના શીઆ અને મુસ્લિમ બિન અકીલ(અલ.)ના હાથો પર બયઅત કરવાવાળાઓમાંથી હતા. મુસ્લિમથી લોકોએ બેવફાઇ કરી તો ઝરગામા ઉમરે સઅદ સાથે કરબલા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે

જોડાઈ ગયા. ઝોહરની નમાઝ પછી ઇમામ હુસૈન(અલ.)ના ખભાથી ખભો મેળવીને દુશ્મનો સાથે જંગ કરી અને શહીદ થયા. તેમનું રજઝ આ હતું :

إِلَيْكُمْ مِنِّي مَالِكٍ ضَرْغَامِ

ضَرْبُ فَتًى يَحْمِي عَنِ الْكِرَامِ

يَرْجُو ثَوَابَ اللهِ بِالتَّمَامِ

سُبْحَانَهُ مِنْ مَلِكٍ عَلَّامِ

"માલિક ઝરગામ તમારા પર વાર લગાવી રહ્યો છે. જે એક જવાન છે. શરીફ અને બાઇઝ્ઝતની હિમાયત કરીને અલ્લાહ સુબ્હાનહુ તઆલાથી સવાબની ઉમ્મીદ રાખે છે."

(૩૮) મજમઅ બિન ઝિયાદ

મજમઅ મદીનાની આસપાસ જહનીયાની મંઝિલોમાં ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઇ ગયા અને મુસ્લિમ(અલ.)ની શહાદતની ખબર પછી હંમેશા ઇમામ હુસૈન(અલ.) સાથે રહ્યા અને કરબલામાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૧૫)

(૩૯) ઇબાદ બિન મુહાજિર

આ પણ જહનિયાની મંઝિલોમાંથી એક મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઇ ગયા અને કરબલામાં આપ(અલ.)ની સાથે શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૧૫)

(૪૦) વહબ બિન હુબાબ કલ્બી

પછી વહબ બિન હુબાબે જેહાદની રજા પ્રાપ્ત કરી, મૈદાનમાં ગયા, દુશ્મનો સાથે સખત જંગ કરી અને મુશ્કેલીઓ પર સબ્ર કર્યું અને પોતાની વાલિદહ અને પત્ની પાસે પાછા ફર્યા જે કરબલામાં

તેમની સાથે હતા અને પોતાની વાલેદહને કહ્યું : શું મારાથી રાજી થઈ ગયા ?

કહ્યું : હું તારાથી ત્યાં સુધી રાજી નહીં થાઉં જ્યાં સુધી તુ હુસૈન અલયહિસ્સલામની સામે અને તેમના રસ્તામાં શહીદ ન થાય. તેમની પત્નીએ કહ્યું મને તમારા માતમમાં ગમગીન ન કરો.

માએ કહ્યું દીકરા ! પત્નીની વાતોની પરવા ન કર, ઇમામ હુસૈન(અલ.) તરફથી જંગ કરો જેથી કયામતના દિવસે તમને તેમના નાનાની શફાઅત નસીબ થાય. વહબે જંગ કરી અહીં સુધી કે હાથ કપાઇ ગયા. પત્નીએ લાકડી ઉઠાવી અને તેમની તરફ રવાના થઈ. અને તેમને કહ્યું : મારા મા-બાપ આપ પર કુરબાન થઈ જાય હરમે રસૂલ(સલ.)નું રક્ષણ કરો.

વહબ તેમને પાછા મોકલવા માંગતા હતા પરંતુ તે પાછા ન ફર્યા. ઇમામ હુસૈન(અલ.)એ

ફરમાવ્યું : પાછા ફરો, અલ્લાહ તમને એહલેબયત(અલ.) તરફથી બેહતરીન બદલો અતા ફરમાવે. તે ખૈમાથી પાછી ચાલી ગઈ. વહબે ફરી વાર જંગ કરી અને શહીદ થયા. (મુસીરૂલ અહઝાન પા-૬)

(૪૧) હબશી બિન કૈસ બિન સલમા

એમના દાદા રસુલ(સલ.)ના સહાબીઓમાંથી હતા. નહમ કબીલાથી સંબંધ છે. તેમના વાલિદે પણ શાયદ રસુલ(સલ.)ને જોયા છે. આ ત્યારે કરબલા પહોંચ્યા જ્યારે કે જંગનો ફેંસલો થયો ન હતો અને શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૭૯)

(૪૨) ઝિયાદ બિન ઉરૈબ

આપ હમદાન કબીલાથી હતા. કુન્નીયત અબી અમરહ છે. આબિદ અને તહજ્જુદના પાબંદ હતા, તેમના વાલિદ રસુલ(સલ.)ના સહાબીઓમાંથી

હતા. તેમણે પણ રસુલ(સલ.)ને જોયા હતા. બહાદુર હતા, પરહેઝગાર અને ઇબાદતમાં પ્રખ્યાત હતા.

મેહર કાહિલી કહે છે : હું કરબલામાં હતો. મેં એક વ્યક્તિને ઝબરદસ્ત લડાઈ લડતા જોયો. તે જ્યારે પણ ઉમરે સઅદની ફોજ પર હુમલો કરતા હતા તેમને વેરવિખેર કરી નાખતા હતા. પછી તે ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા અને કહ્યું :

اَبْشِرْ بِدِيْتَالرُّشْدِيَابْنَاَحْمد

فِيجَنَّةِالْفِرْدَوْسِتَعْلُوصَعّداً

"તમને ખુશખબર છે કે પ્રગતિના રસ્તાની હિદાયત પામ્યા અય અહમદના ફરઝંદ અને જન્નતમાં ઉચ્ચ દરજ્જો મળશે."

મેં પૂછ્યું કે આ કોણ છે ? બતાવ્યું આ અબુ અમરહ હન્ઝલી છે. પછી તેમની સામે આમિર બિન નહશલ આવ્યો અને તેણે આપને શહીદ કરીને માથું શરીરથી અલગ કરી દીધું. (અબસારૂલ ઐન પા-૧૦૦)

(૪૩) અકબા બિન સલ્બ

આપ મક્કાથી કરબલા દરમિયાન રસ્તામાં જહનિયાની મંઝિલોમાંથી એક મંઝિલ પર ઇમામ હુસૈન(અલ.)ની ખિદમતમાં હાજર થયા અને પછી અલગ ન થયા એટલે સુધી કે કરબલામાં શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૧૧૫)

(૪૪) કઅનબ બિન ઉમર

બસરાના શીઆઓમાંથી હતા. હજ્જાજ બિન બદરની સાથે બસરાથી મક્કા આવ્યા અને ઇમામ હુસૈન(અલ.) સાથે જોડાઇ ગયા અને આશુરના

દિવસે આપ(અલ.)ની સામે શહીદ થયા. ઝિયારતે નાહિયામાં આવ્યું છે :

اَلسَّلَامُ عَلٰى قَعْنَبِ بْنِ عُمَرَ النُّمَيْرِى

અબસારૂલ ઐન પા-૧૨૫

(૪૫) અનીસ બિન મઅકબ

આપ બહાદુર, નિડર હતા. સખત જંગ કર્યા પછી શહીદ થયા. (વસીલતુદ દારૈન પા-૧૮૪)

(૪૬) કર્રહ બિન અબી કર્રહ

તેમણે આલે રસુલ(સલ.)નું રક્ષણ કર્યું : દુશ્મનથી જંગ કરી અને દુશ્મનની ફોજના ૬૬ સિપાહીઓને કતલ કર્યા પછી શહીદ થયા. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૨૩૮)

(૪૭) અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ અન્નેયરની

આપ શહાદતનો ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવા માટે મૈદાનમાં આવ્યા અને ઇમામ

હુસૈન(અલ.)ના અન્ય સાથીઓની મદદમાં જંગ કરીને શહીદ થયા. જંગ વખતે આપનો રજઝ આ હતો.

اَنَا اِبْنُ عَبْدِ اللّٰهِ مِنَّا اَلِيَزَن

دِيْنِيْ عَلٰى دِيْنِ الْحُسَيْنِ وَالْحَسَن

اَضْرِبُكُمْ ضَرْبًا فَتِيًّا مِنَ الْيَمَنَ

اَرْجُوْ بِذَالِكَ الْفَوْزَ عِنْدَ الْمُؤْتَمَن

હું અબ્દુલ્લાહનો દીકરો છું. મારો સંબંધ આલે યઝનથી છે. મારો દીન તે જ છે જે હસન વ હુસૈન(અલ.)નો દીન છે. તમને તલવારથી વાર કરીશ એવી રીતે જેવો યમનનો જવાન તમારા પર તલવારથી વાર લગાવે છે. ઉમ્મીદ છે કે તેમાં અલ્લાહના નજીક કામયાબ થાઉં. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩, પા-૨૯૩)

(૪૮) યહ્યા અલ-માઝની

આપે પણ અન્ય સાથીઓની જેમ રજઝ પઢતા પઢતા "જે બહાદુરી અને મોતથી ન ડરવાની નિશાની છે." દુશ્મન પર હુમલો કર્યો અને ઇમામ હુસૈન(અલ.)ની સામે શહીદ થયા. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩, પા-૨૩૭)

(૪૯) મનજહ

શેખ તુસી(રહ.)એ તેમનો ઝિક્ર ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાં કર્યો છે. જે કરબલામાં આપ(અલ.)ની સાથે શહીદ થયા. ઝમખશરી રબીઉલ અબરારથી વર્ણન છે કે હસનીયા ઇમામ હુસૈન(અલ.)ની કનીઝ હતી. જેને આપ(અલ.)એ નાફેલ બિન હારિસથી ખરીદી હતી અને ત્યાર બાદ તેની શાદી સહમની સાથે કરી હતી. તેનાથી મનજહ પૈદા થયા. મનજહની વાલિદહ હસનીય્યા ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)ના ઘરમાં ખિદમત કરતી

હતી. જ્યારે ઇમામ હુસૈન(અલ.) ઇરાક આવ્યા તો તે પણ પોતાની વાલેદહ સાથે કરબલામાં આવ્યા અને જંગ કરતાં કરતાં શહીદ થયા. (તનકીહુલ મકાલ ભાગ-૩, પા-૨૪૭)

(૫૦) સુવૈદ બિન અમ્ર

માનનીય અને ખૂબ જ નમાઝી હતા, મૈદાનમાં ખતરનાક સિંહની જેમ લડાઈ કરતા હતા. સખ્તીઓ અને મુસીબતોમાં મક્કમ રહેતા હતા. ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓમાં સૌથી પછી આપ શહીદ થયા છે. લખ્યું છે કે ઘણા બધા ઝખ્મો ખાઈને મકતૂલોની (કતલ થએલા)ની દરમિયાન પડેલા હતા. થોડી વાર પછી હોશ આવ્યો અને ઇમામ હુસૈન(અલ.) કતલ થઈ ગયા છે એવી અવાજ સાંભળી અને પોતાનામાં તાકાતનો એહસાસ કર્યો તો ઉભા થયા અને ખંજરથી દુશ્મનો પર હુમલો કર્યો. ઘણા સમય સુધી જંગ કરતા રહ્યા કે

અમ્ર બિન બકાર અને યઝીદ બિન વરકાએ આપને શહીદ કરી દીધા. (અબસારૂલ ઐન પા-૧૦૧, તારીખે કામિલ બિન અસીર ભાગ-૪, પા-૭૯ પર તેમના કાતિલોમાં ઉપરોક્ત કાતિલોની જગ્યાએ ઉરવહ બિન બતાન તગલબી અને ઝૈદ બિન વરકા અલ-જહની લખ્યું છે.)

પ્રકરણ : ૧૫ : પોતાના અસ્હાબની સમક્ષ ઇમામ હુસૈન(અલ.)નું ઉદ્બોધન

ઇમામ હુસૈન(અલ.)એ પોતાના સહાબીઓને સંબોધન કરતાં ફરમાવ્યું : અય શ્રેષ્ઠ લોકો ! મક્કમતાથી અને સબ્રથી કામ લો, મોતનું દૃષ્ટાંત એક પુલની જેમ છે જે તમને રંજ અને તકલીફથી છુટકારો અપાવીને વિશાળ અને નેઅમતોવાળી જન્નતમાં પહોંચાડી દેશે. હવે તમારામાંથી એવું કોણ છે જે કૈદખાનાથી છુટીને મહેલમાં આરામ કરવાનું પસંદ ન કરે ? મારા વાલિદે રસુલ(સલ.)થી રિવાયત કરી છે કે આપ(સલ.)એ ફરમાવ્યું : દુનિયા મોમિન માટે કૈદખાનું અને કાફિર માટે જન્નત છે. અને મોત મોમિનને જન્નતમાં પહોંચાડવા માટે અને કાફિરને જહન્નમમાં પહોંચાડવા માટે એક પુલ છે. ન મને

જુઠ કહેવામાં આવ્યું છે અને ન હું જુઠ બોલું છું. (મઆનિયુલ અખબાર પા-૨૭૪)

ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબ મૈદાનની તરફ જવા માટે, જંગ માટે અને આપ(અલ.)ની સામે શહાદત માટે એક બીજાથી આગળ નીકળી જતા હતા. (મુસીરૂલ અહઝાન પા-૬૭) તેમણે સખત જંગ કરી એટલે સુધી કે અડધો દિવસ પસાર થઈ ગયો. દુશ્મનના લશ્કરના તીર ફેંકનાર ગિરોહનો સિપેહસાલાર હસીન બિન નમીરે જ્યારે આ જોયું કે ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબ મક્કમ છે તો તેણે પોતાના પાંચસો તીરઅંદાજોને હુકમ આપ્યો કે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓ પર તીરોનો વરસાદ વરસાવો.

આ તીરોના વરસાદથી ઇમામ હુસૈન(અલ.)ના અમુક સહાબીઓ ઝખ્મી થયા અને અમુક ઘોડાઓ હલાક થયા. ઇમામ હુસૈન(અલ.)ના

અસ્હાબની સંખ્યા ઘણી ઓછી હોવાના કારણે તેમનામાંથી જે પણ શહીદ થતા હતા સહાબીઓ દરમિયાન તેમની જગ્યા ખાલી દેખાતી હતી પરંતુ દુશ્મનની ફોજ એટલી વધારે હતી કે તેમનામાંથી જેટલાં પણ હલાક થતા હતા તેમનામાં કમી દેખાતી ન હતી. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૪)

ઇમામ હુસૈન(અલ.)એ ઉમર બિન સઅદને સંબોધન કરતાં ફરમાવ્યું : જે કંઈ તમે આજે જોઈ રહ્યા છો એક દિવસે આ દૃશ્ય તમને તકલીફ આપશે.

પછી ઇમામ હુસૈન(અલ.)એ આસમાનની તરફ હાથ ઊંચા કરીને કહ્યું : અય અલ્લાહ ! ઇરાકવાળાઓએ મને ધોકો આપ્યો અને મારા ભાઈ હસન(અલ.) સાથે જે કંઈ કર્યું છે... અય અલ્લાહ આ લોકોના કામોને વેરવિખેર કરી દે. (તબકાત ઇબ્ને સઅદ તરજુમા ઇમામ હુસૈન(અલ.) પા-૭૨)

ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓની જંગ

ઉમર બિન સઅદે જ્યારે આ એહસાસ કર્યો કે તેની ફોજ ઇમામ હુસૈન(અલ.) અને આપના અસ્હાબનો મુકાબલો નથી કરી શકતી તો પોતાની ફોજને હુકમ આપ્યો કે જમણી, ડાબી બાજુથી તંબુને નષ્ટ કરવાનું શરૂ કરી દો જેથી ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબને ઘેરી શકાય. આ જંગી ટેકનીકના મુકાબલા માટે આપ(અલ.)ના અસ્હાબ ત્રણ ત્રણ વ્યક્તિઓની ચાર જમાતોમાં વહેંચાઈ ગયા અને દુશ્મનના જે સિપાહીઓ તંબુ હટાવવામાં વ્યસ્ત હતા તેમના પર તીર અને તલવારોથી હુમલો કર્યો અને તેમના ઘોડાઓ હલાક કરી દીધા. ત્યાર પછી ઉમર બિન સઅદે તંબુઓને આગ લગાવવાનો હુકમ આપ્યો. (આથી આ વાત સમજમાં આવે છે કે ઇમામ હુસૈન(અલ.)ની શહાદત

પહેલાં પણ અમુક તંબુઓમાં આગ લગાવવામાં આવી હતી.)

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : સળગાવવા દો, પોતાનો જ રસ્તો બંધ કરી રહ્યા છે. આથી ઇમામ હુસૈન(અલ.)એ જે વાત કહી તે બરાબર હતી. (તારીખે કામિલ ઇબ્ને અસીર ભાગ-૪ પા-૬૯)

ખિયામ પર હુમલો

ઉમર બિન સઅદના હુકમ પ્રમાણે શિમ્રની સરદારીમાં ફોજ ખૈમાઓ સળગાવવા લાગી. શિમ્ર ઇમામ હુસૈન(અલ.)ના ખૈમાની નજીક પહોંચી ગયો અને નેઝાથી ખૈમાની તરફ ઇશારો કરીને બુમો પાડી : આગ લાવો જેથી આ ખૈમાને તેના રહેવાવાળાઓની સાથે સળગાવી દો. (હુસૈની ખયામના સળગાવવાના મનસુબાથી જાણે સકીફા અને તેના પરિણામ ઝેહનમાં આવે છે. જાણે શિમ્રે ખૈમા સળગાવવાનો સબક તે લોકો પાસેથી લીધો હતો જેમણે હઝરત ફાતેમાનું ઘર સળગાવ્યું હતું.)

એહલે હરમ ફરિયાદ કરતા ખૈમાથી બહાર નીકળી ગયા, ઇમામ હુસૈન(અલ.)એ શિમ્રને કહ્યું : ઝિલજોશનના દીકરા, અલ્લાહ તને જહન્નમમાં સળગાવે, તુ આગ માંગી રહ્યો છે એટલા માટે કે મારો ખૈમો મારા અહલેબયત(અલ.)ની સાથે સળગાવી દે.

હમીદ બિન મુસ્લિમ ત્યાં મોજુદ હતો. તેણે શિમ્રને કહ્યું: હું અલ્લાહથી પનાહ ચાહું છું. ખૈમામાં આગ લગાવવું સહી નથી. શું તુ આ માસુમ બાળકો અને લાચાર સ્ત્રીઓને સળગાવવા ઇચ્છે છે અને પોતાના માટે હંમેશાનો અઝાબનો સામાન પ્રાપ્ય કરી રહ્યો છે. ખુદાની કસમ તુ એમના મર્દોને કતલ કરીશ તો પણ અમીર તારાથી રાજી થઈ જશે. બાળકો અને સ્ત્રીઓને કતલ કરવાની જરૂર નથી. શિમ્રે પુછ્યું : તમે કોણ છો ? હમીદ બિન મુસ્લિમે જાનના ડરથી પોતાની ઓળખ ન આપી. જેથી તેનાથી કોઈ નુકસાન પહોંચવાથી રક્ષિત થઈ જાય. (તારીખે તબરી ભાગ-૫ પા-૪૩૮)

શીશ બિન રબઇએ શિમ્રને કહ્યું : હું તને આટલો પથ્થરદિલ સમજતો ન હતો અને આનાથી ખરાબ કામ કરતા જોયો ન હતો. શું તુ સ્ત્રીઓને ડરાવવા ઇચ્છે છે? આ સાંભળી શિમ્ર(લઅ.) પાછો ચાલ્યો ગયો. (અલ-બદાયા વન્નિહાયા ભાગ-૮, પા-૧૯૮)

ઝહ્હાક બિન અબ્દુલ્લાહ

આ વ્યક્તિ શહાદતથી વંચિત રહેવાવાળાઓમાંથી છે. કરબલાની અમુક ઘટનાઓ તેનાથી જ વર્ણન થઇ છે

હમદાન કબીલાનો હતો. રસ્તામાં ઇમામ હુસૈન(અલ.)ની સાથે જોડાયો હતો, જ્યારે આપ(અલ.)ના અન્સાર, મદદગારો શહીદ થઈ ગયા અને આપ(અલ.) એકલા રહી ગયા તો ઝહ્હાક આપની ખિદમતમાં હાજર થયો અને કહ્યું: હું આપ(અલ.)ની સાથે હતો. ચાહતો હતો કે જ્યાં સુધી આપના વફાદાર સહાબીઓ શહીદ ન થાય આપનું રક્ષણ કરીશ. પરંતુ હવે તે બધા મૃત્યુ પામ્યા છે. આપ એકલા રહી ગયા છો. આપનું રક્ષણ કરવાની હું મારામાં તાકાત નથી જોતો. રજા આપો કે જે રસ્તાથી આવ્યો છું ત્યાંથી જ પાછો ફરું.

ઇમામ હુસૈન(અલ.)એ તેને રજા આપી અને તેણે અડગ રહેવા કરતાં ભાગી જવાને પ્રાથમિકતા આપી. રસ્તામાં ઉમર બિન સઅદના જાસુસોએ તેનો રસ્તો રોક્યો અને ઓળખીને છોડી દીધો અને તે કરબલાથી નીકળી ગયો. (અનસાબુલ અશરાફ ભાગ-૩, પા-૧૯૭)

ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબની બહાદુરી અને શરાફતની કબુલાત

તે વ્યક્તિને કહેવામાં આવ્યું જે ઉમરે સઅદના લશ્કરમાં હતો : બરબાદી છે તારા માટે તેં ફરઝંદે રસુલ(સલ.)ને શા માટે કતલ કર્યા ? તેણે કહ્યું : તમારૂં મોં ટુટી જાય. જો તમે કરબલામાં હોત અને જે કંઈ અમે જોયું છે તમે જોત તો તમે પણ આવું કરત, તે તલવારના હાથાને પકડીને સિંહની જેમ અમારા ઉપર હુમલો કરતા અને પોતે મોત પર પડી જતા હતા. અમાન કબુલ કરતા ન હતા. દુનિયાના માલની તેમને કોઇ લાલચ ન હતી. તેમના અને મોતની વચ્ચે કોઈ પણ અંતર કાયમ ન કરી શકતો હતો. જો અમે તેમનાથી જંગ ન કરત તો તે બધા અમને કતલ કરી નાખત. અમારા માટે

તેમનાથી જંગ જરૂરી થઈ ગઈ હતી. (શરહે નહજુલ બલાગાહ ઇબ્ને અબિલ હદીદ ભાગ-૩, પા-૨૬૩)

ઇબ્ને અમ્મારહ પોતાના વાલિદથી વર્ણન કરે છે: મેં ઇમામ સાદિક(અલ.)ને વિનંતી કરી કે ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબ (શા માટે) તેમની કુરબાની અને વફાદારીમાં બધાથી અગ્રેસર હતા તેના વિશે મને જણાવો.

ઇમામ સાદિક(અલ.)એ ફરમાવ્યું : તેમની આંખોની સામેથી પડદો હટાવી લેવામાં આવ્યો હતો. તે જન્નતમાં પોતાની મંઝિલો જોઇ રહ્યા હતા. એટલા માટે શહાદતની તરફ આગળ વધી રહ્યા હતા. જેથી જન્નતમાં પોતાની મંઝિલોમાં પહોંચી જાય. (ઇલલુશ શરાએઅ ભાગ-૧, પા-૨૨૯)

ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબની સ્થિતિને તે અરબ શાએરે કેટલી સુંદર શૈલીમાં બયાન કર્યું છે:

جَادُوا بِأَنْفُسِهِمْ فِي حُبِّ سَيِّدِهِمْ

وَالْجُودُ بِالنَّفْسِ أَقْصَى غَايَةِ الْجُودِ

السَّابِقُونَ إِلَى الْمَكَارِمِ وَالْعُلَى

وَالْحَائِزُونَ غَدًا حِيَاضَ الْكَوْثَرِ

لَوْلَا صَوَارِمُهُمْ وَقُعْنِبَالُهُمْ

لَمْ تَسْمَعِ الْآذَانُ صَوْتَ مُكَبِّرِ

"તે પોતાના ઇમામની મોહબ્બતમાં જાનથી પણ આગળ નીકળી ગયા. જાન ન્યોછાવર કરવામાં સખાવતના ઉચ્ચ દરજ્જા પર પહોંચી ગયા. બુલંદ દરજ્જો પ્રાપ્ત કરવામાં અગ્રેસર રહ્યા. આ જ લોકો કાલે આબે કૌસરથી સંતૃપ્ત થશે. જો કાલે આ બહાદુર લોકોની તલવાર અને નેઝા ન હોત તો આજે અઝાનની અવાજ સાંભળવામાં ન આવત."

પ્રકરણ : ૧૬ : બની હાશિમના શહીદો

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના અસ્હાબ એક પછી એક આપ(અલ.)થી રજા લઈને પોતાની બહાદુરીનો સિક્કો મારીને શહીદ થઈ ગયા અને આપ(અલ.)ના ખાસ અહલેબયત સિવાય કોઈ આપનો બચાવ કરવાવાળું ન રહ્યું તો અહલેબયત(અલ.)ની વારી આવી. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૬)

હવે તેમની સાહસિકતાને જુઓ :

અલી ઇબ્નુલ હુસૈન(અલ.)

હઝરત અલી ઇબ્નુલ હુસૈન(અલ.) "અલી અકબર" અગિયાર શાબાન (અલી અકબર મુકર્રમ પા-૧૨) ૩૩ હિજરી સનમાં પૈદા થયા. પોતાના દાદા હઝરત અલી ઇબ્ને અબીતાલિબથી હદીસ વર્ણન કરતા હતા. ઇબ્ને ઇદરીસે "સરાએર"માં આ વાતની તરફ ઇશારો કર્યો છે. આપનું ઉપનામ અબુલહસન અને લકબ અકબર છે. ભરોસાપાત્ર રિવાયતોના આધારે આપ ઇમામ હુસૈન(અલ.)ના સૌથી મોટા પુત્ર હતા. (અબસારૂલ ઐન પા-૨૧) આપની વાલિદહ લયલા બિન્તે અબી મર્રા બિન ઉરવહ બિન મસઊદ સકફી છે. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૬, તારીખે કામિલ ઇબ્ને અસીર

ભાગ-૪, પા-૭૪) ખુબસુરતી અને શરીરના બાંધામાં અલી અકબર જેવું કોઈ ન હતું.

આશુરના દિવસે વાલિદથી જંગની રજા માંગી. ઇમામ(અલ.)એ રજા આપીને તેમને મોહબ્બતભરી નજરોથી જોયા અને પછી માથું ઝુકાવી લીધું. આંખોથી આંસુ સરી પડ્યા. (નફસુલ મહમૂમ-૩૦૭) આસમાનની તરફ હાથ ઉઠાવીને કહ્યું: અય અલ્લાહ ગવાહ રહેજે તે જવાનને જંગ માટે મોકલી રહ્યો છું જે ખૂબસૂરતી, કમાલ અને અખ્લાકમાં સૌથી વધારે તારા રસૂલ(સલ.) સમાન છે. જ્યારે અમે તારા રસૂલ(સલ.)ની ઝિયારત કરવા ઇચ્છીએ છીએ તો આ જવાનને જોઈ લઈએ છીએ. અય અલ્લાહ ! આ કોમને જમીનની બરકતોથી વંચિત કરી દે. તેમને વેરવિખેર કરી દે, તેમનામાં જુદાઈ નાખી દે અને તેમના અમીરોને તેમનાથી રાજી ન કર કે તેમણે અમને દઅવત

આપી કે અમારી મદદ કરશે અને હવે અમારા ઉપર તલવાર ખેંચી રહ્યા છે અને અમારા કતલ પર જરા પણ શરમ નથી કરતા.

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)એ ઉમરે સઅદને સંબોધન કરીને કહ્યું : અલ્લાહ તારા વંશને કાપી નાખે. અને તારા કોઈ કામમાં બરકત ન આપે અને મારા પછી તારા પર એવા વ્યક્તિને કાબુ આપે જે તારા બિસ્તર પર તારૂં માથું શરીરથી જુદા કરી દે અને તારી રિશ્તેદારીના સિલસિલાને કાપી નાખે કે તેં મારી રસુલ(સલ.) સાથેની રિશ્તેદારીનો કોઈ ખ્યાલ ન કર્યો. પછી ઊંચા અવાજથી આ આયત પઢી.

إِنَّ اللَّهَ اصْطَفَىٰ آدَمَ وَنُوحًا وَآلَ إِبْرَاهِيمَ وَآلَ عِمْرَانَ عَلَى الْعَالَمِينَ ذُرِّيَّةً بَعْضُهَا مِن بَعْضٍ وَاللَّهُ سَمِيعٌ عَلِيمٌ

"બેશક અલ્લાહે આદમ અને નૂહ અને ઇબ્રાહીમની સંતાનને અને ઇમરાનની સંતાનને દુનિયાવાળાઓ પર ચૂંટી કાઢ્યા છે. તેમાંથી કેટલાક કેટલાકની અવલાદ છે અને અલ્લાહ સાંભળનારો અને જાણકાર છે." (સૂ. આલે ઇમરાન આ-૩૩,૩૪)

તે સમયે અલી અકબર(અલ.) ગુસ્સામાં આવીને ઉમરે સઅદના લશ્કર પર હુમલો કર્યો અને આ રજઝ પઢ્યા:

اَنَا عَلِيُّ بْنُ حُسَيْنِ بْنِ عَلِيّ

نَحْنُ وَبَيْتُ اللهِ اَوْلٰى بِالنَّبِيّ

اَطْعَنُكُمْ بِالرُّمْحِ صِحَتّٰى يَنْثَنِي

اَضْرِبُكُمْ بِالسَّيْفِ اَحْمِي عَنْ اَبِي

ضَرْبَ غُلَامٍ هَاشِمِيٍّ عَلَوِيّ

وَاللّٰهُ لَا يَحْكُمُ فِيْنَا اِبْنُ الدَّعِيِّ

"હું અલી, હુસૈન ઇબ્ને અલી(અલ.)નો દીકરો છું. અલ્લાહની કસમ સૌથી વધારે રસૂલ(સલ.)ના નજીક અમે છીએ. હું સતત તમારા પર ભાલાથી વાર કરતો રહીશ એટલે સુધી કે તે વળી જાય. પોતાના વાલિદનું રક્ષણ કરીશ અને તલવારથી તમારા પર વાર કરીશ. જેવી રીતે એક હાશમી જવાનની શાન છે. અલ્લાહની કસમ ઇબ્ને ઝિયાદ અમારા પર હુકુમત નથી કરી શકતો."

ઘણી વખત દુશ્મનોના લશ્કર પર હુમલો કર્યો. ઘણા બધાને કતલ કર્યા એટલે સુધી કે દુશ્મન પોતાના મકતૂલોની સંખ્યા જોઈને ગભરાઈ ગયા.

રિવાયતમાં છે કે અલી અકબર(અલ.) આટલા પ્યાસા હોવા છતાં એકસો વીસ દુશ્મનોને કતલ કર્યા (મનાકિબે લખ્યું છે કે સિત્તેર આદમી

કતલ કર્યા.) અને ઘણા બધા ઝખ્મ ખાઈને પોતાના વાલિદની ખિદમતમાં હાજર થયા અને કહ્યું : બાબા! પ્યાસ મને મારી રહી છે. હથિયારના વજનથી પરેશાન થઈ ગયો છું. એક ઘુંટડો પાણી મળી શકે છે કે દુશ્મન સાથે જંગ શરૂ રાખવાની તાકાત પૈદા કરી શકું ?

આ સાંભળી ઇમામ હુસૈન(અલ.) રડી પડ્યા અને ફરમાવ્યું : વા ગવસાહ ! દીકરા થોડી વાર હજું જંગ કરો કે નજીકમાં જ તમે તમારા નાના (રસૂલ(સલ.)ની ઝિયારત કરશો. તે તમને સંતૃપ્ત કરશે. ત્યાર પછી કદી પણ પ્યાસનો એહસાસ નહીં કરો.

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે ઇમામ હુસૈન(અલ.)એ તેમને ફરમાવ્યું : દીકરા, પોતાની ઝબાન મારા મોઢામાં આપો, પછી પોતાની અંગુઠી આપી અને ફરમાવ્યું કે એને મોઢામાં રાખો અને

દુશ્મન તરફ પાછા ફરો. ઉમ્મીદ છે કે દિવસ પૂરો થતા પહેલાં રસુલે ખુદા(સલ.) તમને સંતૃપ્ત કરશે કે તેના પછી કદી પણ પ્યાસ નહીં લાગે. જેથી અલી અકબર(સલ.) મેદાનમાં પાછા ફર્યા અને આ રજઝ પઢ્યા :

اَلْحَرْبُ قَدْ بَانَتْ لَهَا الْحَقَائِقُ

وَظَهَرَ مِنْ بَعْدِهَا مَصَادِقُ

وَاللّٰهِ رَبِّ الْعَرْشِ لَا تُفَارِقُ

جُمُوعَكُمْ وَتُغْمَدَ الْبَوَارِقُ

(મકતલુલ હુસૈન ભાગ-૨, પા-૩૧)

"જંગ મર્દોના કૌશલ્યને જાહેર કરે છે અને દાવાનું સહી હોવું જંગ પછી ખબર પડે છે. અર્શના રબની કસમ હું તમને નહીં છોડું સિવાય કે તમને પોતાની તલવાર મ્યાનમાં રાખી લો."

આ જ રીતે જંગ કરતા રહ્યા અહીં સુધી કે બસો દુશ્મનોને હલાક કર્યા. ઉમર બિન સઅદના લશ્કરમાં અલી અકબર(અલ.)ને શહીદ કરવાની હિમ્મત ન હતી. પરંતુ મુર્રા બિન મુન્કઝ અબ્દીએ કહ્યું : જો આ જવાન મારી પાસેથી પસાર થયો અને હું તેના બાપને તેના ગમમાં ન રડાવું તો બધા અરબોના ગુનાહનો બોજ મારી ગરદન પર છે. જ્યારે લશ્કરે અલી અકબર(અલ.) પર હુમલો કર્યો તો આપ તે બદબખ્તના નજીકથી પસાર થયા તો તેણે ભાલો માર્યો. આપ(અલ.) ઘોડાથી જમીન પર પડી ગયા અને અન્ય ઝાલિમોએ આપના શરીરના ટુકડે ટુકડા કરી દીધા. (નફસુલ મહમૂમ પા-૩૦૮)

અમુક ઇતિહાસકારએ લખ્યું છે કે મુર્રા બિન મુન્કઝે પ્રથમ આપની પીઠ પર ભાલો માર્યો અને પછી પેશાની પર તલવારથી વાર કર્યો જેનાથી માથું ફાટી ગયું. આપે ઘોડાની ગરદનને બાથ મારી

પરંતુ ઘોડાની આંખોમાં લોહી ભરાઈ જવાના કારણે તે આપને દુશ્મનોની વચ્ચે લઈ ગયો. દરેક તરફથી દુશ્મન આપ પર ટુટી પડ્યા. તે સમયે આપે અવાજ આપી **اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَتَاهُ** સલામ થાય આપ પર અય બાબા, બાબા : આ મારા નાના રસૂલે ખુદા(સલ.) છે જે મને સંતૃપ્ત કરી રહ્યા છે અને આજની રાતે આપ(અલ.)ની રાહ જોઈ રહ્યા છે. (અબસારૂલ ઐન પા-૨૩) આપને સલામ કહે છે અને ફરમાવે છે અમારી પાસે આવવામાં જલ્દી કરો. ત્યાર પછી રૂહ પરવાઝ કરી ગઈ. (અલ-મલહૂફ પા-૪૮)

ઇમામ હુસૈન(અલ.) તેમના સર પાસે આવ્યા, મોં પર મોં રાખ્યું અને કહ્યું : અલ્લાહ બરબાદ કરે તે લોકોને જેમણે તમને કતલ કર્યા. ઉદ્ધતાઈમાં હદથી આગળ વધી ગયા અને

રસૂલ(સલ.)ની હુરમતનો ખ્યાલ ન કર્યો. તમારા પછી આ દુનિયા પર ખાક છે. (અલ-મલહૂફ પા-૪૮)

આ સમયે આપ(અલ.) એવી રીતે અવાજથી રડ્યા કે અત્યાર સુધી કોઇએ પણ આપને આવી રીતે રડતા જોયા ન હતા. (નફસુલ મહમૂમ પા-૩૧૧)

પછી અલી અકબર(અલ.)નું માથું ઝાનુ પર રાખ્યું અને દાંતોથી ખૂન સાફ કર્યું. ચહેરાને ચુમ્યો અને ફરમાવ્યું: દીકરા દુનિયાની મુશ્કેલીઓથી તમે પણ છુટકારો પામ્યો અને હકની હંમેશાની રેહમત તરફ ચાલ્યા ગયા. તમારા પછી બાપ એકલા છે. પરંતુ નજીકમાં જ તમારી સાથે જોડાઈ જઇશ. (ઝરીઅતુન નજાત પા-૧૨૮)

તે જ સમયે ઝયનબે કુબરા(સલા.) ખૈમાથી ફરિયાદ કરતા નીકળ્યા. યા ઉખ્તાહ, વબ્ન ઉખ્તાહ:

અને પોતે અલી અકબર(અલ.)ની લાશ પર પડી ગયા, ઇમામ હુસૈન(અલ.)એ તેમને અલી અકબરની લાશથી ઉઠાવ્યા અને ખૈમામાં લઈ ગયા અને જવાનોને ફરમાવ્યું કે મૈદાનથી અલી અકબર(અલ.)ની લાશ ઉઠાવી લો, તેમણે લાશને તે ખૈમાની સામે રાખી દીધી જેની સામે જંગ ચાલી રહી હતી. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૭)

ઇમામ હુસૈન(અલ.) ગમગીન ખૈમાથી પાછા ફર્યા, સકીના આવી અને આપથી ભાઈની ખબર પુછી. ઇમામ હુસૈન(અલ.)એ દીકરીને ભાઈની શહાદતની ખબર આપી. સકીના રડતાં રડતાં ખૈમાથી બહાર નીકળવા ચાહે છે. આપે ફરમાવ્યું : સકીના સબ્ર કરો અને ખૈમાથી બહાર ન નીકળો.

સકીનાએ કહ્યું : બાબા ! તે કેવી રીતે સબ્ર કરે જેનો જવાન ભાઈ માર્યો ગયો છે.

(અદ્દમ્અતુસ્સાકેબા ભાગ-૪, પા-૩૩૨, ભરોસા પાત્ર કિતાબોમાં આ નથી મળતું કે અલી અકબર(અલ.)ની વાલેદહ કરબલામાં હતાં અથવા તે સમયે હયાત હતાં. મોહદ્દિસ કુમ્મી કહે છે મને અસલ કિતાબોમાં આ નથી મળ્યું કે અલી અકબર(અલ.)ની વાલેદહ કરબલામાં હતાં પરંતુ અમુક લોકોએ કહ્યું છે કે કરબલામાં આપ હતાં. (વસીલતુદ દારૈન પા-૨૯૪))

અકીલ ઇબ્ને અબીતાલિબ(અલ.)નાં કુટુંબના શહીદો

(૧) અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અકીલ(અલ.)

આપ રૂકય્યા બિન્તે અલી(અલ.)ના ફરઝંદ હતા. અલી અકબર(અલ.) પછી મેદાનમાં આવ્યા. (અબસારૂલ ઐન પા-૫૦) અને આ રીતે રજઝ પઢ્યા :

اَلْيَوْمَ اَلْقٰى مُسْلِماً وَهُوَ اَبِي

وَفِتْيَةٌ بَادُوْا عَلٰى دِيْنِ النَّبِيّ

لَيْسُوا كَقَوْمٍ عُرِفُوا بِالْكَذِبِ

لٰكِنَّ خِيَارٌ وَكِرَامُ النَّسَبِ

"આજે હું મારા વાલિદ મુસ્લિમની મુલાકાત કરીશ. અને જે લોકો રસુલુલ્લાહ(સલ.)ના દીન પર

છે તેઓ તે લોકોની જેમ નથી જે જૂઠમાં પ્રખ્યાત છે. બલ્કે તેઓ નેક અને શરીફ વંશથી છે."

ઇતિહાસકારોએ લખ્યું છે કે આપે નિરંતર ત્રણ હુમલા કરીને દુશ્મનના ૯૮ સિપાહીઓને જહન્નમમાં ધકેલી દીધા. (વસીલતુદ દારૈન પા-૨૩૧) જ્યારે આપ અમ્ર બિન સબીહ પર ઝપટ્યા તો તેણે આપની તરફ તીર ચલાવ્યું. આપે જ્યારે એહસાસ કર્યો કે આ બદબખ્તે પેશાનીને નિશાની બનાવી છે તો આપે પેશાનીને બચાવવા માટે પેશાની પર હાથ રાખી દીધો. પરંતુ તીર હાથ પર કાણું પાડીને પેશાનીમાં ચાલ્યું ગયું. આપે હાથ અલગ કરવા ચાહ્યો પણ અલગ ન થઈ શક્યો. તે જ વખતે અમ્ર બિન સબીહે આપના દિલ પર ભાલો મારીને શહીદ કરી દીધા. (ઇરશાદ શેખ મુફીદ ભાગ-૨, પા-૧૦૭. લખ્યું છે કે મુખ્તારે કોઈને ઝૈદ બિન રૂકાદ પાસે મોકલ્યો. તે કહેતો હતો કે મેં આ

જવાનને તીર માર્યું જેણે પોતાની પેશાની પકડી રાખી હતી. તે જવાનનું નામ અબ્દુલ્લાહ બિન મુસ્લિમ હતું. જ્યારે મેં તેના હાથને પેશાનીમાં સીવી નાખ્યો તો તેણે કહ્યું : અય અલ્લાહ આ લોકોએ અમારી કદર ન કરી તેમને એવી રીતે કતલ કર જેવી રીતે તેમણે અમને કતલ કર્યા છે. મેં બીજું તીર માર્યું પછી તેની પાસે જઈને જોયું તો તે મૃત્યુ પામ્યા હતા. મેં ચાહ્યું કે તીર તેમની પેશાની પરથી ખેંચી લઉં. હલાવીને તીર ખેંચી લીધું. પરંતુ તેની નોક ત્યાં જ ટુટી ગઈ. મુખ્તારના માણસોએ આ મોટા જુર્મના બદલામાં તેના પર તીર અને પથ્થર વરસાવ્યા. અને જ્યારે તે જમીન પર પડી ગયો તો તેને જીવતો સળગાવી દીધો. (કામિલ ઇબ્ને અસીર ભાગ-૪, પા-૨૪૩) આ વર્ણન મુજબ ઝૈદ બિન રૂકાદ અબ્દુલ્લાહ બિન મુસ્લિમનો કાતિલ હતો અને

આ પણ શક્ય છે કે તેણે કોઈ બીજાને આ રીતે શહીદ કર્યા હોય.)

(૨) મોહંમદ બિન મુસ્લિમ બિન અકીલ

અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અકીલની શહાદત પછી બની હાશિમ અને આલે અબુતાલિબે ઇબ્ને ઝિયાદના સૈન્ય પર એકી સાથે હુમલો કર્યો. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : મારા કાકાના દીકરાઓ ! સબ્ર અને મક્કમતાથી કામ લો અને અય મારા એહલેબયત(અલ.) સબ્ર કરો કે આજ પછી કદી પણ કોઈ સખ્તી અને મુસીબત ન જોશો. (અબસારૂલ ઐન પા-૫૦)

આ હુમલામાં મોહંમદ બિન મુસ્લિમ જમીન પર પડી ગયા અને તેમને મરહમ અઝદી અને લકીત બિન અયાસ જોહનીએ શહીદ કર્યા. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૩૬)

(૩) જઅફર બિન અકીલ

આપની વાલેદાનું નામ હૌસાઅ બિન્તે અમ્ર બિન આમિર છે. તે મૈદાનમાં આવ્યા અને તલવાર ચલાવતા કહ્યું:

اَنَا الْغُلَامُ الْاَبْطَحِيُّ الطَّالِبِيّ

مِنْ مَعْشَرٍ فِيهَا شِمٍ وَغَالِب

فَنَحْنُ حَقًّا سَادَةُ الذَّوَائِبِ

فِيْنَا حُسَيْنٌ طَيِّبُ الْاَطَائِبِ

"હું હાશિમ અને ગાલિબ ખાનદાનથી અબતહી અને તાલિબી છોકરો છું. બેશક અમે મહાન અને સાદાત છીએ અને હુસૈન(અલ.) અમારા દરમિયાન પાક લોકોમાંના સૌથી પાક છે."

ઇબ્ને ઝિયાદના લશ્કરના એકસો પચાસ સિપાહીઓને કતલ કર્યા. છેવટે આપને બિશર બિન

ખૌતે શહીદ કર્યા. (અમુક લોકોએ કહ્યું છે કે તેમને પ્રથમ અબ્દુલ્લાહ બિન ઉરવહ ખસઅમીએ તીર માર્યું. પછી બિશર બિન ખૌતે શહીદ કરી દીધા. જ્યારે કે તેમની માં ખૈમાના દરવાજા પર ઉભી જોઇ રહી હતી. ઝિયારતે નાહિયામાં છે :

اَلسَّلَامُ عَلٰی جَعْفَرِ بنِ عَقِیلٍ بنِ اَبِیطَالِبٍ لَعَنَ اللّٰہُ قَاتِلَہٗ وَرَامِیَہٗ بِشْرَ بنَ خَوطَ الْہَمْدَانِی

સલામ થાય જઅફર બિન અકીલ બિન અબીતાલિબ પર, અલ્લાહની લઅનત છે તેમના કાતિલ પર અને તેમને તીર મારનાર બિશર બિન ખૌત અલ-હમદાની પર.)

(૪) અબ્દુર્રહમાન બિન અકીલ

આપ મૈદાનમાં આવ્યા. રજઝ પઢ્યા અને દુશ્મનના ૧૭ સવારોને હલાક કર્યા. ઉસ્માન બિન

ખાલિદ જોહનીએ આપને શહીદ કર્યા. (અબસારૂલ ઐન પા-૫૦)

(૫) અબ્દુલ્લાહ બિન અકીલ

તેમને અબ્દુલ્લાહ અકબર કહેતા હતા. મૈદાનમાં આવ્યા, જંગ કરી અને ઉસ્માન બિન ખાલિદ અને કબીલએ હમદાનના એક આદમીના હાથે શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૫૧)

(૬) મુહંમદ બિન અબી સઈદ બિન અકીલ

જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને શહીદ કરી દેવામાં આવ્યા ત્યારે એક નવજુવાન પરેશાન સ્થિતિમાં ખૈમાથી બહાર આવ્યો. જે ગભરાઈને જમણી અને ડાબી બાજુ જોઈ રહ્યો હતો. એક સવારે તેમના પર હુમલો કર્યો. મેં આ નવજવાનનું નામ પુછ્યું તો બતાવવામાં આવ્યું કે આ મોહંમદ બિન અબી સઈદ બિન અકીલ છે. અને હુમલો કરનાર

સવારનું નામ પુછ્યું તો બતાવવામાં આવ્યું કે આ લકીત બિન અયાસ જોહની છે.

હાની બિન સબીત કહે છે હું ઇમામ હુસૈન(અલ.)ની શહાદત વખતે કરબલામાં મૌજૂદ હતો. અમે દસ આદમી સવાર હતા. દસમો હું હતો. અમે મૈદાનમાં ઘોડા દોડાવી રહ્યા હતા. અચાનક હુસૈન(અલ.)ના અહલેબયતમાંથી એક નવજુવાન ખૈમાથી બહાર આવ્યો. તેના જમણા હાથમાં એક લાકડી અને એક પહેરણ હતું. જમણી અને ડાબી બાજુ જોઇ રહ્યો હતો. તે સમયે એક સવાર તેના નજીક આવ્યો અને તલવારથી તેના બદનના ટુકડે ટુકડા કરી દીધા.

આ ખબરને વર્ણન કરનાર હિશામ કલ્બી કહે છે: આ નવજવાનનો કાતિલ હાની બિન સબીત હતો પરંતુ ડરથી પોતાનું નામ ન લીધું. (અબસારૂલ ઐન પા-૫૧)

જઅફર બિન અબીતાલિબ(અલ.)ના કુટુંબના શહીદો

(૧) ઔન બિન અબ્દુલ્લાહ બિન જઅફર

આપ અકીલએ બની હાશિમ ઝયનબ બિન્તે અલી ઇબ્ને અબીતાલિબ(અલ.)ના દીકરા છે. (મકાતિલુત તાલેબીન પા-૯૧) અબ્દુલ્લાહ બિન જઅફરે પોતાના બંને દીકરા "ઔન અને મોહંમદ"ને ઇમામ હુસૈન(અલ.)ની પાસે મોકલ્યા. બંને વાદિયે અતીકમાં ઇમામ હુસૈન(અલ.)થી મળી ગયા. ઔન બિન અબ્દુલ્લાહ આશુરના દિવસે મૈદાનમાં આવ્યા અને આ રજઝ પઢ્યા :

اِنْتُنْكِرُوْنِيفَاَنَااِبْنُجَعْفَر

شَهِيْدُصِدْقٍفِيالْجِنانَازْهر

يُطِيْرُفِيهابِجَناحٍاَخْضَر

كَفٰىبِهٰذَااشَرَفاًفِيالْمَحْشَر

"જો તમે મને નથી ઓળખતા તો જાણી લો કે હું જઅફરે તૈયારનો દીકરો(પોત્ર) છું. જે શહીદે સિદક જન્નતમાં છે. લીલા રંગની પાંખોથી જન્નતમાં પરવાઝ કરે છે. અને કયામતના દિવસે આટલો શરફ, ઇઝ્ઝત કાફી છે."

દુશ્મનના ત્રણ સવાર અને અઢાર પગપાળા સિપાહીઓને હલાક કર્યા. અબ્દુલ્લાહ બિન કતનાએ તેમના પર હુમલો કર્યો અને તલવારથી શહીદ કરી દીધા. (અબસારૂલ ઐન પા-૩૯)

(૨) મુહંમદ બિન અબ્દુલ્લાહ બિન જઅફર

ખૌસા બિન્તે હફસાના દીકરા છે. અમુકે કહ્યું છે કે તે પોતાના ભાઇ ઔનથી પહેલાં મૈદાનમાં આવ્યા અને આ રજઝ પઢ્યા :

اَشْكُوْااِلَيْاللّٰهِمِنَالْعُدْوَانِ

فِعَالْقَوْمِفِيالرَّدِيْعِمْيَانِ

قَدْبَدَّلُوْامَعَالِمَالْقُرْآنِ

وَمُحْكَمَالتَّنْزِيْلِوَالتِّبْيَانِ

"હું આ ગિરોહના ઝુલ્મ અને અત્યાચારની અલ્લાહથી શિકાયત કરીશ. જે પસ્તીમાં આંધળાઓની જેવો છે. તેમણે કુરઆનનો તરીકો બદલી નાખ્યો છે અને કુરઆનના મોહકમાત (સ્પષ્ટ એહકામ)માં ફેરફાર કરી દીધો છે." (વસીલતુદ દારૈન પા-૨૪૬)

દુશ્મનના દસ માણસોને કતલ કર્યા, પછી દુશ્મન પર હુમલો કર્યો. ટુંકમાં આ કે આમીર બિન નહશલ તમીમીએ તેમને શહીદ કર્યા. (અબસારૂલ ઐન પા-૪૦)

(૩) ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન જઅફર

આ પણ ખૌસાઅ બિન્તે હફસાના દીકરા હતા. ઇમામ હુસૈન(અલ.)ની મદદ માટે આવ્યા અને શહીદ થયા. (મકાતિલુત તાલેબીન પા-૯૨) કહેવામાં આવે છે કે આપને બિશ્ર બિન હુવૈતર કાનસીએ શહીદ કર્યા હતા. (મનાકિબ ઇબ્ને શહરઆશોબ ભાગ-૪, પા-૧૦૬)

(૪) કાસિમ બિન મોહંમદ બિન જઅફર બિન અબીતાલિબ

આપ હંમેશા પોતાના કાકાના દિકરા ઇમામ હુસૈન(અલ.)ની સાથે રહેતા હતા. કદી તેમનાથી અલગ ન થયા હતા. ઇમામ હુસૈન(અલ.)એ તેમના કાકાની દીકરી ઉમ્મે કુલસુમથી તેમની શાદી કરી હતી. ઉમ્મે કુલસુમ અબ્દુલ્લાહ બિન જઅફર અને ઝયનબે કુબરા(સલા.)ની દીકરી હતાં.

કાસિમ પોતાની પત્ની સાથે કરબલા આવ્યા અને ઔન બિન અબ્દુલ્લાહ બિન જઅફર પછી મૈદાનમાં ગયા. ઘણા બધા દુશ્મનોને કતલ કર્યા. અમુકે લખ્યું છે કે તેમણે એંસી સવાર અને બાર પગપાળા સિપાહીઓને કતલ કર્યા. પોતે પણ ખૂબ જ ઝખ્મી થઈ ગયા હતા. દુશ્મનોએ ચારેય તરફથી તેમના પર હુમલો કરીને શહીદ કરી દીધા. (તન્કીહુલ મકાલ ભાગ-૨, પા-૨૪)

ઇમામ હસન(અલ.)ના દીકરાઓ

(૧) કાસિમ બિન હસન(અલ.)

આપની વાલેદહનું નામ રમલા હતું (અબસારૂલ ઐન પા-૩૬, હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં આપની વાલિદહનું નામ ઉમ્મે ફરવહ પ્રખ્યાત છે.) કાસિમ નવયુવાન હતા. કદાચ બાલિગ પણ ન હતા. જ્યારે મેદાનમાં જવા માટે ઇમામ હુસૈન(અલ.)થી રજા માંગી તો આપ(અલ.)એ તેમને છાતીથી લગાવ્યા અને બંને એટલા રડ્યા કે બેહોશ થઈ ગયા. ટુંકમાં આ કે ઇમામ હુસૈન(અલ.)થી જંગની રજા માંગી. આપે રજા ન આપી પરંતુ કાસિમ(અલ.)એ કોઈ પણ રીતે આપ(અલ.)થી રજા પ્રાપ્ત કરી અને મેદાનમાં આવ્યા. ગાલ પર આંસુ વહી રહ્યા હતા અને આ રજઝ પઢી રહ્યા હતા :

اِنْتُنْكِرُوْنِيْفَاَنَابْنُالْحَسَنِ

سِبْطِالنَّبِيِّالْمُصْطَفَىالْمُؤْتَمَنِ

هٰذَاالْحُسَيْنُكَالْاَسِيْرِالْمُرْتَهَنِ

بَيْنَاُنَاسٍلَاسُقُوْاصَوْبَالْمُزَنِ

"જો તમે નથી જાણતા તો જાણી લો કે હું ઇમામે હસન(અલ.)નો દીકરો છું. જે અલ્લાહના ચુંટેલા અને અમાનતદાર નબી(સલ.)ના ફરઝંદ છે. આ ઇમામ હુસૈન(અલ.) આ ગિરોહના દરમિયાન કૈદની જેમ છે. ખુદા આ ગિરોહને સંતૃપ્ત ન કરે."

લખ્યું છે કે કાસિમ બિન હસન(અલ.) ચાંદની જેમ હતા. બાળપણમાં જ સખત જંગ કરીને ૩૫ દુશ્મનોને કતલ કર્યા. હમીદ બિન મુસ્લિમ કહે છે : હું ઉમરે સઅદના લશ્કર વચ્ચે ઊભો આ જુવાનને જોઇ રહ્યો હતો. પહેરણ અને જોડા પહેરેલા

હતા. અચાનક એક જોડાની દોરી ટુટી ગઈ. મને યાદ છે કે ડાબા પગના જોડાની હતી. અમ્ર બિન સઅદ અઝદીએ મને કહ્યું : કે હું તેના પર હુમલો કરીશ.

મેં કહ્યું : સુબ્હાનલ્લાહ ! તારો શું ઇરાદો છે? ખુદાની કસમ જો તે મને કતલ પણ કરી નાખે તો પણ હું હાથ ઉઠાવીશ નહીં. જે ગિરોહે તેમને ઘેરી લીધા છે તે પૂરતો છે. તેણે કહ્યું: હું તેમના પર હુમલો કરીશ. તેણે જનાબ કાસિમ(અલ.) પર હુમલો કર્યો. તેમના માથા પર એક વાર લગાવ્યો. જેનાથી તે મોં ના બલ જમીન પર પડ્યા. અવાજ આપી યા અમ્માહ! (અય ચચા !) ઇમામ હુસૈન(અલ.) લશ્કરની સફોને ચીરીને કાસિમ(અલ.)ના સરહાને પહોંચ્યા અને કાસિમ(અલ.)ના કાતિલ પર હુમલો કર્યો. તેણે હાથ પર વાર રોક્યો. જેનાથી તેનો હાથ કોણીથી કપાઇ

ગયો. તેણે કહ્યું : મારી મદદ કરો. ઉમરે સઅદનું લશ્કર તેને બચાવવા માટે દોડ્યું. બંને વચ્ચે સખત જંગ થવા લાગી. જેનાથી કાસિમ(અલ.)ની લાશ ઘોડાઓના પગ નીચે કચડાઈ ગઈ. મેદાન ધૂળ વંટોળથી ભરાઈ ગયું. જ્યારે ધૂળ બેસી ગઈ તો મેં ઇમામ હુસૈન(અલ.)ને જોયા કે કાસિમ(અલ.)ના સરહાને ઊભા છે અને કાસિમ(અલ.) એડીઓ જમીન પર ઘસી રહ્યા હતા.

ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ વાત તમારા કાકા માટે કેટલી તકલીફ આપનારી છે કે તમે એમને મદદ માટે પુકારો અને તે કંઈ ન કરી શકે અને જો કંઈ કરી શકે તો તેનો તમને કોઈ ફાયદો ન હોય. તે કોમ પર અલ્લાહની રેહમત નાઝિલ ન થાય જેમણે તમને કતલ કર્યા છે. (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૩૪)

ત્યાર પછી ઇમામ હુસૈન(અલ.)એ કાસિમ(અલ.)ની લાશને મેદાનથી લઈ ચાલ્યા. હમીદ ઇબ્ને મુસ્લિમ કહે છે હું જોઈ રહ્યો હતો કે કાસિમ(અલ.)ના પગથી જમીન પર નિશાન પડી રહ્યા હતા. મેં મારા દિલમાં વિચાર્યું કે આ લાશ ક્યાં લઈ જઈ રહ્યા છે ? મેં જોયું કે આપે કાસિમ(અલ.)ની લાશને પોતાના દીકરા અલી અકબર અને અન્ય શહીદોની લાશના બરાબરમાં સુવડાવી દીધી. (નફસુલ મહમૂમ પા-૩૨૩)

કિફાયતુત્તાલિબમાં આવ્યું છે કે જ્યારે હઝરત કાસિમ(અલ.) ઘોડાથી જમીન પર પડ્યા તો કાકાને અવાજ આપી. હુસૈન(અલ.) કાસિમની લાશ લાવ્યા તો તે સમયે તેમના મા ઊભા હતા આ દૃશ્ય જોઈ રહ્યા હતા અને ઇમામ હુસૈન(અલ.)ની ઝબાન પર આ શેઅર હતા :

غَرِيْبُوْنَعَنْاَوْطَانِهِمْوَدِيَارِهِمْ

تَنُوْحُعَلَيْهِمْفِيالْبَرَارِيوُحُوْشُهَا

وَكَيْفَوَلَاتَبْكِيَالْعُيُوْنُلِمَعْشَرٍ

سُيُوْفُالْاَعَادِيفِيالْبَرَارِيتَنْوشُهَا

بُدُوْرٌتَوَارِينُوْرُهَافَتَغَيَّرَتْ

مَحَاسِنُهَاتُرْبُالْفَلَاةِنُعُوْشُهَا

"તેઓ પોતાના ઘરો અને વતનથી દૂર છે. વિરાન રણ પ્રદેશમાં હિંસક જાનવરો તેમના પર નૌહો કરે છે. તેમના પર આંખો કેમ ન રડે કે જેમના પર દુશ્મનોની તલવાર ટુટી રહી છે. જે ચંદ્રમાઓનું નુર ખતમ થઈ ગયું અને તેમના ખુબસુરત બદન જંગલમાં વેરવિખેર થઈ ગયા છે." (વસીલતુદ દારૈન પા-૨૫૨)

(૨) અબુબકર બિન હસન(અલ.)

આપ હઝરત કાસિમ(અલ.)ના સગા ભાઈ હતા. એટલે કે એક બાપ અને એક માંથી હતા. ઇમામ મોહંમદ બાકિર(અલ.)થી વર્ણન છે કે તેમને ઉકબતુલ અનવાએ શહીદ કર્યા છે. (અબુલ ફરજે લખ્યું છે કે તે કાસિમ(અલ.)ની પહેલાં શહીદ થયા પરંતુ તબરી, જઝરી અને શેખ મુફીદે એમની શહાદત કાસિમ પછી લખી છે. (નફસુલ મહમૂમ પા-૩૨૫))

(૩) અબ્દુલ્લાહ બિન હસન(અલ.)

ઇબ્ને ઝિયાદના લશ્કરે ઇમામ હુસૈન(અલ.)ને ચારેય તરફથી ઘેરી રાખ્યા હતા. અબ્દુલ્લાહ બિન હસન(અલ.) જે હજુ બાલિગ પણ ન થયા હતા. ઇમામ હુસૈન(અલ.) પાસે પહોંચવા માટે ઘણી ઉતાવળ કરતા હતા. ઝયનબે કુબરા(સલા.) તેમને જવા દેવા ન ઇચ્છતા હતા

પરંતુ તે ન માન્યા અને કહ્યું : અલ્લાહની કસમ હું મારા કાકાથી કદી પણ અલગ ન થઈશ. આ દરમિયાન બહર બિન કઅબ "એક કથન મુજબ હુરમુલા બિન કાહિલે" તલવારથી ઇમામ હુસૈન(અલ.) પર હુમલો કર્યો. અબ્દુલ્લાહે તેને કહ્યું : અય બદકાર સ્ત્રીના દીકરા તુ મારા કાકાને શહીદ કરવા ઇચ્છે છે ? તે બદબખ્તે તલવારથી અબ્દુલ્લાહ પર હુમલો કર્યો. જેનાથી તેમના હાથ કપાઈ ગયા અને ચામડી સાથે લટકી ગયા. બાળકે અવાજ આપી યા ઉમ્માહ (અય માં) !

ઇમામ હુસૈન(અલ.)એ બાળકને આગોશમાં લીધો અને ફરમાવ્યું : ભત્રીજા ! આ મુસીબત પર સબ્ર કરો અને અલ્લાહથી અજર અને સવાબની ઉમ્મીદ રાખો જેથી તે તમને તમારા નેક પૂર્વજો પાસે મોકલી આપે. તે જ સમયે હુરમુલા બિન

કાહિલે એક તીર માર્યું અને બાળક કાકાની ગોદમાં શહીદ થઈ ગયું. (અલ-મલહૂફ પા-૫૧)

(૪) હસન બિન અલ-હસન(અલ.)

ઇમામ હસન(અલ.)ના દીકરાઓમાંથી એક હસને મુસન્ના છે. તે આશુરના દિવસે મેદાનમાં આવ્યા. બહાદુરોની જેમ લડતા લડતા જમીન પર પડ્યા. જ્યારે ઉમરે સઅદનું લશ્કર શહીદોના સર કલમ કરવા આવ્યું તો જોયું કે આ હજું જીવતા છે. તો તેમના મોસાળ પક્ષનો સગો અસ્મા બિન ખારેજા તેમને પોતાની સાથે કુફા લઈ ગયો, ઇલાજ કરાવ્યો. ઝખ્મ સારા થઈ ગયા પછી તે મદીના આવી ગયા. (હયાતુલ ઇમામિલ હુસૈન(અલ.) ભાગ-૩ પા-૨૫૬)

અમીરૂલ મોઅમેનીન(અલ.)ના દીકરાઓ

(૧) અબ્દુલ્લાહ બિન અલી(અલ.)

તેમની વાલેદહ ફાતેમા ઉમ્મુલ બનીન છે. હઝરત અલી(અલ.)ની શહાદત વખતે તેમની ઉમર છ વરસ હતી. જ્યારે ઇમામ હુસૈન(અલ.)ના સહાબીઓ અને એહલેબયતમાંથી અમુક લોકો શહીદ થઈ ગયા તો હઝરત અબ્બાસ(અલ.)એ પોતાના આ ભાઇઓ કે જે એક માં થી હતા બોલાવ્યા અને કહ્યું : મૈદાનમાં જાઓ.

સૌથી પહેલાં અબ્દુલ્લાહ બિન અલી(અલ.) જે ઉસ્માન અને જઅફરથી મોટા હતા ઊભા થયા. હઝરત અબુલ ફઝલ(અલ.)એ તેમને કહ્યું : ભાઇ મૈદાનમાં જાઓ જેથી અલ્લાહના રસ્તામાં તમને શહીદ જોઉં. તે મેદાનમાં આવ્યા રજઝ પઢ્યા. તલવારની કળા દેખાડી, જંગ કરી, હાની બિન

સબીતે આપના માથા પર તલવારથી વાર લગાવીને શહીદ કરી દીધા. (અબસારૂલ ઐન પા-૩૪)

(૨) ઉસ્માન બિન અલી(અલ.)

અબ્દુલ્લાહ બિન અલી(અલ.) પછી મેદાનમાં આવ્યા. તે વખતે આપની ઉમર એકવીસ વરસ હતી. (અબસારૂલ ઐનના લેખકે આ જુવાનની ઉમર ૨૩ વરસ કહી છે અને આ જ સહી લાગે છે. કેમ કે તેમના ભાઈ જઅફર તેમનાથી નાના હતા તે ૨૧ વરસના હતા.) અને આ રજઝ પઢ્યા :

اِنِّیاَنَاعُثْمانُذُومَفَاخِرِ

شَیخیعَلِیٌّذُوالفِخَالِالطَّاهِرِ

صِنْوُالنَّبِیِّذِیالرَّشَادِالسَّائِرِ

مَابَیْنَکُلِّغَائِبٍوَحَاضِرٍ

"હું ગર્વ કરનાર ઉસ્માન છું. મારા શેખ "વાલિદ" પાક ચરિત્રવાળા અલી છે. જે દરેક ગાએબ અને હાજરના દરમિયાન હિદાયત કરવાવાળા નબી(સલ.)ના ભાઇ છે."

ખૂલી બિન યઝીદે એક તીર મારી તેમને શહીદ કરી દીધા. અમુકે લખ્યું છે કે આ તીરના વાગવાથી આપ જમીન પર પડ્યા તો બની અબાનમાંથી એક વ્યક્તિએ હુમલો કરીને શહીદ કરી દીધા અને શરીરથી માથુ અલગ કરી દીધું. (નફસુલ મહમૂમ પા-૩૨૭. હઝરત અલી(અલ.)થી રિવાયત વર્ણન થઈ છે કે આપ(અલ.)એ ફરમાવ્યું: મેં આ બાળકનું નામ મારા ભાઇ ઉસ્માન બિન મઝઉનના નામ પર રાખ્યું છે.)

(૩) જઅફર બિન અલી(અલ.)

હઝરત અલી(અલ.)ની શહાદત વખતે તેમની ઉમર બે વરસ હતી. પોતાના ભાઇ

ઇમામ હસન(અલ.) સાથે બાર વરસ અને ભાઈ હુસૈન(અલ.) સાથે એકવીસ વરસ જિન્દગી ગુજારી. રિવાયતમાં આવ્યું છે કે અમીરૂલ મોઅમેનીન(અલ.)એ પોતાના ભાઇની મોહબ્બતમાં તેમનું નામ જઅફર રાખ્યું હતું. આ પણ મેદાનમાં ગયા અને આ રજઝ પઢ્યા :

اِنِّیاَنَاجَعْفَرُذُوالْمَعَالِی

اِبْنُعَلِیِّاالْخَیِّرِذُوالنَّوالِ

ذَاکَالْوَصِیُّذُوالسَّناوَالْوَالِی

حَسْبِیبِعَمِّیْجَعْفَرٍوَالْخَالِ

اَحْمِیحُسَیْنَاذِیالنَّدیالْمِفْضَالِ

"હું બુલંદીઓવાળો જઅફર છું. હું નેક કિરદાર અને કરમવાળા અલી(અલ.)નો દીકરો છું. જે રસુલ(સલ.)ના વસી, ઉચ્ચ મરતબાવાળા અને

સરપરસ્ત છે. મારા માટે મારા કાકા જઅફર કાફી છે. હું ફઝલો કરમવાળા હુસૈન(અલ.)ની હિમાયત કરૂ છું." (મનાકિબ ઇબ્ને શહર આશોબ ભાગ-૪, પા-૧૦૭)

જંગ કરી અહીં સુધી કે ખૂલી બિન યઝીદે તેમના પર હુમલો કરીને શહીદ કરી દીધા. અમુકે તેમના કાતિલનું નામ હાની ઇબ્ને સબીત લખ્યું છે. (અબસારૂલ ઐન પા-૩૫)

(૪) અબુબકર બિન અલી(અલ.)

ઇતિહાસકારોએ એમનું નામ વર્ણન નથી કર્યું. બલકે અબુબકર એમનું ઉપનામ છે. તેમની વાલેદહ લયલા બિન્તે મસઊદ બિન ખાલિદ છે. તે પણ મેદાનમાં આવ્યા. રજઝ પઢ્યા જંગ કરી અને હમદાન કબીલાના એક વ્યક્તિના હાથે શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૩૫)

(૫) મોહંમદ બિન અલી(અલ.)

આ મોહંમદ અસગર છે. હઝરત અલી(અલ.)ના એક અન્ય દીકરાનું નામ મોહંમદ હતું. જે તેમનાથી મોટા હતા અને આ મોહંમદ નાના હતા. એટલા માટે તેમને મોહંમદ અસગર (નાના મોહંમદ) કહે છે. તેમની વાલેદહ ઉમ્મે વલદ (કનીઝ) હતી. મોહંમદ અસગરને અબાન કબીલાના એક વ્યક્તિએ શહીદ કર્યા. (મકાતિલુત્તાલેબાન પા-૨૫) અમુકે લખ્યું છે કે તેમની વાલેદા અસ્મા બિન્તે ઉમૈસ છે. (તારીખે તબરી ભાગ-૬, પા-૮૯)

(૬) અબ્બાસ અલ અસગર

અમુક લોકોએ આ અનુમાન કર્યું છે કે કરબલામાં હઝરત અલી(અલ.)ના બે દીકરા અબ્બાસ નામના શહીદ થયા છે. એક અબ્બાસ અલ-અસગર છે જે શબે આશુર શહીદ થયા. તેમની વાલેદહ સહબા સઅલબીયા છે. બીજા અબ્બાસે અકબર છે. આપે પોતાના બીજા ત્રણ ભાઇઓ સાથે

કરબલામાં શહાદત પામી. મુકર્રમે અબ્બાસ અલ-અસગરને હઝરત અલી(અલ.)ની અવલાદમાંથી વર્ણન કર્યું છે. આ અને ઉમર અતરફ એક "માં"થી હતા. જેમનું નામ સહબા હતું. આ પણ વર્ણન થયું છે કે આપ આશુરની રાતે ઘાટ પર પાણી લેવા ગયા હતા. ત્યાં જ શહીદ થયા. (અલ-અબ્બાસ મુકર્રમ પા-૫૨, વસલતુદ દારેન પા-૨૬૨)

કાસિમ બિન અસબગ મજાશઈથી વર્ણન છે કે તેણે કહ્યું: જ્યારે શહીદોના સર કુફા લાવવામાં આવ્યા તો મેં એક સવારને જોયો કે તેણે પોતાના ઘોડાની ગરદનમાં એક જવાનનું માથું લટકાવી રાખ્યું છે. તે જવાનનો ચહેરો ચૌદમીના ચાંદની જેમ ચમકી રહ્યો હતો. જ્યારે ઘોડો નીચે માથું ઝુકાવતો હતો તો તે સર જમીન પર ટકરાતું હતું. મેં તે વ્યક્તિને પુછ્યું : આ કોણ મઝલુમનું સર છે

જે તેં પોતાના ઘોડાની ગરદન પર લટકાવી રાખ્યું છે.

તેણે કહ્યું : અબ્બાસ બિન અલી(અલ.)નું સર છે. મેં કહ્યું : તુ કોણ છે ? તેણે કહ્યું : હુરમુલા બિન કાહિલ અસદી.

કાસિમ કહે છે : અમુક દિવસ પછી મેં હુરમુલાને જોયો તો તેનું મોં કાળું થઈ ચુકયું હતું. (તઝકિરતુલ ખવાસ, પા-૨૮૧)

(૭) અબ્બાસ બિન અલી(અલ.)

આપ(અલ.)ની પેદાઇશ ૨૬ હિજરીમાં થઈ. આપની વાલિદા ઉમ્મુલ બનીન ફાતેમા બિન્તે હઝામ છે. હઝરત અલી(અલ.)એ અરબની ખબરો અને તેની વંશાવળીના જાણકાર પોતાના ભાઇ અકીલને કહ્યું : મારા માટે એવી સ્ત્રી શોધો જેનાથી બહાદુર દીકરા પૈદા થાય. અકીલે ફાતેમા બિન્તે હઝામનું નામ બતાવ્યું અને કહ્યું : મારી નજરમાં

એમના પૂર્વજોથી વધારે અરબમાં કોઈ બહાદુર નથી. હઝરત અલી(અલ.)એ તેમનાથી નિકાહ કરી લીધા. ઉમ્મુલ બનીનથી પ્રથમ દીકરા અબ્બાસ(અલ.) પૈદા થયા. જેમને ખુબસુરત હોવાના કારણે કમરે બની હાશિમ કહેતા હતા. આપનું ઉપનામ અબુલ ફઝલ હતું. હઝરત અબ્બાસ(અલ.) પછી ઉમ્મુલ બનીનથી ત્રણ દીકરા અબ્દુલ્લાહ, ઉસ્માન અને જઅફર પૈદા થયા. હઝરત અબ્બાસ(અલ.)એ ચૌદ વરસ પોતાના વાલિદ અમીરૂલ મોઅમેનીન(અલ.)ની સાથે અને બાકીની જિન્દગી પોતાના બે ભાઇઓ સાથે પસાર કરી. શહાદતના સમયે આપની ઉમર ચોંત્રીસ વરસ હતી. બહાદુરીમાં બેમિસાલ હતા. ઘોડા પર સવાર થતા તો પગ જમીન સુધી પહોંચતા હતા.

ઇમામ સાદિક(અલ.)થી વર્ણન છે કે આપે ફરમાવ્યું: અમારા કાકા અબ્બાસ બિન અલી(અલ.)

દૂરંદેશ અને ઈમાનમાં પુખ્ત હતા. ઇમામ હુસૈન(અલ.)ની સાથે જેહાદ કરતા કરતા શહીદ થયા. (અબસારૂલ ઐન પા-૨૫)

વર્ણન છે કે એક દિવસ અલી ઇબ્નિલ હુસૈન(ઇમામ ઝયનુલ આબેદીન અ.સ.)એ હઝરત અબ્બાસ(અલ.)ના દીકરા ઉબૈદુલ્લાહને જોયા અને રડવા લાગ્યા અને પછી ફરમાવ્યું : રસુલ(સલ.) પર જંગે ઓહદના દિવસથી વધારે સખત કોઇ દિવસ પસાર ન થયો. તે દિવસે હઝરત હમઝહ બિન અબ્દુલ મુત્તલિબ શહીદ થયા. ત્યાર પછી રસુલ(સલ.) માટે તે દિવસ સખત હતો જ્યારે જંગે મૌતામાં જઅફર બિન અબીતાલિબ(અલ.) શહીદ થયા અને કોઈ દિવસ હુસૈન(અલ.)ના દિવસ "આશુરા" જેવો નથી. આપને તે તીસ હજાર સિપાહીઓએ ઘેરી રાખ્યા હતા. જે પોતાને આ ઉમ્મતથી સમજતા હતા. અને ઇમામ

હુસૈન(અલ.)ના કતલ દ્વારા અલ્લાહની કુરબત ચાહતા હતા. ઇમામ હુસૈન(અલ.)એ નસીહત કરી, પરંતુ તેમના પર કોઈ અસર ન થયો અને દર્દનાક રીતે આપને શહીદ કરી દીધા.

ત્યાર પછી ઇમામ ઝયનુલ આબેદીન(અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ મારા કાકા અબ્બાસ(અલ.) પર રહેમ કરે તેમણે પોતાને પોતાના ભાઈ હુસૈન(અલ.) પર કુરબાન કરી દીધા અને એટલી કુરબાની આપી કે બંને હાથ કપાઈ ગયા. અલ્લાહે આપને જઅફરે તૈયારની જેમ બે પાંખ આપી છે. જેનાથી ફરિશ્તાઓ સાથે જન્નતમાં પરવાઝ કરે છે. આ પણ ફરમાવ્યું : અલ્લાહતઆલાની નજીક અબ્બાસ(અલ.)નું તે સ્થાન, મરતબો છે કે કયામતના દિવસે અન્ય શહીદો આપ પર રશ્ક કરશે. એટલે કે એવું ઇચ્છશે કે અમે પણ આ મકામ પર હોત.

અમુક ઇતિહાસકારોએ લખ્યું છે કે જ્યારે અબ્બાસ(અલ.)એ ઇમામ હુસૈન(અલ.)ની લાચારીને જોઈ તો ખિદમતમાં હાજર થઈ અરજ કરી : મૌલા મને રજા છે કે મૈદાનમાં જાઉં ?

આ સાંભળી ઇમામ હુસૈન(અલ.) ખૂબ જ રડ્યા અને ફરમાવ્યું : ભાઈ તમે મારા લશ્કરના અલમદાર છો, અબ્બાસ(અલ.)એ કહ્યું : ભાઈ, મારૂં દિલ ભરાઈ ગયું છે અને જિન્દગીથી સંતૃપ્ત થઈ ગયો છું. હું આ મુનાફિકોથી બદલો લેવા ચાહુ છું. ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : આ બાળકો માટે પાણીની વ્યવસ્થા (સબીલ) કરો.

અબ્બાસ(અલ.) મૈદાનમાં આવ્યા અને કુફાના લશ્કરને નસીહત કરી, અલ્લાહના અઝાબથી ડરાવ્યા. પરંતુ તેમના પર અસર ન થઈ. પાછા ફર્યા અને ભાઇને પરિસ્થિતિ બયાન કરી. તે જ વખતે બાળકોની અલ-અતશ (પ્યાસ), અલ-અતશ

(પ્યાસ)ની અવાજો સાંભળી. મશ્ક અને નેઝો ઉઠાવ્યો, ઘોડા પર સવાર થયા, ફુરાત તરફ ચાલ્યા, ફુરાત પર દુશ્મનનું ચાર હજારનું સૈન્ય રાખવામાં આવ્યું હતું. લશ્કરે આપ પર તીરોથી હુમલા કર્યા. અબ્બાસ(અલ.)એ તેમને વેર વિખેર કરી નાખ્યા અને તેમનામાંથી એંસીને જહન્નમમાં ધકેલી દીધા અને ફુરાતમાં દાખલ થઈ ગયા. પાણી હાથમાં લીધું. હુસૈન(અલ.) એહલેબયત અને બાળકોની યાદ આવી. પાણી ફેંકી દીધું. મશ્કને પાણીથી ભરી, ખભા પર રાખી, ખૈમા તરફ ચાલ્યા, દુશ્મને રસ્તો રોક્યો, ચારેય તરફથી આપ(અલ.)ને ઘેરી લેવામાં આવ્યા. અબ્બાસ(અલ.) આ રજઝ પઢતા પઢતા તેમનાથી જંગ કરવા લાગ્યા :

لَا أَرْهَبُ الْمَوْتَ إِذَا الْمَوْتُ رُزِقْ

حَتّٰى أُوَارِيَ فِي الْمَصَالِيتِ لُقَا

نَفْسِيلِنَفْسِالْمُصْطَفٰيالطُّهْرِوِقَا

اِنِّيَانَاالْعَبَّاسُاَغْدُوبِالسِّقَا

وَلَااَخَافُالشَّرَّيَوْمَالْمُلْتَقٰى

"જ્યારે મૌત ડરાવે છે તો હું મોતથી કદી પણ નથી ડરતો. મુકાબલા વખતે પહેલવાનોને તલવારથી હલાક કરી નાખુ છું. મેં મારા નફ્સને ફરઝંદે રસુલ(સલ.)નો રક્ષણહાર કરાર દીધો છે. મને અબ્બાસ કહે છે. મુકાબલો કરતી વખતે મને મૌતથી ડર નથી લાગતો." (મનાકિબ ઇબ્ને શહર આશોબ ભાગ-૪, પા-૧૦૮)

અરઝક નૌફલે આપ(અલ.)નો જમણો હાથ કાપી નાખ્યો તો આપ(અલ.)એ મશ્ક ડાબા ખભા પર રાખી અને ડાબા હાથમાં અલમ (પરચમ) લીધો અને આ રજઝ પઢી :

وَاللّٰهِ اِنْ قَطَعْتُمْ يَمِيْنِيْ

اِنِّيْ اُحَامِيْ اَبَدًا عَنْ دِيْنِيْ

وَعَنْ اِمَامٍ صَادِقٍ اَلْيَقِيْنِ

نَجْلِ النَّبِيِّ الطَّاهِرِ الْاَمِيْنِ

"અલ્લાહની કસમ જો તમે મારો જમણો હાથ કાપી નાખ્યો છે. પરંતુ હું હંમેશા મારા દીનનું રક્ષણ કરતો રહીશ અને મારા સત્ય ઈમાનવાળા ઇમામનો બચાવ કરીશ જે પાક અને અમીર રસુલ(સલ.)ના ફરઝંદ છે."

આ જ મલઊને આપનો ડાબો હાથ પણ કાપી નાખ્યો, આ પણ વર્ણન થયું છે કે હકમ બિન તુફૈલે જે ખજૂરના ઝાડની પાછળ છુપાએલો હતો. તલવાર મારીને આપ(અલ.)નો ડાબો હાથ કાપી

નાખ્યો. આપ(અલ.)એ અલમ (પરચમ)ને છાતીથી લગાવી આ રજઝ પઢ્યા :

يَانَفْسُلَاتَخْشِيمِنَالْكُفَّارِ

وَاَبْشِرِيبِرَحْمَةِالْجَبَّارِ

مَعَالنَّبِيِّالسَّيِّدِالْمُخْتَارِ

قَدْقَطَعُوْابِبَغْيِهِمْيَسَارِى

فَاَصْلِهِمْيَارَبِّحَرَّالنَّارِ

"અય નફ્સ! કાફિરોથી ન ડરો અને પસંદીદા રસૂલ(સલ.)ની સાથે રહીને અલ્લાહની રેહમતની ખુશખબર કબુલ કર, આ લોકોએ મારો ડાબો હાથ પણ કાપી નાખ્યો. અય અલ્લાહ તેમને જહન્નમમાં દાખલ કર."

હઝરત અબ્બાસ(અલ.)એ મશ્કને દાંતોમાં દબાવી દીધી. મશ્ક પર એક તીર વાગ્યું. જેનાથી બધુ

પાણી વહી ગયું. બીજું તીર આપની છાતીમાં વાગ્યું. અમુકનું કહેવું છે કે આ તીર આપની આંખમાં વાગ્યુ હતું. અમુકે લખ્યું છે કે લોખંડનું ગુર્ઝ (એક પ્રકારનું હથિયાર) આપના માથામાં માર્યું જેનાથી આપ ઘોડાથી જમીન પર પડી ગયા. ઇમામ હુસૈન(અલ.)ને અવાજ આપી.

ઇમામ હુસૈન(અલ.) અબ્બાસ(અલ.)ની પાસે આવ્યા અને આ સ્થિતિ જોઈને ફરમાવ્યું :

اَلْآنَ انْكَسَرَ ظَهْرِيْ وَقَلَّتْ حِيْلَتِيْ

"હવે મારી કમર તુટી ગઈ અને મારી બધી યોજનાઓના રસ્તા બંધ થઈ ગયા." (બિહારૂલ અનવાર ભાગ-૪૫, પા-૪૨) અને જ્યારે આંખોમાંથી તીર લાગેલા અને લોહીમાં લથપથ અબ્બાસ(અલ.)ને ફુરાતના કિનારે જોયા તો તેમની પાસે બેસી ગયા અને ખૂબ જ રડ્યા એટલે સુધી કે હઝરત અબ્બાસ(અલ.)ની રૂહ પરવાઝ થઈ ગઈ. (અમુક

કિતાબોમાં લખ્યું છે કે હુસૈન(અલ.)એ અબ્બાસ(અલ.)નું માથું ઝાનુ પર રાખ્યું અને તેમની આંખોના લોહીને સાફ કર્યું. જોયું કે અબ્બાસ(અલ.) રડી રહ્યા છે. ફરમાવ્યું : કેમ રડો છો ? અરજ કરી અય ભાઈ મારી આંખોની ઠંડક કેમ ન રડું. હજી હુસૈન(અલ.) બેઠા જ હતા કે અબ્બાસ(અલ.)એ એક આહ કરી અને રૂહ પરવાઝ થઈ ગઈ. હુસૈન(અલ.)એ ફરિયાદ કરી : વા અખાહુ! વા અબ્બાસા ! (વસીલતુદ દારૈન પા-૨૭૪)) પછી લાશને ખૈમાની તરફ લઈ ગયા. (અબસારૂલ ઐન પા-૪૦, બિહારૂલ અનવાર ભાગ-૪૧, પા-૨૪૫)

અમુકે આ પણ લખ્યું છે કે હઝરત અબ્બાસ(અલ.)નું બદન ટુકડે ટુકડા થઈ ગયું હતું જેથી ઇમામ હુસૈન(અલ.) કત્લગાહ (કતલની જગ્યાથી) શહીદોની લાશો સુધી ન લાવી શક્યા. (અદ-દમઅતુસ્સાકેબા ભાગ-૪, પા-૩૨૪)

તે સમયે ઇમામ હુસૈન(અલ.)એ દુશ્મનો પર હુમલો કર્યો, જમણી તરફ, ડાબી તરફ તલવારો ચલાવી, લશ્કર મૈદાનથી ભાગી ગયું. આપ(અલ.)એ ફરમાવ્યું : ક્યાં ભાગી રહ્યા છો ? તમે મારા ભાઈને કતલ કરી નાખ્યો ? ક્યાં ભાગી રહ્યા છો તમે મારા બાજુને તોડી નાખ્યા ! પછી પોતાની પહેલી જગ્યા પર પાછા ફર્યા.

ઇમામ હુસૈન(અલ.)ના સાથીઓમાંથી હઝરત અબ્બાસ(અલ.) છેલ્લા શહીદ હતા. આપ(અલ.) પછી આલે અબુતાલિબમાંથી તે બાળકો શહીદ થયા જેમની પાસે હથિયારો ન હતા. (કાસિમ બિન અસબગ કહે છે : મેં બની અબાનના કબીલાના એક વ્યક્તિને જોયો. તેનું મોઢું કાળું પડી ગયું હતું. જ્યારે આ પહેલાં તેનું મોઢું બરાબર હતું. મેં તેને તેના મોઢું કાળું પડી જવાનું કારણ પુછ્યું તેણે કહ્યું : મેં કરબલામાં એક મજબુત અને ખુબસુરત ઇન્સાનનું કતલ કર્યું છે. જેની આંખો

દરમિયાન સજદાનું નિશાન હતું. ત્યારથી દરેક રાતે હું સુવું છું તો તે મારી પાસે આવે છે અને જહન્નમની તરફ ખેંચી જાય છે. હું બુમો પાડુ છું અને મારી બુમ મારા ઘરવાળાઓ પણ સાંભળે છે. કાસિમ ઇબ્ને અસબગ કહે છે : આ ખબર દરેક જગ્યાએ ફેલાઈ ગઇ. તેના પાડોશમાંનીં એક સ્ત્રીએ કહ્યું : રાતોની તેની બુમોએ અમારી ઉંઘ હરામ કરી નાખી છે. હું અમુક લોકોની સાથે તેની પત્ની પાસે ગયો અને તેનાથી સ્થિતિ જાણી તો તેણે કહ્યું : હાં, હકીકત આ જ છે જે પોતે તેણે બયાન કર્યું છે. કાસિમ ઇબ્ને અસબગ કહે છે કે હઝરત અબ્બાસ બિન અલી(અલ.) દુષ્ટ અને ફાસિદ વ્યક્તિના હાથે શહીદ થયા હતા. (અબસારૂલ ઐન પા-૩૨))

અમુક કિતાબોમાં વર્ણન થયું છે કે જ્યારે અબ્બાસ(અલ.) અને હબીબ ઇબ્ને મઝાહિર શહીદ થઈ ગયા તો ઇમામ હુસૈન(અલ.)ના ચહેરા પર

ગમગીની છવાઈ ગઈ. ગમ અને દુખના બોજથી આપ બેસીને રડવા લાગ્યા. (અબસારૂલ ઐન પા-૩૦)

જનાબે સકીના આવ્યાં અને પુછ્યું : મારા કાકા ક્યાં છે ? ઇમામ હુસૈન(અલ.)એ ફરમાવ્યું : શહીદ થઈ ગયા. ઝયનબ(સલા.)એ ફરિયાદ કરી : વા અખાહ ! વા અબ્બાસાહ!

હરમની સ્ત્રીઓમાં રડવાનો અવાજ બુલંદ થયો, ઇમામ હુસૈન(અલ.) પણ રડ્યા અને ફરમાવ્યું : આપના પછી અમે મુશ્કેલીમાં મુકાઈ ગયા અને કમર ટુટી ગઈ. (ઝરીઅતુન નજાત પા-૧૨૫) ત્યાર બાદ આ શેઅર પઢ્યા જેનો અનુવાદ અમે વર્ણન કરીએ છીએ.

"અય ભાઈ તમે મારી આંખોની ઠંડક, મારા બદનનો ટુકડો, તમે મારા માટે ભરોસાપાત્ર સ્તંભ હતા. અય ભાઈ નિખાલસતાથી જંગ કરી અહીં સુધી કે અલ્લાહે રહીકના (જન્નતનું પીણું) પ્યાલાથી સંતૃપ્ત

કર્યા. અય ચમકતા ચાંદ દરેક મુસીબત અને સખ્તીમાં તમે મારા મદદગાર હતા. તમારા પછી જિન્દગીમાં કોઈ મજા ન રહી. કાલે આપણે બંને એક જગ્યાએ હોઇશું. હું અલ્લાહને શિકાયત કરીશ અને તેના માટે જ સબ્ર કરૂ છું. જે સખ્તી અને પ્યાસ સહન કરી છે તેનાથી અલ્લાહની પનાહ ચાહું છું." (વસીલતુદ દારૈન પા-૨૭૩)

(૮) મહંમદ બિન અબ્બાસ બિન અલી(અલ.)

ઇબ્ને શહર આશુબે ઇમામ હુસૈન(અલ.)ની સાથે શહીદ થવાવાળા બની હાશિમના બયાનમાં લખ્યું છે કે અમુકે કહ્યું છે : મહંમદ બિન અબ્બાસ બિન અલી બિન અબીતાલિબ(અલ.) પણ શહીદ થયા છે. (મનાકિબ ઇબ્ને શહર આશુબ ભાગ-૪, પા-૧૨૪)

છેલ્લી ઘડીઓ અને દૂધ પીતું બાળક

ઇમામ હુસૈન(અલ.) તંબુમાં આવ્યા અને ઝયનબ (સલા.)થી ફરમાવ્યું : મારા સૌથી નાના બાળકને લાવો, ઝયનબ(સલા.)એ બાળકને ઇમામ હુસૈન(અલ.)ને આપ્યું. હિશામ બિન મહંમદ કલબીએ વર્ણન કર્યું છે કે જ્યારે ઇમામ હુસૈન(અલ.)ને લાગ્યું કે ઉમરે સઅદનું લશ્કર આપનું લોહી વહાવીને રહેશે તો આપ(અલ.)એ કુરઆન લીધું, ખોલ્યું, માથા પર રાખ્યું અને ફરમાવ્યું : અય લોકો ! મારા અને તમારા દરમિયાન અલ્લાહની કિતાબ અને મારા નાના રસુલુલ્લાહ(સલ.) છે. તમે કઈ વસ્તુથી મારૂં લોહી હલાલ સમજી રહ્યા છો ?

આ દરમિયાન રડવાની અવાજ સાંભળી, બાળકને હાથો પર લઈને આવ્યા અને ફરમાવ્યું : અય લોકો ! જો મારા પર રહેમ નથી કરતા તો આ દૂધ પીતા બાળક પર રહેમ કરો. આ દરમિયાન ઉમરે સઅદના લશ્કરમાંથી એક વ્યક્તિએ તીર મારીને માસુમ બાળકને

કતલ કરી નાખ્યું. આ હાલત જોઈને ઇમામ હુસૈન(અલ.) રડી પડ્યા અને ફરમાવ્યું : અય અલ્લાહ અમારા અને આ કોમ દરમિયાન ઇન્સાફ કરજે કે તેમણે દઅવત આપીને અમને બોલાવ્યા, અમારી મદદનો વાયદો કર્યો અને હવે અમારા પર તલવાર ખેંચી છે.

અમુકે વર્ણન કર્યું છે કે આસમાનથી અવાજ આવી અય હુસૈન(અલ.) ! બાળક અમને આપી દો કે જન્નતમાં તેના માટે દૂધ પીવડાવવાની વ્યવસ્થા છે. (તઝકેરતુલ ખવાસ પા-૧૪૩)

બાળકની શહાદત પછી ઇમામ હુસૈન(અલ.)એ તંબુની પાસે તલવારથી નાની કબ્ર ખોદી અને આ સ્થિતિમાં જ બાળકને દફન કરી દીધું. (અબસારૂલ ઐન પા-૨૪) વર્ણન થયું છે કે બાળકની નમાઝે જનાઝા પઢી અને બાળકને લોહી લુહાણ સ્થિતિમાં દફન કર્યું. (નફસુલ મહમૂમ પા-૩૫)

એહલેબયત(અલ.)ના શહીદો

એહલેબયત(અલ.)ના શહીદોની સંખ્યાના વિષયમાં ઇતિહાસકારો દરમિયાન મતભેદ છે. અમુક કથનો તરફ અમે ઇશારો કરીએ છીએ.

(૧) ૧૭ વ્યક્તિઓ, આ સંખ્યા ઇમામ જઅફર સાદિક(અલ.)થી વર્ણન થઈ છે. હદીસમાં આવ્યું છે કે આપે ફરમાવ્યું તે લોહી જેની અલ્લાહ પૂછપરછ કરશે, જે ફાતેમા સલામુલ્લાહે અલયહાની સંતાનમાંથી શહીદ થયા છે. જેવી મુસીબત ઇમામ હુસૈન(અલ.) પર પડી છે એવી કોઈના પર નથી પડી. આપની સાથે ૧૭ વ્યક્તિ સ્વયં આપના અહલેબયતમાંથી શહીદ થયા છે. જેમણે અલ્લાહના રસ્તામાં સબ્ર કર્યું અને નિખાલસતાથી જાન આપી.

મોહંમદ હનફિયાથી વર્ણન થયું છે કે ઇમામ હુસૈન(અલ.)ની સાથે સત્તર વ્યક્તિઓ તે

શહીદ થયા છે જે ફાતેમા બિન્તે અસદ હઝરત અલી(અલ.)ની વાલેદહની સંતાન હતા.

ઝિયારતે નાહિયામાં અહલેબયતમાંથી ૧૭ શહીદોનો ઝિક્ર થયો છે. શેખ મુફીદે પણ આ જ સંખ્યા વર્ણન કરી છે. શાયદ આ જ સહી છે.

(૨) ૧૬ વ્યક્તિઓ, આ કથન હસન બસરીથી વર્ણન થયું છે. તે કહે છે : હુસૈન ઇબ્ને અલી(અલ.)ની સાથે સોળ વ્યક્તિઓ એવા શહીદ થયા જેની મિસાલ જમીન પર નથી.

(૩) ૧૫ વ્યક્તિઓ, આ સંખ્યા મુગીરહ બિન નૌફલે તેમને મરસિયાના એક શેઅરમાં બયાન કરી છે.

(૪) ૧૯ વ્યક્તિઓ (૫) ૨૦ વ્યક્તિઓ (૬) ૨૩ વ્યક્તિઓ (૭) ૨૭ વ્યક્તિઓ ફાતેમા બિન્તે અસદની સંતાનમાંથી છે. (૮) ૭૮ વ્યક્તિઓ આ સંખ્યા નસ્સાબ સૈયદ અબુ મોહંમદ અલ-હુસૈન

હુસૈનીએ બયાન કરી છે. શાયદ આ સંખ્યા તેણે કરબલાના તમામ શહીદોની બયાન કરી છે.

(૯) ૩૦ વ્યક્તિઓ, આ અબ્દુલ્લાહ બિન સનાનની હદીસમાં આવ્યું છે.

(૧૦) ૧૩ વ્યક્તિઓ, આ સંખ્યા મસઊદીએ મુરૂજુઝઝહબમાં વર્ણન કરી છે.

(૧૧) ૧૪ વ્યક્તિઓ, આ સંખ્યા ખ્વારીઝમીએ વર્ણન કરી છે. (હયાતુલ ઇમામ હુસૈન(અલ.) ભાગ-૩, પા-૩૦૯)

ઇમામ હુસૈન(અલ.)ના અશઆર

જ્યારે ઇમામ હુસૈન(અલ.) પોતાના દૂધ પીતા બાળકને દફન કરી ચુકયા તો ઉભા થઈને આ શેઅર પઢ્યા. જેનો તરજુમો અમે રજૂ કરીએ છીએ :

"આ લોકો કાફિર થઈ ગયા છે અને અલ્લાહના સવાબથી મોં ફેરવી લીધું છે. પહેલાં અલી(અલ.)ને શહીદ કર્યા પછી તેમના દીકરા હસન(અલ.)ને જે નજીબુત તરફૈન હતા. (બંને તરફથી માસુમ હસ્તીની સંતાન હતા.) કતલ કર્યા. આ તે લોકોના કીનાનું પરિણામ હતું. પછી આ લોકોએ કહ્યું : હવે બધા હુસૈન(અલ.) પર હુમલો કરીશું. તબાહી છે પસ્ત ગિરોહ માટે, એહલે હરમૈન વિરૂદ્ધ લોકોને ભેગા કર્યા. પછી મને કતલ કરવાની એકબીજાને ભલામણ કરવા લાગ્યા.

મારૂં લોહી વહાવવા માટે અલ્લાહથી ન ડર્યા. કાફિરની અવલાદ ઉબૈદુલ્લાહના હુકમથી ઉમર બિન સઅદે ઘણા મોટા લશ્કર સાથે મારા ઉપર તીરોનો વરસાદ કર્યો. આ સિવાય મારી કોઈ ભૂલ ન હતી કે હું દોસ્તોના નૂર પર ગર્વ કરતો હતો. રસુલ(સલ.) પછી અલી(અલ.) બેહતરીન મખ્લૂક હતા. રસૂલ(સલ.)ના વાલિદૈન બંને કુરૈશ હતા. અલ્લાહના પસંદ કરેલા અલી(અલ.) મારા વાલિદ છે અને તેમના પછી મારા વાલિદા છે. હું બે અલ્લાહની પસંદીદા હસ્તીઓનો દીકરો છું. એવી ચાંદી છું જે સોનાથી પ્રાપ્ત કરવામાં આવી છે અને સોનાથી અસ્તિત્વમાં આવ્યો છું. કોણ છે દુનિયામાં કે જેના નાના મારા જેવા હોય, જેના બાપ મારા વાલિદ જેવા હોય. હું બે ચાંદનો દીકરો છું. મારી વાલિદહ ફાતેમા ઝહેરા અને મારા વાલિદ બદર અને હુનૈનમાં કુફ્ના સિપાહીઓને કતલ કરનારા છે.

અલીયે મુર્તઝા દીનની મજબૂત દોરી છે. બે કિબલા તરફ નમાઝ પઢવાવાળા અને દુશ્મનના લશ્કરને પરાજય આપવાવાળા છે. જંગે ઓહદ એક કિસ્સો છે કે જ્યાં તેમની ગરમીએ બે લશ્કરો પર કાબુ પામીને શોર અને અવાજ ખતમ કરી દીધો. પછી અહઝાબ અને ફતહમાં કે જેમાં બે મોટા લશ્કરો નાબૂદ થયા હતા. આ બધું અલ્લાહના રસ્તામાં કર્યું. આ બદકિરદાર ઉમ્મતે રસુલ(સલ.)ની ઇતરત અને અલી(અલ.)ની ઇતરત સાથે શું કર્યું? તે અલી(અલ.) કે જે ફોજથી મુકાબલા વખતે બહાદુર અને મહાન હતા. તેમણે બાળપણમાં અલ્લાહની ઇબાદત કરી જ્યારે કે કુરૈશ બે બુતોને પૂજતા હતા અને અલી(અલ.)એ કદી બુતોની પૂજા નથી કરી. એટલે સુધી કે આંખના પલકારા બરાબર પણ આવું નથી કર્યું. (અલ-એહતેજાજ ભાગ-૨, પા-૧૦૧)

સંસ્થા પરિચય

અમીરૂલ મોઅમેનીન ઇસ્લામી લાયબ્રેરી-ભરૂચ

દક્ષિણ ગુજરાતમાં ઇસ્નાઅશરી મોઅમેનીનની એકમાત્ર તબ્લીગી સંસ્થા છે. જેનો ધ્યેય અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર છે. છેલ્લા વીસ વર્ષથી આ સંસ્થા લગાતાર પોતાના ધ્યેય તરફ આગળ વધી રહી છે. ચૌદહ માસૂમીન(અલ.)ના જીવન ચરિત્રો અને સીરત દ્વારા ગુજરાતી ભાષી મુસલમાનોમાં ખાસ અને બિન મુસલમાનોમાં પણ સાચું ચિત્ર રજૂ કરે છે.

દુનિયાપરસ્ત બાદશાહોએ વિસ્તારવાદી નીતિ અપનાવી ઇસ્લામની એક ગલત વ્યાખ્યા ઇન્સાનોના મગજોમાં ઘુસાડી દીધી છે. આવી તમામ ગલત સમજોને દૂર કરી આ સંસ્થા ઇસ્લામના અંતિમ પૈગંબર હઝરત

મોહંમદ(સલ.)ની સાચી તાલીમને ઇન્સાનો સમક્ષ પ્રસ્થાપિત કરે છે.

પૈગંબરે ઇસ્લામ(સલ.)ના આ દુનિયાથી પડદે થયા પછી બાદશાહોએ પોતાના સ્વાર્થ ખાતર ઇસ્લામના નામનો ભરપૂર ઉપયોગ કરી ઇસ્લામના સાચા સ્વરૂપને વિકૃત કરી નાખ્યું છે.વળી આ સ્વાર્થી હાકેમો દ્વારા જુઠા પ્રોપેગેન્ડાઓના કારણે ઇસ્લામની બદનામી થઇ રહી છે. તે બધી જ વિગતો પરથી અમે પડદો ઉઠાવીએ છીએ. એક જુઠાણાને નિભાવવા બીજા અનેક જુઠાણાઓ. આજે ચૌદસો વર્ષોથી આલિમો જુઠી રિવાયતો દ્વારા મુસલમાન જનસાધારણને ખૂબ ખૂબ મુર્ખ, ગુમરાહ, વિભાજિત અને કમજોર કરી રહ્યા છે. તેનું સવિસ્તાર વર્ણન કુરઆન અને સુન્નતના પુરાવાઓ સહિત રજૂ કરીને અમે અમ્ર બિલ મઅરૂફ કરી રહ્યા છીએ.

અમારી આ કોશીશોનો સારો પ્રભાવ સત્યપ્રેમી ભાઇ-બહેનો ઉપર પડી રહ્યો છે. નાની મોટી પચાસ જેટલી કિતાબો જેમાં મોટા દળદાર પુસ્તકો પણ અમે પ્રકાશિત કરી ચૂકયા છીએ, અમુક તો બે-બે ત્રણ-ત્રણ એડીશનો પ્રકાશિત થઇ છે. ઉપરાંત હવે અંગ્રેજી ભાષામાં પણ કિતાબો તૈયાર કરીએ છીએ. હાલમાં પંદર કિતાબો અંગ્રેજીમાં પ્રકાશિત કરવાનો ધ્યેય અમારા એજન્ડામાં છે, જેમાંથી નવ કિતાબો પ્રકાશિત થઇ ચૂકી છે, ત્રણ કિતાબો પ્રેસમાં છે.

અમે સંપુર્ણ કુરઆને પાકની એક સુંદર અને બેહતરીન ટૂંકી અને રૂહાનિયતથી ભરપુર એવી તફસીર ગુજરાતી ભાષી લોકોની સમક્ષ મૂકવાનો ઇરાદો ધરાવીએ છીએ. જેના ત્રણ ભાગ અત્યાર સુધી પ્રકાશિત થયા છે, ચોથો ભાગ લખાઇ રહ્યો છે. જે ૯૦૦ થી વધુ પેજમાં આવશે, ઇન્શાઅલ્લાહ.

અમે ઘણી જ પ્રતિકુળ પરિસ્થિતિ અને ભ્રામક દીની માહોલમાં ભલાઇ તરફ દોરવણી અને બુરાઇઓથી રોકઠામ કરવાની ઇસ્લામી ફરજ બજાવી રહ્યા છીએ. અલ્લાહ ઉપરનો અટલ વિશ્વાસ એ જ અમારી શક્તિ છે. મરજએ તકલીદ આયતુલ્લાહ અલ હુસૈની સીસ્તાની દામત બરકાતોહુમ તથા રેહબર આયતુલ્લાહ સૈયદ અલી ખામેનઇ દામત બરકાતોહુમ બંને બુઝુર્ગોનો સેહમે ઇમામ ખર્ચ કરવાનો ઇજાઝો સંસ્થાને પ્રાપ્ત છે. મોમિનોની ફરજ છે કે તે અમારી મદદ કરે.

નાચીજ

મૌલાના શબ્બીરઅહમદ પટેલ

મૌલાના હુસૈનઅહમદ પટેલ